શ્રી

ધર્મપ્રબોધ

અને

અષ્ટાંગ નિમિત્ત

: પ્રકાશક :

ચંપકલાલ સાકરચંદ શાહ

श्री सर्वज्ञाय नमः

શ્રીમન્મહામહોપાધ્યાય શ્રીમેઘવિજય ગણિ વિરચિત

વર્ષ-પ્રબોધ

અને

અષ્ટાંગ નિમિત્ત

પ્રકાશક

પોપટલાલ સાકરચંદ શાહ

ફીકાભટની પોળ—અમદાવાદ.

વીર સં. ૨૪૬૫] પ્રત ૧૧૦૦ [ઈ. સ. ૧૯૩૯

મૂલ્ય રૂ. ૪-૦-૦

પુસ્તક મળવાનું ઠેકાણું:—
પોપટલાલ સાકરચંદ શાહ.
ઠે. ફીફાભટની પોળ—અમદાવાદ.
*
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર.
*
મેઘરાજ જૈન પુસ્તક ભંડાર, પાયધુની, મુંબઇ
*
જ્યોતિ મુદ્રણાલય જુમા મસીદ સામે અમદાવાદ

सर्वारिष्टप्रणाशाय
सर्वाभिष्टार्थदायिने ।
सर्वलब्धिनिधानाय
गौतमस्वामिने नमः ॥

મુદ્રક: ધીરજલાલ ટોકરશી શાહ,
જ્યોતિ મુદ્રણાલય; જુમા મસીદ સામે, અમદાવાદ.

જ્યોતિષરત્ન; પંડિતવર્ય

શ્રી મીઠાલાલજી વ્યાસને

સપ્રેમ સમર્પણ

પ્રસ્તાવના

" આવતી કાલ કેવી ઊગશે ?" એ જાણવાની જેને ઇચ્છા જ ન થાય તે કાં તો દેવ અને કાં તો પશુ હોય; બુદ્ધિ અથવા વિવેકશક્તિ ધરાવનાર દરેક પ્રાણધારીને ભાવીના ગર્ભમાં શું છુપાયેલું છે તે જાણવાની તીવ્ર ઝંખના સ્વાભાવિક રીતે જ રહે. ભાવીની કઠોર ગતિને હજી સુધી તો કોઇ રોકી શક્યું નથી અને કોઇ રોકી શકે એ સંભવિત પણ નથી. છતાં કાળનો એકાદ ન્હાનો પડદો પણ જો ઉચકાય, છેવટે માત્ર ઉપલક નજર કરવા જેટલો પણ અવકાશ મળે તો પણ કેટલો બધો આનંદ થાય ? જ્યોતિષ શાસ્ત્ર એ વિદ્યાનુંજ એક અંગ છે. ગણનાના આધારે તે અંધકારમય ભાસતા ભાવીના પડદાઓને સંકેલે છે. ગ્રહ–ઉપગ્રહની ગતિને આધારે વર્ષા, વ્યાપાર તથા આરોગ્ય સંબંધી અટપટા પ્રશ્નોનો ખુલાસો કરે છે અને માનવજગતને એક નવી જ દૃષ્ટિ આપે છે.

જ્યોતિષના પ્રભાવ તથા સફળતા બાબત ઘણીવાર ભાતભાતની ચર્ચાઓ ચાલી છે અને ચાલે છે. અહીં તે સંબંધી વિસ્તાર કરવાનું કંઇ પ્રયોજન નથી. જો જ્યોતિષ કેવળ ગણના ઉપર સજ્જડ રીતે ટકી રહ્યું છે, જો એને–એચાર જેટલી જ મક્કમતાથી ચોક્કસ પ્રકારના નિર્ણય બાંધી શકે છે તેના તરફ કયા વિવેકીને સદ્‌ભાવ સ્ફૂર્યા વિના રહે ? આજે જો જ્યોતિષની ગણતરી ન ફળતી હોય, એ અંગ આખું અશ્રદ્ધાને પાત્ર બન્યું હોય તો વસ્તુતઃ એમાં આપણી અજ્ઞાનતા જ દોષપાત્ર ઠરે છે. યોગ્યતા કે અભ્યાસ વિના શાસ્ત્ર પણ શસ્ત્રરૂપે પરિણમે તો પછી જ્યોતિષની ગહન વિદ્યા સામાન્ય વ્યક્તિઓને અગમ્ય રહે અને એટલા જ કારણે તેના પ્રત્યે એ અશ્રદ્ધા દર્શાવે એમાં શું આશ્ચર્ય છે ?

પ્રસ્તુત ગ્રંથ એક અભ્યાસ કરવા યોગ્ય ગ્રંથ છે, એટલું જ

નહીં પણ જો તેનો રીતસર અભ્યાસ અને વિચાર કરવામાં આવે તો વ્યવહારની ઘણી ખરી ગુંચવણોનો તત્કાળ નીકાલ થઇ જાય. ગ્રંથના વિષયોનું વિસ્તૃત સૂચિપત્ર અહીં રજુ કરવું એ પુનરૂક્તિ ગણાય, એમ માની તે વિષે હું મૌન જ રહેવાનું પસંદ કરૂં છું. માત્ર એટલું કહું છું કે આ ગ્રંથ જેમ સંસ્કૃત સાહિત્યના એક આભૂષણરૂપ છે તેમ તેના કર્ત્તા શ્રીમેઘવિજયજી મહારાજ પણ સાહિત્યના ક્ષેત્રમાં એટલા જ નામાંક્તિ અને પ્રમાણભૂત સિદ્ધ થઇ ચૂકયા છે. એમના જેવા કાવ્ય—અલંકારને વિષે અસાધારણ ખ્યાતિ ધરાવનાર પુરૂષ જ્યોતિષનો આવો ગ્રંથ રચવા તૈયાર થાય એ જ બતાવી આપે છે કે તેમને પોતાને આ વિદ્યાનું માહાત્મ્ય સમજાયું હતું અને એટલા જ માટે ભવી જીવોના ભલા માટે તેમણે દોહનરૂપ—નિષ્કર્ષરૂપ આ ગ્રંથ રચી કહાડયો, વિશ્વનો ઉપકાર સાધવા સિવાય તેમનો બીજો કોઇ હેતુ ન જ હોય એ સૂર્યના પ્રકાશ જેટલી સ્પષ્ટ વાત છે. વિશેષ સ્પષ્ટીકરણ અર્થે તેમની સાહિત્યપ્રવૃત્તિ તથા વંશાવલી પણ હું અહીં નીચે રજુ કરૂં છું.

ગ્રંથ કર્ત્તાની વંશાવલી [૧]—

---

૧. આ વંશપરંપરા "શાંતિનાથચરિત્ર" મહાકાવ્યના અંતમાં છે—

तदनुगणधराली पूर्वदिग्भानुमाली विजयपदमपूर्वं हीरपूर्वं दधानः ॥ ६६ ॥
कनकविजयशर्माऽस्यान्तिषत् प्रौढधर्मा सुचितरवरशीलः शीलनामा तदीयः।
कमलविजयधीरः सिद्धिसंसिद्धितीर—स्तदनुज इह रेजे वाचकश्रीशरीरः ॥६७॥
चारित्रशब्दाद् विजयाभिधान—त्रयी सगर्भाकृतशीलधर्मा।
एषां विनेयाः कवयः कृपाद्याः पद्याः स्वरूपाः समयाम्बुराशौ ॥ ६८ ॥
तत्पादाम्बुजभृङ्गमेघविजयः प्राप्तस्फुरद्वाचक—
ख्यातिः श्रीविजयप्रभाख्यभगवत्सूरेस्तपागच्छपात्।
नुन्नोऽयं निजमेरुपूर्वविजयप्राज्ञादिशिष्यैरिमां
चक्रे निर्मलनैषधीयवचनैः श्रीशान्तिचक्रिस्तुतिम् ॥ ६९ ॥

હીરવિજય
|
કનકવિજય
|
શીલવિજય
|
કમલવિજય — સિદ્ધિવિજય — ચારિત્રવિજય
|
કૃપાવિજય
|
મેઘવિજય

તેમણે વર્ષપ્રબોધ આદિ અનેક જ્યોતિષ, ન્યાય, વ્યાકરણ કાવ્ય ગ્રંથોની રચના કરી છે—

૧ દેવાનંદાભ્યુદય મહાકાવ્ય. ૨ શાન્તિનાથ ચરિત્ર મહાકાવ્ય. ૩ દિગ્વિજય મહાકાવ્ય. ૪ મેઘદૂત સમસ્યાલેખ. ૫ ચંદ્રપ્રભા. ૬ માતૃકા પ્રસાદ. ૭ યુક્તિપ્રબોધ નાટક. ૮ વિજયદેવ માહાત્મ્ય વિવરણ. ૯ સપ્ત સંધાન મહાકાવ્ય. ૧૦ હસ્ત સંજીવન. ૧૧ બ્રહ્મબોધ. ૧૨ લઘુત્રિષષ્ટિ ચરિત્ર. ૧૩ ભક્તામર સ્તોત્ર ટીકા. ૧૪ ઉદય દીપિકા જ્યોતિષ. ૧૫ ભૂવિશ્વેક્ષણ કાવ્યવૃત્તિ. ૧૬ રાવણ પાર્શ્વનાથ અષ્ટક. ૧૭ હસ્ત સંજીવની સ્વોપજ્ઞવૃત્તિ. ૧૮ પ્રભુ પંચ સ્તુતિ. ૧૯ ચોવીસી (ભાષામાં). ૨૦ શિવપુરી પાર્શ્વનાથ સ્તોત્ર. ૨૧ તત્ત્વગીતા (અર્હદ્ગિતા). ૨૨ રમલશાસ્ત્ર. ૨૩ પંચમીકથા.

મૂળ ગ્રંથકારનો પવિત્ર હેતુ સફળ થાય, જ્યોતિષ શાસ્ત્રોમાં દર્શાવેલાં સાધનો સૌને સહેજે પ્રાપ્ત થાય અને સંસારના પ્રાણીમાત્ર સુખ-શાંતિ અને આત્મકલ્યાણમાં રાચે એ જ મારી એક માત્ર અભ્યર્થના છે.

બીજી આવૃત્તિ અંગે

આ "વર્ષપ્રબોધ અને અષ્ટાંગ નિમિત્ત" ગ્રંથની પ્રથમ આવૃત્તિ લગભગ બાર વર્ષ પહેલાં પ્રગટ થઈ હતી. ધીમે ધીમે આ ગ્રંથની બધી નકલો ખલાસ થઈ ગઈ, અને એની ઉપયોગિતાના અંગે છેલ્લા ત્રણ–ચાર વર્ષથી એની માંગ આવ્યા કરતી હતી. પરન્તુ અનુકૂળ સંયોગોના અભાવે એ માગણી તત્કાળ પૂરી કરી શકાઈ ન હતી. આજે એ ગ્રંથની બીજી આવૃત્તિ પ્રગટ કરીને એ માંગણી પૂર્ણ કરતાં ઘણો હર્ષ થાય છે.

પ્રથમ આવૃત્તિમાં છપાયેલ 'વર્ષપ્રબોધ'નું જ્યોતિષરત્ન પંડિત શ્રી મીઠાલાલજી વ્યાસ પાસે ફરી બારીક નિરીક્ષણ કરાવીને તેમાં પ્રથમ આવૃત્તિ પ્રસંગે જે કંઈ ભૂલો રહી જવા પામી હતી તે દૂર કરવામાં આવી છે. પોતાની વૃદ્ધાવસ્થામાં પણ ખંત રાખીને આ કામ કરી આપવા માટે પંડિતવર્ય શ્રી મીઠાલાલજી વ્યાસનો આભાર માનવો જોઈએ.

'અષ્ટાંગ નિમિત્ત'માંથી દીક્ષા પ્રતિષ્ઠાદિકના મુહૂર્ત વગેરે વિષયો કમી કરીને તેના સ્થાને બીજા ઉપયોગી વિષયો દાખલ કરવામાં આવ્યા છે.

આ ગ્રંથના ખપી સજ્જનો એને વધુ સહેલાઈથી મેળવી શકે એ આશયથી આ બીજી આવૃત્તિનું મૂલ્ય પ્રથમ આવૃત્તિ કરતાં અડધું એટલે આઠ રૂપિયાને બદલે ચાર રૂપિયા રાખ્યું છે. આશા છે કે આથી જનસમાજને અવશ્ય લાભ થશે.

આ ગ્રંથની શુદ્ધિ તરફ ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે, છતાં જ્યોતિષ જેવા ગહન વિષયનો ગ્રંથ પ્રગટ કરતાં પ્રમાદ કે એ વિષયના વિશેષ જ્ઞાનના અભાવે કોઈ ભૂલ રહી જાય તો તે અસંભવિત નથી. આવી ભૂલો તરફ મારૂં ધ્યાન દોરવા વિદ્વાનોને મારી નમ્ર પ્રાર્થના છે.

પ્રકાશક.

અનુક્રમણિકા

અનુક્રમણિકા

સૂચના—મંત્ર શાસ્ત્રનો ઉપયોગ કરનારે વિધિ—વિધાનાદિમાં ગુરૂગમનો અવશ્ય આશ્રય કરવો જોઇએ.

વર્ષ પ્રબોધ—

યાને

મેઘમહોદય

ગ્રંથકારનું મંગલાચરણ

श्री तीर्थनाथवृषभं प्रभुमाश्वसेनिं,
शंखेश्वरं नतसुरेन्द्रनरेन्द्रचन्द्रम् ।
ध्यायन् स मेघविजयं सुखमावबुध्यै,
शास्त्रं करोमि किल मेघमहोदयार्थम् ॥ १ ॥
येनायं प्रभुपार्श्वमाप्तवृषभं वश्वैकवीरं द,
स्मारं स्मारमहर्निशं पटुधिया ग्रन्थः समभ्यस्यते ।
त्रेधा तस्य सुवर्गसिद्धिकमला मेधाबलात् मैधते,
राजद्राजसभासु भासुरतया कीर्तिर्नरीनृत्यते ॥ २ ॥

શ્રી તીર્થંકરોને વિષે વૃષભ સમાન (શ્રેષ્ઠ), અશ્વસેન રાજાના પુત્ર, સુરેંદ્ર, નરેંદ્ર અને ચંદ્રાદિક જ્યોતિષીઓએ અથવા શ્રેષ્ઠ એવા સુરેંદ્ર અને નરેંદ્રોએ નમસ્કાર કરેલા શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું હૃદયમાં ધ્યાન કરી

સહેલાઈથી જ્યોતિષનો બોધ થવા માટે હું મેઘનો વિજય[1] કરનારૂં આ મેઘમહોદય નામનું શાસ્ત્ર રચું છું.

જેણે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી છે અને જે વિશ્વમાં અદ્વિતીય વીર છે, તે શ્રીપાર્શ્વનાથ પ્રભુને હૃદયમાં વારંવાર સ્મરણ કરી જે પુરૂષ સારી બુદ્ધિથી આ ગ્રંથનો અભ્યાસ કરે છે, તેને બુદ્ધિનું બળ પ્રાપ્ત થવાથી ત્રણ પ્રકારે સુવર્ણસિદ્ધિની[2] લક્ષ્મી વૃદ્ધિ પામે છે, તથા અત્યંત શોભતી મોટી મોટી રાજસભાઓમાં તેની દેદીપ્યમાન કીર્ત્તિ અત્યંત નૃત્ય કરે છે.

૧ દેશાધિકાર

દીવાળીને દિવસે આ ગ્રંથ રચવાનો મેં પ્રારંભ કર્યો છે. આ દિવસે જગદ્ગુરૂ શ્રી વર્ધમાનસ્વામીની ભક્તિ કરવાથી મને વાક્સિદ્ધિનું સાંનિધ્ય પ્રાપ્ત થાઓ. શ્રી સ્થાનાંગ સૂત્રના દશમા સ્થાનમાં સર્વ લોકના હિતેચ્છુ શ્રીમાન્ મહાવીર જિનેશ્વરે સુષમા કાળનો ઉદય બતાવ્યો છે–સુષમ નામના આરાનું વર્ણન કર્યું છે. તેમાં વૃષ્ટિ થવાનો કાળ અને અકાળરૂપ દશ સ્થાનાદિકનું નિરૂપણ કરી તે સૂત્રનું વિવરણ કરેલું છે, તે સર્વ આ ગ્રંથમાં સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યું છે. તે વિષે સ્થાનાંગ સૂત્રના દશમા સ્થાનમાં ઉત્કૃષ્ટ સુષમા કાળનું વર્ણન આ પ્રકારે કર્યું છે.

"દશ સ્થાનોવડે ઉત્કૃષ્ટ સુષમા કાળ જાણવો.—અકાળે વૃષ્ટિ થાય નહીં ૧, કાળે વૃષ્ટિ થાય ૨, અસાધુને કોઈ પૂજે–વાંદે નહીં ૩, સાધુની પુજા–વંદના થાય ૪, મનુષ્યો

---

૧ ગ્રંથકારે પોતાનું મેઘવિજય નામ પણ સૂચવ્યું છે.

૨ સોનાસિદ્ધિ, વિદ્યાસિદ્ધિ અને મોક્ષસિદ્ધિની લક્ષ્મી.

ગુરૂજનનો સમ્યક્ વિનય કરે ૫, મનોહર શબ્દ ૬, મનોહર રૂપ ૭, મનોહર રસ ૮, મનોહર ગંધ ૯ અને મનોહર સ્પર્શ ૧૦, આ દશ ઉત્કૃષ્ટ સુષમ કાળમાં હોય છે."

આ ગ્રંથનો અભ્યાસ કરવાથી સિદ્ધાંતનું પ્રતિપાદન થાય છે, તેથી આ ગ્રંથ વાંચી તત્ત્વજ્ઞાનીઓએ નિઃશંક થવું. વૃષ્ટિ સારી થવાથી વર્ષ પણ સારૂં થાય છે. તેથી પ્રથમ વૃષ્ટિનાં કારણો અહીં કહેવામાં આવે છે. તેમાં દેશ, વાયુ અને દેવાદિક એ ત્રણ વૃષ્ટિના હેતુ કહેલા છે. તે વિષે સ્થાનાંગ સૂત્રના ત્રીજા સ્થાનમાં આ પ્રમાણે કહ્યું છે—

"ત્રણ સ્થાનવડે મહાવૃષ્ટિકાય એટલે ઘણી વૃષ્ટિ થાય છે. તે આ પ્રમાણે-જે દેશ અથવા પ્રદેશમાં ઘણા જળયોનિના જીવો અને પુદ્ગળો જળપણે ઉત્પન્ન થતા હોય અને વિનાશ પામતા હોય, ત્યાં ઘણી વૃષ્ટિ થાય છે. ૧. જ્યાં દેવ, નાગકુમાર યક્ષ અને ભૂત વગેરેની સમ્યક્ પ્રકારે આરાધના-ભક્તિ થતી હોય, ત્યાં તે તે દેવાદિક અન્ય સ્થાને વરસતાં વાદળાંને પણ ખેંચી લાવીને વરસાવે છે. ૨. તથા જ્યાં વરસાદનાં વાદળાં આકાશમાં ચડયાં હોય અને વાયુ બંધ થયો હોય ત્યાં પણ વરસાદ ઘણો વરસે છે. ૩. આ ત્રણ કારણે સારી વૃષ્ટિ થાય છે."

જળમય દેશ, જાંગલ દેશ અને મિશ્ર દેશ, આ ત્રણ પ્રકારના દેશ પંડિતો માને છે. તેનો તેવો તેવો સ્વભાવ જાણીને જળની વૃષ્ટિ કહેવાય છે. તેથી કરીને ગ્રહોનો ઉદય સમાન છતાં પણ માળવા વગેરે જળમય દેશમાં અવશ્ય નિયમિત વૃષ્ટિ થાય છે. કેમકે કાળ કરતાં ક્ષેત્ર વધારે બળ-વાન હોય છે. તેથી કરીને દુષ્ટ ગ્રહાદિકનો યોગ છતાં પણ

ત્યાં દુકાળ પડતો નથી; પરંતુ તેને બદલે તે દુષ્ટ ગ્રહાદિકના પ્રભાવથી યુદ્ધ, મરકી વગેરે વિકારો ઉત્પન્ન થાય છે. ૧. એ જ પ્રમાણે શુભ ગ્રહોનો ઉદય છતાં પણ મારવાડ વગેરે જાંગલ દેશમાં બુદ્ધિમાન પુરૂષો થોડી પણ વૃષ્ટિનો અભાવ કહે છે. કેમકે તેવા દેશો જ જાંગલ એટલે જળ રહિત હોય છે. ૨. (અર્થાત્ મિશ્ર દેશમાં ગ્રહોનું શુભાશુભ ફળ યથાર્થ મળતું આવે છે એમ જાણવું. ૩.) દરેક દેશમાં વાયુ અને વાદળાના યોગથી પંડિતોએ વરસાદનું શુભ અને અશુભ ફળ જાણવાનું છે. તેથી કરીને વરસાદના સર્વ યોગોમાં આ વાયુ અને વાદળાંનો યોગ બળવાન કહ્યો છે. વળી દરેક દેશમાં સ્વાભાવિક કાંઇક ઉત્પાત થયો હોય તો તે કોઇ વખત તત્ત્વથી બળવાન થાય છે. તેથી વરસાદનું જ્ઞાન થવા માટે વિચક્ષણ પુરૂષે તે ઉત્પાતનો યોગ પણ જાણવો જોઇએ. તે વિષે વિવેકવિલાસ નામના ગ્રંથમાં ઉત્પાતનું પ્રકરણ આ પ્રમાણે કહ્યું છે.—

"પોતાના નિવાસ સ્થાનના તથા પોતાના દેશના કલ્યાણને માટે બુદ્ધિમાન પુરૂષે નિમિત્ત (શકુન) વગેરેનો વિચાર કરવો જોઇએ. તેમાં જો ઉત્પાત વગેરે અશુભ નિમિત્ત જોવામાં આવે તો ઉદ્યમી પુરૂષે તે સ્થાન અને દેશનો અવશ્ય ત્યાગ કરવો ઉચિત છે. સર્વદા જે પદાર્થનું જેવું સ્વરૂપ હોય તેમાં કાંઈ વિકાર–ફેરફાર માલુમ પડે તો તે ઉત્પાત કહેવાય છે. તે ઉત્પાત અનેક પ્રકારના હોય છે. આવા ઉત્પાત જે જે દેશમાં થાય છે; તે તે દેશમાં દુકાળ પડે છે, તથા દેશ, રાજ્ય અને પ્રજાનો ક્ષય થાય છે. ચિત્રોમાં કે દેવાલયોમાં

દેવોની પ્રતિમાનો વિકાર કે ભંગ જોવામાં આવે, તથા જ્યાં ધ્વજાઓ ઉંચા મુખે ફરકતી જોવામાં આવે, તો ત્યાં રાજ્ય વગેરેનો ઉપદ્રવ થાય છે. જ્યાં રાજા વગેરે ઉત્તમ વર્ણ ખેતીનો ધંધો કરી આજીવિકા ચલાવે, વિધર્મી એટલે ભરવાડ સિવાયના લોક પશુપાળનો ધંધો કરે, દેવની પ્રતિમાનો ભંગ થાય તથા સાધુ અને બ્રાહ્મણનો વધ થતો હોય; તેમ જ જ્યાં ઋતુઓ વિપરીતપણે વર્તતી હોય, ત્યાં સમગ્ર દેશમાં ભય ઉત્પન્ન થાય છે, દેવાલયોનો નાશ થાય છે, પ્રજાઓને પીડા ઉત્પન્ન થાય છે, દુર્ભિક્ષ–દુકાળ પડે છે અને બ્રાહ્મણનો વિનાશ થાય છે. જ્યાં જળચર જીવો પૃથ્વીપર ચાલતા અને ભૂચર જીવો જળમાં ચાલતા, નગરના પ્રાણીઓ અરણ્યમાં અને અરણ્યના પ્રાણીઓ નગરમાં ચાલતા જોવામાં આવે તથા નગરની મધ્યે શિયાળ અને કાગડા વગેરેના શબ્દ થતા હોય, તો તે નગરનો વિનાશ થાય છે. છત્ર, કિલ્લો અને સેનાદિકમાં દાહ વગેરે દેખાતો હોય તો તે દેશના રાજાને ભય થાય છે. શસ્ત્ર બળતાં જોવામાં આવે અથવા મ્યાનમાંથી ખડ્ગ પોતાની મેળે નીકળી જાય તો યુદ્ધ કરવાનો સમય આવે છે. લોકમાં અન્યાય, દુરાચાર અને અધિક પાખંડ જોવામાં આવે તથા અકસ્માત્ કોઈ પણ પ્રકારનો વિકાર થાય તો દેશનો વિનાશ થાય છે. વર્ષા ઋતુમાં દિવસે સૂર્યની સન્મુખ ઇંદ્ર ધનુષ જોવામાં આવે તો કાંઈ દોષ નથી; પરંતુ તે જો રાત્રિએ જોવામાં આવે તો તે અશુભ જ છે અને શેષ કાળે જોવામાં આવે તો તેના રંગની વ્યવસ્થા પ્રમાણે શુભાશુભ જાણવું, તે આ પ્રમાણે—જો તે ઇંદ્રધનુષ શ્વેત વર્ણનું હોય તો બ્રાહ્મણ જાતિનો વિનાશ થાય, રાતા વર્ણનું હોય તો ક્ષત્રિયનો વિનાશ થાય, પીળા વર્ણનું હોય

તો વૈશ્યનો વિનાશ થાય અને શ્યામ વર્ણનું હોય તો શૂદ્રનો વિનાશ થાય એટલે કે તે તે જાતિને અશુભ જાણવું. ઋતુ વિના વૃક્ષોને પુષ્પ તથા ફળ આવે તો રાજ્યનું પરાવર્તન થાય છે એટલે તે રાજ્ય પર બીજો રાજા થાય છે. આ સર્વ બાબતોમાં દુષ્ટ નિમિત્ત અલ્પ હોય તો તેનું અલ્પ ફળ અને મોટું હોય તો મોટું ફળ કહેવું. અકાળે પીપળાને પુષ્પ–ફળ આવે તો બ્રાહ્મણ જાતિને ભય થાય છે, ઉંબરાને પુષ્પ–ફળ આવે તો ક્ષત્રિયને ભય થાય છે, વડલાને પુષ્પ–ફળ આવે તો વૈશ્યને ભય થાય છે અને પ્લક્ષને પુષ્પ–ફળ આવે તો શૂદ્રને ભય થાય છે. વૃક્ષ પર વૃક્ષ, પત્ર ઉપર પત્ર, ફળ ઉપર ફળ અને પુષ્પ ઉપર પુષ્પ ઉત્પન્ન થાય તો લોકમાં દુકાળ વગેરેનો મોટો ભય પ્રાપ્ત થાય છે. ચોતરફ રાત્રિને સમયે ગાયોના શબ્દ થતા હોય, ઠેકાણે ઠેકાણે કજિયા થતા હોય, સર્વત્ર દેડકા અને મોર દેખાતા હોય તથા સર્વત્ર ધોળા કાગડા, કૂતરા અને ગીધ વગેરે જાનવરો ફરતા હોય તો તે દેશ વિનાશ પામે છે. જ્યાં અપૂજ્યની પૂજા થતી હોય, પૂજ્યની પૂજા થતી ન હોય, હાથણીના ગંડસ્થળથી મદ ઝરતો હોય, દિવસે શિયાળ શબ્દ કરતા હોય અને રાત્રિએ તેતરના શબ્દ થતા હોય, તો જગતને મહા ભય ઉત્પન્ન થાય છે. જે વખતે ગધેડા ભુંકતો હોય તે જ વખતે જો કોઈ પણ નખવાળો બીજો પ્રાણી શબ્દ કરે તો દુકાળ વગેરે પ્રાપ્ત થાય છે. બિલાડા, સર્પ અને મત્સ્ય એ ત્રણ જાતિ સિવાય બીજી કોઈ પણ જાતિનો જીવ પોતાની જાતિના જીવનું ભક્ષણ કરે, તથા કાગડા વગેરે પોતાના ભક્ષ્યને છુપાવે તો ધાન્યની હાનિ છે. અન્ય જાતિનો જીવ અન્ય જાતિના જીવની સાથે ભાષણ

કરે, મૈથુન કરે કે બચ્ચાંને પ્રસવે તથા ગધેડીનો પ્રસવ જોવામાં આવે તો તે ભયને આપનાર છે. આ સર્વ અનિષ્ટનું ફળ અન્તઃપુર, નગર, સૈન્ય, ખજાનો, વાહન, પુરોહિત, રાજપુત્ર અને પ્રધાન વગેરેને પ્રાપ્ત થાય છે. આ અશુભ ફળ એક પખવાડિયામાં, એક માસમાં, બે માસમાં, છ માસમાં કે એક વર્ષમાં ન મળે તો તે ઉત્પાત વ્યર્થ થયો એમ સમજવું. પણ જો ઉત્પાત ઉત્પન્ન થાય તો તે વખતે તેની શાંતિ કરવી યોગ્ય છે. જ્યારે દેશની દુર્દશા થવાની હોય છે, ત્યારે નિમિત્ત, શકુન, દેવ, દેવી, જ્યોતિષ અને મંત્ર વગેરે સર્વ શુભ હોય તો પણ વિપરીત ફળ આપનાર થાય છે. જ્યારે દેશની દુર્દશા થવાની હોય ત્યારે પ્રથમ અન્ય દેવતાઓ પોતાના દેવોને તે દેશમાંથી કાઢી મૂકે છે અને પછી દુષ્ટ નિમિત્તો બતાવે છે; પરંતુ જો દેશની દુર્દશા થવાની ન હોય તો એવા ઉત્પાત થતા નથી. આ પ્રમાણે તથા બીજા શાસ્ત્રથી પણ ઉત્પાતના યોગો જાણીને વૃષ્ટિના પરીક્ષકોએ દેશમાં વર્ષ સંબંધી શુભાશુભ ફળ કહેવું."

શ્રી સ્થાનાંગ સૂત્રમાં સુષમા કાળને જણાવનારું સૂત્ર શ્રી મહાવીરસ્વામીએ કહેલું છે. તેમાં કહ્યું છે કે—'આ સર્વ ઉત્પાતો જાણવાથી બુદ્ધિમાન માણસ પોતે સારું જ્ઞાન મેળવી શકે છે.'

જ્યારે દેશમાં ઘણા અપ્કાયના પુદ્ગલો જીવના સ્વભાવને લીધે ઉત્પન્ન થાય છે, ત્યારે ઘણી વૃષ્ટિ થાય છે. પણ તે ઉત્પાત કહેવાતો નથી. એ જ રીતે જાંગલ દેશમાં પણ ઘણા અપ્કાયના પુદગલો ઉત્પન્ન થતા હોય તો તે શુભ ગ્રહોના

યોગથી મોટી ષ્ટ કરી શકે છે. જળમય દેશમાં પણ જ્યારે ક્રૂર ગ્રહોનો સંવેધ સંભવતો હોય ત્યારે જળયોનિના જીવો અને પુદ્ગલો ઘણા થોડા ઉત્પન્ન થાય છે. જ્યારે જે જે દેશમાં સ્વભાવનું વિપરીતપણું જોવામાં આવે ત્યારે તે તે દેશમાં અનાવૃષ્ટિ થશે એમ કહેવું, તેથી કરીને સર્વ દેશોમાં કહ્યા પ્રમાણે વાદળાં જોઈને યથાયોગ્ય કહેવું ઉચિત છે. તે વિષે મેઘમાલા ગ્રંથના કર્તા કહે છે કે—

જ્યારે મેષ સંક્રાંતિનો સૂર્ય થાય છે ત્યારથી આરંભીને નવ દિવસ સુધી જે જે દિવસે વાદળાં, વાયુ અને વીજળી થાય, તો અનુક્રમે આર્દ્રા વગેરે નવ નક્ષત્રોમાંના તે તે નક્ષત્રને વિષે વૃષ્ટિ થાય છે, એટલે કે નવે દિવસ વાદળાં વગેરે થાય તો આર્દ્રા વગેરે નવે નક્ષત્રોમાં વૃષ્ટિ થાય છે, ઇત્યાદિ જાણવું. અથવા અહીં (મેષ સંક્રાંતિને દિવસે) પહેલા નવ પ્રહરમાં વાયુ, વાદળાં વગેરેનો નિર્ણય કરવો. એટલે કે જે દિશામાં અને જે પ્રહરમાં વાયુ, વાદળાં વગેરે થાય તે દિશાના દેશમાં અને આર્દ્રાદિક તે તે નક્ષત્રમાં વૃષ્ટિ થશે એમ જાણવું. અથવા તો નવ પ્રહરને વિષે વાયુ, વાદળાં વગેરે થાય તો તે શુભ છે અને તે જે દિશામાં હોય તે દિશાના દેશમાં અને તે નક્ષત્રમાં પુષ્કળ જળની વૃષ્ટિ થાય છે. લોકમાં પણ કહેવાય છે કે—

“ આર્દ્રા થકી નક્ષત્ર નવ, જો વરસે મેહ અનંત,
ભડ્ડલી સુણે ભરડા ભણે, રહિ જે હોઇ નિચિંત. ૧

જિણ દિસિ આભો અધિક હુઈ, સા દિસિ સાચી જાણ;
સા ધણ ધાન રસાઉલી, ભડ્ડલી ભલી વખાણ.” ૨

" બ્રાહ્મણી સાંભળે છે અને બ્રાહ્મણ કહે છે કે—જો આર્દ્રા નક્ષત્રથી નવ નક્ષત્રોમાં અનંત મેઘ વરસે તો નિશ્ચિંત રહેવું. હે બ્રાહ્મણી ! જે દિશામાં વાદળાં અધિક હોય તે દિશા સાચી જાણવી; અને તે દિશા ધન, ધાન્યે અને રસે કરીને ભરપૂર થાય છે. માટે તે દિશાને સારી વખાણવી."

હવે દેશોમાં શુભાશુભ ગ્રહોનો વેધ જાણવા માટે પદ્મ નામના ચક્રને કહું છું, તે આ પ્રમાણે.

પદ્મિની ચક્ર અથવા કૂર્મ ચક્ર

પદ્મ (કમળ) ના આકારે આઠ પાંખડી-વાળું મનોહર ચક્ર આળેખવું અને મધ્યમાં નવમી કર્ણિકા આળેખવી. પછી તેમાં દેશોને લખવા, તથા કૃત્તિકાને આરંભીને અનુક્રમે દરેક પાંખડીએ ત્રણ ત્રણ નક્ષત્રો મૂકવાં. આનું બીજું નામ કૂર્મ ચક્ર પણ કહેવાય છે. પછી તે ચક્ર ઉપરથી વિચાર કરવો. તેમાં જે નક્ષત્ર પર શનિશ્ચર રહ્યો હોય તે દિશા તરફના દેશમાં દુકાળ, યુદ્ધ, રોગ અને દુઃખ વગેરે ઉપદ્રવો થાય છે.

શનિશ્ચરની દૃષ્ટિનું ચક્ર

મેષ, વૃષ અને મિથુન રાશિમાં રહેલો શનિશ્ચર પૂર્વ દિશાને જોતો હોય; કર્ક, સિંહ અને કન્યા રાશિમાં રહેલો શનિશ્ચર દક્ષિણ દિશાને જોતો હોય; તુલા, વૃશ્ચિક અને ધન રાશિમાં રહેલો શનિશ્ચર પશ્ચિમ દિશાને જોતો હોય તથા મકર, કુંભ અને મીન રાશિમાં રહેલો શનિશ્ચર ઉત્તર દિશાને જોતો હોય, તો તે તે દિશાના દેશો દુકાળ, દેશભંગ, યુદ્ધ અને પરચક્ર વગેરેના ઉપદ્રવવડે પીડા પામે છે.

પૂર્વાફાલ્ગુની, કૃત્તિકા, પુષ્ય, મઘા, વિશાખા, પૂર્વા ભાદ્રપદ અને ભરણી એ સાત નક્ષત્રો

સર્વતોભદ્ર નામના ચક્રમાં દિશાનો વિચાર

દક્ષિણ દિશાના દેશોમાં આઠ માસ સુધી પીડા કરે છે. રોહિણી, જયેષ્ઠા, અનુરાધા, શ્રવણ, ઉત્તરાષાઢા અને ધનિષ્ઠા એ સાત નક્ષત્રો પૂર્વ દિશાના દેશોમાં સાત દિવસ શુભકારક છે. મૃગશીર્ષ, પુનર્વસુ, અશ્વિની, હસ્ત, ચિત્રા અને ઉત્તરાફાલ્ગુની એ છ નક્ષત્રો ઉત્તર દિશાના દેશોમાં બે માસ સુધી પીડા કરનારા છે તથા આર્દ્રા, આશ્લેષા, મૂળ, રેવતી, શતભિષા અને ઉત્તરાભાદ્રપદ એ છ નક્ષત્રો પશ્ચિમ દિશાના દેશોમાં એક માસ શુભકારક છે એમ પંડિતો કહે છે. આ સર્વતોભદ્ર ચક્રમાં શુભ ગ્રહનો વેધ હોય તો તે અવશ્ય તે તે દેશમાં શુભકારક અને ક્રૂર ગ્રહનો વેધ હોય તો દુઃખ દાયક છે.

કર્પૂર ચક્ર

હવે કર્પૂર ચક્રવડે દેશાંતરમાં વર્ષ સંબંધી શુભાશુભ જાણી શકાય છે તેથી પ્રથમ ચક્રસ્થાપનની રીત બતાવે છે.–

ત્રણ લોકના નાથ અને જગતના સ્વામી શ્રીતીર્થંકરના ચરણકમળને નમસ્કાર કરી પ્રાણીઓના વાંછિતની સિદ્ધિને માટે હું લોકવિજય નામનો યંત્ર કહું છું.–શ્રીઋષભદેવ સ્વામીના પારણાને દિવસે એટલે અક્ષય તૃતીયાને દિવસે વાદળાંનો નિશ્ચય કરવો. દેવોનો સારભૂત જે દશનો અંક છે તેને મધ્યે રાખવો. પછી નવ ખૂણાવાળું ચક્ર બનાવી વચ્ચે ૧૪૫ નો અંક લખવો. પછી તેમાં એક એક અંક વધારતાં ૧૫૩ અંક સુધી ઉત્તર, ઇશાન, પૂર્વ, વગેરે ક્રમથી આઠે દિશામાં લખવું.

પછી દેશનો ધ્રુવાંક, દિશાનો ધ્રુવાંક તથા અશ્વિની વગેરે જે નક્ષત્રપર શનિ હોય તે નક્ષત્રનો અંક, એ ત્રણે અંક એકઠા કરી તેને નવે ભાગ દેવો. તેમાં જે શેષ રહે તેને આશ્રી ચાલતા સંવત્સરના રાજાથી આરંભીને વિંશોત્તરી દશાના અનુક્રમે તેનું ફળ કહેવું. જે જે અંક જે જે દેશમાં હોય તે તે દેશ, ગામ અને નગરના અંક જાણવા. તે અંકને આશ્રી વિદ્વાનોએ સૂર્યાદિક ગ્રહોનું ફળ કહ્યું છે. જે જે દેશ, નગર, ગામ કે સ્થાનને વિષે મૂળ ધ્રુવાંક ન હોય તો તેની દિશાનો ૧૪૫ પહેલો મૂળ અંક, વર્ષના રાજાની વિંશોત્તરી દશાનો મૂળ વર્ષાંક, જે નક્ષત્રપર શનિ હોય તે નક્ષત્રથી તે ગામના નક્ષત્ર સુધીનો અંક તથા દિશાનો અંક, એ સર્વને એકઠા કરી અગિયારે ગુણી નવે ભાગ દેવો. જે બાકી રહે તે ગ્રહને અનુસારે દેશ, નગર કે ગામની મૂલ દશાના ક્રમથી પૂર્વોક્ત શુભાશુભ ફળ કહેવું. મેઘની વૃષ્ટિ, અનાવૃષ્ટિ, સ્વચક્ર ભય, પરચક્ર ભય, રોગનો ભય, ધાન્યની ઉત્પત્તિ, ધાન્યનો નાશ, રાજાને કષ્ટ તથા સેનાને ઉપદ્રવ એ સર્વ બાબત સંવત્સરના રાજાથી આરંભી દેશના અનુક્રમે સૂર્યાદિક ગ્રહોનું શુભાશુભ ફળ વિદ્વાન પુરૂષે જાણવું. તે આ પ્રમાણે--

સૂર્યનું ફળ—લોક સુખી થાય, ધાન્યની નીપજ થાય, રાજાઓનું પરાક્રમ વધે અને બ્રાહ્મણોને કાંઇક ભય થાય. ચંદ્રનું ફળ—રાજા અને પ્રજા સુખી રહે, આરોગ્ય હોય, ધનની વૃદ્ધિ થાય, જળ થોડું હોય, અનાજની પ્રાપ્તિ થાય અને પૃથ્વી અમૃતરસવાળી હોય. મંગળનું ફળ–દુકાળ પડે, રાજાને કષ્ટ થાય, હાથી ઘોડાનો વિનાશ થાય એવું રાજપુરૂષોનું ભયંકર યુદ્ધ થાય અને શત્રુથી ભય પ્રાપ્ત થાય. રાહુનું ફળ–ઋદ્ધિનો વિનાશ થાય,

રાજા અને પ્રજાના સ્થાનનો વિનાશ થાય, તેમને મહા દુઃખ ઉત્પન્ન થાય, પુરનો ભંગ થાય અને નગર તથા દેશનો સંહાર થાય. ગુરૂનું ફળ-ગાય, ભેંસ વગેરે ઘણું દૂધ આપે. ધાન્યની ઉત્પત્તિ ઘણી થાય, વરસાદ ઘણો વરસે, રાજાઓ સુખી થાય, તેમને કોઈનો ભય ન થાય. શનિનું ફળ-રાજાનું મરણ થાય, સમગ્ર લોકમાં ઉપદ્રવ થાય, લોકો બ્રાહ્મણોને દૂષણ આપનાર થાય અને ઉચ્ચ કુળની સ્ત્રીઓ ઘેર ઘેર ભટકતી થાય. બુધનું ફળ—નાના બાળક, સ્ત્રીઓ અને શિશુ (મોટા બાળક)નું મરણ થાય, ધનનો નાશ થાય, રોગની ઉત્પત્તિ થાય અને ઠેકાણે ઠેકાણે રાજાઓનો સંહાર થાય. કેતુનું ફળ—રાજાઓ સ્થાનભ્રષ્ટ થાય, પ્રજાઓને સુખ થાય, મેઘની વૃષ્ટિ ઘણી થાય, અને આખું વર્ષ દેશ વરસાદથી પૂર્ણ થાય. શુક્રનું ફળ—મ્લેચ્છ લોકો યશવાળા થાય, આકાશ વાદળાંથી આચ્છાદિત રહે, વરસાદ ઘણો થાય, ઉત્તમ જનોને પીડા થાય, અને પૃથ્વી ધનધાન્યથી ભરપૂર થાય.

તેમ જ પૂર્વાદિક ચાર દિશા અને ચાર વિદિશામાં જે જે ગ્રહ વિચરતા હોય, તેમાં મંગળ, રાહુ અને શનિ એ ક્રૂર ગ્રહો પરચક્રનો ભય ઉત્પન્ન કરનાર છે. સર્વ ક્રૂર ગ્રહો દુઃખકારક છે અને બીજા સર્વ ગ્રહો સુખકારક છે એમ જાણવું. તથા સન્મુખ, જમણી અને ડાબી દૃષ્ટિએ કરીને તે સુખકારક જાણવા. સૂર્ય સન્મુખ હોય તો રાજાઓના તેજનો નાશ કરે છે, ચંદ્ર સન્મુખ હોય તો શાંતિને આપે છે, મંગળ સન્મુખ હોય તો અગ્નિ તથા રોગનો ઉપદ્રવ કરે

છે, બુધ સન્મુખ હોય તો વૃષ્ટિ ઘણી થાય, ગુરૂ સન્મુખ હોય તો ખજાના અને કોઠાર ભરપૂર થાય. શુક્ર સન્મુખ હોય તો રાજા અને પ્રજાની વૃદ્ધિ તથા ઉન્નતિ કરે છે; તેમજ લોકને આનંદ આપનાર થાય છે. શનિ સન્મુખ હોય તો રાજાને કષ્ટ તથા ભયંકર દુકાળ પડે છે. રાહુ સન્મુખ હોય તો ખર્પરના રાજ્યનો અને ઉત્તમ કુળની સ્ત્રીઓનો વિનાશ થાય છે. તથા કેતુ સન્મુખ હોય તો મનુષ્ય અને પશુનો વિનાશ થાય. કર્તરીના યોગથી શનિ અને રાહુ મળી જાય અને સાથે ચંદ્રમા હોય તો જે જે નક્ષત્રનો વેધ થાય તે તે સ્થાનનો તે નાશ કરે છે. મંગળ અગ્નિનો ઉપદ્રવ કરનાર છે અને રવિ અન્નનો નાશ કરનાર છે. તે જ રીતે વિદિશાના વિભાગમાં વેપારીઓને દુઃખદાયક અને રાજાનું મરણ કરનાર છે. ભાદરવા, પોષ અને માઘ માસના શુક્લપક્ષમાં તિથિનો ક્ષય હોય તો તે વર્ષે દુકાળ પડે, અને મોંઘો ભાવ રહે. પૂર્ણિમા સમાન હોય તો સમાન ભાવ રહે અને અધિક હોય તો સુભિક્ષ થાય અને સોંઘો ભાવ રહે.

ફરીથી જુદા પ્રકારે કર્પૂરચક્રનો બીજો પાઠ

આઠ પાંખડીવાળા ચક્રમાં ચાર દિશા અને ચાર વિદિશા સ્થાપન કરી તેમની મધ્યે માલવ દેશમાં રહેલી પુરાતની ઉજ્જયિની નગરી સ્થાપન કરવી. લંકાથી મેરૂ સુધી જનારી પૃથ્વીની મધ્ય રેખામાં વિશ્રામ પામેલી આ નગરી શ્રીઋષભદેવ સ્વામીએ મધ્ય ભાગે સ્થાપન કરી છે. એકદા આ નગરીના રાજા વિક્રમાર્કે વિચાર કર્યો

કે—"સમીપે રહેલા દેશોનાં સુખ દુઃખાદિક કોઇક પ્રકારે જાણી શકાય છે; પરંતુ દૂર દેશમાં રહેલા મનુષ્યોનાં સુખ દુઃખાદિક જાણી શકાતાં નથી." આ પ્રમાણે રાજા વિચાર કરતો હતો તે વખતે રાજાના મનને જાણનાર કર્પૂર નામનો દૈવજ્ઞ (જોશી) બોલ્યો કે-"હે રાજા! મારી પાસે પહેલેથી કર્પૂરચક્ર છે. તેના પ્રમાણથી સમગ્ર પૃથ્વીપર વાયુ, વૃષ્ટિ, રાજાનું યુદ્ધ, પ્રજાનું સુખ દુઃખ, અવૃષ્ટિ, ભય અને અભય વગેરે સર્વ જાણી શકાય છે." તે સાંભળી વિક્રમ રાજાએ પૂછયું કે-"તે ચક્ર કયું છે? કોણે કર્યું છે? તેનાથી કેવી રીતે લોકમાં સુખ દુઃખ, અવૃષ્ટિ વૃષ્ટિ અને સર્વ શુભાશુભ જાણી શકાય છે?" કર્પૂરે કહ્યું કે—"હે શ્રેષ્ઠ રાજા! આ ચક્ર ગર્ગાચાર્યે કહ્યું છે. તેણે સર્વજ્ઞ ભાષિત આગમનું જ્ઞાન આ યંત્રમાં પ્રકાશિત કર્યું છે. નગર, ગામ અને આકરમાં રહેનારા તેમજ નદી અને પર્વતમાં રહેનારા સર્વ જનોનું સર્વ શુભાશુભ ગ્રહના યોગથી આ ચક્ર દ્વારા જોવામાં આવે છે. આ ચક્રનો વિચાર કરવાથી અવંતી આદિક દેશને છેડે ચોતરફ બસો બસો યોજનમાં રહેલા લોકોનાં સુખ દુઃખ વગેરે સર્વ જાણી શકાય છે. અવંતીથી આરંભીને સૃષ્ટિ માર્ગે[૧] નિરૂપણ કરવાનું છે. તેમાં ૧૪૫ વગેરે અંકની લિપિ લખવી. તેને નવે ભાગ દેવો. શેષ જે અંક રહે તેમાં વર્ષના રાજાનો અંક મેળવી વિંશોત્તરી દશાના ક્રમથી દેશમાં ગ્રહોના યોગવડે શુભાશુભ ફળ જાણવું. કોઇ એમ પણ કહે છે કે—તે દિશાના અંકમાં તે ગામના ધ્રુવાંક મેળવી તેમાં શનિના નક્ષત્રને એકત્ર

૧ સવળી બાજુથી એટલે જમણી બાજુથી.

કરી પછી તેમાં નવે ભાગ દેવો. જે શેષ રહે તે વડે વર્તમાન વર્ષના રાજાથી ગણુતરી કરી વિંશોત્તરી દશાના ક્રમે ગ્રહોનું ફળ કહેવું. જે ગામનો ધ્રુવાંક હોય નહીં અથવા લિપિના વશથી અશુદ્ધ-સંદેહવાળો હોય તો પંડિત જને તે ગામના નક્ષત્રાંકમાં તે દિશાના અંક ભેળવવા. પછી રૂદ્રાંકના યોગવડે નવો ધ્રુવાંક કરવો. ત્યાર પછી સર્વ પ્રથમની જેમ કરીને ગ્રહોનું ફળ કહેવું, તે આ પ્રમાણે—

સૂર્યનું ફળ-ગાયો ઘણું દૂધ આપે, વરસાદ ઘણો વરસે, પ્રજાને સુખ થાય, રાજાને નિધાન પ્રાપ્ત થાય તથા બ્રાહ્મણોને ઘણું સુખ અને બળ પ્રાપ્ત થાય છે. ચંદ્રનું ફળ-પ્રજા સુખી, ઘણાં પુણ્ય કાર્ય, ધનની પ્રાપ્તિ, રાજાનું આરોગ્ય, ઘાસની ઉત્પત્તિ, અલ્પ વૃષ્ટિ અને લોકમાં સુખાકારી થાય છે. મંગળનું ફળ-દુકાળ પડે, રાજાને કષ્ટ થાય, મહા ભય ઉત્પન્ન થાય, અગ્નિનો ભય થાય, પ્રજાને પીડા થાય અને ધાન્યનો વિનાશ થાય, તેમાં કાંઇ સંશય નથી. બુધનું ફળ-અગ્નિનો ઉપદ્રવ, બાળકોને રોગની ઉત્પત્તિ, રાજાને દુઃખ, નગરનો ભંગ અને ઉપદ્રવોની પરંપરા થાય છે. ગુરૂનું ફળ--ગાયો ઘણું દૂધ આપે, વરસાદ સારો થાય, પ્રજા અને રાજાને સુખ થાય તથા ધાન્યની ઉત્પત્તિ ઘણી થાય શુક્રનું ફળ--રાજા સુખી થાય, લોકો ધર્મ માર્ગે પ્રવર્તે, ધનની વૃદ્ધિ થાય, પ્રજામાં આરોગ્ય રહે, મોટો લાભ થાય, પુત્રની ઉત્પત્તિ અધિક થાય, અને મનુષ્યોનો જય થાય. શનિનું ફળ—રાજાનો વિનાશ થાય, પાખંડીઓથી મનુષ્યોનો ક્ષય થાય, દુકાળ પડે, બ્રાહ્મણોને ભય થાય, ધર્મની હાનિ થાય, તેથી કરીને સુખ કયાંથી હોય ?

રાહુનું ફળ—પ્રજાજન પીડા પામે, રાજાઓ વચ્ચે યુદ્ધ થાય, પ્રજામાં મહાભય ઉત્પન્ન થાય, અગ્નિ અને ચોરનો ભય થાય, લોકોને દુ:ખ થાય, અને રાજાનું મરણ થાય. કેતુનું ફળ—સર્વનો વિનાશ થાય, લોકો સ્થાનભ્રષ્ટ થાય, ઘેરઘેર મોટાં વેર થાય અને અનુક્રમે દેશનો ભંગ થાય. પૂર્વાદિકના અનુક્રમે ચારે દિશાઓમાં જે ગ્રહો રહેલા હોય, તેને વર્ષના રાજાદિક જાણવા અને તેમનું શુભાશુભ ફળ જાણવું. શનિ, મંગળ, રાહુ, બુધ, અને કેતુ એ ક્રૂર ગ્રહો જે દિશામાં રહ્યા હોય, તે દિશાના દેશનો ભંગ તથા હાનિ થાય છે. બાકીના સૌમ્ય ગ્રહો જે દિશામાં રહ્યા હોય, તે દિશાના દેશની સુખ-સંપત્તિ વૃદ્ધિ પામે છે, જ્યારે ગ્રહો સન્મુખ, જમણી બાજુ, પાછળ અને ડાબી બાજુ રહ્યા હોય ત્યારે તેમનું જૂદું જૂદું ફળ હોય છે, તે પંડિતોએ જાણવાનું છે. તે આ પ્રમાણે—રવિ સન્મુખ હોય તો હાનિ થાય, સોમ સન્મુખ હોય તો રાજાને સુખ થાય, મંગળ સન્મુખ હોય તો રાજા અને પ્રજાને અગ્નિનો ભય થાય, બુધ સન્મુખ હોય તો રાજા ધર્મમાં તત્પર રહે અને પ્રજાને દુ:ખ તથા મહાભય થાય છે. ગુરૂ સન્મુખ હોય તો રાજાનો ખજાનો વૃદ્ધિ પામે અને પ્રજાલોક સર્વ ધાન્યથી ભરપૂર થાય છે, શુક્ર સન્મુખ હોય તો રાજા અને પ્રજાની વૃદ્ધિ થાય તથા બ્રાહ્મણ લોકને સુખ થાય છે. શનિ સન્મુખ હોય તો ચાર પગવાળા પશુને પીડા થાય અને પ્રજાજન દુકાળથી મરણ પામે છે. રાહુ સન્મુખ હોય તો રાજાનું મરણ થાય અને પ્રજા પીડા પામે છે તથા કેતુ સન્મુખ હોય તો સર્વ લોક શરીરે દુ:ખી રહે અને પ્રજાલોક દેશ મૂકી પરદેશમાં જાય.

હવે શુક્રના ઉદયને આશ્રીને દેશોને વિષે વર્ષનું જ્ઞાન બતાવે છે—

જો દેવગણ[૧] નક્ષત્રમાં રહેલો શુક્ર ઉદય પામે તો સિંધુ, સમગ્ર ગુજરાત અને કર્ણાટ દેશમાં ધાન્યનો વિનાશ અને મહા રોગની ઉત્પત્તિ થાય છે. જાલંધર દેશમાં દુકાળ પડે, તથા વિગ્રહ અને રણસંગ્રામનો સંભવ થાય છે. જો મનુષ્ય[૨] ગણના નક્ષત્રમાં શુક્રનો ઉદય થાય તો સૌરાષ્ટ્ર દેશમાં વિગ્રહ હોય, કલિંગ દેશમાં અને સ્રીરાજ્યમાં તે વર્ષ મધ્યમ રહે છે, મારવાડ દેશમાં દુકાળ પડે અને ઘી તથા ધાન્ય મોંઘું રહે. સોના રૂપાનો ભાવ વૃદ્ધિ પામે, ગાય, ભેંસની જાતિમાં પીડા થાય અને કપાસ, રૂ તથા સૂતરના ભાવ તેજી રહે. જો રાક્ષસ[૩] ગણના નક્ષત્રમાં શુક્રનો ઉદય થાય તો ગુજરાત દેશમાં પુદ્‌ગળનો ભય થાય, દુકાળ પડે, ધનની હાનિ થાય, પંચ વર્ણનું પટ્ટસૂત્ર (રેશમી વસ્ત્ર) મૂલ્યથી પણ મળે નહીં અર્થાત્ ઘણું જ મોંઘું મળે, શ્રીફળની દુર્લભતા થાય, કોઈ શ્રેષ્ઠ પુરુષનું મરણ થાય, ચીન દેશમાં ઉત્પાત થાય, સિંધુ દેશમાં મોટો વિગ્રહ થાય, ત્રણ દિવસ વેપાર બંધ રહે અને માળવા વગેરે દેશમાં વિગ્રહ થાય.

---

૧ અશ્વિની, મૃગશીર્ષ, રેવતી, હસ્ત, પુષ્ય, પુનર્વસુ, અનુરાધા, શ્રવણ અને સ્વાતિ એ નવ નક્ષત્રો દેવગણનાં છે.

૨ ત્રણ પૂર્વા, ત્રણ ઉત્તરા, રોહીણી, આર્દ્રા અને ભરણી એ નવ નક્ષત્રો મનુષ્યગણનાં છે.

૩ કૃતિકા, મઘા, આશ્લેષા, વિશાખા, શતભિષા, ચિત્રા, જયેષ્ઠા, ધનિષ્ઠા અને મૂળ એ રાક્ષસગણનાં નવ નક્ષત્રો છે.

હવે શુક્રના અસ્તને આશ્રીને દેશોને વિષે વર્ષનું જ્ઞાન બતાવે છે.

જો દેવગણના નક્ષત્રમાં શુક્રનો અસ્ત થાય તો હબસી, ગુજરાત અને માલવ દેશમાં ભય ઉત્પન્ન થાય, રાજાઓ વચ્ચે વિગ્રહ થાય, પ્રથમથી જ ધાન્ય મોંઘું થાય, પછીથી એક માસ સુધી કાંઇક સોંઘું થાય, ખુરાસાન દેશમાં મોટો ઉત્પાત થાય, મોટા દંડથી દ્રવ્યનો નાશ થાય, છ માસ પછી ઘણી જળ-વૃષ્ટિ થાય, સોના રૂપાનો ભાવ વૃદ્ધિ પામે, સર્વ જન નિદ્રાળુ થાય, મારવાડ દેશમાં દુકાળ પડે, દિલ્હીમાં રાજાનું પરાવર્તન થાય, ગોપાળગિરિ દેશમાં નરકની જેવો મરકીનો ઉપદ્રવ થાય, ખર્પર અને હરમજ દેશમાં કાંઈ પણ વેપાર થાય નહીં, ભરૂચ અને ચંપાનગરીમાં ધૂળની વૃષ્ટિ અને શૂન્યતા થાય, રોગની બહુલતા અથવા પરચક્રથી પરાભવ થાય તથા ઉત્તર દેશમાં વેપારને વિષે ઘણી લક્ષ્મી મળે અને સુકાળ થાય. જો મનુષ્યગણના નક્ષત્રમાં શુક્રનો અસ્ત થાય તો રોમ દેશમાં અગ્નિનો ભય થાય, કોંકણ દેશમાં ત્રાસ થાય, લાટ અને સિંધુ દેશમાં શૂન્યતા થાય, ઉત્તર દેશમાં દુકાળ પડે, દ્રવિડ દેશમાં વિગ્રહ થાય, ગુજરાતમાં સુકાળ અને વનસ્પતિઓ ફળફુલવાળી થાય, એક માસ સુધી મોંઘવારી રહે, પછી ધાન્ય સોંઘું થાય, ઘી, તેલ, અનાજ અને પટ્ટસૂત્રની ચોતરફ ઉત્પત્તિ થાય, રાજાઓ સુખી થાય, સર્વ પ્રજા નીરોગી થાય, સર્વ દેશમાં ઘણી વસ્તી રહે અને કિલ્લા વગેરેમાં આનંદ પ્રવર્તે. જો રાક્ષસગણના નક્ષત્રમાં શુક્રનો અસ્ત થાય તો હિંદુના દેશમાં વિગ્રહ થાય, ખર્પર દેશમાં રાજાઓનું યુદ્ધ થાય, મિશ્ર

દેશમાં અન્નની તંગી થાય, મારવાડ દેશમાં અને સિંધુ દેશમાં સામાન્ય દુકાળ પડે, અસિયા અને ઉડ દેશનો ભંગ થાય, ગુજરાતમાં મુગલ જાતિનો ભય થાય, સમુદ્રમાં ચાલતા વહાણો વિનાશ પામે, ફિરંગી લોકોનો વિગ્રહ થાય, વિરાટ દેશમાં, ઢુંઢ દેશમાં, પાંચાલ દેશમાં અને સૌરાષ્ટ્ર દેશમાં મહા કષ્ટ હોય, માલવ દેશમાં રાજ્યનું પરાવર્તન થાય અને લોકોનો ક્ષય થાય, જીર્ણદુર્ગ (જુનાગઢ) માં ભંગનો ભય થાય, પાટણમાં અન્નની મોંઘવારી થાય, નવા સિક્કા પ્રગટ થાય, અને દક્ષિણ દેશમાં સુખ સંપત્તિ થાય. આ રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુસરી શુક્રના ઉદય તથા અસ્તના ફળનો નિશ્ચય કરવો.

મંડલ ફળ

મંડલના વિચારમાં ઉત્પાતવડે દેશોમાં વર્ષનું જ્ઞાન થઈ શકે છે. તેમાં પ્રથમ આગ્નેય નામનું મંડળ કહે છે—કૃત્તિકા, ભરણી, પુષ્ય, વિશાખા, પૂર્વાફાલ્ગુની, પૂર્વાભાદ્રપદ અને મઘા એ આગ્નેય મંડળનાં નક્ષત્રો છે. જો આ નક્ષત્રોમાં ધૂળની વૃષ્ટિ વગેરે કોઇ પણ જાતનો વિકાર થાય, ભૂમિકંપ થાય, વજ્રપાત થાય, ઉલ્કાપાત થાય, આંધી ચડે, ધૂમકેતુનો તારો જોવામાં આવે, ચંદ્ર કે સૂર્યનું ગ્રહણ થાય, રૂધિરની વૃષ્ટિ થાય, અગ્નિની વૃષ્ટિ થાય અથવા બીજું કાંઇ અદ્ભુત થાય, ત્યારે ડાહ્યા પુરુષે આગ્નેય મંડળ ઉપરથી ભાવિ લક્ષણનો વિચાર કરવો. તે આ પ્રમાણે—નેત્રના રોગની વૃદ્ધિ થાય, અતિસારનો વ્યાધિ ઉપજે, દેશમાં અગ્નિનો પ્રબળ કોપ થાય, ગાયોનું દૂધ–ઘી અલ્પ થાય, વૃક્ષો પર પુષ્પ–ફળ ઓછાં થાય, ચોર

લોકોથી દ્રવ્યનો વિનાશ થાય, વરસાદ થોડો થાય, ભૂખે મરતા લોકો હાથમાં ખપ્પર ધારણ કરી ભિક્ષા માગતા થાય. સિંધુ દેશ, યમુના નદીના કીનારાના દેશ, ધૃતાટકોજ દેશ, બાલ્હિક દેશ, જાલંધર દેશ, કાશ્મીર દેશ અને સઘળો ઉત્તર દેશ, આ સર્વ દેશો, આવા ઉત્પાત જોવામાં આવે તો, વિનાશ પામે છે.

વાયુ મંડલ—મૃગશીર્ષ, પુનર્વસુ, અશ્વિની, હસ્ત, ચિત્રા, સ્વાતિ અને ઉત્તરાફાલ્ગુની એ વાયુ મંડલનાં નક્ષત્રો છે. જો આ નક્ષત્રોમાં પૂર્વે કહેલાં કોઇ પણ ઉત્પાતનાં લક્ષણ જોવામાં આવે તો મોટા વાયુ વાવા લાગે, મહા ભય પ્રાપ્ત થાય, ઉન્નત થયેલાં-જળ ભરેલાં વાદળાંઓ પણ જળની વૃષ્ટિ કરે નહીં, વિંધ્યાચળના નિવાસી દેવ, બ્રાહ્મણ અને રાજાઓનો વિનાશ થાય. કિલ્લાઓ, પર્વતનાં શિખરો, તોરણના સ્થળની ભૂમિ અને વનનાં વૃક્ષો એ સર્વ વાયુના વેગથી પડી જાય છે.

વારૂણ મંડલ—આર્દ્રા, આશ્લેષા, ઉત્તરાભાદ્રપદ, રેવતી, શતભિષા, પૂર્વાષાઢા અને મૂળ એ વારૂણ મંડળનાં નક્ષત્રો છે. આ નક્ષત્રોમાં પૂર્વે કહેલા કોઈ પણ ઉત્પાત થાય તો પ્રજા સુખી થાય, ગાયો દૂધ-ઘી ઘણું આપે, વૃક્ષો ઉપર પુષ્પ-ફળની ઘણી સંપત્તિ થાય, પૃથ્વી પર પુષ્કળ ધાન્ય પાકે, લોકમાં આરોગ્ય વધે, માંગલિક કાર્યો થાય, ધાન્ય સોંઘું થાય, અત્યંત સુકાળ થાય, કીડા, ઉંદર, સર્પ, તીડ, મૃગ, કુકડા, મરકી અને કીડીઓનો સમૂહ સ્થળ પ્રદેશમાં અધિક ઉત્પન્ન થાય છે.

માહેંદ્ર મંડલ—જયેષ્ઠા, અનુરાધા, રોહિણી, ધનિષ્ઠા,

શ્રવણ, અભિજિત અને ઉત્તરાષાઢા એ માહેંદ્ર મંડલનાં નક્ષત્રો છે. એ નક્ષત્રોમાં પૂર્વે કહેલા કોઇ પણ ઉત્પાતો જોવામાં આવે તો સર્વ લોકો મનમાં હર્ષિત થાય છે, રાજાઓ પરસ્પર સંધિ કરે છે, સુકાળ અને મંગળ પ્રવર્તે છે.

આ સર્વ મંડલો કયે વખતે ફળદાયક થાય છે? તે કહે છે—આ સર્વ મંડલોમાં ઉલ્કાપાત વગેરે જે જે કહેલા છે તે સર્વે વર્ષા ઋતુ સિવાય બીજે કાળે થયા હોય તો પોતપોતાનું ફળ આપે છે અને વર્ષાકાળે થયા હોય તો તે સર્વે વૃષ્ટિ કરનારા જ થાય છે. માહેંદ્ર મંડળનું ફળ સાત દિવસમાં મળે છે, વારૂણ મંડલનું ફળ તત્કાળ થાય છે, આગ્નેય મંડળનું ફળ પંદર દિવસમાં થાય છે અને વાયુ મંડલનુ ફળ એક માસમાં થાય છે. છેલ્લા બે મંડળમાં એટલે વારૂણ અને માહેંદ્ર મંડળમાં સુકાળ, ક્ષેમ, આરોગ્ય અને રાજાઓની પરસ્પર સંધિ થાય છે તથા પહેલા બે એટલે અગ્નિ અને વાયુ મંડળમાં તેનાથી વિપરીત થાય છે. માહેંદ્ર અને વારૂણ મંડલમાં ગાયો હર્ષયુક્ત થાય છે, ઉત્પાતો નાશ પામે છે અને પૃથ્વી કલ્યાણથી વૃદ્ધિ પામે છે. અર્ઘકાંડ નામના ગ્રંથમાં તો આ પ્રમાણે કહ્યું છે કે—" આગ્નેય મંડળનું ફળ ત્રણ માસમાં, વાયવ્ય મંડળનું બે માસમાં, વારૂણ મંડળનું એક માસમાં અને માહેંદ્ર મંડળનું ફળ સાત દિવસમાં મળે છે." વળી વિવેકવિલાસ નામના ગ્રંથમાં કહ્યું છે કે—"આગ્નેય મંડળનું ફળ આઠ માસમાં, વાયવ્ય મંડળનું બે માસમાં, વારૂણ મંડળનું એક માસમાં અને માહેંદ્ર મંડલનું ફળ સાત દિવસમાં મળે છે." તથા રૂદ્રદેવ નામના દેવજ્ઞ કહે છે કે—" વાયવ્ય મંડલ બે મહિને, માહેંદ્ર મંડલ સાત દિવસે,

આગ્નેય મંડલ પંદર દિવસે અને વારૂણ મંડળ તરત જ જળની વૃષ્ટિ કરે છે.” જો વારૂણ મંડલ અને આગ્નેય મંડલ પરસ્પર મળી જાય તથા માહેન્દ્ર મંડળ અને વાયુ મંડળ પરસ્પર મળી જાય તો તે મંદ ફળને આપે છે, તેથી વિચાર કરીને તેનું ફળ કહેવું. ભૂમિકંપ, ધૂળની વૃષ્ટિ, દિશાનો દાહ અને અકાળે વૃષ્ટિ ઈત્યાદિક જે કાંઈ અકસ્માત્ થાય તે સર્વ ઉત્પાત કહેવાય છે. આ ઉત્પાતથી તીડ, ઉંદર વગેરે સાત પ્રકારની ઈતિઓ, અનીતિ, પ્રજામાં રોગ અને લડાઇ વગેરે ફળ ઉત્પન્ન થાય છે તથા પ્રાયે કરીને મંડલના નામને સદૃશ અગ્નિ, વાયુ વગેરેનો પ્રકોપ થાય છે. આગ્નેય મંડળમાં દક્ષિણ દિશાના દેશો પીડા પામે છે, વાયવ્ય મંડળમાં ઉત્તર દિશાના દેશો પીડા પામે છે, વારૂણ મંડલમાં પશ્ચિમ દિશાના દેશો પીડા પામે છે અને માહેંદ્ર મંડલમાં પૂર્વ દિશાના દેશો પીડા પામે છે.

ઉત્પાતના ભેદો

ભૂમિકંપ થાય તો પ્રજા પીડા પામે, વજ્રપાત થાય તો રાજાનો ક્ષય થાય, દિશાનો દાહ જોવામાં આવે તો અનાવૃષ્ટિ થાય અને ધૂળની વૃષ્ટિ થાય તો દુકાળ પડે. ધૂળની વૃષ્ટિ ક્ષય કરનારી છે, બરફ પડે તો તે ભયકારક છે, દિશાનો દાહ અગ્નિનો ભય કરે છે અને વજ્રપાત રાજાને ભયંકર છે. પ્રચંડ શબ્દ કરતો ઝંઝા વાયુ થાય તો ચોર તરફનો ભય વધે, ભૂમિકંપ થાય તો તે દુઃખદાયક છે અને ચંદ્ર સૂર્યનો પરિવેષ (ઘેરાવ) થાય તો તેથી રોગની ઉત્પત્તિ થાય છે. ગ્રહોનું પરસ્પર યુદ્ધ થાય અથવા કેતુનું દર્શન થાય તો રાજાઓ વચ્ચે યુદ્ધ થાય, ગ્રહણને અંતે મહા વૃષ્ટિ

થાય તો સર્વ દોષોનો વિનાશ થાય છે. ઉલ્કાપાત થાય તો ઉત્તમ પુરુષનો નાશ થાય, વૃક્ષનો છેદ થાય તો ધનનો ક્ષય થાય, પથ્થરની વૃષ્ટિ થાય તો સર્વ ધાન્ય મોંઘાં થાય, વીજળી પડે તો જળનો અભાવ થાય, આંધી ચડે-અંધકાર થાય તો પ્રજાનો નાશ થાય, ઋતુઓ વિપરીતપણે વર્તે તો સર્વ પ્રાણીઓને વિષે રોગની ઉત્પત્તિ થાય છે. પ્રાણીઓની વિકાર-વાળી ઉત્પત્તિ થાય તો તે રાજાને વિઘ્નકારક છે, ચંદ્ર સૂર્યનું વિપરીતપણું થાય તો ભયંકર વિગ્રહ થાય, ગ્રહોનું યુદ્ધ હોય તો રાજાઓ વચ્ચે પણ યુદ્ધ થાય છે, ગ્રહની યુતિ હોય તો ધાન્ય મોંઘું થાય.

હવે સૂર્ય અને ચંદ્રના [1]પરિવેષનું ફળ સ્વરૂપથી કહે છે— ચંદ્ર સૂર્યનો પરિવેષ દૂર રહ્યો હોય તો અન્ય દેશમાં, મધ્યમાં રહ્યો હોય તો સ્વદેશમાં અને અત્યંત પાસે રહ્યો હોય તો પણ સ્વદેશમાં અત્યંત મંડલાધિપતિનું ફળ જાણવું. જો તે પરિવેષનો વર્ણ શ્વેત હોય તો તે શુભ છે, પીત વર્ણ હોય તો રોગનો ઉપદ્રવ કરે, રાતો વર્ણ હોય તો યુદ્ધ થાય, શ્યામ વર્ણ હોય તો રાજાનો ક્ષય થાય, નીલ વર્ણ હોય તો મોટી વૃષ્ટિ થાય અને ધૂમ્ર-ધુસરો વર્ણ હોય તો ધુંવાર થાય. આ સર્વ વર્ણ સ્વલ્પ હોય તો તેનું સ્વલ્પ ફળ અને ઘણા હોય તો તેનું મોટું ફળ જાણવું. સૂર્યચંદ્રનું મંડળ જળવડે ભીનું જણાતું હોય અથવા જળના કણીયા ઝરતા હોય તો મહા વૃષ્ટિ થાય, ખંભનો નાશ જોવામાં આવે તો રાજાનો ક્ષય થાય, અકાળે વૃક્ષ પર પુષ્પ-ફળની ઉત્પત્તિ થાય

---

૧. ફરતું કુંડાળું થાય તે.

તો ધાન્યનો નાશ થાય. જેના રાજ્યમાં કે દેશમાં દેવની પ્રતિમાનો વિનાશ થાય તેના રાજાનો પરિવાર સહિત નાશ થાય છે. સૂર્ય અને ચંદ્રનો સર્વથા ગ્રાસ થાય તો સર્વ વસ્તુ મોંઘી થાય, મંગળ વગેરે ગ્રહો વક્ર થાય તો તેનું ફળ પ્રથમ કહ્યું છે તે જાણવું.

ગંધર્વ નગરનું ફળ

ગંધર્વ નગરનો વર્ણ કપિલ દેખાય તો ધાન્યનો નાશ થાય, મજિઠ જેવો વર્ણ દેખાય તો ગાયોનું હરણ થાય અને અસ્પષ્ટ વર્ણ જણાય તો અવશ્ય બળનો ક્ષોભ કરે છે. તેમાં કાંઈ પણ સંશય નથી. જો ગંધર્વ નગર સ્નિગ્ધ, પ્રાકાર અને તોરણ સહિત પૂર્વ દિશામાં દેખાય તો તે રાજાનો વિજય કરનાર છે.

વીજળીનું લક્ષણ

કપિલ વર્ણની વીજળી થાય તો વાયુ અત્યંત વાય, પીળા વર્ણની થાય તો વૃષ્ટિ થાય, રાતા વર્ણની થાય તો તાપ સખ્ત પડે, અને ધોળા વર્ણની થાય તો મહા દુષ્કાળ પડે છે.

કેતુનું ફળ

શ્રાવણ અને ભાદ્રપદ માસમાં દશ કેતુ વરૂણના પુત્રો છે, તે લોકમાં જળની વૃષ્ટિને કરનાર છે અને તે વખતે ધાન્ય સોંઘું થાય છે. આશ્વિન અને કાર્તિક માસમાં ચૌદ કેતુ સૂર્યના પુત્રો છે, તેઓ ચાર પગા જનાવરોનું મરણ કરનાર છે, તથા દુકાળ અને દેશનો નાસ કરે છે. માર્ગશીર્ષ અને પોષ માસમાં ચોત્રીશ કેતુ અગ્નિના પુત્રો છે, તેઓ

અગ્નિનો દાહ, ચોરનો ભય અને અનાવૃષ્ટિને દેખાડે છે. માઘ અને ફાલ્ગુન માસમાં નવ કેતુઓ યમના પુત્રો છે, તેઓ ધાન્યને મોંઘું કરે છે, દુકાળ પાડે છે અને રાજાઓ વચ્ચે મહા યુદ્ધ કરાવે છે. વસંત ઋતુમાં એટલે ચૈત્ર અને વૈશાખ માસમાં અઢાર કેતુઓ ધનદ (કુબેર) ના પુત્રો છે, તેઓ ઉદય પામે છે ત્યારે લોકમાં સુખ, મંગળ અને સુકાળ કરે છે. જયેષ્ઠ અને અષાઢ માસમાં વીશ કેતુઓ વાયુના પુત્રો છે. તેઓ ઉદય પામે છે ત્યારે તેઓ વાયુ સહિત જળની વૃષ્ટિ કરે છે અને વૃક્ષો તથા પ્રાસાદોનો ભંગ કરે છે. આ પ્રમાણે સર્વ મળીને ૧૦૫ કેતુઓ છે. કોઈ ૧૦૮ અને કોઇ ૧૦૧ કેતુઓ કહે છે. એમ કેતુની બાબતમાં ત્રણ મત છે. એટલે કે સૂર્યના પુત્ર ચૌદને બદલે દશ ગણીએ તો ૧૦૧ થાય છે અને વાયુના પુત્ર વીશને બદલે ત્રેવીશ માનીએ તો ૧૦૮ કેતુ થાય છે.

એકસોપાંચ કેતુના ઉદયનું ફળ

આ કેતુના ઉદયનું ફળ જાણવા માટે નક્ષત્ર જોવું. જો મોટા ઉત્પાતથી તે નક્ષત્ર હણાયું હોય તો તે દેશમાં અનાવૃષ્ટિનો સંભવ છે. તે વિષે કહ્યું છે કે-"ઉલ્કાપાત, દિશાનો દાહ, પૃથ્વીકંપ, અને બ્રહ્મતેજ વગેરેને જોઇ વિદ્વાને વિચાર કરવો. તેમાં તે ઉત્પાતને દિવસે જે નક્ષત્ર હોય તે નક્ષત્ર પીડિત થાય છે." લોકમાં પણ કહેવાય છે કે—

"ભૂકંપણુ તારા પડણુ, રગત પાહાણુ વુઠ્ઠી;
કેતુ ગામણુ રવિ સસિ ગહણુ, ઈક્કમિ હોઈ ઉકિઠ્ઠી. ૧.

જિણુ નખિખત્તિ ભડુલી, કાંઇ હોઈ અનિઠ્ઠ;
તિણુ નવિ વરસે અંબુધર, જાણે ગબ્ભ વિણુઠ્ઠ. ૨."

"પૃથ્વીકંપ, તારાનું ખરવું, રૂધિર અને પથ્થરની વૃષ્ટિ, કેતુનો ઉદય અને સૂર્યચંદ્રનું ગ્રહણ, આ સર્વમાંથી એક પણ હોય તો તે કષ્ટને આપે છે. હે ભડલી (બ્રાહ્મણી)! જે નક્ષત્ર પર કાંઇ પણ અનિષ્ટ–ઉત્પાત હોય તે નક્ષત્રમાં જળની વૃષ્ટિ થતી નથી અને બંધાયેલો ગર્ભ વિનાશ પામે છે."

ચંદ્ર સૂર્યના ગ્રહણનું ફળ

કાર્તિક અને માર્ગશીર્ષ માસમાં ચંદ્ર કે સૂર્યનું ગ્રહણ થાય તો તે શુભકારક છે. પોષ માસમાં ગ્રહણ થાય તો ધાન્ય મોંઘું થાય, લોકમાં ભય થાય અને આગળનું વર્ષ મધ્યમ થાય. માઘ માસમાં ગ્રહણ થાય તો ઇચ્છિત જળવૃષ્ટિ થાય. ફાલ્ગુન માસમાં ગ્રહણ થાય તો દુઃખકારક–અન્નનો વિનાશ થાય. ચૈત્ર માસમાં ગ્રહણ થાય તો ચિતારા, લહીયા વગેરેને મહા પીડા થાય અને આગળનું વર્ષ મધ્યમ થાય. વૈશાખ માસમાં ગ્રહણ થાય તો તલ, તેલ, મગ, રૂ અને કપાસનો નાશ થાય. જયેષ્ઠ માસમાં ગ્રહણ થાય તો વૃષ્ટિ ન થાય, ધાન્યનો નાશ થાય અને પછીનું (બીજું) વર્ષ સારું થાય. અષાઢ માસમાં ગ્રહણ થાય તો કોઈ કોઇ ઠેકાણે વૃષ્ટિ થાય, કોઈ કોઇ ઠેકાણે અન્ન પાકે, રોગનો ઉપદ્રવ થાય, વૃક્ષનાં મૂળ અને ફળ નાશ પામે અને બીજી બાબતમાં એકંદર વર્ષ સારું થાય. શ્રાવણ માસમાં ગ્રહણ થાય તો ઘોડી અને ગધેડીના ગર્ભો તત્કાળ પડી જાય (તથા વીજળી અને કરા પડે.) ભાદ્રપદમાં ગ્રહણ થાય તો સ્ત્રીઓના ગર્ભનો

વિનાશ થાય તથા આશ્વિન માસમાં ગ્રહણુ થાય તો લોકમાં સુખ અને સુકાળ થાય. હવે એક જ માસમાં સૂર્ય અને ચંદ્ર બન્નેનું ગ્રહણુ થાય તો ઘણા બળવાન રાજાઓ કોપથી ઉત્કટ થઈ મહા યુદ્ધ કરે.

કદાચ અધિક માસમાં ચંદ્ર-સૂર્યનું ગ્રહણુ થાય તો સર્વ રાજ્યને ભય પ્રાપ્ત થાય, રાજ્યનો ભંગ થાય અને રાજાઓનો ક્ષય થાય. પ્રથમ સૂર્યનું ગ્રહણુ થઇ પછી તરત જ પખવાડિયાને છેડે ચંદ્રનું ગ્રહણુ થાય તો સાધુજનોની પૂજા, ધર્મની વૃદ્ધિ અને મોટા પુરુષોનો ઉદય થાય. ક્રૂર ગ્રહે કરીને યુક્ત ચંદ્ર-સૂર્યનું ગ્રહણુ થાય તો રાજાનો ક્ષય અને રાજ્યનો ભંગ થાય, એમ ભદ્રબાહુ મુનીશ્વર કહે છે. રવિવારે ગ્રહણુ હોય તો વર્ષ મધ્યમ થાય, તેથી ધાન્યનો સંગ્રહ કરવો યોગ્ય છે. રાજાઓ વચ્ચે યુદ્ધ થાય અને દુકાળ પડે. તે વખતે ઘી, લોઢું અને તેલનો વિક્રય કરવો યોગ્ય છે. સોમવારે અર્ધ ગ્રહણુ હોય તો રાજાઓ વચ્ચે વિગ્રહ, અનાજ મોંઘું અને તેલ તથા ઘીના વેપારમાં લાભ થાય છે. મંગળવારે ગ્રહણુ હોય તો અગ્નિનો ભય થાય છે. મંગળવારે સૂર્યનું ગ્રહણુ હોય તો પરસ્પર યુદ્ધ વડે રાજાઓનો ક્ષય થાય છે અને ચંદ્રનું ગ્રહણુ હોય તો કપાસ, રૂ અને સૂતર મોંઘાં થાય છે. બુધવારે ગ્રહણુ હોય તો સોપારી તથા રક્તવસ્ત્રનો સંગ્રહ કરવો લાભદાયક છે. ગુરૂવારે ગ્રહણુ હોય તો પીળી અને રાતી વસ્તુનો તથા તેલ અને ગંધાદિકનો સંગ્રહ કરવો લાભદાયક છે. શુક્રવારે ગ્રહણુ હોય તો સુકાળ અને સર્વ લોકને સુખકારક માંગલિકપણું પ્રાપ્ત થાય છે. શનિવારે ગ્રહણુ હોય તો જુવારના વેપારમાં લાભ થાય અને શ્યામ વર્ણવાળી વસ્તુ મોંઘી થાય.

પીળા અને રાતા વસ્ત્ર, તાંબું અને બળદ વગેરેનો સંગ્રહ કરવાથી બે માસે તેમાંથી લાભ પ્રાપ્ત થાય છે, એમ જ્ઞાનીઓ કહે છે. અર્ધ ગ્રાસ હોય તો અર્ધા માસે લાભ થાય, ત્રિભાગ ગ્રાસ હોય તો ત્રણ માસે લાભ થાય, ચતુર્ભાગ ગ્રાસ હોય તો ચાર માસે લાભ થાય, અને ગ્રાસ અવસ્થાએ જ અસ્ત થાય તો એક વર્ષે લાભ થાય છે. સર્વ પ્રકારના ગ્રહણના પ્રારંભમાં મોટો ઉત્પાત થયો હોય, પરંતુ પછી તરત જ જો જળની વૃષ્ટિ થઇ હોય તો સર્વ ઉત્પાતના ફળનો વિનાશ થાય છે. આ રીતે જે દેશમાં ઉત્પાત વિના જ અપ્કાયના જીવો કે પુદ્ગલો જોવામાં આવે, તે દેશમાં ઉત્તમ વૃષ્ટિ થાય છે. આ સર્વે વરસાદના ગર્ભો સ્થાનાંગ સૂત્રમાં વાયુ રહિત બતાવ્યા છે, કેમકે તે ગર્ભની ઉત્પત્તિ જળથી જ થાય છે. તે વિષે આગમમાં કહ્યું છે કે–" ઓસ (ધુમસ), મહિકા, શીત અને ઉષ્ણ એ ચાર પ્રકારે જળનો ગર્ભ હોય છે. અથવા મતાંતરે હિમ, વાદળાંનો સમૂહ, શીત અને ઉષ્ણ એમ પણ ચાર પ્રકારે જળનો ગર્ભ હોય છે. તે દરેકના ગર્જના, વીજળી, જળ, વાયુ અને વાદળાં એમ પાંચ પાંચ પ્રકાર હોય છે. માઘ માસમાં હિમ પડે, ફાલ્ગુન માસમાં વાદળાં વડે આકાશ આચ્છાદિત રહે, ચૈત્ર માસમાં શીત અને ગરમી, તથા વૈશાખ માસમાં મેઘની ગર્જના, વીજળી, વરસાદ, વ યુ અને વાદળાં એ પ્રાંચ પ્રકારે ગર્ભનું લક્ષણ હોય છે. તે ગર્ભ સાત માસ અને સાત દિવસે પરિપક્વ થાય છે. જેવો ગર્ભ હોય તેવું તેનું ફળ જાણવું. અન્યના મતે એવું પણ છે કે– માર્ગશીર્ષ અને પોષ માસમાં સંધ્યાનો રંગ ખીલે, જળનો પરિવેષ જોવામાં આવે, માર્ગશીર્ષ માસમાં વિશેષ

શીત અને પોષમાં વિશેષ હિમ ન પડે, માઘ માસમાં પ્રબળ વાયુ વાય, સૂર્યચંદ્રનું તેજ તુષાર વડે આચ્છાદિત થાય, વિશેષ શીત પડે, અને સૂર્યના ઉદય તથા અસ્ત સમયે વાદળાં જોવામાં આવે તો તે શુભ છે. ફાલ્ગુન માસમાં રૂક્ષ અને તીક્ષ્ણ વાયુ વાય, અતિ સ્નિગ્ધ વાદળાં આકાશમાં ચાલતાં દેખાય, સર્વ પરિવેષ પણ દેખાય તથા કપિલ અને રક્ત વર્ણવાળો સૂર્ય હોય તો તે શુભ છે. ચૈત્ર માસમાં વાયુ, વાદળાં અને વૃષ્ટિ સહિત પરિવેષવાળા ગર્ભ હોય તો તે શુભ છે. વૈશાખ માસમાં વાદળાં, વાયુ, વૃષ્ટિ, વીજળી અને ગર્જના સહિત ગર્ભ હોય તો તે શ્રેષ્ઠ છે. આ પ્રમાણે સ્થાનાંગ સૂત્રના ચોથા સ્થાનમાં કહ્યું છે. વળી હીરમેઘમાળામાં પણ કહ્યું છે કે–પરિવેષ, વાયુ, વાદળાં, સંધ્યારાગ, ઇંદ્રધનુષ્ય, હિમ, કરા, ગર્જના, વીજળી અને જળકણ એ દશ ગર્ભનાં લક્ષણ છે. આગમમાં જીવથી પુદ્‌ગલને જુદા કહ્યા છે, તેથી કેટલાક અજીવો મહાવૃષ્ટિના કારણરૂપ થઇ શકે છે. જેમ જળયોનિના જીવની ઉત્પત્તિ તથા વિનાશનો વિચાર કરાય છે, તેમ સમગ્ર દેશ, નગર અને મંડળોનો પણ વિચાર કરવો જોઇએ. મેઘશાસ્ત્રમાં જે દિવસે વાદળાં વગેરેની ઉત્પત્તિ બતાવી છે અને તે ઉત્પત્તિ જેમ વૃષ્ટિનો હેતુ થાય છે, તેમ તે વાદળાંનો નાશ કરનાર પણ થાય છે. તે વિષે કહ્યું છે કે––જયેષ્ઠ માસના શુકલ પક્ષમાં આર્દ્રા વગેરે દશ દિન નક્ષત્રો જોવાં. તેમાં જે દિન નક્ષત્રમાં વાદળાં થાય તે પંદરીયા નક્ષત્રમાં વૃષ્ટિનો નાશ કરે, અને વાદળાં ન થાય તો ઉત્તમ વૃષ્ટિ થાય. આ પ્રમાણે દેશ અને નગરને વિષે પુદ્‌ગળ અને જળયોનિ જીવ વગેરેની ઉત્પત્તિ કહેવાથી

સમ્યક્ પ્રકારે વૃષ્ટિના હેતુઓ જાણીને વિજય સહિત આ મેઘમહોદયને કહે છે, તેને લક્ષ્મી વશ થાય છે અને સુંદર સોના-રૂપાની સિદ્ધિ કરનાર વૃષ્ટિ થાય છે.

ઇતિ શ્રી મહોપાધ્યાય શ્રીમેઘવિજયજી ગણિ
રચિત શ્રી મેઘમહોદય અથવા વર્ષપ્રબોધ
ગ્રંથનો પ્રથમ દેશાધિકાર સંપૂર્ણ

૨ વાતાધિકાર

જે પ્રભુ દેવતાઓને વંદ્ય છે, જે સમ્યક્ પ્રકારના ચોત્રીસ અતિશયો વડે મનોહર છે, જે ત્રણ ભુવનને વિનોદ આપે છે, જે ઉન્નત મેઘની જેવી શ્યામ કાંતિવાળા છે, જેણે વિમાન-વાસી દેવોને હર્ષ આપ્યો છે તથા જેણે નાગકુમારાદિક દેવોને પણ આનંદ આપ્યો છે, તે શ્રીપાર્શ્વનાથ પ્રભુ રસવાળા વર્ષને કરે છે.

વાયુ ત્રણ જગતનો આધાર છે, વાયુ સર્વ પદાર્થ કરતાં અધિક મહા બળવાન છે, વાયુ સર્વ લોકમાં વ્યાપીને રહેલો છે, તે વાયુ સ્વરૂપથી બાદર અને શાશ્વત છે. તે વાયુ આ પૃથ્વી તળમાં પૂર્વ અને ઉત્તર વગેરે ભેદ વડે ઘણા પ્રકારનો છે, વૃષ્ટિ અને અનાવૃષ્ટિનું કારણ છે, ધ્વજને આકારે રહેલો છે અને વૈક્રિય રૂપને ધારણ કરનાર છે. તે વિષે આગમમાં કહ્યું છે કે—

રાજગૃહી નગરીના ઉદ્યાનમાં શ્રીગૌતમ ગણધરે શ્રીવર્ધમાન સ્વામીને પૂછયું કે— "હે ભગવાન્! [1]ઈષત્ પુરોવાયુ, [2]પથ્ય-વાયુ, [3]મંદવાયુ અને [4]મહાવાયુ, આ ચાર વાયુ વાય છે?" ભગવાને કહ્યું— "હા, એ ચારે વાયુ વાય છે." ગૌતમે ફરી પૂછયું કે— "હે ભગવાન્! ઈષત્પુરોવાયુ, પથ્યવાયુ, મંદવાયુ અને મહાવાયુ એ ચારે વાયુ પૂર્વ દિશામાં વાય છે?"

---

૧ ભીનો, ચાલતો અને સ્નિગ્ધ. ૨ વનસ્પતિ વગેરેને હિતકારક. ૩ ધીમે ધીમે વાતો વાયુ. ૪ ઉત્કટવાયુ—ઝંઝાવાત.

ભગવાને કહ્યું— "હે ગૌતમ! હા, એ ચારે વાયુ પૂર્વ દિશામાં વાય છે." આ જ પ્રમાણે શ્રી ગોતમ ગણધરે ભગવાનને પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર, ઇશાન, અગ્નિ, નૈર્ઋત્ય અને વાયવ્ય એમ સર્વ દિશા અને વિદિશામાં ચારે પ્રકારના વાયુ વાવાના પ્રશ્ન કર્યા તેના જવાબમાં ભગવાને સર્વ પ્રશ્નમાં હા કહી. ત્યારે ગણધરે ફરી પ્રશ્ન કર્યો કે—"હે ભગવાન્! જ્યારે પૂર્વ દિશામાં ઇષત્પુરોવાયુ, પથ્યવાયુ, મંદવાયુ અને મહાવાયુ એ ચારે વાયુ વાય છે, ત્યારે પશ્ચિમ દિશામાં પણ તે ચારે વાયુ વાય છે? અને જ્યારે પશ્ચિમ દિશામાં એ ચારે વાયુ વાય છે ત્યારે પૂર્વ દિશામાં પણ એ ચારે વાયુ વાય છે?" ભગવાને ઉત્તર આપ્યો કે—"હે ગૌતમ! હા, જ્યારે પૂર્વ દિશામાં એ ચારે વાયુ વાય છે ત્યારે પશ્ચિમ દિશામાં પણ એ ચારે વાયુ વાય છે અને જ્યારે પશ્ચિમ દિશામાં એ ચારે વાયુ વાય છે ત્યારે પૂર્વ દિશામાં પણ એ ચારે વાયુ વાય છે." આ રીતે સર્વ દિશા અને વિદિશા સંબંધી પ્રશ્ન અને તેના ઉત્તર એક સરખા જ સમજી લેવા. આ પ્રમાણે શ્રી ભગવતી સૂત્રના પાંચમા શતકના બીજા ઉદ્દેશામાં કહ્યું છે.

શ્રી ભગવતી સૂત્રના પાઠથી આ પ્રમાણે શંકા થાય છે કે—"સૂત્રમાં કહેલી રીત પ્રમાણે તો આખા જંબૂદ્વીપમાં સર્વ (ચારે) વાયુનું સરખાપણું જ થયું અને તેના સરખાપણાથી વૃષ્ટિ પણ સરખી જ થશે અને વૃષ્ટિ સરખી થવાથી સર્વ વર્ષો પણ એક સરખાં જ થશે. તેથી આ પ્રત્યક્ષ વિરોધ જ આવે છે." આ શંકાનું સમાધાન કરતાં કહે છે કે—આવી શંકા કરવી યોગ્ય નથી. કેમકે તે જ સૂત્રમાં વાયુ વાવામાં ત્રણ ભેદ કહેલા છે, તે આ પ્રમાણે—શ્રીગૌતમ ગણધરે પ્રશ્ન

કર્યો કે—"હે ભગવાન્! ઈષત્પુરોવાયુ વગેરે ચારે વાયુ ક્યારે વાય છે?" ભગવાને ઉત્તર આપ્યો કે—"હે ગૌતમ! જ્યારે વાયુકાય પોતાની સ્વાભાવિક ગતિ કરે છે ત્યારે તે ઇષત્પુરોવાયુ વગેરે ચારે વાયુ વાય છે. ૧. પ્રશ્ન—"હે ભગવાન્! ઇષત્પુરોવાયુ વગેરે ચારે વાયુ ક્યારે વાય છે?" ઉત્તર—"હે ગૌતમ! જ્યારે વાયુકાય ઉત્તર વૈક્રિય કરે છે ત્યારે તે ચારે વાયુ વાય છે." ૨. પ્રશ્ન—"હે ભગવાન્! તે ચારે વાયુ કયારે વાય છે?" ઉત્તર—"હે ગૌતમ! જ્યારે વાયુકુમાર દેવો અથવા વાયુકુમારિકા દેવીઓ પોતાને માટે કે બીજાને માટે કે તે બન્નેને માટે વાયુકાયને ઉદેરે-પ્રેરણા કરે છે ત્યારે તે ચારે વાયુ વાય છે. ૩."

આ પ્રમાણે વાયુના વિશેષને લીધે વૃષ્ટિ અને અવૃષ્ટિનો વિશેષ હોવાથી શુભાશુભ વગેરેના યોગ વડે વિચિત્ર વાયુ વાવાથી વર્ષને વિષે વિચિત્રતા થાય છે.

વળી શ્રીસ્થાનાંગ સૂત્રમાં ત્રણ પ્રકારનો વાયુ કહ્યો છે—પહેલો વાપક, બીજો સ્થાપક અને ત્રીજો જ્ઞાપક. અહીં ત્રાજવાની દાંડીના ન્યાયને અનુસારે મધ્યનો સંગ્રહ કરી આદિ અને અંત એ બે વાયુ ગ્રહણ કરવા યોગ્ય છે. તેમાં પહેલો વાપક નામનો વાયુ વાદળાં વગેરેને ઉત્પન્ન કરનાર છે. બીજો સ્થાપક નામનો વાયુ તે વાદળાંને સ્થિર કરે છે એટલે વિનાશ કરતો નથી. ત્રીજો જ્ઞાપક નામનો વાયુ છે તે થનારી વૃષ્ટિને પહેલેથી જ જણાવે છે. પહેલો વાપક વાયુ બે પ્રકારનો છે. તેમાં પહેલો એ કે વર્ષાકાળમાં વાદળાં ઉત્પન્ન કરીને

તત્કાળ વૃષ્ટિ કરે છે અને બીજો પ્રકાર એ કે શીત કાળમાં વાદળાં ઉત્પન્ન કરીને ઘણા કાળે વૃષ્ટિ કરે છે.

સામાન્યથી વાયુચક્ર

પૂર્વ કે ઉત્તર દિશાનો વાયુ હોય તો તે શીઘ્ર વૃષ્ટિ કરે છે, દક્ષિણ દિશાનો વાયુ હોય તો તે વૃષ્ટિનો વિનાશ કરે છે અને પશ્ચિમનો વાયુ હોય તો તે વિલંબે વૃષ્ટિ કરે છે, અગ્નિ ખુણાનો વાયુ હોય તો વિગ્રહ, અગ્નિનો ભય અને વૃષ્ટિની અટકાયત થાય છે, નૈર્ઋત્ય ખુણાનો વાયુ જ્યાં સુધી વાતો હોય ત્યાં સુધી સખ્ત તાપ પડે છે, વાયવ્ય ખુણાનો વાયુ હોય તો પવન સહિત વૃષ્ટિ થાય છે, તેથી લોકો પીડા પામે છે, માંકડ વગેરે નાના જીવની વૃદ્ધિ થાય છે તથા શલભ, ઉંદર, તીડ વગેરે ઈતિઓ ઉત્પન્ન થાય છે. ઇશાન ખુણાનો વાયુ વાય તો જગતનું હિત થાય છે, જળની વૃષ્ટિ થાય છે અને લોકમાં આનંદ પ્રવર્તે છે. આ પ્રમાણે સામાન્ય રીતે વાયુચક્ર કહેલું છે.

રૂદ્રદેવે પણ પોતાની રચેલી મેઘમાળામાં આ પ્રમાણે કહ્યું છે કે-" હે સુંદરી ! આ વાયુની ધારણા તત્ત્વથી તું સાંભળ. પૂર્વ દિશાનો વાયુ હોય તો સુકાળ થાય છે, તેમાં કાંઈ પણ સંશય નથી. હે ગિરિજાત્મજા (પાર્વતી)! અગ્નિ ખુણાનો વાયુ હોય તો ખંડવૃષ્ટિ એટલે કોઇ કોઈ ઠેકાણે વૃષ્ટિ થાય છે. દક્ષિણ દિશાનો વાયુ હોય તો શલભ, ઉંદર વગેરે ઈતિઓ ઉત્પન્ન થાય છે, નૈર્ઋત્ય ખુણાનો વાયુ હોય તો કુળની વૃદ્ધિ થાય છે, પશ્ચિમ દિશાનો વાયુ હોય તો મનોહર ધાન્ય ઉત્પન્ન થાય છે, વાયવ્ય ખુણાનો વાયુ હોય તો સખ્ત તાપ

પડે છે, ઉત્તર દિશાનો વાયુ હોય તો તે શુભકારક જાણવો અને ઇશાન ખુણાનો વાયુ હોય તો સર્વ સંપત્તિ પ્રાપ્ત થાય છે.”

હેમંત ઋતુમાં દક્ષિણ દિશાનો વાયુ અને શિશિર ઋતુમાં નૈઋર્ત્ય ખુણાનો વાયુ શુભકારક છે. વસંત અને શરદ ઋતુમાં પશ્ચિમ દિશાનો વાયુ હોય તો તે શ્રેષ્ઠ અને ફળદાયક છે. શરદ ઋતુમાં પૂર્વ દિશાનો વાયુ હોય તો તે ફળનો નાશ કરે છે, વસંતઋતુમાં ઉત્તર દિશાનો વાયુ હોય તો તે ફળ અને પુષ્પનો નાશ કરે છે, અગ્નિ ખૂણાનો વાયુ કોઇ પણ વખત (સર્વ ઋતુમાં) ઇષ્ટ નથી અને ઈશાન ખુણાનો વાયુ સર્વ ઋતુમાં શુભ છે, નૈઋર્ત્ય ખુણાનો વાયુ હોય તો તે વિગ્રહ, રોગ, દુકાળ અને ભયને કરે છે. ઝંઝા વાયુ વિના બીજો કોઈ પણ પૂર્વાદિક દિશાનો વાયુ સ્પષ્ટપણે વાતો ન હોય તો વૃષ્ટિ સ્થિર થાય છે. મુખ્યપણાએ કરીને શ્રાવણ માસમાં પૂર્વ દિશાનો વાયુ, ભાદ્રપદ માસમાં ઉત્તર દિશાનો વાયુ અને બાકીના શેષ દશ માસમાં પશ્ચિમ દિશાનો વાયુ હોય તો તે અત્યંત વૃષ્ટિ કરે છે.

ચૈત્ર માસના વાયુનો વિચાર

ચૈત્ર વદ બીજને દિવસે સર્વ દિશામાં વાયુ ભમતો હોય અને વરસાદ ન હોય તો ભાદરવા માસમાં ઘણી વૃષ્ટિ થાય. ચૈત્ર વદ ત્રીજને દિવસે પૂર્વ કે ઉત્તર દિશાનો વાયુ ચાલતો હોય તો લોકમાં સુકાળ થાય અને ઘણું જળ પડે. ચૈત્ર વદ ચોથને દિવસે વૃષ્ટિ સહિત વાયુ ચાલતો હોય તો સુકાળ થાય. ચૈત્ર વદ પાંચમને દિવસે પણ તે જ ફળ જાણવું. ચૈત્ર માસના કૃષ્ણપક્ષમાં બીજથી પાંચમ સુધીના ચાર દિવસોમાં વૃષ્ટિ સહિત જો પૂર્વ દિશાનો

વાયુ ચાલતો હોય તો તે શુભ નથી. પરંતુ શુકલપક્ષમાં પૂર્વ કે ઉત્તરનો વાયુ ચાલતો હોય તો તે અત્યંત શુભ છે. ચૈત્ર શુદ પાંચમને દિવસે દક્ષિણ કે પૂર્વ દિશાનો વાયુ ચાલતો હોય અને સાથે વરસાદ પણ હોય તો તે વર્ષમાં[1] ધાન્યનું ત્રણગણું મૂલ્ય થાય છે અર્થાત્ ધાન્ય ઘણું મોઘું થાય. આ પ્રમાણે ઘણા રૂપવાળો અને દક્ષિણ દિશાના વાયુ વડે યુકત આ આખો ચૈત્ર માસ વીજળી યુકત હોય તો વૃષ્ટિના ગર્ભને હિતકારક છે. ચૈત્ર માસમાં મૂળ નક્ષત્રથી પ્રારંભી ભરણી નક્ષત્ર સુધી અનુક્રમે જોવું. તેમાં જ્યાં સુધી દક્ષિણ દિશાનો વાયુ ચાલતો હોય ત્યાં સુધી ચોમાસામાં તેટલી વૃષ્ટિ થાય છે.

વૈશાખ માસના વાયુનો વિચાર

વૈશાખ માસમાં શુકલ કે કૃષ્ણ પક્ષની આઠમ કે ચૌદશને દિવસે દક્ષિણ દિશાનો વાયુ ચાલતો હોય તો મેઘનો મોટો ઉદય થાય. વૈશાખ શુદ ત્રીજને દિવસે ચિહ્નો વડે વાયુનો નિશ્ચય કરવો. તેમાં જો પૂર્વ કે ઉત્તર દિશાનો વાયુ હોય તો ઘણો વરસાદ વરસે, દક્ષિણ દિશાનો કે નૈઋત્ય ખુણાનો વાયુ હોય તો વૃષ્ટિનો રોધ કરે, પશ્ચિમ દિશાનો વાયુ હોય તો વૃષ્ટિ બાધક થાય અને ધાન્યનો રોધ કરે. વૈશાખ શુદ ચોથને દિવસે સંધ્યા સમયે ઉત્તર દિશાનો વાયુ હોય તો સુકાળ થાય છે. શુદ પાંચમને દિવસે પૂર્વ દિશાનો વાયુ ચાલતો હોય તો ધાન્ય મોંઘું થાય. તે દિવસે સૂર્યના ઉદય અને અસ્ત સમયે જો પૂર્વ દિશાનો વાયુ ચાલતો હોય તો ઘણા ધાન્યનો સંગ્રહ કરવો, તેથી ઘણો લાભ થાય છે. એ જ પ્રમાણે વૈશાખ શુદ દશમને

૧ 'ભાદરવા માસમાં' એવો પણ પાઠ છે.

દિવસે વાયુ વાતો હોય તો પણ ધાન્યનો સંગ્રહ કરવો તથા વૈશાખ શુદ પુનમને દિવસે દશોને આશ્રી વાયુનો સારી રીતે વિચાર કરવો, તે આ પ્રમાણે—જો પ્રાતઃકાળે પહેલી ચાર ઘડીને મધ્યે પૂર્વ દિશાનો વાયુ હોય તો આર્દ્રા નક્ષત્રનો સૂર્ય થાય ત્યારે પહેલે દિવસે મેઘનો મોટો ઉદય થાય. બીજી ચાર ઘડીમાં જો પૂર્વ દિશાનો વાયુ હોય તો આર્દ્રા નક્ષત્રનો સમાગમ થાય તેને બીજે દિવસે મેઘનો ઉદય જાણવો. એ જ પ્રમાણે ચાર ચાર ઘડીની સંખ્યાએ કરીને આર્દ્રા નક્ષત્રના સર્વ દિવસો જેમ સંભવે તેમ વૃષ્ટિવાળા જાણવા, અને વિપરીત હોય તો વૃષ્ટિ રહિત જાણવા. એ જ અનુક્રમે વૈશાખ શુદ પુનમથી આરંભી જ્યેષ્ઠ માસના કૃષ્ણ પક્ષની આઠમ સુધી એટલે નવ દિવસ સુધી ચાર ચાર ઘડીની ગણતરીએ પૂર્વ દિશાનો વાયુ ચાલતો હોય તો સૂર્યના સંયોગવાળા (પંદરીયા) આર્દ્રા વગેરે નવ નક્ષત્રોમાં તે તે દિવસે વૃષ્ટિ થાય એમ જાણવું. અને તેથી વિપરીત વાયુ ચાલતો હોય તો વૃષ્ટિ નહીં થાય એમ જાણવું. સૂર્ય અને ચંદ્રના યોગને વખતે જો પશ્ચિમ દિશાનો વાયુ ચાલે તો શરદઋતુમાં ધાન્યનું મહાફળ પ્રાપ્ત થાય છે. 'જો નવ માસ સુધી પૃથ્વીપર પૂર્વ દિશાનો વાયુ ચાલતો હોય તો સ્વાતિ નક્ષત્રમાં છીપને વિષે ઘણા મોતી પાકે, ધાન્ય ઘણું નીપજે અને લોકમાં મંગળ પ્રવર્તે છે.

જ્યેષ્ઠ માસના વાયુનો વિચાર

જો જ્યેષ્ઠ માસમાં સૂર્યનાં કિરણો અત્યંત તપે અને લૂસહિત પ્રચંડ વાયુ વાય તો મેઘનો ગર્ભ શુભકારક થાય. જ્યેષ્ઠ માસના કૃષ્ણપક્ષની આઠમ અને ચૌદશને દિવસે દક્ષિણ દિશાનો પવન વાય તો આગળ ઉપર વૃષ્ટિ સારી

થાય. જ્યેષ્ઠ માસની પાંચમને દિવસે દક્ષિણ દિશાનો વાયુ વાય તો તલ, તેલ અને ઘીનો સંગ્રહ કરવો, તેને આશ્વિન મહિને વેચવાથી લાભ થાય છે. તે વિષે મેઘમાળા નામના ગ્રંથમાં કહ્યું છે કે—"જ્યેષ્ઠ માસની શુક્લ પંચમીને દિવસે જો ગર્જારવ સંભળાય, દક્ષિણ દિશાનો વાયુ વાય અને વાદળાં વડે આકાશ આચ્છાદિત થાય તો ધાન્ય, તલ અને તેલનો સંગ્રહ કરવો. અનુક્રમે ચાર માસે તેનો બમણો ત્રણ ગુણો લાભ થાય છે. જેઠ શુદિ આઠમથી ચાર દિવસ વાયુ ધારણાના છે. એ ચાર દિવસમાં મૃદુ (કોમળ સ્પર્શવાળો) વાયુ, શુભ (પૂર્વ, ઉત્તર કે ઇશાનનો) વાયુ વાય અને સ્થિર એટલે કે ગતિ વગરનાં વાદળાં થાય તો ધારણા શુભ થાય છે. આથી વર્ષ સારું થાય છે. આ જ દિવસોમાં સ્વાતિ વગેરે ચાર નક્ષત્રોમાં વરસાદ થાય તો ધારણા પરિશ્રુત (નિષ્ફળ) જાય છે. આથી શ્રાવણ વગેરે ચાર મહિનામાં વરસાદ નથી થતો. આઠમ વગેરે ચારે દિવસ ઉપર કહ્યા પ્રમાણે એક સરખા નીકળે તો સુકાળ થાય અને સુખકારક થાય. જો એકસરખા ન નીકળે તો વર્ષ સારું ન થાય તેમજ ચોર તથા અગ્નિનો ઉપદ્રવ થાય. જ્યેષ્ઠ માસની શુક્લ એકાદશીને દિવસે સારી રીતે પૂજા કરી ધૂપ, દીપ વગેરે વડે સુશોભિત ઉત્તમ મંડળ કરી એક અતિ મોટા લાંબા દંડ (વાંસ) માં મોટી ધજા બાંધી તેને ઉંચે સ્થાને ઉભી કરવી. એ પ્રમાણે યત્નપૂર્વક કરી કાળનો નિર્ણય કરવો. તેમાં જો ચાર દિવસ સુધી એક ઉત્તર દિશાનો જ વાયુ ચાલે તો ત્રણ ચાર માસ સુધી અવશ્ય વરસાદ વરસે. જો તેથી વિપરીત વાયુ ચાલે અથવા તેવાં બીજાં વિપરીત ચિહ્નો થાય તો પૃથ્વી પર વર્ષા-

ઋતુનો વરસાદ તેવા પ્રકારનો વરસે, તે આ પ્રમાણે–પ્રથમ ચાર દિવસ સુધી પશ્ચિમ દિશાનો વાયુ વાય તો અનાવૃષ્ટિ, દુકાળ અને મહા દુઃખ થાય. જો ઉત્તર દિશાનો વાયુ ચારે દિશામાં વ્યાપી જાય તો પૃથ્વી પર ચોમાસાના ચારે માસ સારો વરસાદ થાય. તેથી વિપરીત વાયુ હોય અથવા તે ચારે દિશાને વ્યાપી જાય તો તે રવિના માર્ગથી ભ્રષ્ટ થયો છે, એમ તેનું લક્ષણ જાણવું. તે વખતે શીત કાળે વૃષ્ટિ થાય છે અને વર્ષાઋતુમાં વૃષ્ટિ થતી નથી. જો તે બન્નેનું વિપરીતપણું થાય તો વર્ષા ઋતુમાં વરસાદ થાય એમ કહેલું. જો વાયવ્ય, પશ્ચિમ અને નૈઋર્ત્યનો વાયુ અનુક્રમે ચાલે તો અષાઢ અને શ્રાવણ એ બે માસમાં ઉત્તમ વૃષ્ટિ થાય. જો પૂર્વ, ઇશાન અને અગ્નિ ખૂણામાં વાયુ અનુક્રમે ચાલે તો ભાદ્રપદ અને આશ્વિન માસની આદિ તથા અંતમાં ઉત્તમ વૃષ્ટિ થાય. જો જયેષ્ઠ માસની અમાવાસ્યા અને પૂર્ણિમાના દિવસે રાત્રિ પર્યંત વાદળાંથી આકાશ વ્યાપ્ત થાય અને પશ્ચિમ દિશાનો વાયુ વાય તો અનાવૃષ્ટિ થાય. ભાગ્યયોગે કોઇ કોઇ ઠેકાણે વૃષ્ટિ થાય તથા શ્રાવણ, અષાઢ, ભાદ્રપદ અને આશ્વિન માસ વૃષ્ટિ વિના જ પૂર્ણ થાય.

અષાઢ શુદ પાંચમને દિવસે જો પશ્ચિમ દિશાનો વાયુ વાય, મેઘની ગર્જના સહિત વૃષ્ટિ થાય અને ઈંદ્ર-ધનુષ દેખાય, તો ધાન્યનો સંગ્રહ કરવો. કાર્તિક માસમાં ધાન્ય મોંઘું થવાથી લાભ થશે. ઋષિનું વચન અસત્ય થતું નથી.

અષાઢ માસના વાયુનો વિચાર

જો અષાઢ શુદિ બીજને દિવસે વરસાદ ન વરસે અને વાદળાં હોય તો અવશ્ય શ્રાવણ માસમાં વરસાદ વરસે. અષાઢ શુદ

ત્રીજને દિવસે પૂર્વ દિશાનો વાયુ હોય અને પૂર્વ દિશામાં વાદળાં જતાં હોય તો ભાદરવા માસમાં મેઘ પુષ્કળ જળ વરસે છે. અષાઢ શુદ ચોથને દિવસે દક્ષિણ દિશાનો વાયુ હોય અને વાદળાં પૂર્વ દિશામાં જતાં હોય તો આશ્વિન માસમાં અવશ્ય વૃષ્ટિ થાય છે. વૃષ્ટિના આ ચારે દિવસોમાં પૂર્વ કે ઉત્તર દિશાનો વાયુ હોય તો વરસાદ ઘણો થાય અને સુકાળ થાય, અન્યથા દુકાળ પડે. બારશ, પડવો, પૂર્ણિમા અને અમાવાસ્યાને દિવસે જો મોટો વાયુ વાય, વરસાદ થાય અને વાદળાંથી આકાશ ઢંકાઇ જાય તો મેઘનો મોટો ઉદય થાય.

અષાઢની પૂર્ણિમાના વાયુનો વિચાર

અષાઢ માસની પૂર્ણિમાની સાઠ ઘડીઓમાંથી બારે માસનો નિર્ણય થાય છે. તેથી સાઠને બારે ભાગ દેતાં પાંચ આવે છે. એ પાંચ પાંચ ઘડીનો એક એક માસ ગણવો. એ રીતે સાઠ ઘડીએ કરીને બારે માસનો નિર્ણય કરવો તે આ પ્રમાણે—આખી રાત્રિ વાદળાં રહે અને પૂર્વ કે ઉત્તર દિશાનો વાયુ વાતો હોય તો તે વર્ષે ઘણું ધાન્ય પાકે અને પૃથ્વી પર મંગળ પ્રવર્તે. જો લેશ માત્ર વાયુ અને વાદળાં હોય તથા પૂર્વ અને ઉત્તરનો વાયુ ન હોય તો તે વર્ષે વૃષ્ટિ થાય નહીં અને ભયંકર દુકાળ પડે. જે માસના વિભાગમાં થોડાં વાદળાં થાય અને મધ્યમ વાયુ વાય તો તે માસમાં અલ્પ વૃષ્ટિ થાય એમ જાણવું. જે માસના વિભાગમાં આકાશ નિર્મળ દેખાય તે માસમાં વૃષ્ટિની હાની અને ગર્ભપાત થાય એમ જાણવું. જે માસના વિભાગની પાંચ ઘડીને વિષે વાદળાં થાય અને પૂર્વ કે ઉત્તર દિશાનો

વાયુ વાય તો તે માસમાં વૃષ્ટિ સારી થાય છે. એમ સર્વનો નિર્ણય કરવો. અષાઢની પૂર્ણિમાના દિવસે કે રાત્રિએ પણ સર્વ દિશાનો વાયુ વાતો હોય અને વાદળાં થયાં હોય, તે કદાચ વરસતાં ન હોય તો પણ આવી પૂર્ણિમા સુખકારક છે. જો અષાઢ પૂર્ણિમાના પહેલા પહોરે વાદળાં થાય અને પૂર્વ કે ઉત્તરનો વાયુ હોય તો પહેલાં માસમાં પૃથ્વી પર ઈચ્છાથી પણ અધિક વૃષ્ટિ થાય. જો આષાઢ પૂર્ણિમાનો ક્ષય હોય તો અવશ્ય ધાન્યની પ્રાપ્તિ થાય જ નહીં. અહીં પૂર્ણિમાએ ગ્રહણ હોય અથવા વૃક્ષપાત વગેરે ઉપદ્રવ થાય તો તે પૂર્ણિમા ક્ષયવાળી કહેવાય છે. આષાઢ માસની પૂર્ણિમાની પહેલી પાંચ ઘડી આષાઢ માસ જાણવો, બીજી પાંચ ઘડી શ્રાવણ, ત્રીજી પાંચ ઘડી ભાદ્રપદ અને ચોથી પાંચ ઘડી આશ્વિન માસ જાણવો. તેમાં જે માસની પાંચ ઘડીમાં વાદળાં હોય અને પૂર્વ કે ઉત્તરનો વાયુ સ્પષ્ટપણે ચલતો હોય તે માસમાં સારી વૃષ્ટિ થાય. છે. શુભ વાયુ વડે પણ શુભ વૃષ્ટિ થાય છે. પોષ વગેરે માસમાં ઉત્પન્ન થયેલા ગર્ભો જે જે માસમાં દગ્ધ–નષ્ટ થાય અને તે તે માસની પાંચ ઘડીઓમાં રાત્રે ચંદ્ર અતિ નિર્મળ રહે તો પોષ વગેરે માસમાં ઉત્પન્ન થયેલા ગર્ભને વિષે અવશ્ય ઉત્પાત થવાનો સંભવ છે. તેથી કરીને વૃષ્ટ જાણવા માટે આષાઢની પૂર્ણિમા રાત દિવસ જોવી જોઇએ. જો આષાઢ પૂર્ણિમાનાં રાત્રિ દિવસ, વાદળાં અને શુભ વાયુ વડે યુક્ત હોય તો બુદ્ધિમાન પુરૂષે શીત કાળમાં પણ વૃષ્ટિના ગર્ભ શુભ જાણવા. વિદ્વાન પુરૂષે વર્ષના જ્ઞાન માટે આ એક જ દિવસ જોવા લાયક છે. તે દિવસે જો આઠે પહોર સુધી વાદળાં અને શુભ વાયુ રહે તો સારું વર્ષ થાય છે.

આષાઢ પૂર્ણિમાની રાત્રિએ જો ચંદ્ર નિર્મળ હોય અથવા પરિવેષ[1] સહિત હોય તો જગતનો ઉદ્ધાર કરવા ઇંદ્ર પણ શકિતમાન થતો નથી. અમાવાસ્યાથી સોળમે દિવસે એટલે પૂર્ણિમાને દિવસે સૂર્ય અસ્ત થાય તે વખતે આ લક્ષણનો વિચાર કરવો. તેનાથી શુભાશુભ વર્ષનું જ્ઞાન થાય છે. તે આ પ્રમાણે : આષાઢ પૂર્ણિમાના સૂર્યાસ્ત સમયે જો પૂર્વ દિશાનો વાયુ વાય તો પૃથ્વી પર સર્વ પ્રકારનાં ધાન્ય નીપજે છે. અગ્નિ ખૂણાનો વાયુ વાય તો લોકો રોગના ઉપદ્રવથી અસ્થિ-શેષ રહે છે એટલે લોકમાં રોગનો મોટો ઉપદ્રવ થાય છે. દક્ષિણ દિશાનો પવન હોય તો રાજાઓ વચ્ચે પરસ્પર યુદ્ધ થાય છે. નૈઋર્ત્ય ખૂણાનો પવન હોય તો પૃથ્વી જળ રહિત થાય, તેથી ધાન્યનો સંગ્રહ કરવો યોગ્ય છે. પશ્ચિમ દિશાનો વાયુ હોય તો ધાન્યની ઉત્પત્તિને માટે મોટી વૃષ્ટિ થાય છે. વાયવ્ય ખૂણાનો પવન હોય તો માકડ, તીડ, મચ્છર વગેરે ઇતિઓ થાય છે. ઉત્તર દિશાનો પવન હોય તો લોકો ગીત અને મંગળ વડે પૂર્ણ થાય છે. તથા ઇશાન ખૂણાનો પવન હોય તો ધાન્ય સોંઘું થાય છે. આષાઢ માસમાં મેઘની ગર્જના થાય અને ઉત્તર દિશાનો વાયુ ચાલતો હોય તો દશમે દિવસે મેઘનો ઉદય થાય. આષાઢ પૂર્ણિમાના જો અર્ધ પહોરમાં વાદળાં ન હોય અને પૂર્વ કે ઉત્તરનો પવન હોય તો તે માસમાં અવશ્ય વૃષ્ટિ થાય છે. આષાઢ પૂર્ણિમાને દિવસે પૂર્વ કે ઉત્તર દિશાનો વાયુ ન હોય, વાદળાં ન હોય અને વરસાદ પણ ન હોય તો લોકોને દુઃખદાયક દુકાળ થાય છે એમ જાણવું.

---

૧ જળનું કુંડાળું

માર્ગશીર્ષ માસમાં વાયુનો વિચાર

માર્ગશીર્ષની શુકલ પક્ષની અષ્ટમીને દિવસે પૂર્વ દિશાનો વાયુ હોય તો સુકાળ થાય છે અને માર્ગશીર્ષ માસમાં બીજી દિશાનો પવન હોય તો આવતા વર્ષમાં દુકાળ પડે છે.

પોષ માસમાં વાયુનો વિચાર

પોષ માસના કૃષ્ણપક્ષની એકાદશીને દિવસે જો દક્ષિણ દિશાનો પવન હોય તથા વાદળાં સહિત વીજળી હોય તો આવતા વર્ષમાં દુકાળ પડે છે. પોષ શુકલ પંચમીને દિવસે હિમયુકત વાયુ ચાલતો હોય તો તે વખતે બંધાયેલો ગર્ભનો પિંડ આવતા વર્ષને હિતકારક થાય છે. પંચમીને દિવસે થોડા આકાશમાં પણ વાદળાં હોય તથા વીજળી અને વરસાદ સહિત શીતળ વાયુ વાતો હોય તો અવશ્ય ગર્ભનો ઉદય થાય છે.

માઘ માસમાં વાયુનો વિચાર

માઘ માસની શુકલ પ્રતિપદાને દિવસે વાદળાં સહિત વાયુ હોય તો પૃથ્વી પર તેલ વગેરે સર્વ સુગંધી વસ્તુ મોંઘી થાય છે. માઘ શુકલ પંચમીને દિવસે વૃષ્ટિ સહિત ઉત્તર દિશાનો પવન હોય તો ભાદ્રપદ માસમાં વૃષ્ટિ થાય નહીં અને ધાન્ય મોંઘું થાય. માઘ શુકલ સપ્તમીને દિવસે પશ્ચિમ દિશામાં વીજળી અને વાદળાં સહિત રાત્રિ દિવસ પૂર્વ કે ઉત્તર દિશાનો વાયુ ચાલતો હોય તો સુકાળ થાય છે. માઘ કૃષ્ણપક્ષની નવમી, દશમી અને એકાદશીને દિવસે વાયુ સહિત વીજળી ચમકે તો ઘણી વૃષ્ટિ થાય છે. અમાવાસ્યાને દિવસે રાત્રિ દિવસ વૃષ્ટિ સહિત

શીતળ વાયુ વાય તો ભાદ્રપદ માસની પૂર્ણિમાએ મેઘનો મોટો ઉદય થાય છે.

ફાલ્ગુન માસમાં વાયુનો વિચાર

ફાલ્ગુન માસમાં અતિ તીક્ષ્ણ વાયુ વાય અને વૃક્ષોનાં પાંદડાં પાડી નાખે તથા ચૈત્ર માસમાં ધીમે ધીમે દક્ષિણ દિશાનો વાયુ વાય તો તે મેઘના ગર્ભને હિતકારક છે.

ફાલ્ગુન શુકલ પૂર્ણિમાને દિવસે હુતાશની પ્રગટાવવાને સમયે જો પૂર્વ દિશાનો વાયુ હોય તો ઘણી વૃષ્ટિ થાય છે, ઉત્તર દિશાનો પવન હોય તો ધાન્ય ઘણું નીપજે છે, દક્ષિણ દિશાનો પવન હોય તો દુકાળ થાય છે, પશ્ચિમ દિશાનો પવન હોય તો વર્ષ મધ્યમ થાય છે, ઉંચો વાયુ ચાલે તો તે ભયંકર છે અને ચારે દિશાનો મહાવાયુ હોય તો રાજાઓ વચ્ચે યુદ્ધ અને પ્રજાનો ક્ષય થાય છે.

શ્રી હીરવિજયસૂરિએ રચેલી મેઘમાળામાં કહ્યું છે કે—"રજના ઉત્સવમાં એટલે હુતાશનીને દિવસે ઉત્તર દિશાનો વાયુ ચાલતો હોય તો ધાન્યની પ્રાપ્તિ ઘણી થાય છે, પૂર્વ દિશાનો વાયુ ચાલતો હોય તો ઘણો વરસાદ થાય છે, પશ્ચિમ દિશાનો વાયુ ચાલતો હોય તો કોઈ કોઈ ઠેકાણે વૃષ્ટિ થાય છે, દક્ષિણ દિશાનો વાયુ ચાલતો હોય તો દુકાળ પડે અને જો ચારે દિશાનો વાયુ ચાલતો હોય તો લોકમાં ઉપદ્રવ થાય, રાજાઓ વચ્ચે યુદ્ધ થાય અને લોકનો ક્ષય થાય." વળી અન્ય સ્થળે કહ્યું છે કે—"પૂર્વ દિશાનો વાયુ ચાલતો હોય તો તીડ, શુક, માકડ અને ઉંદર વગેરેનો ઉપદ્રવ થાય છે, અને પશ્ચિમ દિશાનો વાયુ ચાલતો હોય તો પૃથ્વી પર જુવારની ઉત્પત્તિ થાય.

ચૈત્ર માસના શુક્લપક્ષની ચતુર્થી અને પંચમીને દિવસે પ્રથમ કાંઇક શુભ વૃષ્ટિ થાય અને પછી

ચૈત્ર માસમાં વાયુનો વિચાર

અનુક્રમે ઉત્તર દિશાનો પવન ચાલે, તથા આકાશ વાદળાં વડે આચ્છાદિત થાય, આવાં લક્ષણ જોવામાં આવે તો ઘઉંનો સંગ્રહ કરવો, તેથી શ્રાવણ માસમાં ત્રણગણો લાભ થશે.

આ પ્રમાણે જ્ઞાપક એટલે શુભાશુભ ફળને જણાવનાર વાયુ સંક્ષેપે કરીને કહ્યો. આથી વિશેષ હકીકત વિદ્વાનોએ બીજા ગ્રંથોથી જાણવી. આ જ્ઞાપક વાયુ વૃષ્ટિને ઉત્પન્ન કરનાર છતાં પણ કોઇ વખત જઘન્ય ગર્ભ વડે તત્કાળ વૃષ્ટિ કરવાથી સ્થાપક નામનો વાયુ પણ થઇ શકે છે. તે વિષે શ્રી ભગવતી સૂત્રમાં બીજા શતકના પાંચમા ઉદ્દેશકમાં કહ્યું છે કે—"હે ભગવન ! જળના ગર્ભની સ્થિતિ કેટલા સમયની હોય છે ? ઉત્તર–હે ગૌતમ ! જઘન્યથી એક સમયની અને ઉત્કૃષ્ટથી છ માસની સ્થિતિ હોય છે." જળનો ગર્ભ એટલે કાળાંતરે જળની વૃષ્ટિનું કારણ પુદ્ગળોનો પરિણામ. તેની જઘન્ય સ્થિતિ એક સમય પછી વર્ષી શકે છે તેથી એક સમયની છે. અને છ માસે પણ વર્ષી શકે છે, તેથી તેની ઉત્કૃષ્ટ સ્થિતિ છ માસની કહી છે. આ પ્રમાણે પ્રથમ કહેલા સસ્નેહ વાયુ અને પથ્ય એટલે વનસ્પત્યાદિકને હિત કરનારા વાયુનું સવિસ્તર વર્ણન કર્યું.

આ પ્રમાણે વૃષ્ટિના ગર્ભને ઉત્પન્ન કરનાર કેટલાક વાયુ વાદળાં અને વૃષ્ટિ કરીને સારા વર્ષની પ્રાપ્તિનું કારણ થાય છે. અહીં શ્રી જિનેશ્વરના આગમને વિષે પ્રસિદ્ધ એવો આ

વાયુ નામનો બીજો અધિકાર મેઘની શ્રેણિના ઉદયને માટે ઉચિતપણે કહ્યો છે.

ઇતિ શ્રી મહોપાધ્યાય શ્રી મેઘવિજયજીગણિ રચિત
શ્રી મેઘમહોદય અથવા વર્ષપ્રબોધ ગ્રંથનો
દ્વિતીય વાતાધિકાર સંપૂર્ણ

૩ દેવાધિકાર–

જેમ રસની સંપદા વડે મેઘ ઉદય પામે છે, તેમ જ્ઞાનાદિક લક્ષ્મીવાળા અને મહેંદ્રોએ પૂજેલા શ્રી ઋષભદેવ પ્રભુ તથા નરેંદ્ર, નાગેંદ્ર અને અસુરેંદ્રોએ સાનિદ્ધ્ય કરવાથી મોટા તેજ વડે વિલાસ પામતા શ્રી વામા રાણીના પુત્ર શ્રી પાર્શ્વનાથ પ્રભુ નિરંતર અભ્યુદયને પામો.

વાદળાં વગેરેનો પરિણામ પ્રયોગથી અથવા સ્વભાવથી એમ બે પ્રકારે થઇ શકે છે, એમ આગમને વિષે શ્રી મહાવીરસ્વામીએ પોતે જ કહ્યું છે. વરસાદનું પ્રથમ કારણ મેઘકુમાર વગેરે દેવો છે અને બીજું કારણ સ્વભાવ જ છે. તેમાં સ્વાભાવિક કારણ છતાં પણ કોઇ દેવતાની વિરાધના થઇ હોય તો તે દેવતા પણ તે વરસાદને રૂંધી શકે છે. તેથી જો કદાચ વરસાદ ન થાય તો સર્વ દેવોની પૂજા કરવી યોગ્ય છે. તેમાં પણ ઇંદ્ર, વરૂણ, નાગકુમાર, ભૂત અને ગુહ્યક (યક્ષ) એ દેવોની પૂજા વિશેષ કરીને કરવી યોગ્ય છે. તે વિષે શ્રી ભગવતી સૂત્રમાં ત્રીજા શતકમાં સાતમા ઉદ્દેશકમાં કહ્યું છે કે– " આ દેવો શક્ર, દેવેંદ્ર, દેવરાજ વરૂણ નામના મહારાજાની આજ્ઞામાં, વચનમાં અને આદેશમાં રહેલા છે. તે દેવો આ છે—વરૂણકાયિક, વરૂણદેવકાયિક, નાગકુમારો, નાગકુમારિકાઓ, ઉદધિકુમારો, ઉદધિકુમારિકાઓ, સ્તનિતકુમારો, સ્તનિતકુમારિકાઓ, અને તે સિવાય બીજા પણ એવા પ્રકારના સર્વ દેવતાઓ તે વરૂણ દેવેંદ્રની ભક્તિવાળા, તેના પક્ષમાં રહેનારા

અને તેના તાબામાં રહેવાવાળા છે તથા તે સર્વ દેવો શક્ર, દેવેંદ્ર અને દેવરાજ એવા વરૂણ નામના મહારાજાની આજ્ઞામાં, ઉપપાતમાં, વચનમાં અને નિર્દેશમાં રહેવાવાળા છે. જંબૂદ્વીપ નામના દ્વીપને વિષે મેરૂ પર્વતની દક્ષિણ બાજુએ આટલી બાબતો ઉત્પન્ન થાય છે—અતિવૃષ્ટિ, મંદ-વૃષ્ટિ, સુવૃષ્ટિ, દુર્વૃષ્ટિ, ઉદકોદ્ભેદ (પર્વતાદિકમાંથી જળની ઉત્પત્તિ), ઉદકોત્પીલ (તળાવ વગેરેમાં જળનો સમૂહ), અપ્ર-વાહ (જળનો થોડો પ્રવાહ), પ્રવાહ (જળનો મોટો પ્રવાહ), ગામને તાણી જાય તેવો પ્રવાહ, યાવત્ દેશને તાણી જાય તેવો પ્રવાહ, પ્રાણનો ક્ષય, લોકનો ક્ષય, ધનનો ક્ષય, વ્ય-સનભૂત, અનાર્ય (પાપરૂપ) તથા એવી પ્રકારની બીજી સર્વ બાબતો શક્ર, દેવેંદ્ર, દેવરાજ વરૂણ મહારાજાના અજાણપણામાં નથી, નહીં જોયેલા નથી, નહીં સાંભળેલા નથી, તથા અવિ-જ્ઞાત નથી. અર્થાત્ એ સર્વ વરૂણકાયિક દેવોથી અજ્ઞાત નથી."

અહીં કોઈને શંકા થાય કે—આ રીતે તો આ દેવો વૃષ્ટિને જાણનારા જ કહ્યા; પરંતુ વૃષ્ટિને કરનારા કહ્યા નથી, તેથી તેમની આરાધના કરવાનું શું ફળ? ઉત્તર— દેવ, અસુર અને નાગકુમાર વૃષ્ટિને કરનારા છે એમ આગમમાં સાક્ષાત્ સંભળાય છે. તે વિષે શ્રી ભગવતી સૂત્રના છઠ્ઠા શતકમાં પાંચમા ઉદ્દેશકમાં કહ્યું છે કે—"હે ભગવાન! મોટી વૃષ્ટિને શું દેવ કરે છે? કે અસુરકુમાર કરે છે? કે નાગકુમાર કરે છે? ઉત્તર—હે ગૌતમ! દેવ પણ વષ્ટિ કરે છે, અસુરકુમાર પણ કરે છે અને નાગકુમાર પણ વૃષ્ટિ કરે છે." એ જ પ્રમાણે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં મેઘકુમાર વગેરે નાગકુમારોએ વૃષ્ટિ કરી છે, જ્ઞાતાસૂત્રમાં સૌધર્મ દેવે વૃષ્ટિ કરી છે,

રાજપ્રશ્નીય, ઉપાંગમાં સમવસરણની રચના વખતે દેવોએ વૃષ્ટિ કરી છે, એમ કહ્યું છે. ભગવાન શ્રી વર્ધમાન સ્વામીએ તલનો સ્તંભ નીપજવાનો કહ્યો હતો, તે સિદ્ધ કરવા માટે પાસે રહેલા વ્યંતરોએ વૃષ્ટિ[1] કરી હતી, એમ પાંચમા અંગમાં પણ કહ્યું છે. તથા ઉત્તરાધ્યયનના હરિકેશીય નામના અધ્યયનમાં કહ્યું છે કે—"દેવોએ સુગંધી જળની, પુષ્પની અને વસુધારાની વૃષ્ટિ કરી, તથા આકાશમાં દુંદુભિનો નાદ કરી અહો દાન! અહો દાન! એવી ઉદ્ઘોષણા કરી. "અહીં દેવાદિકે વૃષ્ટિ કરી છે, તેના ઉપલક્ષણથી યોગ, લબ્ધિ અને તપસ્યાના પ્રભાવથી પણ વષ્ટિ થઈ શકે છે તે સર્વ પ્રયોગજન્ય વૃષ્ટિ જાણવી. આ બાબતની પ્રતીતિને માટે શ્રીમદ્ ભાગવત પુરાણના પાંચમા સ્કંધના

૧ છદ્મસ્થ અવસ્થામાં રહેલા ભગવાન શ્રી વર્ધમાનસ્વામી એકદા માર્ગમાં વિચરતા હતા, તે વખતે શિષ્ય તરીકે સાથે રહેલા ગોશાળકે માર્ગમાં તલનો એક છોડ જોઇ ભગવાનને પૂછયું કે—"આ તલનો છોડ ઉગશે કે નહીં?" ત્યારે ભગવાનની સેવા કરવા માટે પાસે રહેલા સિદ્ધાર્થ વ્યંતરે ભગવાનના શરીરમાં પ્રવેશ કરી જવાબ આપ્યો કે 'હા, એ છોડ ઉગશે.' તે સાંભળી ગોશાળકે ભગવાનનું વચન મિથ્યા કરવા માટે તે તલનો છોડ ત્યાંથી ઉખેડી નાંખ્યો. પછી ભગવાનની સાથે ગોશાળક આગળ ચાલ્યો. તેવામાં ત્યાં એક ગાય નીકળી તેનો પગ તે છોડ ઉપર આવ્યો તેથી તે છોડ ભૂમિમાં પેસી ગયો, ત્યારપછી પાસે રહેલા વ્યંતર દેવોએ તેના પર જળની વૃષ્ટિ કરી, તેથી તે તલનો છોડ ઉગ્યો. કેટલેક સમયે ભગવાન શ્રી વર્ધમાનસ્વામી ફરીથી તે જ માર્ગે વિહાર કરતા નીકળ્યા. તે વખતે તે ઉગેલો તલનો છોડ જોઇ ગોળાશકે એકાંતપણે નિયતિભાવને ગ્રહણ કર્યો, ઇત્યાદિ.

ચોથા અધ્યાયમાં કહ્યું છે કે—"ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીની સાથે સ્પર્ધા કરવાથી ઇંદ્રે તેમના દેશમાં વૃષ્ટિ થવા ન દીધી. તે જાણી ભગવાન શ્રી ઋષભદેવ સ્વામી યોગના ઈશ્વર હોવાથી તેમણે કાંઈક હસીને પોતાના યોગબળથી વૃષ્ટિ કરીને પોતાનું અજનાભ એવું નામ યથાર્થ કર્યું." આ પ્રમાણે લોકોત્તર અને લૌકિક શાસ્ત્રમાં કહ્યા છતાં કેટલાક મૂઢ લોકો કહે છે કે-"દેવો શું કરી શકે છે? યોગ અને મંત્રાદિકના પ્રભાવથી શું થઈ શકે? સર્વ પોતાના કર્મનું જ ફળ છે." ઇત્યાદિ શાસ્ત્રવિરૂદ્ધ વચનને પ્રમાણરૂપ ગણવું નહીં. ઇત્યલં વિસ્તરેણ.

હે સમ્યગ્દૃષ્ટિ જનો! આવા નાસ્તિક મતનો ત્યાગ કરી તથા આસ્તિક મતનો સ્વીકાર કરી દેવતાનું આરાધન કરવા યત્ન કરવો. રેવતી નક્ષત્ર પર સૂર્ય આવવાથી વસંત ઋતુનો ઉદય થાય છે, તે વખતે મોટા ઉત્સવપૂર્વક પુણ્યના પાત્રરૂપ જિનબિંબનું સ્નાત્ર કરવું ઉચિત છે. વાજિંત્રના નિર્ઘોષ પૂર્વક અને સ્ત્રીઓનાં ગીત નૃત્યાદિક સહિત જિનેશ્વરની સત્તર પ્રકારી પૂજા કરવી. તે સાથે દશ દિક્પાળની પૂજા અને નવગ્રહની પૂજા કરી લોકો સહિત વાજતે ગાજતે જળયાત્રા અને રાત્રિ જાગરણ કરવું. જેટલા દિવસ આકાશમાં સૂર્ય રેવતી નક્ષત્રને ભોગવે છે, તેટલા દિવસ સુધી હમેશાં જિનેશ્વરની પૂજા કરવાથી પૃથ્વી પર વૃષ્ટિનું પોષણ થાય છે. વૃષ્ટિનો શેષ થયો હોય તો પણ દેવને સંતુષ્ટ કરવા માટે નૈવેદ્ય પૂજા પૂર્વક આ જ રીત કરવી, અને છેલ્લે દિવસે ભૂતોને બલિબાકુલ દેવા. એક જિનેશ્વરની જ પૂજા કરવાથી પૃથ્વી પર રહેલાં સર્વ દેવોની પૂજા કરી કહેવાય છે, કેમકે

ભગવાનની શકિત સર્વ દેવોમાં રહેલી છે. કદાચ વિવેચનની બુદ્ધિથી કોઇ વૈષ્ણવ મતવાળો કે શિવધર્મના મતવાળો પુરૂષ જિનેશ્વરની પૂજા ન કરે તો તેણે પોતપોતાના દેવની પૂજા કરવી. તેમાં વૈષ્ણવ મતવાળા પુરૂષે જળની શય્યામાં રહેલી (જળશાયી) વિષ્ણુની પ્રતિમાની પૂજા કરવી, શિવધર્મી પુરૂષે ગંગા વડે યુકત પાણીના ઘડાવાળી શિવમૂર્તિની પૂજા કરવી. યવન લોકે મસ્જીદની પૂજા કરવી. અને બીજા ધર્મીઓએ વૃષ્ટિની પુષ્ટિ માટે પશ્ચિમ દિશામાં જળાશય ઉપર જઇ પોતપોતાના ઇષ્ટદેવની પૂજા કરવી. ભકિતથી વિધિપૂર્વક પૂજા કરી નૈવેદ્ય ધરી સૂર્યની સન્મુખ તડકે ઉભા રહી પોતપોતાના ગુરૂએ કહેલા મંત્રનો જાપ કરવો. ક્ષુદ્ર દેવની તુષ્ટિ માટે ક્ષુદ્ર જનો જીવહિંસા કરે છે, તેથી પણ કોઇક વખત દેવની અનુકૂળતાને લીધે વૃષ્ટિ થાય પણ ખરી; પરંતુ તે જીવહિંસા સત્પુરૂષોને માનવા લાયક નથી. તેથી તે માર્ગ આદરવા લાયક પણ નથી. કારણ કે વૃષ્ટિના નાયક તો દેવેંદ્ર વગેરે પવિત્ર દેવો જ છે. તેઓ હિંસાથી સંતુષ્ટ થતા નથી; પરંતુ પૂજા, વિવિધ પ્રકારના નૈવેદ્ય, ધૂપ, ગંધ, સ્તોત્ર અને જાપવડે જ પ્રસન્ન થાય છે. જેઓ ખેતી વગેરે કાર્યમાં તત્પર હોવાથી દેવની પૂજા અને મંત્રનો જપ વગેરેને સમજતા જ નથી, તેઓએ પણ તડકે બેસીને ત્રણ ઉપવાસનું વ્રત કરવું. ડાહ્યા પુરૂષોએ ચાર પ્રકારની વિદ્યુત્કુમારીઓને સંતુષ્ટ કરવા માટે માઘ માસની કૃષ્ણ પ્રતિપદાને દિવસે બે હજાર જાપ કરવા. તથા માઘ માસની શુકલ ચતુર્થીને દિવસે નાગકુમાર, ઉદધિકુમાર, સ્તનિતકુમાર અને ભવનપતિ દેવોની જાપ કર્મવડે આરાધના કરવી. તેમાં તે દરેક દેવ અને દેવીને ઉદ્દેશી

બબ્બે હજાર જાપ કરવા. તેનો મંત્ર આ પ્રમાણે "ॐ ह्रीं नमो क्ष्मल्व्र्यूं मेघकुमाराणां, ॐ ह्रीं श्रीं नमो क्ष्म्ल्व्र्यूं मेघकुमारिकाणां वृष्टिं कुरु कुरु संवौषट् स्वाहा, ॐ ह्रूँ मेघकुमार आगच्छ आगच्छ स्वाहा ॥" આ પ્રમાણે વૃષ્ટિને માટે સર્વ દેવોનાં નામ ફેરવી [1] ફેરવીને તેમનો જાપ કરવો. જાપથી સર્વ દેવો તૃપ્ત થઇ વૃષ્ટિ કરનારા થાય છે. બુદ્ધિમાન પુરૂષે ગ્રામદેવતા, હિંસક દેવતા, નાગ દેવતા, ભૂત દેવતા, ગુહ્યક (યક્ષ) વગેરે દેવતા તથા ભગવતી વગેરે દેવીઓની આશાતના કદાપી કરવી નહીં, કેમકે સમ્યગ્-દૃષ્ટિ જનોને પણ જિનેશ્વરની પૂજા કર્યા પછી કાર્યોત્સર્ગે રહીને ક્ષેત્રદેવતા અને ભવનદેવતાનું સ્મરણ કરવાનું છે એમ કહ્યું છે.

હવે આ દેવાધિકારમાં દેવયંત્રનો ઉદ્ધાર કરે છે.

પ્રથમ સ્વસ્તિકને આકારે નવ કોઠાવાળો યંત્ર કરવો. પછી મધ્યના કોઠામાં બ્રહ્મરૂપ ऐं નામનું વાગ્બીજ લખી તેની ફરતાં 'नमो अरिहंताणं' એ અક્ષરો લખવા. પછી દક્ષિણ તરફના કોઠામાં મહેશ્વરરૂપ ह्मौं નામની શિવશકિત બીજ લખી તેની નીચે 'अमला' એ ઇંદ્રાણીનું નામ લખવું. પછી નૈઋર્ત્ય તરફના કોઠામાં 'अच्छरा' એ નામ લખવું. પછી પશ્ચિમ તરફના કોઠામાં 'शूचिमेघा' એ નામ લખવું. પછી વાયવ્ય તરફના કોઠામાં 'नवमिका' એ નામ લખવું. પછી ઉત્તર

૧ नागकुमाराणां, उदधिकुमाराणां વગેરે નામ ફેરવવાં.

તરફના કોઠામાં 'क्रौं' એ વિષ્ણુ બીજ લખી તેની નીચે 'रोहिणी' એ નામ લખવું. પછી ઈશાન તરફના કોઠામાં 'शिवा' એ નામ લખવું. પછી પૂર્વ તરફના કોઠામાં 'पद्मा' એ નામ લખવું અને પછી અગ્નિ તરફના કોઠામાં 'अंजू' એ નામ લખવું. આ આઠે ઇંદ્રની અગ્ર મહિષીઓનાં નામ છે. ત્યારપછી સ્વસ્તિકના પૂર્વ ભાગે 'नमो सिद्धाणं' દક્ષિણ ભાગે 'नमो आयरिआणं' પશ્ચિમ તરફ 'नमो उवज्झायाणं' અને ઉત્તર તરફ 'नमो लोए सव्वसाहूणं' આ ચાર પદો લખવાં. ત્યારપછી સ્વસ્તિકના આંતરાને વિષે અગ્નિ ખૂણામાં આંવર્ત ૧, નૈર્ઋત્ય ખૂણામાં વ્યાવર્ત ૨, વાયવ્ય ખૂણામાં નંદ્યાવર્ત ૩, અને ઈશાન ખૂણામાં મહાનંદ્યાવર્ત ૪, આ ચાર વસ્તુ આળેખી તેની ઉપર અગ્નિ ખૂણામાં 'चित्रकनकायै नमः' ૧, નૈઋત્ય ખૂણામાં 'शतह्रदायै नमः' ૨, વાયવ્ય ખૂણામાં 'सौदामिन्यै नमः' ૩, અને ઈશાન ખૂણામાં 'चित्रायै नमः' ૪, આ ચાર વિદ્યુત્કુમારિકાની મહત્તરાઓનાં નામ લખવાં.

ત્યારપછી સ્વસ્તિકના પૂર્વ વલયના કોઠામાં 'सोमाय नमः' લખી તેની આગળ 'अ आ अं अः' એ ચાર અક્ષર લખવા, અને બીજા વલયના કોઠામાં દ્રોણ આળેખી તેની ઉપરના કોઠામાં 'औं' એ અક્ષર લખવો. પછી દક્ષિણ તરફના વલયમાં 'यमाय नमः' લખી તેની આગળ 'इ ई उ ऊ' એ ચાર અક્ષર લખવા, અને બીજા વલયના કોઠામાં આવર્ત આળેખી તેની ઉપરના કોઠામાં 'क्रों' એ અક્ષર લખવો.

ત્યારપછી પશ્ચિમ તરફના વલયમાં 'वरुणाय नमः' લખી તેની આગળ ' ऋ ॠ ऌ ॡ ' એ ચાર અક્ષરો લખવા અને બીજા વલયમાં પુષ્કરાવર્ત્ત આળેખી તેની ઉપરના કોઠામાં 'ह्रौं' એ અક્ષર લખવો. ત્યારપછી ઉત્તર તરફના વલનકમાં ' धनदाय नमः ' લખી તેની આગળ ' ए ऐ ओ औ ' એ ચાર અક્ષર લખવા અને બીજા વલનકમાં સંવર્ત આળેખી તેની ઉપરના કોઠામાં 'क्षौं' એ અક્ષર લખવો. ત્યારપછી સ્વસ્તિકની પૂર્વ દિશામાં ॐ ह्रीं नमो भगवओ पासनाहस्स धरणिंदपूइअस्स तस्स भत्तीएओं ह्रीं मेघकुमार आगच्छ आगच्छ स्वाहा' એમ લખવું. સ્વસ્તિકની નીચે ॐ ह्रीं नमो वासुदेवाय क्षीरसागरशायिने शेषनागासनाय इन्द्रानुजाय अत्र आगच्छ आगच्छ जलवृष्टिं कुरू कुरु स्वाहा ' આ પ્રમાણે લખી સ્વસ્તિકને પૂર્ણ કરી તેની રેખાના આંતરામાં ॐ ह्रीं नमो ह्रल्व्यूं मेघकुमाराणां ॐ ह्रीं श्रीं नमो क्ष्म्ल्व्र्यूं मेघकुमारिकाणां महावृष्टिं कुरु कुरु संवौषट् सव्वे णागकुमारा सव्वे णागकुमारीओ उदहिकुमारा उदहिकुमारीओ थणीयकुमारा थणीयकुमारीओ महावुट्ठिकरा भवंतु ' એમ લખવું.

ત્યારપછી બીજા વલયમાં પૂર્વાદિક ચાર દિશામાં गोथुभ १, शिव २, शंख ३ અને मनशिल ४ એ નામના ચાર નાગેંદ્રોને સ્થાપવા, તથા ઈશાન, અગ્નિ, નૈઋર્ત્ય અને વાયવ્ય એ ચાર વિદિશામાં અનુક્રમે 'कर्कोटक १, कर्दमक

૨, कैलास ३ અને अरुणप्रभ ૪ એ ચાર નામ સ્થાપન કરવાં. પછી ચાર દિશામાં જળબીજની માતૃકા સ્થાપન કરવી.

ત્રીજા વલયમાં ॐ ह्रीँ श्रीँ नमो भगवते महेन्द्राय मेघवाहनाय ऐरावतस्वामिने वज्रायुधाय अत्र आगच्छ आगच्छ वृष्टिं कुरु कुरु स्वाहा ’ એમ પૂર્વ દિશામાં લખવું. દક્ષિણ દિશામાં—ॐ नमो भगवते श्रीसहस्रकिरणाय वरुणदेवाय मकरवाहनाय गभस्तिअर्यमरूपेण अत्र आगच्छ आगच्छ वृष्टिं कुरु कुरु स्वाहा ’ એમ લખવું. પશ્ચિમ દિશામાં—ॐ ह्रीँ नमो भगवते वरुणदेवाय जलस्वामिने मकरासनाय रोहिणीमदनाचित्राश्यामासहिताय मेघनादाय अत्र आगच्छ आगच्छ महाजलवृष्टिं कुरु कुरु स्वाहा ’ એમ લખવું. તથા ઉત્તર દિશામાં ॐ ह्रीँ नमो भगवते चन्द्राय अमृतवर्षिणे सर्वौषधिनाथाय कर्कचारिणे अत्र आगच्छ आगच्छ महारसवृष्टिं कुरु कुरु स्वाहा ’ એમ લખવું.

ચોથા વલયમાં ‘ औँ ह्रीँ नमो धरणिंदस्स कालवाल-कोलवाल-सेलवाल-संसवालप्पमुहा सव्वे णागकुमारा णागकुमारीओ इह आगच्छंतु महाजलवुट्ठिं कुणंतु ’ આ પ્રમાણે દક્ષિણ દિશાથી આરંભીને પશ્ચિમ દિશાના અંત સુધી લખવું. ત્યારપછી औँ ह्रीँ नमो भूयाणंदस्स कालवाल-कोलवाल-संखवाल- सेलवालप्पमुहा सव्वे णागकुमारा णागकुमारोओ इह आगच्छंतु महाजलवुट्ठिं कुणंतु ’ એ પ્રમાણે ઉત્તર દિશાથી આરંભીને પૂર્વ દિશાના અંત સુધી લખવું.

પાંચમા વલયમાં 'ॐ ह्रीँ नमो जलकंतमहिंदस्स जल जलतर–जलकंत–जलप्पहाईआ उदहिकुमारा उदहिकुमारीओ य इह आगच्छंतु० ' ઇત્યાદિક પૂર્વની જેમ દક્ષિણ દિશાથી આરંભીને પશ્ચિમ દિશાના અંત સુધી લખવું. પછી 'ॐ ह्रीँ नमो जलप्पहिंदस्स जल–जलतर–जलप्पह–जलकंताईया उदहिकुमारा उदहिकुमारीओ य० ' ઇત્યાદિક પ્રથમની જેમ ઉત્તર દિશાથી આરંભીને પૂર્વ દિશાના અંત સુધી લખવું.

છઠ્ઠા વલયમાં 'ॐ ह्रीँ नमो घोसमहिंदस्स आवत्त-वियावत्त-नंदियावत्त–महानंदियावत्तप्पमुहा सव्वे थणियकुमारा थणियकुमारीओ य इहागच्छंतु महामेहवुट्ठिं कुणंतु ' એ પ્રમાણે દક્ષિણ દિશાથી આરંભીને પશ્ચિમ દિશાના અંત સુધી લખવું. તથા ॐ ह्रीँ नमो महाघोसमहिंदस्स आवत्त-वियावत्त–महानंदियावत्त–नंदियावत्तप्पमुहा थणियकुमारा थणियकुमारीओ य इहागच्छंतु महामेहवुट्ठिं कुणंतु स्वाहा' એ પ્રમાણે ઉત્તર દિશાથી આરંભીને પૂર્વ દિશાના અંત સુધી લખવું.

અહીં ચોથા, પાંચમા અને છઠ્ઠા એ ત્રણ વલય જો જગ્યા હોય તો 'अला–सका–सतेरा–सोदामणी—इंदा–थण-विज्जुयाइया णागकुमारीओ उदहिकुमारीओ थणियकुमारीओ वा ' એ પ્રમાણે યોગ્ય સ્થાને લખવું.

ત્યાર પછી સાતમા વલયમાં 'ॐ ह्रीँ मेघंकरा मेघवती सुमेघा मेघमालिनी तोयधारा विचित्रा च वारिषेणा बला-

हिका इहागच्छन्तु ' એ પ્રમાણે પૂર્વ દિશામાં લખવું. પછી
ॐ ह्रीँ अलीता सोऽक्का सतहृदा सौदामिनी ऐन्द्री दनविद्य-
त्प्रमुखा विद्युत्कुमार्ये इहागच्छन्तु ' એ પ્રમાણે દક્ષિણ દિશામાં
લખવું. પછી ' ॐ ह्रीँ आब्भितरपरिसाए सट्ठिं सहस्सा
मज्झिमपरिसाए सत्तरिं सहस्सा बाहिरपरिसाए असीइं सहस्सा
नागकुमारा इहागच्छंतु ' એ પ્રમાણે પશ્ચિમ દિશામાં લખવું. પછી
ॐ ह्रीँ सव्वेणागोदहिथणियकुमारा सक्कस्स देविंदस्स देव-
रण्णो वरूणस्य महारण्णो आणाए महावुट्ठिकरा भवंतु '
એ પ્રમાણે ઉત્તર દિશામાં લખવું.

આ પ્રમાણે સાત વલયવાળો યંત્ર કરી તેની ચારે દિશાએ 'क्षिं' અને ચાર વિદિશામાં 'ल' એવા અક્ષર લખી તેને વજ્રના આકારવડે વેષ્ટિત કરવા. તથા પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર એ દિશાઓમાં અનુક્રમે ॐ ह्रीँ सर्वयक्षेभ्यो नमः १। ॐ ह्रीँ सर्वभूतेभ्यो नमः २। ॐ ह्रीँ पूर्णादिसर्वयक्षदेवीभ्यो नमः ३। ॐ ह्रीँ रूपावत्यादिसर्वभूतदेवीभ्यो नमः ४। એ પ્રમાણે લખવું.

આ યંત્રને થાળીમાં અથવા ભોજનપત્રમાં આળેખી તેને અધર આકાશમાં તડકે મૂકવો. તેની પાસે ધૂપ કરવો. પછી નીચે લખેલા ત્રણ શ્લોક બોલી એક મણકો (પારો) મૂકવો. એ રીતે એકસો ને આઠ વાર ત્રણે શ્લોક ગણવા.

"चउकसायपडिमल्लूल्लूरणु, दुज्जयमयणबाणमुसुमूरणू ।
सरसपियंगुवण्णु गयगामिउ, जयउ पासु भुवणत्तयसामिउ ॥१॥
जसु तणुकंतिकडप्पसिणिद्धउ, सोहइ फणिमणिकिरणालिद्धउ ।
नं नवजलहरतडिल्लयलंछिउ, सो जिणु पासु पयच्छउ वंछिउ ॥२॥
भित्त्वा पातालमूलं चलचलचलिते व्याललीलाकराले,
विद्युद्दण्डप्रचण्ड....सहितैः सद्भुजस्तर्जयन्ती ।
दैत्येन्द्रं क्रूरदंष्ट्रा कटकटघटिते स्पष्टभीमाट्टहासे,
माया जीमूतमाला कुहरितगगने रक्ष मां देवि पद्मे ॥ ३ ॥

અગરૂના ધૂપ પૂર્વક પ્રત્યેક મણકે આ ત્રણ શ્લોક ગણી એક સો આઠ વખત જાપ કરવો. મેઘકુમાર અધ્યયનનો સ્વાધ્યાય કરવો તથા તેનું જ વ્યાખ્યાન વાંચવું.

આ પ્રમાણે મેઘને આકર્ષણ કરનાર મોટો યંત્ર કહ્યો.

હવે મેઘ આકર્ષણ કરવાનો નાનો યંત્ર કહે છે–છ ખુણાવાળો યંત્ર કરવો. પછી દરેક ખુણામાં ' अल्ला सक्का सतेरा सोदामणी इंदा थणविज्जुया एताभ्यो नमः એ રીતે લખવું. તથા મધ્યમાં ' ओँ मल्लामल्ला मिल्लील्लाभमहासमुद्दवरमूल्ला आभगज्जइ विज्जइ पूरइ गाभघणा धन्नजलतिणरसडाभ १ ' એ પ્રમાણે લખવું. તથા ' ओँ क्रौं वरुणाय जलपतये मम :' આ મંત્ર લખવો. ષટ્કોણની ઉપર ' ओँ ह्रीँ मेघकुमार आगच्छ आगच्छ स्वाहा ' એ પ્રમાણે લખવું. ષટ્કોણની ચારે દિશામાં ' रोहिणीमदनाचित्राश्यामाभ्यो नमः ' એ પ્રમાણે લખવું. તેના પર માયાબીજ ત્રણ પ્રાકારે કરીને વેષ્ટિત અને છેડે

'क्रौं' અક્ષર લખવો. આ યંત્ર કંકુ વગેરે અષ્ટગંધ વડે આળેખી તડકે રાખવો. તેની આગળ આંબેલ વગેરે તપ કરી સૂર્યની સન્મુખ રહી નીચેની ગાથાને અથવા તો 'अंभोनिधौ क्षुभितभीषणनक्रचक्र०' એ ભક્તામરના શ્લોકને એક સો આઠ વાર ગણવાથી મેઘનું આકર્ષણ થાય છે.

तुह समरणजलवरिससित्त माणवमइमेइणि,
अवरावरसुहुमत्थबोहकंदलदलरेहणि ।
जायइ फलभरभरिय हरिय दुहदाहअणोवम,
इय मइमेइणिवारिवाह दिस पास मइं मम ॥ १ ॥

આ પ્રમાણે પુરૂષોની કળાઓને મધ્યે મેઘાકર્ષણ નામની કળા શ્રીઋષભદેવ સ્વામીએ બતાવી છે, તે આગમના શાસ્ત્રથી જાણી લેવી.

'ॐ ह्रीँ वायुकुमार आगच्छ आगच्छ स्वाहा' આ મંત્રનો જાપ કરવાથી મેઘનું સ્તંભન થાય છે. અથવા એ ઇંટ પર યંત્ર લખી પૃથ્વી પર મૂકવાથી મેઘનું સ્તંભન થાય છે.

મેઘનું આકર્ષણ અને વરસાવવું વગેરે કરનારી આ નિર્મળ વિદ્યા મેઘ મહોદયમાં પ્રીતિ રાખતા પાત્રરૂપ વિદ્યાર્થીને આપવા લાયક છે. દેવપરની શ્રદ્ધાથી તથા જાપાદિકની શકિતથી ઉત્પન્ન થયેલો આ ત્રીજો હેતુ પણ સિદ્ધ થાય છે. તથા શાસ્ત્ર સંબંધી પ્રસિદ્ધિના સ્થાનરૂપ આ હેતુ શુદ્ધ બુદ્ધિવાળા પુરૂષોને આનંદ આપનાર છે.

ઇતિ શ્રી મહોપાધ્યાય શ્રી મેઘવિજયજી ગણિ રચિત શ્રી મેઘમહોદય અથવા વર્ષ પ્રબોધ ગ્રંથનો તૃતીય દેવાધિકાર સંપૂર્ણ

૪ સંવત્સરાધિકાર—

ગંધહસ્તીની જેમ પુષ્કર[1] અને પદ્મ[2] વડે શોભતો સંવત્સર શ્રી ઋષભદેવ જિનેશ્વરની કૃપાથી પૃથ્વીનું ભરણ-પોષણ કરનાર મેઘની વૃષ્ટિ કરીને રસવાળી ધાન્યની વિધિને કરો.

દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ એ ત્રણ પ્રકારનું વૃષ્ટિનું કારણ કહ્યું. હવે ચોથું કારણ કાળ પણ છે, તેને કહે છે.

વર્ષનાં દ્વાર. શાલિવાહનનો શક, વિક્રમ સંવત્સર, ઉત્તરાયણ અને દક્ષિણાયનનો પહેલો દિવસ એટલે મકર અને કર્ક સંક્રાંતિનો પહેલો દિવસ, માસ, પક્ષ, દિવસ, અગસ્ત્યનો તારો, વર્ષનો રાજા, વર્ષનો મંત્રી, ધાન્યેશ, રસેશ, વર્ષનું જન્મલગ્ન, વાયુ, વીજળી સહિત વાદળાં, મેઘનો ગર્ભ, તિથિ, ગ્રહોનો સમૂહ, નક્ષત્ર, કર્પૂરચક્ર, સર્વતોભદ્રચક્ર, જળનો ઉદય કરનાર યોગો અને શકુન એ સર્વનો વિચાર કરીને વર્ષનું શુભાશુભ ફળ જાણવા યોગ્ય છે.

શાલિવાહનના શકને ત્રણે ગુણી તેમાં બે ઉમેરવા. પછી તેને ચારે ભાગવા, તેમાં જો બે કે ચાર શેષ રહે તો અલ્પવૃષ્ટિ થાય. અને એક કે ત્રણ શેષ રહે તો ઘણી વૃષ્ટિ થાય. રાશિનો સ્વામી અને વર્ષનો સ્વામી એ બન્નેના અષ્ટોત્તરી દશાના ધ્રુવાંક મેળવી ત્રણે ગુણવા. તેમાં પાંચ

---

૧ હસ્તી પક્ષે સુંઢ; સંવત્સર પક્ષે મેઘ.

૨ હસ્તી પક્ષે સુંઢમાં રાખેલું કમળ; સંવત્સર પક્ષે લક્ષ્મી.

ઉમેરવા. પછી પંદરે ભાગવા. જે શેષ રહે તે આય જાણવો. તથા ભાગમાં આવેલા અંકને ત્રણે ગુણી પાંચ ઉમેરી પંદરે ભાગ દેવો. જે શેષ રહે તે વ્યય જાણવો. આ પ્રમાણે વર્ષના આય અને વ્યય જાણવા. કોઈ માત્ર બાર રાશિના જ આય અને વ્યય કાઢે છે. તેમાં જો આય અધિક હોય તો સુકાળ થાય છે અને વ્યય અધિક હોય તો દુકાળ થાય છે. વર્ષનો આય અને ભાગમાં આવેલો અંક એ બન્નેને મેળવી ચારે ગુણવા. તેને બારે ભાગવા. જે શેષ રહે તે માસનો આય જાણવો. એ જ પ્રમાણે માસના આયને ત્રીશે ભાગવાથી દિવસનો આય થાય છે. આ આય અને વ્યયનો વિચાર સંક્રાંતિના દિવસથી થાય છે. વિક્રમનો સંવત્સર અને શાલિવાહનનો સંવત્સર એ બન્નેને મેળવી બમણા કરવા. તેને સાતે ભાગ દેવો. જે શેષ રહે તેને આશ્રી ફળ આ પ્રમાણે કહેવું.—એક કે છ શેષ રહે તો દુકાળ પડે, બે કે ચાર શેષ રહે તો સુકાળ જાણવો, ત્રણ કે પાંચ શેષ રહે તો મધ્યમ વર્ષ જાણવું. અને શૂન્ય શેષ રહે તો ભયંકર દુઃખ ઉત્પન્ન થાય એમ જાણવું. બીજો મત એ છે કે સંવત્સર અને શકને મેળવી ત્રણ ગુણા કરવા, તેમાં પાંચ ઉમેરી સાતે ભાગ દેવો. જે શેષ રહે તેને આશ્રી આ પ્રમાણે ફળ કહેવું—બે કે ચાર શેષ રહે તો સુકાળ થાય, ત્રણ કે પાંચ શેષ રહે તો દુકાળ થાય, શૂન્ય કે છ શેષ રહે તો ભયંકર દુઃખ થાય અને એક શેષ રહે તો મધ્યમ ફળ થાય. વળી બીજી રીત એ છે કે—શક સંવત્સરમાં જેટલા સેંકડા હોય તેને ત્રણે ગુણવા તથા સેંકડા ઉપર જેટલા વર્ષ હોય તેને પણ ત્રણે ગુણવા. તે બન્નેનો સરવાળો કરવો. તેમાં પાંચ ઉમેરી સાતે ભાગ

દેવો. જે શેષ રહે તેને આશ્રી ફળ કહેવું. અહીં પણ સંવત્સર શબ્દ વડે શક સંવત્સર લેવાનો છે. અષાઢ માસથી જે સંવત્સર ચાલે છે તે શક સંવત્સર કહેવાય છે. ઉદાહરણ. વિક્રમ સંવત્ ૧૯૮૭ ના વર્ષમાં આષાઢાદિ શક સંવત્સર ૧૫૫૨ છે. તેમાં ૧૫ સેંકડા છે તેને ત્રણે ગુણતાં ૪૫ થાય છે, ઉપરના ૫૨ (બાવન)ને પણ ત્રણે ગુણતાં ૧૫૬ થાય છે. તેમાં ૪૫ ઉમેરતાં ૨૦૧ થયા. તેમાં પાંચ ઉમેરવાથી ૨૦૬ થયા, તેને સાતે ભાગતાં શેષ ૩ રહે છે. તેથી વિક્રમ સંવત ૧૯૮૭ ના વર્ષમાં દુકાળ જાણવો.

આ બાબતમાં ઘણી જાતના પાઠાંતરો છે, તે આ પ્રમાણે. શક સંવત્સરને ત્રણે ગુણી સાતે ભાગવા. જે શેષ રહે તેને બમણા કરી તેમાં પાંચ ઉમેરવા. બીજી રીત એ છે કે—સંવત્સરને બમણા કરી તેમાંથી ત્રણ બાદ કરવા. પછી તેને સાતે ભાગવા. જે શેષ રહે તેનાથી વર્ષનું ફળ કહેવું. તેમાં જો એક કે ચાર શેષ રહે તો દુકાળ થાય, બે કે પાંચ શેષ રહે તો સુકાળ થાય, ત્રણ કે છ બાકી રહે તો મધ્યમ ફળ જાણવું, અને શૂન્ય શેષ રહે તો શૂન્ય ફળ કહેવું. કોઈ વિદ્વાન આ રીત વડે ઉષ્ણ ઋતુના ધાન્યનું જ્ઞાન થાય છે એમ કહે છે. ફરીથી એનો જ પાઠાંતર કહે છે—સંવત્સરના અંકને બમણા કરી તેમાંથી ત્રણ બાદ કરવા. પછી તેને નવે ભાગવા. જે શેષ રહે તેનાથી વર્ષનું શુભાશુભ ફળ જાણવું, તેમાં બે, ત્રણ કે ચાર શેષ રહે તો તે વર્ષમાં સુકાળ થાય. છ, એક કે શૂન્ય શેષ રહે તો વર્ષ મધ્યમ થાય તથા પાંચ, આઠ કે સાત શેષ રહે તો હીન વર્ષ થાય-દુકાળ પડે. બીજી રીત આ પ્રમાણે છે—સંવત્સરના અંકને ત્રણે ગુણી સાતે ભાગ

દેવો. જે શેષ રહે તેને પાંચે ગુણી ત્રણે ભાગવા. જે શેષ રહે તેનાથી શુભાશુભ ફળ કહેવું. તેમાં જો એક શેષ રહે તો સુકાળ થાય, બે શેષ રહે તો મધ્યમ વર્ષ થાય અને શૂન્ય શેષ રહે તો દુકાળ પડે. એમ તે વર્ષનું શુભાશુભ ફળ જાણવું.

રૂદ્રદેવ કહે છે કે-"સંવત્સરના અંક અનુક્રમે નીચે નીચે લખવા. પછી તેનો સરવાળો કરી તેમાં ૯૪ ભેળવવા. પછી તેને સાતે ભાગ દેવો. તેમાં એક કે ચાર શેષ રહે તો દુકાળ જાણુવો, બે કે પાંચ શેષ રહે તો સુકાળ જાણુવો, ત્રણ કે છ શેષ રહે તો મધ્યમ ફળ જાણુવું, અને શૂન્ય શેષ રહે તો શૂન્ય ફળ જાણુવું." વળી બીજી રીત એ છે જે-વિક્રમ રાજાના સંવત્સરના સેંકડા ઉપરની સંખ્યાના અંકને ત્રણ ગુણા કરી ભેળવવા. પછી તેમાં પાંચ ઉમેરવા. તેને સાતે ભાગ દેવો. જે શેષ રહે તેના પરથી આ પ્રમાણે શુભાશુભ ફળ કહેવું—જો બે, ત્રણ, પાંચ કે છ શેષ રહે તો ઉત્તમ સમય કહેવો, શૂન્ય શેષ રહે તો અધમ સમય કહેવો, અને એક કે ચાર શેષ રહે તો મધ્યમ સમય કહેવો. અહીં ઉપર જે પાંચ ભેળવવાના કહ્યા છે, તે પ્રમાણે પાંચ જ ભેળવવાથી સાત વર્ષે અવશ્ય શૂન્ય આવે. અને સાત સાત વર્ષે કાંઇ દુકાળ આવતો નથી, માટે પાંચ ભેળવવા એ શબ્દનો અર્થ એવો કરવો કે પાંચ મનુષ્યોએ કહેલા અંક ભેળવવા. આમ કરવાથી કાંઇ દોષ આવતો નથી એમ ઇષ્ટ પુરૂષનું વચન છે. વળી કોઇ કહે છે કે-સંવત્સરના અંકને બમણા કરી એક ભેળવી સાતે ભાગ દેવો. જે શેષ રહે તેનાથી વર્ષનું શુભાશુભ ફળ જાણુવું. ઉદાહરણુ—સંવત ૧૯૮૭ નું વર્ષ હોય, તો ૮૭ ને બમણા કરતાં ૧૭૪ થાય, તેમાં એક ભેળવતાં

૧૭૫ થાય. તેને સાતે ભાગ દેતાં શૂન્ય શેષ રહે છે. તેથી તે વર્ષે દુકાળ પડે એમ જાણવું. વળી બીજી રીત એ છે કે—સંવત્સરને બમણા કરી તેમાં ત્રણ ભેળવવા. તેને નવે ભાગ દેવો. જે શેષ રહે તેના પરથી આ પ્રમાણે શુભાશુભ ફળ કહેવું—જો એક, બે, ત્રણ કે ચાર શેષ રહે તો સુકાળ થાય, છ કે નવ રહે તો સમાન ફળ થાય અને પાંચ, સાત કે આઠ શેષ રહે તો દુકાળ થાય એમ જાણવું. અહીં સંવત્સર શબ્દે કરીને કોઈ વિક્રમનો સંવત્સર ગણે છે, તે યોગ્ય નથી. કેમકે સર્વત્ર જોશીઓએ શાલિવાહનનો શક જ ગણેલો છે. તેથી કોઇ પણ ઠેકાણે વિક્રમના સંવતનો ભ્રમ કરવો નહીં. અર્થાત્ શક સંવત્સરને ત્રણ ગુણા કરી તેને સાતે ભાગવા. જે શેષ રહે તેને બમણા કરી તેમાં પાંચ ભેળવવા. તો વરસાદ, ધાન્ય, તૃણ, શીત, તેજ, વાયુ, વૃદ્ધિ, ક્ષય અને વિગ્રહ થાય છે. તેનું ફળ આ પ્રમાણે—વર્ષના સર્વ વિંશોપકને ત્રણ ગુણા કરી તેમાંથી ત્રણ બાદ કરવા, પછી તેને સાતે ભાગવા, જે શેષ રહે તે પરથી વર્ષનું ફળ આ પ્રમાણે જાણવું—એક કે ચાર શેષ રહે તો દુકાળ થાય, બે કે પાંચ શેષ રહે તો સુકાળ થાય, ત્રણ કે છ શેષ રહે તો મધ્યમ વર્ષ થાય, અને શૂન્ય શેષ રહે તો અતિ ભયંકર ફળ થાય. ઇતિ શક સંવત્સર.

વિક્રમના સંવત્સરમાંથી ૧૩૫ બાદ કરવાથી શાલિવાહનનો શક સંવત્સર થાય છે. તેમાં ૨૧ નાંખી

સાઠ વર્ષનું ફળ સાઠે ભાગ દેવો. જે શેષ રહે તે પ્રભવ વગેરે વર્ષનું નામ જાણવું. બૃહસ્પતિના

મધ્યમ ભોગથી સાઠ વર્ષની પ્રવૃત્તિ થાય છે. સ્થૂલ મત વડે કરીને સંવત્સરની પ્રવૃત્તિ આ રીતે થાય છે—વારમાં ચાર,

તિથિમાં સાત અને ઘડીમાં બે ઉમેરવા. તેમ કરવાથી પૂર્વના વર્ષથી આવતા વર્ષનો નિર્ણય થાય છે. સાઠ સંવત્સરનાં નામ આ પ્રમાણે છે.—પ્રભવ ૧, વિભવ ૨, શુકલ ૩, પ્રમોદ ૪, પ્રજાપતિ ૫, અંગિરા ૬, શ્રીમુખ ૭, ભાવ ૮, યુવા ૯, ધાતા ૧૦, ઈશ્વર ૧૧, બહુધાન્ય ૧૨, પ્રમાથી ૧૩, વિક્રમ ૧૪, વૃષ ૧૫, ચિત્રભાનુ ૧૬, સુભાનુ ૧૭, તારણ ૧૮, પાર્થિવ ૧૯, વ્યય ૨૦, સર્વજિત્ ૨૧, સર્વધારી ૨૨, વિરોધી ૨૩, વિકૃતિ ૨૪, ખર ૨૫, નંદન ૨૬, વિજય ૨૭, જય ૨૮, મન્મથ ૨૯, દુર્મુખ ૩૦, હેમલંબ ૩૧, વિલંબ ૩૨, વિકારી ૩૩, શર્વરી ૩૪, પ્લવ ૩૫, શુભકૃત ૩૬, શોભન ૩૭, ક્રોધી ૩૮, વિશ્વાવસુ ૩૯, પરાભવ ૪૦, પ્લવંગ ૪૧, કીલક ૪૨, સૌમ્ય ૪૩, સાધારણ ૪૪, વિરોધકૃત્ ૪૫, પરિધાવી ૪૬, પ્રમાથી ૪૭, નંદ ૪૮, રાક્ષસ ૪૯, નલ ૫૦, પિંગલ ૫૧, કાલયુક્ત ૫૨, સિદ્ધાર્થ ૫૩, રૌદ્ર ૫૪, દુર્મતી ૫૫, દુંદુભિ ૫૬, રૂધિરોદ્ગારી ૫૭, રક્તાક્ષ ૫૮, ક્રોધન ૫૯ અને ક્ષય ૬૦. આ સંવત્સરોનાં જેવાં નામ છે તેવું તેનું શુભાશુભ ફળ જાણવું. માઘ માસમાં ધનિષ્ઠા નક્ષત્રના પહેલા અંશમાં બૃહસ્પતિ આવે ત્યારે પ્રભવ નામના સંવત્સરનો આરંભ થાય છે. રત્નમાળામાં પણ કહ્યું છે કે—"માઘ માસમાં ધનિષ્ઠા નક્ષત્રના પ્રથમ અંશ પર બૃહસ્પતિનો ઉદય થાય ત્યારે સમગ્ર મનુષ્યોના હિત માટે સાઠ વર્ષમાંના પહેલા પ્રભવ નામના વર્ષનો આરંભ થાય છે."

સિદ્ધાંતમાં આ પ્રમાણે કહ્યું છે કે—"હે ભગવાન્! સંવત્સર કેટલા છે? હે ગૌતમ! સંવત્સર પાંચ છે.–નક્ષત્ર સંવત્સર ૧, યુગ સંવત્સર ૨, પ્રમાણ સંવત્સર ૩, લક્ષણ સંવત્સર

૪ અને શનૈશ્ચર સંવત્સર ૫. **પ્રશ્ન**–હે ભગવાન્! નક્ષત્ર સંવત્સર કેટલા પ્રકારના છે? **ઉત્તર**—હે ગૌતમ! નક્ષત્ર સંવત્સર બાર છે.—શ્રાવણ ૧, ભાદ્રપદ ૨, આશ્વિન ૩, કાર્તિક ૪, માર્ગશિર્ષ ૫, પોષ ૬, માઘ ૭, ફાલ્ગુન ૮, ચૈત્ર ૯, વૈશાખ ૧૦, જ્યેષ્ઠ ૧૧ અને આષાઢ ૧૨. આ બાર માસનો એક નક્ષત્ર સંવત્સર થાય છે. તેના દિવસો ૩૨૭$\frac{૫૧}{૬૭}$ હોય છે. **પ્રશ્ન**-હે ભગવાન્! યુગ સંવત્સર કેટલા પ્રકારના કહ્યા છે? **ઉત્તર**–હે ગૌતમ! યુગ સંવત્સર પાંચ પ્રકારના કહ્યા છે–ચંદ્ર ૧, ચંદ્ર ૨, અભિવર્ધિત ૩, ચંદ્ર ૪ અને અભિવર્ધિત ૫. કૃષ્ણ પ્રતિપદાથી આરંભીને પૂર્ણિમા સુધી ૨૯$\frac{૩૨}{૬૨}$ દિવસના પ્રમાણવાળો એક ચંદ્ર માસ થાય છે. એવા બાર માસ મળી એક ચંદ્ર સંવત્સર થાય છે. તેના દિવસની સંખ્યા ૩૫૪$\frac{૧૨}{૬૨}$ છે. એ જ પ્રમાણે ૩૧$\frac{૧૨૧}{૧૨૪}$ દિવસનો એક અભિવર્ધિત માસ થાય છે. એવા બાર માસ મળી એક અભિવર્ધિત સંવત્સર થાય છે. આ પાંચ સંવત્સરનો એક યુગ કહેવાય છે. અભિવર્ધિત સંવત્સરમાં એક અધિક માસ આવે છે. **પ્રશ્ન**–હે ભગવાન્! પ્રમાણ સંવત્સરના કેટલા પ્રકાર છે? **ઉત્તર**—હે ગૌતમ! પ્રમાણ સંવત્સરના પાંચ પ્રકાર છે.—નક્ષત્ર, ચંદ્ર, ઋતુ, આદિત્ય અને અભિવર્ધિત. તેમાં નક્ષત્ર, ચંદ્ર અને અભિવર્ધિત સંવત્સરનાં લક્ષણ ઉપર કહી ગયા છે. તથા ત્રીશ રાત્રિદિવસનો એક ઋતુ માસ થાય છે. એવા બાર માસ મળીને એક ઋતુ સંવત્સર થાય છે. તેના દિવસ ૩૬૦ થાય છે. તથા ૩૦^{૧} દિવસનો એક સૂર્ય માસ થાય છે. એવા બાર માસ મળી એક સૂર્ય સંવત્સર થાય છે. તેના ૩૬૬ દિવસ થાય છે. **પ્રશ્ન**—હે ભગવાન્! લક્ષણ સંવત્સરના કેટલા પ્રકાર છે? **ઉત્તર**—હે

ગૌતમ ! જે સંવત્સરનાં નક્ષત્રાદિક લક્ષણ મુખ્ય હોય તે લક્ષણ સંવત્સર કહેવાય છે. તેના પાંચ પ્રકાર છે. જે જે તિથિમાં જે જે નક્ષત્ર આવવાનું કહ્યું છે, તે તે તિથિમાં તે તે નક્ષત્ર આવી જાય. જેમકે કાર્તિક પૂર્ણિમાને દિવસે કૃત્તિકા નક્ષત્ર આવે, માઘ માસની પૂર્ણિમાએ મઘા નક્ષત્ર આવે તથા ચૈત્ર માસની પૂર્ણિમાએ ચિત્રા નક્ષત્ર આવે ઇત્યાદિ. વિશેષ એ કે જ્યેઠ માસની પૂર્ણિમાએ મૂળ નક્ષત્ર, શ્રાવણ માસની પૂર્ણિમાએ ધનિષ્ઠા નક્ષત્ર અને માર્ગશીર્ષની પૂર્ણિમાએ આર્દ્રા નક્ષત્ર આવે છે. અને બાકીની પૂર્ણિમાએ પોતાના નામ સદૃશ નક્ષત્ર આવે છે. સમાન કાળે અનુક્રમે ઋતુનું પરાવર્તન થાય છે. એટલે કે કાર્તિક પૂર્ણિમાથી હેમંત ઋતુ શરૂ થાય છે, પોષની પૂર્ણિમાથી શિશિર ઋતુ શરૂ થાય છે. માઘ (ફાલ્ગુન) માસની પૂર્ણિમાથી વસંત ઋતુ શરૂ થાય ઇત્યાદિ સમાન કાળે રહે. જે વર્ષમાં અધિક ઉષ્ણતા ન હોય તથા અધિક શીત પણ ન હોય, પણ વૃષ્ટિ અધિક હોય, તે નક્ષત્ર સંવત્સર કહેવાય છે. ૧. જે વર્ષમાં પૂર્ણિમાનો ચંદ્ર પૂર્ણ કળાવાળો હોય, તથા નક્ષત્ર વિષમચારી હોય એટલે માસની પૂર્ણિમાના નામને તુલ્ય ન હોય, તેમ જ અધિક શીત, અધિક ઉષ્ણતા અને અધિક વૃષ્ટિ હોય, તે ચંદ્ર સંવત્સર કહેવાય છે. ૨. જે વર્ષમાં વૃક્ષ પર નવાં પાંદડાં આવ્યા વિના ઋતુનાં ફળ ફુલ આવી જાય તથા બરાબર વૃષ્ટિ ન થાય, તે કર્મસંવત્સર, ઋતુ સંવત્સર અને સાવન સંવત્સર કહેવાય છે. ૩. જે વર્ષમાં પૃથ્વી અને જળનો રસ મધુર અને સ્નિગ્ધ હોય, સમય પ્રમાણે વૃક્ષ પર ફળ, ફુલ વગેરે આવે અને થોડી વૃષ્ટિ છતાં પણ ઘણું ધાન્ય નીપજે વગેરે લક્ષણવાળો સંવત્સર આદિત્ય સંવત્સર કહે-

વાય છે. ૪. જે વર્ષમાં સૂર્યના તેજથી ક્ષણ, મુહૂર્ત અને શ્વાસોશ્વાસ પ્રમાણનો દિવસ અને બે માસનો ઋતુ એ સર્વ યથાર્થપણે રહે તથા પવન રજ વડે ખાડા પૂરી દે, તે અભિવર્ધિત સંવત્સર કહેવાય છે. ૫. આ પાંચ પ્રકારે લક્ષણ સંવત્સર કહ્યો. પ્રશ્ન–હે ભગવાન્! શનૈશ્વર સંવત્સરના કેટલા પ્રકાર છે? ઉત્તર–હે ગૌતમ! જેટલા સમયમાં શનૈશ્વર સંપૂર્ણ નક્ષત્ર મંડળને અથવા બારે રાશિને ત્રીશ વર્ષે ભોગવી લે, તે શનૈશ્વર સંવત્સર કહેવાય છે. તે શ્રવણાદિક અઠ્ઠાવીશ નક્ષત્રો હોવાથી અઠ્ઠાવીશ પ્રકારનો છે.–અભિજિત્, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષક, પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ, રેવતી, અશ્વિની, ભરણી, કૃત્તિકા, રોહિણી વગેરે ઉત્તરાષાઢા સુધી સર્વ નક્ષત્રો જાણવા. આ શનૈશ્વર સંવત્સર કહ્યો." આ પ્રમાણે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં તથા સ્થાનાંગ સૂત્રમાં કહ્યું છે.

એજ પ્રમાણે ગુરૂ પાંચ વાર, શનૈશ્વર બે વાર અને રાહુ તૃતીયાંશ સહિત ત્રણ વાર $૩\frac{૧}{૩}$ જેટલા સમયે[૧] ભગણમાં ભ્રમણ કરે તેટલા સમયમાં સાઠ વર્ષ પૂર્ણ થાય છે. અહીં 'ષષ્ટિ' એટલે 'સાઠ' એવો શબ્દ કહ્યો છે. તેથી શાસ્ત્રની રીત જોતાં કોઇ પણ ઠેકાણે વિદ્વાનોએ સો વર્ષનો મત કહ્યો નથી. સંવત્સરના નામની દ્વિપવિંશતિકાનો ફળાદેશ ગ્રહચારથી જાણી શકાય છે. [૨]વિષમ સંવત્સરમાં પ્રાયે દુકાળનો સંભવ રહે છે અને [૩]સમ સંવત્સરમાં પ્રાયે રાજાઓ વચ્ચે યુદ્ધ અને મહા મારી વગેરે વ્યાધિનો સંભવ રહે છે. સર્વતોભદ્ર ચક્રમાં ગુરૂ,

---

૧ નક્ષત્રનું મંડળ. ૨ એક, ત્રણ, પાંચ વિગેરે એકી. ૩ બે, ચાર, ૭ વિગેરે બેકી.

શનિ, રાહુ અને કેતુ એ વર્ષાધિપતિ કહેવાય છે. તેમની ગતિને અનુસારે સંવત્સરનું શુભાશુભ ફળ થાય છે. તેથી સંવત્સરના ફળને કહેનારા પ્રાચીન અને નવીન અનેક ગ્રંથોને જોઈ વિદ્વાને મેઘ મહોદય જાણવો.

આ ઉપર પ્રમાણને માટે રામવિનોદ નામનો ગ્રંથ લખીએ છીએ—

જે પોતે નિર્ગુણ (ગુણ[4] રહિત) છતાં ગુણમય[5] જગતને રચે છે, જે પોતે તપનરૂપ છતાં નિરંતર જગતના ત્રણ[6] પ્રકારના તાપને દૂર કરે છે, તથા જે પોતે કાળસ્વરૂપ છતાં જગતના પ્રાણીઓને જીવાડે છે, તે બ્રહ્માંડરૂપ સંપુટના મણિરૂપ [7]આકાશમણિની હું સ્તુતિ કરૂં છું. શ્રીરામદાસને આનંદ આપનાર, રામ નામના દૈવજ્ઞે રચેલા રામવિનોદ નામના ગણિત પ્રબંધને વિષે શ્રીસૂર્યના ભક્ત અકબર બાદશાહના શકમાં સૂર્ય સિદ્ધાંતને અનુસારે આ તિથિપત્ર જોવામાં આવે છે. (આ તિથિપત્રમાં જે શ્લોક લખેલો છે તેનો અર્થ બરાબર સમજાતો નથી તેથી તેને બદલે બીજો પ્રચલિત શ્લોક લખી તેની વ્યાખ્યા કરી છે તે આ પ્રમાણે.)

ઈષ્ટ શાલિવાહનના શકને બે સ્થાને જુદો જુદો લખવો. પછી એક સ્થાને બાવીશથી ગુણી તેમાં ૪૨૯૧ ઉમેરવા. તેને ૧૮૭૫ થી ભાગ દેવો. જે ભાગમાં આવે તેને બીજે સ્થાને લખેલા શક વર્ષમાં ઉમેરવા. પછી તેને ૬૦ ભાગ દેવો. જે શેષ રહે તે પ્રભવ વગેરે નામનું વર્ષ જાણવું. પ્રથમ જે શેષ

---

૪ સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણ. ૫ ત્રણે ગુણવાળા. ૬ આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક. ૭ સૂર્ય નારાયણ.

રહ્યા છે તેને બારે ગુણી તેને ૧૮૭૫ વડે ભાગાકાર કરવાથી મહિના નીકળે. અને તેમાં જે શેષ રહ્યા હોય તેને ૩૦ વડે ગુણાકાર કરી ૧૮૭૫ નો ભાગ દેવાથી દિવસ નીકળે છે.

અહીં દક્ષિણ દેશના વિદ્વાનો સૌરમાનથી સંવત્સરની પ્રવૃત્તિ માને છે. તે વિષે કહ્યું છે કે—શક સંવત્સરમાં ૧૨ મેળવી સાઠે ભાગવા. જે શેષ રહે તે પ્રભવાદિક વર્ષ જાણવા.

પ્રભવ વિગેરે સાઠ વર્ષનું ફળ.

પ્રભવ નામના સંવત્સરમાં સમગ્ર દેશ શલભ વગેરે ઇતિ રહિત હોય, ધાન્યની પેદાશ સારી થાય, રાજા પ્રસન્ન રહે અને પ્રજાજન સુખી થાય. ૧. વિભવ નામના સંવત્સરમાં રાજાઓ દંડ નીતિમાં તત્પર હોય, ધાન્ય ઘણું પાકે, વરસાદ સારો થાય, તથા સર્વ લોક સુખી અને વેર રહિત હોય. ૨. શુકલ નામના સંવત્સરમાં સર્વ લોક સ્વજન સહિત સુખી થાય અને રાજાઓ જીતવાની ઇચ્છાથી પરસ્પર યુદ્ધ કરવામાં તત્પર રહે. ૩. પ્રમોદ નામના સંવત્સરમાં સર્વ રાજા તથા લોકો પ્રસન્ન રહે, રોગ અને ભય રહિત હોય, તથા ઇતિ ને શત્રુનો નાશ થાય. ૪ પ્રજાપતિ નામના સંવત્સરમાં મનુષ્યો પોતાની કુળમર્યાદાને લેશ પણ ઓળંગે નહીં, તથા ઘણું ધાન્ય અને સારી વૃષ્ટિ થાય. ૫. અંગિરા નામના સંવત્સરમાં લોકો નિરંતર અતિથિઓ સહિત ભોજન કરે તથા સર્વ લોક અને રાજા કલહ કરવામાં ઉત્સુક થાય. ૬. શ્રીમુખ નામના સંવત્સરમાં સર્વ પૃથ્વી ધનધાન્યથી પૂર્ણ હોય, બ્રાહ્મણો યજ્ઞકર્મમાં પ્રવૃત્ત હોય, તથા રોગ અને શત્રુ રહિત હોય. ૭. ભાવ નામના સંવત્સરમાં ઘણો રોગ ઉત્પન્ન થાય, ધાન્ય અને વૃષ્ટિ મધ્યમ

હોય તથા રાજાઓ યુદ્ધમાં તત્પર હોય તોપણ લોકો સુખી થાય ૮. યુવા નામના સંવત્સરમાં ગાયો બહુ દૂધવાળી થાય, સર્વ પ્રાણી સુખી થાય અને સ્ત્રીજનો સર્વ કામક્રિયામાં આસક્ત થાય. ૯. ધાતા નામના સંવત્સરમાં સર્વ રાજાઓ નિરંતર યુદ્ધમાં તત્પર રહે, તથા સર્વ પૃથ્વી સારી વૃષ્ટિથી ધન અને ધાન્ય વડે ભરપૂર થાય. ૧૦. ઈશ્વર નામના સંવત્સરમાં પૃથ્વી માતાની જેમ પ્રાણીઓનું સર્વદા પોષણ કરે, અને ફળ, અડદ, શેરડી અને વ્રીહિ વગેરે અતુલ ધાન્ય આપે. ૧૧ બહુધાન્ય નામના સંવત્સરમાં ઇતિ રહિત ઘણી વૃષ્ટિ થાય અને આખી પૃથ્વી વિવિધ પ્રકારના ધાન્યના સમૂહથી ભરપૂર થાય. ૧૨. પ્રમાથી નામના સંવત્સરમાં વૃષ્ટિ વરસે નહીં, કોઈ કોઇ ઠેકાણે મધ્યમ વૃષ્ટિ થાય અને મધ્યમ ધાન્ય પાકે. ૧૩. વિક્રમ નામના સંવત્સરમાં રાજાઓ પરાક્રમ વડે પૃથ્વીને જીતનારા થાય અને હમેશાં સર્વ ઠેકાણે ઘણી વૃષ્ટિ થાય. ૧૪. વૃષભ નામના સંવત્સરમાં સમગ્ર રાજાઓ વૃષભની જેમ યુદ્ધ કરે અને બ્રાહ્મણો નિરંતર શ્રદ્ધા યુક્ત થઈ દેવોની પૂજા કરવામાં તત્પર રહે. ૧૫. ચિત્રભાનુ નામના વર્ષમાં સમગ્ર પૃથ્વીપર વિચિત્ર વૃષ્ટિ વડે વિચિત્ર ધાન્ય ઉત્પન્ન થાય અને સર્વ લોક પ્રસન્ન રહે ૧૬. સુભાનુ નામના સંવત્સરમાં પૃથ્વી પર રાજાઓ વચ્ચે વિગ્રહ થાય. પૃથ્વી ઘણા ધાન્યથી ભરપૂર થાય, પણ સર્પ વડે ભયંકર થાય. ૧૭. તારણ નામના સંવત્સરમાં રાજાઓના યુદ્ધમાં ઘાયલ થયેલા સર્વ લોક રોગથી મુક્ત થઇ નગર તરફ પાછા ફરે. ૧૮. પાર્થિવ નામના સંવત્સરમાં રાજા અને પ્રજા ઘણા ફળ અને પુષ્પાદિક વડે તથા વિવિધ પ્રકારની વૃષ્ટિ વડે અત્યંત સુખી થાય. ૧૯. વ્યય નામના સંવત્સરમાં સર્વ લોક ઘણા ખર્ચમાં ઉતરે

અને સુભટ, મદોન્મત્ત હાથી, અશ્વ અને રથથી સર્વદા ભયભીત રહે. ૨૦. સર્વજિત નામના સંવત્સરમાં સર્વ જનો દેવો જેવા સુખી રહે અને રાજાઓ ભયંકર રણસંગ્રામમાં વિનાશ પામે. ૨૧. સર્વધારી નામના સંવત્સરમાં રાજાઓ વેર રહિત થઈ પ્રજાનું પાલન કરવામાં તત્પર થાય અને સર્વ ઠેકાણે ઘણી વૃષ્ટિ થાય તથા ધાન્ય ઘણું પાકે. ૨૨. વિરોધી નામના સંવત્સરમાં બાળકોને શીતળા વગેરેના વ્યાધિ થાય, ચોર લોકો બળવાન થાય, ગાયો અલ્પ દૂધવાળી થાય અને લોકમાં પરસ્પર વિરોધ ઉત્પન્ન થાય. ૨૩. વિકૃત નામના સંવત્સરમાં ચોર લોકો જનોમાં ચોરી કરે, તીડ, શલભ અને શુકની ઉત્પત્તિ ઘણી થાય, વિકાર કરનારી જળવૃષ્ટિ થાય અને લોકમાં રોગની વૃદ્ધિ થાય. ૨૪. ખર નામના સંવત્સરમાં વૃષ્ટિ થોડી થાય, ધાન્ય થોડું પાકે, કોઇ કોઇ ઠેકાણે વૃષ્ટિ થાય, રાજાનો ક્ષય થાય, છત્રનો ભંગ થાય, પ્રજાઓ દુઃખી થાય અને લોકોમાં લુચ્ચાઇ વધે. ૨૫. નંદન નામના સંવત્સરમાં સુકાળ થાય, વ્યાધિ અને શોક રહિત લોકો સુખી થાય તથા ધન અને ધાન્ય વડે આનંદ પામે. ૨૬. વિજય નામના સંવત્સરમાં રાજાઓ વચ્ચે પરસ્પર યુદ્ધ થાય, લોકોના ધનનો ક્ષય થાય, કોઇ કોઇ ઠેકાણે દુકાળ થાય, અને કોઇ કોઇ ઠેકાણે ઘણું ધાન્ય અને ઘણી વૃષ્ટિ થાય, તેથી લોકોમાં શાંતિ રહે. ૨૭. જય નામના સંવત્સરમાં જય અને મંગળના શબ્દ વડે પૃથ્વી સર્વદા શોભતી રહે અને રાજાઓ રણ-સંગ્રામમાં જય મેળવવામાં ઉત્સુક થાય. ૨૮. મન્મથ નામના સંવત્સરમાં સર્વ લોકો અત્યંત લોભી થઇ ચોરી કરનારા થાય, તથા પૃથ્વી, શાલિ, શેરડી, જવ અને ઘઉં વગેરે ધાન્ય વડે નેત્રને આનંદ આપનારી થાય. ૨૯. દુર્મુખ નામના સંવત્સરમાં મધ્યમ

વૃષ્ટિ થાય. પૃથ્વી પર ઇતિ અને ચોરનો ઉપદ્રવ વૃદ્ધિ પામે તથા રાજાઓ, સુભટો, હાથી અને ઘોડાઓ વડે મહા વેર કરે. ૩૦. હેમલંબ નામના સંવત્સરમાં ઇતિનો ભય ઘણો થાય, મધ્યમ ધાન્ય પાકે, મધ્યમ વૃષ્ટિ થાય, પૃથ્વી શોભિત હોય અને રાજાઓ ખડ્ગ રૂપી વીજળીની લતા વડે ક્ષોભ પામે. ૩૧. વિલંબી નામના સંવત્સરમાં રાજાઓ પરસ્પર વિરોધ કરે, પ્રજાઓ પીડા પામે, અને ઘણો અનર્થ થાય, તો પણ લોકો સુખી રહે. ૩૨. વિકારી નામના સંવત્સરમાં સર્વ લોકો રોગવાળા થાય, વૃષ્ટિથી પીડા પામે, પ્રથમ ધાન્ય અને ફળ થોડાં થાય અને પછીથી ઘણાં થાય. ૩૩. શર્વરી નામના સંવત્સરમાં ધાન્ય અને વૃષ્ટિ વડે પૃથ્વી સંપૂર્ણ થાય, સર્વ લોકો સુખી થાય, રાજાઓ વેર રહિત થાય. ૩૪. પ્લવ નામના સંવત્સરમાં આખી પૃથ્વી વૃષ્ટિ વડે આર્દ્ર રહે, સંપૂર્ણ વર્ષમાં રોગ અને ઇતિનો ભય રહે તથા ફળની ઉત્પત્તિ સારી થાય. ૩૫. શુભકૃત નામના સંવત્સરમાં પૃથ્વી વિવિધ પ્રકારના ઉત્સવો વડે શોભિત થાય, વ્યાધિનો ભય થાય, ચોરનો ઉપદ્રવ વધે, અને રાજાઓ યુદ્ધ કરવામાં તત્પર થાય. ૩૬. શોભન નામના સંવત્સરમાં પૃથ્વી પ્રજાઓને રોગ અને શોક આપનારી થાય તો પણ લોકો સુખી થાય, વૃષ્ટિ ઘણી થાય અને ધાન્ય ઘણું પાકે. ૩૭ ક્રોધી નામના સંવત્સરમાં સર્વ લોકો ક્રોધ અને લોભમાં તત્પર થાય, નિરંતર ઇતિનો ભય રહેવાથી વૃષ્ટિ અને ધાન્યની ઉત્પત્તિ મધ્યમ થાય. ૩૮. વિશ્વાવસુ નામના સંવત્સરમાં પૃથ્વી નિરંતર ભયંકર રોગયુક્ત હોય, વૃષ્ટિ અને ધાન્ય મધ્યમ હોય, તથા રાજાઓ ઘણી સંપત્તિવાળા ન હોય. ૩૯. પરાભવ નામના સંવત્સરમાં રાજાઓને શત્રુઓ સાથે યુદ્ધ થાય, રોગની ઉત્પત્તિ થાય, ક્ષુદ્ર ધાન્યનો

ઘણો પાક થાય અને વૃષ્ટિ ઘણી અલ્પ થાય. ૪૦. પ્લવંગ નામના સંવત્સરમાં વૃષ્ટિ સાધારણ થાય, પૃથ્વી પર રોગ અને ચોરનો ઉપદ્રવ વધે અને રાજાઓ શત્રુઓ સાથે યુદ્ધ કરી પરસ્પરની ભૂમિ હરણ કરે. ૪૧. કીલક નામના સંવત્સરમાં ઈતિનો ભય થાય, રાજાઓનું યુદ્ધ થવાથી પ્રજામાં ક્ષોભ થાય, તો પણ લોક ધનધાન્યથી વૃદ્ધિ પામે, અને વૃષ્ટિ સારી થાય. ૪૨. સૌમ્ય નામના સંવત્સરમાં સમગ્ર લોક ઘણા ધનધાન્યથી સુખી હોય, વૃષ્ટિ સારી થાય, રાજાઓ વેર રહિત થાય અને બ્રાહ્મણો યજ્ઞાદિક ધર્મકાર્યમાં તત્પર થાય. ૪૩. સાધારણ નામના સંવત્સરમાં વરસાદને માટે સાધારણ ભય રહે, રાજાઓ વેર રહિત થાય અને પ્રજાઓ સ્વસ્થ ચિત્તવાળી થાય. ૪૪. વિરોધકૃત્ નામના સંવત્સરમાં સર્વ પ્રજાઓ તથા રાજાઓ પરસ્પર વિરોધવાળા થાય, અને ધાન્ય તથા વૃષ્ટિ સાધારણ થાય. ૪૫. પરિધાવી નામના સંવત્સરમાં રાજાઓ વચ્ચે યુદ્ધ થાય, મોટો રોગ પ્રવર્તે, ધાન્ય અને વૃષ્ટિ સાધારણ થાય, તથા સર્વ પ્રાણીઓ દુઃખી થાય. ૪૬. પ્રમાથી નામના સંવત્સરમાં વૃષ્ટિ તથા ધાન્ય સાધારણ થાય, પ્રજાઓ મહાકષ્ટથી જીવે અને રાજાઓ પરસ્પર ઈર્ષ્યાવાળા થાય. ૪૭. આનંદ નામના સંવત્સરમાં સમગ્ર લોકોનાં ચિત્ત સર્વદા આનંદમાં રહે, સર્વ રાજાઓ સુખી થાય, અને વૃષ્ટિ તથા ધાન્યની ઉત્પત્તિ સારી થાય. ૪૮. રાક્ષસ નામના સંવત્સરને વિષે સર્વ જનો પોતપોતાના કાર્યમાં તત્પર થાય, ધાન્ય તથા વૃષ્ટિ સાધારણ થાય, અને સર્વ લોક રાક્ષસની જેમ ક્રિયા રહિત થાય ૪૯. નલ નામના સંવત્સરમાં ધાન્યના ભાવ સાધારણ રહે, પૃથ્વી પર સારી વૃષ્ટિ થાય, પણ રાજાઓથી ક્ષોભ પ્રાપ્ત

થાય અને ચોરનો ઘણો ભય રહે. ૫૦ પિંગલ નામના સંવત્સરમાં ઇતિનો ભય પ્રાપ્ત થાય, વૃષ્ટિ મધ્યમ થાય, ધાન્યનો ભાવ સાધારણ રહે, રાજાઓ પરાક્રમ કરી શત્રુની પૃથ્વીને ભોગવનારા થાય. ૫૧. કાલયુકત નામના સંવત્સરમાં સર્વ પ્રાણીઓ સુખી થાય, ઇતિનો ભય થાય તો પણ ઘણું ધાન્ય પાકે અને રોગની વૃદ્ધિ અધિક થાય. ૫૨. સિદ્ધાર્થ નામના સંવત્સરમાં રાજા અને પ્રજાઓનાં વેર શાંત થાય, ઘણાં ધાન્ય અને ઘણી વૃષ્ટિ વડે સમગ્ર પૃથ્વી શોભિત થાય. ૫૩. રૌદ્ર નામના સંવત્સરમાં લોકોને રાજાથી ક્ષોભ ઉત્પન્ન થાય અને તેથી નિરંતર સર્વ લોક કલેશ સહિત રહે, ધાન્યના ભાવ સાધારણ રહે અને મધ્યમ વૃષ્ટિ થાય. ૫૪. દુર્મતિ નામના સંવત્સરમાં સર્વ લોક અને રાજાઓ દુષ્ટ મતિવાળા થાય તથા સંગ્રામ પણ થાય, તો પણ સર્વ લોક સુખી રહે. ૫૫. દુંદુભિ નામના સંવત્સરમાં પૃથ્વી સર્વ પ્રકારના ધાન્યથી ભરપૂર થાય, રાજાઓ સારી રીતે પૃથ્વીનું પાલન કરે, પણ પૂર્વ દિશાના દેશનો વિનાશ થાય. ૫૬. રૂધિરોદ્‌ગારી નામના સંવત્સરમાં લોકમાં [1]આધિ વધારે રહે, ઘણા રોગો ઉત્પન્ન થાય અને રાજાઓના સંગ્રામથી સર્વ લોક આપત્તિ પામે. ૫૭. રકતાક્ષ નામના સંવત્સરમાં રાજાઓ પરસ્પર હણવાને તયાર થાય, પૃથ્વી પર ઇતિ તથા રોગો ઘણા ઉત્પન્ન થાય, તથા ધાન્ય અને વૃષ્ટિ અલ્પ થાય. ૫૮. ક્રોધન નામના સંવત્સરમાં વૃષ્ટિ મધ્યમ થાય, પ્રથમના ધાન્યનો વિનાશ થાય, પણ પાછળનું ધાન્ય ઘણું પાકે, તથા રાજાઓ ક્રોધ કરવામાં તત્પર

---

૧ મનની પીડા.

થાય. ૫૯. ક્ષય નામના સંવત્સરમાં સર્વ પ્રકારનાં ધાન્યનો ક્ષય થાય, વૃષ્ટિ થાય નહીં, તો પણ લોકો મહાકષ્ટથી જીવતા રહે. ૬૦. આ પ્રમાણે પ્રાચીન વિદ્વાનોએ પ્રાયે કરીને સંવત્સરના નામની સદૃશ તેનું ફળ કહેલું છે તે વિચારીને કહેવું. તેમાં પણ ગુરૂ, રાહુ, શનિ અને કેતુના ચારનો વારંવાર હૃદયમાં વિચાર કરવો.

ઇતિ રામવિનોદ ગ્રંથમાં કહેલું સાઠ સંવત્સરનું ફળ

હવે પાર્વતીને ઉદ્દેશીને મહાદેવે સંવત્સરોનું ફળ કહ્યું છે, તે ઉપરથી રૂદ્રદેવ નામના બ્રાહ્મણે મેઘમાળા નામનો ગ્રંથ કર્યો છે. તેમાં સાઠ સંવત્સર સંબંધી વિશેષ આ પ્રમાણે કહ્યું છે.–

સાઠ સંવત્સરમાંના પહેલા વીશ વર્ષ બ્રહ્માના, બીજા વીશ વર્ષ વિષ્ણુના અને ત્રીજા વીશ વર્ષ રૂદ્રના છે. તેથી પહેલી બ્રાહ્મીવીશી, બીજી વૈષ્ણવી વીશી અને ત્રીજી રૌદ્રી વીશી કહેવાય છે. તે પોતપોતાના નામને સદૃશ ફળ આપનારી છે. તેથી ત્રીજી રૌદ્રી વીશી અધમ કહેવાય છે.

તેમાં પહેલી બ્રહ્માની વીશી કહે છે—

હે શ્રેષ્ઠ મુખવાળી ! પ્રભવ નામના સંવત્સરમાં પૃથ્વી ઘણા જળવાળી, મહા મેઘવાળી તથા ઘણા ધાન્યવાળી થાય છે, અને ગાયો ઘણા દૂધ તથા ઘી આપનારી થાય છે. આ પ્રભવ સંવત્સર તથા વિભવ, પ્રમોદ, પ્રજાપતિ, અંગિરા, શ્રીમુખ, ભાવ, યુવા અને ધાતા એ કુલ નવ સંવત્સરો શુભ છે. ૯. હે પ્રિયા ! શુકલ નામના સંવત્સરમાં વિવિધ આકારવાળા દેવતાઓ મનુષ્યોને, ઘોડાઓને તથા હસ્તીઓને પીડા કરે છે, તેમાં સંદેહ નથી. આવું વચન હોવાથી શુકલ સંવત્સર અશુભ છે.

૧૦. હે મહેશ્વરી ! ઇશ્વર નામના સંવત્સરમાં સર્વ દેશોને વિષે સુકાળ થાય છે, કપાસ, ઘી, તેલ, મધ, તથા મદિરા એ વસ્તુઓ મોંઘી થાય છે. ૧૧. બહુ ધાન્ય નામના સંવત્સરમાં ઉપદ્રવ રહિત સુકાળ થાય છે. ૧૨. પ્રમાથી નામના સંવત્સરમાં દુકાળ, રાજ્યનો ભંગ, ચોરની પીડા અને વિગ્રહ થાય છે. ૧૩. વિક્રમ નામનો સંવત્સર શુભ છે, તેમાં સર્વ ધાન્યની ઉત્પત્તિ થાય છે, તથા લવણુ, મધ અને મદિરા એ વસ્તુ સસ્તી-સોંઘી થાય છે. ૧૪. હે સારા નેત્રવાળી ! વૃષ નામના સંવત્સરમાં કોદરા, ડાંગર, મગ, કાંગ, લાખ અને વસ્ત્ર એ સર્વ વસ્તુ સોંઘી થાય અને સુકાળ થાય. ૧૫. હે પ્રિયા ! ચિત્રભાનુ સંવત્સરમાં ચણા, મગ, જવ, અડદ વિગેરે વિદળ ઘણા ઉત્પન્ન થાય છે, અને વિચિત્ર પ્રકારની વૃષ્ટિ થાય છે, તેમાં કાંઇ સંશય નથી. આ પ્રમાણે કહ્યું છે તેથી ચિત્રભાનુ અને સુભાનુ એ બે સંવત્સર શુભ છે. ૧૬-૧૭. તારણુ નામનો સંવત્સર અશુભ છે. ૧૮. પાર્થિવ નામનો સંવત્સર શુભ છે. ૧૯. તથા વ્યય નામના સંવત્સરમાં અલ્પ વૃષ્ટિ, રોગની પીડા, ધાન્યનો ભાવ મધ્યમ અને વિગ્રહ થાય છે.

"ઇતિ પ્રથમા બ્રાહ્મી વિંશતિકા"

હવે બીજી વિષ્ણુની વીશી કહે છે:—હે પ્રિયા ! સર્વજિત્ નામના સંવત્સરમાં પૃથ્વી જળથી ભરેલી અને ઘણા ધાન્ય સહિત હોય છે, સુભિક્ષ-સુકાળ થાય છે, અને સર્વ સુસ્થિત થાય છે. ૧. હે સુંદરી ! સર્વધારી નામના સંવત્સરમાં પૃથ્વી જળપૂર્ણ હોય, ધાન્ય અને ઔષધિનો વિનાશ થાય, તથા મનુષ્યોને કષ્ટ થાય. ૨. હે પ્રિયા ! વિરોધી નામના

વર્ષમાં પ્રજા ઘોર વિકારને પામે છે અને વ્યાધિ તથા ચોરની પીડા પામે છે, તેમજ ગાયો અલ્પ ઘી અને દૂધ આપનારી થાય છે. ૩. હે હિમવાનની પુત્રી! વિકૃત નામના સંવત્સરમાં સર્વ જગતમાં ચોર અને તીડનો ઉપદ્રવ થાય છે, અને જળની વૃષ્ટિ વિકાર કરનારી થાય છે. ૪. હે પ્રિયા! ખર નામના સંવત્સરમાં કોઈ કોઇ દેશમાં અલ્પ જળવાળો વરસાદ વરસે છે, અને ધાન્યની પેદાશ અલ્પ થાય છે. ૫. નંદન નામના સંવત્સરમાં સુકાળ થાય છે, લોક વ્યાધિ અને શોક રહિત થાય છે, ધન ધાન્ય સંપૂર્ણ પેદા થાય છે, અને પ્રજા આનંદ પામે છે. ૬. હે સારા મુખવાળી! જય નામના સંવત્સરમાં દુકાળનો સંભવ રહે છે, તથા ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર, નટ અને નાયક વિગેરે લોક પીડા પામે છે. ૭. હે ઉત્તમ વર્ણવાળી! વિજય નામના સંવત્સરમાં મનુષ્યો સર્વ દુઃખથી પીડા પામે, જ્વર અને બીજા રોગથી વ્યાકુળ થાય, દુકાળ પડે, અને કોઈક દેશમાં જ સ્વસ્થતા રહે. ૮. હે દેવી! મન્મથ નામના સંવત્સરમાં ફોતરાંવાળાં ધાન્યનો ક્ષય થાય, કોદરાં વિગેરે ધાન્ય મોંઘું થાય, પરંતુ વેપારની પ્રવૃત્તિથી લોક સુખી થાય. ૯. હે મનોહર નેત્રવાળી! દુર્મુખ નામના સંવત્સરને વિષે ઈચ્છિત વરસાદ નહીં વરસવાથી સર્વ પ્રકારનાં ધાન્યનો વિનાશ થઈ દુકાળ પડે છે. ૧૦. હે પર્વતની પુત્રી! હે દેવી! હેમલંબ નામના સંવત્સરને વિષે ચોર અને રાજાઓ વડે આ જગત પરાભવ પામે છે, તથા ધાન્ય સાધારણ પાકે છે. ૧૧. હે દેવી! વિલંબ નામના સંવત્સરને વિષે જગત અનેક પ્રકારના ઉપદ્રવથી અવ્યવસ્થિત થાય છે, તથા ઉંદર અને સૂડા ઘણા ઉત્પન્ન થવાથી લોક પીડા પામે છે. ૧૨. હે પ્રિયા! વિકારી નામના વર્ષને

વિષે લોકમાં મેઘ અલ્પ જળ આપે, ધાન્ય અને ઔષધિ પીડા પામે-બરાબર પાકે નહિ તથા દુકાળ પડે. ૧૩. શાર્વરી નામના સંવત્સરમાં પૃથ્વી પર જળનું શોષણ થાય, ધન-ધાન્યનો વિનાશ થાય. પ્રાયે કરીને વરસાદ વરસે નહીં અને પૃથ્વી પર મનુષ્યો પીડા પામે. ૧૪. હે પ્રિયા! પ્લવ નામના સંવત્સરને વિષે કોઇ કોઈ ઠેકાણે ધાન્યની ઉત્પત્તિ થાય, દેશ ઉપદ્રવ રહિત થાય, અને લોકમાં પ્રબળ-ઘણી વૃષ્ટિ થાય. ૧૫. હે પ્રિયા! શુભકૃત નામના વર્ષમાં સર્વ દેશોને વિષે સુકાળ થાય, ગાયો તથા બ્રાહ્મણો તૃપ્ત થાય, તથા પ્રજાઓ સુખી થઇ આનંદ પામે. ૧૬. હે પ્રિયા! હે દેવી! શોભન નામના વર્ષમાં સુકાળ હોય, કલ્યાણ હોય, આરોગ્ય હોય, અને ક્રૂર ગ્રહ વક્ર ગતિવાળા થાય તો વિગ્રહ અને મહા ભય ઉત્પન્ન થાય. ૧૭. ક્રોધી નામના સંવત્સરને વિષે સમગ્ર જગત અસ્વસ્થ અને આધિવ્યાધિથી વ્યાકુળ થાય, લોક ક્રોધી થાય, અને વૃષ્ટિ અલ્પ થાય. ૧૮. વિશ્વાવસુ નામના સંવત્સરમાં સર્વત્ર કલ્યાણ હોય, સર્વ ધાન્ય મોંઘાં થાય, વરસાદ ઘણો વરસે અને સર્વ પ્રકારનાં ધાન્ય નીપજે. ૧૯. પરાભવ નામના સંવત્સરમાં વરસાદ સારો થાય, કાષ્ઠ અને લોઢું મોંઘું થાય, દેશના રાજા, માંડલિક રાજા, સામંત રાજા અને દંડનાયક પીડા પામે, સર્વ પ્રજાઓ ક્ષુધાથી વ્યાકુળ થાય, ધાન્ય અને ઔષધિનો વિનાશ થાય, તથા ગ્રીષ્મ ઋતુમાં વરસાદ વરસે. ૨૦.

ઇતિ દ્વિતીયા વૈષ્ણવી વિંશતિકા.

હવે ત્રીજી રૂદ્રની વીશી કહે છે.-પ્લવંગ નામના સંવત્સરમાં સર્વ લોક, સર્વ દેશ અને સર્વ મંડળ પીડા પામે છે, સર્વ ધાન્ય ઉત્પન્ન થાય છે અને કોઇક સ્થાન ઉપદ્રવ રહિત

હોય છે. ૧. કીલક નામના સંવત્સરમાં રાજા સારી દૃષ્ટિવાળો થાય, પ્રજાનું શુભ થાય, સુકાળ થાય, લોકમાં ક્ષેમ અને આરોગ્ય રહે, તથા સર્વ ઉપદ્રવનો નાશ થાય. ૨. સૌમ્ય નામના સંવત્સરમાં રાજા અને પ્રજા સુખી થાય, પૃથ્વી પર શાંતિ રહે, પૃથ્વી વૃષ્ટિ વડે પૂર્ણ થાય, તથા હમેશાં સારો વરસાદ થાય. ૩. સાધારણ નામના વર્ષમાં રાજા ઉપદ્રવ રહિત હોય, દેશ અને મંડળમાં સારી વૃષ્ટિ થાય, તથા સર્વ ધાન્યની ઉત્પત્તિ થાય. ૪. વિરોધી નામના વર્ષમાં લોક અને રાજાઓ વચ્ચે પરસ્પર યુદ્ધ થાય, કાન્યકુબ્જ અને અહિચ્છત્ર દેશમાં ખેતીનો નાશ થાય. ૫. હે સારા શીળવાળી પ્રિયા! પરિધાવી નામના વર્ષમાં સર્વ જગત વિવિધ પ્રકારના ક્લેશ વડે પરાભવ પામે, ઘણો વાયુ વાય અને ઘણો દાહ એટલે ઠેકાણે ઠેકાણે આગ લાગે. ૬. પ્રમાથી નામના સંવત્સરમાં સર્વ પ્રકારનાં ધાન્યનો વિનાશ થાય, દેશમાં અને કોઈ કોઇ વિભાગમાં વરસાદ થાય, તથા સર્વ ધાન્ય મોંઘું રહે. ૭. આનંદ નામના સંવત્સરમાં સર્વ ધાન્ય નાશ પામે, સર્વ ધાન્ય મોંઘું રહે, ઘી તેલના ભાવ મધ્યમ રહે અને પ્રજા આનંદ પામે. ૮. હે સુંદર મુખવાળી! રાક્ષસ નામના સંવત્સરમાં કોદરાં, ડાંગર મગ, સર્વ પ્રકારની ઔષધી અને ધાન્યનો વિનાશ થાય અને લોકો ક્રૂર સ્વભાવના થાય. ૯. હે દેવી! નલ નામના સંવત્સરમાં દેશને વિષે દુકાળ પડે, ધાન્ય અને ઔષધિ પીડા પામે, અને ધન ધાન્યનો વિનાશ થાય. ૧૦. પિંગલ નામના સંવત્સરમાં ગાયો, ભેંસો અને નટ તથા નૃત્ય કરનારાઓને વિનાશ થાય અને વરસાદ થાય નહીં તેમાં સંશય નથી ગાય, ભેંસ, સુવર્ણ, રૂપું અને તાંબું સર્વ ચીજો વેચીને પણ

ધાન્યનો સંગ્રહ કરવો. ૧૧. હે દેવી ! સિદ્ધાર્થ વર્ષમાં અનુક્રમે લોકમાં પ્રથમ દુકાળ થશે, પણ પછી વરસાદ વરસશે અને સર્વ ધાન્ય ઉત્પન્ન થશે. ૧૨. હે પ્રિયા ! કાલ નામના સંવત્સરમાં વિવિધ પ્રકારના રોગો ઉત્પન્ન થાય, વરસાદ થોડો થાય, અને પૃથ્વી પર ધાન્ય થોડું પાકે. ૧૩. હે દેવી ! રૌદ્ર સંવત્સરમાં મેઘ જળ વડે પૂર્ણ હોય, પૃથ્વી પર ઘણું ધાન્ય થાય, રાજાઓ ક્રૂર થાય અને ઘોર ઉપદ્રવ ઉત્પન્ન થાય. ૧૪. દુર્મતિ નામના સંવત્સરમાં સુકાળ થાય, ધાન્યના ભાવ મધ્યમ રહે, વેપાર સારો ન ચાલે અને વરસાદ સાધારણ થાય. ૧૫. દુંદુભી નામના સંવત્સરમાં સુકાળ થાય, દેશો સ્વસ્થ અને ઉપદ્રવ રહિત થાય, તથા પ્રજાઓ સુખી અને આરોગ્યતાવાળી થાય. ૧૬. રૂધિરોદ્‌ગારી નામના સંવત્સરમાં મોટો દુકાળ પડે છે, તેથી સર્વ વસ્તુ વેચીને પણ ધાન્યનો સંગ્રહ કરવો. વળી આ રૂધિરોદ્‌ગારી વર્ષમાં ધાન્યનો નાશ થાય, વૃષ્ટિ થોડી થાય, રાજાઓ વચ્ચે ભયંકર યુદ્ધ થાય, તથા ચોર અને રોગનો ઉપદ્રવ ઘણો થાય. ૧૭. હે પ્રિયા ! રક્તાક્ષિ નામના સંવત્સરમાં રોગથી ઘણા પ્રાણીઓનું મરણ થાય, દુકાળ પડે, ધાન્ય અને ઔષધિનો વિનાશ થાય અને લોકો પાપ બુદ્ધિમાં તત્પર થાય. ૧૮. હે પ્રિયા ! ક્રોધન નામના સંવત્સરમાં રોગ ઉત્પન્ન થાય, દુકાળ પડે, વિવિધ પ્રકારના ઉપદ્રવ થાય, તથા લોક અને રાજા અતિ ક્રોધવાળા થાય. ૧૯. તથા હે દેવી ! ક્ષય નામના સંવત્સરને વિષે પૃથ્વીકંપ થાય, ચરાચર પ્રાણીઓ આકુળવ્યાકુળ થાય, દેશનો ભંગ થાય, દુકાળ પડે અને પ્રજાઓનો ક્ષય થાય. વળી હે પ્રિયા ! ક્ષય સંવત્સરમાં સૌરાષ્ટ્ર દેશ, મધ્ય દેશ અને દક્ષિણ દિશાના કોંકણ દેશમાં મોટો દુકાળ પડે.

ઇતિ તૃતીયા રૌદ્રી વિંશતિકા

હવે જૈન સિદ્ધાંત પ્રમાણે દુર્ગદેવ નામના પંડિતે ષષ્ટિ સંવત્સર નામનો ગ્રંથ રચ્યો છે, તેમાં આ પ્રમાણે કહ્યું છે—

પંચ પરમેષ્ઠી વાચક ઓંકારને નમસ્કાર કરી, પરમાત્મા શ્રી જિનેશ્વરને વંદન કરી તથા કેવળજ્ઞાનનો આશ્રય લઇ દુર્ગદેવ મુનિ ષષ્ટિ સંવત્સર નામના ગ્રંથને રચે છે.–પાર્થ પ્રશ્ન કરે છે કે—"હે પરમ પૂજ્ય દુર્ગદેવસ્વામી! હે દેવોના અધિપતિ! હે પ્રભુ! હે ભગવાન! સંવત્સરોના શુભાશુભ ફળને સત્યપણે કહો." ત્યારે દુર્ગદેવ ઉત્તર આપે છે કે—"હે પાર્થ! દુકાળ, સુકાળ, રાજપીડા, ભય, અભય વગેરે જે અદ્દભુત વૃત્તાંત થવાનું હોય તે તું સાંભળ. આ જગતમાં જે મનુષ્ય આ સર્વ વૃત્તાંત જાણતો ન હોય તેનો જન્મ નિરર્થક છે. તેથી સર્વ શુભાશુભ હું વિસ્તારથી કહું છું.—

પ્રભવ અને વિભવ એ બે વર્ષ શુભ છે. ૨. શુક્લ સંવત્સર અશુભ છે. ૩. પ્રમોદ અને પ્રજાપતિ એ બે સંવત્સર શુભ છે. ૫. અંગિરા નામનો સંવત્સર અશુભ છે. ૬. શ્રીમુખ અને ભાવ નામના બે સંવત્સર શુભ છે. ૮ યુવા નામનો સંવત્સર વિરૂદ્ધ છે. ૯. ધાતા નામનો સંવત્સર સાધારણ છે. ૧૦ ઇશ્વર અને બહુધાન્ય નામના બે સંવત્સર શુભ છે. ૧૨. પ્રમાથી નામનો સંવત્સર વિરૂદ્ધ છે. ૧૩. વિક્રમ અને વૃષભ નામના બે સંવત્સર શુભ છે. ૧૫. ચિત્રભાનુ નામનો સંવત્સર વિરૂદ્ધ છે. ૧૬ સુભાનુ અને તારણ નામના બે સંવત્સર શુભ છે. ૧૮. પાર્થિવ નામનો સંવત્સર વિરૂદ્ધ છે. ૧૯. અને વ્યય નામનો સંવત્સર મધ્યમ છે. ૨૦.

ઇતિ પહેલી વીશી.

દુર્ગદેવ મુનિએ જે કહ્યું છે, તેને જે વિચક્ષણ પુરૂષ જાણે છે, તે સર્વ ઠેકાણે પૂજાય છે, અને અવશ્ય લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

સર્વજિત્ અને સર્વધારી નામના બે સંવત્સર શુભ છે. ૨. વિરોધિ, વિકૃત અને ખર એ ત્રણ સંવત્સર વિરૂદ્ધ–અશુભ છે. ૫. નંદન, વિજય, જય અને મન્મથ એ ચાર સંવત્સર શુભ છે. ૯. દુર્મુખ નામનો સંવત્સર વિરૂદ્ધ છે. ૧૦ હેમલંબી અને વિલંબ એ બે સંવત્સર શુભ છે. ૧૨. વિકારી નામનો સંવત્સર વિરૂદ્ધ છે. ૧૩. શર્વરી, પ્લવ, શુભકૃત્ અને શોભન એ ચાર સંવત્સર શુભ છે. ૧૭. ક્રોધન નામનો સંવત્સર વિરૂદ્ધ છે. ૧૮. વિશ્વાવસુ નામનો સંવત્સર શુભ છે. ૧૯. અને પરાભવ નામનો સંવત્સર વિગ્રહ કારક છે. ૨૦.

ઇતિ બીજી વીશી.

પ્લવંગ અને કીલક નામના બે સંવત્સર શુભ છે. ૨. સૌમ્ય નામનો સંવત્સર મધ્યમ છે. ૩. સાધારણ અને વિરોધી નામના બે સંવત્સર શુભ છે. ૫. પરિધાવી નામનો સંવત્સર વિરૂદ્ધ છે. ૬. પ્રમાથી અને આનંદ એ બે સંવત્સર શુભ છે. ૮. રૂધિરોદ્ગારી, રક્તાક્ષિ, ક્રોધન અને ક્ષય એ ચાર સંવત્સર વિરૂદ્ધ છે, ૧૨. (વચ્ચેના રાક્ષસ, નલ, પિંગલ, કાલયુક્ત, સિદ્ધાર્થ, રૌદ્ર, દુર્મતિ અને દુંદુભી એ આઠ સંવત્સર વિષે ગ્રંથમાં કાંઇ કહ્યું નથી.)

ઇતિ ત્રીજી વીશી.

આ ત્રણે વીશીના વિસ્તાર ફળને કહેનારા શ્લોકો પણ આ પ્રમાણે છે.—

પ્રભવ નામના સંવત્સરને વિષે ઘણા જળને ધારણ કરનારા મેઘ હોય છે, પૃથ્વી પર ઘણું ધાન્ય પાકે છે, તથા રાજાઓ અને લોકો પ્રસન્ન રહે છે. ૧. વિભવ નામના સંવત્સરને વિષે સુકાળ, ક્ષેમ, આરોગ્ય અને સર્વ વ્યાધિ રહિતપણું હોય છે, તથા સર્વ જનો સુખી હોય છે, તેમાં કાંઇ સંશય નથી. ૨. શુક્લ નામના સંવત્સરમાં મનુષ્ય, ઘોડા અને હાથીઓને વિવિધ પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે અને અવશ્ય રાજાનો વિનાશ થાય છે. ૩. પ્રમોદ નામના સંવત્સરમાં સર્વ જગત ઉત્તમ અને ધનધાન્યથી વ્યાપ્ત હોય છે, તથા નિરંતર ઘેર ઘેર મહોત્સવો અને પ્રજાની વૃદ્ધિ થાય છે તેમાં કાંઇ સંશય નથી. ૪ પ્રજાપતિ નામના સંવત્સરમાં સર્વ લોકો નીરોગી, પીડા રહિત અને સર્વ દુ:ખથી મુક્ત થાય છે, ગાયો ઘણું ઘી દૂધ આપનારી થાય છે અને પ્રજાજન સુખી થાય છે. ૫. અંગિરા નામના સંવત્સરને વિષે સર્વ જગત હર્ષિત થાય છે, મનુષ્યો ધન ધાન્ય રહિત થાય છે અને પ્રજામાં વિવાહ મંગળ પ્રવર્તે છે. ૬. શ્રીમુખ નામના સંવત્સરમાં લોકમાં સુકાળ અને કલ્યાણ પ્રવર્તે છે, વર્ષા ઋતુમાં અત્યંત સારૂં થાય અને નિશ્ચે સર્વ ધાન્યની વૃદ્ધિ થાય છે. ૭. ભાવ નામના સંવત્સરમાં ગાયો ઘણું દૂધ અને ઘી આપનારી થાય, ધાન્ય ઘણું પાકે, સર્વ વસ્તુ સોંઘી થાય અને ભાવને વિષે સ્વસ્થતા હોય. ૮. યુવા નામના સંવત્સરને વિષે ધાન્ય, ઘી અને તેલ મોંઘાં રહે, પ્રજાઓની વૃદ્ધિ થાય અને સ્ત્રીઓ પુત્ર જન્મથી આનંદમાં રહે. ૯. ધાતા નામના સંવત્સરને વિષે સર્વ ધાન્યો ઉત્પન્ન થાય છે, ઘઉં અને વ્રીહિનો પાક અલ્પ થાય છે, શેરડી, ખાંડ અને ગોળ પણ થોડા થાય છે, અને કોઇ ઠેકાણે રોગની ઉત્પત્તિ થાય છે. ૧૦ ઇશ્વર

નામના સંવત્સરમાં સુકાળ, ક્ષેમ અને આરોગ્ય થાય છે, કપાસનો ભાવ મોંઘો રહે તથા લવણ, મધ અને મદિરા પણ મોંઘી રહે. ૧૧. બહુધાન્ય નામના સંવત્સરમાં સુકાળ થાય, માર્ગમાં મુસાફરોને કલ્યાણ પ્રાપ્ત થાય, રાજાઓ શાંત થાય, ગામોને વિષે ચોરનો ઉપદ્રવ રહે તેમાં કાંઇ પણ સંશય નથી. ૧૨. પ્રમાથી નામના સંવત્સરમાં દેશનો ભંગ થાય, દુકાળ પડે, ચોર અને ગ્રહની પીડા થાય, ઉપદ્રવ થાય, માર્ગમાં પીડા થાય અને લોકો વ્યાકુળતાને પામે છે. ૧૩. વિક્રમ નામના સંવત્સરમાં સર્વ પ્રકારના ધાન્યની ઉત્પત્તિ થાય, પૃથ્વી ઉપદ્રવ રહિત થાય, લવણ, મધ, મદિરા અને ઘી સોંઘું થાય. ૧૪. વૃષભ નામના સંવત્સરમાં કોદરાં, સાળ, મગ, કાંગ, અડદ અને તલ વિગેરે સર્વ વસ્તુ સુલભ થાય અને બળદ સર્વને પ્રિય થાય. ૧૫. ચિત્રભાનુ નામના સંવત્સરમાં ચણા, મગ, અડદ વિગેરે બીજા પણ સર્વ વિદલ મોંઘાં થાય, તેમાં કાંઇ પણ સંશય નથી. ૧૬. સુભાનુ નામના સંવત્સરમાં સુકાળ હોય, ઘણું ધાન્ય નીપજે, દેશમાં શાંતિ રહે, રાજા અને પ્રજા સર્વે સુખી અને પ્રસન્ન રહે. ૧૭. તારણ નામના સંવત્સરમાં અતિ વૃષ્ટિ થાય, પ્રજા સુખી રહે, ધાન્ય અને ઔષધિનો વિનાશ થાય અને કાંઇક સાધારણ ધાન્ય ઉત્પન્ન થાય. ૧૮. પાર્થિવ નામના સંવત્સરમાં સૌરાષ્ટ્ર દેશ, ગૌડ દેશ અને લાટ દેશમાં ઘણું ધાન્ય ઉત્પન્ન થાય તથા રાજાઓનો ક્ષય થાય. ૧૯. તથા વ્યય નામના સંવત્સરમાં ઘોર દુકાળ પડે, લોકમાં વિવિધ પ્રકારના ઉપદ્રવ થાય અને વૃષ્ટિ અલ્પ થાય છે. ૨૦.

ઇતિ પ્રથમા વિંશતિકા

સર્વજિત્ નામના સંવત્સરમાં સારી વૃષ્ટિ થાય, સર્વ

ધાન્ય પાકે, અને સર્વ વસ્તુ સોંઘી થાય. ૧. સર્વધારી નામના સંવત્સરમાં કોદરાં, શાળ, મગ, કાંગ અને અડદ વિગેરે ધાન્ય ઘણું પાકે અને સર્વ દેશમાં સુકાળ થાય. ૨. વિરોધી નામના સંવત્સરમાં અગ્નિની જવાળા જેવા પ્રબળ તાપથી ધાન્ય અને ઔષધિનો વિનાશ થાય, તથા મનુષ્યોમાં દુઃખ અથવા વિરોધ ઉત્પન્ન થાય. ૩. વિકૃતિ નામના વર્ષમાં જ્વરના રોગથી સર્વ લોક પીડા પામે, ધાન્ય મોંઘું થાય, તથા મસ્તકની અને ચક્ષુની પીડા થાય. ૪. ખર નામના સંવત્સરમાં સમગ્ર જગતમાં ચોર, તીડ અને સૂડાનો ઉપદ્રવ થાય, રાજા અને પ્રજા દુઃખ પામે, અને પૃથ્વી રસ કસ રહિત થાય. ૫. નંદન નામના સંવત્સરમાં દેશમાં શાંતિ પ્રવર્તે, સર્વ વ્યાધિ શાંત થાય, પૃથ્વી ધન ધાન્યથી ભરપૂર થાય અને પ્રજા આનંદ પામે. ૬. વિજય નામના સંવત્સરમાં ખંડ ખંડ દેશમાં અલ્પ જળને ધારણ કરનારા મેઘો વરસે, સર્વ ધાન્ય નાશ પામે, અને યુદ્ધમાં વિજય થાય. ૭. જય નામના સંવત્સરમાં ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, નટ અને નાયકોને પીડા થાય, તીડનો ઉપદ્રવ થાય, અને નીતિનો વિનાશ થાય. ૮. મન્મથ નામના સંવત્સરમાં જગત રોગયુક્ત થાય, દાહ જ્વરાદિકના રોગથી સર્વ જગત પીડા પામે, તથા કામક્રીડામાં તત્પર થાય. ૯. દુર્મુખ નામના સંવત્સરમાં ઘાસ અને ધાન્યનો ક્ષય થાય. તેથી સર્વ ધાન્ય મોંઘું રહે, વેપારનો વિનાશ થાય અને કોઈ મનુષ્યને સુખ ઉપજે નહીં. ૧૦. હેમલંબ નામના સંવત્સરમાં સર્વ ધાન્યનો ક્ષય થાય, દેશોમાં અશાંતિ પ્રવર્ત્તે, પ્રજાની હાનિ થાય, દુકાળ પડે અને રાજાને કષ્ટ થાય. ૧૧. વિલંબ નામના સંવત્સરમાં ચોર, રાજા અને દેવથી આ જગત પરા-

ભવ પામે, ધાન્ય સાધારણ પાકે અને મોટો ભય ઉપજે. ૧૨. વિકારી નામના સંવત્સરમાં સર્વ જગત્ દુઃખી થાય, ઘણા પ્રકારના ઉપદ્રવો થાય, સર્પની ઘણી ઉત્પત્તિ થાય અને પાછળથી વરસાદ થાય. ૧૩. શર્વરી નામના સંવત્સરમાં પર્વત પર્વત ઉપર વૃષ્ટિ થાય, ખંડ ખંડ દેશમાં વરસાદ થાય, વેપારનો વિનાશ થાય અને દુકાળ પડે. ૧૪. પ્લવ નામના સંવત્સરમાં લોકને વિષે સુકાળ થાય, પૃથ્વી રસકસથી ભરપૂર થાય, સર્વ દેશમાં સંપૂર્ણ જળ વરસે, અને પંડિત જનો સુખી થાય. ૧૫. શુભકૃત નામના સંવત્સરમાં ધાન્યનો પાક સારો થાય, ચરાચર લોકમાં સુખ ઉપજે, અને બ્રાહ્મણો પણ સંતુષ્ટ થાય. ૧૬. શોભન નામના સંવત્સરમાં સુકાળ થાય, પૃથ્વી સુખમય થાય, ગાય, બ્રાહ્મણ વિગેરે ઉત્સાહવાળા હોય, દેશમાં શાંતિ પ્રવર્તે અને પ્રજાને હર્ષ પ્રાપ્ત થાય. ૧૭. ક્રોધી નામના સંવત્સરમાં સર્વ જગત વ્યવસ્થા રહિત થાય, અને ભયંકર યુદ્ધથી વ્યાકુળ થાય તથા દેશ, જ્ઞાતિ અને કુટુંબમાં પરસ્પર ક્રોધ થાય. ૧૮. વિશ્વાવસુ નામના સંવત્સરમાં સર્વ જગત કલ્યાણયુકત થાય, સર્વ રસવાળા પદાર્થ મોંઘા રહે, ધાન્યની વૃદ્ધિ થાય તથા કાષ્ઠ અને લોઢાનો ભાવ વધે. ૧૯. તથા પરાભવ નામના સંવત્સરમાં રાજાઓના દેશોને વિષે તથા ખંડ ખંડ દેશોમાં મુખ્ય સામન્તો વડે ભય પામેલી સર્વ પ્રજા દુઃખી થાય. ૨૦.

ઇતિ દ્વિતીય વિંશતિકા

પ્લવંગ નામના સંવત્સરમાં ઘાસ અને ધાન્યનો વિનાશ થવાથી ગ્રીષ્મ ઋતુમાં ધાન્ય મોંઘું થાય, રાજાઓ પોતાના દેશને અને પરદેશને પીડા કરે. ૧. કીલક નામના સંવત્સરમાં

સર્વ ધાન્ય નીપજે, દેશમાં શાંતિ ઉપજે, કાંઈ પણ ઉપદ્રવ ન થાય, રાજાઓ પ્રસન્ન દૃષ્ટિવાળા થાય, અને કાંઇક ક્રીડામાં મગ્ન રહે. ૨. સૌમ્ય નામના સંવત્સરમાં સારી વૃષ્ટિ થાય, સુકાળ થાય, દેશ ઉપદ્રવ રહિત થાય, રાજાઓ શુભ દૃષ્ટિવાળા થાય, તથા સર્વત્ર સુખ પ્રવર્તે. ૩. સાધારણ નામના સંવત્સરમાં જળ વડે ભરેલા મેઘો પૃથ્વી પર નિરંતર વરસે, લોક હર્ષ પામે, અને સર્વ ધાન્યની ઉત્પત્તિ થાય. ૪. વિરોધી નામના સંવત્સરમાં દેશને વિષે ખંડ ખંડ એટલે કોઇ કોઇ ઠેકાણે વરસાદ થાય, કાન્યકુબ્જ દેશમાં છત્રનો ભંગ થાય, તથા રાજાઓનો વિરોધ થાય. ૫. પરિધાવી નામના સંવત્સરમાં સર્વ જગત્ સંતુષ્ટ થાય, વિવિધ પ્રકારના કલ્યાણ થાય, અને સુખકારક વાયુ વાય. ૬. (અહીં ૭મા પ્રમાથી નામના વર્ષ માટે કાંઇ કહ્યું નથી.) આનંદ નામના સંવત્સરમાં પ્રજા આનંદમાં રહે, સર્વ ધાન્યની ઉત્પત્તિ થાય, સર્વ રસની વસ્તુ મોંઘી થાય, તથા તેલ અને ઘીના ભાવ સમાન રહે. ૮. રાક્ષસ નામના સંવત્સરમાં કોદરાં, શાળી, મગ, વિગેરે ધાન્યનો વિનાશ થાય, બ્રાહ્મણો દુઃખી થાય, રાજાઓ વચ્ચે યુદ્ધ થાય, અને પ્રજા ક્રૂર થાય. ૯. નલ નામના સંવત્સરમાં ધાન્ય અને ઔષધિનો વિનાશ થવાથી કાંઇક દુકાળ પડે, આશ્વિન માસમાં મરણ અને વૈર થાય તથા તાપની જ્વાળાથી વિનાશ થાય. ૧૦. પિંગલ નામના સંવત્સરમાં સુકાળ થાય, દેશમાં સારો ભોગવટો થાય, ઘી, તેલ વિગેરે રસ અને વસ્ત્ર મોંઘાં થાય, કોઈ વખત શોક અને કોઈ વખત હર્ષ થાય, તથા ઘણાં મંગળ પ્રવર્તે. ૧૧. કાલયુક્ત નામના સંવત્સરમાં દુકાળ થાય, લોકમાં સર્વ રસ મોંઘા મળે, પૃથ્વી-

પર ઉંદરનો ઉપદ્રવ થાય, અને ઘણો કલહ ઉત્પન્ન થાય. ૧૨. સિદ્ધાર્થ નામના સંવત્સરમાં જળથી પૂર્ણ શુભ મેઘની વૃષ્ટિ થાય, પૃથ્વી પર ઘણું ધાન્ય પાકે તથા દેશમાં રાજાઓ ક્રૂર થાય. ૧૩ રૌદ્ર નામના સંવત્સરમાં રણસંગ્રામ થાય, ક્ષેત્રમાં ઉંદર, તીડ, સૂડા વિગેરેનો ઉપદ્રવ થાય, કાંઈક દુકાળ જણાય, અને અનુક્રમે વર્ષ ભયંકર થતું જાય. ૧૪. દુર્મતિ નામના સંવત્સરમાં પ્રાયે કરીને સુકાળ થાય, વેપાર બંધ થાય, વૃષ્ટિ સાધારણ થાય, પછીથી લોકને વિષે શાંતિ તથા સુખ પ્રવર્તે. ૧૫. દુંદુભિ નામના સંવત્સરમાં સુકાળ થાય, મોટા ઉત્સવથી ઘેર ઘેર વાજિંત્ર વાગે, બ્રાહ્મણ અને ગાયો આબાદ થાય અને સર્વત્ર શુભ પ્રવર્તે. ૧૬. રૂધિરોદ્દગારી સંવત્સરમાં દૈવયોગથી અલ્પ વૃષ્ટિ થાય, મનુષ્યો ક્રૂર થાય, અને રાજાઓનો ઉગ્ર સંગ્રામ થાય. ૧૭. રક્તાક્ષિ નામના સંવત્સરમાં સારી વૃષ્ટિ વડે ધાન્ય ઉત્પન્ન થવાથી પૃથ્વી રસકસવાળી અને પ્રફુલ્લિત થાય, પ્રાયે કરીને લોક રોગથી વ્યાપ્ત થાય, તથા ભૂમિકંપ થાય. ૧૮. ક્રોધન નામના સંવત્સરમાં રાજાઓનું યુદ્ધ થાય, દુકાળ પડે, દેશમાં વિરોધ અને ઉપદ્રવ ઉત્પન્ન થાય, સર્વત્ર વિષમતા થાય, મરકી ઉત્પન્ન થાય, અને મ્લેચ્છનું રાજ્ય થાય. ૧૯. ક્ષય નામના સંવત્સરમાં સૈન્યના ભારથી પૃથ્વી અને પર્વતો કંપવા લાગે, દુકાળથી દેશનો ભંગ થાય અને પ્રજાઓનો ક્ષય થાય. ૨૦.

ઇતિ તૃતીયા વિંશતિકા.

કોઇ ઠેકાણે જડ મનુષ્યના લેખકદોષથી, કોઈ ઠેકાણે વચનને વિષે વિભ્રમ થવાથી તથા કોઈ ઠેકાણે મતિનો ભ્રમ થવાથી કદાચ પાઠનો ભેદ (જૂદા જૂદા પાઠ) થવા સંભવ છે. તો પણ

વર્ષ સંબંધી નિર્ણય કરવામાં વિશેષ જ્ઞાનવાળા વિદ્વાનોનું કથન યથાર્થ જ ભાસે છે. વિચાર કરતાં સર્વનું કહેવું એક જ માલમ પડે છે.

હવે પ્રાચીન આચાર્યના વચનથી બધબંધ વડે સાઠ વર્ષનું ફળ સ્પષ્ટ રીતે કહેવામાં આવે છે-શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુને પ્રણામ કરી તથા તેમની સ્તુતિ કરી પ્રભવ વગેરે સંવત્સરના ફળને હું કહું છું.

પ્રભવ નામના સંવત્સરનો સ્વામી બ્રહ્મા છે. ચૈત્ર અને વૈશાખ માસ મંદ રહે એટલે કે તે બે માસમાં સમગ્ર વસ્તુ મોંઘી થાય. જ્યેષ્ઠ, અષાઢ અને શ્રાવણ એ ત્રણ માસમાં ધાન્ય મોંઘું રહે, ઘઉં, મગ, જુવાર વગેરેનો ભાવ વધે. ભાદ્રપદ માસમાં શુભ થાય. આશ્વિન માસમાં કોઈ ઠેકાણે મોંઘવારી રહે તથા મોટી રોગની પીડા થાય, સર્વ કયાણકનો ભાવ વધે. ૧. વિભવ નામના સંવત્સરનો સ્વામી વિષ્ણુ છે, તેમાં પૃથ્વી પર રોગનો ફેલાવ થાય, નાગપુર અને દેવગિરિના દુર્ગનો ભંગ થાય, તિલંગ મગધ અને ચીન દેશમાં ધાન્યની મોંઘવારી રહે, મોટા મુલતાન દેશમાં મહા યુદ્ધ થાય, બીજા દેશોમાં શાંતિ રહે. ચૈત્ર, વૈશાખ અને જયેષ્ઠ એ ત્રણ માસમાં મોંઘવારી રહે. અષાઢ, શ્રાવણ અને ભાદ્રપદ માસમાં સારી વૃષ્ટિ થાય. આશ્વિન માસમાં સર્વ રસનો ભાવ વધે, વૃષ્ટિ ઘણી થાય. કાર્તિક, માર્ગશીર્ષ, પોષ, માઘ અને ફાલ્ગુન એ પાંચ માસમાં સર્વ વસ્તુની તેજી રહે અને ઘઉંના ભાવ સાધારણ રહે. ૨. શુકલ નામના સંવત્સરનો સ્વામી રૂદ્ર છે, તેમાં મ્લેચ્છ દેશમાં છત્રભંગ થાય અને મંત્રીઓ રાજ્ય ચલાવે. ચૈત્ર, વૈશાખ અને જયેષ્ઠ માસમાં સોંઘવારી રહે. અષાઢ, શ્રાવણ

અને ભાદ્રપદમાં મહા વૃષ્ટિ થાય. આશ્વિન માસને વિષે લોકમાં વ્યાધિનો ઉપદ્રવ થાય, અન્ન અને ઘી સોંઘું થાય, તથા બીજી સર્વ વસ્તુ મોંઘી થાય. કાર્તિકાદિક ચાર માસમાં સર્વ ધાન્ય સસ્તું રહે. ફાલ્ગુન માસમાં ઉપદ્રવ થાય, સર્વત્ર વિગ્રહ થાય, ગ્રામ્ય લોક પીડા પામે, દેશો આકુળ વ્યાકુળ થાય અને ગામો શૂન્ય થાય. ૩. પ્રમોદ નામના વર્ષનો સ્વામી રવિ છે. તે વર્ષ મધ્યમ થાય. ખંડ ખંડ દેશમાં અલ્પ વૃષ્ટિ થાય, મેદપાટ દેશના લોકો પીડા પામે, દેશ ઉજ્જડ થાય; મ્લેચ્છ જનોનો ક્ષય થાય, છત્રભંગ થાય, પર્વતના તટ પર થોડી વસ્તી રહે, તિલંગ દેશમાં રાજાનો વિગ્રહ થાય. ચૈત્ર અને વૈશાખ માસમાં મોંઘવારી રહે. જ્યેષ્ઠ માસમાં રોગપીડા થાય. અષાઢ વગેરે ત્રણ માસમાં અલ્પ વૃષ્ટિ થાય. આશ્વિન માસમાં કાંઈક વૃષ્ટિ થાય, તેર પૈસાનું એક કળશી ધાન્ય વેચાય. કાર્તિકાદિક પાંચ માસમાં મોંઘવારી રહે, વાયુ ઘણો વાય, વેપારી લોક પીડા પામે, ખંડ ખંડ વૃષ્ટિ થાય, રેશમી વસ્ત્ર મોંઘાં થાય. કાર્તિકાદિક ચાર માસમાં સર્વ રસ મોંઘાં થાય, અને ફાલ્ગુન માસમાં સાધારણ ભાવ રહે. ૪. પ્રજાપતિ નામના સંવત્સરનો સ્વામી ચંદ્ર છે. તેમાં બારે માસ સારા છે. મેઘની વૃષ્ટિ અલ્પ થાય. આશ્વિન માસમાં રોગ વૃદ્ધિ પામે, પચીશ પૈસાનું એક કળશી ધાન્ય મળે. કાર્તિક અને માર્ગશીર્ષ એ બે માસ મંદા રહે. પોષ વિગેરે ત્રણ માસ અનિષ્ટ રહે, કોઈ ઠેકાણે ઉત્પાત થાય, અને ધર્મિષ્ઠ લોક પીડા પામે. ૫. અંગિરા નામના સંવત્સરનો સ્વામી મંગળ છે. તે વર્ષમાં ચૈત્ર અને વૈશાખ એ બે માસ મંદ રહે, જ્યેષ્ઠ માસમાં પ્રબળ વાયુ વાય, અષાઢ માસમાં ઘણી વૃષ્ટિ થાય. શ્રાવણાદિક ત્રણ માસમાં રોગની પીડા થાય, કાર્તિક

માસમાં સર્વ અન્ન નીપજે. પોષ વિગેરે ત્રણ માસમાં કરા પડે, પણ વૃષ્ટિ ન થાય. ૬. શ્રીમુખ નામના સંવત્સરનો સ્વામી બુધ છે. તે વર્ષમાં ચૈત્ર માસમાં સર્વ ધાન્ય મોંઘું થાય. અષાઢના કૃષ્ણપક્ષમાં ઘણી વૃષ્ટિ થાય. શ્રાવણ માસમાં ઘઉં મોંઘાં થાય, ઘી અને ધાન્યનો સંગ્રહ કર્યો હોય તો બમણો લાભ થાય, વણિગ્જન પીડા પામે, પશ્ચિમ દિશામાં ઘણી પીડા ઉપજે, પૂર્વ દિશામાં શત્રુના સૈન્યનો ભય થાય, ઉચ્ચ મુલતાન દેશમાં પ્રજા પીડા પામે. ભાદ્રપદ અને આશ્વિન માસમાં સર્વ ધાન્યનો પાક થઇ સુકાળ થાય. કાર્તિકાદિક ત્રણ માસમાં અથવા પાંચ માસમાં સર્વ રસ અને સર્વ ધાન્ય મોંઘાં રહે. ૭. ભાવ નામના સંવત્સરનો સ્વામી ગુરૂ છે. તે વર્ષમાં ગાયો ઘણું દૂધ આપે, વરસાદ ઘણો થાય, વિશોપક પંદર થાય, સર્વ વસ્તુ સોંઘી થાય, ઉચ્ચ મુલતાન અને અયોધ્યા દેશમાં રાજયુદ્ધ થાય, લોકો પીડા પામે. ઘી, ગોળ, અફીણ, સોપારી મજિઠ, મરી અને દાંતની વસ્તુ મોંઘી થાય. ચૈત્ર માસમાં સાધારણ ભાવ રહે, વૈશાખમાં મોંઘવારી રહે, સર્વ ધાન્ય સંગ્રહ કરવાથી બમણો લાભ મળે. અષાઢ અને શ્રાવણ માસમાં કાંઈક વરસાદ થાય. ભાદ્રપદમાં સારો વરસાદ થાય. આશ્વિન માસમાં ઘણો રોગ ફેલાય. કાર્તિક માસ ઉત્તમ થાય. માર્ગશીર્ષ વિગેરે ચાર માસ મંદ રહે, રાજયુદ્ધ થાય, અને મહાજન પીડા પામે. ૮. યુવા નામના સંવત્સરનો સ્વામી શુક્ર છે. તે વર્ષમાં ભૂમિકંપ અને જળનો ભય ઘણો થાય. ચૈત્ર અને વૈશાખમાં ઉત્પાત થાય. જ્યેષ્ઠમાં રોગ ઉત્પન્ન થાય. અષાઢ શુકલપક્ષમાં ઘણો વરસાદ થાય. શ્રાવણમાં વાયુ વાય, અન્ન મોંઘું મળે. ભાદ્રપદ માસમાં ચૌદ દિવસ ઘણો વરસાદ

પડે, દેશ વ્યાકુળ થાય, રાજાનો વિગ્રહ થાય, ઉત્તર દિશાના અર્ધ દેશમાં ભયંકર દુકાળ પડે, પૂર્વ દિશાની ખેતી નિષ્ફળ થાય, દક્ષિણ દિશામાં વૈર, વિરોધ અને માર્ગની વિષમતા થાય, પશ્ચિમ દિશામાં પ્રથમ લોક પીડા પામે, પછીથી દુકાળ પડે, સર્વ રસના ભાવ સાધારણ રહે. કાર્તિક અને માર્ગશીર્ષ માસ ઉત્તમ રીતે પસાર થાય. પોષ અને માઘ માસ મધ્યમ રીતે પસાર થાય. ફાલ્ગુન માસમાં કાંઇક કલેશ થાય અને માઘાદિક માસમાં માર્ગને વિષે વિગ્રહ થાય. ૯. ધાતા નામના સંવત્સરનો સ્વામી શનિ છે. તે વર્ષે ચૈત્ર અને વૈશાખ માસમાં સર્વ ધાન્ય મોંઘું રહે. જયેષ્ઠ માસમાં સાધારણ ભાવ રહે. અષાઢ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, ઘી, તેલ, જુવાર, કપાસ, મજીઠ, મરી અને સોપારી મોંઘાં થાય. શ્રાવણ માસમાં સર્વ ધાન્ય સોંઘાં થાય. ભાદ્રપદ માસમાં પુરુષો કાયર થાય, પશ્ચિમ દિશામાં મોટી મેઘવૃષ્ટિ થાય, સર્વ ધાન્યનો ભાવ મંદ રહે, ઉત્તર અને દક્ષિણની વચ્ચે મહા મેઘ વૃષ્ટિ થાય, પરંતુ લોક પીડા પામે. આશ્વિન માસમાં રસકસ અને ધાતુનો ભાવ તેજ થાય, ધાન્યનો ભાવ સમાન રહે. કાર્તિકાદિક ચાર માસ સુધી સર્વ દેશમાં અન્ન મોંઘું થાય. ૧૦. ઈશ્વર નામના સંવત્સરનો સ્વામી રાહુ છે. તેમાં ઉત્તર દિશાને વિષે દુકાળ પડે, પૂર્વ દિશામાં સુકાળ થાય, પશ્ચિમ દિશામાં પરસ્પર વિરોધ થાય. ચૈત્ર અને વૈશાખમાં અન્ન મોંઘું રહે. જયેષ્ઠ અને અષાઢ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, સર્વ ધાન્ય મોંઘું થાય. કાર્તિક માસમાં ભયંકર દુકાળ લાગે, મજીઠ, મરી, લવિંગ, એલચી અને સોપારી વગેરે વસ્તુ મોંઘી મળે. માર્ગશીર્ષ વગેરે ચાર માસમાં અતિ દુકાળ લાગે, ધાન્ય મોંઘું થાય, મનુષ્યોનાં ધડ અને માથાં ભૂમિ પર લોટતાં થાય. ૧૧. બહુધાન્ય સંવત્સરનો સ્વામી

કેતુ છે, તે વર્ષે પુરૂષો વીર્ય-પરાક્રમ રહિત થાય, પશ્ચિમ દિશામાં સુકાળ થાય, સર્વ દેશોમાં સુખ થાય, દક્ષિણ દિશામાં વિગ્રહ થાય, અને પ્રજાજનમાં અતિ ભય રહે, ઉત્તરાપથ દેશમાં લોકો પીડા પામે, પૂર્વ દિશામાં દુકાળ થાય. તે વખતે અન્નનો સંગ્રહ કરવો યોગ્ય છે. ચૈત્ર અને વૈશાખ માસમાં અન્ન કાંઇક મોંઘું થાય. જ્યેષ્ઠ માસમાં ચારગણો લાભ થાય. અષાઢ અને શ્રાવણ માસમાં મેઘ વરસે, સર્વત્ર અન્ન મોંઘું થાય, ધાન્ય સંગ્રહ કરનારને છગુણો લાભ થાય. ભાદ્રપદ માસમાં અત્યંત મેઘ વરસે, સર્વ ધાન્ય સોંઘાં થાય. આશ્વિન માસમાં મેઘ વરસે, અને કાર્તિકાદિક ચાર માસમાં સાધારણ ભાવ રહે. ૧૨. પ્રમાથી નામના સંવત્સરનો સ્વામી રવિ છે. તે વખતે અષાઢ અને શ્રાવણ માસમાં અલ્પ મેઘ વરસે. ભાદ્રપદની પાંચમે કાંઈક મેઘ વરસે. ચૈત્ર માસમાં ઘઉં અને જુવારના ભાવ વધે. વૈશાખ અને જ્યેષ્ઠ માસમાં સર્વત્ર ધાન્યનો ભાવ તેજ રહે, કૃષ્ણપક્ષની સાતમ અને અમાવાસ્યાને રોજ ઘણો વરસાદ વરસે, ત્યારપછી ઘણું અનિષ્ટ વર્તે. કાર્તિકાદિ પાંચ માસમાં સર્વ રસ મોંઘાં થાય, મજીઠ, સોપારી, હિંગળોક, કેસર, અગર, વસ્ત્ર અને શ્રીફળ એ સર્વ વસ્તુની તેજી થાય. ૧૩. વિક્રમ નામના સંવત્સરનો સ્વામી ચંદ્ર છે. તે વર્ષે રાજા અને પ્રજા સુખી રહે, વરસાદ ઘણો વરસે. ચૈત્ર અને વૈશાખમાં ધાન્ય મોંઘું રહે, અન્નનો સંગ્રહ કરનારને બમણો લાભ થાય. વૈશાખ માસમાં મ્લેચ્છ લોકોનો ભય થવાથી નગર ઉજ્જડ થાય, અરણ્યમાં વસવું પડે, દશ દિવસ સુધી મહા વાયુ, ભૂમિકંપ થાય, પ્રજા પીડા પામે. જ્યેષ્ઠ માસમાં દુકાળ જણાય. અષાઢ માસમાં મહા ઉત્પાત

થાય. શ્રાવણ તથા ભાદ્રપદ માસમાં મહા વૃષ્ટિ થાય, પ્રજા સુખી થાય, સર્વ ધાન્ય સોંઘું થાય, સર્વ વસ્તુ પણ સોંઘી થાય, આશ્વિન માસમાં રોગની ઉત્પત્તિ થાય, સર્વ રસનો સાધારણ ભાવ રહે, તથા કાર્તિકાદિક પાંચ માસ સુધી સર્વ અન્નનો ભાવ સાધારણ રહે. ૧૪. વૃષભ નામના સંવત્સરનો સ્વામી મંગળ છે. તે વર્ષે વરસાદ ઘણો થાય, પણ રાજાઓ પીડા પામે, છત્રનો ભંગ થાય. વૈશાખ અને જયેષ્ઠ માસમાં અન્ન સોંઘું રહે, ધાન્ય સંગ્રહ કરનારને ત્રણગુણો લાભ થાય. અષાઢ માસમાં ધાન્ય મોંઘું થાય. શ્રાવણ અને ભાદ્રપદ માસમાં વરસાદ સારો વરસે. આશ્વિન માસમાં સર્વ ધાન્ય સમાન રહે, ઘીનો ભાવ વધે, પશ્ચિમ દિશામાં અન્ન મોંઘું થાય, દેશ ઉજ્જડ થાય, પાછળથી કાંઈક સુકાળ થાય. આશ્વિન માસમાં વરસાદ થાય, સર્વ વસ્તુ સોંઘી થાય. કાર્તિક માસમાં કાંઇક અનિષ્ટ થાય. માર્ગશીર્ષ માસમાં કાંઈક દુઃખ ઉપજે. પોષ વગેરે ત્રણ માસમાં મોંઘવારી વધે, પણ પછીથી સમય મધ્યમ રહે. ૧૫. ચિત્રભાનુ નામના સંવત્સરનો સ્વામી બુધ છે. તે વર્ષે લોકો સુખી થાય, પ્રથમ અલ્પ વરસાદ થાય, પછીથી ઘણી વૃષ્ટિ થાય, સર્વ ધાન્ય અને ઘીના ભાવ સમાન રહે. વૈશાખ માસમાં અન્નનો ભાવ સાધારણ રહે. જયેષ્ઠાદિક ત્રણ માસમાં સારો વરસાદ થાય, સર્વ પ્રકારનું ધાન્ય સોંઘું થાય. ભાદ્રપદ, આશ્વિન માસમાં રોગની પીડા વધે. કાર્તિક માસમાં મરકીનો ભય ઉત્પન્ન થાય. માર્ગશીર્ષ અને પોષ માસમાં અનિષ્ટ ઉપજે. માઘ તથા ફાલ્ગુન માસમાં પ્રજામાં રોગ વધે, પણ સર્વ અન્ન અને રસ સોંઘાં થાય, કરીયાણાની સર્વ વસ્તુ મોંઘી થાય. ૧૬. સુભાનુ નામના સંવત્સરનો સ્વામી

શુરૂ છે. પૂર્વ દિશામાં દુકાળ પડે, લોક સુખી રહે. ચૈત્ર માસમાં મોંઘવારી રહે. વૈશાખ અને જ્યેષ્ઠ માસમાં રોગની પીડા થાય. અષાઢ માસમાં અન્ન મોંઘું મળે. શ્રાવણ માસમાં વરસાદ આવે, અન્નનો ભાવ સમાન રહે. ભાદ્રપદ માસમાં મોટી વૃષ્ટિ થાય. આશ્વિન માસમાં રોગની પીડા થાય, ઘઉંના ભાવ સમાન રહે, જુવાર, મગ વગેરે ધાન્ય એક પૈસાનું મણ મળે, ધાતુ તથા બીજી સર્વ વસ્તુ મોંઘી થાય, ઘીનો ભાવ સાધારણ રહે. કાર્તિક અને માર્ગશીર્ષ એ બે માસ મધ્યમ રહે, રાજાઓ લોકોને પીડા પમાડે. પોષાદિક ત્રણ માસમાં રોગની પીડા થાય અને પરસ્પરના વિરોધથી પ્રજાનો ક્ષય થાય. ૧૭ તારણ નામના સંવત્સરનો સ્વામી શુક્ર છે. તે વર્ષે અતિ વાયરો વાય, પરસ્પર ઘણું યુદ્ધ થાય. ચૈત્ર માસમાં રોગ વધે વૈશાખમાં સર્વ વસ્તુ મોંઘી મળે. જ્યેષ્ઠ માસમાં ઘણો વાર્ વાય. અષાઢ માસમાં અલ્પ વૃષ્ટિ થાય. શ્રાવણ માસમાં સાતર કે નોમથી વરસાદ વરસે. ભાદ્રપદની અગ્યારશે અત્યંત વરસા વરસે. આશ્વિન માસમાં અન્ન મોંઘું રહે, સર્વ રસનો સંગ્ર કરવો યોગ્ય છે. કાર્તિક માસમાં મોંઘવારી થાય, માર્ગશ વિગ્રહ થાય, ધાન્ય મોંઘું રહે. યોગિનીપુરમાં મહા ભ થાય, રાજાઓ વચ્ચે વિરોધ થાય, મ્લેચ્છ લોકોનો ભય થાર પોષ માસમાં યુદ્ધ થાય, પશ્ચિમ દિશામાં ધાન મોંઘું થાય, ઉત્તર દેશમાં મોટો દુકાળ પડે વિગ્રહ થાય, રાજાના વિરોધને લીધે મોટું પાપ થાય, પૂ કે દક્ષિણ દિશાના લોકોને વનને વિષે વસવું પડે, પશ્ચિ દિશામાં મહા યુદ્ધ થાય, પણ ધાન્ય અને બીજી વસ્તુ સોંઘ રહે. ૧૮. પાર્થિવ નામના સંવત્સરનો સ્વામી શનિ છે. તે વ

ઘણા ઉત્પાત થાય, અન્નનો સંગ્રહ કરવો યોગ્ય છે. ચૈત્ર અને વૈશાખ માસમાં મોટી મોંઘવારીને લીધે વિગ્રહ થાય. જ્યેષ્ઠ માસમાં રોગની પીડા થાય અથવા રાજાઓ વચ્ચે યુદ્ધ થાય. અષાઢ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, ધાન્ય મોંઘું થાય. ભાદ્રપદ માસમાં નૈઋંત ખુણાનો વાયુ વાય, અન્ન મોંઘું થાય. આશ્વિન માસમાં વૃષ્ટિ સારી થાય, ઘઉં, જુવાર, મગ વગેરે મોંઘાં થાય, પરંતુ ધાતુ, કરીયાણું અને ઘીનો ભાવ મંદ રહે. કાર્તિક અને માર્ગશીર્ષ માસમાં રોગની પીડા થાય. પોષ અને માઘ માસમાં મોટી મોંઘવારી રહે તથા ફાલ્ગુન માસમાં સમાન ભાવ રહે. ૧૯. વ્યય નામના સંવત્સરનો સ્વામી શાહુ છે. તે વર્ષે વૃષ્ટિ થાય નહીં, ભયંકર દુકાળ પડે. ચૈત્ર માસ મધ્યમ રહે. વૈશાખ અને જ્યેષ્ઠ માસમાં મોંઘવારી તથા દેશમાં વિગ્રહ થાય. અષાઢ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, મોંઘવારી રહે. શ્રાવણ માસમાં દુકાળ જણાય, મધ્ય દેશમાં વિગ્રહ થાય, દક્ષિણ દિશાના દેશમાં મહા પીડા થાય. ભાદ્રપદ માસમાં ખંડ ખંડ વૃષ્ટિ થાય, ધાન્ય મોંઘું થાય. આશ્વિન માસમાં રોગની પીડા થાય, પૂર્વ દિશામાં વિગ્રહ થાય, ઘઉંનો ભાવ ઘણો વધે, સંગ્રહ કરનારને ચારગુણો લાભ થાય, સર્વ રસ મોંઘાં થાય, સમય મધ્યમ રહે. કાર્તિક માસમાં રોગની પીડા થાય અથવા વિગ્રહની શાંતિ થાય. માર્ગશીર્ષ માસમાં અન્ન મોંઘું થાય, કાંઈક યુદ્ધ થાય. પોષ અને માઘ માસમાં અત્યંત મોંઘવારી રહે. ફાલ્ગુન માસમાં સાધારણ ભાવ રહે, માર્ગમાં વિષમતા થાય અને અન્ન મોંઘું થાય. ૨૦.

ઇતિ ઉત્તમ વિંશતિકા પહેલી.

સર્વજીત્ નામના સંવત્સરનો સ્વામી બ્રહ્મા છે. તેમાં ચૈત્રાદિક ત્રણ માસ મોંઘવારી રહે. અષાઢ માસમાં અલ્પ વૃષ્ટિ થાય. શ્રાવણ માસમાં ઘણી વૃષ્ટિ થાય, સર્વ ધાન્ય, સર્વ રસ અને સર્વ વસ્તુ સોંઘી થાય, નવા સિક્કાનું ચલણ થાય, રાજાઓમાં વિગ્રહ થાય, અન્ન મોંઘું થાય. ભાદ્રપદ માસમાં પાંચ દિવસ પછી મહાવૃષ્ટિ થાય. આશ્વિન માસમાં રોગની ઉત્પત્તિ થાય, સર્વ ધાન્ય સોંઘું થાય. કાર્તિક માસમાં રાજા રાજ્ય કરે, પ્રજાને સુખ થાય, અન્ન સસ્તું થાય. માર્ગશીર્ષ અને પોષ માસ ઉત્તમ હોવાથી સર્વ લોક સુખી થાય. માઘ માસમાં ત્રણ દિવસ વરસાદ વરસે, મજીઠ, મુહરા, મરી, સુંઠ, પીંપર, સોપારી વિગેરે વસ્તુ મોંઘી થાય. ફાલ્ગુન માસમાં સર્વવસ્તુ અને રસનો ભાવ સમાન રહે, ઉત્તમ સમય થાય. ૧. સર્વધારી નામના સંવત્સરનો સ્વામી વિષ્ણુ છે. તેમાં રાજાનું રાજ્ય સ્વસ્થ હોય, પ્રજાને સુખ થાય, અન્ન સોંઘું રહે. માર્ગશીર્ષ અને પોષ એ બે માસ ઉત્તમ હોય, સર્વ લોક સુખી થાય, છએ દર્શનની મહત્તા અને પૂજા થાય, સર્વ નગર અને દેશમાં શાંતિ નિવાસ થાય. ચૈત્ર માસમાં સર્વ ધાન્યનો ભાવ સાધારણ રહે, ઉત્તરના દેશમાં દુકાળ પડે. વૈશાખ અને જયેષ્ઠ માસમાં મોંઘવારી રહે. જયેષ્ઠ માસમાં મહાભય અને અરિષ્ટ ઉપજે. અષાઢ માસમાં વરસાદ થાય. શ્રાવણ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, અન્ન મોંઘું થાય. ભાદ્રપદ માસમાં દુકાળ જણાય. આશ્વિનમાં રોગ થાય, ધાન્યનો ભાવ સાધારણ રહે, રાજાઓનું પરસ્પર યુદ્ધ થાય અને અન્ન મોંઘું થાય. ૨. વિરોધી નામના સંવત્સરનો સ્વામી રૂદ્ર છે. ચત્રાદિક ત્રણ માસમાં ધાન્ય મોંઘું રહે. અષાઢ અને શ્રાવણ માસમાં

અતિવૃષ્ટિ થાય. ભાદ્રપદ માસમાં ખંડ ખંડ વૃષ્ટિ થાય. અષાઢાદિક ત્રણ માસમાં મહા ભય થાય, કાંઈક ઉત્પાત થાય, રાજા અને પ્રજા સુખી થાય, કોઈ ઠેકાણે રાજાઓનું યુદ્ધ થાય, સર્વ ધાન્ય મોંઘું થાય. આશ્વિન માસમાં સર્વ ધાન્ય સોંઘું થાય. કાર્તિક માસમાં મરકી અને રોગ ઘણો થાય. માર્ગશીર્ષ વિગેરે ચાર માસ સુધી ગુજરાત અને મારવાડમાં અન્ન મોંઘું રહે. ૩. વિકૃત નામના સંવત્સરનો સ્વામી રવિ છે. તેમાં અકાળે વર્ષા થાય, રાજવિરોધ થાય, દેશ ઉજ્જડ થાય, મારવાડ દેશમાં દુકાળ થાય. ચૈત્રાદિ ચાર માસ મોંઘવારી રહે, એક સો પૈસાનું કળશી ધાન્ય મળે. શ્રાવણ અને ભાદ્રપદ માસમાં મેઘની વૃષ્ટિ થાય નહીં, ભયંકર દુકાળ પડે. આશ્વિન માસમાં ઉત્પાત અને ભૂમિકંપ થાય, કાર્તિક માસમાં છત્રભંગ થાય, સોનું, રૂપું, તાંબું અને કાંસું વિગેરે સર્વ ધાતુ સોંઘી થાય, વીશ રૂપીયાનો એક ટાંક એવા સો ટાંક વડે એક કળશી ધાન્ય મળે. ૪. ખર સંવત્સરનો સ્વામી ચંદ્ર છે. તેમાં ચૈત્રાદિ પાંચ માસમાં ઘણો વરસાદ થાય, સુકાળ થાય, પ્રજા સુખી થાય, સર્વ લોકમાં ગુરૂનું મહત્ત્વ વધે, પશ્ચિમ દિશામાં સુકાળ થાય. આશ્વિન માસમાં અન્નનો ભાવ સાધારણ રહે, રસનો ભાવ વધે, મજીઠ અને સુહાગ વસ્તુથી મારવાડમાં ત્રણગુણો લાભ થાય, મ્લેચ્છ લોકોનો ક્ષય થાય, રોગની પીડા થાય, સર્વ ધાન્ય નીપજે, પ્રજા સુખી થાય. કાર્તિકાદિ પાંચ માસ મધ્યમ રહે અને સર્વ ધાતુ સોંઘી થાય. ૫. નંદન નામના સંવત્સરનો સ્વામી મંગળ છે. તેમાં પ્રજા સુખી થાય, સર્વ ધાન્યનું સમાનપણું રહે. ચૈત્ર માસમાં કરા પડે. વૈશાખમાં ધાન્ય મોંઘું થાય, પ્રચંડ વાયુ વાય. જ્યેષ્ઠ માસમાં પણ

મોંઘવારી થાય. અષાઢ માસમાં મોટો મેઘ વરસે. શ્રાવણમાં થોડો વરસાદ થાય. ભાદ્રપદ માસમાં ઘણી વૃષ્ટિ થાય. આશ્વિન માસમાં સુકાળ થાય, રાજાઓ રાજ્ય વડે સ્વસ્થ રહે, પ્રજા સુખી થાય. કાર્તિક માસમાં સુકાળ થાય, અન્ન સમાન રહે. માર્ગશીર્ષ વગેરે ચાર માસ મોંઘવારી રહે, મજીઠ, લવિંગ અને મરીનો ભાવ તેજ રહે. ૬. વિજય નામના સંવત્સરનો સ્વામી બુધ છે. તેમાં સર્વ દેશો મહા પીડા પામે, રાજાઓનો પરસ્પર વિરોધ થાય, અન્ન મોંઘું થાય, જળ થોડું મળે, પૃથ્વી રૂધિરને પીનારી થાય, બ્રાહ્મણોને પીડા થાય, ગાય, ભેંસ, અશ્વ અને હસ્તીને પીડા થાય. ચૈત્ર માસમાં ગર્જના સહિત વરસાદ થાય. વૈશાખ અને જ્યેષ્ઠ માસમાં અન્ન મોંઘું રહે. અષાઢ અને શ્રાવણ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, એક કળશી ધાન્ય ચાળીશ ફદીયે મળે. ભાદ્રપદ માસમાં વરસાદ વરસે નહીં, એક કળશી અનાજ ચોરાણું ફદીયે મળે. આશ્વિન માસમાં વણિક જનને પીડા થાય, અન્ન મોંઘું મળે. ફાલ્ગુન માસમાં અનાજના ભાવ સાધારણ રહે, વિગ્રહ થાય, અને ધાન્ય સંગ્રહ કરનારને છગુણો લાભ થાય. ૭. જય નામના સંત્સરનો સ્વામી ગુરૂ છે. તેમાં મહા સુકાળ થાય. ચૈત્ર માસમાં મોંઘવારી થાય. વૈશાખ અને જ્યેષ્ઠ માસમાં સોંઘવારી રહે. અષાઢ માસમાં વરસાદ થાય, અન્ન મોંઘું રહે. શ્રાવણ માસમાં ચોવીશ દિવસ સુધી વરસાદ વરસે. ભાદ્રપદ માસમાં સાત દિવસ વરસાદ વરસે. આશ્વિન માસમાં અન્ન સોંઘું થાય, એક મણ અનાજના પાંત્રીશ દામ લાગે, બીજી વસ્તુ મોંઘી થાય, મોતી અને પરવાળા વિગેરે વધારે મોંઘાં થાય. માર્ગશીર્ષ માસમાં ઘણો રોગ થાય, વણિક લોક પીડા

પામે, ઉચ્ચ મુલતાન દેશમાં રોગની પીડા, છત્રનો ભંગ અને લોકો દુઃખી થાય. ૮. મન્મથ નામના સંવત્સરનો સ્વામી શુક્ર છે. તેમાં રાજાનો વિરોધ થાય, પૂર્વ દેશમાં લોકને પીડા થાય, પણ વૃષ્ટિ ઘણી થાય, રોગ ઘણો પ્રવર્તે, ધાન્યનો સંગ્રહ કરવો યોગ્ય છે. ચૈત્ર માસમાં વરસાદ થાય, ભૂમિકંપ થાય. વૈશાખમાં સોંઘવારી રહે. જ્યેષ્ઠ અને અષાઢ માસમાં મોંઘવારી રહે, ધાન્ય સંગ્રહ કરનારને છગુણો લાભ થાય, શ્રાવણ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, અને ભાદ્રપદ માસમાં ચૌદ દિવસ સુધી ઘણો વરસાદ થાય. આશ્વિન માસમાં રોગની પીડા થાય, અન્ન મોંઘું મળે, સાઠ દામનું એક મણ અનાજ મળે, સર્વ ધાતુઓ સોંઘી થાય. કાર્તિક માસમાં સુકાળ થાય, ગુજરાત દેશની અપેક્ષાએ અન્નનો ભાવ સાધારણ રહે. માર્ગશીર્ષાદિક ત્રણ માસમાં અન્ન સોંઘું થાય, લોક સુખી થાય, રાજા શાંતિ પામે, સર્વ ધાતુ સોંઘી રહે, અને વસ્ત્ર મોંઘાં થાય. ૯. દુર્મુખ નામના સંવત્સરનો સ્વામી શનિ છે. તે અશુભ છે. મેઘ અલ્પ હોય, મોટા લોકને પીડા થાય, લોકોમાં રોગનો ઉપદ્રવ થાય, ઉત્તર દેશમાં દુકાળ પડે, પશ્ચિમ દિશામાં મહા પીડા ઉત્પન્ન થાય, પૂર્વ દેશમાં સુકાળ થાય, અન્નનો ભાવ તેજ રહે, વૈરભાવ વધે, નોળીયા અને સર્પનું વિષ વધે. ચત્રાદિક ત્રણ માસમાં સોંઘવારી રહે. અષાઢ માસમાં થોડો વરસાદ થાય. શ્રાવણ માસમાં પ્રચંડ વાયુ વાય, સર્વ ધાન્ય મોંઘાં થાય. ભાદ્રપદ માસમાં એક મણ અનાજના પંચાશી દામ લાગે, ખંડ ખંડ વૃષ્ટિ થાય. આશ્વિન માસમાં રોગની પીડા થાય, સર્વ ધાતુઓ સસ્તી થાય. કાર્તિકાદિક ચાર માસ ભયંકર દુકાળ જણાય, ગાય બ્રાહ્મણને પીડા થાય, જજીયાદિક કરોની

પ્રવૃત્તિ થાય, માતા પુત્રને પણ વેચે, પિતા પુત્ર પરનો સ્નેહ તજી દે. ફાલ્ગુન માસમાં રોગની પીડા થાય, રાજાઓમાં પરસ્પર વિરોધ થાય, તથા લોક પીડા પામે. ૧૦ હેમલંબ નામના સંવત્સરનો સ્વામી રાહુ છે. તેમાં લોકો અતિ દુ:ખ પામે, લોકોમાં રોગ પ્રવર્તે, ભૂમિકંપ વિગેરે ઉત્પાતો થાય, વણિક જન પીડા પામે. ચૈત્ર અને વૈશાખ માસમાં ધાન્યાદિકનો મંદ ભાવ રહે, શત્રુનું સૈન્ય ચડી આવે. જ્યેષ્ઠાદિક ત્રણ માસમાં ધાન્ય મોંઘું રહે, ધાન્ય સંગ્રહ કરનારને ચારગુણો લાભ પ્રાપ્ત થાય. ભાદ્રપદ માસમાં ઘણો વરસાદ થાય, અન્નનો ભાવ સાધારણ રહે. કાર્તિક માસમાં છત્રનો ભંગ થાય, લોકો પીડા પામે, એક સો ને બે ફદીયાનું એક કળશી અનાજ મળે, સર્વ ધાતુઓ સોંઘી થાય, ચાર પગા પશુને પીડા થાય. માર્ગશીર્ષ આદિ ચાર માસ રાજા અને લોક સુખ પામે. ૧૧. વિલંબ નામના સંવત્સરનો સ્વામી રવિ છે. તે વર્ષે ચૈત્ર અને વૈશાખ માસમાં ધાન્ય મોંઘું થાય. અષાઢ અને શ્રાવણ માસમાં ધાન્યની એક કળશીના પાંચ ટંક અને પચીશ ફદીયા લાગે. અષાઢ માસમાં અલ્પ વૃષ્ટિ થાય. શ્રાવણ માસમાં ઘણી વૃષ્ટિ થાય, સુકાળ થાય. ભાદ્રપદ માસમાં અગ્યાર દિવસ ઘણો વરસાદ થાય, પરંતુ ઘઉં અને ચણા મોંઘા રહે, પશ્ચિમ દિશામાં સુકાળ થાય, રાજાઓનો વિગ્રહ થાય, પૂર્વ તરફના દેશમાં અન્નની દુર્લભતા થાય, દક્ષિણ દેશમાં રાજાઓ વચ્ચે પરસ્પર વિરોધ થાય. આશ્વિન માસમાં અન્ન મોંઘું થાય, રોગની પીડા થાય, સર્વ કરીયાણાની વસ્તુ મોંઘી થાય. કાર્તિકાદિક પાંચ માસમાં એક કળશી અનાજના દસ ફદીયા લાગે. ૧૨. વિકારી નામના સંવત્સરનો સ્વામી ચંદ્ર છે. તેમાં સર્વ અનાજ અને વસ્તુ મોંઘી થાય, બ્રાહ્મણો સુખ પામે. ચૈત્રાદિક ત્રણ માસમાં

ધાન્ય મોંઘું રહે. અષાઢ અને શ્રાવણ માસમાં ઘણો વરસાદ થાય, સુકાળ થાય. ભાદ્રપદ માસમાં અલ્પ વૃષ્ટિ થાય. આશ્વિન માસમાં સર્વનો ભય થાય, કેતુનો ઉદય થાય, એક કળશી અનાજના દશ ફદીયા લાગે, સર્વ વસ્તુ સોંઘી થાય. કાર્તિક અને માર્ગશીર્ષ માસમાં ધાન્ય સસ્તું થાય. પોષ માસમાં રોગની પીડા થાય, લોક સુખી થાય અને ફાલ્ગુન માસમાં ધાન્ય મોંઘું રહે. ૧૩. શર્વરી નામના સંવત્સરનો સ્વામી મંગળ છે. તેમાં વરસાદ અલ્પ થાય, પ્રજાનો વિનાશ થાય, રાજાઓનો વિરોધ થાય. ચૈત્રાદિક ત્રણ માસમાં અન્નનો ભાવ સાધારણ રહે. અષાઢ તથા શ્રાવણ માસમાં ઘણો વરસાદ વરસે, પરંતુ ખંડ ખંડ વૃષ્ટિ થાય, અન્ન મોંઘું થાય. ભાદ્રપદ માસમાં વૃષ્ટિ ન થાય, લોકમાં રાજાઓ પીડા પામે. આશ્વિન માસમાં રોગની પીડા થાય, દશ ફદીયાની એક કળશી અનાજની મળે, પશ્ચિમ દેશમાં દુકાળ પડે, પૂર્વ દેશમાં સુકાળ થાય, કાર્તિક તથા માર્ગશીર્ષ માસમાં અન્ન મોંઘું થાય. પોષ, માઘ અને ફાલ્ગુન માસમાં ધાન્ય સોંઘું થાય. ૧૪. પ્લવ નામના સંવત્સરનો સ્વામી બુધ છે. વર્ષા ઋતુમાં વરસાદ સારો થાય, વર્ષ ઉત્તમ થાય. ચૈત્રમાં ધાન્યની મંદતા રહે. વૈશાખ માસમાં ભૂમિ ભયંકર લાગે. જ્યેષ્ઠ માસમાં અન્ન સોંઘું થાય, તિલંગ અને પૂર્વ દેશમાં પીડા થાય. અષાઢ માસમાં મહા વાયુ અને ઉત્પાતો થાય, લોકો રોગી થાય. શ્રાવણ માસમાં ઘણી વૃષ્ટિ થાય. સત્તર દિવસ વરસાદ વરસે. ભાદ્રપદ માસમાં વરસાદ ઘણો થાય, ધાન્ય સસ્તું થાય, આઠ ફદીયાનું એક કળશી અનાજ મળે. આશ્વિન માસમાં સર્વ વસ્તુ અને સર્વ ધાતુ સોંઘી થાય, ઘઉં મોંઘાં થાય. કાર્તિક માસમાં અન્ન સસ્તું થાય, લોક સુખી થાય, મંડપાચળ

દેશમાં વિગ્રહ થાય. પોષાદિક ત્રણ માસમાં અતિ સુકાળ જણાય અને રાજા રાજ્યમાં સ્વસ્થ થાય. ૧૫. શુભકૃત નામના સંવત્સરનો સ્વામી ગુરૂ છે. તેમાં ઘણી વૃષ્ટિ થાય, રાજા અને પ્રજાને સુખ ન થાય, ઉત્તર દેશમાં અગ્નિનો ભય થાય. ચૈત્ર અને વૈશાખ માસમાં સોંઘવારી રહે, ધાતુ સસ્તી થાય. શ્રાવણ માસમાં નોમથી વરસાદ થાય, અન્ન સોંઘું થાય. ભાદ્રપદ માસમાં ઘણો વરસાદ થાય, આઠ રૂપીયા વડે એક કળશી અનાજ મળે, ઘી, તેલ સસ્તું મળે. કાર્તિક, માર્ગશીર્ષ અને પોષ માસમાં જુવાર, ઘઉં, ચણા, તલ, મગ, ચોળા વગેરે ધાન્ય સસ્તું થાય, રાજાઓને પરસ્પર વિરોધ થાય. જ્યેષ્ઠાદિક ત્રણ માસમાં સર્વ વસ્તુ સોંઘી થાય, ફાલ્ગુનમાં કાંઇક ઉત્પાત થાય, મારવાડ દેશમાં રોગની ઉત્પત્તિ થાય, પણ સુકાળ થાય. ૧૬. શોભન નામના સંવત્સરનો સ્વામી શુક્ર છે. તેમાં રાજાઓ તથા પ્રજાઓ સુખી થાય, વરસાદ પુષ્કળ થાય. ચૈત્ર, વૈશાખ અને જ્યેષ્ઠ માસમાં ધાન્ય મોંઘું રહે, રાજાઓનો વિગ્રહ થાય, કાંઇક ઉત્પાત થાય. અષાઢ માસમાં અલ્પ વૃષ્ટિ થાય. શ્રાવણ માસમાં ઘણી વૃષ્ટિ થાય, પરંતુ લોક પીડા પામે. ભાદ્રપદ માસમાં ઘણો વરસાદ વરસે. આશ્વિન માસમાં સુકાળ થાય, પરંતુ કાંઇક વિગ્રહ થાય. ૧૭. ક્રોધી નામના સંવત્સરનો સ્વામી શનિ છે. તે વર્ષે બારે માસ અન્ન મોંઘું રહે, વર્ષા મધ્યમ થાય, રાજાઓને પરસ્પર વિરોધ થાય, પ્રજાઓ પાપમાં પ્રવર્તે, લોકો નિર્ધન અને ઉદ્યમ રહિત થાય. ચૈત્ર કે વૈશાખ માસમાં કરા પડે, રોગ ઉપજે, મરકીનો ભય થાય. જ્યેષ્ઠ માસમાં ધાન્ય મોંઘું થાય. અષાઢ માસમાં મધ્યમ ભાવ રહે, થોડો વરસાદ થાય. શ્રાવણ માસમાં ભયંકર દુઃખ થાય. ભાદ્રપદ માસમાં ખંડ ખંડ વૃષ્ટિ થાય,

અન્ન મોંઘું થાય. આશ્વિન માસમાં વરસાદ વરસે, સર્વત્ર રસકસ સમાન થાય, સર્વ અન્ન અને સર્વ વસ્તુ સોંઘી થાય. કાર્તિક માસમાં સાધારણ ભાવ રહે. ૧૮. વિશ્વાવસુ નામના સંવત્સરનો સ્વામી રાહુ છે. તેમાં વરસાદ સામાન્ય વરસે, અન્ન મોંઘું રહે. ચૈત્ર માસમાં રાજાઓનો વિરોધ થાય, ધાન્ય મોંઘું થાય. વૈશાખ માસમાં માંડવદુર્ગ નગરમાં વિગ્રહ થાય, મારવાડ દેશમાં દુકાળ પડે, પશ્ચિમ દિશામાં અન્ન મોંઘું રહે. જ્યેષ્ઠ માસમાં વિગ્રહ થાય, પીસ્તાલીશ ફદીયા વડે અન્નની એક કળશી મળે. અષાઢ માસમાં અલ્પ વૃષ્ટિ થાય. શ્રાવણ અને ભાદ્રપદ માસમાં દુકાળ જણાય, પંચાવન ફદીયા વડે એક કળશી અનાજ મળે, બીજા દેશમાં સુકાળ થાય. આશ્વિન માસમાં લોક પીડા પામે, રોગનો ઉપદ્રવ ઘણો થાય, ગાય, ભેંસ, ઘોડા અને બકરીઓ એ સર્વ પશુઓ મોંઘાં મળે, સુવર્ણાદિક ધાતુઓ મોંઘી થાય. કાર્તિક, માર્ગશીર્ષ અને પોષ માસમાં સોંઘવારી રહે, અગિયાર ફદીયા વડે કળશી અનાજ મળે. ૧૯. તથા પરાભવ નામના સંવત્સરનો સ્વામી કેતુ છે. તેમાં બાર માસ વરસાદ વરસે, (એટલે માવઠાં ઘણાં થાય) વૃષ્ટિ મધ્યમ થાય, ચૈત્ર અને વૈશાખમાં ધાન્ય મોંઘું થાય, મેઘની ગર્જના, વીજળી અને વાયુ થાય. જ્યેષ્ઠ માસમાં ધાન્યનો સંગ્રહ કરવો સારો છે, પ્રચંડ વાયુ વાય. અષાઢ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, ધાન્યમાં બમણો લાભ થાય. શ્રાવણ માસમાં ઘણો વરસાદ થાય, અન્નનો ભાવ સાધારણ રહે. ભાદ્રપદ માસમાં ખંડ ખંડ વૃષ્ટિ થાય, પરંતુ દુકાળ પડે. આશ્વિન માસમાં લોક કાંઇક સુખી થાય, પરંતુ ધાન્ય, રસ અને વસ્તુઓ મોંઘી રહે, ધાતુનો ભાવ સાધારણ રહે. કાર્તિકાદિક પાંચ માસ સુધી સાધારણ ભાવ રહે,

પશ્ચિમ દેશમાં અન્ન સાધારણ પાકે, સિંધુ દેશથી ધાન્ય આવે. ૨૦.

ઇતિ મધ્યમ વિંશતિકા બીજી.

પ્લવંગ નામના સંવત્સરનો સ્વામી બ્રહ્મા છે. તે વર્ષે ચૈત્ર અને વૈશાખ માસમાં મોંઘવારી રહે. જ્યેષ્ઠ માસમાં રાજાઓને પીડા થાય. અષાઢ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, ભૂમિકંપ થાય, હાથીઓ પીડા પામે, ઘોડાઓની કિંમત વધે. શ્રાવણ માસમાં ઘણો વરસાદ વરસે. ભાદ્રપદ માસમાં આઠમથી ઘણો વરસાદ થાય. આશ્વિન માસમાં રોગચાળો થાય, રસનો ભાવ વધારે રહે. ફાલ્ગુન માસમાં દશ રૂપીયા વડે કળશી ધાન્ય મળે, ઘોડા, ભેંસ અને લોક પીડા પામે. ૧. કીલક નામના સંવત્સરનો સ્વામી વિષ્ણુ છે, તેમાં વરસાદ મધ્યમ થાય. ચૈત્ર માસમાં ધાન્ય મોંઘું થાય. વૈશાખ માસમાં રોગ થાય, મારવાડ દેશમાં દુકાળ પડે, પશ્ચિમ દેશમાં સોંઘવારી રહે. જ્યેષ્ઠ માસમાં ધાન્યનો સંગ્રહ કરવો યોગ્ય છે. અષાઢ અને શ્રાવણ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, અન્ન મોંઘું થાય, ધાન્યનો સંગ્રહ કરનારને બમણો લાભ થાય. ભાદ્રપદ માસમાં આઠમથી વરસાદ થાય. આશ્વિન માસમાં પણ સારો વરસાદ થાય, તો પણ અન્ન મોંઘું રહે, રાજધાની અને નગર ઉજ્જડ થાય, રોગની ઉત્પત્તિ ઘણી ન થાય, ઘઉં મોંઘાં થાય, બીજાં સર્વ ધાન્ય સોંઘાં થાય, રસ પણ સોંઘાં થાય, અઢાર રૂપીયાનું એક મણ ઘી મળે. કાર્તિક, માર્ગશીર્ષ અને પોષ માસમાં સોંઘવારી રહે. માઘ માસમાં અન્ન મોંઘું થાય, રોગની મોટી પીડા થાય. ફાલ્ગુન માસમાં રાજા રાજ્ય પર સ્વસ્થતા પામે, પ્રજા સુખી થાય અને અન્નનો ભાવ સાધારણ રહે. ૨. સૌમ્ય નામના સંવત્સરનો સ્વામી રૂદ્ર છે, તેમાં અલ્પ વૃષ્ટિ થાય, ગાયો અલ્પ દૂધ આપે, વૃક્ષો પર

થોડા ફળ થાય. ચૈત્ર માસમાં ધાન્ય મોંઘું થાય. વૈશાખ માસમાં પ્રચંડ વાયુ વાય. જ્યેષ્ઠ માસમાં વિગ્રહ થાય, પ્રજા પીડા પામે. અષાઢ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, ધાન્ય મોંઘું થાય. શ્રાવણ માસમાં વરસાદ ઘણો વરસે, ધાન્ય સંગ્રહ કરનારને બમણો લાભ થાય, પચાસ ફદીયા વડે એક કળશી ઘઉં મળે, સર્વ ધાન્યનો ભાવ સાધારણ રહે, રસ મોંઘાં થાય. ભાદ્રપદ માસમાં ખંડ ખંડ વૃષ્ટિ થાય, અન્નનો દુકાળ થાય. આશ્વિન માસમાં રાજાનો વિરોધ થાય, લોક પીડા પામે, માર્ગ વિષમ થાય, અન્નનો સંગ્રહ કરવો યોગ્ય છે, તેમાં બમણો લાભ થાય, સર્વ રસ અને સર્વ ધાતુ સોંઘી થાય. કાર્તિકાદિક ચાર માસમાં ધાન્યનો ભાવ સમાન રહે, પરંતુ રાજાઓનું યુદ્ધ અને રોગચાળો થાય, દેશો ઉજ્જડ થાય, દેશાંતરમાં લોક પીડા પામે. ફાલ્ગુન માસમાં પ્રચંડ વાયુ વાય, પશ્ચિમ દેશમાં સુકાળ થાય, સિંધુ દેશમાં રાજાનો વિરોધ થાય, તથા અન્નનો ભાવ સમાન રહે.

૩. સાધારણ નામના સંવત્સરનો સ્વામી રવિ છે. તે વર્ષે ચૈત્ર માસમાં ધાન્યનો ભાવ મંદ રહે. વૈશાખ અને જ્યેષ્ઠ માસમાં ઉત્પાત થાય, ભૂમિકંપ થાય, રોગની વૃદ્ધિ થાય, રાજાઓનો વિરોધ થાય, ધાન્ય વગેરે મોંઘું થાય. અષાઢ માસમાં પ્રચંડ વાયુ વાય, મહા દુઃખ ઉપજે, કોઇ ઠેકાણે અલ્પ વૃષ્ટિ થાય. શ્રાવણ માસમાં ઘણો વરસાદ થાય, અન્નનો ભાવ સમ રહે. ભાદ્રપદ માસમાં અલ્પ વૃષ્ટિ થાય. આશ્વિન માસમાં અલ્પ ધાન્ય પાકે. કાર્તિક અને માર્ગશીર્ષ માસમાં સાધારણ ઉપદ્રવ થાય, ભૂમિકંપ થાય, અકસ્માત્ રાજાઓનો વિગ્રહ થાય, અન્ન મોંઘું થાય. ફાલ્ગુન માસમાં પશુઓ રોગવાળા થાય, પૃથ્વી પર વૃક્ષો અલ્પ ફળ આપે, ધાન્યનો સંગ્રહ કરનારને ત્રણગુણો લાભ

થાય, સર્વ ધાતુ મોંઘી રહે, સર્વ રસનો સંગ્રહ કરવો યોગ્ય છે, પરંતુ રાજાને દુઃખ થાય. ૪. વિરોધકૃત્ નામના સંવત્સરનો સ્વામી ચંદ્ર છે. તે વર્ષે મંડપાચળ દુર્ગમાં વિગ્રહ થાય, કુંકણ દેશમાં, મેદપાટ (મેવાડ) દેશમાં અને મધ્ય દેશમાં મહા દુઃખ ઉપજે, રાજાઓનો પરસ્પર વિગ્રહ થાય, માર્ગ વિષમ થાય. ચૈત્રાદિક ત્રણ માસમાં અન્ન સમાન રહે. અષાઢ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, શ્રાવણ માસમાં ઘણો વરસાદ થાય, અન્ન સોંઘું થાય, માર્ગ વિષમ થાય, મજીઠ, સોપારી, રેશમી વસ્ત્ર, દાંતની વસ્તુ અને ઘોડા વિગેરે મોંઘાં થાય. ૫. પરિધાવી નામના સંવત્સરનો સ્વામી મંગળ છે. તેમાં દુકાળ પડે. નાગપુર, મેદપાટ અને જાલંધર દેશમાં રાજાઓનો વિરોધ થાય. ચૈત્રાદિક ચાર માસમાં અન્નનો ભાવ સમાન રહે, તે વખતે ધાન્યનો સંગ્રહ કરવો યોગ્ય છે, લોકમાં રાજાને પીડા થાય, મારવાડ દેશમાં મનુષ્યોને મરકીનો ભય થાય, ગાય, ભેંસ, ઘોડા હાથી વગેરે ચારપગા જનાવરોને પીડા થાય. શ્રાવણ અને ભાદ્રપદ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, ખંડ ખંડ વૃષ્ટિ થાય, અન્નનો ભાવ સાધારણ રહે, સર્વ ધાતુઓ સોંઘી થાય. કાર્તિકાદિક પાંચ માસમાં ધાન્યનો ભાવ સાધારણ રહે, રાજ્યયુદ્ધ થાય, સિંધુ દેશમાંથી ધાન્ય આવે. ૬. પ્રમાથી નામના સંવત્સરનો સ્વામી બુધ છે. તે વર્ષે કુંકણ દેશમાં દુકાળ અને વિગ્રહ થાય. ચત્ર માસમાં ધાન્યના ભાવ મંદ રહે. વૈશાખ અને જ્યેષ્ઠ માસમાં ધાન્યનો સંગ્રહ કરવો. અષાઢ માસમાં નવી મુદ્રા થાય, અલ્પ વૃષ્ટિ થાય. અર્ધ શ્રાવણ માસમાં મેઘની વૃષ્ટિ થાય, અન્ન મોંઘું થાય, ધાન્ય સંગ્રહ કરનારને ત્રણગુણો લાભ થાય. ભાદ્રપદ માસમાં ઘણો વરસાદ વરસે, અન્ન સોંઘું થાય. આશ્વિનાદિક

છ માસ સુકાળ થાય, સર્વ રસકસ સોંઘાં રહે, લોક સુખી થાય, ગુરૂઓ પૂજા પામે, તેમનો મહિમા વૃદ્ધિ પામે અને રાજા ધર્મિષ્ઠ થાય. ૭. આનંદ નામના સંવત્સરનો સ્વામી ગુરૂ છે. તે વર્ષે વરસાદ ઘણો થાય, સુકાળ થાય. ચૈત્ર અને વૈશાખ માસમાં અન્ન સસ્તું થાય. જ્યેષ્ઠ અને અષાઢ માસમાં મહા વૃષ્ટિ થાય, પણ નવીન મુદ્રા થાય. શ્રાવણ માસમાં મહા વૃષ્ટિ થાય. ભાદ્રપદ માસમાં ખંડ ખંડ વૃષ્ટિ થાય, ઘઉં મોંઘા થાય. આશ્વિન માસમાં સોંઘા થાય, રસ, અન્ન અને વસ્તુનો ભાવ સમાન રહે, ધાતુ મોંઘી રહે. કાર્તિક માસમાં અકસ્માત્ ભય થાય, લોક પીડા પામે. માર્ગશીર્ષ માસમાં લોકો દક્ષિણ દિશામાં જાય. પોષ અને માઘ માસમાં મેઘની વૃષ્ટિ થાય, અન્ન સોંઘું થાય અને ફાલ્ગુન માસમાં ધાન્ય મોંઘું થાય. ૮. રાક્ષસ નામના સંવત્સરનો સ્વામી શુક્ર છે. તે વર્ષે ધાન્યનો સંગ્રહ કરવા લાયક છે. ચૈત્ર માસમાં કરા પડે. વૈશાખ અને જ્યેષ્ઠ માસમાં તેલ મોંઘું થાય. જ્યેષ્ઠ અને અષાઢ માસમાં ગોળ, ખાંડ વગેરે પદાર્થો મોંઘા થાય. શ્રાવણ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, અન્ન મોંઘું થાય. ભાદ્રપદ માસમાં ઘણો વરસાદ થાય, અન્ન સોંઘું થાય. આશ્વિન માસમાં અન્નનો ભાવ સમ રહે. કાર્તિક માસમાં રોગની પીડા થાય. માર્ગશીર્ષ આદિ ચાર માસ સુધી ધાન્ય સોંઘું થાય, રાજા સુખી થાય, પ્રજા રાજાને માનવા લાયક થાય. ફાલ્ગુન માસમાં સોંઘવારી થાય, વૃક્ષો નવપલ્લવિત થાય, માર્ગમાં સુખ અને સુકાળ થાય. ૯. નલ નામના સંવત્સરનો સ્વામી શનિ છે. તે વર્ષે અલ્પ વૃષ્ટિ થાય, પરંતુ ધાન્ય સોંઘું રહે. ચૈત્ર માસમાં રોગની પીડા થાય, વાદળાં ઘણાં થાય, પ્રચંડ વાયુ વાય.

વૈશાખ માસમાં ઉપદ્રવ થાય, અન્નનો સંગ્રહ કરવા લાયક છે. જ્યેષ્ઠ માસમાં રાજાઓનો પરસ્પર વિગ્રહ થાય, લોક સુખી થાય, માર્ગ વિષમ થાય, કોઇ કોઈ ઠેકાણે અષાઢ અને શ્રાવણ માસમાં અલ્પ વૃષ્ટિ થાય. ધાન્ય સંગ્રહ કરનારને ત્રણગુણો–ચારગુણો લાભ થાય. ભાદ્રપદ માસમાં ખંડ ખંડ વૃષ્ટિ થાય, દુકાળ પડે, ધાન્યનો સંગ્રહ અષાઢ માસમાં કરવો, અને આશ્વિનમાં ધાન્ય વેચવું. માર્ગશીર્ષાદિક ત્રણ માસમાં અન્નનો ભાવ સાધારણ રહે. ફાલ્ગુન માસમાં રોગનો ઉપદ્રવ થાય, ચોરનો ભય થાય, ઉત્તર દેશમાં દુકાળ થાય અને પૂર્વ દિશામાં સુકાળ થાય. ૧૦. પિંગલ નામના સંવત્સરનો સ્વામી રાહુ છે. તે વર્ષે ઉચ્ચ મુલતાન, નાગપુર, મારવાડ દેશમાં, દિલ્હી દેશમાં, મથુરામાં અને પૂર્વ દેશોમાં દુકાળ પડે, અન્ન મોંઘું થાય, સર્વ ધાતુ સોંઘી થાય, સર્વત્ર વિગ્રહ થાય, નગરમાં જ નિવાસ થાય, ગામો ઉજ્જડ થાય, રોગની પીડા થાય, રાજા સુખી થાય, પ્રજા પણ સુખી થાય, અન્નનો ભાવ સાધારણ રહે, ગુજરાત દેશમાં સોંઘવારી રહે, સિંધુ દેશથી ધાન્ય આવે. ચૈત્ર માસમાં ધાન્ય મોંઘું થાય, પ્રજા પીડા પામે. વૈશાખાદિક ત્રણ માસમાં અન્ન મોંઘું રહે, પ્રજાનો ક્ષય થાય, ઘોડાઓ પીડા પામે. અષાઢ અને શ્રાવણ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, ધાન્ય સંગ્રહ કરવાથી ચારગુણો લાભ થાય. ભાદ્રપદ માસમાં ખંડ ખંડ વૃષ્ટિ થાય, આશ્વિન માસમાં ધાન્યનો ભાવ સાધારણ રહે. કાર્તિકાદિક પાંચ માસમાં વિગ્રહ અને પીડા થાય, અન્ન મોંઘું થાય, ચારપગા પશુઓને રોગ થાય. ૧૧. કાળ નામના સંવત્સરનો સ્વામી કેતુ છે. તે વર્ષે અલ્પ વૃષ્ટિ થાય, દેશ ઉજ્જડ થાય, વેપારરોજગાર થોડો ચાલે, રાજાનો વિગ્રહ થાય. ચૈત્ર અને વૈશાખ માસમાં અત્યંત

અરિષ્ટ ઉપજે, ઉત્તરાપથમાં દેશનો ભંગ થાય. જ્યેષ્ઠ માસમાં ધાન્યનો સંગ્રહ કરવાથી છગુણો લાભ થાય. અષાઢ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, લોક દુઃખી થાય, માર્ગ વિષમ થાય. શ્રાવણ માસમાં સારો વરસાદ થાય, અન્નનો ભાવ સાધારણ રહે. ભાદ્રપદ માસમાં ખંડ ખંડ વૃષ્ટિ થાય, ધાન્યનો દુકાળ થાય, ઉત્પાત થાય. આશ્વિન માસમાં રોગ તથા શીતલાની ઉત્પત્તિ થાય, પંચોતેર ફદીયા વડે એક કળશી ધાન્ય મળે, સર્વ રસ મોંઘાં રહે, સર્વ ધાતુ સસ્તી રહે. કાર્તિકાદિક પાંચ માસ સુધી રાજવિગ્રહ રહે, અશ્વાદિક ચારપગા જનાવરોને પીડા થાય અને વૃક્ષો ઘણાં ફળ આપે. ૧૨ સિદ્ધાર્થ નામના સંવત્સરનો સ્વામી રવિ છે. તે વર્ષે સર્વ દેશમાં સુકાળ થાય, વસ્તી ઘણી વધે, અન્નનો વિક્રય થાય. ચૈત્ર તથા વૈશાખ માસમાં લોક પીડા પામે. જયેષ્ઠ અને અષાઢ માસમાં પ્રચંડ વાયુ વાય. શ્રાવણમાં ત્રણ દિવસ ઘણો વરસાદ થાય, સર્વ અન્ન મોંઘું થાય. ભાદ્રપદ માસમાં ખંડ ખંડ વૃષ્ટિ થાય. આશ્વિન માસમાં અન્નનો ભાવ સામાન્ય રહે. કાર્તિક માસમાં ઘણું ધાન્ય નીપજે, અન્ન સોંઘું થાય. માર્ગશીર્ષાદિક ચાર માસ સુધી સર્વ સ્થાને ધાન્યની પ્રાપ્તિ થાય, ગ્રાહકો મળે, ઉત્પાત થાય, કોઇ ઠેકાણે રાજવિરોધ થાય, લોક સુખી થાય, અને અશ્વનું મૂલ્ય વધે. ૧૩. રૌદ્ર નામના સંવત્સરનો સ્વામી ચંદ્ર છે. તે વર્ષે પૃથ્વી પર રોગ ઘણો ફેલાય, ચારપગા જનાવરનો વિનાશ થાય, છત્રનો ભંગ થાય, મેઘ અલ્પ હોય. ચૈત્રાદિક ત્રણ માસ ઘણી મોંઘવારી રહે. અષાઢ અને શ્રાવણમાં અલ્પ વૃષ્ટિ થાય, ખંડ ખંડ વૃષ્ટિ થાય. ભાદ્રપદ માસમાં ઘણો વરસાદ વરસે, અન્ન સોંઘું થાય, બીજી વસ્તુ, મજીઠ, સોપારી અને લવિંગ એ વસ્તુ સોંઘી થાય, લોક સુખી થાય,

ચારપગા જનાવર સોંઘાં થાય, હાથીઓ પીડા પામે. ૧૪. દુર્મતિ નામના સંવત્સરનો સ્વામી મંગળ છે. ચૈત્ર અને વૈશાખ માસમાં ધાન્ય સોંઘું રહે. જ્યેષ્ઠ માસમાં અન્નનો ભાવ સમાન રહે. અષાઢ માસમાં પ્રચંડ વાયુ વાય. શ્રાવણ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, અન્ન સોંઘું થાય. ભાદ્રપદ માસમાં મેઘનો મોટો ઉદય થાય, ઘઉં સસ્તા થાય, પાંત્રીશ રૂપીયા વડે એક કળશી ઘઉં મળે, સર્વ ધાતુઓ સોંઘી થાય, ધાન્યનો ભાવ સમાન રહે. કાર્તિક અને માર્ગશીર્ષ માસમાં સર્વ વસ્તુ સમાન રહે, રાજાને સ્વસ્થતા થાય, દરેક ગામમાં નવી વસ્તી થાય, સર્વ લોક સુખી થાય, અશ્વ મોંઘા થાય, ચારપગા જાનવર પણ મોંઘાં થાય. પોષ વગેરે ત્રણ માસ સમાન ભાવ રહે, પરંતુ ધાતુ સસ્તી થાય. ૧૫. દુંદુભી નામના સંવત્સરનો સ્વામી બુધ છે. તે વર્ષે વરસાદ ઘણો થાય, અન્ન સોંઘું રહે, રસકસની વસ્તુનો ભાવ સમ રહે. ચૈત્રાદિક ત્રણ માસમાં અન્ન સોંઘું રહે. અષાઢ માસમાં બમણો લાભ થાય, વૃષ્ટિ અલ્પ થાય. શ્રાવણ માસમાં અગિયાર દિવસ ઘણી વૃષ્ટિ થાય. ભાદ્રપદ માસમાં નવ દિવસ વરસાદ સારો પડે, અન્ન સોંઘું થાય, નવા દેશો વસે. આશ્વિન માસમાં અન્ન સોંઘું રહે, રોગ ઘણા થાય, મજીઠ અને મરી સસ્તાં રહે, સર્વ રસ અને સર્વ ધાતુ સોંઘી થાય. કાર્તિક માસમાં ધાન્ય સસ્તું થાય, મેદપાટ દેશમાં લોક પીડા પામે, અન્નનો દુકાળ થાય, પશ્ચિમ દેશમાં શુભ થાય. માર્ગશીર્ષ માસમાં સોંઘવારી રહે, રાજાઓનો પરસ્પર વિરોધ થાય. પોષાદિક ત્રણ માસમાં ભાવ સમાન રહે, અશ્વ મોંઘા થાય, મજીઠ મોંઘી થાય. ૧૬. રૂધિરોદ્ગારી નામના સંવત્સરનો સ્વામી ગુરૂ છે, તે વર્ષે રાજાઓનો પરસ્પર વિરોધ થાય, લોકો

દેશાંતર ચાલ્યા જાય, દુકાળ પડે, બ્રાહ્મણોને પીડા થાય, જજીયાવેરો આદિક કરની પ્રવૃત્તિ થાય, મ્લેચ્છના રાજ્યમાં પરદેશથી ધાન્ય આવે. અષાઢ શુકલ પક્ષમાં ઘણો વરસાદ વરસે. શ્રાવણ માસમાં પંદર દિવસ ઘણી વૃષ્ટિ થાય. ચૈત્રાદિક ત્રણ માસ સોંઘવારી રહે, ધાતુઓ સોંઘી રહે. ઉત્તરાપથમાં, ઉચ્ચ મુલતાન દેશમાં, તિલંગ દેશમાં, ગૌડ દેશમાં અને ભોટ આદિ દેશોમાં દુકાળ પડે, પશ્ચિમ દિશામાં સુકાળ થાય, સિંધુ દેશમાં ધાન્ય સારૂં પાકે. ભાદ્રપદ માસમાં ખંડ ખંડ વૃષ્ટિ થાય, ધાન્યમાં ત્રણગુણો લાભ થાય. આશ્વિનમાં ભાવ સમાન રહે, રોગનો ઉપદ્રવ થાય. કાર્તિકાદિક પાંચ માસમાં અન્ન સોંઘું રહે, અને મેદપાટ દેશમાં લોક પીડા પામે. ૧૭. રક્તાક્ષ નામના સંવત્સરનો સ્વામી શુક્ર છે. તે વર્ષે અન્ન સોંઘું રહે. મેદપાટ દેશના લોકો પર્વત પર નિવાસ કરે. ચૈત્રાદિક ત્રણ માસમાં અન્ન મોંઘું રહે, સર્વ ધાતુઓ સસ્તી રહે. ફાલ્ગુન માસમાં અન્નનો સંગ્રહ કરવો. જ્યેષ્ઠ માસમાં અન્ન મોંઘું થાય, શુક્લ પક્ષમાં ઘણો વરસાદ થાય. અષાઢ માસમાં મહા વૃષ્ટિ થાય, સૌરાષ્ટ્ર દેશમાં ગામડાં જળમાં ડૂબી જાય, અન્ન સોંઘું થાય. શ્રાવણ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, કાંઈક વિગ્રહ થાય. ભાદ્રપદ માસમાં થોડો વરસાદ થાય, રોગપીડા થાય. આશ્વિન માસમાં અન્ન સોંઘું થાય, રસકસની વસ્તુ પણ સસ્તી થાય. કાર્તિકાદિક પાંચ માસમાં ધાન્ય મોંઘું રહે, વિવાહાદિક શુભ કાર્ય થાય નહીં, અશ્વને પીડા થાય, પશ્ચિમ દિશામાં સુકાળ થાય. ૧૮. ક્રોધન નામના સંવત્સરનો સ્વામી શનિ છે. તે વર્ષે રોગનો ઉપદ્રવ ઘણો રહે, વૃષ્ટિ મંદ થાય,

પ્રજા પીડા પામે, ઉત્તરાપથમાં દુકાળ પડે, લોકો નિર્ધન થાય. ચૈત્ર અને વૈશાખ માસમાં થોડો વરસાદ થાય, અન્ન સોંઘું થાય. જ્યેષ્ઠ માસમાં મંદ રહે, રોગની પીડા થાય, અન્નનો ભાવ સમ રહે. આષાઢ અને શ્રાવણ માસમાં અલ્પ વૃષ્ટિ થાય, ધાન્ય વેચવામાં બમણો લાભ થાય. ભાદ્રપદ માસમાં વરસાદ સારો વરસે, અન્ન સોંઘું થાય, આશ્વિન માસમાં રોગની પીડા થાય. કાર્તિક માસમાં વિગ્રહ થાય, ધાન્ય સસ્તું થાય, માર્ગશીર્ષ માસમાં ધાન્યનો ભાવ સાધારણ રહે, અકસ્માત ઉત્પાત થાય. પોષ માસમાં સોંઘવારી, વણિક જનને પીડા, અન્ન અને વસ્તુ મોંઘી થાય. ૧૯. તથા ક્ષય સંવત્સરનો સ્વામી રાહુ છે. તે વર્ષે ચૈત્ર માસમાં કરા પડે. વૈશાખ માસમાં ઉત્પાત થાય, ભૂમિકંપ થાય. જ્યેષ્ઠ અને આષાઢ માસમાં રોગની વૃદ્ધિ થાય, નવીન મુદ્રા ચાલે, મેઘનો અલ્પ ઉદય થાય, અન્ન સોંઘું રહે. ભાદ્રપદ માસમાં ખંડ ખંડ વૃષ્ટિ થાય, ચાર પગા જાનવરોની હાનિ થાય, [1]પંચાવન રૂપીયા વડે એક કળશી ધાન્ય મળે, આશ્વિન માસમાં રોગ આવે, અન્નનો ભાવ સમાન રહે, સર્વ ધાતુઓના ભાવ સાધારણ રહે, સમય મધ્યમ થાય, રાજાનો વિરોધ થાય, પશ્ચિમ દિશામાં સુકાળ થવાથી ધાન્ય સસ્તું રહે, સિંધુ દેશથી અથવા સ્થળ માર્ગે અન્ન આવે, પૂર્વ દિશામાં યુદ્ધ થાય અને અન્નનો ભાવ સાધારણ રહે ૨૦.

ઇતિ અધમ વિંશતિકા ત્રીજી

ઇતિ સંક્ષેપથી સાઠ વર્ષનું ફળ કહ્યું

---

૧ અહીં કળશીનું માપ બીજું હોવું જોઈએ.

આ સંવત્સર સંબંધી ફળાદેશ વૈશાખ શુદિ ત્રીજને
દિવસે પ્રાચીન શાસ્ત્રના બળથી કહેવા
અથ ગુરૂચાર લાયક છે. જો કદાચ આ સત્યરૂપ જિ-
નેશ્વરના વચનમાં કાંઈ પણ વિરોધ
જાણવામાં આવે, તો તે ખળ પુરૂષનું લખેલું વાચાળનું ચરિત્ર જાણવું. ચૈત્ર શુદિ આઠમને દિવસે આદિનાથ ભગવાનની ત્રણ જગતને જોનારી દીક્ષા થઇ છે, ત્યારથી વર્ષીતપનો પ્રારંભ થયો છે. કેમકે આ તપ પૃથ્વી પર પ્રથમ ઋષભદેવ સ્વામીએ જ કર્યો છે. આ તપના પારણાનો લાભ નહીં થવાથી એક વર્ષથી કાંઇક અધિક એટલે વૈશાખ શુદી ત્રીજને દિવસે પારણું થયું, તેથી આ ત્રીજ જગતને વિષે પ્રિય અને વાંદવા લાયક થઈ છે. તેથી કરીને વર્ષનું શુભાશુભ ફળ તે જ ત્રીજને દિવસે વિચારવાનું છે. વળી તે દિવસે સ્ત્રી સહિત પુરૂષોએ સાધુને તથા શ્રાવકોને, સત્કાર કરવા પૂર્વક દાન દેવું. સંવત્સર નામની દ્વિપવિંશતિકાનો અર્થ તથા ગ્રહનો પ્રચાર વગેરે સારી રીતે જાણીને જે શુભાશુભ ફળ જોવામાં આવે તો તેનું વચન સફળ થાય છે, અન્યથા અસત્ય થાય છે. પ્રાચીન વાણીના વૈભવને જોઇને તથા સર્વ ગ્રહોનું ચલાચલપણું અને બલાબલપણું ઘણા સંગ્રહ વડે વિચારી શુભાશુભ ફળ કહેવું. જે પુરૂષ સદ્ગુરૂ અને દેવને વિષે પ્રગટ રીતે અતિ ભક્તિમાન હોય, સ્વધર્મને વિષે આસક્ત હોય, હૃદયમાં દયાળુ હોય, અને શાસ્ત્રની રીતિ પ્રમાણે વર્ષનું ફળ કહેતો હોય, તો તે મેઘથી વિજયલક્ષ્મી વડે વ્યાપ્ત થાય છે.

ગુરૂ, શનિ, કેતુ અને રાહુ (તથા બીજા ગ્રહો) એ વર્ષના

સ્વામી છે. તેમાં ગુરૂના પ્રચારથી બાર સંવત્સર ઉત્પન્ન થાય છે. તેમનાં નામ વિધિપૂર્વક કહેવાં. તેમાં ગુરૂએ કરેલા સંવત્સરોનાં નામ તથા તેમનું ફળ રામવિનોદ નામના ગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે.

હવે હું ઉત્તમ ગુરૂચારને કહીશ. આ ગુરૂચાર વડે પ્રભવ વગેરે વર્ષની ઉત્પત્તિ થાય છે. કાર્તિક આદિ માસને વિષે કૃત્તિકા આદિ બે બે નક્ષત્રો આવે છે, અને ઉપાંત્ય એટલે અગ્યારમા, પાંચમા અને છેલ્લા એટલે બારમા માસમાં ત્રણ ત્રણ નક્ષત્ર આવે છે. (એટલે કે ઉપાંત્ય-ભાદ્રપદ, પાંચમો ફાલ્ગુન અને અન્ત્ય—આશ્વિન એ ત્રણ માસમાં ત્રણ ત્રણ નક્ષત્ર આવવાથી નવ નક્ષત્ર થયાં. બાકીના કાર્તિકાદિક નવ માસમાં બબે નક્ષત્ર આવવાથી અઢાર નક્ષત્ર થયાં, તેમાં ઉપરનાં નવ નક્ષત્ર ભેળવતાં સત્તાવીશ નક્ષત્ર પૂર્ણ થાય છે. અહીં બાર માસનાં જે નામ છે, તે જ એક એક વર્ષનાં પણ નામ હોવાથી ગુરૂચારના બાર વર્ષ પૂરાં થાય છે.) જે નક્ષત્રમાં ગુરૂનો ઉદય થયો હોય તે નક્ષત્રના નામનો સંવત્સર ગણાય છે. (જેમકે કૃત્તિકા નક્ષત્રમાં ગુરૂનો ઉદય થાય ત્યારે કાર્તિક સંવત્સર કહેવાય છે. એમ આશ્વિન સંવત્સર સુધી જાણવું.) વળી કોઈ કહે છે કે—સૂર્યસિદ્ધાંતમાં કહેલા જે નક્ષત્રમાં ગુરૂનો અસ્ત થયો હોય તે નક્ષત્રના નામનો સંવત્સર પણ કહેવાય છે (જેમકે કૃત્તિકા નક્ષત્રમાં ગુરૂનો અસ્ત થાય તો કાર્તિક સંવત્સર વગેરે.) જે વખતે પ્રવાસ (ગતિ—ચાર) ને અંતે જે ગ્રહનક્ષત્ર સહિત ગુરૂનો ઉદય થાય છે, તે કાળથી તે નક્ષત્ર પૂર્વક ગુરૂનો સંવત્સર પ્રવર્તે છે.

બૃહસ્પતિના કાર્તિક નામના સંવત્સરમાં અગ્નિ અને ગાયો-વડે આજીવિકા કરનાર લોકોને પીડા થાય, શસ્ત્ર, અગ્નિ અને ક્ષુધા વગેરેનો ભય થાય. તથા પુષ્પ અને [1]કૌસુંભ વડે આજીવિકા કરનાર લોકોની વૃદ્ધિ થાય. ૧. [2]સૌમ્ય નામના બૃહસ્પતિ સંવત્સરમાં વૃષ્ટિ અલ્પ થાય, અનેક પ્રકારે ધાન્યની હાનિ થાય, રાજાઓ યુદ્ધ કરવા તત્પર થાય, અને પરસ્પરનો વધ કરવાની ઇચ્છા કરે. ૨. પાષ નામના બૃહસ્પતિ સંવત્સરમાં સર્વ જનો સુખી થાય, ગુરૂની પૂજા કરવામાં તત્પર થાય, ક્ષેમ, સુકાળ અને આરોગ્ય થાય, તથા ખેડુતને ઇચ્છિત વૃષ્ટિ થાય. ૩. માઘ નામના બૃહસ્પતિ સંવત્સરમાં સર્વ સંપત્તિ પ્રાપ્ત થાય, સર્વ પ્રાણીઓના હિતનો ઉદય થાય, વરસાદ સારો વરસે અને સુકાળ થાય. ૪. ફાલ્ગુન નામના ગુરૂસંવત્સરમાં ચોરનો ભય થાય, સ્ત્રીઓ અત્યંત દુર્ભાગ્યવાળી થાય, કોઈ ઠેકાણે વૃષ્ટિ થાય, કોઇ ઠેકાણે ધાન્ય પાકે, કોઇ ઠેકાણે ભય થાય, અને કોઈ ઠેકાણે ઇતિ થાય. ૫. ચૈત્ર નામના ગુરૂના સંવત્સરમાં રાજાઓ શાંતિપૂર્વક રહે, સ્ત્રીઓને થોડી પ્રજા ઉત્પન્ન થાય, અલ્પ વૃષ્ટિ થાય, ધાન્યની ઉત્પત્તિ (અલ્પ) થાય, તથા પ્રજાઓને વ્યાધિનો ભય થાય. ૬. વૈશાખ નામના ગુરૂના વર્ષમાં પૃથ્વી પર રાજાઓ ધર્મમાર્ગમાં રત થાય, પૃથ્વી પર ક્ષેમ, સુકાળ અને આરોગ્ય પ્રવર્તે, તથા બ્રાહ્મણો યજ્ઞકર્મમાં તત્પર થાય. ૭. જયેષ્ઠ નામના ગુરૂના વર્ષમાં ધર્મ માર્ગે રહેલા અને સત્ક્રિયામાં તત્પર થયેલા લોકો પીડા પામે, તે વર્ષે વરસાદ વરસે નહીં, અને ધાન્યનો વિનાશ થાય. ૮. અષાઢ નામના

ગુરૂના વર્ષનો વિચાર (ફળ)

---

૧ કસુંબાનો રંગ. ૨ માર્ગશીર્ષ.

બૃહસ્પતિના વર્ષમાં રાજાઓ સદા કલહ કરવામાં ઉત્સુક થાય, કોઈ ઠેકાણે ઈતિ થાય, કોઇ ઠેકાણે ભય થાય, કોઇ ઠેકાણે વૃદ્ધિ થાય, અને કોઇ ઠેકાણે જળની વૃષ્ટિ થાય. ૯. શ્રાવણ નામના બૃહસ્પતિના વર્ષમાં દેવોની પણ સ્પર્ધા કરે એવા વૈભવવાળા મનુષ્યો વડે પૃથ્વી શોભે છે, પૃથ્વી પુષ્પ ફળાદિક વડે યુક્ત થાય છે, અને યજ્ઞાદિક ક્રિયા વડે ભરપૂર થાય છે. ૧૦. ભાદ્રપદ નામના ગુરૂસંવત્સરને વિષે કોઇ કોઈ ઠેકાણે વૃષ્ટિ, ક્ષેમ અને આરોગ્ય રહે, સર્વ ધાન્યની સંપત્તિ પ્રાપ્ત થાય, અને બીજા ફળ પુષ્પ વગેરેનો નાશ થાય. ૧૧. તથા આશ્વિન નામના ગુરૂસંવત્સરને વિષે સર્વ પ્રાણીઓ અત્યંત સુખી થાય, પ્રથમનું ધાન્ય મધ્યમ–સાધારણ પાકે, અને પછીનું ધાન્ય પરિપૂર્ણ પાકે. ૧૨.

જીર્ણ પત્રોમાં પાઠાંતર આ પ્રમાણે છે—

મેષ રાશિમાં રહેલા ગુરૂનું ફળ

જ્યારે બૃહસ્પતિ મેષ રાશિમાં રહ્યો હોય ત્યારે તે ચૈત્ર નામનો સંવત્સર કહેવાય છે. તે વર્ષે પ્રબુદ્ધ નામનો મેઘ હોય છે, અને સર્વત્ર વૃષ્ટિ થાય, સુકાળ થાય, રાજાઓનો વિગ્રહ થાય, વસ્ત્ર, કર્પટ (કાપડ), સુવર્ણ, રૂપું, તાંબું, કપાસ અને પરવાળા, એ સર્વ વસ્તુ સોંઘી થાય, તેમજ મજીઠ, નાળિયેર અને રેશમી વસ્ત્ર પણ સોંઘાં થાય, તથા કાંસું, લોઢું, ઈક્ષુ અને સોપારી વગેરેનો સંગ્રહ કરવો. અશ્વને પીડા થાય, મોટો રોગ ઉત્પન્ન થાય, બ્રાહ્મણોને કષ્ટ થાય. આ પ્રમાણે ત્રણ માસનું ફળ જાણવું. પછીથી ભાદ્રપદ માસમાં ઘઉં, શાલિ, અડદ અને ઘી સસ્તું થાય. દક્ષિણ અને ઉત્તર દિશામાં ખંડ ખંડ વૃષ્ટિ થાય, દક્ષિણ અને ઉત્તર દેશમાં

કોઇ ઠેકાણે છત્રભંગ થાય. આશ્વિનથી ફાલ્ગુન એ છ માસ સુધી દુકાળ થાય. પછી બે માસ સુકાળ થાય, તે વખતે જલેંદ્રક નામનો મેઘ વરસે. કાર્તિક અને માર્ગશીર્ષ માસમાં કપાસ અને અન્ન મોંઘું થાય, મેદપાટ દેશમાં રાજા પીડા પામે, દેશનો ભંગ થાય, વૃષ્ટિ અલ્પ થાય, લોકો રોગવાળા થાય, દુકાળ પડે, પોષ માસમાં રસ મોંઘા થાય, વેપારીઓને લાભમાં સંશય રહે. વૈશાખ માસમાં ગુજરાતને વિષે રણસંગ્રામ થાય, છત્રનો ભંગ થાય. અષાઢ કે શ્રાવણ માસમાં માર્ગ ભય થાય, નવો રાજા થાય, કોઇ ઠેકાણે કાર્તિક માસમાં પણ વરસાદ થાય, ધાન્યનો સંગ્રહ કરે તો પાંચમે માસે ત્રણગુણો લાભ થાય. એક વર્ષમાં જો ગુરૂ ક્રમે કરીને ત્રણ રાશિનો સ્પર્શ કરે તો કરોડો સુભટોના રૂંડ મુંડ પૃથ્વી પર લોટે. [આકાશમાં ૨૭ નક્ષત્રોના ત્રણ માર્ગ માનવામાં આવ્યા છે–૧ ઉત્તર, ૨ મધ્યમ અને ૩ દક્ષિણ. આ માર્ગોને વીથી કહે છે.] જ્યારે ઉત્તર વીથીમાં ગુરૂ આવે ત્યારે સુભિક્ષ (સુકાળ) અને કલ્યાણ થાય. મધ્યમ વીથીમાં આવે તો મધ્યમ ફળ કહેવું. એ જ પ્રમાણે સર્વ ગ્રહોનું જાણવું. આ રીતે મેષ રાશિ પર ગુરૂ રહ્યો હોય તેનું વિશેષ ફળ કહ્યું. બાકીનું સર્વ ગુરૂના ઉપદેશથી જાણવું. બીજા કોઇ પુરૂષે આ ગુરૂચારના વિચારના સંગ્રહમાં કદાપિ શંકા કરવી નહીં. ઇતિ મેષરાશિસ્થ ગુરૂફલમ્. ૧.

વૃષ રાશિમાં રહેલા ગુરૂનું ફળ

જ્યારે ગુરૂ વૃષ રાશિમાં રહ્યો હોય ત્યારે તે વૈશાખ નામનો સંવત્સર કહેવાય છે તે વર્ષે નંદશાલ નામનો મેઘ વરસે અને સર્વ ધાન્ય સસ્તું થાય. વૈશાખ અને આશ્વિન માસમાં સ્ત્રીઓને રોગ થાય,

હાથી, અને ઘોડાને મહા પીડા થાય, અને ઘરને વિષે પરસ્પર વૈર થાય. ઉત્તર દિશામાં વૃષ્ટિ ન થાય. કોઈ દેશમાં દુકાળ પડે, પૂર્વ દિશામાં મહાસુખ થાય, રાજાની બુદ્ધિ વિપરીત થાય. ઘી, તેલ, મજીઠ, મોતી, પરવાળા, લવણુ, રાતું વસ્ત્ર અને નાળીયેર એ વસ્તુ સોંઘી થાય. શ્રાવણુ માસમાં ઘઉં, શાળ, ચણા, મગ, અડદ તથા તલ મોંઘાં થાય. જયેષ્ઠ માસમાં મેઘની ઘણી વૃષ્ટિ થાય, શૃંગાલક અને માળવા દેશમાં ઉત્પાત થાય, રાજાનો વિગ્રહ થાય, દેશનો ભંગ થવાથી ભય થાય, અને દેશ શૂન્ય થાય. ઘી અને ધાન્ય મોંઘું થાય. મેદપાટ દેશમાં ગ્રીષ્મ ઋતુને વિષે ધાન્ય સોંઘું થાય. મારવાડ દેશમાં ધાન્ય, ઘી અને તેલ મોંઘાં થાય, ધાતુઓ સોંઘી થાય. સિંધુ દેશ, નાગપુર, શ્રી વિક્રમપુર એ સ્થળે ધાન્ય મોંઘું થાય, અને મેદપાટ દેશમાં સોંઘું થાય. બે માસમાં ધાન્ય સંગ્રહ કરવો યોગ્ય છે. તેથી લાભ થાય, કેમકે બીજા દશ માસ દુકાળ રહે, માર્ગમાં રોધ થાય અને પ્રજાનો ક્ષય થાય. અષાઢ અને શ્રાવણુ માસમાં વરસાદ થાય અને ભાદ્રપદ માસમાં વૃષ્ટિ થાય નહીં. ઘોડાને રોગ થાય, બીજા ચારપગા જાનવરનો નાશ થાય અને કોઈ ઠેકાણે તીડનો ઉપદ્રવ થાય. આ પ્રમાણે વૃષભ રાશિના ગુરૂનું સમગ્ર ફળ શ્રેષ્ઠ મુનિઓએ કહ્યું છે. શ્રી ઉત્તમ જિનેશ્વરના ધ્યાનના બળથી પૃથ્વી સર્વત્ર રસકસવાળી થાય. ઇતિ વૃષભરાશિસ્થ ગુરૂફલમ્.

મિથુન રાશિમાં રહેલા ગુરૂનું ફળ

મિથુન રાશિમાં બૃહસ્પતિ આવે ત્યારે તે જયેષ્ઠ નામનો સંવત્સર કહેવાય છે. તે વર્ષે બાળકોને અને અશ્વોને રોગ થાય, તથા ખંડ ખંડ વૃષ્ટિ થાય. તે વર્ષે કર્કોટક નામનો મેઘ હોય, અથવા બીજાના મતમાં

ચંડૂપદ નામનો મેઘ હોય. તે વર્ષમાં પાપી મનવાળા ચોરો લોકોને પીડા પમાડે. પશ્ચિમ દિશામાં, સિંધુ દેશમાં, વાયવ્ય ખૂણામાં અને ઉત્તર દિશામાં વિચિત્ર રોગો ઉત્પન્ન થાય. ઉત્તરાપથમાં પીડા થાય. શ્વેત વસ્ત્ર, કાંસુ, કર્પૂર, ચંદનાદિક, મજીઠ, નાળીયેર, સોપારી, સોનું અને રૂપુ એ સર્વ વસ્તુ ચૈત્રાદિક પાંચ માસ સુધી સોંઘી થાય, પછીથી મોંઘી થાય. પૂર્વે કહેલાં ધાન્ય સોંઘાં થાય. પૂર્વ દિશામાં, અગ્નિ ખૂણામાં, દક્ષિણ દિશામાં, નૈઋત્ય ખૂણામાં અને ઈશાન ખૂણામાં સુકાળ થાય. શ્રાવણ માસમાં ભેંસ અને હાથીઓને મહા કષ્ટ થાય, રાજા સ્વસ્થ રહે, પ્રજાની વૃદ્ધિ થાય, સુકાળ થાય, પૃથ્વી પર મંગળ પ્રવર્તે તથા તેલ, ખાંડ, સાકર અને ધાતુઓ એ વસ્તુ સોંઘી થાય. શૃંગાલ (સીંગાપુર) દેશમાં ઉત્પાત થાય, કરીયાણાનો ભાવ મંદ થાય. ઘણો વરસાદ થાય. ઘી, ધાન્ય અને ગોળ સોંઘાં થાય. સુંઠ, મરી, પીપર, મજીઠ, જાયફળ અને કંકોલ એ સર્વ વસ્તુ મોંઘી થાય. ફાલ્ગુન માસમાં ધાન્યનો સંગ્રહ કરવો. કપાસ, લવણ, ગોળ, તેલ, ઘઉં, જુવાર, ચણા અને મગ એ સર્વનો સંગ્રહ કરવો. ત્રણ માસ પછી તેનો વિક્રય કરવામાં ત્રણગુણો લાભ મળે. લોકમાં મિથુન રાશિનો ગુરુ પણ અવશ્ય વ્યભિચાર કરે છે. અને ચોરના બળના પ્રભાવથી કોઇ ઠેકાણે દેશભંગનો ભય પણ કરે છે. ઇતિ મિથુનરાશિસ્થ ગુરૂફલમ્.

કર્ક રાશિમાં રહેલા બૃહસ્પતિનું ફળ

જ્યારે કર્ક રાશિનો બૃહસ્પતિ થાય ત્યારે તે વર્ષ આષાઢ નામનો સંવત્સર કહેવાય છે. તે વર્ષે પૂર્વ અને દક્ષિણ દિશામાં કમ્બલ નામનો મધ્યમ મેઘ વરસે. કાર્તિક અને ફાલ્ગુન માસમાં સર્વ ધાન્ય મોંઘાં રહે. પશ્ચિમ દિશામાં, સિંધુ

દેશમાં, વાયવ્ય ખૂણામાં અને ઉત્તર દિશામાં ચાર પગા પશુનો ક્ષય થાય, દુકાળ થાય, મૃગોને દુઃખ થાય. સોનું, રૂપું, તાંબું, પટ્ટસૂત્ર, પરવાળાં, મોતી અને અન્નાદિક દ્રવ્ય એ સર્વ ચતુરાઇથી વેચાય. મજીઠ અને શ્વેત વસ્ત્ર સોંઘાં થાય, સુભટોનો ક્ષય થાય. ઘઉં, શાલિ, તેલ, ઘી, લવણ, સાકર અને અડદ મોંઘાં થાય, લોક પાપકર્મમાં આસક્ત થાય. કાર્તિક અને માર્ગશીર્ષ માસમાં ધાન્ય, ઘી અને તેલ મોંઘાં થાય. પટ્ટસૂત્ર, વસ્ત્ર, જાયફળ, લવિંગ અને મરી એ સર્વ વસ્તુ વેપારીઓએ શીયાળામાં સંગ્રહ કરવી, તે વૈશાખ અને જયેષ્ઠ માસમાં વેચવાથી બમણો લાભ થાય. વર્ષાઋતુમાં ઘણો વરસાદ થાય, સર્વ ધાન્ય સોંઘાં થાય, અને સુકાળ થાય. તલ, કપાસ, ચણા, ગોળ, ઘઉં, અડદ, તુવેર, જુવાર, મગ અને કોદરા વગેરે ધાન્યનો અષાઢ માસમાં સંગ્રહ કરીને ઉષ્ણ ઋતુમાં વેચવાથી બમણો લાભ થાય છે. ઈતિ કર્કરાશિસ્થ ગુરૂફલમ્.

સિંહ રાશિમાં રહેલા બૃહસ્પતિનું ફળ

જ્યારે સિંહ રાશિમાં ગુરૂ આવે, ત્યારે તે વર્ષ શ્રાવણ નામનો સંવત્સર કહેવાય છે. તે વર્ષમાં વાસુકિ નામનો મેઘ હોય છે. તે વર્ષે ગાયો ઘણું દૂધ આપે છે, અને પૃથ્વી જળથી ભરપૂર થાય. દેવ અને બ્રાહ્મણની પૂજા થાય, સત્પુરૂષોનો સત્કાર થાય. રોગ ઉત્પન્ન થાય. પરસ્પર વિવાદ થાય. ચારપગા પશુ મોંઘા થાય. મ્લેચ્છ દેશમાં મહાયુદ્ધ થાય, છત્ર ભંગ થાય, ઉપદ્રવ થાય, પશ્ચિમ અને ઉત્તરનો વાયુ વાવાથી લોકોનો વિનાશ થાય. ઘઉં, તલ, અડદ અને શાલિ મોંઘાં થાય. સોનું, રૂપું, તાંબું અને પરવાળા

સોંઘાં થાય, સુકાળ થાય. સર્પદંશનો ભય થાય. અષાઢ અને ભાદ્રપદ માસમાં વૃષ્ટિ થાય. શ્રાવણ માસમાં અલ્પવૃષ્ટિ થાય. કાર્તિક માસમાં સુકાળ થાય. સોપારી, ટોપરાં, મકાઇના ડોડા, મજીઠ, સુંઠ, ખારેક, પટ્ટકુળ, જાયફળ અને કપૂર એ સર્વ વસ્તુ સોંઘી થાય. ઉષ્ણ કાળે ગોળ, ખાંડ, હિંગ, મીસરી અને સાકર એ સર્વ વસ્તુ મોંઘી થાય, ધાન્ય સોંઘું થાય. જયેષ્ઠ માસમાં આઠ સ્કંદક વડે એક મણ ધાન્ય મળે, પચ્ચીશ સ્કંદક વડે એક મણ ઘી મળે, વીશ સ્કંદક વડે એક મણ તેલ મળે, દશ સ્કંદક વડે એક મણ ઘઉં મળે. ફાલ્ગુન માસમાં ધાન્ય, કપાસ, તેલ વગેરે રસનો સંગ્રહ કરવો યોગ્ય છે, તે જયેષ્ઠ માસમાં વેચવાથી બમણો લાભ થાય. સિંહ રાશિમાં ગુરૂ પ્રાપ્ત થાય ત્યારે સર્વ ઠેકાણે ધાર્મિક જનનો ઉદય થાય. ઈતિ સિંહરાશિસ્થ ગુરૂફલમ્

કન્યા રાશિમાં રહેલા ગુરૂનું ફળ

જ્યારે કન્યારાશિનો ગુરૂ થાય છે, ત્યારે તે ભાદ્રપદ નામનો સંવત્સર કહેવાય છે. તે વર્ષે તમસ્તમ નામનો મેઘ હોય છે. તે વર્ષે સાત માસ સુધી દુઃખ રહે છે. ત્યારપછી કાર્તિક માસથી વૈશાખ માસ સુધી સુકાળ રહે છે. તે વખતે ભાદ્રપદ માસમાં ઘીનો સંગ્રહ કરવાથી બમણો લાભ થાય છે. ચારપગા પશુઓને પીડા થાય છે. ઘઉં, શાલિ, સાકર, તેલ, અડદ, ગોળ, શેરડી વગેરે મોંઘાં થાય. સૌરાષ્ટ્ર દેશમાં શૂદ્ર અને અંત્યજ લોકો દુઃખી થાય, દક્ષિણ દિશામાં ખંડ ખંડ વૃષ્ટિ થાય. મ્લેચ્છના દેશમાં ઉત્પાત થાય, મેદપાટ અને શ્રૃંગાલ દેશમાં શત્રુના સૈન્યનો ભય થાય તથા યુદ્ધ થાય. સર્પદંશ, અગ્નિભય, અલ્પ વૃષ્ટિ અને અલ્પ રસ થાય.

ચૈત્ર કે વૈશાખમાં મારવાડ દેશમાં છત્રનો ભંગ થાય, તથા ઘઉં, ઘી અને તેલ મોંઘાં થાય. રત્ન, કંબલ, ધાતુ અને રત્નાદિક વસ્તુ સોંઘી થાય. આષાઢ માસમાં ધાન્યનો સંગ્રહ કરવાથી ભાદ્રપદ માસમાં ચારગુણો લાભ થાય. ઈતિ કન્યારાશિસ્થ ગુરૂફલમ્

તુલા રાશિમાં રહેલા બૃહસ્પતિનું ફળ

જ્યારે તુલારાશિનો બૃહસ્પતિ થાય ત્યારે આશ્વિન નામનો સંવત્સર થાય છે. તે વર્ષે તક્ષક નામનો મેઘ વરસે છે. તે વર્ષે ઘણી વૃષ્ટિ થાય છે. મજિઠ અને નાળિયેર સોંઘા થાય છે, રાજાઓનું પરસ્પર યુદ્ધ થાય, ઘી તેલ સોંઘા થાય, માર્ગશીર્ષ અને પોષ માસમાં ધાન્યનો સંગ્રહ કરવો સારો છે. તેથી માર્ગશીર્ષથી આરંભી ચૈત્ર સુધી પાંચ મહિનામાં લાભ થાય છે. કોઈ દેશમાં છત્રભંગ અને રાજાઓનો વિગ્રહ થાય છે. મારવાડ દેશમાં ઉત્પાત થાય, માર્ગમાં ચોરનો ભય થાય, કોટા અને જેસલમેર વગેરે દેશમાં શત્રના સૈન્યનું આગમન થાય. કાર્તિક કે માર્ગશીર્ષ માસમાં દશ સ્કંદક વડે એક મણ ધાન્ય મળે. અષાઢ માસમાં સારો વરસાદ વરસે. તેર સ્કંદક વડે એક મણ ખાંડ વેચાય, પચાસ સ્કંદક વડે એક મણ મીસરી અને સાકર વેચાય, રસ અને કરીયાણાનો સંગ્રહ કરવાથી ચોથે માસે ચારગુણો લાભ થાય અને ધાતુઓ સોંઘી થાય. ઈતિ તુલારાશિસ્થ ગુરૂફલમ્

વૃશ્ચિક રાશિમાં રહેલા બૃહસ્પતિનું ફળ

જ્યારે વૃશ્ચિક રાશિમાં બૃહસ્પતિ રહેલો હોય ત્યારે કાર્તિક નામનો સંવત્સર કહેવાય છે. તે વર્ષે સોમ નામનો મેઘ વરસે છે. તેમાં ખંડ ખંડ વૃષ્ટિ થાય, ધાન્ય થોડું પાકે, મહા ભય ઉપજે, આઠ માસ સુધી ઘેર ઘેર પરસ્પર વેર થાય, તેમાં કાંઈ

સંશય નથી. ભાદ્રપદ, આશ્વિન અને કાર્તિક એ ત્રણ માસ મોંઘવારી રહે, ત્યારપછી સુકાળ થાય, દેશમાં મંદ વૃષ્ટિ થાય, પશ્ચિમ દેશમાં જીવની વૃષ્ટિ થાય (જીવોની ઉત્પત્તિ ઘણી થાય, અથવા જીવ એટલે જળ, તેની વૃષ્ટિ થાય.) વાયવ્ય ખૂણાના દેશમાં દુકાળ પડે. સોનું, રૂપું, કાંસું, તાંબું, તલ, ઘી, નાળીયેર, ગોળ, કપાસ, લવણ અને શ્વેત વસ્ત્ર મોંઘાં થાય. મધ્ય દેશમાં ભેંસ, બળદ અને ઘોડા સોંઘાં થાય, તથા તીડ અને મ્લેચ્છ લોકોનો મોટો ઉત્પાત થાય. શૃંગાલ દેશમાં સૈન્ય ચડી આવે, ઘોડા અને ભેંસોમાં રોગ વધે, હીંગ, ખારેક અને ટોપરાં મોંઘાં થાય. દેશ ભંગ, અલ્પવૃષ્ટિ અને સ્ત્રીઓને દુઃખ થાય. મારવાડ અને નાગપુર દેશમાં પ્રજાઓ ક્લેશ પામે, ઘઉં, ચણા, તુવેર, જુવાર, અડદ, મગ અને કાંગ એ સર્વને પાંચ માસ સુધી ગ્રહણ કરી પછી વેચવાથી બમણો લાભ થાય. ઈતિ વૃશ્ચિકરાશિસ્થ ગુરૂફલમ્.

ધન રાશિમાં રહેલા બૃહસ્પતિનું ફળ

જ્યારે ધન રાશિનો બૃહસ્પતિ થાય ત્યારે માર્ગશીર્ષ નામનો સંવત્સર થાય છે. તેમાં હેમમાલી નામનો મેઘ વરસે છે. તેમાં વૃષ્ટિ ઘણી થાય, ઘેર ઘેર સ્ત્રીઓ પીડા પામે. પૂર્વ કાળમાં ધાન્ય પાકે. ઘઉં, શાલિ, સાકર, કપાસ, પરવાળાં, કાંસું, લોઢું, સીસું, ઘી, સોનું અને રૂપું એ સર્વ મોંઘાં થાય. તથા તેલ, તલ, ગોળ, સોપારી અને શ્વેત વસ્ત્ર કોઈ કોઈ ઠેકાણે સોંઘા થાય. માર્ગશીર્ષ માસથી જ્યેષ્ઠ માસ સુધી ઘી મોંઘું રહે. ભેંસ, ઘોડા, ગાય અને મજીઠ પણ મોંઘાં થાય. શીતકાળમાં દેશભંગ, દુકાળ અને કોઈ ઠેકાણે મરકીનો

ઉપદ્રવ થાય. ગ્રીષ્મ ઋતુમાં મ્લેચ્છ જનનો ક્ષય થાય. શ્રાવણ માસમાં ત્રીશ સ્કંદક વડે એક કળશી ધાન્ય મળે. પચાસ સ્કંદક વડે એક મણ ઘી મળે. ભાદ્રપદ માસમાં મોટી વૃષ્ટિ થાય. આશ્વિન માસમાં રોગની ઉત્પત્તિ થાય, સર્પદંશ વધે. દશ સ્કંદક વડે મણ ધાન્ય મળે અને તે જ પ્રમાણે મણ ઘી પણ મળે. એક સ્કંદક વડે શેર ખાંડ મળે. ગોળ અને સાકર કોઇ ઠેકાણે મોંઘા થાય. કળથી, કામસૂર, રાતાં વસ્ત્ર અને ઘઉં તથા જવ મોંઘા થાય. ગુજરાત દેશમાં છત્રનો ભંગ થાય. માર્ગશીર્ષ તથા પોષ માસમાં મજીઠ, હિંગ, મોતી, જાયફળ, સોપારી અને પરવાળાં મોંઘાં થાય. પશુ વગેરેનો તથા કપાસ, રસ અને અડદનો સંગ્રહ કરવાથી સાતમે માસે ચારગુણો લાભ પ્રગટ રીતે થાય. ઇતિ ધનરાશિસ્થ ગુરૂફલમ્.

મકર રાશિમાં રહેલા બૃહસ્પતિનું ફળ

જ્યારે મકર રાશિમાં બૃહસ્પતિ રહ્યો હોય, ત્યારે તે પૌષ નામનો સંવત્સર કહેવાય છે. તેમાં જલેંદ્ર નામનો મેઘ હોય છે. તે વર્ષે ચારપગા જનાવરનો ક્ષય થાય, પૃથ્વી પર દુકાળ પડે, માણસો પાણી રહિત થાય. માર્ગશીર્ષ માસથી ધાન્યનો સંગ્રહ કરવો સારો છે. તે વખતે મહા ઘોર સંગ્રામ થાય અને રાજાઓની વિપરીત બુદ્ધિ થાય. ઉત્તર અને પશ્ચિમના દેશમાં કદાપિ ખંડ ખંડ વૃષ્ટિ થાય. પૂર્વ અને દક્ષિણના દેશમાં દુકાળ થાય અને રાજાઓનો વિગ્રહ થાય, લોકો પાપબુદ્ધિમાં આસક્ત થાય, પૃથ્વી પર હાહાકાર પ્રવર્તે. જળ, તેલ, ઘી, દૂધ, અન્ન અને રક્ત વસ્ત્ર મોંઘાં થાય. ઉત્તમ અને મધ્યમ સર્વ લોક સર્વ ભક્ષણ કરવામાં તત્પર થાય. ક્ષત્રિયોનો છત્રભંગ થાય,

અને મ્લેચ્છ લોકોનો વિનાશ થાય. ચૈત્ર, આશ્વિન અને અષાઢ એ ત્રણ માસ મોંઘવારી રહે, પછી ધાન્યનો સુકાળ થાય. ચોરો પ્રજાને પીડા કરે, નર્મદા નદીને કાંઠે સોનું, રૂપું, તાંબું, લોઢું, કપૂર અને ચંદનાદિક મોંઘાં થાય, અને મહી નદીને કાંઠે શુભ થાય. માઘ માસમાં માળવા દેશને વિષે દેશનો ભંગ થાય, વરસાદ ઘણો ન થાય, ઘણા વ્યાધિઓ થાય, રૂપું અને બીજી ધાતુ મોંઘી થાય. મેદપાટ દેશમાં માર્ગશીર્ષ અને પોષ માસમાં સૈન્ય ચડી આવે, પ્રજાજનને પીડા થાય, છત્રભંગ અને મહાભય થાય. દેશ, ગામ અને નગરમાં લુંટ ચાલે, યુદ્ધ થાય, શાલિ, જવ, ઘઉં તથા રસકસ મોંઘા થાય. ખાંડ, ધાન્ય, ગોળ, મજીઠ અને સાકર એ વસ્તુ ફાલ્ગુન અને ચૈત્ર માસમાં સર્વ ઠેકાણે મોંઘી રહે. અષાઢ માસમાં ઘી, તેલ, પટ્ટ-સૂત્ર, કંબલ, વસ્ત્ર, શેરડી અને રસ એ સર્વ વસ્તુ મોંઘી થાય. વૃષ્ટિ થોડી થાય તો પણ સુકાળ થાય. આશ્વિન અને કાર્તિક માસમાં દશ સ્કંદક વડે એક મણ ધાન્ય મળે, સોળ સ્કંદક વડે એક મણ ઘી મળે, અને પંદર સ્કંદક વડે એક મણ તેલ મળે. (બીજા માસમાં) આઠ સ્કંદક વડે એક મણ ઘઉં મળે, સત્તર સ્કંદક વડે મણ તેલ મળે અને ચાર સ્કંદક વડે બીજાં ધાન્ય મળે. ઇતિ મકરરાશિસ્થ ગુરૂફલમ્.

કુંભ રાશિમાં રહેલા બૃહસ્પતિનું ફળ

જ્યારે કુંભ રાશિનો બૃહસ્પતિ થાય ત્યારે તે માઘ નામનો સંવત્સર કહેવાય છે. તે વર્ષે વજ્રદંડ નામનો મેઘ હોય છે. તે વર્ષે સુકાળ થાય છે. ઋષિ, દેવ અને બ્રાહ્મણ પૂજાય છે. કાંસું, પીતળ, લોઢું, મજીઠ, સીસું, અને સોનું એ વસ્તુઓ ત્રણ માસ

સોંઘી રહે છે. મોતી, પરવાળાં, મજીઠ, રેશમી વસ્ત્ર, સોપારી, રૂપું, નાળીયેર અને શ્વેત વસ્ત્ર એ વસ્તુઓ મોંઘી થાય છે. માઘ, ફાલ્ગુન અને ચૈત્ર એ ત્રણ માસમાં રોગની ઉત્પત્તિ થાય, લોકમાં લવણ મોંઘું થાય. મારવાડ દેશમાં ધાન્ય મોંઘું થાય, ચૈત્ર અને વૈશાખ માસમાં સિંધુ દેશ પર સૈન્ય ચડી આવે. વસ્ત્ર, કંબલ અને હિંગ મોંઘી થાય. કાર્તિક અને આશ્વિન માસમાં રોગની વૃદ્ધિ થાય. છત્રભંગ થાય અને મહા ભય થાય. રસ, કપાસ અને વસ્ત્ર સર્વ ઠેકાણે મોંઘાં થાય. અષાઢ માસમાં ચાર સ્કંદક વડે મણ ઘઉં મળે, અઢાર સ્કંદક વડે ઘી એક મણ મળે, અને તેલ ચૌદ સ્કંદકનું એક મણ મળે. શ્રાવણ અને ભાદ્રપદ માસમાં ધાન્યનો સંગ્રહ કરવો તે, તથા જુવારને વેચવાથી પોષ માસમાં બમણો લાભ થાય. ઈતિ કુંભરાશિસ્થ ગુરૂફલમ્.

મીન રાશિમાં રહેલા બૃહસ્પતિનું ફળ

જ્યારે મીન રાશિનો ગુરૂ થાય ત્યારે તે ફાલ્ગુન નામનો સંવત્સર કહેવાય છે. તેમાં સંભવ નામનો મેઘ હોય છે. તે વર્ષે ખંડ ખંડ વૃષ્ટિ થવાથી પૃથ્વી પર સર્વ ધાન્ય મોંઘાં રહે. વાયુના રોગની પીડા થાય. લોકોને દેશાંતરમાં જવું પડે, પાંચ માસ સુધી રાજાઓના વિરોધને લીધે મહા ભય ઉપજે. પછીથી સુખ અને સુકાળ થાય. શાલિ, ઘઉં, સાકર, તલ અને ગોળ મોંઘાં થાય. તેમજ મજીઠ, નાળીયેર, શ્વેત વસ્ત્ર, દાંત, કપૂર, લવણ અને ઘી મોંઘાં થાય. પોષ માસમાં ક્લેશની ઉત્પત્તિ થાય, ફાલ્ગુન અને ચૈત્ર માસમાં મારવાડ દેશમાં મહા પીડા અને દુકાળ થાય. વૈશાખ અને જ્યેષ્ઠ માસમાં

પશુઓનું મરણ થાય. અષાઢ અને શ્રાવણ માસમાં ધાન્ય, ઘી અને તેલ મોંઘાં થાય. શ્રાવણના બીજા પખવાડિયામાં સારો વરસાદ થાય. ભાદ્રપદ માસમાં ઘી સોંઘું થાય. આશ્વિન અને કાર્તિક માસ શુભ થાય. અર્બુદ દેશમાં તલ અને કપાસ સોંઘાં થાય તથા છત્રભંગ થાય. માર્ગશીર્ષ અને પોષ માસમાં મારવાડ દેશને વિષે ઉત્પાત થાય. ગ્રીષ્મ ઋતુમાં સૈન્યનો સંગ્રામ થાય, પશુઓ મોંઘાં થાય, નાગપુરમાં દુકાળ પડે અને વર્ષાકાળમાં સુકાળ થાય. આ પ્રમાણે ગૌરવ (બહુમાન) પૂર્વક કેટલાંક શાસ્ત્રો જોવાથી ગુરૂચારનો વિચાર શીઘ્ર બોધ થવાને માટે લખ્યો છે. આ વિચારમાં અતિશયવાળી બુદ્ધિ જ યોગ્ય છે, કે જેથી આ વાકયોનો વિચાર કરતાં સારી બુદ્ધિને લીધે સત્ય લાભ થાય છે. ઇતિ મીનરાશિસ્થ ગુરૂફલમ્

[ઇતિ નક્ષત્ર સંવત્સરની પ્રાપ્તિ માટે ગુરૂચારનો વિચાર સંપૂર્ણ]

રૂદ્રે રચેલી મેઘમાળામાં કાંઈક વિશેષ છે. તેમાં મેષ રાશિને

ગુરૂ વક્ર વિચાર વિષે ગુરૂ વક્રચારે કરીને રહ્યો હોય તેનું ફળ કહે છે—

જેનાથી ધાન્યનું શુભાશુભ ફળ જાણી શકાય છે, તે [1]અર્ઘકાંડને હું કહીશ. જ્યારે બૃહસ્પતિ વર્ષનો સ્વામી હોય અથવા તેનો યોગ હોય ત્યારે શુભાશુભ ફળનો વિશેષ વિચાર આ પ્રમાણે કરવો—બૃહસ્પતિ મેષ રાશિમાં રહેલો હોય અને પછી વક્ર થઇ મીન રાશિમાં જાય, ત્યારે અષાડ અને શ્રાવણ માસમાં ગાય, ભેંસ, ગધેડા અને ઉંટ એ સર્વે બે માસ સુધી મોંઘાં

---

[1] અર્ઘ એટલે ધાન્ય વગેરેનું મૂલ્ય,

રહે, તેમાં કાંઇ સંશય નથી. પછી હે માહેશ્વરી! ભાદ્રપદ અને આશ્વિન માસમાં ચંદન, પુષ્પ, સુગંધી પદાર્થો, તેલ અને કરીયાણાં વગેરે સર્વ ચીજો બે માસ સુધી મોંઘી રહે છે.

વૃષરાશિસ્થ વક્રી ગુરૂનું ફળ

વૃષ રાશિમાં રહેલો ગુરૂ વક્રી થાય તો પાંચ માસમાં બળદ વગેરે પશુઓ અને તુલાભાંડ મોંઘા થાય. તેમાં સર્વ ધાન્યનો સંગ્રહ કરવો યોગ્ય છે. કેમકે આઠ માસ મોંઘવારી રહે. તેથી શ્રાવણ, ભાદ્રપદ, આશ્વિન અને કાર્તિક માસમાં સંગ્રહ કરવો. ત્યાર પછી સર્વ ધાન્ય વેચવાથી બમણો લાભ થાય અને પશુઓ વેચવાથી ત્રણગુણો લાભ થાય.

મિથુનરાશિમાં રહેલા વક્રી ગુરૂનું ફળ

મિથુન રાશિમાં રહેલો બૃહસ્પતિ વક્ર થાય ત્યારે આઠ માસ ભયંકર થાય, પશુઓ મોંઘાં થાય, માર્ગશીર્ષાદિક માસોમાં પૃથ્વી પર સુકાળ થાય, સર્વ લોક સ્વસ્થ થાય અને કોઇ ઠેકાણે દુકાળ થાય.

કર્ક રાશિમાં રહેલા વક્રી ગુરૂનું ફળ

કર્ક રાશિમાં રહેલો બૃહસ્પતિ વક્ર થાય ત્યારે ભયંકર દુકાળ પડે, રાજાઓ યુદ્ધમાં તત્પર થાય, વેરનો ઉપદ્રવ થાય, દેશનો ભંગ થાય, રસાદિક સર્વનો સંયોગ થાય, ઘી તેલ વગેરે તથા કરીયાણાં કપાસ વગેરે વસ્તુ કાંઇ પણ લાભ આપી શકે નહીં, તેમાં કાંઈ સંશય નથી. માર્ગશીર્ષાદિક સાત માસ સર્વ ધાન્ય મોંઘાં રહે.

સિંહ રાશિમાં રહેલો બૃહસ્પતિ વક્ર થાય ત્યારે સુકાળ

સિંહ રાશિમાં રહે-ા વક્રી ગુરૂનું ફળ. કલ્યાણ, આરોગ્ય અને સર્વ લોકમાં હર્ષ પ્રવર્તે. સર્વ ધાન્ય અને તુલા ભાંડ (કરીયાણાં) નો સંગ્રહ કરવો. નવ માસ ગયા પછી તેનો વિક્રય કરવો.

ન્યા રાશિમાં રહે-ા વક્રી ગુરૂનું ફળ કન્યા રાશિમાં રહેલો ગુરૂ વક્ર થાય ત્યારે પુણ્યના વશથી જ લાભાલાભ થાય છે.

ુલા રાશિમાં રહેલા વક્રી ગુરૂનું ફળ. તુલા રાશિમાં રહેલો બૃહસ્પતિ વક્ર થાય ત્યારે તુલા અને કરીયાણાં, સુગંધી વસ્તુ, કપાસ અને લવણ એ સર્વ ાર્ગશીર્ષ માસ વીતે ત્યાં સુધી સોંઘાં રહે. અને દશ માસ ાય ત્યારે તેમાંથી બમણો લાભ થાય.

વૃશ્ચિક રાશિમાં રહે-ા વક્રી ગુરૂનું ફળ વૃશ્ચિક રાશિમાં રહેલો બૃહસ્પતિ વક્ર થાય ત્યારે અન્નનો અને વિશેષે કરીને ધાન્ય વગેરેનો સંગ્રહ કરવો. તેનો તથા કપાસ અને ઘૃતાદિકનો વિક્રય માર્ગશીર્ષ માસમાં રવો, તેથી સંગ્રહ કરનારને બમણો લાભ થાય.

ાન રાશિમાં રહેલા વક્રી ગુરૂનું ફળ ધન રાશિમાં રહેલો ગુરૂ વક્ર થાય ત્યારે થોડા કાળમાં સર્વ ધાન્ય સોંઘું થાય. તેમાં ઘઉં, ચણા વગેરે ધાન્યો, સર્વ કરીયાણાં, બીજી વસ્તુ, ગોળ અને લવણ વગેરે સર્વ સોંઘા થાય. તે વસ્તુનો ચૈત્રાદિકમાં ંગ્રહ કરવો અને માર્ગશીર્ષાદિકમાં તે વેચવાં. અગ્યાર માસ ્યા પછી સર્વ વસ્તુ લાભદાયક થાય છે.

મકર રાશિમાં રહેલો ગુરૂ વક્ર થાય ત્યારે આરોગ્ય વર્તે

મકર રાશિમાં રહેલા વક્રી ગુરૂનું ફળ

અને સર્વ ધાન્ય સોંઘું થાય, તેમાં કાંઈ સંશય નથી. તુલા, કરીયાણું અને સર્વ ધાન્યનો સંગ્રહ કરવો. છ માસ ગયા પછી વેચવાથી લાભ પ્રાપ્ત છે.

કુંભ રાશિમાં રહેલો બૃહસ્પતિ વક્ર થાય ત્યારે આરોગ્ય,

કુંભરાશિમાં રહેલા વક્રી ગુરૂનું ફળ

સર્વ સ્વસ્થતા, રાજાઓને લક્ષ્મીની પ્રાપ્ત અને જયની પ્રાપ્તિ થાય છે. સર્વ ધાન્ય નીપજે, સર્વ ધાન્યનો વિક્રય થાય. ઘી, તેલ, તુલા, કરીયાણુંનો આઠ માસ સંગ્રહ કરવો; પછીથી તેનો વિક્રય કરવાથી લાભ થાય. સુકાળ તથા લોકમાં નિર્ભયતા થાય. ગાય, બ્રાહ્મણ અને દેવની પૂજા થાય, અને ન્યાયને વિષે નિર્મળ બુદ્ધિ થાય.

મીન રાશિમાં રહેલો બૃહસ્પતિ વક્ર થાય ત્યારે લોકમાં

મીન રાશિમાં રહેલા વક્રી ગુરૂનું ફળ.

ચોર લોકો વડે ધનનો ક્ષય થાય. રાજા પણ ક્રોધ પામે. આધાર રહિત થયેલી પ્રજા ગ્રહ અને ભૂતાદિકના દોષથી પીડા પામે. તુલા, કરીયાણું, ગોળ અને ખાંડ વાંછિત મૂલ્ય આપે. લવણ, ઘી, તેલ આદિ તથા સર્વ ધાન્ય મોંઘાં થાય. કપાસ વેચતાં ઇચ્છિત મૂલ્યની પ્રાપ્ત થવાથી ચારગુણો લાભ થાય.

જગતમાં ઇંદ્રને પણ પૂજવા લાયક બૃહસ્પતિ વક્ર થાય ત્યારે તેની આવી શીઘ્ર ગતિ થાય છે. આ તત્ત્વને સારી રીતે જાણી હે બુદ્ધિમાન પંડિતો ! તમે સાવધાન થઇને લોકને હિતકારક વચન કહો. જો કે વક્ર ગતિ કરનારા સૂર્યાદિક સર્વ ગ્રહો લોકમાં અનુકૂળતાએ વર્તે છે, તો પણ તે સર્વે પ્રાયઃ કરીને શુભ કે અશુભ ફળ આપવામાં ગુરૂને જ અનુસરે છે.

ઇતિ વક્ર ગુરૂચાર વિચાર

અથ ગુરૂ નક્ષત્ર યોગ વિચાર બૃહસ્પતિને નક્ષત્રનો યોગ થવાથી તેનું જે શુભાશુભ ફળ થાય, તે લોકોના નિર્ણયને માટે વર્ષપ્રબોધ ગ્રંથમાં કહ્યા પ્રમાણે કહેવામાં આવે છે. જ્યારે બૃહસ્પતિ કૃતિકા અને રોહિણી નક્ષત્ર પર હોય ત્યારે મધ્યમ વૃષ્ટિ થાય છે, તથા ધાન્યનો પાક પણ મધ્યમ થાય છે. મૃગશીર્ષ અને આર્દ્રા નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે લોકમાં સુકાળ અને સુખ થાય છે, તથા વરસાદ પણ સારો થાય છે. પુનર્વસુ, પુષ્ય અને આશ્લેષા નક્ષત્રપર બૃહસ્પતિ હોય ત્યારે સર્વ દેશમાં અનાવૃષ્ટિ, ભય અને ભયંકર દુકાળ પડે. મઘા અને પૂર્વાફાલ્ગુની નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે સુકાળ, કલ્યાણ, આરોગ્ય અને દેશને જોઈએ તેટલો સારો વરસાદ થાય. ઉત્તરાફાલ્ગુની અને હસ્ત નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે લોકમાં વરસાદ સારો થાય અને સુખ થાય. ચિત્રા અને સ્વાતિ નક્ષત્ર પર ગુરૂ હોય ત્યારે ચિત્ર વિચિત્ર ધાન્યની પેદાશ થાય છે. વિશાખા અને અનુરાધા નક્ષત્ર પર ગુરૂ હોય ત્યારે ધાન્ય મધ્યમ પાકે, મધ્યમ દેશમાં વરસાદ થાય તે પણ મધ્યમ જ થાય. જયેષ્ઠા અને મૂળ નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે બે માસ સુધી વરસાદ વરસે નહીં. ત્યાર પછી ખંડ ખંડ વરસાદ થાય અને રાજાઓનો ભયંકર રણસંગ્રામ થાય. પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે લોક ઘણા સુખી થાય, ત્રણ માસ સુધી વરસાદ વરસે અને એક માસ ન વરસે. શ્રવણ, ધનિષ્ઠા અને શતભિષા નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે પૃથ્વી પર સુકાળ, કલ્યાણ, આરોગ્ય અને ઘણું ધાન્ય થાય. પૂર્વાભાદ્રપદા તથા ઉત્તરાભાદ્રપદા

નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે અનાવૃષ્ટિ અને ભયાદિક થાય. રેવતી, અશ્વિની અને ભરણી નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે સુકાળ થાય અને ધાન્યની સંપત્તિ થાય. મૃગશીર્ષ વગેરે પાંચ અને ચિત્રાદિક આઠ નક્ષત્ર પર બૃહસ્પતિ હોય તો અશુભ ફળ અને તે સિવાય બીજાં નક્ષત્રો પર બૃહસ્પતિ હોય તો શુભ ફળ થાય એમ જાણવું.

અર્ઘકાંડ તથા ત્રૈલોક્યદીપક ગ્રંથને અનુસારે નક્ષત્ર અને બૃહસ્પતિના યોગમાં ચાર પ્રકાર આ પ્રમાણે કહ્યા છે—મૃગશીર્ષાદિક પાંચ નક્ષત્ર પર બૃહસ્પતિ હોય તો દુઃખ થાય અને દુકાળ પડે. મઘાદિક ચાર નક્ષત્ર પર બૃહસ્પતિ હોય તો સુખ અને સુકાળ થાય. ચિત્રાદિક આઠ નક્ષત્ર પર બૃહસ્પતિ હોય તો ધાન્યની પ્રાપ્તિ થાય નહીં, ભય અધિક થાય અને દુઃખ ઉપજે. તથા બાકીના શ્રવણાદિક નક્ષત્ર પર બૃહસ્પતિ હોય તો જગતમાં સુખ, સંપત્તિ પ્રાપ્ત થાય. વળી બીજો મત એ છે કે—શ્રવણાદિકના અનુક્રમે દશ, પાંચ, ચાર અને આઠ નક્ષત્રો પર બૃહસ્પતિ હોય ત્યારે તેનું ફળ આ પ્રમાણે થાય છે—શ્રવણાદિક દશ નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે સુકાળ થાય, મૃગશીર્ષાદિક પાંચ નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે ભયંકર દુઃખ થાય, મઘાદિક ચાર નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે સુકાળ થાય, અને ચિત્રાદિક આઠ નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે ભયંકર યુદ્ધ અને દુઃખ થાય.

સ્વાતિ આદિ આઠ નક્ષત્ર પર અને અશ્વિની આદિ ત્રણ નક્ષત્ર પર બૃહસ્પતિ હોય અને તેની સાથે શનિ, રાહુ કે મંગળ એમાંથી કોઈ એક હોય અને તેઓ સાથે ગતિ કરે તો સુકાળ

થાય. મૃગશીર્ષ આદિ દશ અને ધનિષ્ઠા આદિ પાંચ નક્ષત્ર પર મંગળની સાથે બૃહસ્પતિ હોય ત્યારે દુકાળ પડે. એક જ રાશિ પર અને એક જ નક્ષત્ર પર હોય ત્યારે મહા ભય પ્રાપ્ત થાય છે. મીન, કન્યા અને ધનુ રાશિને વિષે જ્યારે બૃહસ્પતિ જાય છે, ત્યારે તે સમગ્ર પૃથ્વીને ત્રીજા ભાગની કરી દે છે, તેમાં કાંઈ સંશય નથી. બૃહસ્પતિ અતિચાર એટલે શીઘ્ર ગતિ કરે અને શનિ વક્રગામી હોય ત્યારે જગતમાં હાહાકાર થાય અને પૃથ્વી પર મનુષ્યોનાં મસ્તકો આળોટે. જો એક જ વર્ષમાં બૃહસ્પતિ ત્રણ રાશિનો સ્પર્શ કરે ત્યારે દુકાળ થાય અને પૃથ્વી વ્રત વડે પૂર્ણ થાય. જ્યારે બૃહસ્પતિ બૃહત્ નક્ષત્રપર હોય અને રાશિનો સ્વામી બલિષ્ઠ હોય ત્યારે તેર માસ સુધી ધાન્ય સસ્તું રહે.

બાળબોધ ગ્રંથને આધારે ગુરૂને નક્ષત્રના યોગનુ ફળ

આશ્વની નક્ષત્ર પર ગુરૂ હોય ત્યારે વૃષ્ટિ સારી થાય, સુકાળ થાય અને શીતની પીડા થાય. ૧. ભરણી નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે દુકાળ પડે, વર્ષ નિષ્ફળ થાય અને રાજાનો ભય થાય. ૨. કૃત્તિકા નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે વરસાદ થાય નહીં અને બ્રાહ્મણો પીડા પામે. ૩. રોહિણી નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે વરસાદ થાય નહીં અને પશુનો વિનાશ થાય. ૪. મૃગશીર્ષ નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે લોકને વિષે રોગ ચાલે અને ધાન્ય મોંઘું થાય. આદ્રા નક્ષત્ર પર બૃહસ્પતિ આવે ત્યારે વરસાદ ઘણો થાય, તથા કપાસ અને તલનો વિનાશ થાય. ૬. પુનર્વસુ નક્ષત્ર પર બૃહસ્પતિ આવે ત્યારે આરોગ્ય, સુકાળ, સારી વૃષ્ટિ અને સર્વ ધાન્યની પેદાશ થાય છે. ૭. પુષ્ય નક્ષત્ર પર

બૃહસ્પતિ હોય ત્યારે લોકમાં નેત્રનો રોગ વૃદ્ધિ પામે, વસ્ત્ર મોંઘાં થાય, રોગ ઉત્પન્ન થાય અને બળદની કિંમત વધે. ૮. આશ્લેષા નક્ષત્ર પર બૃહસ્પતિ હોય ત્યારે સુકાળ થાય. ૯. મઘા નક્ષત્ર પર બૃહસ્પતિ આવે ત્યારે વરસાદ થાય નહીં, તૃણુ અને ધાન્ય મળી શકે નહીં, શ્રાવણુ અને ભાદ્રપદ માસમાં વરસાદ વરસે નહીં અને પશુ મોંઘાં થાય. ૧૦. પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર પર બૃહસ્પતિ આવે ત્યારે શ્રાવણુ અથવા ભાદ્રપદ માસમાં વરસાદ ન થાય. ૧૧. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર પર બૃહસ્પતિ આવે ત્યારે ગાયો ઘણું દૂધ આપનારી થાય, આરોગ્ય થાય અને સર્વ ધાન્ય પાકે. ૧૨. હસ્ત નક્ષત્ર પર બૃહસ્પતિ આવે ત્યારે સુકાળ થાય. ૧૩. ચિત્રા નક્ષત્ર પર ગુરુ હોય ત્યારે તલ, કપાસ અને ચણા મોંઘા થાય. ૧૪. સ્વાતિ નક્ષત્ર પર ગુરૂ આવે ત્યારે સર્વ ઠેકાણે ધાન્ય પેદા થાય. ૧૫. વિશાખા નક્ષત્ર પર બૃહસ્પતિ આવે ત્યારે સર્વ ધાન્ય સોંઘાં થાય, અને લોકમાં અગ્નિની પીડા થાય. ૧૬. અનુરાધા નક્ષત્ર પર બૃહસ્પતિ આવે ત્યારે સુકાળ અને લોકોમાં ઉત્સવ થાય. ૧૭. જ્યેષ્ઠા નક્ષત્રપર બૃહસ્પતિ આવે ત્યારે વૃષ્ટિ થાય નહીં અને લોક પીડા પામે. ૧૮. મૂલ નક્ષત્ર પર બૃહસ્પતિ આવે ત્યારે સુકાળ અને આરોગ્ય થાય. ૧૯. પૂર્વાષાઢા નક્ષત્ર પર બૃહસ્પતિ આવે ત્યારે ચણા, ઘઉં અને તલનો વિનાશ થાય. ૨૦. ઉત્તરાષાઢા નક્ષત્ર પર બૃહસ્પતિ આવે ત્યારે વરસાદ થાય નહીં અને ઘી, ગોળ તથા લવણુ મોંઘાં થાય. ૨૧. શ્રવણુ નક્ષત્ર પર ગુરૂ આવે ત્યારે ગાયો તથા વૃદ્ધ લોકો પીડા પામે. ૨૨. ધનિષ્ટા નક્ષત્ર પર ગુરૂ આવે ત્યારે ઘણા રોગ થાય, અલ્પવૃષ્ટિ થાય અને પ્રજાઓનો વિરોધ થાય. ૨૩. શતભિષા અને અભિજિત નક્ષત્ર

પર ગુરૂ આવે ત્યારે ઘણો વરસાદ થાય. ૨૪. પૂર્વાભાદ્રપદા નક્ષત્ર પર ગુરૂ આવે ત્યારે અળસી, તલ, અડદ, વગેરેનો વિનાશ થાય અને અત્યંત શીત પડે. ૨૫. ઉત્તરા ભાદ્રપદા નક્ષત્ર પર ગુરૂ આવે ત્યારે વરસાદ વરસે નહીં, અને ઉત્તમ લોક પીડા પામે. ૨૬. તથા રેવતી નક્ષત્ર પર ગુરૂ આવે ત્યારે વરસાદ વરસે નહીં અને ધાન્ય સુકાઇ જાય. ૨૭.

બાર રાશિને આશ્રી ગુરૂના ઉદયનું ફળ

મેષ રાશિમાં ગુરૂનો ઉદય હોય ત્યારે અતિવૃષ્ટિ, દુકાળ અને ઉત્તમ લોકનું મરણ થાય. ૧. વૃષ રાશિમાં બૃહસ્પતિનો ઉદય થાય ત્યારે સુકાળ થાય તથા પથ્થર, શાલિ, મણિ અને રત્ન ચાલતા સમયના ભાવની અપેક્ષાએ વધારે મોંઘાં થાય. ૨. મિથુન રાશિમાં બૃહસ્પતિનો ઉદય થાય ત્યારે ગણિકાઓ પીડા પામે ૩. કર્ક રાશિમાં બૃહસ્પતિનો ઉદય થાય ત્યારે મનુષ્યોનું વધારે મરણ થાય અને જળની વૃષ્ટિ અલ્પ થાય. ૪. સિંહ રાશિમાં બૃહસ્પતિનો ઉદય થાય ત્યારે પણ તે જ પ્રમાણે જાણવું. વિશેષ એ કે ધાન્યનો લાભ ઘણો થાય. ૫. કન્યા રાશિમાં બૃહસ્પતિનો ઉદય થાય ત્યારે બાળક, ગણિકા અને વૃદ્ધ લોકો પીડા પામે. ૬. તુલા રાશિમાં બૃહસ્પતિનો ઉદય હોય ત્યારે કેસર, ચંદન, ફળ વગેરે વસ્તુ મોંઘી થાય, અને વેપારમાં મોટો લાભ થાય. ૭. વૃશ્ચિક રાશિમાં બૃહસ્પતિનો ઉદય હોય ત્યારે દુકાળ થાય. ૮. ધન રાશિમાં બૃહસ્પતિનો ઉદય હોય ત્યારે અલ્પ વૃષ્ટિ થાય. ૯. મકર રાશિમાં બૃહસ્પતિનો ઉદય થાય ત્યારે લોકમાં રોગ વધે, અને ધાન્ય તથા વૃષ્ટિ ઘણી થાય. ૧૦. કુંભ રાશિમાં બૃહસ્પતિનો ઉદય હોય

ત્યારે સમગ્ર દેશમાં વૃષ્ટિ ઘણી થાય, છતાં અન્ન મોંઘું થાય. ૧૧. તથા મીન રાશિમાં ગુરૂનો ઉદય થાય ત્યારે વૃષ્ટિ અલ્પ થાય, રાજાઓ વચ્ચે યુદ્ધનો સંયોગ થાય, અને માણુસોને મરકીને લીધે નરક જેવી પીડા થાય. ૧૨.

માસને આશ્રી ગુરૂના ઉદયનું ફળ

જ્યારે કાર્તિક માસમાં બૃહસ્પતિનો ઉદય થાય, ત્યારે લોકમાં અગ્નિનો પ્રકોપ વધારે થાય (અથવા સખત તાપ પડે), વૃષ્ટિ ન થાય અને રોગની પીડા થાય. ૧. માર્ગશીર્ષ માસમાં બૃહસ્પતિનો ઉદય થાય ત્યારે ધાન્યનો વિનાશ થાય. ૨. પોષ માસમાં બૃહસ્પતિનો ઉદય થાય ત્યારે લોક સુખી અને નીરોગી રહે તથા સમગ્ર ધાન્યની ઉત્પત્તિ થાય. ૩. માઘ તથા ફાલ્ગુન માસમાં બૃહસ્પતિનો ઉદય થાય ત્યારે પૃથ્વી પર ખંડ ખંડ વૃષ્ટિ થાય. ૪–૫. ચૈત્ર માસમાં બૃહસ્પતિનો ઉદય થાય ત્યારે વિચિત્ર પ્રકારની જળ વૃષ્ટિ થાય. ૬. વૈશાખ માસમાં બૃહસ્પતિનો ઉદય થાય ત્યારે સર્વ પ્રકારનું સુખ થાય. ૭. જ્યેષ્ઠ માસમાં બૃહસ્પતિનો ઉદય થાય ત્યારે જળનો રોધ થાય. ૮. અષાઢ માસમાં બૃહસ્પતિનો ઉદય હોય ત્યારે રાજાઓ વચ્ચે યુદ્ધ થાય અને અન્નનો ભાવ તેજ થાય. ૯. શ્રાવણ માસમાં બૃહસ્પતિનો ઉદય હોય ત્યારે આરોગ્ય, અધિક વૃષ્ટિ અને સર્વ લોક સુખી થાય. ૧૦. ભાદ્રપદ માસમાં બૃહસ્પતિનો ઉદય થાય ત્યારે ચોરનો ઉપદ્રવ તથા ધાન્યનો વિનાશ થાય. ૧૧. તથા આશ્વિન માસમાં બૃહસ્પતિનો ઉદય થાય ત્યારે લોકો સુખી થાય. ૧૨.

મેષ રાશિમાં ગુરૂનો અસ્ત થાય ત્યારે અલ્પ વૃષ્ટિ તથા

દુકાળ થાય. ૧. વૃષભ રાશિમાં ગુરૂનો અસ્ત થાય ત્યારે ગોળ, ઘી, તેલ અને લવણ મોંઘાં થાય. ૨. મિથુન રાશિમાં ગુરૂ અસ્ત થાય ત્યારે મનુષ્યોમાં અધિક મરણ અને અલ્પ વૃષ્ટિ થાય. ૩. કર્ક રાશિમાં ગુરૂનો અસ્ત થાય ત્યારે રાજાનો ભય, પ્રજાનું કુશળ અને સુકાળ થાય. ૪. સિંહ રાશિમાં ગુરૂનો અસ્ત થાય ત્યારે રાજાઓનું યુદ્ધ થાય, તથા લોક અને ધનાદિકનો નાશ થાય. ૫. કન્યા રાશિમાં ગુરૂનો અસ્ત થાય ત્યારે સકલ ધાન્ય સસ્તાં થાય, સુકાળ થાય, લોકનું કલ્યાણ તથા રોગનો નાશ થાય. ૬. તુલા રાશિમાં ગુરુનો અસ્ત થાય ત્યારે બ્રાહ્મણો પીડા પામે, ધાન્ય ઘણું સસ્તું થાય અને નેત્રનો રોગ વધે. ૭. વૃશ્ચિક રાશિમાં ગુરૂનો અસ્ત થાય ત્યારે રાજાનો ભય થાય, અને ચોર લોકો લુંટ ચલાવે. ૮. ધનુષ રાશિમાં ગુરૂનો અસ્ત થાય ત્યારે અડદ અને તલ ઘણા નીપજે, ૯. (મકર રાશિ માટે કાંઇ લખ્યું નથી. ૧૦.) કુંભ રાશિમાં ગુરૂનો અસ્ત થાય ત્યારે પ્રજા પીડા પામે અને સ્ત્રીઓ ગર્ભવતી થાય. ૧૧. મીન રાશિમાં ગુરૂનો અસ્ત થાય ત્યારે સુકાળ, લોકમાં કુશળતા અને અલ્પ વૃષ્ટિ છતાં પણ ધાન્ય સસ્તું થાય. ૧૨.

બાર રાશિને આશ્રી ગુરૂના અસ્તનું ફળ

માર્ગશીર્ષ માસમાં ગુરૂનો અસ્ત થાય અને તે જ પક્ષમાં તેનો ઉદય થતો હોય તો ગ્રીષ્મઋતુમાં ઇતિનો ઉપદ્રવ થાય. કાર્તિક માસમાં કૃષ્ણ પક્ષમાં ગુરૂનો અસ્ત થાય અને શુક્રનો ઉદય હોય તો છત્રભંગ થાય. માર્ગશીર્ષ માસમાં ગુરૂનો અસ્ત હોય અને ભૃગુસુત (શુક્ર)નો ઉદય હોય તો સર્વ જગતની સ્થિતિ વિપરીત થાય.

મેઘ વિચાર

અહીં ગુરૂચાર નામના શાસ્ત્રમાં પ્રબુધ વગેરે બાર પ્રકારના મેઘ કહ્યા છે. તથા રામવિનોદ નામના ગ્રંથમાં નામપરની પ્રીતિને લીધે નાગ નામના મેઘ કહ્યા છે એટલે કે રામવિનોદમાં બાર પ્રકારના નાગ આ પ્રમાણે કહ્યા છે—ગયેલા વર્ષની સંખ્યામાં બે ભેળવી બારે ભાગવા. જે શેષ રહે તે અનુક્રમે મેઘનાં નામ જાણવાં, તે આ પ્રમાણે—સુબુદ્ધ ૧, નંદિસારી ૨, કર્કોટક ૩, પૃથુશ્રવા ૪, વાસુકિ ૫, તક્ષક ૬, કંબલ ૭, અશ્વતુર ૮, હેમમાલી ૯, જલેંદ્ર ૧૦, વજ્રદંત ૧૧ અને વૃષ ૧૨. તેમાં સુબુદ્ધ નામનો મેઘ બુદ્ધિને કરનાર છે, કષ્ટથી વૃષ્ટિ કરે છે તથા મહાજનોને આનંદ આપનાર છે. ૨. કર્કોટક નામનો મેઘ જળની વૃષ્ટિ કરે નહીં, તેમાં રાજાનું મરણ થાય. ૩. પૃથુશ્રવા નામનો મેઘ થોડી વૃષ્ટિ કરે છે. તેમાં ધાન્યની હાનિ થાય છે. ૪. વાસુકિ નામનો મેઘ ધાન્ય નીપજાવે છે, ઘણી વૃષ્ટિ કરે છે, અને તે શુભકારક છે. ૫. તક્ષક નામનો મેઘ મધ્યમ વૃષ્ટિ કરે, વિગ્રહ અને મરણ નીપજાવનાર છે. ૬. કંબલ નામનો મેઘ મધ્યમ વૃષ્ટિ કરનાર છે તથા ધાન્ય સારૂં ઉત્પન્ન કરે છે. ૭. અશ્વતર નામનો મેઘ થોડું જળ આપે છે, અને ધાન્યનો વિનાશ કરે છે. ૮. હેમમાલી નામનો મેઘ મહા વૃષ્ટિ કરે છે. ૯. જલેંદ્ર નામનો મેઘ પૃથ્વીને તૃપ્ત કરે છે. ૧૦. વજ્રદંષ્ટ્ર નામનો મેઘ અનાવૃષ્ટિ કરે છે. ૧૧. તથા વૃષ નામનો મેઘ ઇતિનો ભય કરે છે. ૧૨.

ગયેલા વર્ષને નવે ભાગવા જે શેષ રહે તે અનુક્રમથી મેઘનું નામ જાણવું—આવર્ત ૧. સંવર્ત ૨. પુષ્કર ૩. દ્રોણ

૪. કાલક ૫. નીલ ૬. વરૂણ ૭. વાયુ ૮. અને તમો મેઘ ૯. તેમાં આવર્ત નામના મેઘમાં અલ્પ જળ હોય. ૧. સંવર્ત નામનો મેઘ વાયુની પીડા કરે. ૨. પુષ્કર નામનો મેઘ ઘણી વૃષ્ટિ કરે. ૩. દ્રોણ નામનો મેઘ વૃષ્ટિ તથા સુખ કરનાર છે. ૪. કાલ નામનો મેઘ અલ્પ વૃષ્ટિ કરે. ૫. નીલ નામનો મેઘ શીઘ્ર વૃષ્ટિ કરે. ૬. વારૂણ નામનો મેઘ સમુદ્રની જેમ પૃથ્વીને જળમય કરે. ૭. વાયુ નામનો મેઘ વરસાદનો નાશ કરે. ૮. તમ નામનો મેઘ વૃષ્ટિ કરે નહીં. ૯. આ પ્રમાણે સર્વ મેઘનું ફળ જાણવું.

આ બાબત મતાંતર આ પ્રમાણે છે.—

ગયેલા વર્ષમાં ત્રણ મેળવી ચારે ભાગ દેવો. જે શેષ રહે તે અનુક્રમે મેઘનાં નામ જાણવાં—આવર્ત ૧. સંવર્તક ૨. પુષ્કર ૩ અને ચોથો દ્રોણ ૪. આ પ્રમાણે મુનિઓએ નામ કહ્યાં છે. તેમાં આવર્ત મેઘ ખંડ ખંડ વૃષ્ટિ કરે ૧. સંવર્તક મેઘ પૃથ્વીને જળથી પૂર્ણ કરે ૨. પુષ્કર મેઘ અલ્પ વૃષ્ટિ કરે ૩. અને દ્રોણ મેઘ સર્વદા વરસે છે. ૪.

સારસંગ્રહ નામના ગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે.—શક સંવત્સરમાં ત્રણ ભેળવી ચારે ભાગ દેવો. જે શેષ રહે તે અનુક્રમે મેઘનાં નામ જાણવાં.-આવર્ત ૧. સંવર્ત ૨. પુષ્કર ૩ અને દ્રોણ ૪. તે મેઘો અનુક્રમે અલ્પ વૃષ્ટિ ૧, ખંડવૃષ્ટિ ૨, મહાવૃષ્ટિ ૩, અને વાયુ ૪ કરનારા છે. એ પ્રમાણે સત્પુરૂષોએ અનુક્રમે તેનું ફળ કહેલું છે.

તથા—મેઘ ચાર પ્રકારના કહ્યા છે. તેમાં પહેલો દ્રોણ નામનો છે ૧, બીજો આવર્ત ૨, ત્રીજો પુષ્કરાવર્ત ૩ અને

ચોથો સંવર્તક નામનો છે. ૪. આ ચારે મેઘનું અનુક્રમે આ પ્રમાણે ફળ પંડિતો કહે છે—ઘણી વૃષ્ટિ ૧, ખંડવૃષ્ટિ ૨, મધ્યમ વૃષ્ટિ ૩ અને વાયુ ૪.

આગમમાં સ્થાનાંગને વિષે પણ આ પ્રમાણે કહ્યું છે. ચાર પ્રકારના મેઘ કહ્યા છે, તે આ પ્રમાણે.—પુષ્કરસંવર્તક ૧, પ્રદ્યુમ્ન ૨, જીમૂત ૩, અને જિમ્હ ૪. તેમાં પુષ્કરસંવર્તક નામનો મેઘ એક વાર વરસે તો દશ હજાર વર્ષ સુધી પૃથ્વીને રસવાળી કરે છે. ૧. પ્રદ્યુમ્ન નામનો મેઘ એક વાર વરસે તો એક હજાર વર્ષ સુધી પૃથ્વીને રસવાળી કરે. ૨. જીમૂત નામનો મેઘ એક વાર વરસે તો દશ વર્ષ સુધી પૃથ્વીને રસવાળી કરે. ૩. અને જિમ્હ નામનો મેઘ ઘણીવાર વરસે તો પૃથ્વીને એક જ વર્ષ રસવાળી કરે. ૪.

રૂદ્રદેવ બ્રાહ્મણે કરેલી મેઘમાલામાં આ પ્રમાણે કહ્યું છે—પાર્વતી ઈશ્વરને પૂછે છે કે–હે દેવ! મેઘ કેવા છે? તે પૃથ્વી પર શી રીતે વરસે છે? અને તે કેટલા છે? તે કહો. જેથી મને પ્રતીતિ થાય. ત્યારે ઈશ્વરે કહ્યું કે–હે દેવી! મેઘના વર્ણ અને રૂપ જેવા છે તેવા હું કહું છું, તે તમે સાંભળો–મેરૂ પર્વત પર દશ મેઘો છે, તે રાજાઓ કહેવાય છે. કૈલાસ પર્વત પર દશ મેઘો છે, પ્રાકાર કોટજ પર દશ મેઘ છે, ઉત્તરમાં દશ મેઘ છે, શ્રૃંગવેર ઉપર દશ મેઘ છે, પર્યંતે દશ મેઘ છે, હિમવાન પર્વત પર દશ મેઘ છે, તથા ગંધમાદન પર્વત પર દશ મેઘ છે. તે સર્વ રાજાના નામથી કહેવાય છે. આ કુલ એંશી મેઘો પ્રસિદ્ધ છે. તે હે પાર્વતી! મેં તમને કહ્યા. હે લોકના હિતને કરનારી! બીજું તમે શું પૂછો છો? આ એંશી મેઘોને વિષે જે મેઘને

બૃહસ્પતિ, રાશિના સંયોગથી આગળ કરે છે, તે પટ્ટબંધ રાજા કહેવાય છે. ચાર દિશા અને ચાર વિદિશામાં દરેકમાં દશ દશ મેઘ છે. તે મનુષ્ય લોકમાં ઉદય પામીને વૃષ્ટિ વડે પૃથ્વીને જળમય કરી દે છે. વૃષ્ટિ લાવવાને માટે આઠ પાંખડીનું કમળ કરી તેમાં મેઘોને સ્થાપન કરી ધૂપ,દીપ, પુષ્પ અને નૈવેદ્ય વડે તેમની પૂજા કરવી. સિંહક ૧, વિજય ૨, કંબલ ૩, જયદ્રથ ૪, ધૂમ્ર ૫, સુસ્વામી ૬, ભદ્ર ૭, માતંગ ૮, વરૂણ ૯ અને ત્રિલોચનપતિ ૧૦, એ દશ મેઘો પૂર્વ દિશામાં છે. આનંદ ૧, કાળદંષ્ટ્ર ૨, શૂકર ૩, વિષભુક્ ૪, મૃગ ૫, નીલ ૬, ભવ ૭, કુંભ ૮, નિકુંભ ૯ અને મહિષ ૧૦ એ દશ મેઘો દક્ષિણ દિશામાં છે. તે પ્રાયે વૃષ્ટિ કરનારા છે. કુંજર ૧, કાલમેઘ ૨, યામુન ૩, કાલક ૪, અંતક ૫, દુંદભિ ૬, મેખલ ૭, સિંધુ ૮, મકર ૯ અને છત્ર ૧૦ એ દશ મેઘો પશ્ચિમ દિશામાં છે. તે વૃષ્ટિ કરનારા છે. મેઘનાદ ૧, ત્રિલોચન ૨, સુધાકર ૩, દંડિન ૪, સિતાલ ૫, ત્રૈકાલિકજલ ૬, વૃષભ ૭, ગંધર્વ ૮, વિધમાસિકથ ૯ અને ગહ્વર ૧૦ એ દશ મેઘો ઉત્તર દિશામાં રહેલા વૃષ્ટિ કરે છે. આં પૂર્વાદિક ચારે દિશાના મેઘોની અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવી જાતિ કહેલી છે. બીજા ચાર વિદિશાના ચાળીશ મેઘો કહેલા છે. તેમનાં નામો બીજા ગ્રંથમાંથી જોઇને જાણી લેવાં. આ એંશી મેઘ સિવાય બીજા ઓંકાર યુક્ત મૂર્તિવાળા મયૂર ૧, કંહિક ૨, બિંદુકાંતિ ૩, કરણ ૪, હેમકાંતિ ૫, પર્વત ૬, અને ગૈરિક ૭. એ નામના સાત મેઘો સ્વર્ગલોકમાં રહેલા છે. તે સર્વ પ્રકારના સુખ આપનારા દિવ્ય મેઘો છે. ઉપર કહેલા ચાલીશ મેઘોમાં દશ મેઘ શ્વેત વર્ણ-

વાળા છે, દશ મેઘ રાતા વર્ણવાળા છે, દશ મેઘ પીળા વર્ણવાળા છે, અને દશ મેઘ ધૂમ્ર વર્ણવાળા કહેલા છે.

હવે હું એનો મંત્ર કહું છું. તે મંત્ર વડે સ્થાપન કરેલા (બોલાવેલા) દેવો પૃથ્વી પર આવી પૃથ્વીને વૃષ્ટિ વડે સમુદ્રની જેમ એક જળમય કરી દે છે.—

ओँ ह्रीँ मेघदूत्यै नमः आगच्छ आगच्छ स्वाहा। ओँ मेघदूतीकमलोद्भवाय नमः आगच्छ आगच्छ स्वाहा। ओँ ह्रीँ महानीलराजाय हिमवन्निवासिने आगच्छ आगच्छ स्वाहा। ओँ ह्रीँ नन्दिकेश्वराय जठरनिवासिने मेघराजाय आगच्छ आगच्छ स्वाहा। ओँ ह्रीँ कुबेरराजाय शृंगवेरनिवासिने आगच्छ आगच्छ स्वाहा॥

આ મંત્રોના દસ દસ હજાર જાપ કરવા. ધોળા અને રાતા કણેરનાં પુષ્પો વડે દશાંશ હોમ કરવો. ત્યારપછી સુગંધિ પુષ્પો વડે સાતે મેઘની પૂજા કરવી. નદી પર અથવા વનમાં જઈને ડાહ્યા પુરૂષે આ મેઘોનું આહ્‌વાન કરવું અને શવાલયમાં અથવા તળાવ પર તે મેઘોનું વિસર્જન કરવું. આ દિવ્ય સાતે મેઘો કુલપર્વત પર વસનારા છે.

આ સર્વ મેઘોને વિષે પ્રબુદ્ધ, આનંદ, શાલ વગેરે બાર મેઘો રાજાઓ કહેવાય છે. તે બૃહસ્પતિએ જ પ્રયુંજ્યા છે. આ પ્રમાણે ગુરૂચારના વશથી મેઘો રહેલા છે. તેઓ સંવત્સરના નામના પરાવર્તનથી દરેક વર્ષે પૃથ્વી પર વૃષ્ટિ કરે છે.

ઈતિ શ્રી મેઘવિજયજી ગણિ રચિત શ્રી મેઘમહોદય અથવા વર્ષપ્રબોધ ગ્રંથનો ચતુર્થ સંવત્સરાધિકાર સંપૂર્ણ

પંચમ શનૈશ્ચરવત્સર નિરૂપણાધિકાર

સંવત્સરનું શરીર આ પ્રમાણે કહ્યું છે—રોહિણી અને કૃતિકા એ બે નક્ષત્ર સંવત્સરના શરીરરૂપ છે, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા એ બે નક્ષત્ર સંવત્સરની નાભિરૂપ છે, આશ્લેષા નક્ષત્ર સંવત્સરનું હૃદય છે અને મઘા નક્ષત્ર સંવત્સરનું કુસુમ એટલે પુષ્પ છે. આ સર્વ અવયવ જો શુદ્ધ હોય તો તે શુભ ફળને આપે છે. આ સંવત્સરનું શરીરરૂપ નક્ષત્ર જો પાપગ્રહ વડે પીડિત હોય તો અગ્નિ અને વાયુનો ભય થાય છે, નાભિરૂપ નક્ષત્ર ક્રૂર ગ્રહ વડે પીડિત હોય તો ક્ષુધાનો ભય થાય છે, કુસુમરૂપ નક્ષત્ર ક્રૂર ગ્રહ વડે પીડિત હોય તો મૂળ અને ફળનો વિનાશ થાય છે અને હૃદયરૂપ નક્ષત્ર ક્રૂર ગ્રહ વડે પીડિત હોય તો અવશ્ય ધાન્યનો વિનાશ થાય છે. પ્રથમ શનૈશ્ચર વર્ષના સ્વામીનો વિચાર કરવો. પછી તેના ચરિત્રનો અભ્યાસ કરી બુદ્ધિમાન પુરૂષે મેઘના વિષયનો વિચાર કહેવો અને ભાવી શુભાશુભ વર્ષનો વિચાર બુદ્ધિથી કરવો, તે આ પ્રમાણે.—

મેષ રાશિ પર ત્રણ જગતમાં પ્રસિદ્ધ એવો શનૈશ્ચર હોય તો ધાન્યનો વિનાશ થાય, તૂલ, તૈલંગ અને બંગ દેશમાં ઘોડાઓની ખરી વડે પૃથ્વી દળાઇ જાય તેવું ભયંકર યુદ્ધ થાય, પાતાળમાં નાગલોકમાં દિશામાં અને વિદિશામાં રહેલા રાજાઓ અત્યંત ભય પામે, સર્વ લોકોનું પ્રથમ ઉપાર્જન કરેલું ધન નાશ પામે છે, અને તેઓ સર્વત્ર યાચના કરતા ભટકે છે. ૧. વૃષ

રાશિમાં શનૈશ્ચર હોય ત્યારે મનુષ્યો પરસ્પર વૈરથી દુઃખી થાય, ધન અને સુખનો વિનાશ થાય, સર્વ દેશમાં અન્ન મોંઘું થાય, સર્વ મનુષ્યના મનમાં દુઃખ અને વૈરાગ્ય થાય, અન્ન અને પશુઓનો નાશ થાય, ધાન્યનો અર્ધ નાશ થાય, રસકસ રહિત સર્વ શૂન્ય થાય તથા સર્વ દેશો પરિવાર રહિત થાય. ૨. મિથુન રાશિ પર શનૈશ્ચર હોય ત્યારે ઘી, કપાસ, લોઢું, લવણ, તલ અને ગોળ એ વસ્તુ સર્વ દેશમાં મોંઘી થાય. મજીઠ, સુવર્ણ, બળદ, ઘોડા, હાથી અને સર્વ પ્રકારનાં ધાન્ય સસ્તાં થાય. સાત દ્વીપ અને સાત સમુદ્રમાં રહેનારા મનુષ્યો અને રાજાઓ સર્વ પ્રકારે સુખી થાય, અને સર્વ ઋતુમાં વરસાદ થાય, એમ સર્વ મુનિઓનો મત છે. ૩. કર્ક રાશિ પર શનૈશ્ચર હોય ત્યારે નિરંતર રોગની પીડા થાય, અત્યંત પરાભવ થાય, પિત્તનો નાશ થાય, કાર્યની હાનિ થાય, મનુષ્યોમાં વિરોધ થાય, સર્વ જનો ભય યુકત થાય, દેશમાં ચિંતા અને ખેદ થાય, શબ્દ સહિત જળની વૃષ્ટિ થાય, તેથી પૃથ્વી ટલ ટલ થાય, સર્વ લોકનો નાશ થાય, સર્વ દેશમાં રાજાઓનું યુદ્ધ થાય, તથા પશુ અને ધનનું હરણ થાય. ૪. સિંહ રાશિ પર શનૈશ્ચર હોય ત્યારે પૃથ્વી પર પશુઓનો નાશ થાય, સર્વ દેશ, હાથી, ઘોડા, બળદ વગેરે પશુઓથી, યુદ્ધથી, દુકાળથી અને રોગોથી પીડા પામે, મ્લેચ્છ લોકો સમુદ્રના કાંઠાના દેશોનો ભંગ કરે. ધાન્યનો ભાવ ઉંચો રહે. રાજાઓ ધન વડે સુખી તથા ઇંદ્ર અને ચંદ્રની જેવા પ્રભાવવાળા હોય, તે સર્વે દુઃખી થઇને આ યુગકાળમાં ભ્રમણ કરે. ૫. કન્યા રાશિ પર શનૈશ્ચર હોય ત્યારે કાશ્મીર દેશ નાશ પામે, ઘોડાઓની ખરીઓ વડે પૃથ્વી ચૂર્ણ થાય એવો ભયં-

કર રણુસંગ્રામ થાય, રત્ન, ધાતુ, રૂપું, હાથી, ઘોડા, બળદ, બકરી, ભેંસ, મજીઠ અને કેસર વગેરે રસકસ સહિત સર્વ વસ્તુ સસ્તી થાય. સર્વજન સુખી થાય તે વખતે ધાન્યનો સંગ્રહ કરવો સારો છે. ૬. તુલા રાશિ પર શનૈશ્ચર હોય ત્યારે સર્વ ધાન્ય મોંઘાં થાય, પૃથ્વી રોગથી વ્યાપ્ત થાય, સર્વ દેશ કલેશ પામે, પૃથ્વી કંપાયમાન થાય, સર્વ મુનિજનોને સદા શરીર પીડા રહે, મનુષ્ય, પુર, નગર વગેરે નાશ પામે, અલ્પ વૃષ્ટિ થાય, મનુષ્યો ધન રહિત અને દુઃખી હોય. ૭. વૃશ્ચિક રાશિ પર શનૈશ્ચર હોય ત્યારે રાજાઓ ક્રોધી થાય, સર્પો હર્ષ પામે, પક્ષિઓનાં યુદ્ધ થાય, સાતે દ્વીપ કંપાયમાન થાય, રાજાઓનાં મરણ થાય, વરસાદ થાય નહીં, સર્વ લોકો દુઃખી થઇ ભિક્ષાવૃત્તિ કરવા લાગે, લોકમાં પરસ્પર શત્રુતા થાય, સર્વ કાર્યનો વિનાશ થાય અને સર્વ ગુણો નાશ પામે. ૮. ધન રાશિ પર શનૈશ્ચર આવે ત્યારે સાત દ્વીપ, સાત સમુદ્ર અને સર્વ મુનિઓનાં વન સહિત સર્વ પૃથ્વી વાયુ વડે પૂર્ણ થાય, બ્રાહ્મણો વેદ અને અંગનો અભ્યાસ કરવામાં લીન થાય, જગતના મનુષ્યો સુખી થાય, અનેક પ્રકારના તૃણની ઉત્પત્તિ થાય, ધાન્ય ઘણાં પાકે, રસકસ આધક થાય, ધાન્યનો ઘણો પ્રચાર થાય, અને સર્વ મનુષ્યોનાં મુખ હસતાં હોય. ૯. મકર રાશિપર શનૈશ્ચર આવે ત્યારે રૂપું, સોનું, તાંબું, હાથી, ઘોડા, બળદ, સૂતર અને કપાસ એ સર્વ વસ્તુ મોંઘી થાય. સર્વ પૃથ્વીતળ ઉપર અલ્પ ધાન્યની ઉત્પત્તિ થાય, પૃથ્વી પર ધાન્યનો વિનાશ થાય, રાજાઓ ક્રોધી થાય, માર્ગમાં ભય વધે, સવ પ્રકારના રોગથી મનુષ્યોનો વિનાશ થાય અને રાજાઓ ચિંતાતુર રહે. ૧૦. કુંભ રાશિ પર શનૈશ્ચર આવે ત્યારે લક્ષ્મીની પ્રાપ્તિ, દેશમાં

સુખ, ધન ધાન્ય સહિત રાજાઓ અને દેશો સુખી થાય, સુખમાં મગ્ન થયેલા લોકો ધર્મ અને અધર્મમાં પણ પ્રવૃત્તિ કરે, પૃથ્વી જળથી પૂર્ણ થાય, સર્વ લોકમાં માંગલિક પ્રવર્તે, ઘણા પ્રકારનાં ધાન્ય પાકે, પૃથ્વી વિવાહાદિક ઉત્સવો વડે હર્ષવાળી અને મનોહર દેખાય. આ પ્રમાણે સર્વ જનને સુખમય સમય થાય. ૧૧ મીન રાશિ પર શનૈશ્ચર આવે ત્યારે પૃથ્વી કંપાયમાન થાય. વાયુ પ્રચંડ વાય, નાગલોક કંપાયમાન થાય, સાત દ્વીપ, સમુદ્ર અને પર્વતનાં વૃક્ષાદિકની હાનિ થાય, રાજાઓનો વિનાશ થાય, દેશનો પ્રલય થાય, મેઘો પણ નાશ પામે. આ પ્રમાણે ચતુર મનુષ્યોના હર્ષને માટે વારાહી સંહિતામાં કહ્યું છે. ૧૨.

ગાર્ગી સંહિતામાં પણ આ પ્રમાણે કહ્યું છે—મીન રાશિ પર શનૈશ્ચર આવે ત્યારે સમુદ્રો ક્ષોભ પામે, આકાશ ચલાયમાન થાય, નાગલોક કંપવા લાગે, સૂર્ય-ચંદ્ર અને ગ્રહ-નક્ષત્રો કિરણ રહિત થાય, પ્રચંડ વાયુ વાય, રાજાઓ વિનાશ પામે, મનુષ્યોનાં મરણ થાય, મેઘો નાશ પામે અને સમગ્ર જગત ચક્રની જેમ ભ્રમણ કરે.

ઇતિ સંક્ષેપથી શનિચાર સંપૂર્ણ

અનેક શાસ્ત્રોનો વિચાર કરી મનુષ્યોને શીઘ્ર બોધ થાય એવી રીતે વિસ્તારથી ગદ્યબંધવડે શનિચારનું ફળ કહે છે—જ્યારે મેષ રાશિ પર શનિ આવે ત્યારે પશ્ચિમ દિશામાં રાજાઓનો વિગ્રહ થાય, વસ્તુ મોંઘી થાય, રાજાનો ભય થાય, ગુજરાત, ગૌડ અને સૌરાષ્ટ્ર દેશમાં ધાન્યની મોંઘવારી રહે, ધાન્યના વેપારમાં બમણો લાભ થાય, છત્રનો ભંગ થાય, અર્ધ રાશિને ભોગવ્યા પછી પૃથ્વી પર ઘણા ઉત્પાત થાય,

મહી નદીની પાસેના લોકો પીડા પામે, રાજાઓના ઉપદ્રવો થાય, વૃષ્ટિ ઘણી થાય, જુવાર વગેરે સાતે ધાન્યનો સંગ્રહ કરવો સારો છે, ચાર માસ પછી વેચવામાં બમણો લાભ થાય, ગુજરાત દેશમાં અફીણ, ગોળ, સાકર, ખાંડ, ઘઉં, બાજરો અને ચોળા વગેરે વેચવાથી લાભ મળે, સોના રૂપામાં લાભ મળે, પહેલાં શનૈશ્ચર સાત માસ સુધી રાશિને ભોગવે, ત્યાર પછી ઉત્પાત ચાલે, કોઇ ઠેકાણે ભૂમિકંપ અને ગર્જારવ થાય, ફાલ્ગુન માસમાં ઉપદ્રવ થાય, તે વખતે વસ્તુઓ મોંઘી થાય, વ્યાપારમાં લાભ થાય માલવ દેશમાં ઘી, સાકર, તેલ, ટોપરાં, રાયણ એ વસ્તુ મોંઘી થાય, અને આઠ માસ સુધી સૈન્ય ચાલે. આ પ્રમાણે ગૌતમ સ્વામીએ રાશિમંડળ ગ્રંથમાં કહ્યું છે, તે શનિના ચાર વડે વર્ષનું શુભાશુભ જાણવું. ૧. જ્યારે વૃષ રાશિ પર શનિ આવે ત્યારે દક્ષિણ દિશામાં વિગ્રહ થાય, શત્રુના સૈન્યનો ભય થાય, વરાડ દેશમાં અસ્વસ્થતા થાય, પશ્ચિમનો પતિ દક્ષિણમાં જાય. દેશો ઉજ્જડ થાય, અન્ન મોંઘું થાય, ઘઉં, ચણા અને લવણના વેપારમાં લાભ થાય. સોનું, રૂપું, પીતળ, કાંસું અને લોઢું એ વગેરેના વેપારમાં છ માસ સુધી લાભ થાય. અષાઢ વગેરે ત્રણ માસ લાભ થાય. આશોર દેશમાં યુદ્ધ થાય. મ્લેચ્છ અને હિંદુનો ક્ષય થાય. હિંદુ રાજાનો જય થાય. ભાદ્રપદ માસમાં અફીણથી લાભ થાય. દેવગઢ નામના દેશમાં વિગ્રહ થાય, દુર્ગનો ભંગ થાય. શનિએ રાશિનો એક વર્ષ ભોગ કર્યા પછી વસ્તુ મોંઘી થાય. તેમાં માઘ માસમાં અજમો વેચવાથી લાભ થાય. ૨. જ્યારે શનિ મિથુન રાશિમાં આવે ત્યારે દુકાળ થાય, રાજાનો વિગ્રહ થાય, માલવ દેશમાં વિરોધ થાય. રાશિને ભોગવતાં પાંચ

માસ ગયા પછી ઉજ્જયિનીમાં ઉત્પાત થાય. દુર્ગનો ભંગ થાય. બે માસ પછી એક માસ સુધી દુકાળ જણાય. એક વર્ષ પછી શુભ થાય. ધાન્યની પ્રાપ્તિ થાય. પૂર્વ દેશમાં ઉત્પાત થાય. ગોળનો ભાવ સમ રહે. લવિંગ, કેસર, એલચી, પારો, હિંગ, પાનડી, રેશમ, કથીર અને સુંઠ એ સર્વ વસ્તુ મોંઘી થાય. માલવ દેશમાં ક્ષત્રિઓનો જય થાય. દુર્ગરોધ અને ઉચ્ચ વસ્તુનો વિક્રય થાય. ૩. જ્યારે શનિ કર્ક રાશિ પર આવે ત્યારે મેદપાટ દેશમાં માલવ દેશની સીમા પર્યંત દેશો ઉજ્જડ થાય. રાજાના છત્રનો ભંગ થાય, રાજાઓનું મોટું યુદ્ધ થાય. માલપદ દેશમાં મુગલ લોકનું સૈન્ય ચડી આવે. તાપી નદીના કાંઠા સુધી વિગ્રહ થાય. આગળ કુશળતા થાય. દક્ષિણ દિશામાં લોકો વિનાશ પામે, ગામોનો ભંગ થાય. ભાદ્રપદ માસમાં જળનો ઉપદ્રવ થાય. ઘણા મેઘ વરસે. આશ્વિન માસમાં વરસાદ થાય, અફીણ મોંઘુ થાય, બે માસ ગયા પછી સોંઘા ભાવ થાય. વસ્તુઓ મોંઘી થાય, ઘોડા, ભેંસ વગેરે મોંઘાં થાય. વેપારમાં લાભ થાય. ૪. જ્યારે શનિ સિંહ રાશિ પર આવે ત્યારે સર્વત્ર અન્નની ઉત્પત્તિ થાય. ઘણી વૃષ્ટિ થાય. માલવ દેશમાં વેપારને વિષે લાભ થાય. રાશિભોગનો એક માસ ગયા પછી દેશમાં ગમન થાય. બાદશાહી ચળાચળ થાય. પરંતુ અન્ન સોંઘું થાય. શાક (શક લોકોના) બંધની જેવા સંગ્રામ થાય. દરેક ગામમાં ગોળ, ઘઉં, ચણા, ચોખા, શાલિ, મસૂર, ઘી વગેરે વસ્તુના વેપારમાં લાભ થાય. પ્રથમ સુકાળ થાય પછી મરકીનો ભય થાય. સર્વ દેશમાં પીડા અને વ્યાકુળતા થાય. વર્ષનું અશુભ ફળ થાય. મરી, સુંઠ વગેરે કરિયાણુકના વેપારમાં લાભ થાય. તાંબું પીતળ મોંઘું થાય, ઘી,

તેલ વગેરે રસ મોંઘાં થાય. કુંકણ દેશમાં ઘાસ, ભેંસ વગેરે સસ્તાં થાય. માલવ દેશમાં ઉપદ્રવ થાય, પરંતુ રાજ્યમાં સુખ થાય. સૈન્યનો વિગ્રહ થાય. પૂર્વ દેશમાં વસ્ત્રનો લાભ થાય, સર્વ વસ્તુ સોંઘી થાય. ૫. જ્યારે કન્યા રાશિ પર શનિ આવે ત્યારે ચારે દિશામાં દુકાળ થવાથી પિતા પુત્રને વેચે. અન્નનો નાશ થાય, વરસાદ ન થાય. મારવાડ, શિવપુરી અને દ્રાવિડ દેશમાં રાજપીડા અને છત્રભંગ થાય. બીજા સર્વ દેશોમાં શુભ થાય. આબુમાં સુકાળ થાય. શીરોહીમાં અન્નનો લાભ થાય. સર્વ ધાન્યનો સંગ્રહ કરવામાં બમણો લાભ થાય. નવ માસ સુધી ધાન્ય રાખીને પછી તેનો વિક્રય કરવો. ધાતુની વસ્તુ સોંઘી થાય, અન્નનો ભય રહે, મહાવૃષ્ટિ થાય, ત્રણ કરીયાણાં સોંઘા થાય. ૬. જ્યારે તુલા રાશિમાં શનિ આવે ત્યારે ચરાચર વિશ્વમાં સુકાળ થાય. પ્રજાઓને સુખ, સૌભાગ્ય, ધન, ધાન્ય અને સંપત્તિ પ્રાપ્ત થાય. બંગાલ દેશમાં વિગ્રહ થવાથી તેની પ્રજા પીડા પામે. રોગ ઘણો થાય. કાર્તિક માસમાં બ્રાહ્મણ, ક્ષત્રીય અને વૈશ્ય એ ત્રણ મહાજનોને ઘણું કષ્ટ પડે. બંગાલ દેશમાં ઉત્પાત થાય. છત્રભંગ થાય, અર્ધ રાશિનો ભોગ થયા પછી ઉત્પાત થાય. દક્ષિણ દિશામાં ઉપદ્રવ થાય, ઘઉં, ચણા, ચોખા, મારૂંગી, કાંગ અને અડદ મોંઘા થાય. જ્યેષ્ઠ માસ પછી વેચવાથી બમણો લાભ થાય. બીજા સર્વ દેશોમાં સુકાળ થાય. ૭. જ્યારે વૃશ્ચિક રાશિ પર શનિ આવે ત્યારે હસ્તિનાગપુરમાં, તેના દેશમાં અને વૈરાટ દેશમાં વિગ્રહ થાય. માલવ, મેદપાટ, વાગડ, ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તરાર્ધ દેશોમાં સૈન્યનો ઉપદ્રવ થાય. અનાજથી લાભ થાય, ઘઉં, કપાસ, મસૂર, તેલ અને કાપડ વગેરેના વ્યાપારમાં લાભ થાય. નવ

માસ પછી ઉપદ્રવ થાય. રાજા, રાણા અને મ્લેચ્છોને પરસ્પર યુદ્ધ થાય. પાદશાહના ઘરમાં કલેશ થાય. માલવ દેશમાં તીડ આવે. સર્વ વસ્તુના મૂલ્યની વૃદ્ધિ થાય. અફીણના વેપારમાં (લેવામાં) લાભ થાય. જયેષ્ઠ માસમાં ભાવ વધે. અજમોદ, મેથી વગેરેનો વિક્રય કરવો. રોગચારો વધે અને વરસાદ ઘણો થાય. ૮. જ્યારે ધન રાશિ પર શનિ આવે ત્યારે સર્વત્ર મોંઘું થાય, લોક દુર્બળ થાય, પિતા પુત્રને વેચે, અન્નનો નાશ થાય, પૃથ્વી પર જળ રહે નહીં, લોકો વ્યાકુળ થાય, રાશિના ભોગથી છ માસ પછી ફળ અને ધાન્યનો સંગ્રહ કરવો. અફી-ણથી લાભ થાય. તેલ, તલ, ઘઉં, ચણા, ચોખા, ખાંડ, લાંગ, ડોડા, અસાલિયા, અજમોદ, મેથી અને ઘી એ વસ્તુ મોંઘી થાય. શ્રાવણાદિક ચાર માસ મરકીની પીડા રહે. રાજાનું સુખ મળે. ઉત્તરાપથમાં સૈન્ય ચડી આવે. ૯. જ્યારે મકર રાશિ પર શનિ આવે ત્યારે આનંદ પ્રર્વતે, સર્વત્ર સુકાળ થાય, રાજા નિર્ભય થાય, આરોગ્ય અને સમાધાન લોકમાં પ્રવર્તે. કપૂર, પારો, જાયફળ, લાંગ, ટોપરાં, હીંગ, જીરા, સુવા, બિરહાલી, ઘી અને લવણ એ સર્વ મોંઘું થાય. અષાઢાદિક સાત માસ સુધી તેના મૂલ્યની વૃદ્ધિ થાય. અફીણ મોંઘું થાય, ચોરનો ભય થાય. દેશાંતરમાં મહાજનને પીડા થાય, પ્રથમ વરસાદ વરસે, પછી એક માસ સુધી વરસાદ વરસે નહીં. પહેલી મોંઘવારી રહે, પછીથી સુકાળ થાય. પંદર દિવસ લવણનો ભાવ તેજ રહે. ચિતોડ ગઢમાં સૈન્યનું યુદ્ધ થાય, મનુષ્યો પીડા પામે, અને ધનની હાનિ થાય. માલવ દેશમાં રોગની પીડા થાય. પ્રથમ ભયંકર વર્ષ લાગે, પછી શુભ થાય. રાશિના ભોગને છેડે દેશ ભંગ થાય. ૧૦. જ્યારે કુંભ રાશિ-

પર શનિ આવે ત્યારે દક્ષિણ કુંકણ દેશમાં મોટો વિગ્રહ થાય. રાજાનો ક્ષય થાય. પ્રજાને ભય થાય. ધનનો ક્ષય થાય. રાશિભોગથી આરંભીને સાત માસ સુધી સર્વ ધાન્ય મોંઘું રહે. અષાઢ આદિ પાંચ માસ સુધી ઘઉં, ચણા, મસૂર, જુવાર, ચોખા, અડદ, વટાણા, તુવેર, કાંગ, ચોળા, બાજરો, એ સર્વ વસ્તુ મોંઘી થાય, દુકાળ પડે. માઘ માસમાં મોટી વૃષ્ટિ થાય, તેથી ધાન્યનો વિનાશ થાય, છત્રભંગ થાય. ફાલ્ગુન અને ચૈત્ર માસથી વસ્તુ અને ધાન્યનો સંગ્રહ કરવો. દાતાર માણુસોને પણ ભિક્ષા માગવાનો વખત આવે. ધાન્ય સંગ્રહ કરનારને બમણો લાભ થાય. ૧૧. જ્યારે મીન રાશિ પર શનૈશ્ચર આવે ત્યારે દુકાળ પડે, લોક દુર્બળ થાય, માતા પુત્રને વેચે. માલવ દેશમાં મોંઘવારી રહે, ઉત્પાત થાય. કાંગ, ઘઉં, ચણા, જુવાર, અડદ, ગોળ, લવણ, વસ્ત્ર, નાળિયેર, ટોપરાં, સુંઠ, કપૂર, જાયફળ એ સર્વ વસ્તુ પાંચ માસ પછી વેચવાથી બમણો લાભ થાય, ધાન્યના સંગ્રહથી લાભ થાય. દક્ષિણમાં ધાન્ય મોંઘું થાય, માલવ દેશમાં રાજાનો વિરોધ થાય. પ્રજાનો નિવાસ થાય. વસ્તુનો ભાવ તેજ થાય. ધાતુની વસ્તુ, સોનું, રૂપું, તાંબું, સીસું, લોઢું એ વસ્તુ મોંઘી થાય. સર્વ વસ્તુના વેપારમાં લાભ થાય. ૧૨. આ પ્રમાણે ગૌતમ સ્વામીએ કહેલું રાશિમંડળ શનિચાર વડે વર્ષનું શુભાશુભ કારણ જાણવું.

રાશિના સ્વામી અને ગ્રહમૈત્રી વગેરેનો વિચાર કરી શનિચારના ફળનો વિચાર કરવો. તેમાં શુભ ગ્રહનો વેધ હોય તો શનિનું અર્ધ ફળ પ્રાપ્ત થાય છે અને ક્રૂર ગ્રહનો વેધ હોય તો શનિનું અશુભ ફળ થાય છે. પોતાની કે મિત્રની રાશિમાં શનિ રહેલો હોય તો તે દેશને અને વસ્તુઓને કાંઇક પીડા

કરનાર થાય છે. અને જો શત્રુની રાશિમાં શનિ રહેલો હોય તો ઘણો વિનાશ અને ઘણું દુઃખ આપે છે. આ શનિના વિચારનું ગુપ્ત રહસ્ય છે.

હવે શનિ નક્ષત્ર ભોગનું ફળ

પૂર્વભાદ્રપદા, રેવતી, મઘા, મૂળ, પુનર્વસુ અને પુષ્ય એ નક્ષત્ર પર શનિ હોય તો વિના કારણે પણ યુદ્ધ થાય, છત્રભંગ થાય, દેશભંગ થાય, પૃથ્વી આકુળ વ્યાકુળ થાય, પશુઓ અને વ્યસની જનોને રોગ થાય. ત્રણ ઉત્તરા, મઘા, રોહિણી અને રેવતી એ નક્ષત્ર પર શનિ હોય તો ભૂમિપર કષ્ટ થાય. કહ્યું છે કે—" મૂળ, મઘા, રોહીણી, રેવતી, હસ્ત અને પુનર્વસુ એ નક્ષત્ર પર શનિ હોય તો પશુમાં અધિક મરણ થાય, મનુષ્યોને કષ્ટ થાય અને સમગ્ર પૃથ્વી પર ઉપદ્રવ થાય." વળી કહ્યું છે કે—" માઘ માસમાં શનિ વક્ર હોય તો પશ્ચિમમાં મેઘનો ઉદય થઈ મુશળધાર વરસાદ પડે. શ્રાવણ માસના કૃષ્ણપક્ષમાં જો શનિ વક્ર થાય તો એક માસની અંદર પૃથ્વી પર ઉત્પાત થાય." શ્રવણ, સ્વાતિ, હસ્ત, આર્દ્રા, ભરણી તથા ભાગ્ય એ નક્ષત્ર પર શનિ હોય તો તે જળમય પૃથ્વી કરે છે. પરંતુ તે સ્નિગ્ધ હોવો જોઈએ.

શનિના ભોગને આશ્રી દિવસનું ફળ અથવા સાત યમજિહ્વા

શનિ જે નક્ષત્ર પર હોય તે નક્ષત્રની સંખ્યા અને દિન નક્ષત્રની સંખ્યા એ બેને ભેળી કરી સાતે ભાગ દેવો, જે શેષ રહે તેનું અનુક્રમે આ પ્રમાણે ફળ જાણવું—અન્નની પ્રાપ્તિ, અધિક વાયુ, યુદ્ધ, દુકાળ, છત્રભંગ, શૂન્યતા અને દુઃખ, એમ વિદ્વાનોએ ફળ જાણવું. આ સાતે

અગ્નિજિહ્વા અથવા યમજિહ્વા કહેવાય છે. પાઠાંતરમાં આ પ્રમાણે છે—"સૂર્ય નક્ષત્રથી દિવસનું નક્ષત્ર જેટલામું હોય તેટલી સંખ્યાને સાતે ભાગ દેવો. શેષ રહે તેનું આ પ્રમાણે અનુક્રમે ફળ કહેવું-વરસાદ, કલહ, રોગ, અગ્નિ, વાયુ, પશુ-પીડા અને દુકાળ, એમ જાણવું."

શનિના ઉદયનો વિચાર

મેષ રાશિમાં શનિનો ઉદય હોય ત્યારે વૃષ્ટિ સારી થાય, અને લોક સુખીં થાય. ૧. વૃષ રાશિમાં શનિનો ઉદય હોય ત્યારે ઘાસ અને કાષ્ઠનું કષ્ટ પડે, ઘોડાઓમાં રોગ થાય, તથા શેરડીથી ઉત્પન્ન થતા ગોળ વગેરે મોંઘાં થાય. ૨. મિથુન રાશિમાં શનિનો ઉદય થાય ત્યારે અત્યંત સુકાળ થાય. ૩. કર્ક રાશિમાં શનિનો ઉદય થાય ત્યારે વરસાદ થાય નહીં, સરોવરો સૂકાઇ જાય, સર્વત્ર મરકીનો ભય થાય, મનુષ્યો અત્યંત પીડા પામે, તથા કોઇ ઠેકાણે તીડ આવે. ૪. સિંહ રાશિમાં શનિનો ઉદય થાય ત્યારે બાળકોનો નાશ થાય, અધર્મીના શાસ્ત્રનો પ્રકાશ થાય. ૫. કન્યા રાશિમાં શનિનો ઉદય થાય ત્યારે અવશ્ય ધાન્યનો નાશ થાય અને રાજાઓ વચ્ચે સંધિ-સલાહ થાય. ૬. તુલા રાશિમાં શનિનો ઉદય થાય ત્યારે વરસાદ થાય નહીં, અને પૃથ્વી ઘઉં રહિત થાય. ૭. વૃશ્ચિક રાશિમાં શનિનો ઉદય થાય ત્યારે પણ ઉપર પ્રમાણે તુલા જેવું જ ફળ જાણવું. ૮. ધન રાશિને વિષે શનિનો ઉદય થાય ત્યારે મનુષ્ય જાતિમાં રોગ થવાથી અશાંતિ રહે, સ્ત્રીઓ અને બાળકો દુઃખી થાય, અને સર્વ ધાન્યનો નાશ થાય. ૯. મકર રાશિમાં શનિનો ઉદય થાય ત્યારે રાજાઓની યુદ્ધ કરવાની બુદ્ધિ થાય. ૧૦. કુંભ

રાશિમાં શનિનો ઉદય થાય ત્યારે પશુઓનો અધિક નાશ થાય. ૧૧. તથા મીન રાશિમાં શનિનો ઉદય થાય ત્યારે મનુષ્યોમાં દીનતા આવે અને ધાન્ય પાકે નહીં ૧૨.

શનિના અસ્તનો વિચાર

જ્યારે મેષ રાશિમાં શનિનો અસ્ત થાય ત્યારે પૃથ્વી પર ધાન્ય મોંઘું મળે. ૧. વૃષ રાશિમાં શનિનો અસ્ત થાય ત્યારે સર્વત્ર ગાયો વગેરેને પીડા થાય. ૨. મિથુન રાશિમાં શનિનો અસ્ત થાય ત્યારે વેશ્યાને દુઃખ થાય. ૩. કર્ક રાશિમાં શનિનો અસ્ત થાય ત્યારે માર્ગમાં જનારા લોકો દુઃખી થાય, શત્રુનો ભય થાય, કપાસ અને ધાન્ય વગેરે દુર્લભ થાય, તથા વાદળાંઓ થાય પણ વરસાદ વરસે નહીં. ૪. સિંહ રાશિમાં શનિનો અસ્ત થાય ત્યારે ઘોડાઓને દુઃખ થાય, ધાતુઓ મોંઘી થાય, અને અનાજનો વિનાશ થાય. ૫. કન્યા રાશિમાં શનિનો અસ્ત થાય ત્યારે અન્ય લોકોમાં પણ વિરોધ થાય. ૬. તુલા રાશિમાં શનિનો અસ્ત થાય ત્યારે સર્વદા જનોને આનંદ થાય અને ધાન્ય થોડું પાકે. ૭. વૃશ્ચિક રાશિમાં શનિનો અસ્ત થાય ત્યારે રાજા તરફથી મનુષ્યોને ભય થાય અને તીડનો ઉપદ્રવ થાય. ૮. ધન રાશિમાં શનિનો અસ્ત થાય ત્યારે લોકમાં સુખ પ્રવર્તે. ૯. મકર રાશિમાં શનિનો અસ્ત થાય ત્યારે અધિક પવન થાય, વૃષ્ટિ ન થાય અને સ્ત્રીઓનું મરણ વધારે થાય. ૧૦. કુંભ રાશિમાં શનિનો અસ્ત થાય ત્યારે શીતનો ભય થાય, પશુઓમાં ગ્લાનિ થાય અને ગાયોની હાનિ થાય. ૧૧. તથા મીન રાશિમાં શનિનો અસ્ત થાય ત્યારે વૃષ્ટિની હાનિ હોવાથી કોઇ વાવમાં પણ જળ મળે નહીં, રાજા ધર્મથી વિમુખ

થઈ લોકોને પીડા કરે, માણસો પીડાને લીધે પાપમાં પ્રવર્તે, અને રાજાઓ વચ્ચે પરસ્પર યુદ્ધ થાય. ૧૨.

કન્યા, મિથુન, મીન, વૃષ અથવા ધન રાશિમાં જો શનિ રહેલો હોય, ત્યારે દુકાળ પડે અને રાજાઓનું પરસ્પર યુદ્ધ થાય. આગ્નેય, વાયવ્ય, વરૂણ અને મહેંદ્રના નક્ષત્રમાં શનિ વક્ર થાય ત્યારે તેના નામને તુલ્ય ફળ થાય છે.

શનિ નક્ષત્રનું ફળ જાણવા માટે કૂર્મચક્ર

શનિના નક્ષત્રનું ફળ જાણવા માટે કૂર્મચક્ર તેનું બીજું નામ પદ્મચક્ર જે પ્રથમ કહ્યું છે, તેનું વિવરણ કરે છે—

આકાશમાં સર્વત્ર તનવાત અને ઘનવાત રહેલા છે, તેના ઉપર ઘનોદધિ નામનું જળ રહેલું છે, તેના ઉપર પૃથ્વી રહેલી છે, તે પૃથ્વી જીવોનો આધાર છે. તે પૃથ્વી કઠણ અને ગોળાકાર છે, તેનો આકાર આઠ દિશાની અપેક્ષાએ આઠ પાંખડીવાળા કમળની જેવો થાય છે. જેમ કમળ સમુદ્રમાં ઉત્પન્ન થાય છે, તેમ પૃથ્વી પણ ઘનોદધિમાં રહેલી હોવાથી કમળ કહી શકાય છે. તેથી આ પૃથ્વીચક્રને પદ્મચક્ર કહી શકાય છે. કોઈના મતમાં આ પદ્મચક્રને કૂર્મચક્ર પણ કહે છે. કેમકે કૂર્મ પણ વજ્રદંડ જેવો કઠણ, સર્વ સહન કરનાર અને સમુદ્રમાં રહેલો છે. તેથી આ પદ્મચક્રને બ્રાહ્મણો કૂર્મચક્ર પણ કહે છે. અહીં 'इव', વગેરે શબ્દનો પ્રયોગ કરેલો નથી, તેથી ઉપમા કે રૂપક અલંકાર માનવો તે ભ્રમમૂલક છે અને બુદ્ધિના અંધપણાને લીધે અંલકારરૂપ થઈ જાય છે. જેમ મેઘને વિષે ઇંદ્રની કલ્પના, રામ વગેરેને વિષે જગદીશ્વરની કલ્પના, દુષ્ટ પુરૂષને વિષે દૈત્યની કલ્પના, ઉપચારમાં પણ

તત્ત્વની કલ્પના, તેમ અરિહંતોની પ્રતિમાને સ્થાને કૂર્મનું નામ લખવું, અથવા તેની ઉપર શેષનાગ નાગેંદ્રનું સ્થાપન કરવું. પહેલાં શૂકરના મુખવાળો મહાશિર નામનો રાજા હતો, તેણે અન્યાયને લીધે સમુદ્રમાં ડૂબતી પૃથ્વીનું રક્ષણ કર્યું, તથા વારાહી નામની વિદ્યાથી વરાહ જેવું રૂપ કરી રાક્ષસોનો નાશ કરી દાંતથી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો. આ પ્રમાણે કહેવાથી અન્ય દર્શનીઓનું જ્ઞાન મિથ્યા છે, કે જેથી વરાહના દાંતના અગ્રભાગે પૃથ્વીને ધારણ કરી વગેરે માને છે.

રૂદ્રદેવે પોતાની રચેલી મેઘમાળામાં કહ્યું છે કે—કૌશલ આગમમાં જે પ્રમાણે કહ્યું છે, તે પ્રમાણે હું કૂર્મચક્રને કહીશ. તે જાણવાથી જ દેશનો નિર્ણય જાણી શકાય છે. તેત્રીશ કરોડ દેવતાઓ કૂર્મના એક ભાગમાં રહેલા છે. પૃથ્વીના મધ્ય ભાગે મેરૂ પર્વત રહેલો છે, એમ સાંભળવામાં છે, પણ જોવામાં આવતો નથી. તેવાં મેરૂ પર્વત આઠ છે. તેમ જ દ્વીપ અને સમુદ્ર પણ આઠ આઠ છે. આ સર્વને જે પૃથ્વીએ ધારણ કરી રાખ્યા છે, તે પૃથ્વીને જેણે ધારણ કરી છે, તે કોણ છે? તે પૃથ્વી વરાહે પોતાની દંષ્ટ્રાના અગ્રભાગ પર ધારણ કરી છે, તે પૃથ્વી મોથને ખોદવાથી દંષ્ટ્રા પર રહેલી માટીની જેમ શોભે છે. આવો મોટા શરીરવાળો તે વરાહ પણ શેષનાગના મસ્તક પર તેના ચૂડામણિની ઉપર મચ્છરની જેમ રહેલો છે. આવો શેષનાગ પણ ગોળ કુંડળરૂપ થઈ કૂર્મના પૃષ્ઠના એક ભાગ પર સૂત્રમાં રહેલા એક તંતુની જેમ શોભે છે. તે કૂર્મનું શરીર, સ્કંધ, મસ્તક, પુચ્છ, મુખ અને પગ વગેરે અવયવોનું પ્રમાણ જ્યોતિષશાસ્ત્રના જાણનારાઓ આ પ્રમાણે કહે છે—તે કૂર્મનું શરીર લાખ યોજનનું

છે, તેથી અર્ધ એટલે પચાસ હજાર યોજનનું પુચ્છ છે, અને પુચ્છના પ્રમાણથી અર્ધ પ્રમાણવાળું એટલે પચીશ હજાર યોજનનું પેટ છે. તેની ગ્રીવા દશ હજાર કરોડ યોજનની છે, સાત કરોડ યોજનનું મસ્તક છે. તેના બન્ને નેત્રોનું આંતરૂં એક કરોડ યોજનનું છે, તેનું મુખ બે કરોડ યોજનનું છે, તેથી બમણા એટલે ચાર કરોડ યોજનના તેના પગ છે, અને તેની આંગળીઓના નખ દશ દશ હજાર યોજના છે. આ પ્રમાણે કૂર્મનું પ્રમાણ આદિ યામલ નામના ગ્રંથમાં કહ્યું છે. આવા કૂર્મની ઉપર આ સાત દ્વીપવાળી પૃથ્વી રહેલી છે. આ રીતે સર્વ અવયવ સહિત કૂર્મના આકારવાળું એક ચક્ર આળેખવું. તેનું મુખ પૂર્વમાં અને પશ્ચિમમાં પુચ્છ રાખવું. પૂર્વ અને પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ, ઇશાન અને નૈઋત્ય તથા આગ્નેય અને વાયવ્ય એ રીતે દિશા અને વિદિશાનો પરસ્પર વેધ થાય છે. નાભિ, મસ્તક, ચાર પગ, પુચ્છ અને બે કુક્ષિ એમ નવ સ્થાનકે કૃત્તિકાથી આરંભીને ત્રણ ત્રણ નક્ષત્ર લખી શનૈશ્ચરનો વિચાર કરવો.

કૂર્મની નાભિ પર કૃત્તિકા, રોહિણી અને મૃગશીર એ ત્રણ નક્ષત્ર લખવાં, તથા પૃથ્વીની નાભિ–મધ્ય ભાગે મિથિલા, ચંપા કૌશાંબી, કૌશિકી, અહિચ્છત્ર, ગયા, વિંધ્યાચળ, અંતર્વેદી (પ્રયાગથી હરદ્વાર સુધી ગંગા યમુનાનો મધ્ય ભાગ), મેખલા (નર્મદાનો પ્રદેશ), કાન્યકુબ્જ (કનોજ) અને પ્રયાગ એટલા દેશો રહેલા છે. એ સર્વ દેશો મધ્યદેશ કહેવાય છે. આર્દ્રા, પુનર્વસુ અને પુષ્ય એ ત્રણ નક્ષત્ર કૂર્મના મસ્તક પર લખવા. તે ઠેકાણે પૃથ્વી પર રામાદ્રિ, હસ્તિબંધ, પંચતાલ, કામરૂ, બરેલી, સરયૂ નદી અને ગંગા નદી, એ પૂર્વ દિશાના દેશો છે.

આશ્લેષા, મઘા, અને પૂર્વાફાલ્ગુની એ ત્રણ નક્ષત્ર કૂર્મના અગ્નિખૂણા તરફના પગ પર લખવા. તે ઠેકાણે પૃથ્વી પર અંગ બંગ, કલિંગ, પંચકૂટ, કૌશલ, ડાહલ (ત્રિપુર નામનો દેશ), જલેંદ્ર, હુગલી, વલ્લભેશ્વર ઉડીશારી અને તિલંગ એ અગ્નિખૂણાના દેશો છે. ઉત્તરાફાલ્ગુની, હસ્ત અને ચિત્રા એ ત્રણ નક્ષત્ર કૂર્મની દક્ષિણ કુક્ષિ પર લખવા. તે ઠેકાણે પૃથ્વી પર દર્દુર, મહીધ્વ વન, સિંહલદેશ, તાપી નદી, ભીમરથી નદી, લંકા ત્રિકૂટ અને મલયાચળ એ દક્ષિણ દિશાના દેશો છે. સ્વાતિ, વિશાખા અને અનુરાધા એ ત્રણ નક્ષત્ર કૂર્મના નૈઋત્ય પગ પર લખવા. તે ઠેકાણે પૃથ્વી પર નાશિક, બગલાણ, ધારમાલવ, વુલ્લી, તલા, પ્રકાશ, ભૃગુકચ્છ (ભરૂચ), કુંકણ, વિદ્યાપુર અને મોઢેર એ, દેશો નૈઋત્ય ખૂણાના છે. જયેષ્ઠા, મૂળ અને પૂર્વાષાઢા એ ત્રણ નક્ષત્ર કૂર્મના પુચ્છપર લખવાં. તે ઠેકાણે પૃથ્વી પર અર્બુદ, કચ્છ, અવંતિ, પૂર્વમાલવ, પારસી (ઇરાન દેશ), બર્બર દ્વીપ, સૌરાષ્ટ્ર, સિંધુ, જલસ્થાન અને સ્રીરાજ્ય એ પશ્ચિમ દિશાના દેશો છે. પુચ્છની પીડાથી તે દેશો પણ પીડા પામે છે. ઉત્તરાષાઢા, શ્રવણ અને ધનિષ્ટા એ ત્રણ નક્ષત્ર વાયવ્ય પગ ઉપર લખવાં. તે ઠેકાણે પૃથ્વી પર ગુજરાત, મહી દેશ, મારવાડ દેશ, જાલંધર દેશ, આભીર દેશ, દિલ્લી દેશ, ઉદધિ સ્થલ અને મેરૂ શ્રૃંગ વગેરે વાયવ્ય કોણના દેશો છે, પગ પીડાવાથી તે દેશો નાશ પામે છે. શતભિષા, પૂર્વાભાદ્રપદા અને ઉત્તરાભાદ્રપદા એ ત્રણ નક્ષત્ર કૂર્મની ઉત્તર કુક્ષિ પર લખવા. તે ઠેકાણે પૃથ્વી પર નેપાલ, કીર, કાશ્મીર, ગર્જની, ખુરાસાણ, મથુરા, મ્લેચ્છ દેશ, ખરદેશ, કેદારનાથ તથા હિમાલય એ ઉત્તર પ્રદેશ છે. તેનો વિનાશ થાય. રેવતી, અશ્વિની

અને ભરણી એ ત્રણ નક્ષત્ર કૂર્મના ઈશાન પગ પર લખવાં. તે ઠેકાણે પૃથ્વી પર ગંગાદ્વાર, કુરૂક્ષેત્ર, શ્રીકંઠ, હસ્તિનાપુર, અશ્વચક્ર, એકપાદ અને ગજકર્ણ એ તથા બીજા ઈશાન કોણના દેશ વિનાશ પામે છે. એટલે કે જે નક્ષત્ર પર શનિ હોય તે નક્ષત્રની દિશા કે વિદિશાના દેશોમાં દુકાળ, વિગ્રહ અને પર-દેશમાં સ્થિતિ થાય છે, તથા રાજાઓમાં પરસ્પર યુદ્ધ થાય છે.

નરપતિ જયચર્યામાં આ પ્રમાણે કહ્યું છે કે—કૃત્તિકાથી ભરણી નક્ષત્ર સુધી પૃથ્વીરૂપ કૂર્મ કહ્યો છે. તેમાં પોતપોતાના દેશના નક્ષત્રાદિકનો વિચાર કરી શુભાશુભ ફળ કહેવું. આ કૂર્મચક્ર વિદ્વાનો ચાર પ્રકારનું કહે છે—દેશ, નગર, ક્ષેત્ર અને ગૃહ (ઘર.) તેમાં આખી પૃથ્વીરૂપ કૂર્મચક્ર ઉપરની રીત પ્રમાણે કરવું. એક દેશને કૂર્મરૂપે ઉદ્દેશી તેના અવયવોરૂપ દિશા વિદિશામાં કહેલી રીતે જ નક્ષત્રો મૂકવાં, તે દેશ કૂર્મ કહેવાય છે. એ જ રીતે એક નગરને કૂર્મરૂપે માનવું, અને એ જ રીતે એક ક્ષેત્ર અને એક ઘરને કૂર્મરૂપે માનવા. પછી કહેલી રીત પ્રમાણે જ અવયવોરૂપ દિશા વિદિશામાં નક્ષત્રો મૂકી તેનું ફળ કહેવું, તેમાં જે દેશ નગરાદિકની જે દિશાના નક્ષત્ર પર શનિ આવેલો હોય અથવા તેનો વેધ થતો હોય, તે દેશ ને નગરાદિકના વિભાગનો નાશ થાય છે. સારી બુદ્ધિ-વડે કૂર્મચક્ર કરીને શનૈશ્ચરથી થવાનું શુભાશુભ ફળ પંડિત જન જાણી શકે છે. આ કૂર્મચક્ર પદ્મ જેવા આકારવાળું હોવાથી પદ્મિનીચક્ર પણ કહેવાય છે.

ઈતિ કૂર્મચક્ર વિવરણ

જ્ઞાન પર પ્રીતિવાળા પૂર્વના બુદ્ધિમાન લોક રાહુને વર્ષનો
સ્વામી કહે છે. તેથી તેના વિકારનો વિચાર
રાહુચારનું ફળ કરી જગતમાં તેના ચાર (ગતિ) ના
વિચારનું વર્ણન કરે છે–મીન કે મેષ રાશિ
પર રાહુ હોય તો સુકાળ થાય, તથા રાજાઓ વચ્ચે પરસ્પર વિગ્રહ થાય. તુલા કે કુંભ રાશિ પર રાહુ આવે ત્યારે વરસાદ સારો થાય. ધન કે વૃષ રાશિ પર રાહુ આવે ત્યારે ધાન્યાદિક મોંઘાં થાય. મકર કે વૃશ્ચિક રાશિ પર રાહુ આવે ત્યારે પ્રજાનો નાશ થાય, ઇતિનો ઉપદ્રવ થાય, રાજાઓ અનીતિમાં પ્રવર્તે, અને માર્ગમાં મુસાફરોને ચોરનો ભય થાય. સિંહ રાશિ પર રાહુ હોય ત્યારે દુકાળ પડે તથા કર્ક રાશિપર રાહુ આવે ત્યારે રાજાનો વિનાશ થાય. (વૃષ અને કન્યા એ બે રાશિ પર રાહુ હોય તો તેનું શું ફળ થાય ? તે લખ્યું નથી.) જ્યાં શનિની દૃષ્ટિ હોય ત્યાં દેશનો ભંગ તથા છત્રનો ભંગ થાય છે.

મંગળની રાશિ પર રાહુ રહેલો હોય ત્યારે રાજાઓનો વિરોધ અને પ્રજાઓનાં ગૃહોનો દાહ થાય છે. બુધ ભવનમાં રાહુ રહ્યો હોય ત્યારે બાળકોના સમૂહનો નાશ થાય છે. ગુરૂના ભવનમાં રાહુ રહેલો હોય ત્યારે બ્રાહ્મણોને કષ્ટ થાય છે, રોગની અધિક ઉત્પત્તિ થાય છે, અને પરસ્પર વેર થાય છે. શુક્રના ભવનમાં રાહુ રહેલો હોય ત્યારે જળની ઘણી વૃષ્ટિ થાય, સુકાળ થાય અને અન્ન સોંઘું થાય. શનિના ભવનમાં રાહુ રહેલો હોય ત્યારે યુદ્ધનો ભય, રોગનો ઉપદ્રવ અને વસ્તુઓની મોંઘવારી થય છે. રાહુનું વિશેષ ફળ શનિ

ું કહેવું, કેમકે શનિ અને રાહુ એ બન્નેની પ્રકૃતિ પ્રાય:
ાને સરખી છે. (સૂર્ય અને ચંદ્રના ભવનમાં રાહુ આવે છે
ારે તેમનું ગ્રહણ થાય છે, તેનો વિચાર અન્યત્ર હોવાથી
હીં લખ્યો નથી.)

વિશેષ આ પ્રમાણે છે.—જે વર્ષમાં રાહુ મીન રાશિ પર હોય,
માસમાં ભય થાય અને પ્રાહુણાઓનું આવવું થાય. એમ
ણીને યવાન્નનો અત્યંત સંગ્રહ કરવો તથા બીજાં સર્વ
ન્યનો સંગ્રહ કરવો. તેનાથી બમણો, ત્રણગુણો કે ચારગુણો
મ થાય છે, કેમકે એક વર્ષ સુધી ઘોર દુકાળ થાય છે, પછી
મો માસ આવે ત્યારે ઘણો સુકાળ થાય છે. જ્યારે કુંભ
શિ પર રાહુ રહેલો હોય અને દૈવયોગથી તે રાહુને મંગ-
ાનો સંગમ થાય ત્યારે તે જોઈને શણ અને સૂતર વગેરેનો
ગ્રહ કરવો. વિશેષે કરીને છ માસ સુધી કાંસુ વગેરે સર્વ
ાતુનાં પાત્રો ગ્રહણ કરવાં, અને સાતમે માસે તે વેચવાં.
ગળ અને રાહુ એ બન્ને સાથે રહેલા હોવાથી ચારગુણો
મ થાય છે. તેમાં અન્યથા નથી. જ્યારે મકર રાશિ પર
હુ આવે ત્યારે પટ્ટસૂત્રનો સંગ્રહ કરવો. ત્રણ માસ સુધી
ગ્રહ કરીને પછી તે પટ્ટસૂત્ર તથા વિષને ચોથે માસે વેચ-
થી ત્રણગુણો કે પાંચગુણો લાભ થાય. જ્યારે અનુક્રમે
ા રાશિ પર રાહુ આવે ત્યારે પૃથ્વીતળને વિષે ભેંસ વગે-
ાનો સંગ્રહ કરવો, તથા વિશેષે કરીને ઘોડા, હાથી અને
ાદિકનો સંગ્રહ કરવો. બીજા અને પાંચમા માસમાં વેચ-
થી ચારગુણો લાભ થાય છે. જ્યારે વૃશ્ચિક રાશિ પર રાહુ
ાવે અને દૈવયોગથી તેને મંગળ અને બુધનો સમાગમ થાય,

ત્યારે તે જાણીને ઘી તથા વસ્ત્રનો સંગ્રહ કરવો. પછી પાંચ માસ જવા દઈ છઠ્ઠે માસે તેનો વિક્રય કરવો. તેમાં બમણો લાભ અવશ્ય થશે, એમ શાસ્ત્રમાં કહ્યું છે. સૂર્યની સંક્રાંતિને વખતે જો તુલા રાશિ પર રાહુ આવે તો અવશ્ય દુકાળ થાય. તે વખતે પિતા પુત્રને વેચે અને પુત્ર પિતાને વેચે છે. આ વર્ષે વિશેષે કરીને ડાંગરનો સંગ્રહ કરવો, તેમજ કંબલ અને કાંસાનો પણ સંગ્રહ કરવો, તેથી અવશ્ય લાભ થાય છે. જ્યારે કન્યા રાશિ પર રાહુ આવે ત્યારે ધાતકી અને પીપરનો પાંચ માસ સુધી સંગ્રહ કરવો એક માસ ગ્રહણ કરીને ધાતકી પુષ્પનો વિક્રય કરવો, અને બે માસને અંતે પીપરનો વિક્રય કરવો. તેમાં અવશ્ય ઇચ્છિત લાભ થાય છે. અનુક્રમે સિંહ રાશિમાં વક્ર થયેલો શનિ આવે ત્યારે શેરડી જેવી ચૂસવા લાયક વસ્તુનો અવશ્ય સંગ્રહ કરવો. પ્રથમ ધાન્યનો સંગ્રહ કરી પછી સુંઠ, મરી, પીપર, જીરૂં, સંચળ, લવણ, સિંધાલુણ અને ખેર વગેરેનો વર્ષ સુધી સંગ્રહ કરવો. છ માસને અંતે વેચવા. જો શુભ ગ્રહનો વેધ હોય તો અવશ્ય તેનો ચારગુણો લાભ થાય છે. જો મહા બળવાન રાહુ કર્ક રાશિમાં આવેલો હોય તો અવશ્ય ચોરો સર્વ લોકને પીડા પમાડે છે. તે વખતે વ્રીહિનો થોડો પાક થાય. સોનું રૂપું, કાંસું અને તાંબું સોંઘું થાય. તેનો સંગ્રહ કરવાથી છ માસે તે લાભદાયક થાય. જ્યારે મિથુન રાશિમાં ઉચ્ચ સ્થાને રહેલો રાહુ આવે ત્યારે ઘી, ધાન્ય, માણેક વગેરે સોંઘાં થાય. જ્યારે મંગળ ગ્રહની દૃષ્ટિ સહિત રાહુ અનુક્રમે વૃષ રાશિમાં આવે ત્યારે મનુષ્યોને નિધાનની પ્રાપ્તિ થાય છે. તે વખતે સર્વ ધાન્યનો સંગ્રહ કરવો, અને વિશેષે કરીને ઘી, તેલ, કંકુ, ગંધદ્રવ્ય, કપાસ અને ગોળ એ સર્વ વસ્તુ છ માસ સુધી ગ્રહણ

કરી સાતમે માસે વેચવી. તેમાં ચારગુણો લાભ અવશ્ય થાય. અન્યથા પ્રકારે ન થાય. કાંસું, લાખ, મજીઠ, સુંઠ, મરી અને હીંગ એ વસ્તુનો છ માસ સુધી સંગ્રહ કરવો. મેષ રાશિમાં રાહુ રહેલો હોય અને દૈવયોગે ચંદ્ર કે સૂર્યનું ગ્રહણ થતું હોય તો અવશ્ય દુકાળ પડે છે.

ઇતિ રાહુચાર વિચાર

બારે રાશિમાં સૂર્ય ચંદ્રનું ગ્રહણ થાય તેને આશ્રી રાહુનું ફલ

જો મેષ રાશિમાં સૂર્ય કે ચંદ્રનું ગ્રહણ થાય તો મનુષ્યો પીડા પામે, તથા કાંબોજ, આંધ્ર, કિરાત, પાંચાલ અને તૈલંગના લોકો પણ પીડા પામે છે. ૧. વૃષ રાશિમાં ગ્રહણ થાય તો ગોવાળ, પશુ, મુસાફર લોક તથા મહાજનોને પીડા થાય છે. ૨. મિથુન રાશિમાં ગ્રહણ થાય તો સ્ત્રીઓને પીડા થાય. તથા વાલ્હિક અને વત્સ દેશના લોકો તથા યમુના નદીને કાંઠે વસનારા લોકો પીડા પામે છે. ૩. કર્ક રાશિમાં ગ્રહણ થાય તો ગધેડાઓ પીડા પામે છે, તથા આભીર અને બાબરની જાતિને અત્યંત પીડા થાય છે. ૪. સિંહ રાશિમાં ગ્રહણ થાય તો સર્વ વનવાસીઓને પીડા થાય, તથા રાજાઓના અને રાજા જેવા મોટા મનુષ્યોના ધનનો ક્ષય થાય છે. ૫. કન્યા રાશિમાં જો ગ્રહણ થાય તો ત્રિપુટ અને શાલિ જાતિના લોકોને પીડા થાય તથા કવિ, લેખક અને ગવૈયાના ધનનો ક્ષય થાય. ૬. તુલા રાશિમાં ગ્રહણ થાય તો દશાર્ણ, બંક, કાહલ, મારવાડ અને અપરાંત દેશના લોકો તથા સત્પુરૂષો પીડા પામે છે. ૭. વૃશ્ચિક રાશિમાં ગ્રહણ થાય તો સર્વ લોકો

અતિ દુઃખ પામે છે. ૮. ધન રાશિમાં ગ્રહણ થાય તો મંત્રીઓ, ઘોડાઓ, વિદેહના લોકો, મલ્લ લોકો, પાંચાલ દેશના લોકો, વૈદ્ય અને વણિક જનો પીડા પામે છે. ૯. મકર રાશિમાં ગ્રહણ થાય તો નીચ જનો, મંત્રવાદી જનો, વૃદ્ધ જનો અને નટ લોકો તથા ચિત્રકુટના લોકો ક્ષય પામે છે. ૧૦. કુંભ રાશિમાં ગ્રહણ થાય તો પર્વતવાસી જનો, પશ્ચિમ દિશાના જનો, ચોર, હાથી, ભરવાડ, વણિકલોક અને વેદની ક્રિયા કરનારા લોકો પીડા પામે છે. ૧૧. મીન રાશિમાં ગ્રહણ થાય તો જળના પ્રાણીઓ, જળ વડે આજીવિકા કરનારા લોકો, ભાટ, ચારણ તથા પંડિતો પીડા પામે છે. ૧૨.

ઇતિ રાશિગ્રહણ વડે રાહુનું ફળ

નક્ષત્ર પીડાનું ફળ

જે નક્ષત્રમાં ચંદ્ર રહેલો હોય તે નક્ષત્રમાં જો સૂર્ય કે ચંદ્રનું ગ્રહણ થાય તો તે નક્ષત્ર પીડિત કહેવાય છે. તેનું ફળ પંડિતો આ પ્રમાણે કહે છે—

અશ્વિની નક્ષત્ર પીડિત હોય એટલે કે અશ્વિની નક્ષત્રમાં સૂર્ય કે ચંદ્રનું ગ્રહણ થયું હોય તો મગ વગેરે ધાન્ય મોંઘું થાય. ૧. ભરણી નક્ષત્ર પીડિત થયું હોય તો શ્વેત વસ્ત્રથી ત્રણ માસમાં લાભ થાય. ૨. કૃત્તિકા નક્ષત્ર પીડિત થયું હોય તો સોનું, રૂપું, પરવાળ, મણિ અને મોતીનો સંગ્રહ કરવો. તે નવમે માસે લાભદાયક થશે. ૩. રોહિણી નક્ષત્ર પીડિત થયું હોય તો સૂતર અને કપાસનો સંગ્રહ કરવો. તેમાં જો ચંદ્રનો વેધ ન હોય તો દશ માસે લાભ થાય છે. ૪. મૃગશિર નક્ષત્ર પીડત થાય તો મજીઠ, લાખ, ખાર અને કસુંબો એ વસ્તુ મોંઘી થાય. તેનો દશ માસે યથાયોગ્ય લાભ થાય. ૫. આર્દ્રા

નક્ષત્ર પીડિત થાય તો ઘી મોંઘું થાય. તેનો સંગ્રહ કરવાથી પાંચ માસે લાભ થાય. ૬. પુનર્વસુ નક્ષત્ર પીડિત હોય તો તેલનો સંગ્રહ કરવાથી પાંચ માસ પછી વેચતાં લાભ થાય. ૭. પુષ્ય નક્ષત્ર પીડિત હોય તો ઘઉં મોંઘાં થાય, તેનો સંગ્રહ કરવાથી ત્રણ માસે લાભ થાય. ૮. આશ્લેષા નક્ષત્ર પીડિત હોય તો મગનો સંગ્રહ કરવો. તેને પાંચ માસે વેચતાં લાભ થાય. ૯. મઘા, પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની અને હસ્ત એ ચાર નક્ષત્ર પીડિત હોય તો ચોળા અને ચણા તુષ્ટિ આપનારા થાય. ૧૦–૧૩. ચિત્રા નક્ષત્ર પીડિત હોય તો જુવારનો સંગ્રહ કરવો, તેથી બે માસે લાભ થાય છે. ૧૪. સ્વાતિ નક્ષત્ર પીડિત હોય તો પણ જુવારનો સંગ્રહ કરવો. તેમાં ત્રણ, પાંચ કે નવ માસે લાભ થાય છે. ૧૫. વિશાખા નક્ષત્ર પીડિત હોય તો કળથીનો સંગ્રહ કરવાથી છ માસે લાભ પ્રાપ્ત થાય છે. ૧૬. અનુરાધા નક્ષત્ર પીડિત હોય તો કોદરાંનો સંગ્રહ કરવાથી નવ માસે લાભ થાય છે. ૧૭. જ્યેષ્ઠા નક્ષત્ર પીડિત થાય તો ગોળ અને ખાંડ વગેરેનો સંગ્રહ કરવો. તેથી પાંચ માસે ધનની પ્રાપ્તિ થશે. ૧૮. મૂળ નક્ષત્ર પીડિત થાય તો ચોખાનો સંગ્રહ કરવાથી પાંચ માસે લાભ થાય છે. ૧૯. પૂર્વાષાઢા નક્ષત્ર પીડિત થાય તો શ્વેત વસ્ત્રનો સંગ્રહ કરવાથી પાંચ માસે લાભ થાય છે. ૨૦. ઉત્તરાષાઢા નક્ષત્ર પીડિત થાય તો શ્રીફળ અને સોપારીનો સંગ્રહ કરવાથી પાંચ માસે લાભ થાય છે. ૨૧. શ્રવણ નક્ષત્ર પીડિત થાય તો તુવેરનો સંગ્રહ કરવાથી ત્રણ માસે લાભ થાય. ૨૨. ધનિષ્ઠા નક્ષત્ર પીડિત થાય તો અડદનો સંગ્રહ કરવાથી ત્રણ માસે વેચતાં લાભ થાય છે. ૨૩. શતભિષા અને પૂર્વાભાદ્રપદા નક્ષત્ર પીડિત થયાં હોય તો ચણાનો સંગ્રહ કરવાથી

ત્રણુ માસે લાભ થાય છે. ૨૪-૨૫ ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર પીડિત હોય તો લવણુનો સંગ્રહ કરવાથી ત્રીજે માસે લાભ થાય છે. ૨૬. તથા રેવતી નક્ષત્ર પીડિત હોય તો મગ અને અડદનો સંગ્રહ કરવાથી છ માસે લાભ મળે છે. ૨૭. આ જ પ્રમાણે પહેલાં જે ઉત્પાત પ્રકરણુ કહ્યું છે, તે ઉત્પાત આ નક્ષત્રોમાં હોય તો તેનું ફળ પણુ આ પ્રમાણે જાણી જે પુરૂષ તે તે વસ્તુનો સંગ્રહ કરે, તેને તત્કાળ સર્વ સંપદાઓ વશ થાય છે.

ઇતિ રાહુચાર વિચાર

કેતુચારનું ફળ

હમેશાં કેતુઓ રવિના મંડળની જેમ અગ્નિમાં રહે છે, તેઓ તેજ વડે પૂર્ણ છે, તે કોઇક વખત જ દેખાય છે. જ્યારે રવિ અસ્તાચળ પર્વત પર આરૂઢ થાય ત્યારે પશ્ચિમ દિશામાં જોવું, તે વખતે જો અગ્નિની શિખાનો આકાર દેખાય, તો તે કેતુનો ઉદય થયો છે એમ જાણવું. જ્યારે પ્રાતઃકાળે લોકમાં શિખાવાળા તારાનો ઉદય જોવામાં આવે છે, ત્યારે તેને 'આ પુંછડીયો તારો છે' એમ લોકો કહે છે. માસને આશ્રીને આ કેતુઓની ઉત્પત્તિ પ્રથમ ઉત્પાત પ્રકરણુને છેડે કહી ગયા છે. હવે દરેક નક્ષત્રને આશ્રી તે કેતુનું જે વિચિત્ર ફળ થાય છે, તે અહીં કહે છે—

જો અશ્વિની નક્ષત્રમાં કેતુનો ઉદય થાય તો તે અશ્મક દેશના સ્વામીને હણે છે. ૧. જો ભરણી નક્ષત્રમાં કેતુનો ઉદય થાય તો ભિલ્લના સ્વામીનો નાશ થાય. છે. ૨. કૃત્તિકા નક્ષત્રમાં કેતુનો ઉદય થાય તો કલિંગ દેશના રાજાનો નાશ થાય. ૩. રોહિણી નક્ષત્રમાં કેતુનો ઉદય થાય તો શૂરસેન દેશના રાજાનો

નાશ થાય. ૪. મૃગશીર્ષ નક્ષત્રમાં કેતુનો ઉદય થાય તો ઉશીનર દેશના રાજાનો નાશ થાય. ૫. આર્દ્રા નક્ષત્રમાં કેતુનો ઉદય થાય ત્યારે જાલણ દેશના રાજાનો નાશ થાય. ૬. પુનર્વસુ નક્ષત્રમાં કેતુનો ઉદય થાય ત્યારે અશ્મક દેશના રાજાનો નાશ થાય. ૭. પુષ્ય નક્ષત્રમાં કેતુનો ઉદય થાય ત્યારે મગધ દેશના રાજાનો નાશ થાય. ૮. આશ્લેષા નક્ષત્રમાં કેતુનો ઉદય થાય ત્યારે કેરલ દેશના અધિપતિનો નાશ થાય. ૯. મઘા નક્ષત્રમાં કેતુનો ઉદય થાય ત્યારે અંગ દેશના નાથનો વિનાશ થાય. ૧૦. પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં કેતુનો ઉદય થાય ત્યારે પાંડય દેશના નાયકનો વિનાશ થાય. ૧૧. ઉત્તરાફાલ્ગુનીમાં રહેલો કેતુ ઉજ્જયિનીના રાજાને હણે છે. ૧૨. હસ્ત નક્ષત્રમાં કેતુ ઉદય પામે તો દંડકા દેશના રાજાનો વિનાશ થાય. ૧૩. ચિત્રા નક્ષત્રમાં કેતુ ઉદય પામે તો કુરૂ દેશના રાજાનો વિનાશ થાય છે. ૧૪. સ્વાતિ નક્ષત્રમાં કેતુનો ઉદય થાય ત્યારે કાશ્મીર અને કંબોજ દેશના રાજાઓનો વિનાશ થાય છે. ૧૫. વિશાખા નક્ષત્રમાં કેતુનો ઉદય થાય ત્યારે ઇક્ષ્વાકુ અને કુરલ દેશના સ્વામીનો વિનાશ થાય છે. ૧૬. અનુરાધા નક્ષત્રમાં કેતુનો ઉદય થાય ત્યારે પોં દેશના રાજાનો વિનાશ થાય છે. ૧૭. જ્યેષ્ઠા નક્ષત્રમાં કેતુનો ઉદય થાય તો ચક્રવર્તીનો વિનાશ (કષ્ટ) થાય છે. ૧૮. મૂલ નક્ષત્રમાં રહેલો કેતુ અંધ્ર અને મદ્રક દેશના રાજાઓને અવશ્ય હણે છે. ૧૯. પૂર્વાષાઢા નક્ષત્રમાં ઉદય પામેલો કેતુ કાશીના રાજાને હણે છે. ૨૦. ઉત્તરાષાઢા નક્ષત્રમાં ઉદય પામેલો કેતુ કૈકવ દેશના રાજાને હણે છે. ૨૧. અભિજિત નક્ષત્રમાં ઉદય પામેલો કેતુ શિબિપવેદી દેશના સ્વામીને હણે છે. ૨૨. શ્રવણ નક્ષત્રમાં ઉદય પામેલો કેતુ કૈકય દેશના અધિ-

પતિને હણે છે. ૨૩. ધનિષ્ઠા નક્ષત્રમાં ઉદય પામેલો કેતુ પંચજન્ય (પાંચાલ) દેશના સ્વામીનો વિનાશ કરે છે. ૨૪. શતભિષા નક્ષત્રમાં કેતુનો ઉદય થયો હોય ત્યારે સિંહલ દેશના ઈશ્વરનો નાશ થાય છે. ૨૫. પૂર્વાભાદ્રપદ નક્ષત્રમાં કેતુનો ઉદય થાય ત્યારે અંગ દેશના નાથનો નાશ થાય છે. ૨૬. ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં કેતુનો ઉદય થાય ત્યારે નૈમિષ દેશના રાજાનો વિનાશ થાય છે. ૨૭. રેવતિ નક્ષત્રમાં ઉદય પામેલો કેતુ કિરાત દેશના અધિપતિનો નાશ કરે છે. ૨૮. જો કેતુ ધુમ્ર આકારે હોય અને પુચ્છ સહિત હોય તો તે વિશ્વને પીડા કરે છે.

હસ્ત, ચિત્રા, સ્વાતિ, શ્રવણુ, રોહિણી, મૃગશીર્ષ, પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા, મઘા અને અશ્વિની એ નક્ષત્રોમાં બાળકો અને રાજાઓનું ચૂડાકર્મ કરવું યોગ્ય છે. ચૂડાકર્મ સંસ્કાર કરવાથી લોક શિખાવાળા–શ્રેષ્ઠ થાય છે.

વારાહ સંહિતામાં કહ્યું છે કે–"કેટલાક પંડિતો કહે છે કે કેતુઓ એકસો ને એક છે, કોઈ કહે છે કે એક હજાર કેતુઓ છે, અને નારદ મુનિ કહે છે કે કેતુ તો એક જ છે, પણ તે એક જ બહુ રૂપવાળો થાય છે."

સૂર્યનું ગ્રહણ થયું હોય ત્યારે પ્રાયઃ કરીને દુકાળ પડે છે, તથા તેની તિથિ, નક્ષત્રના નામ સદૃશ ગ્રહણનું ફળ વસ્તુઓનો ભાવ તેજ થાય. અષાઢ અને શ્રાવણ માસમાં જો ત્રણ ગ્રહણ થાય તો પૃથ્વી પર મોટું યુદ્ધ થાય અને રાજાઓનો વિનાશ થાય. જે રાશિ પર ગ્રહણ થયું હોય તે રાશિવાળી વેચવાની વસ્તુ

ઘણી મોંઘી થાય; પણ રાહુ વડે વેધ થયો હોય તો તે વસ્તુના મૂલ્યની પ્રાપ્તિ થાય છે. લોકમાં પણ કહ્યું છે–"શિષ્યે ગુરૂને ગ્રહણનો વિચાર પૂછયો ત્યારે ગુરૂએ કહ્યું કે–માર્ગશીર્ષ માસમાં ચંદ્રગ્રહણ હોય તો પ્રજાને કષ્ટ થાય. જો કાર્તિક માસમાં સૂર્યગ્રહણ થાય અને તેની સાથે મંગળ હોય તો ગૃહકુટુંબ વિના બીજી સર્વ સુભટની સેનાનો વિનાશ થાય."

આ પ્રકારે વર્ષના અધિપતિને આશ્રીને નક્ષત્રને નામે બૃહસ્પતિનો સંવત્સર જે થાય છે તે સમગ્ર જગત્‌માં વર્ષના જ્ઞાનનું બીજ (કારણ) છે. પોતાના નામે કરીને જ પ્રગટ મહિમાવાળો શનિસંવત્સર પણ છે. તે બન્નેનો તત્ત્વથી વિચાર કરી ભાવિ વર્ષનું ફળ કહેવું.

ઇતિ શ્રી મહોપાધ્યાય શ્રી મેઘવિજયજી ગણિ રચિત શ્રી મેઘમહોદય અથવા વર્ષપ્રબોધ ગ્રંથનો પાંચમો અધિકાર સંપૂર્ણ

અયન–માસ–પક્ષ–દિનનિરૂપણ નામનો

છઠ્ઠો અધિકાર

અયન. જો [1]કર્ક સંક્રાંતિને દિવસે મંગળ, રવિ, શનિ કે બુધવાર હોય તો વરસાદ થોડો થાય, ભયંકર યુદ્ધ થાય અને લોકોને નીચ બુદ્ધિ ઉત્પન્ન થાય છે. (અહીં દક્ષિણાયનનું ફળ કહ્યું છે.) કેમકે મેઘના અધિકારમાં પ્રથમ દક્ષિણાયન, પછી પ્રાવૃષ આદિ ઋતુઓ અને પછી શ્રાવણાદિક માસ, એમ અનુક્રમે વિચાર કરવો જોઇએ. જો મકર કે કર્ક સંક્રાંતિને દિવસે રવિ, શનિ કે મંગળવાર હોય તો ધાન્યના ભાવ તેજ થાય, ઇતિનો ઉપદ્રવ તથા યુદ્ધ થાય.

વિશ્વાનો વિચાર કર્ક સંક્રાંતિને દિવસે રવિવાર હોય તો તે વર્ષના દશ વિશ્વા જાણવા ૧, સોમવાર હોય તો વીશ વિશ્વા ૨, મંગળવાર હોય તો આઠ વિશ્વા ૩, બુધવાર હોય તો બાર વિશ્વા ૪, ગુરૂ કે શુક્રવાર હોય તો અઢાર વિશ્વા ૫–૬, અને શનિવાર હોય તો શૂન્ય વિશ્વા જાણવા. ૭. પરંતુ દેશ વિદેશને લીધે અથવા બીજા શુભયોગને લીધે ત્રણ વિશ્વા કહેલા છે. કોઇ ઠેકાણે આ પ્રમાણે પણ કહ્યું છે–"ગુરૂવારે સોળ વિશ્વા અને શુક્ર-

---

૧ કર્ક સંક્રાંતિને દિવસે દક્ષિણાયન અને મકર સંક્રાંતિને દિવસે ઉત્તરાયન શરૂ થાય છે.

વારે અઢાર વિશ્વા જાણવા. વળી દિવાળીને દિવસે જે વાર હોય તે વારથી પણ વિશ્વાની ગણતરી થાય છે. તેમ જ કર્ક સંક્રાંતિને દિવસે રવિવાર હોય તો દશ વિશ્વાનું વર્ષ જાણવું ૧, સોમવાર હોય તો વીશ ૨, મંગળવાર હોય તો તેર ૩, બુધવાર હોય તો સાત ૪, ગુરૂવાર હોય તો અગિયાર ૫, શુક્રવાર હોય તો નવ ૬ અને શનિવાર હોય તો શૂન્ય વિશ્વાનું વર્ષ જાણવું ૭." વળી અન્ય સ્થળે આ પ્રમાણે કહ્યું છે કે-"કાર્તિક શુકલપક્ષની પાંચમને દિવસે જે વાર હોય તે વારથી વર્ષ, વરસાદ અને ધાન્યને માટે વિશ્વાનો વિચાર કરવો. તે આ પ્રમાણે-કાર્તિક શુકલ પાંચમને દિવસે રવિવાર હોય તો તે વર્ષના દશ વિશ્વા જાણવા ૧, સોમવાર હોય તો વીશ વિશ્વા ૨, મંગળવાર હોય તો આઠ વિશ્વા ૩, બુધવાર હોય તો સાત વિશ્વા ૪, ગુરૂવાર હોય તો સોળ વિશ્વા ૫, શુક્રવાર હોય તો પણ સોળ વિશ્વા ૬, અને શનિવાર હોય તો અઢાર વિશ્વા તે વર્ષના જાણવા. ૭." લૌકિક પણ કહે છે કે-" કર્ક સંક્રાંતિને દિવસે મંગળવાર હોય તો આઠ વિશ્વા, બુધવાર હોય તો બાર વિશ્વાં, સોમ, શુક્ર તથા ગુરૂ હોય તો અઢાર વિશ્વા અને શનિ તથા રવિવાર હોય તો શૂન્ય વિશ્વા જાણવા. વળી જો કર્ક સંક્રાંતિને દિવસે શનિ, રવિ અને મંગળ વાર હોય તો તીડ, ઉંદર અને કાતરા એ ત્રણમાંથી એકનો ઉપદ્રવ થાય છે." જો મેષ, કર્ક તથા મકર સંક્રાંતિને દિવસે ક્રૂર વાર હોય તો જળની વૃષ્ટિ થાય નહીં, અલ્પ ધાન્ય પાકે, વિગ્રહ, ચોર અને રોગનો ઉપદ્રવ થાય.

ચૈત્ર અને શ્રાવણ માસમાં જો પાંચ ગુરૂવાર હોય તો દુકાળ,

મહા ઘોર દુઃખ તથા છત્રભંગ થાય છે.

માસ વિચાર અથવા તો જ્યારે કૃષ્ણપક્ષની બારશને દિવસે શનિવાર આવે તો તે માસથી ચૌદમા માસમાં પાંચ રવિવાર આવે છે. જે માસમાં પાંચ રવિવાર હોય તે માસમાં રોગની વૃદ્ધિ થાય, પાંચ મંગળવાર હોય તો અધિક ભય થાય, પાંચ શનિવાર હોય તો દુકાળ થાય, એ સિવાય બીજા કોઈ વાર એક માસમાં પાંચ આવે તો તે શુભદાયક છે. કહ્યું છે કે–" એક માસમાં પાંચ રવિવાર આવે તો તે શુભ કરતા નથી. અમાવાસ્યાને દિવસે રવિવાર હોય તો મોંઘવારી થાય છે." જો ચૈત્ર અને શ્રાવણ માસમાં પાંચ રવિવાર આવે તો દુકાળ અને છત્રભંગ થાય, તેમાં કાંઈ સંશય નથી. (તે જ બે માસમાં) પાંચ મંગળવાર હોય તો રાજાનું મરણ થાય, પાંચ શુક્રવાર હોય તો પ્રજાની વૃદ્ધિ થાય, પાંચ બુધવાર હોય તો પૃથ્વી પર રસનો ક્ષય થાય, અને પાંચ શનિવાર હોય તો દુકાળ થાય. લોકમાં પણ કહ્યું છે કે–" પાંચ શનિવાર, પાંચ રવિવાર, અને પાંચ મંગળવાર હોય તો ભયંકર યુદ્ધ થાય, પૃથ્વી ચગડોળે ચડે. તેમાં કોઇક જ વિરલો જીવે." કોઇ માસનો પહેલો દિવસ બુધવાર હોય તો ત્રણ માસ ધાન્ય મોંઘું રહે અને પછીનું વર્ષ પણ દુઃખકારક થાય. કહ્યું છે કે–" કોઈ પણ માસનો આરંભ બુધવારે થતો હોય તો તે માસથી ત્રણ માસ સુધી મોંઘવારી રહે અને રાજયુદ્ધ થાય." જો વૈશાખ માસમાં પાંચ રવિવાર હોય તો ગર્ભને વિનાશ કરનારી વૃષ્ટિ થાય, પાંચ મંગળ હોય તો અગ્નિનો ભય થાય તથા કોઇ કોઇ ઠેકાણે વરસાદનો રોધ થાય. સર્વ કોઇ પણ માસના પડવાને દિવસે બુધવાર હોય તો

દુકાળ થાય છે, અને જ્યેષ્ઠ માસના પડવાને દિવસે બુધવાર હોય તો વિશેષે કરીને વર્ષનો વિનાશ થાય છે.

જે માસમાં ચિત્રા, સ્વાતિ અને વિશાખા નક્ષત્રમાં વરસાદ ન હોય, તે માસમાં જળ રહિત મેઘ રહે છે, એમ ગર્ગમુનિ કહે છે. જે માસમાં એક રાશિ પર છ ગ્રહો આવે તો તે ગોલ નામનો યોગ કહેવાય છે. એ ગોલ યોગ આવે ત્યારે ઈંદ્ર પણ પ્રલયને પામે છે, રાજાઓ વિનાશ પામે છે, પૃથ્વી ગરમીથી જ્વલિત થાય, નદીઓ સૂકાઈ જાય, તથા લોકો એવા રંક થઇ જાય કે જેથી માતા પણ પુત્રનો ત્યાગ કરે છે. માર્ગશીર્ષાદિક પાંચ માસમાં જો શુક્લ પક્ષની કોઇ પણ તિથિનો ક્ષય હોય તો અસ્વસ્થતા, છત્રભંગ અને રાજવિગ્રહ થાય. માર્ગશીર્ષાદિક પાંચ માસના કૃષ્ણ પક્ષમાં જો [1]નિરંતર તિથિની વૃદ્ધિ હોય તો અસ્વસ્થતા અને પ્રજાને વિષે મહામારી પ્રવર્તે છે. દરેક માસની અમાવાસ્યાનું પ્રમાણ જોવાનું છે. તેમાં જો તિથિ વધારે પહોંચતી હોય તો ધાન્યની વૃદ્ધિ થાય અને તિથિ કરતાં નક્ષત્ર વધારે પહોંચતું હોય તો ધાન્યનો ક્ષય થાય. મહિનાના નક્ષત્ર કરતાં પૂર્ણિમા ઓછી હોય તો સોંઘવારી રહે, સમાન હોય તો સમાનભાવ રહે અને અધિક હોય તો મોંઘવારી રહે. પૂર્ણિમા અને અમાવાસ્યામાં બરાબર તારાપાત હોય તો તે માસમાં પૂર્વના ભાવ કરતાં તેજી ભાવ રહે. જો અમાવાસ્યાની તિથિએ બૃહત્ નક્ષત્રમાં ચંદ્રનો ઉદય અને અસ્ત થાય તો તે માસમાં અવશ્ય સોંઘવારી થાય છે. જો કર્ક સંક્રાંતિને દિવસે શનિવાર હોય, મકર

---

૧. પાંચે કૃષ્ણપક્ષમાં.

સંક્રાંતિને દિવસે ગુરૂવાર હોય, અને તુલા સંક્રાંતિને દિવસે મંગળવાર હોય તો તે વર્ષે દુકાળનો સંભવ છે. અષાઢ, કાર્તિક અને ફાલ્ગુન એ ત્રણે માસમાં દૈવયોગે પાંચ મંગળવાર આવી જાય તો પાંચ માસ અશુભ થાય. ચાર ભાગમાંથી અર્ધ ભાગ (અષ્ટમાંશ) પરદેશ ગમન કરવાથી નષ્ટ થાય છે, અર્ધ ભાગ રૂધિરના વિકારથી નાશ પામે છે, દોઢ ભાગ દુકાળથી નાશ પામે છે. આ પ્રમાણે અઢી ભાગ નાશ પામી બાકીનો દોઢ ભાગ શેષ રહે છે. જ્યારે સૂર્ય નક્ષત્રાંતરમાં (બીજા નક્ષત્રમાં) જાય ત્યારે જો ચંદ્રમા છઠ્ઠો હોય તો એક માસ સુધી અવશ્ય ધાન્ય મોંઘું રહે. જો કાર્તિક માસમાં આકાશ રક્ત કમળના જેવું રાતું દેખાય તો આવતું વર્ષ સારૂં થાય છે. પરંતુ સંધ્યાકાળને વિષે રાતું દેખાય તો તે શુભ નથી. કહ્યું છે કે–" કાર્તિક માસમાં જો આકાશ રક્ત કમળના વર્ણ જેવું દેખાય, તો હે ભડલી! તું જાણજે કે વરસાદ સારો વરસશે." હીરમેઘમાળામાં વિશેષ આ પ્રમાણે લખ્યું છે કે–" કાર્તિક માસમાં સૂર્ય રક્તવર્ણ દેખાય તો હે પંડિત! વર્ષ ઘણું ઉત્તમ થાય એમ જાણવું." માર્ગશીર્ષ માસમાં ઝાકળ પડે, પોષ માસમાં હિમ પડે, માઘ માસમાં અત્યંત ઠંડી પડે, અને ફાલ્ગુન માસમાં દુર્દિન થાય, તો તે શુભ છે. ફાલ્ગુન માસમાં સખત વાયુ વાય, ચૈત્ર માસમાં કાંઈક વાદળાં થાય, વૈશાખ માસમાં પાંચે બાબત હોય એટલે કે વાયુ, વાદળાં, વરસાદ ગર્જના અને વીજળી હોય, તથા જ્યેષ્ઠ માસમાં અધિક ગરમી હોય તો તે શુભ છે. આ આઠ માસમાં જે જે નિમિત્તો કહ્યાં તે જો શુભ હોય તો અષાઢાદિક ચાર માસ શુભ જાણવા. તેમાં વરસાદ સારો થાય.

ચૈત્ર માસમાં મેઘનો મોટો આરંભ થાય તો તે વૃષ્ટિના

ગર્ભનો વિનાશ કરે છે. મૂલ નક્ષત્રથી ભરણી નક્ષત્ર સુધી આકાશ વાદળાં રહિત નિર્મળ દેખાય તો સુકાળ થાય છે. ચૈત્ર માસમાં વૃષ્ટિ કરનાર મેઘ હોય અથવા અત્યંત નિર્મળ મેઘ હોય અને વૈશાખ માસમાં પાંચ વર્ણવાળા મેઘ હોય તો ધાન્યની ઉત્તમ નીપજ થાય છે.

અહીં કોઈ શંકા કરે કે-"ચૈત્ર માસમાં નિર્મળતાને શુભ કહી છે, વાદળાં સહિતપણું પણ શુભ કહ્યું છે, વાયુ આદિ પણ શુભ કહ્યાં છે, તથા "ચૈત્ર માસમાં કાંઈક વૃષ્ટિ થાય તો તે હિત-કારક છે," એમ પણ કહ્યું છે. વળી સ્થાનાંગવૃત્તિમાં-"વાયુ અને મેઘની વૃષ્ટિવડે યુકત અને પરિવેષ સહિત એવા ગર્ભો શુભ છે," ઇત્યાદિક આગમમાં કહ્યું છે. લોકમાં પણ કહ્યું છે કે "જો ચૈત્ર માસમાં વીજળી ચમકે નહી, વૈશાખ માસમાં કેસૂડાના પુષ્પની રજ ધોવાય અથવા વરસાદ દ્વારા કેસુડાના પુષ્પના રંગથી ધુળ રંગાઇ જાય, અને જ્યેષ્ઠ માસમાં સખત તાપ પડે, તો વરસતા વરસાદને કોણ અટકાવવા સમર્થ છે? કોઈ અટકાવી શકે નહીં, અર્થાત્ વરસાદ ઘણો વરસે." અહીં વીજળી ચમ-કવાનું કહ્યું છે તો વાદળાં વિના વીજળી હોઇ શકે નહીં, તેથી નિર્મળપણું અને વીજળીસહિતપણું એ બંને કેમ સંભવે? કેમકે નિર્મળતા ઘણે પ્રકારે કહી છે. વળી કહ્યું છે કે-"જો ચૈત્ર માસ નિર્મળ હોય તો ચાર માસ ઘણો વરસાદ વરસે. જ્યાં જ્યાં વાદળાં હોય ત્યાં ત્યાં વરસાદની હાનિ થાય, અને મનુષ્ય ધાન્ય પાકવાની આશા છોડી દે, ચૈત્ર માસમાં જળનો પ્રવાહ ન વહે અને મલયાચળનો પવન ન વાય, તો હે ભડલી! ગર્ભનો વિનાશ ન થાય એમ તું જાણજે," ઇત્યાદિ.

અહીં ઉત્તર આપે છે—સ્યાદ્વાદ જ આ બાબતમાં પ્રમાણ છે. એટલે વીજળી કે વાદળાં કોઇ દોષવાળાં નથી. મહા વૃષ્ટિ થઈને જળનો પ્રવાહ ચાલે તો તે દોષ છે. કેમકે ચૈત્ર માસમાં મીનના સૂર્યનો સંભવ છે. તેમાં વીજળી અને વાદળાં શુભ કહેલાં જ છે. તે વિષે ત્રૈલોકયદીપકમાં કહ્યું છે કે—"મીન સંક્રાંતિ વખતે રેવતી નક્ષત્રના ભોગ્ય દિવસોમાં જો વીજળી અને શુભ વાયુ હોય તો અવશ્ય ગર્ભ બંધાય છે. "કદાચ જળના છાંટા પડે તો તે છાંટા ગર્ભરૂપ જ છે તેથી તે દૂષિત નથી. "જો મેષનો સૂર્ય હોય તો તેમાં કદાચ વાદળાં પણ હોય." એમ પ્રથમ કહ્યું છે, તે બાબત શ્રી હીરસૂરિ પણ કહે કે–"ચૈત્ર માસની બીજ, ત્રીજ, ચોથ અને પાંચમને દિવસે વાદળાં હોય અને પૂર્વ ઉત્તરનો વાયુ હોય તો મોટો સુકાળ જાણવો." વળી સ્થાનાંગમાં મેઘની વૃષ્ટિ જે કહી છે, તે માત્ર બિંદુઓ જ સમજવા. કેમકે "ચૈત્ર માસમાં કાંઇક જળ પડે તો તે હિતકારક છે," એમ કહ્યું છે. તેથી માત્ર છાંટા જ સમજાય છે. કહ્યું છે કે–"જયારે માઘ અને ચૈત્ર માસ મેઘની વૃષ્ટિ રહિત નિર્મળ હોય તો પૃથ્વી પર મનોહર વૃષ્ટિ થાય અને ઘણું અનાજ પાકે." વળી કહ્યું છે કે–"ચૈત્ર માસના કૃષ્ણપક્ષની પાંચમને દિવસે વરસાદ ન હોય અને દુર્દિન હોય તો ઊંચી ભૂમિ જોઇને તેમાં સર્વ ધાન્ય વાવો." તે વિષે આગળ પણ "ચૈત્ર માસમાં ગૌરિ! સંક્રાંતિમાં" ઇત્યાદિક કહેશે. તોપણ "હે પાર્વતી! ચૈત્ર માસના શુક્લ પક્ષની પાંચમ, સાતમ અને તેરશને દિવસે જો મેઘની વૃષ્ટિ થાય, તારા ખરે, મેઘની ગર્જના થાય અને વીજળી થાય તો વર્ષાકાળ પાસે જ આવ્યો છે એમ જાણવું. તેમાં કાંઇ વિચાર કરવાનો નથી."

આ રીતે ચૈત્ર માસમાં જેમ ઘટે તેમ વાદળાંસહિતપણું અને વાંદળાંરહિતપણું એ બન્ને લોકને વિષે શુભને માટે છે, અને તેથી વિપરીત હોય તો સુખદાયક નથી. તેથી કરીને જ વૃષ્ટિના નિષેધ માટે દિવસનો નિયમ આ પ્રમાણે કહ્યો છે– "ચૈત્ર માસમાં પાંચમને દિવસે રોહિણી નક્ષત્ર હોય, સાતમને દિવસે આર્દ્રા નક્ષત્ર હોય, નોમને દિવસે પુષ્ય નક્ષત્ર હોય અને પૂર્ણિમાને દિવસે ચિત્રા નક્ષત્ર હોય અને તેમાં જો વૃષ્ટિ થાય તો ગર્ભનો વિનાશ થાય. તેમાં રોહિણી યુકત પાંચમને દિવસે વૃષ્ટિ થાય તો અષાઢ માસમાં વૃષ્ટિ થાય નહીં. એ જ રીતે આર્દ્રા યુક્ત સાતમ વરસે તો શ્રાવણ માસ હણાય છે. પુષ્ય નક્ષત્ર યુક્ત નોમ વરસે તો ભાદ્રપદ માસ હણાય છે, અને ચિત્રા નક્ષત્ર યુક્ત પૂર્ણિમા વરસે તો આશ્વિન માસ હણાય છે, એટલે કે વૃષ્ટિ થાય નહીં." પરંતુ વાદળાં સહિત હોય તેને માટે તો આ પ્રમાણે કહ્યું છે–ચૈત્ર શુકલ પંચમીને દિવસે રોહિણી નક્ષત્ર હોય તે દિવસે જો આકાશમાં વાદળાં દેખાય તો વૃષ્ટિનો ગર્ભ પરિપૂર્ણ બંધાય એમ જાણવું. વૈશાખ માસમાં ગર્જના થાય, ભૂમિ જળવાળી થાય અને ઘણો વાયુ વાય, તથા જયેષ્ઠ માસમાં અધિક ગરમી પડે, તો ગર્ભની બીજી ચેષ્ટાની શી જરૂર છે? વૈશાખ માસમાં આકાશ પાંચ-વર્ણવાળું દેખાય, વીજળી પડે અને કડાકો થાય, તો ભાદ્રપદ માસમાં ઘણી વૃષ્ટિ થાય, અને ધાન્ય ઘણું પાકે.

અધિક માસ વિચાર

ચાલતા શક સંવત્સરની સંખ્યામાંથી ૯૨૫ બાદ કરવા. પછી તેને ૧૯ વડે ભાગ દેવો. શેષમાં જો ત્રણ રહે તો ચૈત્ર માસ અધિક થાય, અગ્યાર શેષ રહે તો વૈશાખ માસ અધિક થાય, શૂન્ય કે આઠ શેષ રહે તો જયેષ્ઠ

માસ અધિક થાય, સોળ શેષ રહે તો અષાઢ માસ અધિક થાય, પાંચ શેષ રહે તો શ્રાવણ માસ અધિક થાય, તેર શેષ રહે તો ભાદ્રપદ માસ અધિક થાય, અને બે શેષ રહે તો આશ્વિન માસ અધિક થાય. સિવાય બીજા કોઈ શેષ રહે તો કોઈ માસ અધિક થતો નથી. બત્રીશ માસ, સોળ દિવસ અને ચાર ઘડી જાય ત્યારે અધિક માસથી બીજો અધિક માસ આવે છે. જે માસની શુકલ પક્ષની પાંચમને દિવસે સૂર્યસંક્રાંતિ આવે, તે જ માસ પછીના વર્ષમાં આધક માસ થાય છે. જે માસમાં સૂર્યસંક્રાંતિ ન હોય તે જ અધિક માસ કહેવાય છે, અને જે માસમાં બે સંક્રાંતિ આવે તે ક્ષય માસ કહેવાય છે. પ્રાયઃ કરીને કાર્તિક, માર્ગશીર્ષ અને પોષ આ ત્રણ માસમાંથી જ ક્ષય માસ આવી શકે છે. તથા જે વર્ષમાં ક્ષય માસ આવતો હોય તે વર્ષમાં બે અધિક માસ આવે છે. [પરંતુ અહીં ચાંદ્ર માસથી ગણતરી કરવાની છે, એટલે અમાવાસ્યાથી અમાવાસ્યા પર્યંત માસ ગણવાનો છે.]

સંવત ૧૭૩૮ના વર્ષે પોષ માસનો ક્ષય છે. તેના આશ્વિન તથા ચૈત્ર એ બે માસ અધિક છે.

ઉદાહરણ બત્રીશ માસ પહેલાં પણ અધિક માસ આવે એમ જાણવું નહીં. કેમકે જ્યારે એક વર્ષમાં અમાવાસ્યા (ચાંદ્ર) વાળા બે માસમાં સંક્રાંતિ ન હોય ત્યારે તેમાં તે એક જ અધિક માસ કહેવાય છે, કે જે બત્રીશ માસ વીત્યા પછી આવતો હોય, અને બીજો (એટલે બત્રીશ માસ પહેલાં જે આવ્યો હોય તે અથવા તેથી દૂર આવ્યો હોય તે) સંક્રાંતિ રહિત હોય તો પણ તે અધિક માસ કહેવાતો નથી, કેમકે કાળનું અધિકપણું નથી માટે.

કાળથી અધિક હોય તે જ અધિક માસ કહેવાય છે. પૂર્વના અધિક માસથી આરંભીને બત્રીશ માસ ગયા પહેલાં જે પહેલો સંક્રાંતિ રહિત માસ આવે તે શુદ્ધ માસ છે અને બીજો આવે તે અધિક માસ છે. ઈત્યાદિ.

અધિક માસનું ફળ

શ્રાવણ માસ બે હોય તો દુકાળ, પૃથ્વીનો નાશ અને પ્રજાનો ક્ષય થાય. ભાદ્રપદ અધિક માસ હોય તો મનને ઇચ્છિત એવી ધાન્યની ઉત્પત્તિ થાય. આશ્વિન અધિક માસ હોય તો પૃથ્વી પર સૈન્ય, ચોર અને રોગનો ભય થાય. કોઇ કહે છે કે સુકાળ થાય અને દક્ષિણ દિશામાં દુકાળ થાય. કાર્તિક માસ અધિક હોય તો સુકાળ થાય, કોઇ ઠેકાણે લોકોને યુદ્ધથી દુઃખ થાય. માર્ગશીર્ષ માસ બે હોય તો દેશમાં પરમ સુખ થાય. પોષ માસ બે હોય તો સુકાળ, માંગલિક અને રાજાનો વિજય થાય, રાજા લોકોનો દંડ કરવામાં તત્પર થાય અને લોકોની વિપરીત બુદ્ધિ થાય. માઘ માસ બે હોય તો પૃથ્વી પર ક્ષેમ કુશળ થાય, પણ રાજ્યોને ભય થાય. ફાલ્ગુન માસ અધિક હોય તો સુકાળ અને ક્ષત્રિયોને સુખ થાય. ચૈત્ર માસ બે હોય તો ધાન્ય સારૂં પાકે, અને વણિક જન મોટો ઉદય પામે. વૈશાખ માસ બે હોય તો ધાન્ય સારૂં પાકે, અને કોઈ ઠેકાણે અશુભ થાય. જ્યેષ્ઠ માસ અધિક હોય તો રાજાનો વિનાશ થાય, અને ધાન્યની ઉત્પત્તિ સારી થાય. અષાઢ માસ બે હોય તો કોઇ કોઇ ઠેકાણે ખંડ ખંડ વૃષ્ટિ થાય. આ પ્રમાણે બારે માસ વૃદ્ધિ પામે તેનું ફળ કહ્યું. ચૈત્રાદિક સાત માસ જ વૃદ્ધિ પામે છે, એમ ઘણાનો મત છે. કદાચિત બે કાર્તિક

હોય તો દુઃખ, બે માઘ હોય તો પણ અશુભ, બે ફાલ્ગુન હોય તો અગ્નિનો ભય, અને બે વૈશાખ હોય તો અશુભ છે. જ્યારે ઉદય વખતે કૃષ્ણ પક્ષની ત્રીજ હોય અને ત્યારપછી ચોથ હોય, તથા તે ચોથમાં સંક્રાંતિ થતી હોય ત્યારે તે માસથી ચૌદમે માસે અધિક માસનો સંભવ આવે છે.

ઈતિ અધિક માસ ફળ

તિથિની ક્ષય-વૃદ્ધિનું ફળ

એક જ પખવાડિયામાં બે તિથિનો ક્ષય હોય તો અન્ન મોંઘું થાય, અને લોકમાં સામાન્ય વેરભાવ થાય. પખવાડિયાનો ક્ષય હોય તો રાજાઓનું મરણ થાય, અને માસનો ક્ષય હોય તો પૃથ્વી મ્લેચ્છવાળી થઈ જાય. જો આઠ વર્ષની અંદર તેર દિવસનું પખવાડિયું હોય તો નગરનો ભંગ, છત્રભંગ અને મોંઘવારી થાય. મતાંતરમાં એમ કહ્યું છે કે– "અનેક હજારો યુગ વીત્યા પછી દૈવયોગથી તેર દિવસનું પખવાડિયું થાય છે, તે વખતે જગતનો ક્ષય થાય છે". જો ચોમાસાના ચાર માસમાં કૃષ્ણ પક્ષનો ક્ષય થાય તો પૃથ્વી પર સુકાળ અને નિરંતર વૃષ્ટિ થાય. વર્ષાકાળના પહેલા [અજવાળિયા] પક્ષમાં જો તિથિનો ક્ષય હોય તો દેશનો ભંગ, ભયંકર ઉપદ્રવ અને ઘણા લોકોનો સંહાર થાય. શ્રાવણ માસમાં પાંચમનો ક્ષય હોય, ભાદ્રપદ માસમાં સાતમનો ક્ષય હોય, આશ્વિન માસમાં નોમનો ક્ષય હોય, અને કાર્તિક માસમાં પૂર્ણિમાનો ક્ષય હોય, તો તે ઇષ્ટ નથી—અશુભ છે. ભાદ્રપદ, પોષ કે માઘ માસમાં શુક્લ પક્ષની જે તિથિનો ક્ષય હોય, તે તિથિના અંકથી બમણે દિવસે રાજાનું મરણ થાય. અથવા ભયંકર દુકાળ

પડે. જે માસમાં શુકલ પક્ષની ત્રીજ કે ચોથનો ક્ષય હોય, તો તે માસમાં પૃથ્વી પર મગ અને ઘી મોંઘાં થાય, ભાદ્રપદ પોષ અને માઘ માસમાં શુકલ પક્ષની ત્રીજ કે ચોથનો ક્ષય હોય તો તે માસમાં વિશેષે કરીને પૃથ્વી પર મોંઘવારી થાય. જે માસમાં દશમનો ક્ષય હોય તે માસમાં ઘી મોંઘું થાય. શુકલ પક્ષની પ્રતિપદા, પાંચમ કે ચૌદશ વૃદ્ધિ પામે તો સુકાળ અને ક્ષય પામે તો દુકાળ થાય છે. જે વર્ષમાં અષાઢ સુદિ ચૌદશ કરતાં અષાઢી પૂર્ણિમા ઓછી હોય તો અન્ન મોંઘું રહે, સરખી હોય તો સમાન રહે, વધારે હોય તો સોંઘવારી રહે, અને પૂર્ણિમાનો ક્ષય હોય તો ધાન્યની પ્રાપ્તિ જ ન થાય. ચૈત્ર માસથી ભાદ્રપદ માસ સુધી જો શુકલ પક્ષમાં (એકંદર) તિથિની ઘટ લાગે તો કોઇ ઠેકાણે ધાન્યની ઉત્પત્તિ થાય, અને કોઇ ઠેકાણે અલ્પ ધાન્યની પ્રાપ્તિ થાય. જ્યેષ્ઠ માસની અમાવાસ્યાએ આર્દ્રા નક્ષત્ર હોય, પ્રતિપદાએ પુનર્વસુ હોય અને બીજને દિવસે પુષ્ય નક્ષત્ર હોય તો જળ, ધાન્ય અને તૃણનો અભાવ થાય. શ્રાવણ માસની કૃષ્ણ પક્ષની અગિયારશને દિવસે જેટલી ઘડી રોહિણી નક્ષત્ર હોય, તેટલા ધાન્યના વિશોપક (વિશ્વા) જાણવા. રવિવારથી વાર, પ્રતિપદાથી તિથિ અને અશ્વિનીથી નક્ષત્ર ગણી તે ત્રણેના અંક એકઠા કરી બમણા કરવા. પછી તેને ત્રણે ભાગવા. જો બે શેષ રહે તો સુકાળ જાણવો. શૂન્ય શેષ રહે તો દુકાળ જાણવો અને એક શેષ રહે તો સમાન જાણવું. અષાડ માસના પહેલા પક્ષમાં સૂર્યમંડળ વાદળાં રહિત દેખાય, વીજળી કે વરસાદ ન થાય તો બે માસ સુધી વરસાદ વરસે. જે માસમાં અને જે પક્ષમાં છઠ્ઠને દિવસે રવિવાર હોય તો અન્ન અને

ઘી મોંઘાં થાય. તેમાં પણ તિથિ થોડી હોય તો થોડા મોંઘાં અને અધિક હોય તો અધિક મોંઘાં થાય. આશ્વિન માસના શુકલપક્ષની દશમ વગેરે ત્રણ દિવસ ગર્જના અને વીજળી થાય તો ઘઉંનો વિનાશ થાય. જયેષ્ઠ માસની પૂર્ણિમાને દિવસે મૂળ નક્ષત્ર હોય તો તે વર્ષ શુભ અને હિતને માટે થાય છે. પ્રતિપદાને દિવસે મૂળ નક્ષત્ર હોય તો મધ્યમ વર્ષ થાય છે. કહ્યું છે કે–"જયેષ્ઠ માસની બીજને દિવસે મૂળ નક્ષત્ર હોય તો અવૃષ્ટિ કે અતિવૃષ્ટિ થઈને સર્વ બીજનો વિનાશ થાય છે, એમ મુનિ મહારાજ કહે છે." અહીં વિચારવાનું એ છે કે માસનો આરંભ શુકલ પક્ષથી ગણવો કે કૃષ્ણપક્ષથી ગણવો ? તેમાં જો શુકલપક્ષથી માસનો આરંભ કરીએ તો તે આ રીતે અસંભવિત છે—"જો કદાચ કાર્તિકની અમાવાસ્યાએ શનિ, મંગળ કે રવિવાર હોય, એ જ પ્રમાણે જયેષ્ઠ માસની અમાવાસ્યાએ શનિ, મંગળ કે રવિવાર હોય તો બમણા બમણાના તર્કથી રત્નની જેમ મોંઘું ધાન્ય મળે, અને (તે બન્ને અમાવાસ્યાએ) બુધ, ગુરૂ, શુક્ર કે સોમવાર હોય તો મૃત્તિકાની જેમ સસ્તું ધાન્ય મળે." બીજા ગ્રંથમાં કહ્યું છે કે—"જો કદાચ કાર્તિક અમાવાસ્યાએ શનિ, મંગળ કે રવિવાર હોય અને તે દિવસે સ્વાતિ નક્ષત્ર હોય, તેમજ તે દિવસે આયુષ્યમાન યોગ હોય તો ક્ષય, પ્રલય, વિપત્તિ અને ત્રણ પખવાડિયામાં છત્રભંગ થાય." લોકમાં પણ કહ્યું છે કે–"કાર્તિક વદ અમાવાસ્યાને દિવસે રવિ, શનિ કે મંગળવાર હોય તથા સાથે સ્વાતિ નક્ષત્ર અને આયુષ્માન યોગ પણ હોય, તો દુકાળ અને છત્રભંગ થાય." તથા "શ્રાવણ માસના પહેલા પક્ષમાં અશ્વિની નક્ષત્રમાં જો જળ

વરસે તો બીજા ઘણા અપયોગ છતાં પણ અવશ્ય અત્યંત સુકાળ થાય.” આ વચનને આધારે જો શુકલ પક્ષને પહેલો માનીએ તો તે પક્ષમાં અશ્વિની નક્ષત્રનો સંભવ જ નથી. વળી અષાડ કૃષ્ણ અષ્ટમીનું ફળ જે આગળ કહેશે તે પણ મળતું આવશે નહિ, કેમકે કૃષ્ણ અષ્ટમી જણાવવા માટે 'ધુરિ' શબ્દ લખ્યો છે. તેમજ વળી (શુકલ પક્ષથી માસની શરૂઆત માનીએ તો) અષાડ કૃષ્ણ પક્ષના તિથિ, વાર, વાદળાં વગેરે સર્વ ચાતુર્માસની અંદર ગણાશે (તેમ ગણાતા નથી), કેમકે જ્યેષ્ઠ અમાવાસ્યાનું લક્ષણ અષાડ પૂર્ણિમા પહેલાં સોળમે દિવસે આવે છે. આ રીતે કહેવાથી જ્યોતિષ શાસ્ત્રમાં કહ્યું છે કે ચૈત્ર માસ શુકલ પક્ષથી ગણવો એમ જે કહ્યું છે તે મેઘમાળાના પંડિતોને પ્રમાણભૂત છે; તેમજ લોકમાં પણ કહ્યું છે કે—

“ધુરિ અજુઆલો પખ્ખડો, પિછૈ અંધારો હોઇ;
ઇણ પરિ જોઇસ ગણિ સદા, મ કરીસ સાંસો કોઇ.” ૧

પહેલાં અજવાળિયું પખવાડિયું અને પછી અંધારૂં પખવાડિયું હોય છે. એ પ્રમાણે સદા જ્યોતિષની ગણતરી કરવી. તેમાં કાંઇ સંશય કરવો નહીં.” ('મેઘગર્ભ'માં પણ પહેલો શુકલ પક્ષ અને પછી કૃષ્ણ પક્ષ માન્યો છે.)

તથા મેઘમાળામાં પણ કહ્યું છે કે—“પોષ માસની કૃષ્ણ પક્ષની સપ્તમીને દિવસે જો આકાશ વાદળાંથી વ્યાપ્ત થાય તો આઠ માસના વશથી યુકત એવો દિવ્ય ગર્ભ થાય છે. હે શ્રેષ્ઠ મુખવાળી ! શ્રાવણ શુકલ પક્ષની સપ્તમીને દિવસે જો સ્વાતિ નક્ષત્ર હોય તો ઘણી વૃષ્ટિ થાય છે, એમ સત્ય જાણવું.” અહીં જેમ શુકલાદિક માસના પક્ષમાં જ ગર્ભનો પાક તથા

તેનું ફળ કહ્યું છે, તેમ કૃષ્ણાદિક માસના મતને વિષે પણ સમજવું. અહીં 'આઠ માસના વશથી' એમ જે કહેવામાં આવ્યું તેથી જ કૃષ્ણ પક્ષ પ્રથમ ગણવાનો મત દૃઢ કર્યો છે. કેમકે કૃષ્ણ પક્ષ પહેલો લઈએ તો જ પોષ કૃષ્ણ પક્ષથી શ્રાવણ શુક્લ પક્ષ સુધી ગણતાં આઠ માસ થઇ શકે છે. શુક્લ પક્ષને પહેલો લઇએ તો સાત માસ થાય છે, એમ અર્થાતથી જાણવું. તેથી કરીને જ ચૈત્ર માસને છેડે કૃષ્ણ પક્ષને આશ્રીને "આ ચૈત્ર માસ બહુ રૂપવાળો છે," એવું વચન જ્યોતિષના મતનું છે. કેમકે તે વખતે કૃષ્ણ પક્ષને પહેલો ગણવાથી વૈશાખ માસ પ્રાપ્ત થાય છે. તે વૈશાખમાં વાદળાં વગેરે પાંચે પ્રકાર હોઇ શકે છે. તેથી કરીને જ કાર્તિક કૃષ્ણ પક્ષની અમાવાસ્યાને દિવસે શ્રી મહાવીરસ્વામીનું નિર્વાણ કહેવાય છે, કેમકે સિદ્ધાંતમાં કૃષ્ણ પક્ષથી માસની શરૂઆત થાય છે. વળી જેને વિષે માસ પૂર્ણ થાય છે તે તિથિ પૌર્ણમાસી કહેવાય છે એ પ્રમાણે પૂર્ણિમા શબ્દનો અર્થ બરાબર થઇ શકે છે.

આ બાબત સિદ્ધ કરવા માટે આ પ્રમાણે સંમતિ છે—"પોષ માસમાં મૂળ નક્ષત્રથી ભરણી નક્ષત્ર સુધી ચંદ્રનક્ષત્રોમાં આકાશ વાદળાંથી વ્યાપ્ત હોય તો સૂર્યનક્ષત્રના આર્દ્રા નક્ષત્રથી વિશાખા નક્ષત્ર પર્યંત વરસાદ વરસે છે." અહીં પોષ માસનો આરંભ શુક્લ પક્ષથી ગણીએ તો પોષ માસમાં મૂળ નક્ષત્રથી ભરણી નક્ષત્ર આવી શકશે નહીં (પણ ભરણીથી મૂળ આવી શકે) અને કૃષ્ણ પક્ષથી માસની શરૂઆત ગણીએ તો પોષ માસમાં મૂળ નક્ષત્રથી ભરણી નક્ષત્ર આવી શકે છે. તે મૂળ નક્ષત્રથી ગર્ભનો ઉદય થાય છે, એમ પંડિતોએ જાણવું. તથા—"ધનુષ રાશિમાં સૂર્ય રહ્યો હોય ત્યારે મૂલાદિક નક્ષત્રો ગર્ભનું કારણ

થાય છે." આ વચનને વિષે ધનુષનો સંબંધ છે માટે કૃષ્ણ પક્ષથી પોષ માસની શરૂઆત ગણીએ તો ધનુષ રાશિનો સૂર્ય આવી શકે છે. તે વિષે મેઘમાળામાં કહ્યું છે કે—"ધનુષ રાશિમાં સૂર્ય રહ્યો હોય ત્યારે મૂળ વગેરે નક્ષત્રો ગર્ભને ધારણ કરનારાં થાય છે, અને ગર્ભનો ઉદય થવાથી એકસોને પંચાણુ દિવસે અવશ્ય વરસાદ થાય છે. અહીં દિવસના અનુસારે અવશ્ય વૃષ્ટિ થાય છે તેમાં કાંઈ સંશય નથી. તે આ પ્રમાણે-મૂળ નક્ષત્રમાં ગર્ભ રહ્યો હોય તો સૂર્યના (પંદરીયા) આર્દ્રા નક્ષત્રમાં વરસાદ થાય છે, પૂર્વાષાઢા નક્ષત્રમાં ગભ રહ્યો હોય તો સૂર્યના પુનર્વસુ નક્ષત્રમાં વરસાદ થાય છે, ઉત્તરાષાઢા નક્ષત્રમાં ગર્ભ રહ્યો હોય તો સૂર્યના પુષ્ય નક્ષત્રમાં વરસાદ થાય છે, શ્રવણ નક્ષત્રમાં ગર્ભ રહ્યો હોય તો સૂર્યના અશ્લેષા નક્ષત્રમાં વરસાદ થાય છે, ધનિષ્ઠા નક્ષત્રમાં ગર્ભ રહ્યો હોય તો સૂર્યના મઘા નક્ષત્રમાં વરસાદ થાય છે, શતભિષા નક્ષત્રમાં ગર્ભ રહ્યો હોય તો સૂર્યના પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં વરસાદ થાય છે, પૂર્વાભાદ્રપદા નક્ષત્રમાં ગર્ભ રહ્યો હોય તો સૂર્યના ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં વરસાદ થાય છે, ઉત્તરાભાદ્રપદા નક્ષત્રમાં ગર્ભ રહ્યો હોય તો સૂર્યના હસ્ત નક્ષત્રમાં વરસાદ થાય છે, રેવતી નક્ષત્રમાં ગર્ભ રહ્યો હોય તો સૂર્યના ચિત્રા નક્ષત્રમાં વરસાદ થાય છે, અશ્વિની નક્ષત્રમાં ગર્ભ રહ્યો હોય તો સૂર્યના સ્વાતિ નક્ષત્રમાં વરસાદ થાય છે, તથા ભરણી નક્ષત્રમાં ગર્ભ રહ્યો હોય તો સૂર્યના વિશાખા નક્ષત્રમાં વરસાદ થાય છે. આ રીતે ગર્ભની પૂર્ણતા થવાથી સારી વૃષ્ટિ થાય છે તથા સર્વ લોકો સુખી થાય છે. આ પ્રમાણે કૃષ્ણ પક્ષથી માસની શરૂઆત ગણવાથી પોષ કૃષ્ણ પક્ષથી આરંભીને જ્યેષ્ઠ માસ સુધી છ

માસનો ગર્ભ પૂર્ણ થાય છે. ઉદાહરણ—સંવત ૧૭૩૭ને વર્ષે પોષ કૃષ્ણ ચતુર્થીને દિવસે ધનુષ રાશિનો સૂર્ય થાય છે. તેથી સંવત ૧૭૩૮ ને વર્ષે કૃષ્ણ પક્ષથી પ્રારંભ થયેલા અષાડ માસની અમાવાસ્યાને દિવસે આર્દ્રા નક્ષત્રનો સૂર્ય થાય છે, તેથી (સાડા છ માસ થવાથી) ગર્ભની પૂર્ણતા થાય છે. વરસાદ થવામાં આર્દ્રા નક્ષત્રના સૂર્યની જ મુખ્યતા છે. તે વિષે પ્રથમ કહી ગયા છે. લોકમાં પણ કહ્યું છે કે—

"મિગસર વાય ન વાઈઆ, અદ્દ ન વૂઠા મેહ;
તો જાણે વો ભડ્ડલી, વરસહ આયો વેહ. ૧."

"મૃગશર નક્ષત્રમાં વાયુ ચાલે નહીં અને આર્દ્રા નક્ષત્રમાં વરસાદ વરસે નહીં તો હે ભડ્ડલી! તે વર્ષ સારૂં થતું નથી."

બીજા ગ્રંથમાં પણ કહ્યું છે કે—"મેષ રાશિમાં સૂર્ય રહ્યો હોય અને ચંદ્રના અશ્વિની નક્ષત્રમાં જો વૃષ્ટિ થાય તો હે દેવી પાર્વતી! મૂળ નક્ષત્રના ગર્ભનો વિનાશ થાય છે. એ જ પ્રમાણે ભરણી નક્ષત્રથી અશ્લેષા નક્ષત્ર સુધીના કોઇ પણ નક્ષત્રમાં વૃષ્ટિ થાય તો અનુક્રમે પૂર્વાષાઢાથી રેવતી નક્ષત્રમાં થયેલા ગર્ભનો વિનાશ થાય છે. જે નક્ષત્રમાં વરસાદ થયો હોય તે નક્ષત્રથી પાંચમા નક્ષત્રનો ગર્ભપાત થઇ જાય છે. હે દેવી પાર્વતી, જો આર્દ્રા નક્ષત્રમાં મેઘની ગર્જના થાય તો જે નક્ષત્રોમાં ગર્ભ રહ્યો હોય તે સર્વ નક્ષત્રો વૃષ્ટિ કરનારાં છે એમ જાણવું. આર્દ્રા વગેરે પાંચ નક્ષત્રોમાં વરસાદ વરસે છે. આ પ્રમાણે "આઠ માસના નિમિત્ત વડે ચાર નિમિત્ત હોય તો તે અભીષ્ટને આપનાર છે" એવું મેઘમાળાનું વચન હોવાથી ગર્ભનો નિયમ થઇ શકતો નથી, કેમકે નિમિત્તરૂપ ગર્ભની

સંખ્યામાં ન્યૂન અને અધિક નિમિત્ત પણ જોવામાં આવે છે. તે વિષે શ્રી હીરવિજયસૂરિ પોતાની રચેલી મેઘમાળાને વિષે કહે છે કે—

" કત્તિય વારસિ ગબ્ભા છાયા, આસાઢાં ધ્રુરિ વરસે ભાયા;
મિગસિર પંચમી મેઘાડંબર, તો વરસે સચલો સંવચ્છર. ૧."

"કાર્તિક માસની દ્વાદશીને દિવસે જો ગર્ભ આચ્છાદિત હોય તો અષાડ માસમાં નિશ્ચે વરસાદ થાય છે. તથા માગશીર્ષની પાંચમને દિવસે મેઘનો આડંબર હોય તો આખું વર્ષ વરસાદ વરસે છે." આ પ્રમાણે પ્રાસંગિક વાત કહી. હવે પ્રકૃત કહે છે—

પક્ષની આદિમાં પડવાને દિવસે જો ત્રણ પૂર્વા, રોહિણી, હસ્ત કે શતભિષા નક્ષત્ર હોય તો સર્વ ધાન્ય મોંઘાં થાય છે. પડવાને દિવસે કૃત્તિકા, રેવતી, અશ્વિની કે મૂળ નક્ષત્ર હોય તો ધાન્યના ભાવ સમાન રહે અને બાકીનાં નક્ષત્ર હોય તો ધાન્ય સોંઘાં થાય.

દિન વિચાર

જે વર્ષના ૩૫૨ દિવસ હોય તે વર્ષમાં દુકાળ પડે, ૩૫૩ દિવસ હોય તો મધ્યમ વર્ષ થાય, ૩૫૪ દિવસ હોય તો સમાન વર્ષ થાય અને ૩૫૫ દિવસ હોય તો સુકાળ થાય. કોઈ એમ પણ કહે છે કે ૩૫૨ દિવસનું વર્ષ હોય તો સુકાળ થાય છે, પરંતુ દેશમાં વિગ્રહ થાય છે. ૩૫૫ દિવસનું વર્ષ હોય તો દુકાળ પડે, ૩૫૭ દિવસનું વર્ષ હોય તો મધ્યમ વર્ષ થાય અને ત્રણસો સાઠ ૩૬૦ દિવસનું વર્ષ હોય તો નિશ્ચે અત્યંત સુકાળ થાય છે.

જેટલા દિવસ રોહિણી નક્ષત્ર પર સૂર્ય હોય તેટલા દિવસમાં જો વૃષ્ટિ થાય તો પછી કેટલે દિવસે

રોહિણી નક્ષત્રમાં વૃષ્ટિનું ફળ વરસાદ થાય ? તે કહે છે—જો રોહિણી નક્ષત્રને પહેલે દિવસે વૃષ્ટિ થાય તો ૭૨ દિવસ સુધી વરસાદ વરસે નહીં, ત્યાર પછી વરસે. બીજે દિવસે વૃષ્ટિ થાય તો ૫૮ દિવસ સુધી વરસાદ વરસે નહીં. ત્રીજે દિવસે વૃષ્ટિ થાય તો ૪૯ દિવસ વરસાદ વરસે નહીં. ચોથે દિવસે વૃષ્ટિ થાય તો ૪૨ દિવસ વરસાદ વરસે નહીં. પાંચમે દિવસે વૃષ્ટિ થાય તો ૩૯ દિવસ વરસે નહીં. છઠ્ઠે દિવસે વૃષ્ટિ થાય તો ૩૪ દિવસ વરસાદ વરસે નહીં. સાતમે દિવસે વૃષ્ટિ થાય તો ૩૧ દિવસ વરસાદ વરસે નહીં. નવમે દિવસે વૃષ્ટિ થાય તો ૨૮ દિવસ વરસાદ વરસે નહીં. દશમે દિવસે વૃષ્ટિ થાય તો ૨૪ દિવસ વરસાદ વરસે નહીં. અગિયારમે દિવસે વૃષ્ટિ થાય તો ૨૧ દિવસ વરસાદ વરસે નહીં. બારમે દિવસે વૃષ્ટિ થાય તો ૧૬ દિવસ વરસાદ વરસે નહીં. તેરમે દિવસે વૃષ્ટિ થાય તો ૧૨ દિવસ વરસાદ થાય નહીં. ત્યાર પછી વરસાદ થાય છે. કોઇના મતમાં આ પ્રમાણે કહ્યું છે—રોહિણીના પહેલા ચરણમાં (ચોથા ભાગમાં) વૃષ્ટિ થાય તો ૭૨ દિવસ સુધી વરસાદ વરસે નહીં, બીજા ચરણમાં વૃષ્ટિ થાય તો ૬૨ દિવસ સુધી વરસાદ થાય નહીં, ત્રીજા ચરણમાં વૃષ્ટિ થાય તો ૫૨ (બાવન) દિવસ સુધી વરસાદ વરસે નહીં અને ચોથા ચરણમાં વૃષ્ટિ થાય તો ૪૨ દિવસ સુધી વરસાદ વરસે નહીં. ત્યારબાદ વરસાદ વરસે છે.

વરસાદ થવાના દિવસોની સંખ્યા

જો દિવાળીને દિવસે રવિવાર હોય તો તે વર્ષે કુલ ૫૦ દિવસ વરસાદ વરસે છે, સોમવાર હોય તો ૧૦૦ દિવસ, મંગળવાર હોય તો ૪૦ દિવસ, બુધવાર હોય તો ૬૦ દિવસ, ગુરૂવાર હોય તો ૮૦ દિવસ, શુક્રવાર હોય તો ૯૦ દિવસ અને શનિવારે દિવાળી હોય તો તે વર્ષે કુલ ૨૦ દિવસ જ વરસાદ વરસે છે.

તિથિ અને વારને આશ્રી રોહિણીનું ફળ

બન્ને પખવાડિયાના પડવાને દિવસે જો રોહિણી નક્ષત્રનો સૂર્ય થતો હોય તો તે વર્ષે દુકાળ પડે, બીજને દિવસે રોહિણી આવે તો સુકાળ થાય, ત્રીજને દિવસે રોહિણી આવે તો અન્નની પ્રાપ્તિ અલ્પ થાય, ચોથને દિવસે રોહિણી આવે તો અધિક અન્નની પ્રાપ્તિ થાય, પાંચમને દિવસે રોહિણી આવે તો કાંઈ પણ અન્ન પાકે નહીં અથવા થોડું પાકે, છઠને દિવસે રોહિણી બેસે તો આકાશમાં મેઘનો આડંબર ઘણો થાય, સાતમને દિવસે રોહિણી આવે તો ઉત્તર દિશામાં જળ સૂકાઈ જાય, આઠમને દિવસે રોહિણી આવે તો અન્નનો નાશ થાય, નોમને દિવસે રોહિણી આવે તો ભૂમિ પર વણિક જાતને અધિક કષ્ટ થાય, દશમને દિવસે રોહિણી આવે તો સુકાળ થાય, અગિયારસને દિવસે રોહિણી આવે તો ધાન્ય મોંઘું થાય અને લોકોમાં ભય ઉપજે, બારસને દિવસે રોહિણી હોય તો વણિક જાતિને ભય ઉપજે તથા તેમનો પરાભવ થાય, તેરશને દિવસે રોહિણી આવે તો અલ્પ રસવાળી વૃષ્ટિ થાય, ચૌદશને દિવસે રોહિણી હોય તો ઘણો વરસાદ થાય અને પૂર્ણિમા કે અમાવાસ્યાને દિવસે

રોહિણી નક્ષત્રનો સૂર્ય થાય તો આકાશમાં જળની પ્રાપ્તિ થાય નહીં. રવિવારને દિવસે રોહિણી નક્ષત્ર પર સૂર્ય આવે અને તે દિવસે જો પ્રથમ વૃષ્ટિ થાય તો તે વર્ષે દુકાળ પડે એ જ રીતે સોમવારે સુકાળ, મંગળવારે અગ્નિદાહ, બુધવારે રોગ, ગુરૂવારે બાળકોનું મરણ, શુક્રવારે વરસાદ સારો અને શનિવારે રોહિણી નક્ષત્ર પર સૂર્ય આવે અને તે દિવસે જો પ્રથમ વૃષ્ટિ થાય તો તે વર્ષે દુકાળ પડે છે. જયેષ્ઠ કે અષાઢ માસમાં જે દિવસે રોહિણી નક્ષત્ર પર સૂર્ય આવે તે દિવસે જો ઘનઘોર વૃષ્ટિ થાય તો મેઘના ઉદયને જાણનાર પંડિતોએ આ ઉપર કહેલું ફળ બતાવ્યું છે.

પ્રથમ વૃષ્ટિના દિવસનું ફળ

ચૈત્ર માસના કૃષ્ણ પક્ષની પાંચમીથી આરંભીને નવ દિવસ જો આકાશ નિર્મળ રહે તો આર્દ્રા વગેરે નવે સૂર્યનક્ષત્રોમાં પુષ્કળ જળ વરસે. અહીં પોતપોતાના દેશના વ્યવહાર પ્રમાણે કૃષ્ણ પક્ષનો નિર્ણય કરવો જેમકે મારવાડ દેશમાં ફાલ્ગુન શુકલ પૂર્ણિમા પછી તરત જ ચૈત્ર માસનો કૃષ્ણ પક્ષ આવે છે. તથા ગુજરાત વગેરે દેશોમાં પોતપોતાના માસની પૂર્ણિમા પછી તરત જ તે જ માસનો કૃષ્ણ પક્ષ આવે છે. એ જ પ્રમાણે યથાયોગ્ય પોતપોતાના વ્યવહારને અનુસરી સર્વ માસનાં ફળ વિચારવાનાં છે. ચૈત્ર માસના શુકલ પક્ષમાં મીન રાશિ પર સૂર્ય આવે ત્યારે જો મૂળ વગેરે નવ નક્ષત્રોના દિવસોમાં આકાશ નિર્મળ રહે તો તે વર્ષ શુભ થાય છે. વળી લોકમાં પણ કહ્યું છે કે—

"ચૈત્ર અજુઆલી ચઢથથી, મેસ થકા નવ દીહ;
જલ આભુ વિજજુ લવે, તો કુડંબી મ મ બીહ. ૧."

"ચૈત્ર માસની અજવાળી ચોથ પછી મેષ સંક્રાંતિથી નવ દિવસ વરસાદ હોય અથવા વીજળી થાય તો હે ખેડૂત! તું ડરીશ નહીં. અર્થાત્ વરસાદ ઘણો થશે."

વૈશાખ માસમાં પડવાના દિવસથી સાત દિવસ સુધી મેઘનો ઉદય થાય, ગર્જના થાય, વરસાદ વરસે અને વીજળી થાય તો સુકાળ થાય છે, એમ મુનિઓ કહે છે. માઘ માસની સાતમ, ફાલ્ગુન માસની પાંચમ, ચૈત્ર માસની ત્રીજ અને વૈશાખ માસનો પહેલો દિવસ, આ દિવસોમાં મેઘની ગર્જના થાય, અથવા વાદળાંનું દર્શન થાય તો ચોમાસાના ચાર માસ સારી વૃષ્ટિ થાય છે. શ્રી હીરવિજયસૂરિએ કહ્યું છે કે— "કાર્તિક માસની બારશ, માર્ગશીર્ષ માસની દશમ, પોષ માસની પાંચમ અને માઘ માસની સાતમ, એટલા દિવસોમાં જો વરસાદ થાય અને વીજળી ઝબકે તો ચોમાસામાં ધારાબંધ વરસાદ પડે છે.

ઈતિ શ્રી મહોપાધ્યાય શ્રી મેઘવિજયજી ગણિ રચિત શ્રી મેઘમહોદય અથવા વર્ષપ્રબોધ ગ્રંથનો છઠ્ઠો અયન, માસ, પક્ષ નિરૂપણ અધિકાર સમાપ્ત

સપ્તમ વર્ષરાજાદિક ફળાધિકાર—

જ્યારે પૂર્વાફાલ્ગુની નક્ષત્ર પર સૂર્ય આવે અને તેથી
સાતમે દિવસે રાત્રિએ પ્રકાશને ધારણ કરનાર
અગસ્તિ દ્વાર અને સમુદ્રનું પાન કરનાર અગસ્તિ ઋષિનો
ઉદય થાય, ત્યારે ચારે દિશામાં સર્વત્ર લક્ષ્મી
પ્રાપ્ત થાય છે. જો અગસ્તિ ઋષિનો ઉદય પ્રાતઃકાળે થાય તો દુકાળ પડે છે, ઘોર ઉપદ્રવ થાય છે અને રાજ્ય ભંગ થાય છે, એમ જાણવું. જ્યારે પૂર્વાફાલ્ગુની નક્ષત્ર પર સૂર્ય આવે અને તેનાથી આઠમે દિવસે અગસ્તિનો ઉદય થાય તો લોકમાં તે શુભકારક નથી, એમ કોઈનો મત છે. કૃત્તિકા નક્ષત્ર પર સૂર્ય આવે અને તેનાથી સાતમે કે આઠમે દિવસે અગસ્તિનો જો અસ્ત હોય તો તે શ્રેષ્ઠ છે, પણ તે અસ્ત દિવસે થતો હોવો જોઈએ. કેમકે અગસ્તિનો ઉદય રાત્રિએ શ્રેષ્ઠ છે, પણ રાત્રિએ અસ્ત થતો હોય તો તે અશુભ છે. અને દિવસે તેનો અસ્ત થતો હોય તો તે શ્રેષ્ઠ છે, પણ દિવસે ઉદય થાય તો તે શ્રેષ્ઠ નથી. લોકમાં પણ કહ્યું છે કે-"સિંહ રાશિ પર સૂર્ય આવે તે દિવસથી એકવીશ દિવસે જો અગસ્ત્યનો ઉદય હોય તો પૃથ્વી પર સારો વરસાદ થાય છે." શ્રી હીરવિજયસૂરિ પણ કહે છે કે—"જે દિવસ સિંહ રાશિ પર સૂર્ય આવે તે દિવસથી વીશ દિવસે અગસ્ત્યનો ઉદય થાય તો દુકાળ પડે, એકવીશ દિવસે ઉદય થાય તો મધ્યમ વર્ષ થાય અને બાવીશ દિવસે ઉદય થાય તો સુકાળ થાય છે.

જે માસમાં બુધથી દશમે દિવસે અગસ્ત્યનો ઉદય થાય તો ધારાબંધ વરસાદ વરસે છે, અને પ્રજાની આશા પૂર્ણ થાય છે." વળી બીજા ગ્રંથમાં તો આ પ્રમાણે કહ્યું છે—"સિંહ સંક્રાંતિથી વીશ દિવસે જો અગસ્ત્યનો ઉદય થાય તો તે વૈશ્ય કહેવાય છે, એકવીશ દિવસે ઉદય થાય તો તે બ્રાહ્મણ કહેવાય છે અને બાવીશ દિવસે અગસ્ત્યનો ઉદય થાય તો તે માળી કહેવાય છે. તેઓને ઘેર અનુક્રમે અગસ્ત્યનો જન્મ થાય છે એમ જાણવું. તેમાં જો અગસ્ત્યની જાતિ વૈશ્ય હોય તો ખંડ ખંડ વૃષ્ટિ થાય છે, જો અગસ્ત્ય મુનિ બ્રાહ્મણ હોય તો દુકાળ થાય છે અને જો તે મુનિનો જન્મ માળીને ઘેર હોય તો સુકાળ થાય છે. આ રીતે સિંહ રાશિ પર સૂર્ય આવવાથી અગસ્ત્યનું ફળ જાણવું.

વર્ષના રાજાદિક

ચૈત્ર માસના શુક્લપક્ષની પડવાની પહેલી કળાને વિષે જે વાર હોય છે, તે આખા વર્ષનો રાજા હોય છે, મેષ સંક્રાંતિને દિવસે જે વાર હોય તે મંત્રી હોય છે, મિથુન સંક્રાંતિને દિવસે જે વાર હોય તે સર્વ રસનો અધિપતિ હોય છે અને કર્ક સંક્રાંતિને દિવસે જે વાર હોય તે ધાન્યનો અધિપતિ હોય છે. આ વિષે મતાંતર આ પ્રમાણે છે—"જ્યેષ્ઠા નક્ષત્ર પર સૂર્ય આવે તે દિવસે જે વાર હોય તે મંત્રી હોય છે. તેનાથી જે ચોથો વાર હોય તે ધાન્યનો અધિપતિ હોય છે. ફાલ્ગુન માસને છેડે જે વાર હોય તે વર્ષનો રાજા કહેવાય છે. અષાડ માસમાં જે દિવસે જે વાર હોય તે જળનો અધિપતિ કહેવાય છે. જે દિવસે આર્દ્રા નક્ષત્ર પર સૂર્ય આવે તે દિવસે જે વાર હોય તે વૃષ્ટિનો અધિપતિ કહેવાય છે તથા

વૃષ સંક્રાંતિને દિવસે જે વાર હોય તે કોટવાલ કહેવાય છે. આ સર્વે વર્ષના પૂર્વાર્ધમાં વાર્ષિક ધાન્યને આપનારા કહ્યા છે કોઇના મત આ પ્રમાણે છે કે—ચૈત્ર માસની શરૂઆતમાં જે વાર હોય તેને ધનનો અધિપતિ કહેલો છે, તથા ચૈત્ર માસમાં મેષ સંક્રાંતિને સમયે લગ્નેશને વર્ષનો અધિપતિ કહ્યો છે. ખરતર ગચ્છીય શ્રીમેઘજી નામના ઉપાધ્યાય કહે છે કે—ચૈત્ર માસની અમાવાસ્યાને દિવસે જે વાર હોય તે રાજા, મેષ સંક્રાંતિ વખતે જે વાર હોય તે મંત્રી, મિથુન સંક્રાંતિ સમયે જે વાર હોય તે રસનો અધિપતિ, કર્ક સંક્રાતિને દિવસે જે વાર હોય તે ધાન્યનો અધિપતિ, અષાઢ માસમાં રોહિણી નક્ષત્ર પર સૂર્ય આવે ત્યારે જે વાર હોય તે જળનો અધિપતિ અને કાર્તિક માસમાં મૂળ નક્ષત્ર પર સૂર્ય આવે તે દિવસે જે વાર હોય તે કોટવાલ કહેવાય છે. આ સર્વે વર્ષના રાજાદિક પ્રથમ ધાન્યની નિષ્પત્તિમાં કારણરૂપ છે.

વિજયા દશમીને દિવસે જે વાર હોય તે રાજા, મકર સંક્રાંતિને દિવસે જે વાર હોય તે મંત્રી, ચૈત્ર માસની પ્રતિપદાને દિવસે જે વાર હોય તે ધનનો અધિપતિ, તુલા સંક્રાતિને દિવસે જે વાર હોય તે સર્વ રસનો અધિપતિ, ધનુષ સંક્રાંતિને દિવસે જે વાર હોય તે ધાન્યનો અધિપતિ તથા કાર્તિક માસમાં મૂળ નક્ષત્રને દિવસે જે વાર હોય તે કોટવાલ છે. આ રાજાદિક સર્વે પશ્ચાત્ ધાન્યને આપનારા છે. આમાં મતાંતર આ પ્રમાણે છે—ધનુષ સંક્રાંતિને દિવસે જે વાર હોય તે મંત્રી, કુંભ સંક્રાંતિને દિવસે જે વાર હોય તે ધાન્યનો સ્વામી અને ફાલ્ગુન માસના છેલ્લા દિવસે જે વાર હોય તે નિશ્ચે વર્ષનો રાજા કહેવાય છે. એ જ જ્યોતિષનો વિચાર છે. કેવલ-

કીર્તિ નામના દિગંબરે કરેલી મેઘમાળામાં આ પ્રમાણે કહ્યું છે–"જેમ રાજાના આવવાથી ઘેરઘેર મહોત્સવ થાય છે, તેમ વર્ષના રાજાને જોઇ લોકોમાં દેદીપ્યમાન દીપોત્સવ થાય છે." શ્રી હીરવિજયસૂરિએ કરેલી મેઘમાળામાં આ પ્રમાણે કહ્યું છે–"કાર્તિક શુકલ દ્વિતીયાને દિવસે જે વાર હોય, તેને વર્ષનો સ્વામી જાણવો. તેનું ફળ આગળ કહેવાશે." આ વચન, વૃષ્ટિનો ગર્ભ જે વખતે રહે છે તે વખતની વૃષ્ટિના સ્વામીને કહેનારૂં છે.

અહીં આ પ્રમાણે વ્યવસ્થા કરવાની છે–ચાંદ્ર વર્ષના ચૈત્ર માસમાં શુકલ પ્રતિપદાને દિવસે પ્રથમ ક્ષણમાં જે વાર હોય તે વાર વર્ષનો રાજા થાય છે. તેથી કરીને જે દિવસે પ્રતિપદા તિથિ પ્રથમ કળાને ભોગવે છે તે વાર વર્ષનો સ્વામી છે; તથા ફાલ્ગુન માસની અમાવાસ્યાને દિવસે જે વાર હોય તે વર્ષનો સ્વામી છે, એમ પણ કોઇનો મત હોવાથી બન્ને મત માનેલા છે. આ મત પ્રાયઃ કરીને ગુજરાત દેશમાં મનાય છે. દક્ષિણ દેશના લોકો તો ઉદયકાલિક પ્રતિપદાના વારને જ રાજા માને છે. કહ્યું છે કે-"ચૈત્ર શુકલ પ્રતિપદાને દિવસે જે વાર હોય તે વાર તે વર્ષનો રાજા છે, મેષ સંક્રાંતિને દિવસે જે વાર હોય તે મંત્રી હોય છે, કર્ક સંક્રાંતિને દિવસે જે વાર હોય તેને પૂર્વના મુનિઓએ ધાન્યનો સ્વામી કહ્યો છે, જ્યારે આર્દ્રા નક્ષત્રમાં સૂર્ય પ્રવેશ કરે અને તે દિવસે જે વાર હોય તેને પૂર્વના વિદ્વાનોએ મેઘનો અધિપતિ કહ્યો છે, તુલા સંક્રાંતિને દિવસે જે વાર હોય તેને રસનો અધિપતિ કહ્યો છે તથા ધનુષ સંક્રાંતિને દિવસે જે વાર હોય તેને મુનિઓએ ધાન્યનો અધિપતિ કહ્યો છે. કોઇ એમ પણ કહે છે કે–ચૈત્ર શુકલ પ્રતિપદા વગેરે દિવસે જે જે રાજા વગેરે કહેલા છે, તે ચૈત્રા-

દિક વર્ષના મતમાં ફળીભૂત થાય છે. "વિજયા દશમીને દિવસે જે વાર હોય" ઈત્યાદિક જે કહ્યું છે તે સ્વતંત્રપણે અત્યંત ફળને આપનાર છે. કાર્તિકાદિક વર્ષના મતમાં મેઘના ગર્ભની ઉત્પત્તિને વિષે તે ફળદાયક થાય છે. ફાલ્ગુન માસની અમાવાસ્યાને દિવસે પ્રાયે કરીને ચૈત્ર શુકલ પ્રતિપદાનો સંયોગ જોવામાં આવે છે, તેથી અમાવાસ્યાને દિવસે જે વાર હોય તે વર્ષનો સ્વામી હોય છે; પરંતુ ઉત્તરાર્ધમાં તો વિજયાદશમીને દિવસે જે વાર હોય તે રાજા, તુલા સંક્રાંતિને દિવસે જે વાર હોય તે મંત્રી, વૃશ્ચિક સંક્રાંતિને દિવસે જે વાર હોય તે કોટવાલ, ધનુષ સંક્રાંતિને દિવસે જે વાર હોય તે રસનો અધિપતિ, મકર સંક્રાંતિને દિવસે જે વાર હોય તે ધાન્યનો અધિપતિ, જ્યેષ્ઠા નક્ષત્ર જે વારે હોય તે જળનો અધિપતિ તથા કાર્તિક માસમાં જે વારે મૂળ નક્ષત્ર હોય તે મેઘનો અધિપતિ હોય છે એ પ્રમાણે જે કહ્યું છે, તે મત સારો ભાસે છે. બીજાના મતનો અભિપ્રાય પ્રાયઃ કરીને જોશીઓને જાણવા લાયક છે. વાસ્તવિક રીતે તો વર્ષનો સ્વામી, મંત્રી અને ધાન્યનો સ્વામી એ ત્રણનો જ વિશેષ ઉપયોગ છે. તેમનું ફળ ગિરધરાનંદમાં આ પ્રમાણે કહ્યું છે—

વર્ષના રાજાદિકનું ફળ

જે વર્ષમાં રાજા, મંત્રી અને ધાન્યેશ એ ત્રણે એક જ હોય તે વર્ષમાં યુદ્ધ, દુકાળ અને પ્રજાને વિષે મરકી વગેરે ઉપદ્રવ થાય છે. બીજા ગ્રંથમાં પણ કહ્યું છે કે–"જે વર્ષમાં પોતે જ રાજા, પોતે જ મંત્રી અને પોતે જ ધાન્યેશ હોય, તે વર્ષમાં સમુદ્ર સિવાય બીજે કોઈ ઠેકાણે જળ દેખાતું નથી, અર્થાત્ વરસાદ બિલકુલ વરસે નહીં."

વર્ષના અધિપતિનું ફળ

જે વર્ષમાં સૂર્ય રાજા હોય તે વર્ષના ચોમાસામાં મેઘ અલ્પ વૃષ્ટિ કરે છે, ધાન્યની ઉત્પત્તિ અલ્પ થાય છે, વૃક્ષ પર અલ્પ ફળ થાય છે, મનુષ્યોમાં કાંઇક પીડા ઉત્પન્ન થાય છે, ચોર અને અગ્નિની શંકા રહે, તથા રાજાથી ભય પ્રાપ્ત થાય છે. જો વર્ષનો રાજા ચંદ્ર હોય તો ઉત્તમ ઉત્તમ માંગલિક કાર્ય થાય છે, વરસાદ ઘણો થાય, ધાન્ય ઘણું પાકે, મનુષ્યોની વ્યાધિ શાંત થાય, પ્રજાઓને સુખ પ્રાપ્ત થાય અને રાજાઓનો ઉદય થાય. જો વર્ષનો રાજા મંગળ હોય તો અગ્નિનો ભય થાય, લોકો ચોરના ભયથી આકુળ વ્યાકુળ થાય, રાજાઓ વચ્ચે યુદ્ધ થાય, પ્રજા દુઃખી થાય, લોકમાં વ્યાધિ અને વિયોગની પીડા થાય, તથા પૃથ્વી પર શીઘ્ર જળવૃષ્ટિ થાય. જો વર્ષનો રાજા બુધ હોય તો પૃથ્વીતળ જળમય થાય, ઘેર ઘેર વાજિંત્રના શબ્દ અને વિવાહનાં મંગળ થાય, સુખ–સુકાળ અને ધન ધાન્ય વડે પૃથ્વી પૂર્ણ થાય તથા રાજા અને ગાયો આનંદિત રહે. જો વર્ષનો રાજા બૃહસ્પતિ હોય તો સમગ્ર પૃથ્વી પર સારો વરસાદ થાય, ગાયો ઇચ્છાનુસાર દૂધ આપે, સર્વત્ર લોક દાન દેવામાં તત્પર થાય, કોઇનો પરાભવ થાય નહીં અને લોક સદા આનંદમાં રહે. જો વર્ષનો રાજા શુક્ર હોય તો ધાન્ય ઘણું પાકે, વૃક્ષો ફળોથી ભરપૂર થાય, ગાયો ઘણું દૂધ આપે, વરસાદ ઘણો થાય, મધુર કેરીનો પાક થાય, લોકો પ્રસન્ન રહે અને પૃથ્વી જળમય થાય. જો વર્ષનો રાજા શનિ હોય તો પૃથ્વી પર ખંડ ખંડ વૃષ્ટિ થાય, મનુષ્યો રોગથી પીડા પામે, મહા ઉગ્ર વાયુ

વાય, રાજાઓ પ્રજા પર અસહ્ય કર નાંખે, ચોરોનો ઉપદ્રવ થાય તથા લોક ક્ષુધાથી વ્યાકુળ થઈ ભ્રમણ કરતા ફરે.

વર્ષના મંત્રીનું ફળ

જો વર્ષનો મંત્રી સૂર્ય હોય તો પૃથ્વી પર રોગની પીડા થાય, સર્વ દેશોમાં તીડ ઉત્પન્ન થાય, રસ અને ધાન્ય મોંઘાં થાય, મનુષ્યોમાં કપટ વધે અને દેવોનો પ્રભાવ નાશ પામે. જો વર્ષનો મંત્રી ચંદ્ર હોય તો પૃથ્વી પર ધાન્ય ઘણું પાકે, વૃક્ષો ફળોથી ભરપૂર થાય, ગાયો રસવાળી થાય, સ્ત્રીઓ ઘણા પુત્રોને જન્મ આપે તથા મનુષ્યોની વાણી મધ જેવી મધુર લાગે. વર્ષનો મંત્રી મંગળ હોય તો પૃથ્વી પર ગુરૂ અને દેવની નિંદા થાય, અતિસાર રોગનો ઉપદ્રવ થાય, ધૂમ વડે પૃથ્વી વ્યાકુળ થાય, મનુષ્યોને નેત્ર રોગની પીડા થાય, તથા યુદ્ધનો સંભવ થાય. વર્ષનો મંત્રી બુધ હોય તો રાજાઓ પ્રસન્ન દૃષ્ટિવાળા થાય, ધાન્ય અને વરસાદ અધિક થાય, ઉત્તમ શાસ્ત્રની વૃદ્ધિ થાય, ધનિક લોકો સમૃદ્ધિવાળા થાય અને પતિ પર સ્ત્રીઓનો પ્રેમ વૃદ્ધિ પામે. વર્ષનો મંત્રી બૃહસ્પતિ હોય તો પ્રજાઓ સુખી થાય, ધન ધાન્યની વૃદ્ધિ થાય, મનુષ્યોમાં વિવાહાદિક માંગલિક ઉત્સવો થાય અને અનેક પ્રકારના રસોથી મેઘનો મહા ઉદય થાય, અર્થાત્ ઘણી સારી વૃષ્ટિ થાય. વર્ષનો મંત્રી શુક્ર થયો હોય તો ગાયો અધિક દૂધ આપે, પૃથ્વી પર ધાન્ય સોંઘું થાય, વૃક્ષો ફળો વડે પરિપૂર્ણ થાય, લોકોમાં રોગની વૃદ્ધિ થાય, વૈદ્યના પ્રયોગ ચાલે, તથા કોઇ કોઈ ઠેકાણે ઇતિનો ભય થાય. વર્ષનો મંત્રી શનિ હોય તો મનુષ્યોના વ્યવહારનો નાશ થાય, માંદગીની દ્ધિ થાય, રાજાઓ ક્રૂર થાય, ચોર અને અગ્નિથી દુઃખ

ઉત્પન્ન થાય, ગાયોનો વિનાશ થાય, ધાન્ય અત્યંત મોંઘું થાય અને રાજાઓ વચ્ચે યુદ્ધ થાય.

ધાન્યના અધિપતિનું ફળ

જે વર્ષમાં ધાન્યનો અધિપતિ રવિ હોય તે વર્ષમાં પૃથ્વીપર કોઈ કોઇ ઠેકાણે ધાન્ય પાકે, કોઈ કોઈ ઠેકાણે ધાન્યનો નાશ થાય, તથા વ્યાધિ, દુઃખ અને મહા યુદ્ધ થાય. સસ્યાધિપતિ ચંદ્રમા હોય તો ધાન્ય સસ્તું થાય, સર્વત્ર જળની વૃષ્ટિ થાય, અને સર્વ ધાન્ય ઉત્પન્ન થાય. ધાન્યાધિપતિ મંગળ હોય તો સર્વ જગતમાં ઇતિનો ઉપદ્રવ થાય, વ્યાધિ અને રોગની પીડા થાય, તથા ધાન્ય મોંઘાં થાય. ધાન્યનો સ્વામી બુધ હોય તો સર્વ પૃથ્વી જળમય થાય, ભયનો નાશ થાય, લોકો સુખી થાય, તથા ચણા વગેરે ધાન્યની નીપજ ઘણી થાય. ધાન્યેશ ગુરૂ હોય તો સર્વ લોકમાં આનંદ પ્રવર્તે, વૃષ્ટિ સારી થાય અને ઘણા ધાન્યો નીપજે. ધાન્યનો સ્વામી શુક્ર હોય તો સમગ્ર જગત રોગથી મુક્ત થાય, પૃથ્વી ભયથી મુક્ત થાય, અને સર્વ ધાન્યો પાકે. સસ્યાધિપતિ શનિ હોય તો પૃથ્વી અગ્નિ અને ચોરથી વ્યાકુળ થાય, મહા વ્યાધિથી પીડા પામે, મૃત્યુ અને રોગનો ભય થાય, તથા યુદ્ધ થાય.

ગિરધરાનંદને વિષે સસ્યાધિપ વગેરેનું ફળ આ પ્રમાણે કહ્યું છે—

વર્ષનો રાજા, મંત્રી કે ધાન્યેશ જો સૂર્ય હોય તો તે વર્ષે રાજાઓ ક્રૂર થાય, અલ્પ ધાન્ય પાકે અને અલ્પ વૃષ્ટિ થાય છે. વર્ષનો પતિ, મંત્રી કે ધાન્યનો પતિ જો ચંદ્ર હોય તો તે વર્ષે ધાન્ય, ધન અને વૃષ્ટિ વડે પૃથ્વી પરિપૂર્ણ થાય છે. વર્ષપતિ, મંત્રી કે ધાન્યપતિ જો મંગળ હોય તો અવૃષ્ટિ, અગ્નિ અને

ચોરનો અત્યંત ભય ઉત્પન્ન થાય છે. વર્ષાધિપ, મંત્રી કે ધાન્યાધિપ જો બુધ હોય તો તે પૃથ્વી પર કલિ, કષ્ટ, અવૃષ્ટિ અને અતિ પવન કરતો નથી. મંત્રી, ધાન્યેશ કે વર્ષેશ જો બૃહસ્પતિ હોય તો તે પૃથ્વીને ઘણા યજ્ઞો, ધન અને વૃષ્ટિ વડે પરિપૂર્ણ કરે છે. વર્ષેશ, ધાન્યેશ કે મંત્રી જો શુક્ર હોય તો પૃથ્વી ઘણાં ધાન્ય અને ફળાદિક વડે સંપૂર્ણ થાય છે. વર્ષપતિ, મંત્રી અને ધાન્યપતિ જો શનિ હોય તો તે વર્ષે ચોર, અગ્નિ, ધાન્ય અને રાજાનો ભય થાય છે. આ પ્રમાણે વર્ષપતિ, મંત્રી અને ધાન્યપતિનું બળ, અબળ અને તત્કાળ ગ્રહના ચારનો સમ્યક્ પ્રકારે વિચાર કરી સર્વનું ફળ કહેવું.

ઇતિ વર્ષપતિ, મંત્રી અને ધાન્યપતિનું ફળ

ગર્ગસંહિતામાં રાજાદિકનો વિચાર

ચૈત્ર માસની શુકલ પ્રતિપદાને દિવસે જે વાર હોય તે વર્ષનો રાજા કહેવાય છે. તે રાજાને આશ્રીને જ સર્વ શુભ કે અશુભ ફળ કહેલું છે. સૂર્યોદય વખતે બે મુહૂર્ત પણ પ્રતિપદા હોય અને તે દિવસે જે વાર હોય તે વર્ષનો રાજા કહેવાય છે. ચૈત્ર શુકલ પ્રતિપદા, મેષ સંક્રાંતિ, ધનુષ સંક્રાંતિ, આર્દ્રા નક્ષત્રનો સૂર્ય, તુલા સંક્રાંતિ અને કર્ક સંક્રાંતિ, આ દિવસોમાં જે જે વાર હોય તે અનુક્રમે રાજા, મંત્રી, ધાન્યેશ, મેઘેશ, રસેશ અને સસ્યેશ કહેવાય છે.

જગન્મોહન નામના ગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે—ચૈત્ર શુકલ પ્રતિપદા, મેષ સંક્રાંતિ, કર્ક સંક્રાંતિ, તુલા સંક્રાંતિ અને મકર સંક્રાંતિ એ દિવસોમાં જે જે વાર હોય તે અનુક્રમે રાજા, મંત્રી, સસ્યપતિ, રસાધિપ અને નીરસાધિપ કહેલા છે. સૂર્ય

આર્દ્રા નક્ષત્ર પર આવે ત્યારે જે વાર હોય તે જલાધિપતિ કહેવાય છે, ધનુષ સંક્રાંતિને દિવસે જે વાર હોય તે ધાન્યાધિપતિ કહેવાય છે.

ગુજરાતના વિદ્વાનોનો આ પ્રમાણે મત છે–"ફાલ્ગુન માસને છેડે અમાવાસ્યાને દિવસે જે વાર હોય તે વર્ષનો રાજા હોય છે એમ ગુજરાતના જોશીનો મત છે." કશ્યપ મુનિ કહે છે કે–"ચૈત્ર માસની શુકલ પ્રતિપદાને દિવસે કિંસ્તુઘ્ન કે બાલવ કરણમાં સૂર્યોદય વખતે જે વાર હોય તે વર્ષનો સ્વામી કહેલો છે." તેમનું રામવિનોદમાં ફળ આ પ્રમાણે કહ્યું છે–તેમાં પ્રથમ વર્ષના રાજાનું ફળ આ પ્રમાણે છે—

જે વર્ષમાં વર્ષપતિ સૂર્ય હોય તે વર્ષે વરસાદ થોડો થાય, ધાન્ય થોડું પાકે, વૃક્ષો પર થોડાં ફળ થાય, તથા ચોર, અગ્નિ અને રાજાનો ભય થાય. વર્ષપતિ ચંદ્રમા હોય તો ગાયો ઘણું દૂધ આપે, ધન, ધાન્ય અને વૃષ્ટિ સારી થાય, તથા મનુષ્યો દેવોની સ્પર્ધા કરનારા થાય. વર્ષપતિ મંગળ હોય તો અગ્નિ, ચોર અને રોગનો ઉપદ્રવ અધિક થાય, રાજાઓમાં વિગ્રહ થાય, પૃથ્વી પર ધાન્ય પાકે નહીં, વરસાદ થાય નહીં, અને લોકો અતિ દુઃખી થાય. વર્ષપતિ બુધ હોય તો ઘણો વાયુ વાય, ધન, ધાન્ય અને વૃષ્ટિ મધ્યમ હોય, તથા રાજાના ક્ષોભથી પ્રજાઓ ઘણા કલેશને ભોગવનારી થાય. વર્ષપતિ ગુરૂ હોય તો રાજાઓ સેંકડો યજ્ઞો કરે, સઘળી પૃથ્વી ધન, ધાન્ય અને વૃષ્ટિથી પૂર્ણ થાય, અને મનુષ્યો રોગ રહિત થઇ સુખી થાય. વર્ષપતિ શુક્ર હોય તો સમગ્ર પૃથ્વી જવ, ઘઉં, ચોખા, ફળ, પુષ્પ અને વૃષ્ટિ વગેરેથી પૂર્ણ થાય. વર્ષપતિ શનિ હોય તો વરસાદ મધ્યમ થાય, ઇતિનો ભય થાય, રોગની વૃદ્ધિ

થાય, રાજાઓના ઘોર સંગ્રામ થાય, અને સમગ્ર પૃથ્વી સૈન્ય વડે ક્ષોભ પામે.

મંત્રીનું ફળ વ-શિષ્ટ કહે છે

જે વર્ષમાં સૂર્ય મંત્રી હોય તે વર્ષમાં નિરંતર વિચિત્ર વરસાદ વરસે, સર્વ પ્રકારનાં ધાન્યો પાકે, રાજાઓ અધિક કોપવાળા થાય, અને બાગ–બગિચા તથા જંગલનો વિનાશ થાય. ચંદ્રમા મંત્રી હોય તો અનેક પ્રકારનાં ધાન્ય પાકે, વરસાદ સારો થાય, બ્રાહ્મણ, સજ્જન, પશુ, ફળ, પુષ્પ અને પ્રાણીઓની વૃદ્ધિ થાય. મંગળ મંત્રી હોય તો અગ્નિનો આઘાત થાય, વાયુ અધિક વાય, રોગનો ભય, ઇતિનો ઉપદ્રવ અને ઉત્પન્ન થતા ધાન્ય સૂકાઈ જાય. બુધ મંત્રી હોય તો નિરંતર ઘણો વાયુ વાય, પૃથ્વી મધ્યમ ફળદાયક થાય, તથા લોકો દેવ જેવી શોભા પામે. બૃહસ્પતિ મંત્રી હોય તો ધનની અધિક પ્રાપ્તિ થાય, ધાન્ય સંપૂર્ણ પાકે, સમગ્ર પૃથ્વી જળથી પૂર્ણ થાય તથા રાજ્યોમાં મોટા મોટા ઉત્સવો થાય. શુક્ર મંત્રી હોય તો સમગ્ર પૃથ્વી પર થતા યજ્ઞોમાં બ્રાહ્મણોની વાણી દેવોના હૃદયને આનંદ પમાડે છે. શનિ મંત્રી હોય તો સમસ્ત પૃથ્વી મંદ ફળ આપનારી થાય છે, મેઘ વૃષ્ટિને કરે કે ન પણ કરે, અને સર્વ જગત કાંતિ રહિત થાય છે.

ધાન્યના સ્વામી-નું ફલ

જે વર્ષે ધાન્યાધિપતિ સૂર્ય હોય તે વર્ષે વૈર, અનાવૃષ્ટિ અને ભય થાય છે, લોકો અધર્મમાં તત્પર થાય છે અને રાજાઓ ક્રૂર આજ્ઞા કરનારા થાય છે. ધાન્યાધિપતિ ચંદ્ર હોય તો સર્વ પ્રકારનું ધાન્ય સુલભ થાય છે, બ્રાહ્મણ

અને ગાયોના કુળની વૃદ્ધિ થાય છે, તથા રાજાઓ આનંદ પામે છે. ધાન્યેશ્વર મંગળ હોય ત્યારે ધાન્ય મોંઘું થાય, ચોરનો ભય થાય, વૈરી અને અગ્નિનું જોર ઘણું વધે, તથા પ્રજાની હાનિ થાય. ધાન્યનો પતિ બુધ હોય ત્યારે રાજાઓમાં પરસ્પર પ્રીતિ થાય, કોઈ કોઈ ઠેકાણે વૃષ્ટિ થાય છે, અને કોઇ કોઇ ઠેકાણે ધાન્ય પાકે છે. ધાન્યનો સ્વામી બૃહસ્પતિ હોય ત્યારે શાસ્ત્રના આમ્નાયની પ્રવૃત્તિ થાય છે, ઘણી વૃષ્ટિ થાય છે અને ઘણું ધાન્ય સુલભ થાય છે. ધાન્યનો અધિપતિ શુક્ર હોય ત્યારે લોકો પરસ્પર હર્ષયુક્ત થાય છે, પશુ અને ધાન્યની વૃદ્ધિ થાય છે તથા ધર્મ અને ઉત્સવો વૃદ્ધિ પામે છે. ધાન્યનો સ્વામી શનિ હોય ત્યારે ધાન્ય મોંઘું થાય છે, રાજાઓ પરસ્પર વિરોધી થાય છે, ચોરનો ભય થાય છે, અને વરસાદ વરસતો નથી.

મેઘના અધિપતિનું ફળ

જે વર્ષે મેઘનો સ્વામી સૂર્ય હોય તે વર્ષે મેઘો અલ્પ વૃષ્ટિને કરે છે, રાજાનો ક્ષોભ થાય છે, ચોરનો ભય થાય છે, અને ઘણી મોંઘવારી થાય છે. મેઘનો અધિપતિ ચંદ્ર હોય ત્યારે ધાન્ય, બ્રાહ્મણ અને સુખ અત્યંત વૃદ્ધિ પામે છે, પૃથ્વી જળથી સંપૂર્ણ થાય છે અને વિદ્વાન જનો વૃદ્ધિ પામે છે. મેઘનો સ્વામી મંગળ હોય ત્યારે અગ્નિનો ભય, ચોરનો ભય અને સર્પનો ભય વધે છે. દુકાળ અને અનાવૃષ્ટિથી થયેલા ઉપદ્રવો વડે આખું જગત પીડા પામે છે. મેઘનો સ્વામી બુધ હોય ત્યારે ઘણી વૃષ્ટિ થાય, લોકો આનંદ પામે, લિપિ, લેખ, કાવ્ય, ગણિત વગેરેથી આજીવિકા કરનારા લોકો સુખી થાય, અને ધાન્યની સંપત્તિ ઘણી થાય. મેઘનો પતિ બૃહસ્પતિ હોય

ત્યારે સારી વૃષ્ટિ થાય છે, યજ્ઞના કાર્યમાં ક્ષેમ કુશળ થાય છે, લોકો સંપત્તિ પામે છે, રાજ્ય વૃદ્ધિ પામે છે અને ધર્મ-કાર્યની સિદ્ધિ થાય છે. મેઘનો અધિપતિ શુક્ર હોય ત્યારે કામી જનો સુખી થાય છે, ગાયો બહુ દૂધવાળી થાય છે અને પૃથ્વી ધાન્યથી સંપૂર્ણ થાય છે. મેઘનો નાથ શનિ હોય ત્યારે અધિક વાયુ વાય છે, ક્વચિત્ વરસાદ થાય છે, કત્રચિત્ કુશળ થાય છે અને ધાન્યનો વિનાશ થાય છે.

રસના સ્વામીનું ફળ

જે વર્ષમાં રસનો અધિપતિ સૂર્ય હોય તે વર્ષે ચંદન, કુંકુમ, ગુગળ, તલ, તેલ અને એરંડાના તેલની વૃદ્ધિ થાય છે અને સર્વ રસો નિરંતર વૃદ્ધિ પામે છે. રસનો સ્વામી ચંદ્ર હોય ત્યારે ઈક્ષુરસ અને દૂધના સર્વ પ્રકારના વિકારો, સર્વ પ્રકારનાં તેલ અને સુગંધી વસ્તુ એ સર્વ પદાર્થો અત્યંત સસ્તા થાય છે. રસનો અધિપતિ મંગળ હોય ત્યારે સર્વ પ્રકારના રસનો સમૂહ, ચંદન, પુષ્પ અને મધુર વસ્તુ એ સર્વ દુર્લભ થાય છે—એટલે મોંઘા થાય છે. રસનો અધિપતિ બુધ હોય ત્યારે વિષ, અગ્નિ, સુંઠ, હીંગ, લસણ, ઘી અને તેલ વગેરે સર્વ વસ્તુ તથા ઈક્ષુથી ઉત્પન્ન થતી સર્વ વસ્તુ દુર્લભ (મોંઘી) થાય છે. રસનો નાથ બૃહ-સ્પતિ હોય ત્યારે ચંદન, કપૂર, કંદ, મૂળ અને સર્વ રસો સુલભ હોય છે, તથા કંકુ વગેરે વસ્તુનો નાશ થાય છે. રસનો અધિપતિ શુક્ર હોય ત્યારે સુગંધી વસ્તુ, ગંધ રહિત વસ્તુ, દૂધ વગેરે સર્વ રસો, કંદ, મૂળ, ફળ અને પુષ્પ એ સર્વ વસ્તુ ઘણી ઉત્પન્ન થાય છે. રસનો ઈશ્વર શનિ હોય ત્યારે

પૃથ્વી પર રસાયન, સુગંધિ વસ્તુ, ઘી, ઈક્ષુ, કંદ અને મૂળ વગેરે દુર્લભ થાય છે, અને બીજી વસ્તુ સુલભ થાય છે.

સસ્યના અધિપતિનું ફળ

સસ્ય એટલે પ્રથમ ઉત્પન્ન થનારૂં ધાન્ય. તેનો અધિપતિ જો સૂર્ય હોય તો સર્વ ધાન્યો અલ્પ થાય, ઇતિનો ભય ઘણો થાય અને કળથી, ચણા, વગેરે સંપૂર્ણ થાય. સસ્યનો સ્વામી ચંદ્ર હોય ત્યારે પૃથ્વી મનોહર માણસોને આશ્રય કરવા લાયક થાય છે. પૃથ્વી પર ફળ, પુષ્પ, સસ્ય અને જળ ઘણું હોય છે અને રાજા તથા પ્રજાને સુખ થાય છે. સસ્યનો સ્વામી મંગળ હોય ત્યારે પૃથ્વી પર ગરમીના ભયથી ધાન્યના સમૂહનો નાશ થાય, કોઈ ઠેકાણે સમગ્ર ધાન્યનો ભય થાય અને કોઈ ઠેકાણે સસ્યનો ભય થાય. સસ્યનો પતિ બુધ હોય ત્યારે ક્વચિત્ મધ્યમ વરસાદથી ઉત્પન્ન થયેલું સર્વ ધાન્ય વાયુથી નષ્ટ થાય છે, અને બીજું ધાન્ય ઘણું ઉત્પન્ન થાય છે. સસ્યનો પતિ બૃહસ્પતિ હોય ત્યારે ઘણા પ્રકારનું ધાન્ય પાકે, વૃષ્ટિ ઘણી થાય, ટંકણ તથા મગધ દેશમાં ધાન્યનો પાક તથા વૃષ્ટિ મધ્યમ થાય. સસ્યનો પતિ શુક્ર હોય ત્યારે ઘણા પ્રકારનાં ફળ, પુષ્પ અને ધાન્યથી સંપૂર્ણ શોભાયમાન પૃથ્વીતળ હોય, તથા લોકોને દેવો અત્યંત વિડંબના પમાડે છે. સસ્યનો અધિપતિ શનિ હોય ત્યારે પૃથ્વી પર મધ્યમ ધાન્ય થાય, રાજભય ન હોય, કોદરાં, કળથી, ચણા, અડદ અને મગ એ સર્વ ધાન્ય અધિક પાકે.

નીરસના સ્વામીનું ફળ

જે વર્ષમાં નીરસનો સ્વામી સૂર્ય હોય તે વર્ષે તાંબું, ચંદન, રત્ન, માણિક્ય, મોતી વગેરે વસ્તુ મોંઘી થાય. નીરસનો અધિ-

પતિ ચંદ્ર હોય ત્યારે શ્વેત રંગવાળી વસ્તુ, મોતી, રૂપું અને વસ્ત્ર વગેરે મોંઘાં થાય છે. નીરસનો પતિ મંગળ હોય ત્યારે પરવાળાં, રાતાં વસ્ત્ર, રક્ત ચંદન અને તાંબું વગેરે વસ્તુ દિવસે દિવસે મોંઘી થાય છે. જ્યારે નીરસનો સ્વામી બુધ હોય ત્યારે ચિત્ર વિચિત્ર વસ્ત્ર તથા શંખ અને ચંદન વગેરે વસ્તુ મોંઘી થાય. નીરસનો અધિપતિ બૃહસ્પતિ હોય ત્યારે હળદર વગેરે પીળી વસ્તુ અને પીળાં વસ્ત્ર વગેરે વસ્તુની ઉત્તમ પ્રીતિ થાય (મોંઘી થાય.). શુક્રનું પણ એ જ ફળ જાણવું. નીરસનો સ્વામી શનિ હોય ત્યારે કપૂર, અગરૂ, ગંધ વસ્તુ, સુવર્ણ, મોતી અને વસ્ત્ર એ સર્વ વસ્તુ મોંઘી થાય છે.

અહીં મેઘાદિકનો પ્રસંગ હોવાથી આર્દ્રા નક્ષત્રની તિથિ આર્દ્રા નક્ષત્રનું વગેરેનું ફળ જગન્મોહન નામના ગ્રંથમાં

ફળ કહ્યું છે, તે કહે છે:—

જો પ્રતિપદાને દિવસે આર્દ્રા નક્ષત્ર પર સૂર્ય આવે તો તે શુભદાયક છે, બીજને દિવસે આર્દ્રા નક્ષત્રમાં સૂર્ય પ્રવેશ કરે તો સસ્યની વૃદ્ધિ થાય છે, ત્રીજને દિવસે પ્રવેશ કરે તો ઇતિનો ભય થાય છે, ચોથને દિવસે પ્રવેશ કરે તો તે અશુભ કહેલો છે, પાંચમને દિવસે પ્રવેશ કરે તો તે અતિ ઉત્તમ છે, છઠ્ઠને દિવસે પ્રવેશ કરે તો ધનની સમૃદ્ધિ થાય, સાતમને દિવસે પ્રવેશ કરે તો ઉત્તમ કલ્યાણ થાય, આઠમને દિવસે પ્રવેશ કરે તો અલ્પ વૃદ્ધિ થાય, નોમને દિવસે પ્રવેશ કરે તો ઇતિની પીડા થાય, દશમને દિવસે પ્રવેશ કરે તો શુભદાયક છે, અગ્યારશને દિવસે પ્રવેશ કરે તો સુકાળ થાય, બારશને દિવસે પ્રવેશ કરે તો ધાન્યની સંપત્તિ થાય, તેરશને દિવસે પ્રવેશ કરે તો જળ ઘણું થાય, ચૌદશને દિવસે પ્રવેશ

રે તો ધનનો વિનાશ થાય, પૂર્ણિમાને દિવસે પ્રવેશ કરે તો ણું ફળ પ્રાપ્ત થાય, અને અમાવાસ્યાને દિવસે જો આર્દ્રા ક્ષત્ર પર સૂર્ય પ્રવેશ કરે તો સ્વપક્ષ અને પરપક્ષના ાજ્યનો વિનાશ થાય. રાજાઓને પોતાનો દેશ સ્વપક્ષ કહે-ાય છે, અને શત્રુઓ પરપક્ષ કહેવાય છે.

આર્દ્રા નક્ષત્રનું ાર આશ્રી ફળ

આર્દ્રા નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ રવિવારે હોય તો પશુનો નાશ થાય, સોમવારે પ્રવેશ હોય તો સુકાળ થાય, મંગળવારે પ્રવેશ હોય તો મરણ થાય, બુધવારે પ્રવેશ હોય તો ક્ષેમ અને સુકાળ થાય, ગુરૂવારે પ્રવેશ હોય તો ાર્થની સિદ્ધિ થાય, શુક્રવારે પ્રવેશ હોય તો પ્રજામાં શાંતિ ાય અને શનિવારે આર્દ્રા નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ હોય તો ંદ ફળ થાય છે.

ાક્ષત્રના યોગનું ફળ

આર્દ્રા નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ અશ્વિની નક્ષત્રને દિવસે હોય તો તે શુભ છે. ભરણી નક્ષત્રને દિવસે પ્રવેશ હોય તો તે અશુભકારક છે. કૃત્તિકા નક્ષત્રને દિવસે પ્રવેશ હોય તો વૃષ્ટિ થાય નહીં. રોહિણી અને મૃગશીર્ષ નક્ષત્રને દિવસે ્વેશ હોય તો સુકાળ થાય છે. આર્દ્રા નક્ષત્રને દિવસે પ્રવેશ ાય તો તે ભયકારક છે. પુનર્વસુને દિવસે પ્રવેશ હોય તો વૃદ્ધિકારક છે. પુષ્યને દિવસે પ્રવેશ હોય તો લોક જળમાં ણાઇ જાય, એટલે ઘણો વરસાદ થાય. અશ્લેષા નક્ષત્રને ્વસે પ્રવેશ હોય તો ભયંકર દુઃખ અને સર્વ સુખનો

વિનાશ થાય છે. મઘા નક્ષત્રને દિવસે પ્રવેશ હોય તો અલ્પ વૃષ્ટિ થાય. પૂર્વાફાલ્ગુની નક્ષત્રને દિવસે પ્રવેશ હોય તો તે કીર્તિ કરનાર છે. ત્રણે ઉત્તરાને દિવસે પ્રવેશ હોય તો વૃદ્ધિ અને સર્વ સુખની પ્રાપ્તિ થાય છે. ચિત્રા નક્ષત્રને દિવસે પ્રવેશ હોય તો વિવિધ ધાન્યો પાકે અને સદા શુભ ફળ થાય. સ્વાતિ નક્ષત્રને દિવસે પ્રવેશ હોય તો ધાન્યની વૃદ્ધિ થાય. વિશાખા નક્ષત્રને દિવસે પ્રવેશ હોય તો રોગનો નાશ થાય. અનુરાધા નક્ષત્રને દિવસે પ્રવેશ હોય તો સર્વ રાજા અને પ્રજાઓ સુખી થાય. જ્યેષ્ઠા નક્ષત્રને દિવસે પ્રવેશ હોય તો સર્વ પ્રકારના ભય થાય. મૂલ નક્ષત્રને દિવસે પ્રવેશ હોય તો સર્વ પ્રકારનો ભય ઉત્પન્ન થાય. પૂર્વાષાઢા નક્ષત્રને દિવસે પ્રવેશ હોય તો ઘણું યુદ્ધ થાય. શ્રવણ નક્ષત્રને દિવસે પ્રવેશ હોય તો તે શુભ છે. ધનિષ્ઠા નક્ષત્રને દિવસે પ્રવેશ હોય તો પૃથ્વી સંપૂર્ણ ફળદાયક થાય. શતભિષા નક્ષત્રને દિવસે પ્રવેશ હોય તો પૃથ્વી જળમય થાય. પૂર્વાભાદ્રપદાને દિવસે પ્રવેશ હોય તો તે શુભકારક છે તથા સૂર્ય આર્દ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે તે દિવસે જો રેવતી નક્ષત્ર હોય તો રાજાનો વિનાશ થાય.

યોગને આશ્રી આર્દ્રા નક્ષત્રનું ફળ

વિષ્કંભ વગેરે પાંચ યોગને દિવસે આર્દ્રા નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ હોય તો તે શુભકારક છે. સુકર્મા, ધ્રુવ, વૃદ્ધિ, હર્ષણ, સિદ્ધિ, સાધક, શિવ, સિદ્ધ, શુભ, શુકલ અને ઐંદ્ર, આટલા યોગને દિવસે જો આર્દ્રા નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ હોય તો તે શુભકારક છે, બાકીના યોગને દિવસે આર્દ્રામાં સૂર્યનો પ્રવેશ હોય તો તે યોગના નામની સદૃશ મધ્યમ ફળને આપનાર છે.

વેળાલગ્નને આશ્રી આર્દ્રા નક્ષત્રનું ફળ

દિવસના પૂર્વ ભાગમાં જો આર્દ્રા નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ થાય તો જગતના પ્રાણીઓ દુઃખ પામે, મધ્યાહ્નને પ્રવેશ થાય તો અલ્પ ફળવાળી પૃથ્વી થાય, સૂર્યાસ્ત સમયે પ્રવેશ થાય તો ધાન્યની સંપત્તિ ઘણી થાય, અર્ધ રાત્રિએ પ્રવેશ થાય તો ક્ષેમ અને સુકાળ થાય. જ્યારે આર્દ્રા નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ થાય તે સમયે ચંદ્રમા ત્રિકોણ કે કેન્દ્રમાં હોય તથા જળચર રાશિમાં હોય કે શુભગ્રહની દૃષ્ટિ પડતી હોય તો આખી પૃથ્વી ધાન્યથી પૂર્ણ થાય. દિવસે આર્દ્રાનો પ્રવેશ હોય તો ધાન્યનો વિનાશ થાય, રાત્રિએ આર્દ્રાનો પ્રવેશ હોત તો સસ્યનીવૃદ્ધિ થાય, સૂર્યાસ્ત સમયે કે અર્ધ રાત્રિએ આર્દ્રાનો પ્રવેશ હોય તો અન્ન સોંઘું થાય અને વરસાદ ઘણો થાય.

હવે વર્ષના રાજા અને મંત્રીનો પ્રસંગ હોવાથી વર્ષના જન્મલગ્નનો વિચાર કરાય છે—

લોકોના હિતને માટે ચૈત્ર માસ પ્રાપ્ત થાય ત્યારે મેષ સંક્રાંતિને સમયે શુભાશુભ લગ્ન જોવું જોઇએ. તે આ પ્રમાણે–જો લગ્ન ઉપર શુભ ગ્રહની દૃષ્ટિ પડતી હોય તો તે શુભ છે અને તે વર્ષ ધન, ધાન્યાદિક વડે સંપૂર્ણ થઇ શુભને પ્રાપ્ત કરનારૂં થાય છે. આ લગ્નમાં જે બાર માસ છે તે બાર ભાવ (ભુવન) જાણવા. જે માસમાં સૌમ્ય અને ક્રૂર ગ્રહો હોય તે માસમાં તે દિશામાં શુભાશુભ ફળ જાણવું. મેષ પ્રવેશ લગ્નમાં અને વર્ષ લગ્નમાં જો સાતમા સ્થાનને વિષે પાપ ગ્રહ હોય તો ધાન્યના સમૂહનો નાશ થાય છે. મેષ સંક્રાંતિના પ્રવેશ સમયે ધન સ્થાનને વિષે, વ્યય સ્થાનને વિષે કે કેંદ્રને વિષે

શુભ ગ્રહ હોય તથા પોતાના નક્ષત્રને વિષે શુભ ગ્રહની કે મિત્ર ગ્રહની દૃષ્ટિ પડતી હોય તો સુકાળ થાય છે, અન્યથા દુકાળ પડે છે.

મતાંતર—જ્યોતિષ શાસ્ત્રના વિદ્વાનોએ ચૈત્ર શુક્લ પ્રતિપદાને દિવસે પ્રારંભમાં વર્ષના લગ્નનો શુભાશુભ વિચાર કરવો. તે આ પ્રમાણે-મેષ લગ્નમાં વર્ષનો પ્રવેશ હોય તો પૂર્વ દિશામાં દુકાળ પડે, અને રાજાઓનો વિગ્રહ થાય. દક્ષિણ દિશામાં સુકાળ થાય, તથા પૃથ્વી ઘણા ધાન્ય અને રસકસથી યુક્ત થાય છે, ધાન્ય વેચવામાં લાભ થાય છે, વરસાદ પરિપૂર્ણ વરસે, તથા ઘી તેલ વગેરે વસ્તુ અને કરીયાણાં મોંઘાં થાય, ઉત્તર દિશામાં સુકાળ થાય, રાજાઓ ઉદ્વેગ પામે, મધ્ય દેશમાં મોટી વૃષ્ટિ થાય અને ધાન્યના સમૂહની પ્રાપ્તિ થાય. વૃષ લગ્નમાં વર્ષનો પ્રવેશ હોય તો પશ્ચિમમાં દુકાળ પડે, પૂર્વમાં રાજાઓનો વિગ્રહ થાય, ઉત્તરમાં ધાન્યની અર્ધ પ્રાપ્તિ થાય, અને દક્ષિણમાં વિશેષ દુકાળ પડે. મિથુન લગ્નમાં વર્ષનો પ્રવેશ હોય તો યુદ્ધ થાય, પૂર્વમાં ધાન્યનો વિક્રય કરવો, ઉત્તર અને દક્ષિણમાં ઘણો વરસાદ થાય, તે વખતે ધાન્યનો સંગ્રહ કરવો ઉચિત છે. પશ્ચિમ દિશામાં થોડો વરસાદ થાય, છત્રભંગ અને વિગ્રહ થાય, મધ્ય દેશમાં ધાન્યની અર્ધ પ્રાપ્તિ થાય અને પશુઓમાં રોગની વૃદ્ધિ થાય. કર્ક લગ્નમાં વર્ષનો પ્રવેશ હોય તો પૂર્વ દિશામાં સુખની પ્રાપ્તિ થાય, ઉત્તર દિશામાં વિગ્રહ થાય, પશ્ચિમ દિશામાં નવ માસ દુકાળ રહે, આઠ માસ પર્યંત ધાન્ય અને પશુઓનો વિક્રય કરવો. દક્ષિણ દિશામાં અને મધ્ય દેશમાં સુખ થાય અને પશુઓમાં પીડા થાય. સિંહલગ્નમાં વર્ષનો પ્રવેશ હોય તો દક્ષિણ દિશામાં

દાઢવાળા પ્રાણીઓનો ભય થાય, છ માસ સુધી ધાન્ય સસ્તું રહે અને વરસાદ ઘણો થાય. પશ્ચિમ દિશામાં ધાતુ, વસ્તુ અને ફળાદિક મોંઘાં થાય. ઉત્તરમાં ઘણી વૃષ્ટિ થાય અને રાજા તથા પ્રજા સુખી થાય. પૂર્વ દિશામાં ધાન્યની અર્ઘ પ્રાપ્તિ થાય, પાંચ માસ પછી શુભ થાય, મધ્ય દેશમાં પાંચ માસ સુધી યુદ્ધ થાય અને દેશ ઉજ્જડ થાય. કન્યા લગ્નમાં વર્ષનો પ્રવેશ હોય તો પૂર્વ દિશામાં મનુષ્યો સુખી થાય, ઘી મોંઘું થાય તથા ત્રણ માસ સુધી મજીઠ વગેરે સોંઘું રહે. દક્ષિણ દિશામાં મરકીનો રોગ અને અગ્નિનો ઉપદ્રવ થાય તથા લોકો દુ:ખી થાય. પશ્ચિમ દિશામાં વિગ્રહ અને અન્નની મોંઘવારી રહે, પૂર્વ દિશામાં પશુઓને સુખ થાય, ઉત્તર દિશામાં રાજાઓનો વિગ્રહ થાય, મધ્ય દેશમાં પ્રજાનો ભંગ થાય અને ઘી સોંઘું થાય. તુલા લગ્નમાં વર્ષનો પ્રવેશ હોય તો મધ્ય દેશમાં છત્રભંગ થાય, વિગ્રહ થાય, પૂર્વ દેશમાં ધાન્યનો વિક્રય કરવો, છત્રભંગનો ઉપદ્રવ થાય, દુકાળ થાય, ઘણો વાયુ વાય, થોડો વરસાદ થાય, પશ્ચિમ દિશામાં મોટું યુદ્ધ થાય, સર્પાદિક દાઢવાળા જંતુઓનો ભય થાય, અન્નને ભાવ તેજ થાય, દક્ષિણ દિશાના લોક સુખી થાય, ઉત્તર દિશામાં દુકાળ થાય, તથા પશ્ચિમ દિશામાં બે માસ સુધી કાંઇક ઉત્પાતનો સંભવ રહે. વૃશ્ચિક લગ્નમાં વર્ષનો પ્રવેશ હોય તો પશ્ચિમ દેશમાં નવ માસ સુધી દુકાળ રહે, ઉત્તર દિશામાં અન્નની અર્ઘ પ્રાપ્તિ થાય, ધાતુઓ સોંઘી થાય, પૂર્વ દેશના રાજાઓમાં વિગ્રહ થાય, ત્રણ માસ સુધી મનુષ્યોને દુ:ખ થાય, પછીથી સુખ થાય, તથા મધ્ય દેશમાં ધાન્યનો નાશ થાય, દક્ષિણમાં આવતા વર્ષમાં દેશભંગ થાય, પાંચ માસ પછી ધાતુનો વિક્રય

કરવો. ધનુષ લગ્નમાં વર્ષનો પ્રવેશ હોય તો ઉત્તર અને પૂર્વ દેશના મનુષ્યો સુખી થાય, ઘણો વરસાદ અને સુકાળ થાય, મધ્ય દેશમાં રોગનો ઉપદ્રવ થાય, પશ્ચિમ દેશમાં પાંચ માસ પછી ઘી અને ધાન્ય સસ્તાં થાય, દક્ષિણ દેશમાં લોકો સુખી થાય, પશુઓને કાંઇક પીડા થાય. મકર લગ્નમાં વર્ષનો પ્રવેશ હોય તો ઉત્તર દેશમાં મોટો ઉત્પાત થાય, રાજાનો ક્ષય થાય, પશ્ચિમ દેશમાં એક વર્ષ સારૂં ધાન્ય ઉત્પન્ન થાય અને ઘણું સુખ પ્રાપ્ત થાય. મધ્ય દેશમાં ધાન્યની અર્ધ પ્રાપ્તિ થવાથી ધાન્ય કાંઈક મોંઘું રહે છે, અકાળે મેઘની વૃષ્ટિ થાય, ધાન્ય વેચવાથી લાભ થાય. કુંભ લગ્નમાં વર્ષનો પ્રવેશ હોય તો પૂર્વ દેશમાં સુખ થાય, ઉત્તર દિશામાં દુકાળનો સંભવ થાય, પશ્ચિમ દિશામાં હાહાકાર અને ધાન્ય મોંઘું થાય, દક્ષિણ દિશામાં વિગ્રહ થાય અને મધ્ય દેશમાં ઘણું સુખ પ્રાપ્ત થાય. મીન લગ્નમાં વર્ષનો પ્રવેશ હોય તો દક્ષિણમાં લોકો સુખી થાય, ધાન્યનો સંગ્રહ કરવો ઉચિત છે, મધ્ય દેશમાં ધાન્યનો નાશ થાય, કવચિત્ છત્રભંગ થાય. આ રીતે વર્ષના જન્મને વિષે બારે લગ્ન જાણવાં.

ઇતિ વર્ષજન્મ લગ્નફળ

અભ્રદ્વાર

પ્રથમ જે વાયુનું દ્વાર કહ્યું છે તેનો યોગ્ય સ્થાને વિચાર કરવો. તેમાં જેટલો વાયુ વાય તેટલો વરસાદ વરસે અને તેથી લોકો સુખી થાય.

ચૈત્ર માસનું ફળ

ચૈત્ર માસની કૃષ્ણ દ્વિતીયાને દિવસે જો આકાશ વાદળાં રહિત હોય તો ભાદ્રપદ માસમાં મેઘનો મોટો ઉદય થાય એમ જાણવું. ચૈત્ર વદ ત્રીજને દિવસે પ્રબળ વાદળાં થાય

અને વરસાદ વરસે તો કાર્તિક માસમાં વરસાદ થાય. ચૈત્ર વદ ચોથને દિવસે વરસાદ થાય તો દુકાળ થાય છે. ચૈત્ર વદ પાંચમને દિવસે વાદળાનું દુર્દિન દેખવામાં ન આવે તો તે શુભ છે. વળી બીજાના મતમાં આ પ્રમાણે કહ્યું છે કે-"ચૈત્ર વદ બીજથી પાંચ દિવસ સુધીમાં જળની વૃષ્ટિ થાય તો આગળ પર જળનો નિરોધ થાય છે એમ પૂર્વના આચાર્યોએ કહ્યું છે." શ્રી હીરવિજયસૂરિએ કહ્યું છે કે-"ચૈત્ર વદ બીજ, ત્રીજ, ચોથ અને પાંચમને દિવસે જો વરસાદ વરસે અને પૂર્વ દિશાનો વાયુ વાય તો મેઘનો ઉદય વિલંબે થાય." લોકમાં પણ કહ્યું છે કે-"ચૈત્ર વદ છઠ્ઠને દિવસે વાદળાં કે વાયુ ન હોય તો સમગ્ર ધાન્ય ઉત્પન્ન થાય છે તેમાં કાંઇ પણ સંશય નથી." વળી ચૈત્ર વદ પાંચમ પછી નવ દિવસ સુધી નિર્મળતા હોય (તો તે શુભ છે) એમ પહેલાં કહી ગયા છે. ચૈત્ર વદ પાંચમને દિવસે હસ્ત નક્ષત્ર આવતું હોય અને વીજળી ગર્જના તથા વાદળાં ન હોય તો તે વર્ષ શુભ થાય છે. ચૈત્ર વદ તેરશ, નોમ અને પાંચમને દિવસે વીજળી, ગર્જના કે વાદળાં હોય તો વૃષ્ટિની હાનિ થાય છે. ચૈત્ર વદ સાતમને દિવસે જો આકાશ વાદળાં વડે વ્યાપ્ત હોય તો રાતી વસ્તુ મોંઘી થાય છે. તેમાં કાંઈ પણ સંશય નથી. કહ્યું છે કે-"ચૈત્ર વદ પાંચમ, નોમ અને તેરશને દિવસે જો ગર્જના થાય તો ચાર માસ સુધી વરસાદ વરસે નહીં એમાં કાંઈ સંદેહ નથી. ચૈત્ર શુદ પડવો, બીજ, ત્રીજ અને ચોથ એ દિવસોમાં જો વૃષ્ટિ થાય તો ચોમાસાના ચાર માસ વરસાદ વરસે. બીજાના મતમાં કહ્યું છે કે-"ચૈત્ર માસની પહેલી (સુદ) પ્રતિપદાને દિવસે મેઘની ગર્જના કે વૃષ્ટિ થાય તો શ્રાવણ

અને ભાદ્રપદ માસમાં વૃષ્ટિ થાય નહીં." લોકમાં પણ કહ્યું છે કે–"ચૈત્ર શુક્લ પ્રતિપદાને દિવસે મેઘની ગર્જના, વીજળી કે વાદળાં ન થાય અને પૂર્ણિમાને દિવસે ચિત્રા નક્ષત્ર હોય તો દામથી બમણા દ્રોણ ધાન્ય મળે અર્થાત્ ઘણું સસ્તું મળે." ચૈત્ર શુદ પાંચમ, સાતમ અને તેરશને દિવસે વાદળાં હોય તો તે શ્રેષ્ઠ છે, પરંતુ વરસાદ થાય તો તે દુઃખદાયક છે. જો ચૈત્ર માસના શુક્લ પક્ષમાં આર્દ્રા નક્ષત્રથી સ્વાતિ નક્ષત્ર સુધીમાં વાદળાં થાય, પણ જળ પ્રવાહરૂપ વૃષ્ટિ ન થાય તો વર્ષ સારૂં થાય છે. ચૈત્ર સુદ અગ્યારશને દિવસે રવિવાર હોય અને તે દિવસે દુર્દિન રહે તો જુવારનો સંગ્રહ કરવો, તેનાથી ચાર માસે સારો લાભ થાય છે. ચૈત્ર માસના કૃષ્ણ પક્ષમાં ચૌદશ તથા આઠમને દિવસે વાદળાં થાય અને ઉત્તરનો વાયુ વાય તો જગતનું શુભ થાય છે. ચૈત્ર માસના શુક્લ પક્ષમાં તેરશને દિવસે ધૂળ સહિત વાયુ વાય કે ધુમર વરસે તો તે વર્ષે વરસાદ વરસે નહીં. ચૈત્ર માસના શુક્લ પક્ષમાં દશમને દિવસે શનિવાર અને મઘા નક્ષત્ર હોય તથા તે દિવસે વરસાદ વરસે તો સમસ્ત વર્ષમાં ધાન્યના મૂલ્યની પ્રાપ્તિ થાય નહીં.

વૈશાખ માસનું ફળ

વૈશાખ માસના કૃષ્ણ પક્ષમાં પ્રતિપદાને દિવસે સૂર્યોદય વખતે જ આકાશમાં સૂર્ય વાદળાંથી આચ્છાદિત હોય તો તે વર્ષને હિત કારક છે. વૈશાખ માસના શુક્લ પક્ષ કે કૃષ્ણ પક્ષની ચૌદશ અને આઠમને દિવસે ગર્જારવ, વીજળી અને વૃષ્ટિ થાય તો તે વર્ષને આનંદ કરનાર છે. મતાંતરમાં શ્રી હીરવિજયસૂરિ કહે છે કે—"જો

વૈશાખ માસમાં શુકલ કે કૃષ્ણ પક્ષની આઠમ અને ચૌદશને દિવસે ગર્જના થાય, વીજળી ચમકે અને આકાશ વાદળાંથી આચ્છાદિત થાય તો ચાર માસ નિરંતર વરસાદ વરસે.” વૈશાખ માસના કૃષ્ણ પક્ષની અગ્યારશને દિવસે વાદળાં ઘણાં થાય તો ધાન્યને વેચીને પણ ખેતી કરવી. વૈશાખ માસના શુકલ પક્ષમાં પ્રતિપદા અને દ્વિતીયાને દિવસે વાદળાં હોય તો તે શુભ છે. જો ત્રીજને દિવસે પણ વાદળાં હોય તો વરસાદ સારો થાય, પણ રોગની વૃદ્ધિ થાય. વૈશાખ માસના શુકલ પક્ષમાં દશમ અને અગ્યારશને દિવસે વાદળાં ન હોય તો તે શુભકારક છે. વૈશાખ માસમાં જ્યારે અશ્વિની નક્ષત્ર હોય તે દિવસે વરસાદ થાય તો રાતી વસ્તુ મોંઘી થાય છે. વૈશાખ સુદ પાંચમને દિવસે વરસાદ અને વાદળાં હોય તો સર્વ ધાન્યનો સંગ્રહ કરવો. તેથી ભાદ્રપદ માસમાં લાભ થાય. વૈશાખ શુકલ પ્રતિપદા તથા સાતમ, આઠમ અને નોમ એ તિથિએ વાદળાંનો ઉદય થાય તો શીઘ્ર વરસાદ વરસે છે. વૈશાખ માસના શુકલ પક્ષમાં અગ્યારશ, બારશ અને તેરશ એ ત્રણ દિવસે વૃષ્ટિ કે વાદળાં થાય તો દુકાળ પડે છે, અને પૂર્ણિમાને દિવસે વરસાદ થાય તો ભાદ્રપદ માસમાં ધાન્ય મોંઘું થાય. વૈશાખ માસમાં પાંચમ, સાતમ, નોમ, અગ્યારશ અને તેરશ એ દિવસોમાં વૃષ્ટિ થાય તો લોકમાં શુભ થાય છે.

જ્યેષ્ઠ માસના શુકલ અને કૃષ્ણ પક્ષની આઠમ અને ચૌદશ તથા કૃષ્ણ પક્ષની દશમ એ

જ્યેષ્ઠ માસનું ફળ દિવસોમાં વરસાદ થાય તો ભાદ્રપદ માસમાં અધિક વરસાદ વરસે. જ્યેષ્ઠ માસની દશમની રાત્રિએ જો ચંદ્ર દેખાય નહીં તો તે વર્ષે

થાય તો પૃથ્વી જળથી પૂર્ણ થાય છે. લોકમાં પણ કહ્યું છે કે—"અષાડ માસના કૃષ્ણ પક્ષની આઠમ અને નોમની રાત્રિએ જો ચંદ્ર વાદળાંથી આચ્છાદિત થાય તો અનાજ સોંઘું થાય." અન્ય સ્થળે પણ કહ્યું છે કે—"અષાડ માસના કૃષ્ણ-પક્ષની આઠમને દિવસે રાત્રે ચંદ્રમા વાદળાંઓથી ઢંકાયેલો હોય તો ચાર માસ સુધી સારો વરસાદ વરસે અને ઘણું ધાન્ય ઉત્પન્ન થાય." અષાડ માસના કૃષ્ણ પક્ષની નોમને દિવસે વીજળી સહિત વાદળાં હોય તો ધાન્યને વેચીને પણ ખેતી કરવા માટે હર્ષ યુક્ત થવું. અષાડ માસમાં કૃષ્ણ પક્ષને વિષે ધનિષ્ઠા અને શ્રવણ નક્ષત્રને દિવસે ગર્જના કે વીજળી ન હોય તો દેશનો ભંગ થાય એમ જાણવું. અષાડ માસમાં રોહિણી નક્ષત્રને દિવસે વીજળી અને વરસાદ થાય તો તે હિતકારક છે. તેમજ અષાડ માસમાં સ્વાતિ નક્ષત્રને દિવસે પણ વીજળી અને વરસાદ થાય તો તે પણ હિતકારક છે. અષાડ સુદ પ્રતિપદા, બીજ અને ત્રીજ એ ત્રણ દિવસે જો વૃષ્ટિ થાય તો અનુક્રમે એક દ્રોણ, બાર દ્રોણ અને સોળ દ્રોણ જળની વૃષ્ટિ થાય. તે વિષે કહ્યું છે કે—"અષાડ શુકલ પ્રતિપદાને દિવસે જો મેઘગર્જના અને વીજળી થાય તો એક દ્રોણ જળ વરસે, બીજને દિવસે ગર્જના અને વીજળી થાય તો બાર દ્રોણ અને ત્રીજને દિવસે સોળ દ્રોણ જળવૃષ્ટિ થાય છે. તથા ચોથને દિવસે ગર્જના અને વીજળી હોય તો ધાન્ય મોંઘું થાય છે." અષાડ સુદ પાંચમ વગેરે ચાર તિથિને દિવસે જેટલાં વાદળાં હોય એટલો વર્ષાઋતુમાં મેઘનો ઉદય જાણવો. અષાડ સુદ નોમ અને દશમને દિવસે વરસાદ થાય તો તે શુભ છે અને કેવળ વાયુ વાય અને વરસાદ ન વરસે તો દુકાળ પડે છે.

અષાડ માસની અમાવાસ્યા તથા શુકલ અને કૃષ્ણ પક્ષની નોમને દિવસે સૂર્ય નિર્મળ ઉદય પામે એટલે કે સૂર્યોદય સમયે આકાશ નિર્મળ હોય તથા મધ્યાહ્ન સમયે અને સૂર્યાસ્ત સમયે વૃષ્ટિ કરનાર વાદળાં હોય તો મોટી નદી વિના બીજે કોઇ પણ ઠેકાણે જળ દેખાય નહીં. લોકમાં કહ્યું છે કે—"અષાડની અમાવાસ્યાને દિવસે જો વરસાદ ન હોય તો હે માડીઆ ! વરસાદ વરસે નહીં." અષાડ શુકલ ચતુર્થીને દિવસે વીજળી, વરસાદ અને ગર્જના હોય તો વર્ષાકાળમાં અવશ્ય વરસાદ થાય અને જો દૈવયોગે વરસાદનાં ચિહ્નો ન દેખાય તો સમુદ્રમાં જ જળ હોય છે અથવા પુસ્તકમાં જળ શબ્દ દેખાય છે. અષાડની પૂર્ણિમાને દિવસે પ્રથમ પ્રહરે વાદળાં હોય તો સુકાળ થાય નહીં, માત્ર એક જ માસ વૃષ્ટિ થાય, ધાન્ય થોડું પાકે, અને લોકમાં મહા ભય થાય, બે પ્રહર ચાર પ્રહર વાદળાં રહે તો ધાન્ય અને તૃણ સરખાં થાય અર્થાત્ ધાન્ય ઘણું સસ્તું થાય. અને છ પ્રહર વાદળાં હોય તો ગ્રીષ્મ ઋતુનાં ધાન્ય પણ પાકે નહીં.

શ્રાવણ માસનું ફળ

શ્રાવણ માસમાં પ્રથમ (કૃષ્ણ) પક્ષમાં અશ્વિની નક્ષત્રને દિવસે મેઘ વૃષ્ટિ થાય તો સર્વ દોષને દૂર કરી સુકાળ થાય છે. શ્રાવણ માસમાં ઘણી વીજળી ઝબકે અને મેઘની ગર્જના થાય તો મન ઈચ્છિત વૃષ્ટિ થાય છે અને વર્ષ ઉત્તમ થાય છે. શ્રાવણ માસના કૃષ્ણ પક્ષમાં ચોથને દિવસે સૂર્યોદય વખતે વાદળાં અને વૃષ્ટિ હોય તો સર્વત્ર નિરંતર સુખદાયક વૃષ્ટિ થાય છે. શ્રાવણ માસના કૃષ્ણ પક્ષમાં પાંચમને દિવસે આકાશ નિર્મળ હોય તો તે શુભ છે. ત્યાર

પછી અઢાર પહોરની અંદર મેઘ જળને મૂકે છે. શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની ચૌદશને દિવસે જો વાદળાં ન હોય તો પૃથ્વીતળ ઉપર રાક્ષસોનું દુઃખ થાય નહીં. શ્રાવણ માસની અમાવાસ્યાને દિવસે જો વૃષ્ટિ થાય તો આ ચરાચર વિશ્વ સુખી થાય અને ચલાચલ ન થાય. શ્રાવણ માસમાં ચિત્રા, સ્વાતિ અને વિશાખાના દિવસે જો વરસાદ ન થાય તો નીક વગેરે કરીને નદીને કાંઠે ઘર કરવું ઉચિત છે. (કેમકે કોઇ ઠેકાણે જળ મળશે નહીં.) શ્રાવણ માસના પહેલા પખવાડિયાની પાંચમને દિવસે જો મેઘની વૃષ્ટિ થાય તો ચાર માસ પૃથ્વી જલથી પૂર્ણ રહે. તે વિષે સહદેવ નામના દૈવજ્ઞે કહ્યું છે છે કે-" હે સખી ! શ્રાવણ માસના પહેલા પક્ષની પાંચમને દિવસે જો વૃષ્ટિ થાય તો ચાર માસ સુધી નિર્ઝરણાં ઝરે છે." મતાંતરમાં આ પ્રમાણે કહ્યું છે-" શ્રાવણ અથવા ભાદ્રપદ માસના કૃષ્ણ પક્ષની પાંચમને દિવસે વૃષ્ટિ થાય તો અકસ્માત્ ઇતિનો ઉપદ્રવ થાય છે." શ્રાવણ માસના શુકલ પક્ષની સાતમને દિવસે સૂર્યાસ્ત સમયે વરસાદ ન થાય તો જળની આશા સર્વથા છોડી દેવી. શ્રાવણ શુકલ અષ્ટમીને દિવસે પ્રાત:કાળે વાદળાંનો આડંબર થાય અને સૂર્ય આચ્છાદિત થાય તો પૃથ્વી જળમય થાય છે, શ્રાવણ માસની પૂર્ણિમાને દિવસે ચંદ્રમા વાંદળાંથી આચ્છાદિત થઇ ઉદય પામે તો સમસ્ત જગત સુખી થાય, રાજ્ય સંબંધી સુખ અને ઘણી વૃષ્ટિ થાય. શ્રાવણ માસની કૃષ્ણ ચતુર્થીને દિવસે પૂર્વાભાદ્રપદ નક્ષત્રમાં વરસાદ થાય તો મેઘનો મોટો ઉદય જાણવો, શ્રાવણ માસની શુકલ ચતુર્દશી, પૂર્ણિમા, ચતુર્થી, પંચમી અને સપ્તમીને દિવસે વૃષ્ટિ થાય તો તે શુભ છે. જો કર્ક

સંક્રાંતિને દિવસે વરસાદ થાય અને સિંહ સંક્રાંતિને દિવસે વરસાદ ન થાય તો પૃથ્વી પર ધાન્યની નીપજ ઘણી થાય. કહ્યું છે કે–" સિંહ સંક્રાંતિના આરંભમાં અને કર્ક સંક્રાંતિના અંતમાં જો વરસાદ થાય તો હે ભડલી! એક માસની અંદર વરસાદ થાય." શ્રાવણ સુદ સાતમને દિવસે સ્વાતિ નક્ષત્ર હોય અને તે દિવસે જળની વૃષ્ટિ થાય તો પ્રજાને આનંદ થાય, રાજ્યમાં સુખ થાય, અને પૃથ્વી અનેક ભોગો વડે યુક્ત થાય. શ્રાવણ વદ અગ્યારશને દિવસે થોડી પણ વૃષ્ટિ થાય તો વર્ષ સારૂં થશે, તેમાં કાંઈ પણ સંશય નથી. શ્રાવણ માસની ચૌદશ, પૂનમ, ચોથ, પાંચમ અને સાતમને દિવસે વરસાદ થાય તો વર્ષ સારૂં થાય, અન્યથા નહીં.

ભાદ્રપદ માસનું ફળ

ભાદ્રપદ માસની બીજને દિવસે જો ચંદ્ર દેખાય નહીં તો સંપૂર્ણ પ્રકારે શ્રેષ્ઠ વૃષ્ટિ થાય, અને ધાન્યની અત્યંત નીપજ થાય. ભાદ્રપદ શુકલ પંચમીને દિવસે જો દૈવના કોપથી વૃષ્ટિ ન થાય તો જાણવું કે સજ્જન પણ દુર્જન થઇ જાય. જો અગસ્તિના ઉદય વખતે વરસાદ થાય તો તે હર્ષને માટે છે, તે વખતે સર્વ ધાન્ય પાકે છે. અને જો વૃષ્ટિ ન થાય તો ભિક્ષા પણ દુર્લભ થાય. ભાદ્રપદ માસની સાતમને દિવસે વરસાદ ન વરસે, ગર્જના ન થાય અને વીજળી પણ ન ઝબકે તો દૈવ કાળનો વિઘાત કરનાર જાણવો. ભાદ્રપદ માસની નોમને દિવસે વરસાદ વરસે તો દુકાળ પડે, અને અગ્યારશને દિવસે વરસાદ વરસે તો ધાન્ય સોંઘું થાય. ભાદ્રપદ માસમાં દશમને દિવસે આકાશ નિર્મળ હોય તો લોકમાં મગ, અડદ અને ચોળા

વગેરે ધાન્ય ઘણું ઉત્પન્ન થાય. સિંહ સંક્રાંતિને દિવસે જો વૃષ્ટિ થાય તો તે લોકોના શુભને માટે કહી નથી, પરંતુ ત્યારપછી બે દિવસની અંદર જો દૈવયોગે વૃષ્ટિ થાય તો તે પ્રથમની વૃષ્ટિનો દોષ રહેતો નથી અને એક માસ સુધી વૃષ્ટિ થાય છે. ભાદ્રપદ માસની ચૌદશને દિવસે જો વૃષ્ટિ થાય તો લોકમાં રોગની ઉત્પત્તિ થાય છે.

આશ્વિન માસનું ફળ

આશ્વિન માસની ચોથને દિવસે સૂર્યોદય વખતે જો વાદળાં થાય તો લોકોના કલ્યાણ માટે શુભ વૃષ્ટિ થાય છે. આશ્વિન માસની કૃષ્ણ પક્ષની દશમને દિવસે વાદળાં, વીજળી કે વરસાદ થાય તો અડદ અને તલ મોંઘાં થાય છે. આશ્વિન માસના શુકલ પક્ષની સાતમ અને આઠમ જો જળ સહિત હોય (તે દિવસે જો વૃષ્ટિ થાય) તો સુકાળ થાય તથા રાજાઓના વિગ્રહ શાંત થાય.

કાર્તિક માસનું ફળ

કાર્તિક માસની એકાદશીને દિવસે જો વાદળાં જોવામાં આવે તો અષાડ માસમાં સારી વૃષ્ટિ થાય છે, તેમાં કાંઈ પણ સંશય નથી. કાર્તિક માસની બીજ અને ત્રીજને દિવસે વૃષ્ટિનાં ચિહ્ન જોવામાં આવે તો આવતા વર્ષમાં ઘણી વૃષ્ટિ થાય, અને જો વૃષ્ટિનાં ચિહ્ન જોવામાં ન આવે તો વૃષ્ટિ થાય નહીં. કાર્તિક માસની બારશની રાત્રિએ, માર્ગશીર્ષ માસની દશમના દિવસના ભાગમાં, પોષ માસની પાંચમે અને માઘ માસની સાતમે જો મેઘની વૃષ્ટિ થાય અથવા ગર્જારવ થાય તો શ્રાવણ માસમાં જરા પણ વૃષ્ટિ થાય નહીં. કાર્તિક માસની બીજ, ત્રીજ, નોમ, અગ્યારસ અને તેરશને

દિવસે વૃષ્ટિ થાય તો તે વર્ષે ઘણો વરસાદ થાય. કાર્તિક માસની સંક્રાંતિના છેલ્લા બે દિવસમાં વૃષ્ટિ થાય તો આવતું વર્ષ શુભ થાય છે.

માર્ગશીર્ષ માસનું ફળ

માર્ગશીર્ષ માસની પ્રતિપદાને દિવસે વીજળી, ગર્જના કે વૃષ્ટિ ન થાય તો કુશલ પુરૂષોએ ગર્ભની કુશળતા કહી છે. માર્ગશીર્ષ માસની ચોથ અને પાંચમને દિવસે વાદળાં હોય તો આગળના વર્ષમાં પૃથ્વીતળ વૃષ્ટિથી પૂર્ણ થાય છે. માર્ગશીર્ષ માસની સાતમના દિવસે અને રાત્રે જો આકાશ નિર્મળ રહે તો વૈશાખ માસમાં ધાન્ય મોંઘું રહે અને જો આકાશ વાદળાં સહિત હોય તો ધાન્ય મોંઘું થાય. માર્ગશીર્ષ શુકલ દ્વાદશી અને અમાવાસ્યાને દિવસે જો વૃષ્ટિ થાય તો આગળનું વર્ષ શુભ થાય, એમ પંડિતોએ જાણવું.

પોષ માસનું ફળ

પોષ માસના કૃષ્ણ પક્ષની આઠમને દિવસે જો વૃષ્ટિ ન થાય તો આર્દ્રા નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ થાય ત્યારે જળ અને સ્થળ એકાકાર થઇ જાય છે અર્થાત્ ઘણી વૃષ્ટિ થાય છે. પોષ માસના કૃષ્ણ પક્ષની દશમની રાત્રિએ જો વરસાદ વરસે તો ભાદ્રપદ માસમાં ઘણી વૃષ્ટિ થાય છે. પોષ માસમાં વીજળી ઝબકે, ગર્જના થાય અને વાદળાં વગેરે દેખાય તો પૃથ્વી પર મેઘનો દોહદ ઉત્પન્ન થયો છે એમ જાણવું, અર્થાત્ ગર્ભ રહ્યો છે એમ જાણવું. પોષ માસમાં વાદળાં થઇને વીજળી ચમકે અને વૃષ્ટિ થાય તો જાણવું કે જગતને આનંદ આપનારો મેઘનો ગર્ભ વૃદ્ધિ પામે છે. જો પોષ માસની છઠ્ઠને

દિવસે વરસાદ થાય તો ભાદ્રપદ માસના કૃષ્ણુ પક્ષમાં મેઘનો ઉદય થાય, અને પોષ માસના શુકલ પક્ષમાં વરસાદ થાય તો શ્રાવણુ માસમાં વરસાદ વરસે નહીં. પોષ માસના શુકલ પક્ષની સાતમ, આઠમ અને નોમને દિવસે વીજળી અને ગર્જારવ થાય તો સુખની સંપત્તિને માટે મેઘનો ગર્ભ સ્થિર થાય છે. પોષ માસની અગ્યારસ, છઠ્ઠ, પૂનમ કે અમાવાસ્યાને દિવસે વરસાદ ન થાય તો અષાઢ માસમાં ઘણો વરસાદ થાય. પોષ માસના શુકલ પક્ષની ચૌદશને દિવસે વીજળી દેખાય તો તે ઉત્તમ છે, કેમકે તેથી અષાડ માસના કૃષ્ણુ પક્ષમાં મેઘનો મોટો ઉદય થાય છે.

વીજળી, વાદળાં, ઈંદ્રધનુષ અને મત્સ્ય વગેરે એક પણુ ચિહ્ન ન દેખાય તો આર્દ્રાદિક એક નક્ષત્ર પણુ વરસે નહીં, અને જો તે ચિહ્ન દેખાય તો તત્કાળ વૃષ્ટિ થાય છે. આ ચિહ્નથી વરસાદ થશે કે નહીં થાય તે સર્વ જાણુવામાં આવે છે. આ ગર્ભાધાનનું લક્ષણુ અત્યંત ગુપ્ત છે. તેથી આ વીજળીના સંયોગથી ઉત્પન્ન થતું લક્ષણુ જેવા તેવાને બતાવવા લાયક નથી. તેમ પણુ ગુરૂ ઉપર ભક્તિ રાખનારા શિષ્યને બોધ કરવા માટે કાંઈક કહેવાય છે.

સૂર્યને વાદળાં વડે આચ્છાદન કરી વિદ્યુત્કુમારીના સંયોગથી ગર્ભને કરનાર દેવેંદ્ર ઐરાવત સહિત ગર્જના કરે છે. જો ઉત્તર દિશામાં સુવર્ણ જેવા વર્ણુવાળી વીજળી ઝબકે તો તે વીજળી જળ દેનારી છે અને તત્કાળ મેઘનો મોટો ઉદય થાય છે. પૂર્વ દિશામાં વીજળી ઝબકે તો તે જળને આપનારી છે, અગ્નિ ખૂણુામાં વીજળી ઝબકે તો તે જળનો નાશ કરનારી છે, દક્ષિણુ દિશાની વીજળી અલ્પ જળને આપનારી

છે, વાયુ ખૂણાની વીજળી વાયુને કરનારી છે, પશ્ચિમ દિશાની વીજળી ઘણું જળ આપનારી અને ધાન્યની સંપત્તિ આપનારી છે, નૈઋત્ય ખૂણાની વીજળી જળ રહિત કહેલી છે, ઉત્તર દિશાની વીજળી શીઘ્ર વૃષ્ટિ કરનારી છે, અને ઈશાન ખૂણાની વીજળી લોકમાં શુભદાયક છે. આ પ્રમાણે વીજળીના ભેદો કહેલા છે. જે દેશમાં સુકાળ થવાનો હોય તે દેશમાં વીજળી જાય છે. આ વીજળી દિશાઓમાં શુભ રહેલી છે, તે મેઘનો માર્ગ દેખાડનારી છે, વીજળી વિનાના તે મેઘો ગર્જના કરતા નથી, અને જળ વિનાના તેઓ વરસતા પણ નથી. ઘણો વાયુ અને અવાયુ, અતિ ઉષ્ણતા અને અનુષ્ણતા, અતિ વાદળાં અને વાદળાંરહિતપણું આ છ વૃષ્ટિનાં ચિહ્નો છે. ચાર લાખ અને ચાર હજાર કરોડ શ્લોક પ્રમાણ મેઘમાળા નામનું મહાશાસ્ત્ર છે, તેમાંથી આ હકીકત ઉદ્ધરી છે. અશ્વ ચાલે ત્યારે તેના પેટમાં શબ્દ થાય છે તે, મેઘની ગર્જના, સ્ત્રીઓનું ચરિત્ર, ભવિતવ્યતા, અવૃષ્ટિ અને અતિવૃષ્ટિ આટલી બાબતોને દેવ પણ જાણી શકતા નથી, તો મનુષ્ય કયાંથી જાણે ?

પોષ માસના શુકલ પક્ષમાં પાંચમને દિવસે શતભિષા નક્ષત્ર હોય અને તે દિવસે વાયુ, વાદળાં અને વીજળી હોય તો વૃષ્ટિનો ગર્ભ ઉત્પન્ન થાય છે. તે ગર્ભ અષાડ માસના કૃષ્ણ પક્ષમાં ચોથને દિવસે અવશ્ય વૃષ્ટિ કરે છે. તે વખતે દ્રોણ નામનો મેઘ સાત દિવસ વરસે છે. પોષ માસના શુકલ પક્ષમાં સાતમ, આઠમ અને નોમને દિવસે રેવતી, અશ્વિની અને ભરણી નક્ષત્ર હોય અને તે દિવસોમાં વીજળી, તુષાર, વાયુ, વાદળાં અને હિમ હોય તો ગર્ભની ઉત્પત્તિ જાણવી. પોષ

માસની શુક્લ એકાદશીને દિવસે રોહિણી નક્ષત્રનો યોગ હોય અને તે દિવસે હિમ પડે, વીજળી ઝબકે અને થોડી વૃષ્ટિ થાય તો તેને પંડિતો શુભકારક કહે છે. મતાંતરમાં આ પ્રમાણે કહ્યું છે—"પોષ માસના શુક્લ પક્ષની એકાદશીને દિવસે રાત્રિદિવસ કૃત્તિકાનો ભોગ હોય અને વાદળાં પણ હોય તો રાતા વર્ણની વસ્તુ મોંઘી થાય છે." પોષ માસની અમાવાસ્યાએ મૂળ નક્ષત્ર હોય અને તે દિવસે વીજળી, વાદળાં અને અધિક ગર્જારવ હોય તો વર્ષાઋતુના ચારે માસ મેઘનો મોટો ઉદય થાય. પોષ માસની પૂર્ણિમા અને દ્વિતીયાને દિવસે વીજળી ઝબકે, હિમ પડે અને આકાશ વાદળાંથી વ્યાપ્ત રહે તો વર્ષાઋતુમાં વરસાદ સારો થાય. વળી એ ચિહ્નોથી અષાઢ માસની અમાવાસ્યાને દિવસે અત્યંત જળવૃષ્ટિ થાય, સર્વ પ્રકારનાં ધાન્ય નીપજે, પ્રજાઓ ઉપદ્રવ રહિત થાય, સર્વત્ર ગાયો ઘણું દૂધ આપનારી થાય, સર્વ પ્રજાઓ હર્ષિત થાય અને શ્રાવણ માસના પહેલા પખવાડિયામાં દ્રોણ પ્રમાણ વરસાદ વરસે. દ્વિતીયાને દિવસે અશ્લેષા નક્ષત્ર હોય તો કાંઇક સર્પનો ભય રહે, અમાવાસ્યાને દિવસે રવિવાર કે મંગળવાર હોય અને તે દિવસે મેઘ વરસે તો તથા પોષની પૂર્ણિમાને દિવસે વાદળાંને લીધે ચંદ્રમા દેખાય નહીં, ઉત્તર દક્ષિણ વીજળી ઝબકે તથા આકાશ વાદળાંઓથી આચ્છાદિત રહે તો આવતા વર્ષમાં શ્રાવણની અમાવાસ્યાને દિવસે અવશ્ય ઘણી વૃષ્ટિ થાય છે. પોષ માસની કૃષ્ણ સપ્તમીને દિવસે સ્વાતિ નક્ષત્ર હોય અને જળની વૃષ્ટિ થાય તો સુકાળ, ક્ષેમ અને આરોગ્ય થાય છે, તેમાં કાંઇ સંદેહ નથી. તેમજ તે દિવસે આકાશ વાદળાંથી વ્યાપ્ત થાય તો થોડી વૃષ્ટિ થાય અને વરસાદ થાય

તો મહાવૃષ્ટિ થાય છે. પોષ માસના કૃષ્ણ પક્ષમાં તેરશ, ચૌદશ અને અમાસ એ ત્રણ દિવસ વીજળી ઝબકે તો તે ગર્ભ કરનાર છે. પોષની અમાવાસ્યાને દિવસે પૂર્વ દિશામાં વીજળી થાય, અથવા હિમ પડે, અથવા આકાશ વાદળાંથી વ્યાપ્ત રહે તો આવતા વર્ષમાં સુકાળ થાય છે.

માઘ માસનું ફળ

માઘ માસમાં શીત ન પડે, જ્યેષ્ઠ માસમાં પૂનમના દિવસે મૂળ નક્ષત્ર ન હોય તથા આર્દ્રા નક્ષત્રમાં વૃષ્ટિ ન થાય તો દુકાળ પડે છે. માઘ માસના શુકલ પક્ષમાં સાતમ, આઠમ અને નોમને દિવસે વાદળાં રહે તો ધન ધાન્યની સમૃદ્ધિ થાય છે અને લોકમાં વિવાહાદિક ઉત્સવો થાય છે. આઠમને દિવસે ચંદ્ર નિર્મળ હોય તો રાજાઓ વચ્ચે વિગ્રહ થાય, અને વાદળાંથી આચ્છાદિત થયેલા સૂર્યનો ઉદય થાય તો પ્રાણીઓને ત્રાસ ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે–"સાતમ નિર્મળ હોય અને આઠમને દિવસે વાદળાં હોય તો અષાડ માસમાં વરસાદ વરસે નહીં અને શ્રાવણ માસમાં પ્રાયઃ કરીને વરસાદ થાય." માઘ માસના શુકલ પક્ષની નોમને દિવસે ચંદ્રમાનું પરિવેષ–મંડળ દેખાય તો આગળ અષાડ માસમાં વૃષ્ટિનો રોધ થાય. માઘ માસની દશમને દિવસે વરસાદ થાય તો તે શુભને માટે છે. તે જ પ્રમાણે નોમને દિવસે વરસાદ ન થાય તો તે પણ હર્ષને માટે છે. તેમાં વર્ષાઋતુ આવે ત્યારે મેઘનો મોટો ઉદય હોવાથી વૃષ્ટિમાં કાંઈ પણ તફાવત નથી. માઘ માસની ચૌદશને દિવસે જે પ્રહરમાં વાદળાં થાય તો વર્ષાઋતુના તે માસમાં વરસાદ થાય નહીં. શ્રી હીરવિજયસૂરિએ કરેલી મેઘમાળામાં કહ્યું છે કે–"જો માઘ માસમાં હિમ પડે, વરસાદ વરસે અને વીજળી

ઝબકે તો ગર્ભનો પૂર્ણ દોહદ જાણવો. માઘ માસની કૃષ્ણ પક્ષની સાતમ, ફાલ્ગુન માસની પાંચમ, ચૈત્ર માસની દ્વિતીયા અને વૈશાખની પ્રથમ પ્રતિપદા, એ દિવસોમાં વરસાદ થાય તો સુકાળ થાય. માઘ માસના કૃષ્ણ પક્ષની નોમ, દશમ અને અગ્યારશને દિવસે જો વીજળી ઝબકે તો ભાદ્રપદ માસના શુકલ પક્ષની નોમ, દશમ અને અગ્યારશે ઘણો વરસાદ થાય. તથા અત્યંત સુકાળ અને રાજાઓ ઉપદ્રવ રહિત થાય એમ જાણવું. સાતમ નિર્મળ હોય તો તે ઇષ્ટ નથી અને વરસે તો તે શ્રેષ્ઠ છે." કેવળકીર્તિ નામના દિગંબરાચાર્ય કહે છે કે—"માઘ માસના શુકલ પક્ષની સાતમને દિવસે જો આકાશમાં ચોતરફ વાદળાં હોય તો પૃથ્વી પર વર્ષાઋતુમાં ઘણો વરસાદ થાય. તેમાં કાંઈ સંશય નથી."

સ્વાતિયોગનું ફળ

માઘ માસના કૃષ્ણ પક્ષની સાતમને દિવસે સ્વાતિ નક્ષત્ર હોય અને તે દિવસે વાદળાં થાય, ગર્જારવ થાય, હિમ પડે અને પ્રચંડ વાયુ વાય તો સર્વ પ્રકારનું ધાન્ય પાકે અને પ્રજાઓ સુખી થાય. તે જ પ્રમાણે ફાલ્ગુન, ચૈત્ર અને વૈશાખ માસમાં સ્વાતિ નક્ષત્રને દિવસે વીજળી અને વાદળાં વગેરે હોય તો તે શ્રેષ્ઠ છે. તે જ પ્રમાણે અષાડ માસમાં પણ સ્વાતિના યોગમાં વીજળી વગેરે થાય તો સુકાળ થાય છે. વરાહમિહિર નામના આચાર્ય કહે છે કે—"ચંદ્રની સાથે રોહિણી નક્ષત્રના યોગમાં જેવું ફળ છે, તેવી જ રીતે આષાડ (પૂર્વાષાઢા—ઉત્તરાષાઢા) નક્ષત્ર અને સ્વાતિ નક્ષત્રની સાથે ચંદ્રમાના યોગનું પણ ફળ જાણવું. અષાડ માસના શુકલ પક્ષમાં આ સર્વનો વિચાર કરવો. તેમાં જે વિશેષ છે, તે હું કહું છું—સ્વાતિ

નક્ષત્રને દિવસે રાત્રિના પહેલા અંશમાં વરસાદ થાય તો સર્વ પ્રકારનાં ધાન્યની વૃદ્ધિ થાય, બીજા અંશમાં વરસાદ થાય તો તલ, મગ અને અડદની વૃદ્ધિ થાય, ત્રીજા અંશમાં વરસાદ થાય તો ગ્રીષ્મ ઋતુનાં ધાન્ય જવ, ઘઉં વગેરેની વૃદ્ધિ થાય, પરંતુ શરદ ઋતુનાં ધાન્ય જુવાર, બાજરી વગેરે ઉત્પન્ન થાય નહીં. દિવસના પ્રથમ ભાગમાં વૃષ્ટિ થાય તો આગળ અધિક વૃષ્ટિ થાય, બીજા ભાગમાં વૃષ્ટિ થાય તો આગળ સારી વૃષ્ટિ થાય, પણ કીડા અને સર્પ વગેરેનો ઉપદ્રવ થાય. ત્રીજા ભાગમાં વૃષ્ટિ થાય તો આગળ પર મધ્યમ વૃષ્ટિ થાય. તથા રાત્રિ દિવસ વૃષ્ટિ થાય તો આગળ ઉપદ્રવ રહિત સારી વૃષ્ટિ થાય. ચિત્રા નક્ષત્રની સીધી સપાટી ઉપર ઉત્તર તરફ જે તારો દેખાય છે તે 'અપાંવત્સ' કહેવાય છે. તેની સમીપે ચંદ્રની સાથે સ્વાતિ નક્ષત્રનો યોગ થાય તો તે શુભ છે.

માઘ માસના કૃષ્ણ પક્ષની અષ્ટમીને દિવસે ચંદ્રમા વાદળાંઓ વડે આચ્છાદિત હોય તો હે ભડુલી, સારૂં વર્ષ થાય. માઘ માસના કૃષ્ણ પક્ષની નવમીને દિવસે તથા મૂળ નક્ષત્રને દિવસે તથા ધનુષ સંક્રાંતિને દિવસે આકાશ વાદળાંઓ વડે વ્યાપ્ત રહે, તથા વીજળી ઝબકે અને વરસાદ થાય તો તે ગર્ભથી આગળના વર્ષમાં અષાડ અને ભાદ્રપદ માસની નવમીને દિવસે અવશ્ય સારી વૃષ્ટિ થાય છે. માઘ માસના કૃષ્ણ પક્ષની સપ્તમી, ત્રયોદશી અને ચતુર્દશી એ ત્રણ દિવસ પૂર્વ દિશામાં મેઘનો ઉદય થાય અને વાદળાંઓવડે આકાશ વ્યાપ્ત રહે તો અષાડ માસમાં સાત દિવસ સુધી ઘણા જળને કરનારી વૃષ્ટિ થાય. અમાવાસ્યાને દિવસે મેઘનો ઉદય થાય તો ભાદ્રપદ માસની પૂર્ણિમાને દિવસે સારી વૃષ્ટિ થાય. માઘ માસના શુકલ પક્ષની પ્રતિપદા

અને બીજને દિવસે વાદળાં હોય તો તેલ, સુગંધી વસ્તુ અને ધાન્યના ભાવ તેજ રહે. જો ત્રીજને દિવસે વરસાદ ન થાય, પરંતુ આકાશ વાદળાંઓથી વ્યાપ્ત રહે તો લવણુ, શ્રીફળ અને નાગરવેલનાં પાન મોંઘાં થાય. ચતુર્થીને દિવસે વરસાદ કે ગર્જના ન થાય તો ઘઉં દુર્લભ થાય. જો પાંચમને દિવસે વરસાદ ન થાય અને વાદળાં થાય તો ભાદ્રપદ માસમાં અધિક વરસાદ થાય. જો છઠ્ઠનો દિવસ નિર્મળ હોય તો પૃથ્વીપર કપાસ મોંઘો થાય. સાતમને દિવસે ચંદ્રમા નિર્મળ હોય તો રાજાઓ વચ્ચે મોટો વિગ્રહ થાય. આઠમને દિવસે પ્રાતઃકાળે સૂર્યોદય નિર્મળ હોય તો આર્દ્રામાં વરસાદનો નિરોધ થાય અર્થાત્ થોડી વૃષ્ટિ થાય.

ફાલ્ગુન માસનું ફળ

ફાલ્ગુન માસના કૃષ્ણ પક્ષની સાતમ, આઠમ અને નોમને દિવસે મેઘની ગર્જના થાય તો ગામ ગામને વિષે સંગ્રામ થાય અને ધાન્યનો ભાવ સસ્તો થાય. ફાલ્ગુન માસની આઠમને દિવસે જો વરસાદ થાય તો સુકાળ થાય, દેશમાં કલ્યાણ અને અધિક સુખ થાય. ફાલ્ગુન માસની સાતમ, આઠમ અને નોમ એ ત્રણ દિવસ વાદળાં રહે તો મેઘના ગર્ભની કુશળતા જાણવી અને તેમ હોવાથી ભાદ્રપદ માસની અમાવાસ્યાને દિવસે વરસાદ સારો થાય. ફાલ્ગુન માસના શુકલ પક્ષની સાતમ અને પૂર્ણિમાને દિવસે વાયુ રહિત આકાશ હોય, વીજળી ઝબકે અને વૃષ્ટિ રહિત વાદળાં હોય તો આગળના વર્ષમાં સુકાળ અને કલ્યાણ થાય. આ જ ગર્ભ ભાદ્રપદ માસના કૃષ્ણ પક્ષની સાતમ અને અમાવાસ્યાને

દિવસે જળની વૃષ્ટિ કરે છે. જો હોળી પ્રકટવાને સમયે વાદળાં હોય તો ઘઉંના વાવેતરમાં રોળી (કંકુ જેવા લાલ થઈ જાય) પડે જેથી અનાજ મોઘું થાય. ફાલ્ગુન માસના શુકલ પક્ષની દશમ અને અગ્યારશને દિવસે વાદળાં વગેરે ગર્ભ હોય તો આશ્વિન માસની ચોથ અને પાંચમને દિવસે સારી વૃષ્ટિ થાય.

આ રીતે અગસ્તિના ઉદય અને અસ્તના ફળાદેશથી પ્રારંભી બારે માસનાં વાદળાંના ઉદય સુધીનું ફળ શાસ્ત્રથી અને બુદ્ધિથી વિચારી, વાયુ અને વરસાદના સમાગમના ઉદયને જાણવાવાળા પંડિતો પાસે અભ્યાસ કરી તથા તેમની સેવા કરી વરસાદના અર્થી જનોને હર્ષ આપવા માટે આ વર્ષપ્રબોધરૂપ ધનને મેં બતાવ્યું છે.

ઇતિ શ્રી મહોપાધ્યાય શ્રી મેઘવિજયજી ગણિ રચિત શ્રી મેઘમહોદય અથવા વર્ષપ્રબોધ ગ્રંથને વિષે અગસ્તિ, વર્ષના રાજા વગેરે, જન્મ, લગ્ન, વાદળાં અને વીજળી વગેરેના ફળને દેખાડનાર સાતમો અધિકાર સમાપ્ત

આઠમો ગર્ભકથન અધિકાર—

વાયુ અને જળ વગેરેનો કઠિન થયેલો પુદ્ગલોનો સમૂહ
જે દેખાય નહીં તેવી રીતે ગુપ્ત રહે તે અહીં
મેઘના ગર્ભનું ગર્ભ કહેવાય છે. તે ગર્ભની ઉત્પત્તિ અહીં
લક્ષણ કહેવામાં આવે છે-કાર્તિક માસના કૃષ્ણ
પક્ષની પ્રતિપદાથી કળા નામની જે
તિથિઓ છે તેમાં પૂર્વની પૂર્ણિમા ઉમેરવાથી અને અમાવાસ્યા સુધી લેવાથી તે અમાવાસ્યા સોળમી તિથિ થાય છે. આ સોળ રાત્રિઓ ઋતુની કહેવાય છે. તેથી કરીને ગર્ભનો આદિ કાળ કાર્તિક માસ હોવાથી તે દિવસોમાં આકાશ રક્તવર્ણ-વાળું દેખાય છે. અને કૃત્તિકા નક્ષત્રનો સૂર્ય હોય ત્યારે જો આ ગર્ભનો પાક થાય તો વર્ષાઋતુમાં કલ્યાણકારક વૃષ્ટિ થાય છે. સિદ્ધાંતમાં માઘ માસનો ગર્ભ કહ્યો છે, વાર્તિકના મતમાં માર્ગશીર્ષ માસનો ગર્ભ કહ્યો છે, અને કોઇ ઠેકાણે કાર્તિક માસથી માઘ માસ પર્યંતનો ગર્ભ કહ્યો છે, તે લૌકિક મત છે. અર્થાત્ તે માસમાં ગર્ભ ઉત્પન્ન થાય છે એમ માનેલું છે. કહ્યું છે કે—"કાર્તિક માસથી માઘ માસ સુધીનો જે ગર્ભ રહેલો હોય તે પવિત્ર માનેલો છે, અને ફાલ્ગુન માસમાં જે ગર્ભ રહે તે પારકો માનેલો છે, જેમ કોઈ સ્રીને જાર પુરુષથી ગર્ભ રહ્યો હોય તેવો તે જાણવો." કાર્તિક માસના શુક્લ પક્ષની બારશની આખી રાત્રિ ઉજ્જવળ અને વાદળાં રહિત નિર્મળ હોય તો મેઘના ગર્ભનો પુષ્પોદય

થયો છે એમ જાણવું. કાર્તિક શુદ બારશથી પૂર્ણિમા સુધી ત્રણ ચાર દિવસ આકાશ નિર્મળ રહે તો તે આકાશનું ઋતુસ્નાન જાણવું. કાર્તિક માસમાં ઋતુની ઉત્પત્તિ, માર્ગશીર્ષ માસમાં છાંટા પડે તો ઋતુસ્નાન, પોષ માસમાં તુષાર અને વાયુ તથા માઘ માસમાં હમેશાં વાદળાં રહે તો ગર્ભ પરિપૂર્ણ થયો જાણવો. વળી લોકમાં કહ્યું છે કે—"કાર્તિક શુદ બારશને દિવસે આકાશમાં વાદળાં થાય, વીજળી ઝબકે તથા વરસાદ વરસે તો ચોમાસાના ચાર માસ પૂર્ણ વરસાદ થાય. બીજે સ્થળે પણ કહ્યું છે કે—"કાર્તિક શુદ બારશને દિવસે મેઘ જોવામાં આવે તો સૂર્યના મૃગશીર્ષ નક્ષત્રમાં નિશ્ચે વરસાદ વરસે તથા પાંચમને દિવસે મેઘ અને વિજળી દેખાય તો સઘળો શ્રાવણ માસ વરસાદ વરસે." વરાહમિહિર કહે છે કે—'કાર્તિક શુકલ પક્ષને ઓળંગીને પછી ગર્ભના દિવસો હોય છે એમ કેટલાક કહે છે, તે તેમનો મત ગર્ગ વગેરે ઘણા વિદ્વાનોને માન્ય નથી. તેમનો મત હું કહું છું—માર્ગશીર્ષ માસના શુકલ પક્ષમાં પ્રતિપદાને આરંભી જે દિવસે ચંદ્રમા પૂર્વાષાઢા નક્ષત્રપર હોય તે દિવસે ગર્ભનું લક્ષણ જાણવું. જે નક્ષત્રપર ચંદ્રમા હોય તે દિવસે જે મેઘનો ગર્ભ ઉત્પન્ન થાય તે ચંદ્રના વશથી ગર્ભ માનવામાં આવે છે. તે ચંદ્રના વશથી ઉત્પન્ન થયેલા ગર્ભનો ૧૯૫ દિવસે પ્રસવ થાય છે." મેઘમાળામાં કહ્યું છે કે—"જે તિથિ ગર્ભિણી હોય તે તિથિએ ચોથો વાર અને ત્રીજું નક્ષત્ર હોય તો તે તે કાળે જો ગર્ભનો પાત ન થાય તો મેઘની વૃષ્ટિ થાય છે." શીત ઋતુમાં ઉત્પન્ન થનારા દશ પ્રકારના ગર્ભ પહેલાં કહી ગયા છે. તે જો ચૈત્ર માસના શુકલ પક્ષમાં ન વરસે તો યથાયોગ્ય કાળે વરસાદ વરસે છે. કહ્યું છે કે—"ચૈત્ર

માસના પહેલા દશ દિવસ એટલે આર્દ્રાથી સ્વાતિ નક્ષત્ર સુધી અનુક્રમે વૃષ્ટિને માટે અવલોકન કરવું. તેમાં જે દિવસે દુર્દિન કે વરસાદ થાય, તેટલી સંખ્યાવાળા વર્ષાઋતુનાં નક્ષત્ર દગ્ધ કહેવાય છે. કરા પડે, ધૂમ વરસે અને ધૂમ સહિત રજોવૃષ્ટિ થાય, આ ત્રણુ મોટા ઉત્પાત વડે તત્કાળ ગર્ભનો વિનાશ થાય છે. કાર્તિકથી વૈશાખ માસ સુધી સાત માસ ગર્ભ રહે છે. તે ઉત્પત્તિથી સાડા છ માસે પાત થયા વિના પ્રસૂતિ કરનારો થાય છે. કહ્યું છે કે—"કાર્તિક માસમાં ગર્ભ ઉત્પન્ન થયો હોય તે ચોમાસાના ચાર માસ વૃષ્ટિ કરે છે, સુકાળ કરે છે અને ધાન્યની ઉત્તમ નિષ્પત્તિ કરે છે." કાળા, પીળા, લીલા અને શ્વેત વર્ણવાળા મેઘ ઉત્તમ વૃષ્ટિ કરનારા હોય છે. અને સિંદૂર તથા તામ્રવર્ણવાળા મેઘ કોઈ કોઇ ઠેકાણે વૃષ્ટિ કરનારા હોય છે. લોકમાં પણુ કહ્યું છે કે-"કાર્તિક માસથી વૈશાખ માસ પર્યંત રોહિણી નક્ષત્રમાં વૃષ્ટિ ન થાય તો ગર્ભની પૂર્ણ પ્રાપ્તિ જાણુવી. કાર્તિક અને માર્ગશીર્ષ માસમાં ચંદ્રનો રોહિણી નક્ષત્રની સાથે ગર્ભના ઉદયને લીધે ભોગ થાય તો તે કૃત્તિકા અને રોહિણી એ બે નક્ષત્રોમાં વરસાદ થાય. આગમમાં ગર્ભ ઉત્કર્ષથી છ માસનો કહેલો છે. કેમકે તેથી અધિકની વિવક્ષા કરી નથી, જેમ સૂર્યાદિકનું આયુષ્ય. અથવા બહુલતાના નયથી સૂત્રનું કથન પ્રાયિક જાણુવું. જેમ ઉત્તમ સ્વપ્નોમાં પ્રથમ હાથીનું સ્વપ્ન કહ્યું છે તે પ્રાયિક છે તથા જિનેશ્વરોની ગર્ભમાં નવ માસાદિકની સ્થિતિ કહી છે તે પણુ પ્રાયિક છે. વળી માર્ગશીર્ષના પહેલા પક્ષમાં ગર્ભના પુષ્પકાળનો સંભવ છે, તેને કાર્તિક માનીને પુષ્પનો સંભવ બતાવ્યો છે એમ અન્ય આચાર્યોએ ભેદની વિવક્ષા કરી છે, જેમ

ગર્ભથી આઠમે વર્ષે યજ્ઞોપવીત આપવું વગેરે. તે વિષે વરાહમિહિર કહે છે કે—"શુકલ પક્ષમાં ઉત્પન્ન થયેલા ગર્ભ કૃષ્ણપક્ષમાં પ્રસવે છે, કૃષ્ણ પક્ષમાં ઉત્પન્ન થયેલા ગર્ભ શુકલ પક્ષમાં પ્રસવે છે, દિવસે ઉત્પન્ન થયેલા ગર્ભ રાત્રે પ્રસવે છે, રાત્રે ઉત્પન્ન થયેલા ગર્ભ દિવસે પ્રસવે છે, અને સંધ્યાકાળે ઉત્પન્ન થયેલા ગર્ભ સંધ્યાકાળે પ્રસવે છે. માર્ગશીર્ષ શુકલ પક્ષમાં ઉત્પન્ન થયેલા ગર્ભ જ્યેષ્ઠ કૃષ્ણ પક્ષમાં પ્રસવે છે, અને માર્ગશીર્ષ કૃષ્ણ પક્ષમાં ઉત્પન્ન થયેલા ગર્ભ અષાડ માસના શુકલપક્ષમાં પ્રસવે છે એટલે વૃષ્ટિ કરે છે. પોષ માસના શુકલ પક્ષમાં ઉત્પન્ન થયેલા ગર્ભ અષાડ માસના કૃષ્ણ પક્ષમાં પ્રસવે છે, અને પોષ કૃષ્ણ પક્ષમાં ઉત્પન્ન થયેલા ગર્ભ શ્રાવણ શુકલ પક્ષમાં પ્રસવે છે—વરસે છે. માર્ગશીર્ષના શુકલ પક્ષમાં ઉત્પન્ન થયેલા કેટલાક ગર્ભ કરા અને વાયુ વગેરેના ઉત્પાતને લીધે કદાપિ વિનાશ પામે છે. માર્ગશીર્ષના કૃષ્ણ પક્ષમાં અને પોષ શુકલ પક્ષમાં ઉત્પન્ન થયેલા ગર્ભ મંદ ફળને આપનારા થાય છે. માઘ શુકલ પક્ષમાં ઉત્પન્ન થયેલા ગર્ભ શ્રાવણ કૃષ્ણ પક્ષમાં પ્રસૂતિને પામે છે અને માઘ કૃષ્ણ પક્ષમાં ઉત્પન્ન થયેલા ગર્ભ ભાદ્રપદના શુકલ પક્ષમાં પ્રસૂતિ કરે છે. ફાલ્ગુન શુકલ પક્ષમાં ઉત્પન્ન થયેલા ગર્ભ ભાદ્રપદના કૃષ્ણ પક્ષમાં પ્રસૂતિ કરે છે, અને ફાલ્ગુન કૃષ્ણ પક્ષમાં ઉત્પન્ન થયેલા ગર્ભ આશ્વિન શુકલ પક્ષમાં પ્રસવ કરે છે. ચૈત્ર શુકલ પક્ષમાં ઉત્પન્ન થયેલા ગર્ભ આશ્વિન કૃષ્ણ પક્ષમાં પ્રસવ કરે છે, અને ચૈત્ર કૃષ્ણ પક્ષમાં ઉત્પન્ન થયેલા ગર્ભ કાર્તિક શુકલ પક્ષમાં પ્રસવ કરે છે." આ પ્રમાણે વરાહમિહિરનો મત છે, તેથી કાર્તિક કૃષ્ણ પક્ષમાં મેઘના પુષ્પની

પ્રાપ્તિ સમજવી જોઈએ. બાકી જે કહ્યું ન હોય તેનો નિર્ણય બહુશ્રુત પાસેથી જાણી લેવો.

માર્ગશીર્ષ કૃષ્ણ પક્ષાદિકના ગર્ભો

માર્ગશીર્ષ કૃષ્ણ પક્ષમાં મઘા નક્ષત્રને દિવસે ગર્ભ ઉત્પન્ન થયો હોય અથવા માર્ગશીર્ષ કૃષ્ણ-પક્ષની ચોથને દિવસે વીજળી સહિત વાદળાં હોય તો અષાડ શુકલ પક્ષમાં ચોથને દિવસે અવશ્ય વરસાદ વરસે. માર્ગશીર્ષ કૃષ્ણ પક્ષની ચોથ, પાંચમ અને છઠ્ઠ અને અશ્લેષા વગેરે ત્રણ નક્ષત્રોમાં ગર્ભની ઉત્પત્તિ હોય તો અષાડ માસમાં પૂર્વાફાલ્ગુની નક્ષત્રને દિવસે ત્રણ રાત્રિ સુધી વરસાદ વરસે છે. માર્ગશીર્ષ કૃષ્ણ પક્ષમાં ઉત્તરાફાલ્ગુની, હસ્ત અને ચિત્રા નક્ષત્ર તથા સાતમ, આઠમ અને નોમ એને વિષે ગર્ભ ઉત્પન્ન થાય તથા વીજળી સાથે વાદળાં અને વાયુ હોય તો અષાડ શુકલ પક્ષમાં આઠમ અને સ્વાતિ નક્ષત્રમાં ત્રણ રાત્રિ સુધી મેઘની વૃષ્ટિ થાય છે, અને પૃથ્વી જળમય થાય છે. માર્ગશીર્ષ કૃષ્ણ પક્ષની દશમ, અગ્યારશ, બારશ અને અમાવાસ્યા એ તિથિઓમાં તથા ચિત્રા, સ્વાતિ અને વિશાખા એ નક્ષત્રોમાં ગર્ભ ઉત્પન્ન થાય તો અષાડ શુકલ પક્ષમાં છેલ્લી તે જ તિથિ-ઓમાં અને તે જ નક્ષત્રોમાં વૃષ્ટિ થાય છે તેમાં કાંઇ સંદેહ નથી.

પોષ માસના શુકલ પક્ષમાં શતભિષા નક્ષત્ર હોય અને તે દિવસે વાયુ તથા વાદળાં હોય ઇત્યાદિ દશ શ્લોક પ્રથમ કહ્યા છે, તેનો અહીં વિચાર કરી લેવો. પોષ કૃષ્ણ પક્ષની સાતમ, આઠમ અને નોમને દિવસે ગર્ભનું લક્ષણ થયું હોય તો શ્રાવણ

શુકલ પક્ષની સાતમના સ્વાતિ નક્ષત્રને દિવસે અવશ્ય વરસાદ વરસે છે. પોષ કૃષ્ણ પક્ષની તેરશ, ચૌદશ અને અમાવાસ્યાને દિવસે વીજળી અને વાદળાં સહિત ગર્ભ રહેલો હોય તો શ્રાવણ માસની પૂર્ણિમાને દિવસે સર્વ દેશોમાં વરસાદ થાય છે.

"માઘ માસના કૃષ્ણપક્ષની નોમને દિવસે" ઇત્યાદિ પૂર્વે કહ્યું છે તે જાણવું.

ફાલ્ગુન માસના શુકલ પક્ષમાં સાતમને દિવસે કૃત્તિકા નક્ષત્ર હોય અને તે દિવસે ગર્ભ રહ્યો હોય તો ભાદ્રપદની અમાવાસ્યાને દિવસે એક દ્રોણ પ્રમાણ જળવૃષ્ટિ થાય છે. ફાલ્ગુન માસમાં આઠમ, નોમ, દશમ અને અગ્યારશને દિવસે ગર્ભ રહ્યો હોય તો ભાદ્રપદ માસમાં ચોથ, પાંચમ અને છઠ્ઠને દિવસે જગતને સુખાકાર વૃષ્ટિ થાય છે.

ચૈત્ર માસના શુકલ પક્ષની પાંચમ, સાતમ, નોમ, અગ્યારશ તેરશ અને પૂર્ણિમાને દિવસે વરસાદ થાય, કરા પડે, વીજળી ઝબકે અને ગર્જના થાય તો વર્ષાઋતુમાં ખંડ ખંડ વૃષ્ટિ થાય છે.

અથવા તો જેમ વાયુ ત્રણ પ્રકારનો માનેલો છે તે જ પ્રમાણે ગર્ભ પણ જ્ઞાપક, સ્થાપક અને ઉત્પાદક એમ ત્રણ પ્રકારનો કહેવાય છે. તેમાં છેલ્લા ઉત્પાદક ગર્ભમાં સાડા છ માસનો ગર્ભ ઉત્તમ કહેવાય છે. કાર્તિક માસની બારશનો જ્ઞાપક ગર્ભ અષાડ માસમાં વરસે છે. માર્ગશીર્ષ શુકલ પક્ષની પાંચમનો ગર્ભ શ્રાવણ વગેરે ચાર માસમાં વરસે છે. પોષ કૃષ્ણ પક્ષની આઠમનો ગર્ભ શ્રાવણ શુકલ પક્ષની સાતમને દિવસે વરસે છે. પોષ કૃષ્ણ પક્ષની દશમનો ગર્ભ ભાદ્રપદ માસના કૃષ્ણ પક્ષમાં વરસે છે. પોષ શુકલ પક્ષની છઠ્ઠનો ગર્ભ ભાદ્રપદ કૃષ્ણ પક્ષમાં

વરસે છે. માઘ શુકલ પક્ષની સાતમનો ગર્ભ આશ્વિન માસના શુકલ અને કૃષ્ણ પક્ષમાં વરસે છે.

લોકમાં પણ કહ્યું છે કે—" અષાડ માસમાં ગર્જના થાય અને ઉત્તર દિશાનો વાયુ થાય તો ભાદ્રપદ માસમાં વરસાદ થાય છે. પોષ કૃષ્ણ પક્ષની આઠમને દિવસે આકાશ વાદળાંથી આચ્છાદિત હોય પણ વરસાદ ન થાય તો શ્રાવણ શુકલ પક્ષની સાતમને દિવસે વરસાદ થાય છે. પોષ માસની છઠ્ઠને દિવસે વૃષ્ટિનો ગર્ભ રહ્યો હોય તો ભાદ્રપદ માસના કૃષ્ણ પક્ષમાં વરસાદ થાય. માઘ શુકલ પક્ષની સાતમને દિવસે વૃષ્ટિનો ગર્ભ ઉત્પન્ન થયો હોય તો આશ્વિન માસમાં નિરંતર વરસાદ થાય છે. પોષ માસની દશમને દિવસે જો મેઘનો આડંબર થાય તો ભાદ્રપદના કૃષ્ણ પક્ષમાં વરસાદ થાય છે. માઘ માસની સાતમને દિવસે વૃષ્ટિનો ગર્ભ રહ્યો હોય તો આશ્વિન માસમાં બત્રીશ દિવસ સુધી વરસાદ વરસે. પોષ માસની છઠ્ઠ, અગ્યારશ, પૂર્ણિમા અને અમાવાસ્યાને દિવસે ગર્ભની પરિપૂર્ણતા હોય તો અષાડ માસમાં નિરંતર વરસાદ વરસે એમ સર્વ પંડિતો કહે છે. પોષ માસના કૃષ્ણ પક્ષની સાતમને દિવસે જો વરસાદ ન થાય તો આર્દ્રા નક્ષત્રમાં વરસાદનો આરંભ થાય એટલે જળ અને સ્થળ એકાકાર થાય છે.

જ્ઞાપક ગર્ભ છ, સાત કે આઠ માસ પછી વરસે છે. સ્થાપક ગર્ભ જ્યેષ્ઠ, મૂળ અને પૂર્વાષાઢા નક્ષત્રમાં ઉદય પામે છે. કહ્યું છે કે—" પ્રતિપદા તિથિ, રોહિણી, જ્યેષ્ઠ અને મૂળ નક્ષત્રમાં વરસાદ થાય અને પૂર્વાષાઢા નક્ષત્રમાં ગર્જના થાય તો સાતે રસ ઉત્પન્ન થાય." ઉત્પાદક ગર્ભ બે પ્રકારનો છે.

એક 'તાત્કાલિક' એટલે તત્કાળ વૃષ્ટિ કરે તેવો, તથા બીજો 'સલક્ષણ' લક્ષણવાળો એટલે સાડા છ માસે વૃષ્ટિ કરે તેવો. ગર્ભ થયા પછી બે, ત્રણ, ચાર, પાંચ વગેરે દિવસથી પ્રારંભી એક માસ સુધીમાં જે વૃષ્ટિ કરે છે તે મધ્યમ તાત્કાલિક ગર્ભ જાણવો.

રૂદ્રની મેઘમાળા-માં કહેલું મેઘચક્ર

સંધ્યા સમયે પૂર્વ દિશામાં આકાશ વાદળાંઓથી આચ્છાદિત હોય તથા તે વાદળાંની આકૃતિ પર્વત કે હાથી જેવી જોવામાં આવે તથા અનેક પ્રકારનાં, શ્વેત હાથીઓની જેવાં તે વાદળાં દેખાતાં હોય તો પાંચ સાત દિવસમાં અવશ્ય વરસાદ થાય છે. ઉત્તર દિશામાં સંધ્યા સમયે પર્વતની પંક્તિ જેવાં વિસ્તૃત વાદળાં થાય તો ત્રણ દિવસમાં મનુષ્યોને સંતુષ્ટ કરનારી સારી વૃષ્ટિ થાય. પશ્ચિમ દિશામાં સંધ્યા સમયે પર્વત જેવાં વાદળાં જોવામાં આવે અને સૂર્યાસ્ત સમયે વાદળાં શ્યામ રંગવાળાં દેખાય તો શીઘ્રપણે વૃષ્ટિ થાય છે. દક્ષિણ દિશામાં સંધ્યા સમયે જટા કે મુકુટના આકારવાળાં વાદળાં દેખાય તો ત્રણ, પાંચ કે સાત દિવસની અંદર કાંઇક વરસાદ થાય છે. અગ્નિ ખૂણામાં વાદળાં થાય તો ગરમી અધિક પડે અને વરસાદ થોડો થાય. નૈઋત ખૂણામાં વાદળાં થાય તો ઇતિનો ઉપદ્રવ થાય તથા રોગ કરનાર વૃષ્ટિ થાય છે. વાયવ્ય ખૂણામાં ઉન્નત વાદળાં થાય તો તત્કાળ વાયુ સહિત વરસાદ થાય છે. ઈશાન ખૂણામાં વાદળાં અને વીજળી થાય તો સુખકારક જળવૃષ્ટિ થાય છે.

અષાડ માસના કૃષ્ણ પક્ષની ચોથ, પાંચમ, છઠ્ઠ, અમાસ

અને સાતમ એ તિથિઓ તત્કાળ વૃષ્ટિ કરનારી છે. આકાશમાં તાત્કાલિક ગર્ભનું પાંચ વર્ણવાળાં વાદળાં પૂર્વ દિશાથી પશ્ચિમ લક્ષણ તરફ જતા હોય અને પૂર્વ દિશાનો વાયુ વાતો હોય તો તે વરસાદ આવવાનું લક્ષણ છે એમ જાણવું. અષાડ માસની પૂર્ણિમા પછી પાંચમ સુધીના દિવસોમાં મધ્યાહ્ન સમયે અને સંધ્યા સમયે મેઘનું લક્ષણ જોવામાં આવે તો શીઘ્ર વરસાદ થાય છે. શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની સાતમ, દશમ અને અગ્યારશને દિવસે સંધ્યા સમયે મેઘનું લક્ષણ હોય તો ત્રણ દિવસમાં વરસાદ થાય. શ્રાવણ માસની અમાવાસ્યાને દિવસે અથવા શુકલ પક્ષમાં ચિત્રા નક્ષત્રને દિવસે દુર્દિન હોય તો શીઘ્ર ગર્ભ ઉત્પન્ન થાય છે. પૂર્વ દિશામાં ધૂમ્રવર્ણવાળાં વાદળાં સૂર્યાસ્ત સમયે પીળાં કે શ્યામ વર્ણવાળાં થઈ જાય, ઉત્તર દિશામાં મેઘની પંક્તિ દેખાય, પ્રાતઃકાળે દિશાઓ નિર્મળ રહે, તથા મધ્યાહ્ન સમયે અધિક ગરમી પડે તો તે મેઘનું લક્ષણ જાણવું જો આવું લક્ષણ હોય તો તે જ દિવસે અર્ધી રાત્રિ સમયે પ્રજાને સંતુષ્ટકારક સારી વૃષ્ટિ થાય છે. ભાદ્રપદ માસના શુકલ પક્ષની ચોથ, પાંચમ સાતમ, આઠમ, અને પૂર્ણિમા એ દિવસોમાં ગર્ભ રહે તો તત્કાળ વરસાદ થાય છે. પાંચમે કે સાતમે દિવસે પૃથ્વી જળથી પૂર્ણ થાય છે. આશ્વિન માસની ચોથ કે પાંચમને દિવસે પણ તત્કાળ વરસાદ કરનારો ગર્ભ થાય છે. શતભિષા નક્ષત્રને દિવસે દક્ષિણ દિશાનો પ્રબળ વાયુ એક વાર પણ વાય તો તત્કાળ વરસાદ વરસે છે. સર્વ દિશાઓ ધૂમ્ર વર્ણવાળી હોય અને પૂર્વ દિશાનો વાયુ વાતો હોય તો ચોથા પહોરે વરસાદ વરસવાથી સરોવર પૂર્ણ થાય છે. વરાહ કહે છે કે—“ વર્ષા

ઋતુમાં જે દિવસે ઉદયાચળ પર્વત પર રહેલો સૂર્ય કાંતિવડે અત્યંત તેજસ્વી હોય, પીગળેલા સુવર્ણ સમાન કે સ્નિગ્ધ વૈડૂર્ય મણિની સમાન ચીકણી કાંતિવાળો હોય તો તે જ દિવસે વરસાદ થાય છે. તથા તે સૂર્ય જો આકાશમાં ઉંચા સ્થાન પર જઇને તીક્ષ્ણ કિરણો વડે તપે તો તત્કાળ વરસાદ થાય છે."

ગર્ભના વિનાશનું લક્ષણ

ગર્ભને સમયે ઉલ્કાપાત, વજ્રાઘાત, ધૂળની વૃષ્ટિ, દિગ્દાહ, ભૂમિકંપ, ગંધર્વ નગર, કીલક (સૂર્યમાં કાળો દાગ દેખાય તે), કેતુ (ચોટલીવાળો તારો), ગ્રહયુદ્ધ, નિર્ઘાતનો શબ્દ, રૂધિરાદિકની વૃષ્ટિનો વિકાર, પરિઘ, ઇંદ્રધનુષ અને રાહુનું દર્શન (ગ્રહણ) આ સર્વ ઉત્પાતોથી તથા બીજા ત્રણ પ્રકારના ઉત્પાતોથી ગર્ભનો વિનાશ થાય છે. પોતાની ઋતુના સ્વભાવમાં ઉત્પન્ન થયેલો ગર્ભ સાધારણ લક્ષણવડે વૃદ્ધિ પામે છે, અને એ જ લક્ષણ વિપરીત થવાથી ગર્ભની હાનિ થાય છે. પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા અને રોહિણી એ નક્ષત્રોમાં ઉત્પન્ન થયેલો ગર્ભ સર્વ ઋતુમાં વૃદ્ધિ પામે છે તથા ઘણું જળ આપે છે. શતભિષા, અશ્લેષા, આર્દ્રા, સ્વાતિ અને મઘા એ નક્ષત્રોમાં ઉત્પન્ન થયેલો ગર્ભ શુભ હોય છે, અને ઘણા દિવસ સુધી પોષણ કરે છે. પરંતુ ત્રણ ઉત્પાતો વડે જો તે હણાય તો તત્કાળ નાશ પામે છે. માર્ગશીર્ષ માસમાં શતભિષા વગેરે પાંચ નક્ષત્રોમાં ઉત્પન્ન થયેલો ગર્ભ સાડા છ માસ પછી આઠ દિવસ સુધી વરસે છે. એ જ પ્રમાણે પોષ માસમાં ઉત્પન્ન થયેલો ગર્ભ છ દિવસ, માઘ માસમાં ઉત્પન્ન થયેલો ગર્ભ સોળ દિવસ, ફાલ્ગુન માસનો ગર્ભ ચોવીશ દિવસ, ચૈત્ર માસનો ગર્ભ વીશ દિવસ અને વૈશાખ માસનો

ગર્ભ ત્રણ દિવસ વરસાદ કરે છે. જો ગર્ભનું નક્ષત્ર ક્રૂર ગ્રહયુક્ત હોય તો સમગ્ર ગર્ભના કરા થઈને પડે, અને વીજળી પડે, તથા વરસાદની સાથે માછલાં પડે. જો ચંદ્ર કે સૂર્ય શુભ ગ્રહે કરીને યુક્ત હોય કે શુભ ગ્રહની દૃષ્ટિ પડતી હોય તો ઘણી વૃષ્ટિ થાય છે. જો ગર્ભને સમયે કારણ વિના ઘણી વૃષ્ટિ થાય તો ગર્ભનો વિનાશ થાય છે. એક દ્રોણના આઠમા ભાગથી અધિક વરસાદ થાય તો ગર્ભપાત થાય છે. જો પુષ્ટ થયેલા ગર્ભના પ્રસવ સમયે ગ્રહોના ઉપઘાત વગેરેના કારણથી વરસાદ ન વરસે તો બીજા ગર્ભના ગ્રહણને સમયે કરા મિશ્રિત જળવૃષ્ટિ થાય છે. જેમ ગાયોનું દૂધ ઘણો વખત રહેવાથી કઠિન થઈ જાય છે, એ જ પ્રમાણે જળ પણ વરસવાને સમયે ન વરસે તો કઠિન થઈ કરારૂપ બની જાય છે. જે ગર્ભ પવન, જળ, વીજળી, ગર્જના અને વાદળાં એ પાંચ પ્રકારનાં નિમિત્તથી પુષ્ટ થાય છે, તે સો યોજન સુધી વૃષ્ટિ કરે છે, ચાર નિમિત્તથી પચાસ યોજન સુધી વરસે છે, ત્રણ નિમિત્તથી પચીશ યોજન સુધી વરસે છે, બે નિમિત્તથી સાડાબાર યોજન સુધી વરસે છે, અને એક નિમિત્તથી પાંચ યોજન સુધી વરસે છે. અર્થાત્ એક એક નિમિત્તને અભાવે સો યોજનમાંથી અર્ધાર્ધની હાનિ થાય તેટલા યોજન સુધી વરસાદ થાય છે. પાંચે નિમિત્તવાળો ગર્ભ એક દ્રોણ (૨૦૦ પલ) પ્રમાણ જળની વૃષ્ટિ કરે છે. પ્રસવને સમયે પવન થાય તો ત્રણ આઢક (૧૫૦ પલ) જળની વૃષ્ટિ થાય છે. વીજળીના નિમિત્તવાળો ગર્ભ છ આઢક જળ વરસે છે, મેઘ સંયુકત ગર્ભ હોય તો નવ આઢક જળ વરસે છે, અને ગર્જના યુકત ગર્ભ હોય તો બાર આઢક જળ વરસે છે. સંધ્યાયુકત ગર્ભ એક યોજન સુધી વરસે છે, ગર્જનાયુકત ગર્ભ ત્રણ યોજન સુધી વરસે છે,

વીજળીયુક્ત ગર્ભ સાડા આઠ યોજન સુધી વરસે છે, ઉલ્કાપાતયુક્ત ગર્ભ અગ્યાર યોજન સુધી વરસે છે, પરિમંડળ યુક્ત ગર્ભ બાર યોજન સુધી વરસે છે, અને વાયુ યુક્ત ગર્ભ પંદર યોજન સુધી વરસે છે. વાયુ, વાદળાં, વૃષ્ટિ, વીજળી, ગર્જના, શીત, ઉષ્ણ, કિરણ, પરિવેષ અને જળમત્સ્ય એ દશ પ્રકાર ગર્ભપ્રસવનાં કારણ છે. જે ગર્ભ વાયુ, જળ, વીજળી, ગર્જના અને વાદળાં એ પાંચ નિમિત્તથી યુક્ત હોય તો તે ગર્ભ ઘણું જળ આપનાર થાય છે. જો ગર્ભ કાળે ઘણું જળ વરસે તો પ્રસવ સમયને પામીને જળના કણને (થોડા જળને) વરસે છે.

તત્કાળ વૃષ્ટિ થવાનું લક્ષણ

વાદળાંઓ ઘણો અંધકાર કરે, રાત્રિએ ખજવાનો પ્રકાશ અધિક થાય અને જળમાં ઉષ્ણતા થાય તો તત્કાળ મેઘ વરસવાનું લક્ષણ જાણવું. રાત્રિએ તારા ખરે, પ્રાતઃકાળે સૂર્ય રકતવર્ણવાળો હોય અને વરસાદ વિના આકાશમાં ઇંદ્રધનુષ દેખાય તો તત્કાળ વૃષ્ટિ થાય છે. વૃક્ષપર સર્પ ચડતા હોય, સૂર્ય અને ચંદ્ર ફરતું પરિમંડળ (કુંડાળું) થાય, કુતરા ઉંચે સ્થાને સૂવે, લોઢાપર વારંવાર કાટ ચડે, છાશમાં ખટાશ જલદી આવે, જળમત્સ્ય અને ઇંદ્રધનુષ દેખાય, પર્વત પર ધુંવર દેખાય, ચામડું વગેરે આર્દ્ર થાય, પ્રાતઃકાળે પશ્ચિમ દિશામાં ઇંદ્રધનુષ દેખાય અને શતભિષા નક્ષત્ર હોય તો તત્કાળ વૃષ્ટિ થાય છે. છાણમાં કીડાના ઉકેરા નીકળે, અત્યંત ગરમી પડે અને ચાતકપક્ષી શબ્દ કરે તો લોકમાં તત્કાળ વૃષ્ટિ થાય એમ સૂચવે છે. શ્રાવણ માસમાં સૂર્યોદય સમયે મેઘની ગર્જના થાય, અને જળ ઉપર માછલાંઓ તરે તો અઢાર પહોરની અંદર વરસાદ થઈને જળવડે પૃથ્વીને પૂર્ણ કરે. તે વિષે વરાહ કહે છે કે—"જ્યારે ચંદ્રનો

રંગ શુક અને કપોતના નેત્ર જેવો કે મધની જેવો દેખાય, તથા આકાશમાં ચંદ્રનું બીજું પ્રતિબિંબ દેખાય તો જલદી આકાશથી વૃષ્ટિ થાય. રાત્રિએ મેઘની ગર્જના થાય, દિવસે રક્તવર્ણવાળી વીજળી દંડની જેવી લાંબી સીધી દેખાય અને આગળ શીતળ વાયુ વાય તો તે જ સમયે જળનું આગમન થાય છે. લતાઓના નવાંકુરો આકાશની સન્મુખ થાય, ધૂળ કે જળની અંદર પક્ષીઓ સ્નાન કરતા હોય, ગાયો ઉંચું મુખ કરી આકાશ સન્મુખ જોતી હોય, બિલાડી ભૂમિને ખણુતી હોય, ગાયોનાં નેત્રમાંથી જળ ઝરતું હોય, ગળી અને કાજળની જેવું આકાશ દેખાતું હોય, માર્ગમાં બાળકો ધૂળ વગેરેના પૂલ કે કૂબા વગેરે કરતા હોય, કીડીઓ ઇંડા મૂકે, ૧ કૂતરાઓ ઘર તરફ ઉંચું જુએ, અને અગ્નિ ખૂણામાં શિયાળનો શબ્દ સાંભળવામાં આવે, આ સર્વ નિમિત્તોથી જલદી વરસાદ થાય છે એમ જાણવું. જો ભાદ્રપદ માસમાં પ્રતિપદા, દશમી, સપ્તમી, પૂર્ણિમા અને નવમી એ તિથિઓમાં અનુક્રમે પશ્ચિમ દિશાને વિષે રહેલાં વાદળાં દેખવામાં ન આવે તો નિરંતર મેઘ ઘણું જળ વરસાવે. સૂર્યાસ્ત સમયે સંધ્યાકાળે જળથી ભરેલાં વાદળાં પર્વતના આકાર જેવાં દેખાય તો રાત્રિ દિવસ વરસાદ વરસે. શ્રાવણ માસમાં સૂર્યાસ્ત સમયે આકાશ જ્યાં સુધી રક્ત વર્ણવાળું દેખાય ત્યાં સુધી વરસાદ વરસે નહીં કે જેથી માણસોને છાશ પણ પીવા મળે

---

૧ માણિક્યસૂરિએ રચેલા શકુન સારોદ્ધાર નામના ગ્રંથમાં કહ્યું છે કે—"જળાશય તીર્થના કાંઠા પર રહેલા કૂતરા અંગને કંપાવે તો તે દેશમાં આગામી મેઘ વર્ષાનું સૂચવન કરે છે. વર્ષાઋતુમાં કૂતરા સૂર્ય–ચંદ્રને દેખી ઉંચું મુખ કરી રોવા લાગે તો સાત રાત્રિ પછી ઘણી વૃષ્ટિ થાય એમ સૂચવે છે. તથા આકાશમાં મુખને પસારી બગાસાં ખાતા દેખાય તો આવી ચેષ્ટાથી જલદી જળની વૃષ્ટિ થશે એમ જાણવું.

નહીં. વરાહમિહિર કહે છે કે—"સંધ્યાકાળે સૂર્યનાં કિરણો સ્નિગ્ધ હોય, પરિઘ, વીજળી, મત્સ્ય, પારઘિ તથા પરિવેષ સહિત હોય, તથા ઇંદ્રધનુષ સહિત હોય તો તત્કાળ વૃષ્ટિ થાય છે. સૂર્યનાં કિરણો વચ્ચેથી વિચ્છેદ પામતાં હોય, વિષમ હોય, હણાયેલાં હોય, વિકારવાળાં હોય, કુટિલ (વક્ર) હોય, જમણી બાજુથી પરિવેષવાળાં હોય, તેમજ નાનાં, ટુંકાં, વિકળ અને કલુષ (મેલાં) દેખાતા હોય અને પરસ્પર વિગ્રહવાળાં હોય તો જલદી વરસાદ આવે છે. અંધકાર રહિત આકાશમાં સૂર્યનાં કિરણો પ્રકાશિત, પ્રસન્ન (નિર્મળ), સરળ, લાંબાં અને દક્ષિણાવર્ત હોય તો તે જગતના કલ્યાણને માટે છે. પ્રાતઃકાળે મધ્યાહ્નકાળે અને સાયંકાળે સૂર્યનાં કિરણો શ્વેત, સ્નિગ્ધ, અખંડ અને સરળ હોય તો તે અમોઘ નામનાં કહેવાય છે, અને તે વૃષ્ટિને કરનારાં છે.

ગુપ્ત રાખવા લાયક આ વૃષ્ટિના ગર્ભનું જ્ઞાન જેવા તેવા મનુષ્યને કહેવા લાયક નથી. સારી રીતે શિષ્યની પરીક્ષા કરીને આ જ્ઞાન આપવું જોઇએ, કે જેથી કરીને ઉપહાસ ન થાય. રૂદ્રદેવ બ્રાહ્મણે કહ્યું છે કે–''જો મહાદેવ પોતે કહે તો પણ ક્ષુદ્ર, પાખંડી, ધૂર્ત અને ફોગટ ઉપહાસ કરનારાને આ જ્ઞાન આપવું નહીં. શ્રી જિનેશ્વરના કેવળજ્ઞાનને અનુસરીને કોઇ પણ પ્રકારે આ ગર્ભનો સમૂહ વિશેષ સહિત અહીં કહ્યો છે. મેઘમાળા તો સમુદ્રના જળથી પણ ઘણી વિશાળ છે. તો તેનો સમગ્ર સાર ગ્રહણ કરવા કોણ શક્તિમાન થઇ શકે? કોઇ પણ શક્તિમાન નથી.

ઇતિ શ્રી મહોપાધ્યાય શ્રી મેઘવિજયજી ગણિ રચિત શ્રી મેઘમહોદય અથવા વર્ષપ્રબોધ ગ્રંથનો આઠમો અધિકાર સમાપ્ત

નવમો તિથિ ફળ કથન અધિકાર—

આવતા ભાવનો વિચાર કરી સંવત્સરના સમગ્ર શુભાશુભ ને તિથિને કહેવા પૂર્વક વ્યાખ્યાન કરે છે. માસ અને પક્ષના પ્રસંગ દ્વારા કાંઇક કહી ગયા છીએ, બાકીના સમગ્ર ફળના લાભને માટે કાંઇક વિશેષ કહે છે.

ચૈત્ર શુદ પ્રતિપદાને દિવસે રેવતિ નક્ષત્ર હોય તો ઘણી વૃષ્ટિ થાય છે. વૈશાખ શુદી પ્રતિપદાને દિવસે ભરણી નક્ષત્ર હોય તો તૃણની ઉત્પત્તિ થાય. જ્યેષ્ઠ શુદ પ્રતિપદાને દિવસે મૃગશીર્ષ નક્ષત્ર હોય તો ઘણો વાયુ વાય. અષાડ શુદ પ્રતિપદાને દિવસે પુનર્વસુ નક્ષત્ર હોય તો ધાન્યની ઉત્પત્તિ થાય.

ચૈત્ર શુદ પ્રતિપદાને દિવસે રવિવાર હોય તો વિશેષ વાયુ વાય, વરસાદ થોડો થાય, ફળ થોડાં ઉત્પન્ન થાય અને ધાન્ય પણ થોડું પાકે. ચૈત્ર શુદ પ્રતિપદાને દિવસે સોમવાર હોય તો વરસાદ અને ધાન્ય અધિક થાય અને મનુષ્યો ઘણો ઉદય પામે. મંગળવાર હોય તો સાત પ્રકારની ઈતિ, ટીડ અને ઉંદર વગેરેનો ઉપદ્રવ થાય. બુધવાર હોય તો મધ્યમ વરસાદ થાય. ગુરૂવાર કે શુક્રવાર હોય તો સુકાળ થાય. શનિવાર હોય તો ધાન્ય, રસ, તૃણ અને જળનો અભાવ થાય તથા પ્રજા દુ:ખી થાય. જો ચૈત્ર શુદ બીજને દિવસે રોહિણી નક્ષત્ર હોય તો બાજરી મોંઘી થાય, પ્રતિપદાને દિવસે રોહિણી નક્ષત્ર હોય તો જુવાર મોંઘી થાય, ત્રીજને દિવસે રોહિણી નક્ષત્ર હોય તો તલ મોંઘા થાય, ચોથને દિવસે રોહિણી નક્ષત્ર હોય તો ચોળા

મોંઘા થાય તથા પાંચમને દિવસે રોહિણી હોય તો અત્યંત રૌરવ દુઃખ થાય, એમ વિદ્વાનો કહે છે. પરંતુ દૈવયોગથી તે દિવસે રવિ, મંગળ કે શનિવાર હોય તો અધિક અશુભ ફળ કહ્યું છે. તથા ગુરૂવાર વગેરે શુભ વાર કે શુભ યોગ હોય તો કહેલું ફળ અલ્પ થાય છે. શ્રી હીરવિજયસૂરિએ કહ્યું છે કે—"ચૈત્ર શુદ પડવાને દિવસે શુક્ર, સોમ કે ગુરૂવાર હોય તો સમગ્ર સંવત્સરમાં ધન-ધાન્ય સસ્તું થાય. ચૈત્ર શુદ બીજને દિવસે રવિવાર અને રેવતિ નક્ષત્ર હોય તો ચાર માસ સુધી ધન-ધાન્ય સસ્તું થાય. ચૈત્ર સુદ ત્રીજને દિવસે શનિવાર અને રોહિણી નક્ષત્ર હોય તો સમગ્ર વર્ષ દુઃખદાયક થાય અને અલ્પ વૃષ્ટિ થાય."

ચૈત્ર શુદ સાતમને દિવસે આર્દ્રા નક્ષત્ર હોય તો ત્રણ માસ ધાન્ય થોડું મળે અને શ્રાવણ માસમાં મેઘની વૃષ્ટિ થાય. ચૈત્ર શુદ દશમને દિવસે શનિવાર તથા મઘા નક્ષત્ર હોય તો મેઘનો ઉદય થાય અને ધાન્ય સસ્તું થાય. ચૈત્ર શુકલપક્ષમાં યથાયોગ્ય રૂ, કપાસ, બાજરી અને જુવાર એ વસ્તુનો સંગ્રહ કરવાથી જ્યેષ્ઠ અને અષાડ વગેરે માસમાં લાભ થાય.

વિંશોપક લાવવાનો વિચાર

ચૈત્ર માસની શુકલ પ્રતિપદા જેટલી ઘડી હોય તેમાં તે દિવસના નક્ષત્રને મેળવી બારે ભાગ દેવો, તેમાં જે વધે તે વિંશોપક સમજવા. તેમાં વિશેષ એ કે—અષાડ શુદ બીજને દિવસે પુષ્ય નક્ષત્ર જેટલી ઘડી હોય તેટલા વિંશોપક જાણવા. શ્રી હીરસૂરિએ રચેલી મેઘમાળામાં કહ્યું છે કે—"શ્રાવણ વદ અગ્યારશને દિવસે રોહિણી નક્ષત્ર જેટલી ઘડી હોય, તેટલા ધાન્યના વિંશોપક જાણવા." એમ પ્રથમ

કહ્યું છે. લોકમાં પણ કહ્યું છે કે—"શ્રાવણ માસની કૃષ્ણ એકાદશીને દિવસે રોહિણી નક્ષત્ર જેટલી ઘડી હોય તેનાથી અર્ધા ધાન્યના વિંશોપક હોય છે." બીજા ગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે કે—"ફાલ્ગુન માસના શુકલ પક્ષની પ્રતિપદાને દિવસે શતભિષા નક્ષત્ર જેટલી ઘડી હોય તેટલી પાયલી[1] (પાલી) ધાન્ય લોકમાં વેચાય." કોઇ ઠેકાણે આ પ્રમાણે કહ્યું છે કે—"કાર્તિક શુદ પાંચમ જેટલી ઘડી હોય તેને ત્રણે ભાગવા, જે શેષ રહે તેટલો ભાવ સમજવો." આનો અર્થ આ પ્રમાણે છે–"કાર્તિક શુદ પાંચમ જેટલી ઘડી હોય તેટલા પાશેર અન્ન એક રૂપિયાના વેચાય. અથવા પલ્લિકાનો[2] ચોથો ભાગ એક રૂપિયે વેચાય. કોઇ કહે છે કે–પાંચમ જેટલી ઘડી હોય તેને ચારે ભાગ દેવો. જે ભાગમાં આવે તેટલા મણ અનાજ એક રૂપિયે વેચાય. દેશાંતરમાં પાંચમની ઘડીને ચારે ભાગતાં જે ભાગમાં આવે તેટલા શેર કે પલ્લિકા એક રૂપિયે મળે એમ કહે છે. અથવા તો પાંચમની ઘડીને ત્રણે ભાગવા. જે ભાગમાં આવે તેમાંથી એક બાદ કરવો. જે શેષ રહે તેટલી પલ્લિકા એક રૂપિયાની વેચાય." કોઈ ઠેકાણે આ પ્રમાણે કહ્યું છે કે–"કાર્તિક શુકલ પંચમીને દિવસે જો રવિવાર હોય તો એક રૂપિયાનું દશ પલ્લિકા ધાન્ય મળે, એ જ પ્રમાણે સોમવાર હોય તો વીશ પલ્લિકા, મંગળવાર હોય તો આઠ પલ્લિકા, બુધવાર હોય તો બાર પલ્લિકા, ગુરૂવાર હોય તો સોળ પલ્લિકા અને શુક્રવાર હોય તો એક રૂપિયાનું સોળ પલ્લિકા ધાન્ય વેચાય. કદાચ દૈવયોગથી શનિવાર હોય તો દુકાળ પડે એમ જાણવું.

---

૧ અઢી શેર ધાન્ય માય તેટલું માપ. ૨ અઢી શેર ધાન્ય માય તેટલું માપ.

તે વખતે એક મહામુદ્રિકાવડે ધાન્યની એક પલ્લિકા વેચાય." કોઈનો મત એવો છે કે-"કાર્તિક શુદ પાંચમને દિવસે રવિવાર હોય તો એક મહા મુદ્રિકાનું અઢી પલ્લિકા ધાન્ય મળે, સોમવાર હોય તો પાંચ પલ્લિકા, મંગળવાર હોય તો બે પલ્લિકા, બુધવાર હોય તો ત્રણ પલ્લિકા, ગુરૂવાર હોય તો એક મહા મુદ્રિકાનું સાડા ચાર પલ્લિકા ધાન્ય મળે, અને જો શુક્રવાર કે શનિવાર હોય તો દુકાળ પડે એમ જાણવું."

વિક્રમ સંવત્સરના અંકને ત્રણે ગુણી તેમાં પાંચ ઉમેરવા. પછી તેને સાતે ભાગવા. જે શેષ રહે તેટલા મણ ધાન્ય એક રૂપિયાનું વેચાય. રાવવારને દિવસે જેટલી ઘડી દશમ હોય તેટલી ઘડી ગણીને પંડિતે તેને સાઠે ભાગવા. જે શેષ રહે, તેટલા મણ ધાન્ય એક રૂપિયાનું વેચાય. કોઈ એમ પણ કહે છે કે—"જ્યેષ્ઠ અને અષાડ માસની આઠમને દિવસે રવિવાર હોય અને તે દિવસે આઠમ જેટલી ઘડી હોય તેટલા મણ ધાન્ય એક રૂપિયાનું વેચાય." અથવા તો શનિ કે રવિવારને દિવસે દશમ જેટલી ઘડી હોય તેટલા માણા ધાન્ય એક [1]સ્કંદકનું મળે. અથવા પંચાંગમાં જેટલી સોમવતી અમાસ હોય અથવા જેટલી સોમવતી પાંચમ હોય તેટલા મણ ધાન્ય એક રૂપિયાનું મળે. બીજા ગ્રંથમાં કહ્યું છે કે—"પંચાંગમાં ચૈત્ર માસની અમાવાસ્યા જેટલી ઘડી હોય તેટલા પીરોજીયા શેર કાર્તિક માસમાં ધાન્ય વેચાય." નવીન દૈવજ્ઞોનો મત આ પ્રમાણે છે—"ધાન્યના વિંશોપકમાં ક્ષુધાના વિંશોપક ભેળવવા. તેમાંથી વરસાદના વિંશોપક બાદ કરવા. જે શેષ રહે તેટલા મણ ધાન્ય એક રૂપિયાનું વેચાય.

---

૧ એક જાતનું નાણું.

રામવિનોદમાં કહ્યું છે કે—ઈચ્છિત શક સંવત્સરને ત્રણે ગુણી સાતે ભાગ દેવો. જે શેષ રહે તેને

ક્ષુધાના વિંશોપક લાવવાનો ઉપાય બમણા કરી તેમાં પાંચ ઉમેરવા. તેટલા વરસાદના વિંશોપક થાય છે. પછી તેને સાતે ભાગ દેવો. જે ભાગમાં આવે તેને શકની કલ્પના કરી પૂર્વની વિધિ પ્રમાણે ધાન્યના વિંશોપક સાધવા. એ જ પ્રકારે વારંવાર જેટલા ભાગમાં આવે તેને શકની કલ્પના કરી તૃણુ, શીત, તેજ, વાયુ, વૃદ્ધિ, ક્ષય અને વિગ્રહના વિંશોપક સાધવા. તથા ક્ષુધા વગેરેના વિંશોપક બીજા પ્રકારે સાધવા. આ વિંશોપકનું જ્ઞાન ફળદાયક થાય છે. તે સાધવાની રીત આ પ્રમાણે છે—

શક સંવત્સરને ચાર ગુણા કરી સાતે ભાગવા. જે શેષ રહે તેને બમણા કરી તેમાં ત્રણ ઉમેરવા. તેમ કરવાથી તેર ભાવોના વિશ્વા બને છે. ક્ષુધા, તૃષા, નિદ્રા, આલસ્ય, ઉદ્યમ, શાંતિ, ક્રોધ, દંભ, લાભ, મૈથુન, રસ નિષ્પત્તિ, ફળનિષ્પત્તિ અને ઉત્સાહ, એ સર્વ લોકોના તેર ભાવો છે.

અહીં પ્રસંગને લીધે બીજી બાબત પણ કહે છે-શક સંવત્સરને આઠે ગુણી નવે ભાગ દેવો. જે શેષ રહે તેને બમણા કરી તેમાં એક ઉમેરવો. તેમ કરવાથી ઉગ્રતા, પુણ્ય, પાપ, વ્યાધિ, વ્યાધિનાશ, આચાર, અનાચાર, પ્રાણીઓનાં મરણ, જન્મ, દેશનો ઉપદ્રવ, દેશની શાંતિ, ચોરભય, ચોરની શાંતિ, અગ્નિભય અને અગ્નિની શાંતિ, એ સર્વના વિંશોપક થાય છે. શક સંવત્સરને પાંચ, સાત, નવ અને અગ્યારે ગુણી સાતે ભાગ દેવો. જે શેષ રહે તેને બમણા કરી તેમાં ત્રણ ઉમેરવા. એમ કરવાથી ઉદ્ભિજ, જરાયુ, અંડજ અને સ્વેદજના વિંશો-

પક થાય છે. શક સંવત્સરને છએ ગુણી નવે ભાગ દેવો. જે શેષ રહે તેને બમણા કરી તેમાં ત્રણ ઉમેરવા. જે અંક આવે તેને સાત ઠેકાણે રાખવા. તેમ કરવાથી શલભ, મૂષક, શુક, સોનું, તાંબું, સ્વચક્ર, પરચક્ર, ઇતિ, અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ એટલાના વિંશોપક થાય છે. મેઘજીના ગ્રંથમાં કહ્યું છે કે—"હે મિત્ર! તિથિ, નક્ષત્ર અને યોગની ઘડીઓ એકત્ર કરી વીશે ભાગ દેવો. જે શેષ રહે તે વિંશોપક જાણવા.

ચૈત્ર માસ

ચૈત્ર શુદ આઠમને દિવસે બુધવાર કે મંગળવાર હોય તો તે વર્ષ વિરૂપ થાય છે એટલે વરસાદ વરસે નહીં. તેથી નદીને કિનારે ઘર કરવાં જોઇએ. ચૈત્ર શુદ પાંચમને દિવસે રોહિણી નક્ષત્ર હોય અને તે દિવસે આકાશ વાદળાંવડે વ્યાપ્ત હોય તો ગર્ભની પૂર્ણતા જાણવી. ચૈત્ર શુદ બીજને દિવસે ચારે દિશાનો વાયુ વાતો હોય અને વાદળાં હોય નહીં તો અનાવૃષ્ટિ જાણવી, તેમાં કાંઈ સંશય નથી. ચૈત્ર માસની પૂર્ણિમાને દિવસે જો સ્વાતિ નક્ષત્ર હોય અને તે દિવસે વાદળાં સહિત વીજળી હોય તો પ્રથમના નક્ષત્ર દોષ રહિત છતાં પણ ગર્ભપાત થાય છે.

વૈશાખ માસ

વૈશાખ વદ પડવાને દિવસે જે નક્ષત્ર હોય તે પ્રતિપદાથી હીન (ઓછું) હોય તો ભૂમિપર થોડો વરસાદ થાય, સમાન હોય તો સુખ થાય અને અધિક હોય તો ઘણો વરસાદ થાય. લોકમાં પણ કહ્યું છે કે—"ચૈત્ર માસ પૂર્ણ થયા પછી વૈશાખ માસની પહેલી પ્રતિપદા તિથિ જો વધારે હોય તો ધાન્યનો વિનાશ થાય, અને નક્ષત્ર વધારે હોય તો આકાશમાં મેઘ ચડી આવે. (વરસાદ ઘણો થાય.)" વૈશાખ વદ પાંચમને દિવસે

રવિવાર હોય તો આવતા વર્ષની સંક્રાંતિને દિવસે વરસાદ થાય નહીં. વૈશાખ શુદ પાંચમને દિવસે શનિવાર હોય અને તે દિવસે આર્દ્રા નક્ષત્ર હોય તો સર્વ વસ્તુ સસ્તી થાય, તથા ભાદ્રપદ માસમાં મેઘનો ઉદય થાય. વૈશાખ શુદ પાંચમને દિવસે રવિવાર હોય તો મંદ વૃષ્ટિ થાય, સોમવાર હોય તો અતિવૃષ્ટિ થાય, મંગળવાર હોય તો યુદ્ધ થાય, બુધવાર હોય તો વાયુ પ્રચંડ વાય, ગુરૂવાર હોય તો સુકાળ થાય, શુક્રવાર હોય તો કલહ થાય, અને શનિવાર હોય તો અન્નનો નાશ થાય. જો વૈશાખ માસની સાતમને દિવસે ધનિષ્ઠા કે શ્રવણ નક્ષત્ર હોય તો કાળી વસ્તુ મોંઘી થાય અને સફેદ વસ્તુ સસ્તી થાય છે. અક્ષય તૃતીયાને દિવસે રોહિણી નક્ષત્ર હોય તો સુકાળ થાય, કૃત્તિકા નક્ષત્ર હોય તો વર્ષ મધ્યમ થાય, અને મૃગશીર્ષ નક્ષત્ર હોય તો દુકાળ જાણવો. જો વૈશાખ માસમાં પાંચ મંગળવાર હોય તો સર્વત્ર ભય થાય, વરસાદ વરસે નહીં, અને ધાન્ય મોંઘાં થાય. વૈશાખ શુદ આઠમને દિવસે શનિવાર હોય તો જળ સુકાઇ જાય, પ્રજાનો નાશ થાય, અને છત્રભંગ થાય એમ જાણવું. વૈશાખ શુદ નોમને દિવસે મંગળવાર હોય અને તે દિવસે રોહિણી, ત્રણ ઉત્તરા, મઘા કે રેવતિ નક્ષત્ર હોય તો પૃથ્વીપર ઘણું કષ્ટ થાય. વૈશાખ માસની ચૌદશને દિવસે ગુરૂવાર કે શુક્રવાર હોય તો પૃથ્વીપર ઘણું ધાન્ય ઉત્પન્ન થાય. વૈશાખ માસની અમાવાસ્યાને દિવસે રેવતિ નક્ષત્ર હોય તો સુકાળ, રોહિણી નક્ષત્ર હોય તો લોકોમાં દુઃખ, અશ્વિની નક્ષત્ર હોય તો મધ્યમ, ભરણી નક્ષત્ર હોય તો રોગથી લોકો દુઃખી, કૃત્તિકા નક્ષત્ર હોય તો અલ્પ વૃષ્ટિ થાય, માર્ગમાં ચોર લુંટે અને રાજાઓમાં પરસ્પર યુદ્ધ થાય. અક્ષય

તૃતીયાને દિવસે ગુરૂવાર હોય અને તે દિવસે રોહિણી નક્ષત્ર હોય તો પૃથ્વીપર સર્વ પ્રકારનાં ધાન્યની પ્રાપ્તિ અને મંગળ હોય છે.

જયેષ્ઠ માસ

જયેષ્ઠ માસના પ્રથમ પક્ષની પ્રથમ તિથિએ કયો વાર છે, તેને પ્રથમ યત્નથી શોધવો. જો રવિવાર હોય તો અધિક પવન વાય, મંગળવાર હોય તો વ્યાધિ કરે, બુધવાર હોય તો દુકાળ અને ખંડ ખંડ વૃષ્ટિ થાય. ગુરૂ, શુક્ર કે સોમવાર હોય તો એક વર્ષ સુધી પૃથ્વી ધન ધાન્યથી પૂર્ણ હોય, જો દૈવ-યોગથી શનિવાર હોય તો જળનો શોષ થાય, પ્રજાનો નાશ થાય અને છત્રભંગ થાય. જેઠ શુદી બીજ કે ત્રીજને દિવસે જો આર્દ્રા નક્ષત્ર હોય તો વરસાદ વરસે નહીં અને મોટો દુકાળ પડે. જયેષ્ઠ માસના [1]કૃષ્ણપક્ષની પ્રતિપદાને દિવસે જો શનિવાર હોય તો જળનો શોષ, પ્રજાને દુઃખ અને છત્રનો ભંગ થાય છે એમ જાણવું. જયેષ્ઠ માસના કૃષ્ણ પક્ષની દશમને દિવસે રેવતી નક્ષત્ર હોય તો તે સુખકારક છે. અગ્યારશને દિવસે રેવતી હોય તો ખંડ ખંડ વૃષ્ટિ થાય અને બારશને દિવસે રેવતી હોય તો તે કષ્ટદાયક છે. જયેષ્ઠ શુક્લ દશમને દિવસે જો શનિવાર હોય તો વરસાદનો નિરોધ થાય, ગાયોનો વિનાશ થાય, અને પ્રજાઓ મહા શોક વડે વ્યાકુળ થાય. લોકમાં પણ કહ્યું છે કે—" જયેષ્ઠ માસની પૂર્ણિમાને દિવસે

---

૧ જયેષ્ઠ માસનો પ્રથમ પક્ષ કહેવાથી શુક્લ પક્ષનો ભ્રમ થઈ જાય. તે દૂર કરવા માટે અહીં જયેષ્ઠ કૃષ્ણ પ્રતિપદા એમ કહ્યું છે.
" જયેષ્ઠ માસ અમાવસે, જો શનિવારી હોય; દેવ ન વરસે ઘણુ મરે, વીરલો જીવે કોઇ ॥ ૧ ॥

થોડું પણ મૂળ નક્ષત્ર હોય તો દશે દિશામાં ધાન્યની પ્રાપ્તિ થાય અને જળની વૃષ્ટિ સારી થાય.

અષાડ માસ

અષાડ માસના શુકલ પક્ષની પ્રતિપ્રદાને દિવસે જેટલું પુનર્વસુ નક્ષત્ર હોય, તેટલો વર્ષા ઋતુમાં વરસાદ થાય.

કાળી રોહિણીનો વિચાર

અષાડ કૃષ્ણ પક્ષની દશમને દિવસે જો રોહિણી નક્ષત્ર હોય તો સુકાળ થાય છે. અગ્યારશને દિવસે રોહિણી હોય તો મધ્યમ સમય અને બારશને દિવસે રોહિણી હોય તો દુકાળ થાય છે, તેરશને દિવસે રોહિણી નક્ષત્ર હોય તો ઉત્તમ વાયુ વાય છે, ચૌદશને દિવસે રોહિણી હોય તો રાજાઓ વચ્ચે યુદ્ધ થાય અને પ્રજાજન શોકથી વ્યાકુલ થાય. લોકમાં પણ કહ્યું છે કે—"હે ભડુલી! રોહિણી અને ચંદ્રમાના યોગથી જો એક પણ ઘડી રવિવાર હોય અથવા રોહિણી અને સૂર્યના યોગથી એક પણ ઘડી સોમવાર હોય તો સમય સારો થાય (સુકાળ થાય)." અષાડ શુકલ પક્ષની પાંચમને દિવસે રવિવાર હોય તો વરસાદ થાય, સોમવાર હોય તો સારો વરસાદ થાય, મંગળવાર હોય તો અત્યંત વરસાદ થાય, બુધવાર હોય તો ઉંચો વાયુ વાય, ગુરૂવાર હોય તો પ્રધાત થાય, શુક્રવાર હોય તો પ્રલય થાય, અને શનિવાર હોય તો વિનાશ થાય. અષાડ શુકલ પક્ષની નોમને દિવસે શનિવાર હોય અને તે દિવસે અનુરાધા નક્ષત્ર હોય તો કોઇ ઠેકાણે ધાન્યની થોડી પ્રાપ્તિ થાય અને કોઈ ઠેકાણે દુકાળ પડે. અષાડ માસના પહેલા પક્ષમાં પ્રતિપદા, દ્વિતીયા અને તૃતીયાને દિવસે શ્રવણ કે ધનિષ્ઠા નક્ષત્ર આવે

તો ધાન્યનો સંગ્રહ કરવો યોગ્ય છે. અષાડ કૃષ્ણ પક્ષની છઠ્ઠને દિવસે શનિવાર હોય તો ઘઉં ગ્રહણ કરવાથી કાર્તિક માસમાં વેચતાં બમણો લાભ થાય. અષાડ માસની આઠમને દિવસે શનિવાર હોય અને તે દિવસે રેવતી નક્ષત્ર હોય તો વરસાદ ન થાય અને મહા દુઃખ ઉત્પન્ન થાય. અષાડ શુકલ એકાદશીને દિવસે શનિવાર હોય તો ઉંદરનો ઉપદ્રવ થાય, રવિવાર હોય તો કાતરાનો ઉપદ્રવ થાય, અને મંગળવાર હોય તો તીડનો ઉપદ્રવ થાય. કોઈ કહે છે કે—"ધાન્ય મોઘું થાય, અને દુકાળ પડે." સોમવાર, શુક્રવાર કે ગુરૂવારે દેવ પોઢે એટલે અષાડ શુદ અગ્યારસ હોય તો અન્ન ઘણું ઉત્પન્ન થાય, અને પૃથ્વી જળથી તૃપ્ત થાય. જો શનિ, રવિ કે મંગળવારને દિવસે દેવ પોઢે તો તીડ, ઉંદર અને કાતરાનો ઉપદ્રવ થાય. અષાડ માસમાં કર્ક સંક્રાંતિને દિવસે શનિવાર હોય તો દુકાળ પડે, તથા ધાન્ય મોઘું થાય. અષાડ માસની ચૌદશને દિવસે સોમવાર હોય તો લોકમાં ધાન્ય અને તૃણ ઉત્પન્ન ન થાય, તેથી ગાય વગેરેનું શું પ્રયોજન હોય ? અષાડ માસના પહેલા પક્ષમાં બીજ કે નોમને દિવસે ગુરૂ, સોમ કે શુક્રવાર હોય તો તે શ્રેષ્ઠ છે અને બુધ કે શનિવાર હોય તો તે અશુભ છે. કહ્યું છે કે–" અષાડ માસના પહેલા પક્ષમાં બીજ અને નોમને દિવસે સોમ, શુક્ર કે ગુરૂવાર હોય તો જળવૃષ્ટિ સારી થાય, રવિવાર હોય તો તાપ અધિક પડે, બુધવાર હોય તો ઠંડી અધિક પડે, મંગળવાર હોય તો વરસાદ ન થાય અને દૈવ યોગથી શનિવાર હોય તો અવશ્ય દુકાળ પડે." અષાડ શુકલ પક્ષની અગ્યારશને દિવસે શનિ, રવિ કે મંગળવાર હોય

તો વર્ષ સમાન હોય, અને જો તે તિથિ તે વારે પૂર્ણ હોય તો દુકાળ પડે.

અષાડ માસની પૂર્ણિમાનો વિચાર

"ત્રણ લોકમાં સૂર્ય સમાન જગતને વલ્લભ એવા જળધર [મેઘ] રૂપ શ્રી મહાવીરસ્વામીને નમીને." આ પ્રમાણે નમસ્કાર કરવા પૂર્વક ચતુર્માસકુલક નામના ગ્રંથમાં આ પ્રમાણે પૂર્ણિમાનું ફળ કહ્યું છે–"અષાડ માસની પૂર્ણિમાના દિવસ રાત્રિ પૂર્વાષાઢા નક્ષત્ર હોય તો ચારે માસ ક્ષેમ, સુકાળ અને માંગલિક થાય. પૂર્ણિમાના પહેલા બે પ્રહર મૂળ નક્ષત્ર હોય અને પછી પૂર્વાષાઢા નક્ષત્ર હોય તો પહેલા બે માસ દુકાળ રહે અને પછી સુકાળ થાય. અથવા તો પૂર્વાષાઢા નક્ષત્ર બે પ્રહરથી વધારે હોય તો બે માસ સુકાળ અને માંગલિક હોય. જો ચાર પ્રહર મૂળ નક્ષત્ર હોય તો ચારે માસ દુકાળ અને રસની હાનિ થાય. અથવા પછીના ચાર પ્રહર ઉત્તરાષાઢા નક્ષત્ર હોય તો પાછળના ચાર માસ દુકાળ જાણવો. જો બે પ્રહર પૂર્વાષાઢા હોય અને ત્યારપછી ઉત્તરાષાઢા નક્ષત્ર હોય તો પહેલા બે માસ સુકાળ થાય અને રસની હાનિ થાય. જો પહેલા બે પ્રહર મૂળ નક્ષત્ર હોય અને ત્યારપછી પૂર્વાષાઢા નક્ષત્ર હોય તો પહેલાં દુઃખ અને પછી સુખ થાય. અર્ઘકાંડમાં પણ કહ્યું છે કે–અષાડ માસની પૂર્ણિમાને દિવસે પૂર્વાષાઢા નક્ષત્ર પૂર્ણ હોય તો એક વર્ષ સુધી શુભ થાય, ધાન્ય સારૂં પાકે, અને પ્રજા શાંતિ પૂર્વક સુખી થાય. અર્ધું મૂળ નક્ષત્ર અને અર્ધું પૂર્વાષાઢા નક્ષત્ર હોય તો મધ્યમ ફળદાયક છે, સમગ્ર દેશમાં એક વર્ષ સુધી મધ્યમ ધાન્ય હોય. પૂર્ણિમાના જે પ્રહરમાં

વાદળ રહિત પૂર્વ કે ઉત્તર દિશાનો નિર્મળ વાયુ વાય તો તે માસમાં નિશ્ચે વરસાદ વરસે. જો અષાડ માસની પૂર્ણિમા (એક જ દિવસ રાત્રિએ) સાઠ ઘડી હોય તો બાર માસ સુધી ધાન્ય સસ્તું રહે, અને લોકમાં સુખ ઉપજે; ત્રીશ ઘડી હોય તો છ માસ સુખ અને પછીથી દુઃખ થાય; પંદર ઘડી હોય તો ચાર માસ સુકાળ રહે અને પંદર ઘડીથી પણ ઓછી હોય તો દુઃખ થાય. અહીં વાદળાં અને વાયુના સંયોગથી ફળમાં ન્યૂનાધિકપણું થાય છે, તે આ પ્રમાણે–અમાવાસ્યાથી સોળમે દિવસે અષાડ પૂર્ણિમાને દિવસે વાદળાં અને પૂર્વાષાઢા નક્ષત્ર હોય તો ધાન્ય ઘણું પેદા થાય. જે નક્ષત્રના નામથી માસનું નામ કહેવાય છે તે નક્ષત્ર જો પૂર્ણિમાને દિવસે સંપૂર્ણ હોય તો ધાન્ય સસ્તું રહે, ન્યૂન હોય તો ન્યૂનતા જાણવી. શ્રી હેમપ્રભસૂરિ ત્રૈલોકયદીપક નામના ગ્રંથમાં કહે છે કે–મહિનાના "નામનું નક્ષત્ર જો પૂર્ણિમાને દિવસે ક્ષય પામતું હોય તો નિશ્ચે અન્ન મોઘું થાય અને વૃદ્ધિ પામતું હોય તો અન્ન સસ્તું થાય. માસનું નક્ષત્ર જો પૂર્ણિમાને દિવસે ન હોય તો તે યોગને વિષે વિશેષ કરીને અન્ન મોઘું થાય છે, તે આ પ્રમાણે–નક્ષત્રની વૃદ્ધિને દિવસે ચંદ્રમા જો ક્રૂર ગ્રહવડે દૃષ્ટ ન હોય તો ધાન્ય સસ્તું રહે અને ક્રૂર ગ્રહવડે દૃષ્ટ હોય તો મોઘું રહે. નક્ષત્ર વૃદ્ધિના દિવસની તિથિ જો પાસેની તિથિ કરતાં મોટી હોય તો તે દિવસે અન્ન સસ્તું હોય, અને પાસેની તિથિ મોટી હોય તો મોઘું થાય. નક્ષત્રની વૃદ્ધિ હોય તો અવશ્ય રસ અને ધાન્યની અધિકતા થાય. યોગની વૃદ્ધિ હોય તો રસનો નાશ થાય તે સ્પષ્ટ છે. જ્યાં દરેક તિથિ કરતાં નક્ષત્ર છ ઘડી અધિક હોય તો ત્યાં અન્ન સસ્તું થાય. અને જો દરેક

નક્ષત્ર કરતાં તિથિ છ ઘડી અધિક હોય તો નિશ્ચે અન્ન મોઘું થાય. હમેશાં તિથિ અને નક્ષત્ર એ બન્નેની વૃદ્ધિ જાણીને તથા સર્વ દેશના પંચાંગ જાણીને લાભ અને અલાભ કહેવા, તે આ પ્રમાણે-જેટલી ઘડી નક્ષત્ર વધારે હોય તેટલા વિંશોપક ધાન્ય સસ્તું હોય, અને જેટલી ઘડી તિથિ વધારે હોય તેટલા વિંશોપક ધાન્ય મોંઘું થાય. જો એક જ માસમાં યોગનો બે વાર ક્ષય હોય તો અનુક્રમે ઘી અને તેલ મોંઘાં થાય અને વૃદ્ધિ હોય તો સોંઘાં થાય. વર્ષાઋતુના ત્રણ માસમાં નક્ષત્ર વૃદ્ધિવાળાં હોય અને તિથિ ક્ષયવાળી હોય તો બહુ જ સુકાળ જાણવો. જો વર્ષાઋતુના ત્રણ માસમાં નક્ષત્રનો ક્ષય હોય અને તિથિની વૃદ્ધિ હોય તો નિશ્ચે દુકાળ જાણવો. આથી કરીને દરેક માસની પૂર્ણિમાને દિવસે મૂળ અને ઉત્તરાષાઢા નક્ષત્ર હોવાં ન જોઇએ. તેમાં પણ અષાડ પૂર્ણિમાને દિવસે વિશેષે કરીને ન હોવાં જોઈએ. જો કદાચ હોય તો ધાન્યનો વિનાશ થાય. સારસંગ્રહ નામના ગ્રંથમાં કહ્યું છે કે-"પૂર્ણિમાને દિવસે મૃગશીર્ષ વગેરે પાંચ નક્ષત્રોમાંથી કોઇ પણ નક્ષત્ર હોય તો ધાન્ય સોંઘું થાય. પૂર્ણિમાને દિવસે ચિત્રા વગેરે આઠ નક્ષત્રોમાંથી કોઇ પણ નક્ષત્ર હોય તો દુકાળ તથા કષ્ટ પડે. તથા શ્રવણથી રોહિણી સુધીમાં કોઇ પણ નક્ષત્ર હોય તો તે પૂર્ણિમા શુભકારક છે." કોઇ કહે છે કે—"પૂર્ણિમાને દિવસે મૃગશીર્ષ આદિ પાંચ નક્ષત્રોમાંથી કોઇ પણ નક્ષત્ર હોય તો સમાન ભાવ રહે, મઘાદિક ચાર નક્ષત્રોમાંથી કોઇ એક નક્ષત્ર હોય તો દુકાળ પડે, ચિત્રાદિક આઠ નક્ષત્રોમાંથી કોઈ એક નક્ષત્ર હોય તો કષ્ટ થાય, શ્રવણાદિક દશ નક્ષત્રોમાંથી કોઇ એક નક્ષત્ર હોય તો સુકાળ અને સુખ પ્રાપ્ત થાય. પરંતુ તે દિવસે સોમવાર-

નો યોગ હોય તો તે વિગ્રહ કરનાર છે." તિથિકુલક નામના ગ્રંથમાં આ પ્રમાણે વિશેષ કહ્યું છે કે—"પૂર્ણિમાને દિવસે ત્રણ ઉત્તરા, આર્દ્રા, પુનર્વસુ કે રોહિણી નક્ષત્ર હોય તો તે માસમાં ધાન્ય મોંઘું થાય." બીજા ગ્રંથમાં કહ્યું છે કે—"પૂર્ણિમાને દિવસે રવિવાર હોય તથા આર્દ્રા વગેરે ચાર નક્ષત્રોમાંથી કોઈ એક નક્ષત્ર હોય તો લક્ષ્મીનો નાશ થાય છે. જો સોમવાર હોય અને મઘાદિક ચાર નક્ષત્રોમાંથી કોઈ નક્ષત્ર હોય તો ધાન્ય મોંઘું થાય. જો મંગળવાર હોય અને ચિત્રાદિક આઠ નક્ષત્રોમાંથી કોઈ પણ નક્ષત્ર હોય તો વ્યાધિની વૃદ્ધિ થાય છે. તથા જો શનિવાર હોય તો દુકાળ થાય. બાકીનાં વાર અને નક્ષત્ર સર્વ શુભકારક છે." તિથિ અને નક્ષત્ર સમાન હોય એવી પૂર્ણિમાને દિવસે મૃગશીર્ષ વગેરે પાંચ નક્ષત્રોમાંથી કોઇ એક નક્ષત્ર અને સોમવાર હોય તો ધાન્યનો ભાવ સમાન રહે. મેષાદિક ત્રણ રાશિપર સૂર્ય હોય અને શુભ ગ્રહોવડે યુક્ત હોય, તિથિનો ક્ષય હોય અને પૂર્ણિમાને દિવસે શ્રવણાદિક દશ નક્ષત્રોમાંથી કોઇ એક નક્ષત્ર હોય તો અવશ્ય ધાન્ય સસ્તું થાય છે. અષાડ માસની અમાવાસ્યા સોમવતી હોય અને મૃગશીર્ષાદિક સાત નક્ષત્રોમાંથી કોઇ પણ નક્ષત્ર હોય તો અવશ્ય સુકાળ થાય છે.

શ્રાવણ માસ

શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની પ્રતિપદાને દિવસે ગુરૂવાર હોય તો મગ, અડદ, તેલ અને તલ મોંઘાં થાય. શ્રાવણ માસની નોમને દિવસે શનિવાર હોય તો તે સંતાપ કરે અને આશ્વિન માસના અંતમાં છત્રભંગ થાય. શ્રાવણ માસની દશમને દિવસે શનિવાર હોય અને તે દિવસે સિંહસંક્રાંતિ થતી હોય તો

પૃથ્વી દીનતા રહિત થાય, અને સારી વૃષ્ટિવડે ઘણી ધાન્યની સંપત્તિ થાય. શ્રાવણ માસની કૃષ્ણ એકાદશીને દિવસે કૃત્તિકા નક્ષત્ર હોય તો વર્ષ મધ્યમ થાય, રોહિણી નક્ષત્ર હોય તો સુકાળ થાય, અને મૃગશીર્ષ નક્ષત્ર હોય તો દુકાળ થાય. લોકમાં પણ કહ્યું છે કે–"શ્રાવણ કૃષ્ણ પક્ષની એકાદશીને દિવસે રોહિણી નક્ષત્ર હોય તો વરસાદ સારો થાય, અને લોક સુખી થાય. જો બારશને દિવસે રોહિણી નક્ષત્ર આવે તો મધ્યમ વર્ષ થાય, અને જો તેરશને દિવસે રોહિણી નક્ષત્ર આવે તો દુકાળ થાય."

જો શ્રાવણ માસના શુક્લ પક્ષમાં કોઇ પણ તિથિનો ક્ષય હોય તો કાર્તિક માસમાં અવશ્ય છત્રભંગ થાય. શ્રાવણ કૃષ્ણપક્ષની પ્રતિપદાને દિવસે ધૃતિ યોગ હોય તો ધાન્યનો સંગ્રહ કરવો યોગ્ય છે, અને બાકીનો બીજો કોઈ યોગ હોય તો ધાન્યનો વિક્રય કરવો યોગ્ય છે. શ્રાવણ કે ભાદ્રપદ માસના કૃષ્ણ પક્ષની પ્રતિપદાને દિવસે શ્રવણ કે ધનિષ્ઠા નક્ષત્ર હોય તો લોકમાં અવશ્ય સુકાળ થાય. શ્રાવણ કૃષ્ણ પક્ષની દ્વાદશીને દિવસે મઘા કે ત્રણ ઉત્તરામાંથી કોઇ પણ નક્ષત્ર હોય, તથા વાદળાં કે વૃષ્ટિ હોય તો મોટો જળયોગ જાણવો. શ્રાવણ માસની ત્રયોદશીને દિવસે રવિવાર તથા રેવતી નક્ષત્ર હોય તો ઘણું ધાન્ય તથા બીજી ઘણી વસ્તુઓ ઉત્પન્ન થાય. શ્રાવણ માસની સપ્તમીને દિવસે શનિવાર હોય તો પૃથ્વી જળથી પૂર્ણ થાય. જો શ્રાવણ માસની ચૌદશ આર્દ્રા નક્ષત્ર યુક્ત હોય તો ધાન્યનો સંગ્રહ કરવો યોગ્ય છે.

શ્રાવણ માસની અમાવાસ્યાને દિવસે પુષ્ય, અશ્લેષા કે

મઘા નક્ષત્ર હોય તો વર્ષ મધ્યમ થાય અને વરસાદ અધિક ન થાય. તે વિષે સારસંગ્રહમાં કહ્યું છે કે—"અમાવાસ્યાને દિવસે વિશાખા વગેરે આઠ નક્ષત્રોમાંથી

અમાવાસ્યાનો વિચાર

કોઈ પણ નક્ષત્ર હોય તો પ્રાયે કરીને દુકાળ પડે છે, અને શતભિષા વગેરે અગ્યાર નક્ષત્રોમાંથી કોઇ પણ નક્ષત્ર હોય તો તે શુભકારક છે. જો અમાવાસ્યાને દિવસે પુષ્ય વગેરે ચાર નક્ષત્રોમાંથી કોઇ પણ નક્ષત્ર હોય તો વર્ષ મધ્યમ થાય. જો અમાવાસ્યાને દિવસે શનિ, રવિ કે મંગળવાર હોય તો તે નિરંતર દુ:ખદાયક છે. જો અમાવાસ્યાને દિવસે ત્રણ પૂર્વા, કૃત્તિકા, ચિત્રા કે અશ્લેષા નક્ષત્ર હોય તો પૃથ્વીપર નિશ્ચે તે વર્ષે ઇતિનો ઉપદ્રવ થાય છે. જો અમાવાસ્યાને દિવસે આર્દ્રા નક્ષત્ર હોય, પ્રતિપદાને દિવસે પુનર્વસુ નક્ષત્ર હોય અને બીજને દિવસે પુષ્ય નક્ષત્ર હોય તો વરસાદ, તૃણ અને ધાન્ય થાય નહીં. અમાવાસ્યાને દિવસે પુનર્વસુ વગેરે પાંચ નક્ષત્રોમાંથી કોઈ પણ નક્ષત્ર હોય તો ધાન્ય સસ્તું થાય, ઉત્તરાફાલ્ગુની વગેરે ચાર નક્ષત્રોમાંથી કોઇ પણ નક્ષત્ર હોય તો દુકાળ થાય, વિશાખા વગેરે આઠ નક્ષત્રોમાંથી કોઇ પણ નક્ષત્ર હોય તો કષ્ટકારક થાય છે, અને શતભિષા વગેરે કોઇ નક્ષત્ર હોય તો મનુષ્યો સુખી થાય છે. આ પ્રમાણે કેટલાક આચાર્યોએ અમાવાસ્યાને નક્ષત્રનો યોગ થવાથી ફળ થાય તેમ કહ્યું છે. તે વિષે મેઘમાળામાં કહ્યું છે કે-"અમાવાસ્યાને દિવસે ત્રણ ઉત્તરા, રેવતી, ધનિષ્ઠા અને પુનર્વસુ નક્ષત્રમાંથી કોઇ પણ નક્ષત્ર હોય તો એક માસ દુકાળ જણાવે." બીજા ગ્રંથમાં કહ્યું છે કે-"આર્દ્રા, શતભિષા, ચિત્રા, સ્વાતિ, કૃત્તિકા અને

ભરણી એ નક્ષત્રોમાંથી કોઇ પણ નક્ષત્રમાં અમાવાસ્યા આવે, તથા તે નક્ષત્રથી તિથિ જેટલી ન્યૂન હોય તેનાથી બમણા મૂલ્યે ધાન્ય વેચાય. અમાવાસ્યાને દિવસે વિરૂદ્ધ વાર અને નક્ષત્ર આવે તો તે બહુ જ અશુભ છે. આ શ્રાવણ માસની અમાવાસ્યા આખું વર્ષ ફળ આપે છે, અને બીજી અમાવાસ્યાઓ એક માસનું જ ફળ આપનાર છે.

શ્રાવણ શુકલ પક્ષની સાતમને દિવસે સ્વાતિ નક્ષત્ર હોય તો સુકાળ થાય છે. શ્રાવણની પૂર્ણિમાને દિવસે શ્રવણ નક્ષત્ર હોય તો ધાન્યની પ્રાપ્તિ ઘણી થાય છે અને પ્રજા સુખી થાય છે. કહ્યું છે કે–"અખાત્રીજે (વૈશાખ શુદિ ત્રીજે) રોહિણી, પોષ માસની પૂર્ણિમાને દિવસે મૂળ નક્ષત્ર અને શ્રાવણ માસની પૂર્ણિમાના દિવસે શ્રવણ નક્ષત્ર ન હોય તો પૃથ્વી ડોલાયમાન થાય એટલે દુઃખી થાય છે. જેમ જ્યેષ્ઠ માસની પ્રતિપદાનું ફળ પહેલાં કહ્યું છે તે જ પ્રમાણે શ્રાવણ માસની પ્રતિપદાનું ફળ પણ અહીં જાણી લેવું.

ભાદ્રપદ માસ

ભાદ્રપદ માસની પ્રથમ તિથિને દિવસે ગુરૂવાર અને શ્રવણ નક્ષત્ર હોય તો વરસાદ સારો થાય અને ધન ધાન્યની પ્રાપ્તિ વિશેષ થાય. ભાદ્રપદ કૃષ્ણ પક્ષની આઠમને દિવસે રોહિણી નક્ષત્ર હોય તો તે શુભદાયક છે. ભાદ્રપદ શુકલ પક્ષની નોમને દિવસે રવિવાર અને મૂળ નક્ષત્ર હોય તો તે ભયદાયક છે. ભાદ્રપદ શુકલ પક્ષની દશમને દિવસે રવિવાર અને મૂળ નક્ષત્ર હોય તો દુકાળ થાય છે. આ યોગ સુકાળને કરનારો છે એમ પણ કોઇ કહે છે. ભાદ્રપદ શુકલ પક્ષની અગ્યારશને દિવસે રવિવાર અને મૂળ નક્ષત્ર હોય તો તે વરસે વરસાદનું તો

સુખ થાય, પરંતુ વ્યાધિથી લોકો પીડા પામે. ભાદ્રપદ કૃષ્ણ પક્ષની બીજને દિવસે સોમવાર હોય તો ધાન્યની પ્રાપ્તિ ઘણી થાય તથા પશુઓની વૃદ્ધિ થાય. ભાદ્રપદ કૃષ્ણ પક્ષની ચોથને દિવસે જો શનિવાર હોય તો દેશનો ભંગ તથા દુકાળ થવાથી લોકો મુસ્તા (મોથ) ખાઇ ઉદર પોષણ કરે. આ વિષે લોકમાં કહ્યું છે કે–"ભાદ્રપદ કૃષ્ણ પક્ષની આઠમને દિવસે અશ્લેષા નક્ષત્ર અને શનિવાર હોય તો પૃથ્વીપર મેઘ વરસે નહીં, એ જ વાર્તા." ગ્રંથાંતરમાં પણ કહ્યું છે કે–"ભાદ્રપદ શુકલ પક્ષની નોમને દિવસે સ્વાતિ નક્ષત્ર અને શુક્રવાર હોય તો ઘી અને ધાન્યથી પૂર્ણ સુખમય પૃથ્વી હોય. ભાદ્રપદ શુકલ પક્ષની ચોથને દિવસે ગુરૂ, સોમ કે શુક્રવાર હોય અને ઉત્તરાફાલ્ગુની, હસ્ત કે ચિત્રા નક્ષત્ર હોય તો નિશ્ચે સુકાળ થાય છે. ભાદ્રપદ શુકલ પક્ષની પાંચમને દિવસે સ્વાતિ નક્ષત્ર હોય તો ચાર માસ કપાસ, રૂ વગેરેથી લાભ થાય. ભાદ્રપદ માસની ત્રીજને દિવસે મંગળવાર અને ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર હોય તો ઉન્નત થયેલાં વાદળાં ઉદય પામે તો પણ ન વરસે.

ભાદ્રપદ અમાવાસ્યાનું ફળ

ભાદ્રપદની અમાવાસ્યાને દિવસે રવિવાર હોય તો ઘી મોંઘું થાય, મંગળ કે બુધવાર હોય તો ધાન્ય મોંઘું થાય, અને શનિવાર હોય તો તેલ મોંઘું થાય. લોકમાં પણ કહ્યું છે કે–"અમાવાસ્યાને દિવસે રવિવાર હોય તથા મુદ્ગર યોગ હોય તો ઉજ્જયિનીથી પશ્ચિમ દિશામાં હાહાકાર અનિષ્ટ થાય." બીજા કોઇ માસને વિષે પણ જો અમાવાસ્યાને દિવસે રવિવાર હોય તો વર્ષના વિશ્વા

પંદર કહેલા છે. જો પંચાંગમાં રવિવારને દિવસે બે અમાવાસ્યા હોય તો વર્ષના દશ વિશ્વા માન્યા છે, તથા તે વર્ષે ખંડ ખંડ વૃષ્ટિ થાય છે. રવિવારને દિવસે ત્રણ અમાવાસ્યા હોય તો વર્ષના પાંચ વિશ્વા કહેલા છે. જો ચાર અમાવાસ્યાને દિવસે રવિવાર હોય તો છત્રભંગ અને દુકાળ થાય છે.

રૂદ્રદેવ સાત વારના ફળને આ પ્રમાણે કહે છે—હે પ્રિયા ! વારના અનુક્રમથી અમાવાસ્યાનું ફળ હું કહું છું. તેથી વર્ષમાં માસનો કાળ જાણી શકાય છે. અમાવાસ્યાને દિવસે રવિવાર હોય તો મનુષ્યોને ઘણો ક્લેશ થાય, તથા રાજાઓ દુઃખથી પીડિત થાય અને અર્થનો વિનાશ થાય. સોમવાર હોય તો સુકાળ, કુશળતા, આરોગ્ય, વરસાદનો પ્રબળ ઉદય, ધાન્યની ઉત્પત્તિ અને પ્રજા સુખી થાય. મંગળવાર હોય તો રાજ્યનો વિનાશ, રાજાઓ વચ્ચે યુદ્ધ, ક્લેશની વૃદ્ધિ, ઉત્પાત, અલ્પ વરસાદ અને ધનનો નાશ થાય. બુધવાર હોય તો દુકાળ રાજ્યનો વિનાશ, પ્રજાનું દુઃખ, સ્થાનભ્રષ્ટ અને ધાન્ય અલ્પ થાય. ગુરૂવાર હોય તો સારી વૃષ્ટિ, સુકાળ, કલ્યાણ, દુઃખનો નાશ, પ્રજાને સુખ અને આરોગ્ય થાય. શુક્રવાર હોય તો જળથી ભરપૂર મેઘ હોય, ખેતીનો ઘણો ઉદય થાય તથા ચોરનો હમેશ ઉપદ્રવ થાય. શનિવાર હોય તો ઘોર દુકાળ, મહાદુઃખ, ઉગ્ર ભય તથા પુત્ર પિતાથી પરાઙ્મુખ હોય.” અમાવાસ્યાથી અધિક નક્ષત્ર પર ચંદ્રમા ગમન કરે તો ધાન્યનો ભાવ તેજ થાય.

ભાદ્રપદ શુક્લ પક્ષની છઠ્ઠને દિવસે જો અનુરાધા નક્ષત્ર હોય તો બીજાં નક્ષત્રોનો દોષ છતાં પણ અવશ્ય સુકાળ થાય.

આશ્વિન માસના શુકલ પક્ષની પ્રતિપદાને દિવસે શનિવાર હોય તો ધાન્યનો સંગ્રહ કરવો યોગ્ય છે.

આશ્વિન માસ કેમકે આગળ પર ધાન્યનો ભાવ સખ્ત થશે. આશ્વિન માસના શુકલ પક્ષની બીજને દિવસે સોમવાર હોય તથા મૂલ નક્ષત્ર અને સોમવાર હોય તો ધાન્યનો સંગ્રહ કરવો યોગ્ય છે. જો આશ્વિન માસની (શુકલ) ત્રીજને દિવસે જો મંગળ કે શનિવાર હોય તો પૃથ્વીપર પ્રબળ અગ્નિનો ભય થાય, અને બીજા વાર હોય તો ધાન્ય સસ્તું થાય. આશ્વિન (શુકલ) ચોથને દિવસે રવિવાર હોય તો ઘી વેચવું અને ધાન્યનો સંગ્રહ કરવો, તેથી આગળ પર લાભ થશે. આશ્વિન શુકલ પક્ષની પાંચમને દિવસે સોમવાર અને હસ્ત નક્ષત્રનો સૂર્ય હોય તો વરસાદ થાય તે સારો નથી. જો વરસે તો માલવ દેશમાં જવું. ત્યાં નિર્જળા પાંચમ પણ જળને દેવાવાળી થશે. આશ્વિન શુકલ પક્ષની સાતમને દિવસે શનિવાર અને શ્રવણ કે ધનિષ્ઠા નક્ષત્ર હોય તો જગતનો નાશ થાય છે. આશ્વિન શુકલ પક્ષની આઠમને દિવસે બુધવાર હોય તો ઘીનો સંગ્રહ કરવો, અને કાર્તિકમાં તેનો વિક્રય કરવાથી પગલે પગલે સંપત્તિઓ મળે છે. આશ્વિન શુકલ પક્ષની નોમને દિવસે મંગળવાર હોય તો મગ, કપાસ, ચોળા, અડદ વગેરેનો સંગ્રહ કરવો યોગ્ય છે. તેનો ચૈત્ર માસમાં વિક્રય કરવાથી બમણો લાભ થશે. આશ્વિન શુકલ પક્ષની દશમને દિવસે મંગળવાર હોય તો પૃથ્વીપર રોગનો ઘણો ઉપદ્રવ થાય છે. આશ્વિન શુકલ પક્ષની અગ્યારશને દિવસે શનિવાર હોય તો પૃથ્પીપર છત્રભંગ થાય, નગર અને ગામનો ભંગ થાય, તથા વૈરી અને ચોર વગેરેનો ઉપદ્રવ થાય.

આશ્વિન (કૃષ્ણ પક્ષની) ત્રીજને દિવસે રોહિણી નક્ષત્ર હોય અને શનિ કે મંગળવાર હોય તો કપાસનો સંગ્રહ કરવો, તેથી ફાલ્ગુન માસમાં લાભ થાય છે. આશ્વિન કે કાર્તિક માસના કૃષ્ણ પક્ષની બીજને દિવસે મંગળવાર હોય તો પૃથ્વીપર દરેક ગામમાં અગ્નિનો ઉપદ્રવ થાય છે. આશ્વિન કૃષ્ણ પક્ષની પાંચમને દિવસે રવિવાર હોય તો માઘ માસની અમાવાસ્યાએ અવશ્ય ઘી મોંઘું થાય. આશ્વિન (કૃષ્ણ પક્ષની) છઠ્ઠને દિવસે જ્યેષ્ઠા કે મૂલ નક્ષત્ર હોય અને રવિવાર હોય તો સર્વ ધાન્યનો સંગ્રહ કરવો. તેથી પાંચમે માસે લાભ થાય. આશ્વિન કૃષ્ણ પક્ષની અગ્યારશને દિવસે બુધવાર કે સોમવાર હોય તો લોકમાં ગાય અને ભેંસનું મૂલ્ય ઘણું થાય. આશ્વિન કૃષ્ણ પક્ષની બારશને દિવસે શનિવાર અને હસ્ત કે ચિત્રા નક્ષત્ર હોય તો જુવારનો સંગ્રહ કરવો યોગ્ય છે. તેથી ચૈત્ર માસમાં ત્રણગુણો લાભ થાય છે. આશ્વિન માસની અમાવાસ્યાને દિવસે જો શનિવાર હોય તો વર્ષ મધ્યમ થાય, અથવા ખંડમંડલમાં દુકાળ પડે. કોઇ ઠેકાણે કહ્યું છે કે–" આશ્વિન માસની અમાવાસ્યાને દિવસે શનિ, રવિ કે મંગળવાર હોય તો ધાન્ય સંગ્રહ કરવાથી બમણો, ત્રણગુણો કે ચારગુણો લાભ થાય." ગ્રંથાન્તરમાં કહ્યું છે કે—" આશ્વિન માસની (કે બીજા કોઇ માસની) અમાવાસ્યાને દિવસે ત્રણ ઉત્તરા, ધનિષ્ઠા, પુનર્વસુ કે રોહિણી નક્ષત્ર હોય તો એક માસ દુકાળ થાય.

કાર્તિક માસ

કાર્તિક માસના પહેલા (શુકલ) પક્ષની પહેલી (પ્રતિપદા) તિથિએ બુધવાર હોય તો કોઇ ઠેકાણે વૃષ્ટિ અને કોઇ ઠેકાણે અનાવૃષ્ટિ થવાથી મધ્યમ વર્ષ થાય છે. કહ્યું છે કે–" કાર્તિક

માસના શુક્લ પક્ષની પ્રતિપદાને દિવસે બુધવાર હોય તો ધાન્યના બમણા, ત્રણગણા કે ચારગુણા ભાવ થાય છે." કાર્તિક શુક્લ પક્ષની સાતમને દિવસે શનિવાર હોય તો ધાન્યનો વિનાશ થાય અને શ્વેત વસ્તુ મોંઘી થાય. તેનો ત્રણ માસે બમણો લાભ થાય. કાર્તિક માસમાં રવિવાર અને આર્દ્રા નક્ષત્રનો યોગ હોય તો આગળ વરસાદનો રોધ થાય. કાર્તિક (કૃષ્ણ) પાંચમને દિવસે આર્દ્રા નક્ષત્ર હોય તો તૃણનો સંગ્રહ કરવો ઉચિત છે. નહીં તો પશુઓને દુઃખ થાય. કેમકે આગળ બહુ અલ્પ વરસાદ થશે. કાર્તિક માસમાં મંગળવારને દિવસે મૂળ નક્ષત્ર હોય તો માંગલિક કાર્યમાં અનુકૂળતા રહે નહીં. કાર્તિક કૃષ્ણ પક્ષની સાતમને દિવસે શનિવાર હોય તો અન્ન મોંઘું થાય. કાર્તિક કૃષ્ણ પક્ષની દશમને દિવસે શનિવાર હોય તો રોગનો ઉપદ્રવ થાય, અને કૃષ્ણ પક્ષની તેરશ રવિવારે હોય તો યવ અને ઘઉંના ભાવ તેજ રહે. કાર્તિક કૃષ્ણ પક્ષની દશમને દિવસે શનિવાર અને મઘા નક્ષત્ર હોય તો ઘી અને સોપારી મોંઘાં થાય, ચાર માસે વેચવાથી લાભ થાય. કાર્તિકની અમાવાસ્યાને દિવસે શનિવાર હોય તો ધાન્યનો વિનાશ થાય, મંગળવાર હોય તો પૃથ્વીપર અગ્નિનો ઉપદ્રવ થાય અને રવિવાર હોય તો રાજાઓ વચ્ચે યુદ્ધ થાય. કહ્યું છે કે-"હોળી, પોળી (વિજયા દશમી) અને દિવાળીને દિવસે રવિ, શનિ કે મંગળવાર હોય તો લોક ખપ્પર લઇને જગતમાં ભ્રમણ કરે એટલે કે મહા દુકાળ પડે, કોઇ વિરલા બચી જાય." ચાતુર્માસ કુલકમાં કહ્યું છે કે-" ત્રણ લોકમાં સૂર્ય સમાન જગતને વલ્લભ જળધરરૂપ શ્રી મહાવીરસ્વામીને નમસ્કાર કરી જિનેંદ્રે કહેલા અર્ઘકાંડને હું કહું છું. કાર્તિકની પૂર્ણિમાને

દિવસે કૃત્તિકા નક્ષત્ર સંપૂર્ણ હોય તો ચારે માસ સુકાળ રહે અને લોક સુખ પામે. જો તે પૂર્ણિમાને દિવસે ભરણી નક્ષત્ર ચાર પ્રહર સંપૂર્ણ હોય તો ચાર માસ ધાન્ય મોંઘાં રહે. જો તે પૂર્ણિમાને દિવસે રોહિણી નક્ષત્ર ચાર પ્રહર સંપૂર્ણ હોય તો મૂળ રસ અને દ્રવ્યના મૂલ્યની હાનિ થાય. પૂર્ણિમાના દિવસ રાત્રિ રોહિણી નક્ષત્ર હોય તો સમસ્ત ધાન્ય, રસ તથા લોઢું વગેરે ધાતુનો વિનાશ થાય. જો પૂર્ણિમાને દિવસે બે પ્રહર ભરણી અને બે પ્રહર કૃત્તિકા નક્ષત્ર હોય તો બે માસ લવણ અને કપાસના ભાવ તેજ રહે. જો બે પ્રહર કૃત્તિકા અને છ પ્રહર રોહિણી નક્ષત્ર હોય તો બે માસ સુકાળ એટલે સોંઘવારી અને બે માસ દુકાળ એટલે મોંઘવારી થાય.

માર્ગશીર્ષ માસ

માર્ગશીર્ષ માસની ચોથને દિવસે કે રેવતી નક્ષત્રને દિવસે મંગળવાર હોય તો હરેક ગામમાં અગ્નિનો ભય તથા જગત્ કલેશમય હોય. માર્ગશીર્ષ, પોષ કે ફાલ્ગુન માસના શુક્લ પક્ષમાં નક્ષત્રના ભોગ કરતાં તિથિનો ભોગ થોડો હોય તો ઘઉંનો સંગ્રહ લાભદાયક છે. માર્ગશીર્ષ માસની બારશને દિવસે અથવા સૂર્યની સંક્રાંતિને દિવસે મંગળવાર હોય તથા ચંદ્રગ્રહણ હોય તો આગળનું વર્ષ વિનાશ પામે. માર્ગશીર્ષની નોમને દિવસે રેવતી નક્ષત્ર અને બુધવાર હોય તો તે દુકાળ કરનાર છે. માર્ગશીર્ષની પાંચમને દિવસે ગુરૂવાર હોય તો પાંચ માસ સુકાળ થાય. માર્ગશીર્ષ માસની પ્રતિપદાને દિવસે પુષ્ય નક્ષત્ર હોય તો પશુઓને કષ્ટ થાય અને આગળના વર્ષનો ગર્ભ જળવૃષ્ટિ દ્વારા વિનાશ પામે. માર્ગશીર્ષ માસની ત્રીજને દિવસે પુનર્વસુ કે આર્દ્રા નક્ષત્ર હોય તો ધાન્ય સસ્તું થાય, રાજા પ્રસન્ન રહે અને

પ્રજા સુખી થાય. માર્ગશીર્ષ માસની પાંચમને દિવસે મઘા આદિ પાંચ નક્ષત્રોમાંથી કોઈ એક નક્ષત્ર હોય તો વરસાદ ન થવાથી આગળનું વર્ષ વિનાશ પામે. માર્ગશીર્ષ માસની નોમને દિવસે ચિત્રા નક્ષત્ર હોય તો ધાન્ય મોંઘું થાય અને કૃષ્ણ ચતુર્દશી સ્વાતિ નક્ષત્ર યુક્ત હોય તો શ્રાવણ માસમાં વરસાદ ન થાય. માર્ગશીર્ષ માસની દશમને દિવસે મૂળ નક્ષત્ર અને રવિવાર હોય તો તલ, તેલ વગેરેનો સંગ્રહ કરવો, તેથી જયેષ્ઠ માસને છેડે તે લાભદાયક છે. માર્ગશીર્ષની અગ્યારશને દિવસે જો રવિવાર હોય તો કપાસ, રૂ અને સુતરનો સંગ્રહ કરવો, તેથી વૈશાખ માસમાં લાભ થાય છે. અથવા દૈવયોગે માર્ગશીર્ષની અગ્યારશને દિવસે શનિવારનો યોગ થાય તો જળનું શોષણ, પ્રજાનો નાશ અને છત્રનો ભંગ થાય છે.

પોષ માસ

પોષ માસના શુકલ પક્ષની ચોથને દિવસે શનિવાર હોય તો ત્રણ માસ દુ:ખ રહે, તેમાં કાંઈ સંશય નથી. પોષ માસની સાતમને દિવસે સોમવાર હોય તો ભેંસોનો સમૂહ રોગથી પીડા પામી મરવા લાગે, પોષ માસની નોમને દિવસે શનિવાર હોય તો જ્યાં સુધી સૂર્ય આર્દ્રા નક્ષત્રમાં ન આવે ત્યાં સુધી ધાન્યનો સંગ્રહ કરવો યોગ્ય છે. તેથી આગળ લાભ થશે. પોષ શુકલ પક્ષની અગ્યારશને દિવસે કૃત્તિકા નક્ષત્ર હોય તો રાતી વસ્તુથી મોટો લાભ થાય અને પ્રથમ વૃષ્ટિ થાય ત્યાં સુધી ધાન્યથી મોટો લાભ થાય છે. પોષ માસની અમાવાસ્યાને દિવસે પૂર્વાષાઢા તથા જયેષ્ઠા નક્ષત્ર હોય અને શનિ, રવિ કે મંગળવાર હોય તો આગળના વર્ષનો વિનાશ થાય. પોષ માસની અમાવાસ્યાને દિવસે મૂળ નક્ષત્ર હોય અને શનિ, રવિ કે મંગળ-

વાર હોય તો વરસાદ થાય, લોક સંતુષ્ટ થાય તથા ધાન્યથી ઘણો લાભ થાય. પોષ માસના કૃષ્ણ પક્ષની દશમને દિવસે વિશાખા નક્ષત્ર રાતે કે દિવસે હોય તો આગલા વર્ષના મેઘ પુષ્ટ થાય છે. કુલકમાં કહ્યું છે કે—"પોષ માસની પૂર્ણિમાને દિવસે પુષ્ય નક્ષત્ર આખો દિવસ હોય તો આખું વર્ષ રસ અને ધાન્ય સસ્તાં રહે." પોષ કૃષ્ણ પક્ષની પ્રતિપદાને દિવસે રોહિણી નક્ષત્ર હોય તો ધાન્યના સંગ્રહથી સાત માસ પછી લાભ થાય, અથવા છત્રભંગ થાય.

માઘ માસ

જો માઘ માસની પહેલી પ્રતિપદાને દિવસે બુધવાર હોય તો ત્રણ માસ તેજી રહે અને આગળનું વર્ષ વિનાશ પામે. માઘ માસના કૃષ્ણ પક્ષની પ્રતિપદા, દ્વિતીયા કે તૃતીયાનો ક્ષય હોય તો ધાન્યનો સંગ્રહ કરવાથી વૈશ્યોને લાભ થાય છે. માઘ માસના શુકલ પક્ષની સાતમને દિવસે સોમવાર હોય તો મોટો દુકાળ અને રાજાઓ વચ્ચે વિગ્રહ થાય. માઘ શુકલ પક્ષની સાતમને દિવસે રવિવાર હોય તો મોટો દુકાળ પડે, વિગ્રહ થાય અને પ્રજાને મહા ભય થાય. માઘ માસની પ્રતિપદાને દિવસે શનિવાર હોય તો તે શુભ છે. સર્વ પ્રકારના ધાન્યની પ્રાપ્તિ થાય, આરોગ્ય રહે અને સર્વ દેશ સુખી થાય. માઘ માસની ચોથને દિવસે શનિવાર હોય તો દુકાળ, મૃત્યુ, ચોરનો ભય, અગ્નિનો ભય અને ધાન્યનો વિનાશ થાય છે. માઘ શુકલ પક્ષની પ્રતિપદાને દિવસે ગુરૂ, સોમ કે શુક્રવાર હોય તો સુકાળ થાય છે, રવિવાર હોય તો યુદ્ધ થાય છે અને મંગળવાર હોય તો ઇતિનો મોટો ઉપદ્રવ થાય છે. માઘ માસના શુકલ પક્ષની આઠમને દિવસે કૃત્તિકા નક્ષત્ર ન હોય તો ફાલ્ગુન

માસમાં રોલિકાપાત અને શ્રાવણ માસમાં વરસાદ ન થાય, માઘ શુકલ પક્ષની સાતમને દિવસે રોહિણી નક્ષત્ર હોય તો રાજાઓ વચ્ચે યુદ્ધ થાય, પ્રજામાં રોગ થાય અથવા મધ્યમ વર્ષ થાય. આ રીતે એક પણ નિમિત્તથી વિચિત્ર ફળનો વિચાર થઇ શકે છે તે સિદ્ધાંતથી, જ્યોતિષથી, ન્યાયથી અને વૈદ્યક શાસ્ત્રથી સિદ્ધ થાય છે. માઘ માસની સાતમને દિવસે જો ભરણી નક્ષત્ર હોય તો લોકમાં રોગની શાંતિ થાય છે અને પૃથ્વી પર ઘણું ધાન્ય નીપજે છે. માઘ માસના કૃષ્ણ પક્ષની નોમને દિવસે તથા મૂળ નક્ષત્રને દિવસે ગર્ભ રહે તો તે ગર્ભ ભાદ્રપદ માસમાં નોમને દિવસે વૃષ્ટિ કરે છે.

ફાલ્ગુન માસ

ફાલ્ગુન માસના કૃષ્ણ પક્ષની છઠ્ઠને દિવસે ચિત્રા નક્ષત્ર હોય તો ત્રણ માસ સુકાળ થાય છે. અને સ્વાતિ નક્ષત્ર હોય તો દુકાળ થાય છે. ફાલ્ગુન માસના શુકલ પક્ષની તેરશને દિવસે શુક્રવાર હોય તો જયેષ્ઠ માસમાં રોગની વૃદ્ધિ થાય અથવા ત્રણ માસમાં ભોગ હોય. ફાલ્ગુન માસની અગ્યારસને દિવસે રવિવાર અને આર્દ્રા નક્ષત્ર હોય તો તે વર્ષ કષ્ટકારક થાય છે અને સોમવાર હોય તો લોકમાં ત્રણ માસે સુકાળ થાય. ફાલ્ગુન માસના પહેલા પક્ષમાં પ્રતિપદાને દિવસે શતભિષા નક્ષત્ર હોય તો તે નક્ષત્રના ભોગને અનુસારે વર્ષનું સ્વરૂપ જાણવું. ફાલ્ગુન શુકલ પક્ષમાં સાતમ વગેરે પાંચ તિથિમાંથી કોઇ પણ તિથિએ કૃત્તિકા નક્ષત્ર હોય તો સુકાળ થાય અને ભાદ્રપદ માસમાં સારો વરસાદ થાય છે.

તિથિકુલકમાં ફાલ્ગુન માસની પૂર્ણિમાનો વિચાર આ પ્રમાણે કહ્યો છે—ફાલ્ગુન માસની પૂર્ણિમાને દિવસે ચારે

પ્રહર પૂર્વાફાલ્ગુની નક્ષત્ર હોય તો ચાર માસ સુકાળ રહે. જો દૈવયોગથી બેપ્રહર મઘા નક્ષત્ર હોય તો બે માસ મોંઘવારી રહે, તેમાં કાંઇ સંશય નથી. જો તે દિવસે મઘા નક્ષત્ર પૂર્ણ હોય તો ચારે માસ મોટો દુકાળ જણાય. પ્રથમ બે પ્રહર પૂર્વાફાલ્ગુની નક્ષત્ર હોય અને પછી બે પ્રહર ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર હોય તો પહેલા બે માસ સુકાળ રહે અને સુખ પ્રાપ્ત થાય, તેમાં કાંઇ સંદેહ નથી. અને પાછળના બે માસ ધાન્યનો વિનાશ થવાથી દુકાળ થાય. આઠ કે ચાર પ્રહર સુધી ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર હોય તો ધાન્ય, રસ, તલ વગેરે દ્રવ્યનો નાશ થાય.

બારે પૂર્ણિમાનો વિચાર

ચૈત્ર માસની પૂર્ણિમાને દિવસે આકાશ નિર્મળ હોય તો તે શુભ છે. પરંતુ જો તે દિવસે ગ્રહણ હોય, તારા પડે, ભૂકંપ થાય, વૃષ્ટિ થાય, ધૂળ વરસે, પરિવેષ થાય, વીજળી ચમકે અને કેતુનો ઉદય થાય એ વગેરે ઉત્પાત થાય તો ધાતુનાં વાસણો વેચીને પણ ધાન્યનો સંગ્રહ કરવો. તે ધાન્યને સાતમે માસે અથવા ભાદ્રપદ માસમાં વેચવાથી બમણો લાભ થાય છે. વૈશાખ માસની પૂર્ણિમાને દિવસે ઉપર કહેલાં ચિહ્નો થાય તો કપાસ મોંઘો થાય, અને ઘઉં, મગ અને અડદ વગેરેનો સંગ્રહ કરવાથી લાભ પ્રાપ્ત થાય, એટલે કે ભાદ્રપદ માસમાં તેને વેચવાથી બમણો લાભ થાય છે. જ્યેષ્ઠ માસની પૂર્ણિમા વાદળાં રહિત નિર્મળ હોય તો તે શ્રેષ્ઠ છે, એમ પંડિતોએ કહ્યું છે. પણ વૃષ્ટિ કે પરિવેષ થાય તો ધાન્યનો સંગ્રહ કરવો યોગ્ય છે, ચોથે મહિને અથવા પોષ માસમાં તેનો વિક્રય કરવાથી લાભ થાય છે. અષાડ માસની પૂર્ણિમા નિર્મળ હોય તો તે સારી

કહી નથી, પણ વાદળાં વડે આચ્છાદિત હોય તો તે શુભ છે. જો નિર્મળ દેખાય તો ધાન્યનો સંગ્રહ કરવો, તેને પાંચમે માસે વેચવાથી લાભ થાય છે. શ્રાવણ માસની પૂર્ણિમા નિર્મળ હોય તો શ્રેષ્ઠ છે. વાદળાં સહિત હોય તો ઘી, તેલનો સંગ્રહ કરવો. તેને ત્રીજે માસે વેચવાથી લાભ થાય છે. ભાદ્રપદ માસની પૂર્ણિમા વાદળાં સહિત હોય તો તે શ્રેષ્ઠ છે. તે વખતે ધાન્ય હોય તો તેને વેચી નાંખવું યોગ્ય છે. આશ્વિન માસની પૂર્ણિમા નિર્મળ હોય તો તે શુભ છે. પણ જો વાદળાંનો ઉદય થાય તો ધાન્યનો સંગ્રહ કરી બીજે માસે વેચવું. તેમાં લાભ થાય છે. કાર્તિક માસની પૂર્ણિમા વાદળાં સહિત હોય તો ઘી અને ધાન્યનો સંગ્રહ કરવો. તેનો પાંચમે માસે અથવા ચૈત્ર માસમાં વિક્રય કરવાથી તે લાભદાયક છે. માર્ગશીર્ષ માસની પૂર્ણિમા કાર્તિકની પૂર્ણિમા જેવી જાણવી. પોષ માસની પૂર્ણિમા વાદળાં સહિત હોય તો તે શ્રેષ્ઠ છે. તે વખતે ધાતુનો સંગ્રહ કરવાથી લાભ થાય છે. માઘ માસની પૂર્ણિમા વાદળાં સહિત હોય તો ધાન્યનો સંગ્રહ કરવો ઉચિત છે. તેને સાતમે માસે વેચવાથી લાભ થાય છે. ફાલ્ગુન માસની પૂર્ણિમાને દિવસે વાદળાં, વરસાદ અને ગર્જના હોય તો ધાન્યનો સંગ્રહ કરવો. તેને સાતમે માસે વેચવાથી લાભ પ્રાપ્ત થાય છે.

વૃષ્ટિના દિવસની સંખ્યા

ચૈત્ર માસની અમાવાસ્યાને દિવસે અથવા જે દિવસે ચિત્રા કે સ્વાતિ નક્ષત્ર હોય તે દિવસે ગુરૂવાર હોય તો વરસાદ સારો થાય. એ જ પ્રમાણે વૈશાખ માસમાં વિશાખા કે અનુરાધા, જ્યેષ્ઠ માસમાં જ્યેષ્ઠા

કે મૂળ નક્ષત્ર, અષાડ માસમાં પૂર્વાષાઢા કે ઉત્તરાષાઢા, શ્ર
વણુ માસમાં શ્રવણુ, ધનિષ્ઠા કે શતભિષા, ભાદ્રપદ માસમ
પૂર્વાભાદ્રપદ, ઉત્તરાભાદ્રપદ કે રેવતી, આશ્વિન માસમાં અ
શ્વિની કે ભરણી, કાર્તિક માસમાં કૃત્તિકા કે રોહિણી, માર્ગ
શીર્ષ માસમાં મૃગશીર્ષ, આર્દ્રા કે પુનર્વસુ, પોષ માસમ
પુષ્ય કે અશ્લેષા, માઘ માસમાં મઘા અને ફાલ્ગુન માસમ
પૂર્વાફાલ્ગુની, ઉત્તરાફાલ્ગુની કે હસ્ત, એ દરેક માસના નક્ષત્રાં
દિવસે અથવા અમાવાસ્યાને દિવસે ગુરૂવાર હોય તો વરસા
સારો થાય છે. આ જ્ઞાન જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરિએ કહ્યું છે

અકાળ વૃષ્ટિનું ફળ

ગિરધરાનંદમાં અકાળ વૃષ્ટિનું ફળ આ પ્રમાણે કહ
છે–"પોષ, માઘ, ફાલ્ગુન અને ચૈત્ર એ
ચાર માસમાં વૃષ્ટિના ગર્ભના જે જે યોગ
છે તે તે યોગના દિવસો સિવાય બીજ
દિવસોમાં પશુઓના પગ ભીના થાય એટલે
વરસાદ વરસે તો તે અકાળ વૃષ્ટિ કહેવાય છે. તે અનિષ્ટ
કારક છે. વીજળી, ગર્જના અને વરસાદ એ ત્રણ વૃષ્ટિન
ઉત્પાત થાય તો સાત રાત્રિ સુધી કાંઈ પણ શુભ કાર્ય કર
ઉચિત નથી. પોષ માસમાં અકાળ વૃષ્ટિનો ઉત્પાત થયે
હોય તો ત્રણ દિવસ, માઘ માસમાં બે દિવસ, ફાલ્ગુન મ
સમાં એક દિવસ અને ચૈત્ર માસમાં બે ઘડી સુધી શુભ કાર
કરવું નહીં." શ્રી હીરસૂરિએ કરેલી મેઘમાળામાં કહ્યું
કે—"માઘ માસમાં ત્રણ દિવસ, ફાલ્ગુન માસમાં બે દિવસ
ચૈત્ર માસમાં એક દિવસ, વૈશાખ માસમાં બે પ્રહર, જ્યેષ્ઠ
માસમાં એક પ્રહર અને અષાડ માસમાં અર્ધ પ્રહર, આટલ

મહિનામાં આટલો વરસાદ થઇને રહી જાય તો તે અકાળ વૃષ્ટિ કહેવાય છે.

આ પ્રમાણે યથાયોગ્ય, કાંઇ પણ અસત્ય નહીં એવી સત્ય તિથિઓની આ કથા કહી. તેનો સારી રીતે વિચાર કરી વિદ્વાનોએ વર્ષનું સ્વરૂપ કહેવું જોઇએ.

ઇતિ શ્રી મહોપાધ્યાય શ્રી મેઘવિજયજી ગણિ રચિત શ્રી મેઘમહોદય અથવા વર્ષ પ્રબોધ નામના ગ્રંથનો નવમો તિથિફલાધિકાર સંપૂર્ણ

દશમો સૂર્યચાર અધિકાર—

સૂર્યની ગતિના જ્ઞાનથી પ્રાચીન વિદ્વાનોએ પોતાની બુદ્ધિને અનુસારે વર્ષનું સ્વરૂપ જે પ્રમાણે કહ્યું છે, તે પ્રમાણે મેષાદિક રાશિમાં ફરતા સૂર્યથી ઉત્પન્ન થતા ધાન્યાદિકના ફળને રાજાઓની પ્રસન્નતાને માટે અમે કહીએ છીએ.

સંક્રાંતિના વિચારનું ફળ

ક્રૂર સંજ્ઞાવાળાં નક્ષત્ર અને રવિવારે સૂર્યની સંક્રાંતિ હોય તો તે ઘોરા નામની સંક્રાંતિ કહેવાય છે. ૧. ક્ષિપ્ર સંજ્ઞાવાળાં નક્ષત્ર અને સોમવારને દિવસે સૂર્યની સંક્રાંતિ હોય તો તે ધ્વાંક્ષી નામની સંક્રાંતિ કહેવાય છે. ૨. ચર સંજ્ઞાવાળાં નક્ષત્ર અને મંગળવારને દિવસે સૂર્યની સંક્રાંતિ હોય તો તે મહોદરી નામની સંક્રાંતિ કહેવાય છે. ૩. મૈત્ર સંજ્ઞાવાળાં નક્ષત્ર અને બુધવારને દિવસે સૂર્યની સંક્રાંતિ થતી હોય તો તે મંદાકિની નામની સંક્રાંતિ કહેવાય છે. ૪. ધ્રુવ સંજ્ઞાવાળાં નક્ષત્ર અને ગુરૂવારને દિવસે સૂર્યની સંક્રાંતિ થતી હોય તો તે મંદા નામની સંક્રાંતિ કહેવાય છે. ૫. મિશ્ર સંજ્ઞાવાળાં નક્ષત્ર અને શુક્રવારને દિવસે સૂર્યની સંક્રાંતિ થતી હોય તો તે મિશ્રા નામની સંક્રાંતિ કહેવાય છે. ૬. તથા દારૂણ સંજ્ઞાવાળાં નક્ષત્ર અને શનિવારને દિવસે સૂર્યનું સંક્રમણ થતું હોય તો તે

સંક્રાંતિના નામ અને વારનું ફળ

રાક્ષસી નામની સંક્રાંતિ કહેવાય છે. ૭. તેમાં પહેલી ઘોરા સંક્રાંતિ શૂદ્રને સુખદાયક છે. ૧. ધ્વાંક્ષી વૈશ્યને સુખદાયક છે. ૨. મહોદરી ચોરને સુખદાયક છે. ૩. મંદાકિની રાજાને સુખદાયક છે. ૪. મંદા બ્રાહ્મણને સુખદાયક છે. ૫. મિશ્રા પશુઓને સુખદાયક છે. ૬. તથા રાક્ષસી નામની સંક્રાંતિ મ્લેચ્છોને સુખદાયક છે. ૭. સૂર્ય સંક્રાંતિ રવિવારે હોય તો રસ અને ધાન્ય સંબંધી કષ્ટ પડે છે. ૧. સોમવારે હોય તો સુકાળ થાય છે. ૨. મંગળવારે હોય તો ગાય વગેરેને કષ્ટ થાય છે. ૩. બુધવારે હોય તો રસ કસ મોંઘાં થાય. ૪. ગુરૂવારે હોય તો સર્વ પ્રકારે શુભ થાય છે. ૫. શુક્રવારે હોય તો હાથી આદિ વાહનોનો નાશ થાય .છે. ૬. તથા શનિવારે સૂર્ય સંક્રાંતિ થતી હોય તો સર્વ રસની અલ્પતા થાય છે.

ચંદ્ર મંડલમાં સંક્રાંતિનું ફળ

સૂર્યની સંક્રાંતિને દિવસે ચંદ્રમા અગ્નિમંડળમાં હોય તો દુકાળ પડે, વાયુમંડલમાં હોય તો ચોરનો ભય કે ધાન્યનો વિનાશ થાય, મહેંદ્રમંડળમાં હોય તો ઘણો વરસાદ થાય અને પ્રજામાં રોગની ઉત્પત્તિ થાય, વારૂણમંડળમાં ચંદ્ર હોય તો સારી વૃષ્ટિ અને પ્રજાનું ક્ષેમ–કુશળ થાય.

દિવસ રાત્રિમાં સંક્રાંતિનું ફળ

દિવસના પહેલા ભાગમાં સૂર્યની સંક્રાંતિ થઇ હોય તો રાજાઓને પીડા થાય, મધ્યાહ્ન સમયે સૂર્ય સંક્રાંતિ થઇ હોય તો બ્રાહ્મણને પીડા થાય, દિવસના પાછલા ભાગમાં થઇ હોય તો વૈશ્યોને દુઃખકારક થાય છે, સૂર્યાસ્ત સમયે સંક્રાંતિ થઇ હોય તો શૂદ્રને પીડા થાય, સૂર્યોદય વખતે સંક્રાંતિ થઇ હોય તો પશુપાલને

કષ્ટ થાય, સંધ્યા સમયે સંક્રાંતિ થઈ હોય તો લિંગી જનોને કષ્ટકારક થાય છે. પ્રદોષ સમયે સંક્રાંતિ થઇ હોય તો પિશાચોને કષ્ટ કરે, અર્ધ રાત્રિએ સંક્રાતિ થઇ હોય તો રાક્ષસોને દુઃખદાયક છે, તથા પાછલી રાત્રિએ સૂર્યની સંક્રાંતિ થઈ હોય તો નટ વગેરે જનોને રોગ, મરણ, વિનાશ વગેરે કષ્ટ કરે છે.

સંક્રાંતિ વખતે સૂર્યની અવસ્થા અને તેનું ફળ

નાગ, તૈતિલ અને ચતુષ્પદ એ ત્રણ કરણમાં સૂર્યની સંક્રાંતિ થઇ હોય તો તે વખતે સૂર્ય સૂતેલો છે એમ જાણવું. વણિજ, વિષ્ટિ, બાલવ, ગર અને બવ એ પાંચ કરણમાં સૂર્ય સંક્રમે તો તે વખતે સૂર્ય બેઠેલો છે એમ જાણવું. શકુનિ, કિંસ્તુઘ્ન અને કૌલવ એ ત્રણ કરણમાં સૂર્યનું સંક્રમણ થાય તો તે વખતે સૂર્ય ઉભો છે એમ જાણવું. આ ત્રણ પ્રકારની અવસ્થાનું અનુક્રમે ધાન્ય, અર્થ અને વૃષ્ટિને વિષે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટપણું જાણવું.

સંક્રાંતિ મુહૂર્ત વિચાર

જ્યેષ્ઠા, આર્દ્રા, સ્વાતિ, અશ્લેષા, ભરણી અને શતભિષા એ છ નક્ષત્રો પંદર મુહૂર્ત્તવાળાં છે. વિશાખા, પુનર્વસુ, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદા અને રોહિણી એ છ નક્ષત્ર પીસ્તાલીસ મુહૂર્તવાળાં છે. બાકીનાં અશ્વિની, કૃત્તિકા, મૃગશીર્ષ, પુષ્ય, મઘા, પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, મૂલ, પૂર્વાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, પૂર્વાભાદ્રપદા અને રેવતી એ પંદર નક્ષત્ર ત્રીશ મુહૂર્તવાળાં છે. તેમાં હીન એટલે પંદર મુહૂર્તવાળાં નક્ષત્રમાં સૂર્યની સંક્રાંતિ થાય તો હીન ફળ કહેવું, સમાન એટલે ત્રીશ

મુહૂર્તવાળાં નક્ષત્રમાં સૂર્યની સંક્રાંતિ થાય તો મધ્યમ ફળ અને અધિક એટલે પીસ્તાલીશ મુહૂર્તવાળાં નક્ષત્રમાં સૂર્યની સંક્રાંતિ થાય તો પંડિતોએ ઉત્કૃષ્ટ ફળ કહેવું. મકર, કર્ક, મેષ, વૃષ અને મીન એ પાંચ સંક્રાંતિ રાત્રિએ થઇ હોય તો સુખકારક છે, અને બાકીની સાત સંક્રાંતિ દિવસે થાય તો તે શ્રેષ્ઠ છે. પરંતુ તેનાથી વિપરીત થાય તો તે અશુભ જાણવી. રવિ, મંગળ અને શનિવારને દિવસે સંક્રાંતિ થાય તો તે માસમાં ચોરનો ભય અને વૃષ્ટિનો અભાવ થવાથી ઘોર દુકાળ પડે. સંક્રાંતિ વખતે સૂર્ય ઉભો હોય તો સુકાળ થાય, બેઠો હોય તો મધ્યમ ફળ થાય અને સુતેલો હોય તો અનાવૃષ્ટિ, દુકાળ અને ચોરનો ભય થાય.

સંક્રાંતિનાં વાહનાદિ—બવ વગેરે સાત કરણો ચર છે અને શકુનિ વગેરે ચાર કરણો સ્થિર છે. એ અગ્યાર કરણમાંથી જે કરણમાં સૂર્યની સંક્રાંતિ થઇ હોય તે કરણને આશ્રીને સંક્રાંતિનાં વાહન, વસ્ત્ર, ભોજન, વિલેપન, આયુધ, જાતિ અને પુષ્પ વગેરે આ પ્રમાણે જાણવાં—

સિંહ, વ્યાઘ્ર, વરાહ, ગર્દભ, હાથી, ભેંશ, અશ્વ, શ્વાન, બકરો, વૃષભ અને કુકડો. (બવકરણમાં સંક્રાંતિ થઈ હોય તો તે સંક્રાંતિનું વાહન સિંહ છે. એમ અગ્યારે કરણને આશ્રી જાણવું.) મતાંતરમાં આ પ્રમાણે વાહનો કહ્યાં છે—હાથી, અશ્વ, વૃષભ, બકરો, ગર્દભ, ઊંટ, સિંહ, બાકી રહેલા ચારનું શકટ (ગાડી) વાહન છે.

સંક્રાંતિનાં વસ્ત્ર—શ્વેત, પીળું, નીલ, પાંડુર, લાલ, કૃષ્ણ, ધવલ, ચિત્રવિચિત્ર, કંબલ, નગ્ન અને કૃષ્ણવર્ણ એ બવાદિક કરણમાં થયેલી સંક્રાંતિનાં અનુક્રમે વસ્ત્ર છે.

સંક્રાંતિનું ભોજન—બવાદિક કરણમાં રહેલી

સૂર્યસંક્રાંતિને અનુક્રમે ભાત, પાયસ (દૂધની મીઠાઇ), ભિક્ષા (ઘેર ઘેર ભિક્ષા માગવી તે), પકવાન્ન, દૂધ, દહીં, વિચિત્ર અન્ન, ગોળ, મધ, ઘી અને સાકર એ ભોજન છે.

સંક્રાંતિનું વિલેપન--કસ્તૂરી, કુંકુમ, ચંદન, માટી, ગોરોચન, અલતાનો રસ, માર્જારમદ, હળદર, કાજળ, કાળાગુરૂ અને કપૂર એ અનુક્રમે વિલેપન છે.

સંક્રાંતિનાં આયુધ—ભૂશુંડી, ગદા, ખડ્ગ, દંડ, ધનુષ, તોમર, કુંત, પાશ, અંકુશ, તરવાર અને બાણ એ અગ્યાર અનુક્રમે સંક્રાતિનાં આયુધ છે.

સંક્રાંતિની જાતિ—દેવ, નાગ, ભૂત, પક્ષી, પશુ, મૃગ, શૂકર, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને વર્ણસંકર એ અગ્યાર અનુક્રમે સંક્રાતિની જાતિ છે.

સંક્રાંતિનાં પુષ્પ—નાગકેસર, જાઈ, કેશર, કમલ, કેતકી, દૂર્વા, આકડો, બિલા, માલતી, પાટલા અને જપા એ અગ્યાર જાતિનાં પુષ્પ અનુક્રમે સંક્રાંતિનાં જાણવાં. ગ્રંથાંતરમાં આ પ્રમાણે છે--"વિષ્ટિ અને ચતુષ્પદ કરણમાં વ્યાઘ્ર; નાગ અને તૈતિલ કરણમાં મહિષ (પાડો); બવ અને ગર કરણમાં હાથી; બાલવ અને વણિજ કરણમાં વૃષભ; કિંસ્તુઘ્ન, શકુનિ અને કૌલવ કરણમાં અંધકારનો નાશ કરનાર સૂર્યનું અશ્વ વાહન છે."

સંક્રાંતિનું ફળ

સંક્રાંતિનું વાહન હાથી હોય તો પૃથ્વી વરસાદથી સુખમય હોય, મહિષ વાહન હોય તો પૃથ્વી પર મરણ ઘણાં નીપજે, અશ્વનું વાહન હોય તો મહા યુદ્ધ થાય, વૃષભનું વાહન હોય તો ધાન્ય ઘણું નીપજે, સિંહનું વાહન હોય તો અનાજ

મોઘું મળે, તથા દેશમાં ચોરનો મોટો ભય થાય. એ જ પ્રમાણે વસ્ત્રાદિકમાં પણ વિચાર કરી લેવો.

ત્રૈલોકયદીપકમાં કહ્યું છે કે--"પહેલી સૂર્યસંક્રાંતિથી બીજી સૂર્યસંક્રાંતિ જો ચોથા કે પાંચમા વારે તથા ત્રીજા કે પાંચમા નક્ષત્રમાં પ્રવેશ કરે તો દુઃખ અને રાજાઓમાં વિગ્રહ થાય, છઠ્ઠા નક્ષત્રમાં સંક્રમણ હોય તો પણ દુઃખ અને રાજાઓમાં વિગ્રહ થાય, તથા પૃથ્વીપર મનુષ્ય ત્રીજા ભાગના જ બાકી રહે. જો ચોથા નક્ષત્ર અને ત્રીજા વારે રાત્રિને સમયે સૂર્યસંક્રાંતિ હોય તો સારો સુકાળ થાય. લોકમાં કહ્યું છે કે–"જે વારે પૂર્વની સંક્રાતિ હોય તેથી ચોથે વારે જો બીજી સંક્રાતિ હોય તો અશુભને દૂર કરી શુભ ફળ કરે. જો પાંચમે વારે બીજી સંક્રાંતિ આવતી હોય તો કરવરા હોય, ત્રીજે વારે પ્રવેશ હોય તો રસ મોંઘા થાય. છઠ્ઠે વારે પ્રવેશ હોય તો પૃથ્વીનો પ્રલય થાય, એટલે ઘણા પ્રાણીઓ મરણ પામે. બીજે, ત્રીજે કે પાંચમે વારે સૂર્યસંક્રાંતિ હોય તો મનુષ્ય ભિક્ષાને માટે ખપ્પર લઇને ભ્રમણ કરે એટલે કે મોટો દુકાળ પડે, તેથી ઘણા પ્રાણીઓનો વિનાશ થાય." સૂર્યનો કે બીજા ગ્રહનો બૃહત્ નક્ષત્રપર ઉદય અને અસ્ત હોય તથા તેના પર ચંદ્રની દૃષ્ટિ પડતી હોય તો સુકાળ થાય છે. તથા લઘુ નક્ષત્રપર ઉદયાસ્ત થતા હોય તો દુકાળ થાય છે. તિથિ, વાર, નક્ષત્ર અને લગ્ન, તેમના આરંભમાં સૂર્ય રહેલો હોય તો સુકાળ થાય, અને તેમના અંત્ય ભાગમાં સૂર્ય રહેલો હોય તો દુકાળ થાય છે. મિત્ર રાશિનો, પોતાની રાશિનો કે ઉચ્ચ રાશિનો સૂર્ય શુભ ગ્રહવડે દૃષ્ટ હોય કે યુક્ત હોય તથા પૂર્વ સંક્રાંતિના ચંદ્રનક્ષત્રથી ચોથા નક્ષત્રમાં અને ત્રીજા વારમાં સંક્રમણ હોય તો તે

સુકાળ અને કલ્યાણ કરનાર થાય છે. જો તે સંક્રાંતિને સમયે સૂર્ય સૂતેલો હોય, શત્રુની રાશિનો હોય, ક્રૂર ગ્રહવડે દૃષ્ટ, યુક્ત કે વેધિત હોય, અથવા નીચ ગૃહનો હોય તો તે અશુભ છે. અર્ઘકાંડમાં કહ્યું છે કે–“ પૂર્વ સંક્રાંતિના નક્ષત્રથી બીજી સંક્રાંતિ બીજા કે ચોથા નક્ષત્રપર હોય તો સુખ અને સુકાળ થાય છે, ત્રીજા નક્ષત્રમાં હોય તો મધ્યમ સુખ થાય છે, પાંચમા કે છઠ્ઠા નક્ષત્રમાં હોય તો દુકાળ અને દુઃખ થાય. પંદર મુહૂર્તવાળી સંક્રાંતિ હોય, પરંતુ પૂર્વની સંક્રાંતિથી [1] ત્રિક કે પંચક નક્ષત્ર હોય તો ધાન્યાદિક સસ્તાં થાય, ચિત્રાદિ આઠ નક્ષત્રોમાં સંક્રમણ હોય તો દુઃખદાયક દુકાળ પડે છે, તથા શ્રવણાદિ દશ નક્ષત્રોમાં સંક્રમણ હોય તો નિરંતર સુકાળ થાય છે. અમાવાસ્યાને દિવસે સંક્રમણ થતું હોય તો તે દિવસનું નક્ષત્ર જોઈને તેનું ફળ કહેવું. સંક્રાતિથી ચંદ્રમા સાતમો હોય તો ધાન્યનો સંગ્રહ કરવો. તેનો બે માસે વેચતાં બમણો લાભ થાય છે. સંક્રાંતિથી ચંદ્રમા સાતમાથી વધારે (આઠમો, નવમો વગેરે) હોય તો ધાન્યનો વિનાશ થાય. જો બારે સંક્રાતિઓ બૃહત્ સંજ્ઞાવાળાં નક્ષત્રોમાં થતી હોય તો તે આખા વર્ષમાં અવશ્ય સુકાળ થાય છે. ઊર્ધ્વ સંજ્ઞાવાળાં નક્ષત્રમાં સૂર્યની સંક્રાંતિ થતી હોય અને સૂર્ય શુભ ગ્રહોથી યુક્ત હોય તથા પૂર્વની સંક્રાંતિથી ત્રીજા કે પાંચમા બૃહત્

---

[1] અર્ઘકાંડમાં પંડિતોએ સ્વાતિ વગેરે આઠ નક્ષત્રો અને અશ્વિની વગેરે ત્રણ નક્ષત્રોની ત્રિક સંજ્ઞા કહી છે. તથા મૃગશીર્ષ વગેરે દશ નક્ષત્રો અને ધનિષ્ઠા વગેરે પાંચ નક્ષત્રો એ પંદર નક્ષત્રોની પંચક સંજ્ઞા કહી છે. આ સંજ્ઞા વસ્તુઓના મૂલ્યનો નિર્ણય કરવામાં ઘણી ઉપયોગી છે.

સંજ્ઞાવાળા નક્ષત્રમાં સંક્રમણ હોય તો પૃથ્વીપર નિરંતર સુકાળ થાય છે. રાત્રિને સમયે સુપ્ત સૂર્યની સંક્રાંતિ ક્રૂર ગ્રહોવડે યુક્ત, વેધિત કે દૃષ્ટ હોય, તથા પ્રથમની સંક્રાંતિથી ત્રીજા કે પાંચમા લઘુ સંજ્ઞાવાળા નક્ષત્રમાં સંક્રમણ થતું હોય તો જગતમાં દુઃખ દેવાવાળો મોટો દુકાળ પડે. જો બેઠેલા એવા સૂર્યની સંક્રાંતિ બૃહત્ સંજ્ઞાવાળા કે મિશ્રસંજ્ઞાવાળા નક્ષત્રમાં થતી હોય તો સૂર્યસંક્રાંતિનાં લક્ષણોએ કરીને મૂલ્યનો સમાન ભાવ કહેવો. જ્યારે ધનુષ રાશિમાં સૂર્યની સંક્રાંતિ થતી હોય ત્યારે ચંદ્રમા બૃહત્ સંજ્ઞાવાળા નક્ષત્રમાં છે ?–કે મધ્યમ સંજ્ઞાવાળા નક્ષત્રમાં છે ?–કે જઘન્ય, તે જોવું. તેમાં જો બૃહત્ સંજ્ઞાવાળા નક્ષત્રમાં ચંદ્ર હોય તો સુકાળ થાય, મધ્યમ સંજ્ઞાવાળા નક્ષત્રમાં હોય તો મધ્યમ થાય, અને જઘન્ય (લઘુ) સંજ્ઞાવાળા નક્ષત્રમાં ચંદ્ર હોય તો મોંઘવારી થાય. એ પ્રમાણે સંક્રમણનું ફળ કહેવું. જ્યારે સૂર્ય મેષાદિક રાશિમાં પ્રવેશ કરે છે ત્યારે જો ચંદ્રમા સાતમી રાશિપર રહ્યો હોય તો અનુક્રમે ત્રણ, બે, એક, છ, પાંચ અને ચાર માસ સુધી ધાન્યાદિક મોંઘું થાય.

મેષની સંક્રાંતિને દિવસે તુલાનો ચંદ્ર હોય તો છઠ્ઠે મહિને ધાન્યથી લાભ થાય. વૃષની સંક્રાંતિને દિવસે વૃશ્ચિકનો ચંદ્ર હોય તો ચોથે માસે ધાન્યથી લાભ થાય. મિથુન સંક્રાંતિને દિવસે ધનુષનો ચંદ્ર હોય તો તલ, તેલ અને અન્નનો સંગ્રહ કરવાથી ચોથે માસે તેને વેચતાં લાભ થાય. પરંતુ ક્રૂર ગ્રહથી વેધ થયો હોય તો લાભ ન થાય. કર્ક સંક્રાંતિને દિવસે મકરનો ચંદ્ર હોય તો ચાર માસ સુધી લોકમાં ભયંકર દુકાળ પડે, તે વખતે ધનવાન પણ દાસપણાને ધારણ કરે છે. સિંહ સંક્રાંતિને

દિવસે કુંભનો ચંદ્રમા હોય તો છ માસે ધાન્ય વેચવાથી બમણો લાભ થાય. કન્યાસંક્રાંતિને દિવસે મીનનો ચંદ્ર હોય તો છત્રભંગ તથા વિગ્રહ થાય. તુલા સંક્રાંતિને દિવસે મેષનો ચંદ્ર હોય તો ધાન્યથી પાંચમે માસે લાભ થાય. વૃશ્ચિક સંક્રાંતિને દિવસે વૃષભનો ચંદ્ર હોય તો તલ, તેલ અને અન્નનો સંગ્રહ કરવો યોગ્ય છે. તેને બે માસે વેચતાં બમણો લાભ થાય. ધન સંક્રાંતિને દિવસે મિથુનનો ચંદ્ર હોય તો પાંચમે માસે અન્નથી લાભ થાય, તથા કપાસ, ઘી, સુતર વગેરેથી પાંચમે માસે લાભ થાય. મકર સંક્રાંતિને દિવસે કર્કનો ચંદ્ર હોય તો કુલટાઓનો વિનાશ થાય. કુંભ સંક્રાંતિને દિવસે સિંહનો ચંદ્ર હોય તો ચોથે માસે અન્નથી લાભ થાય. મીનની સંક્રાંતિને દિવસે કન્યાનો ચંદ્ર હોય તો ધાન્યનો સંગ્રહ કરવાથી તે જ પ્રમાણે ચોથે માસે તેને વેચતાં લાભ થાય છે.

જે દિવસે જે રાશિ પર સૂર્યની સંક્રાંતિ થતી હોય તે જ દિવસે તે જ રાશિ પર ચંદ્રમા હોય એટલે કે કોઇ પણ સંક્રાંતિને દિવસે સૂર્ય અને ચંદ્ર એક જ રાશિ પર હોય તો તે જન્મવેધ કહેવાય છે. તે ઈષ્ટ–શુભ નથી. પરંતુ પોતાના મિત્રના ગૃહમાં હોય તો તે શ્રેષ્ઠ છે. જે વારની સંક્રાંતિ હોય તે જ વારની અમાવાસ્યા પણ હોય તો લોકમાં તે ખપ્પર જોગ કહેવાય છે. તે જોગમાં પ્રાણીઓ અને ધાન્યનો વિનાશ થાય છે. જો પહેલી સંક્રાંતિ શનિવારે હોય, ત્યાર પછીની બીજી સંક્રાંતિ રવિવારે હોય અને ત્યાર પછીની ત્રીજી સંક્રાંતિ મંગળવારે હોય તો પણ ખપ્પર યોગ થાય છે. તે બહુ કષ્ટકારક છે.

જો કાર્તિક માસમાં વૃશ્ચિક સંક્રાંતિ રવિવારને દિવસે હોય તો શ્વેત વસ્તુ મોંઘી થાય, શનિવારે હોય તો મ્લેચ્છોમાં

રોગનો ઉપદ્રવ થઇ મરણ થાય, મંગળવારે હોય તો ધાન્ય અને રસનો સંગ્રહ કરવો. તેને ત્રણ માસે વેચતાં ત્રણગુણો લાભ થાય છે, બુધવારે હોય તો સોપારી વગેરે વસ્તુ મોંઘી થાય, ગુરૂવાર કે શુક્રવારે હોય તો તલ, તેલ, સૂતર, કપાસ અને રૂ વગેરે મોંઘાં થાય છે, અને સોમવારે વૃશ્ચિક સંક્રાંતિ હોય તો સર્વ મનુષ્યો સુખી થાય અને સર્વત્ર રાજાઓ વચ્ચે સંધિ થાય. આ સંક્રાંતિના વારનો ગ્રહવેધ થવાથી જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ફળ થાય છે.

જો માર્ગશીર્ષ માસમાં ધન સંક્રાંતિને દિવસે રવિ, મંગળ કે શનિવાર હોય તો ચૌડ, કર્ણાટક, ગૌડ, દેવગિરિ, મલય અને માળવા વગેરે દેશોમાં રાજાઓ વચ્ચે યુદ્ધ, મરણ અને વિગ્રહ એ ત્રણે થાય છે. કપાસ, રૂ, તેલ, તલ, ઘી, વગેરે વસ્તુ તેજ થાય, તથા સુવર્ણનો સંગ્રહ કરવાથી લાભ થાય. જો ધન સંક્રાંતિ સોમવારે હોય તો પૃથ્વી પર ઠંડી વધારે પડે, તેથી કાંઈક ધાન્યનો વિનાશ થાય. જો બુધ કે ગુરૂવારે સંક્રાંતિ હોય તો અનાજ સસ્તું થાય. શુક્રવારે હોય તો મ્લેચ્છ લોકો આનંદ પામે.

જો પોષ માસમાં મકર સંક્રાંતિને દિવસે શનિવાર હોય તો ભય થાય, રવિવાર હોય તો ક્ષત્રિય કુળનો નાશ થાય, બુધવાર હોય તો કારણ વિના યુદ્ધ થાય એમ પંડિતો કહે છે. ગુરૂવાર હોય તો પોતપોતાના કુળમાં વિરોધ થાય, સોમવાર હોય તો એ માસમાં જુવાર, વાલ, મસૂર અને ચણા એ સર્વનો હિમ પડવાથી વિનાશ થાય.

માઘ માસમાં કુંભ સંક્રાંતિને દિવસે ગુરૂ કે શુક્રવાર હોય તો પૃથ્વી પર ભય, ઘોર વિગ્રહ અને પશુઓને કષ્ટ

થાય, શનિવાર હોય તો વૃષભનો સંગ્રહ કરવો અને મહિ· ષનો વિક્રય કરવો, મંગળ કે રવિવાર હોય તો રાજાઓમાં પરસ્પર મહા યુદ્ધ થાય, ગુરૂ, બુધ, સોમ કે શુક્રવાર હોય તો કવચિત્ સમાન અને વિષમતા રહે, સમગ્ર લોક શોક રહિત થાય, કળથી, અડદ અને મગને રાખ્યા હોય તો વેચી નાંખવા જોઈએ, તુવેર જુવાર અને મસૂર વગેરે ધાન્ય સસ્તાં થાય છે, દેશ સુખી થાય, ઘી, કપાસ, તેલ, ગોળ, ખાંડ, ઇક્ષુ, અને સાકર વગેરેનો સંગ્રહ કરવાથી બે માસ પછી બમણો લાભ થાય છે.

ફાલ્ગુન માસમાં મીન સંક્રાંતિને દિવસે શનિવાર હોય તો સમુદ્રમાં ઉત્પન્ન થનારી તથા સમુદ્ર રસ્તે જતી આવતી વસ્તુના વેપારથી લાભ ન થાય. મંગળવાર હોય તો સુવર્ણથી લાભ મળે, રવિવાર હોય તો યોદ્ધાઓમાં વીરપણું ઘણું થાય તથા ઘી, તેલ વગેરે રસ મોંઘાં થાય, સોમવાર હોય તો મનુષ્યો સુખ પામે, શુક્ર કે બુધવાર હોય તો ઘણો સુકાળ થાય અને ગુરૂવાર હોય તો રોગની વૃદ્ધિ થાય.

ચૈત્ર માસમાં મેષ સંક્રાંતિને દિવસે મંગળ કે શનિવાર હોય તો ઘઉં અને ચણાનો ભાવ તેજ થાય, સોમવાર હોય તો કપાસ, તેલ વગેરેનો ભાવ તેજ થાય, ગુરૂવાર હોય તો ક્ષત્રિયો અને પ્રાણીઓનો નાશ થાય, શુક્ર કે બુધવાર હોય તો સમસ્ત વસ્તુ મોંઘી થાય અને વિવાહ મહોત્સવ અધિક પ્રવર્તે. લોકમાં કહ્યું છે કે—"ચૈત્ર કૃષ્ણ પક્ષમાં ચારે દિશાઓ નિર્મળ ન હોય અને મીન સંક્રાંતિ શનિવાર અને તેરશને દિવસે હોય તો મરકી કે દુકાળ થાય.

વૈશાખ માસમાં વૃષ સંક્રાંતિને દિવસે શનિ, મંગળ કે

રવિવાર હોય તો દુકાળ પડે, દેશમાં ક્લેશ થાય, મોંઘવારીને લીધે ઘઉંની દુર્લભતા થાય, કપાસ, ફળ, વસ્તુ, ઇક્ષુરસના પદાર્થ તથા મજીઠ એ વસ્તુ તેજ થાય. સોમવાર હોય તો ધાન્ય સસ્તું થાય. શુક્ર, ગુરૂ કે બુધવાર હોય તો શ્રેષ્ઠ મધુર રસ ઉત્પન્ન થાય.

જયેષ્ઠ માસમાં મિથુન સંક્રાંતિને દિવસે શનિ, મંગળ કે રવિવાર હોય તો પાપકારક રોગ ઉત્પન્ન થાય, અગ્નિનો ભય થાય અને પ્રાયે કરીને ધાન્યના ભાવ તેજ થાય. બુધવાર હોય તો પૃથ્વી સંતુષ્ટ થાય, સિંધુથી ઉત્પન્ન થતી વસ્તુનો આદર થાય, ચંદ્ર, ગુરૂ કે શુક્રવાર હોય તો સર્વત્ર દુકાળ થાય.

અષાઢ માસમાં કર્ક સંક્રાંતિને દિવસે ક્રૂર (રવિ, મંગળ કે શનિવાર) હોય તો અધિક વરસાદ થાય અને ક્ષત્રિયોનો પરસ્પર યુદ્ધથી ક્ષય થાય. ગુરૂવાર હોય તો પ્રબલ વાયુ વાય. સોમ, બુધ કે શુક્રવાર હોય તો વરસાદ સારો થાય, ધાન્ય સસ્તું થાય અને લોકો પરદેશથી સુખી થાય.

શ્રાવણ માસમાં સિંહ સંક્રાંતિને દિવસે મંગળ કે શનિવાર હોય તો ઘણી વૃષ્ટિ થાય, અને તુચ્છ ધાન્યનો વિનાશ થાય. રવિવાર હોય તો વાયુનો ઉપદ્રવ થાય. ગુરૂવાર હોય તો ઘી સસ્તું થાય અને ગોળ તેલ વગેરે મોંઘાં થાય. સોમ, શુક્ર કે બુધવાર હોય તો લોકોને આનંદકારક છત્રભંગ થાય.

ભાદ્રપદ માસમાં કર્ક સંક્રાંતિને દિવસે રવિવાર હોય તો વૃષ્ટિ થોડી થાય. શનિવાર હોય તો ધાન્યનો અતિ નાશ થાય. મંગળવાર હોય તો રોગ વગેરેની ઉત્પત્તિ અને ઘણા પ્રકારની ઇતિનો ઉપદ્રવ થાય, વરસાદ થોડો થાય અને અનાજ મોંઘું થાય. ગુરુ, સોમ, શુક્ર કે બુધવાર હોય તો તેમના જ પરા-

ક્રમથી અનુક્રમે ઘણો શ્રમ કરવાથી પણ સુખ ન થાય, સમુદ્ર પર્યંત રાજાઓનું મહા યુદ્ધ થાય અને પશ્ચિમ દિશામાં કાંઇક વિનાશ થાય.

આશ્વિન માસમાં તુલા સંક્રાંતિને દિવસે રવિવાર હોય તો બ્રાહ્મણ અને ગાયો વગેરે દુ:ખી થાય. શનિવાર હોય તો રાજવિગ્રહ થાય અને ઘી મોંઘું થાય. બુધવાર હોય તો ઘણા પ્રકારના ધાન્યની પ્રાપ્તિ થાય તથા પૃથ્વી પૂર્ણ અમૃતરસવાળી થાય. ગુરૂવાર હોય તો અનાજ સસ્તું થાય. તે જ પ્રમાણે સોમવાર કે શુક્રવાર હોય તો પણ અનાજ સસ્તું થાય. મંગળવાર હોય તો કાંગ ઘણા થાય, તથા શાલિ, જૂર્ણા વગેરે ધાન્યથી પૃથ્વી પૂર્ણ થાય, ચોળા ઘણા થાય અને કળથીની હાનિ થાય. આ સંક્રાંતિઓ બારે માસની નિયમિત છે. તે જો પોતપોતાના માસને છોડીને ઉપર પ્રમાણે બીજા માસમાં પ્રવેશ કરે તો સાત વારે કરીને ઉપર કહ્યા પ્રમાણે શુભાશુભ ફળને આપે છે.

બાળબોધ ગ્રંથમાં કહ્યું છે કે—"પોષ માસની સંક્રાંતિને દિવસે રવિવાર હોય તો ધાન્યને વિષે પ્રથમ કરતાં બમણું મૂલ્ય થાય છે એમ બુદ્ધિમાન પંડિતો કહે છે. શનિવાર હોય તો ત્રણગણું મૂલ્ય થાય છે, મંગળવાર હોય તો ચારગણું, બુધ કે શુક્ર હોય તો સમાન મૂલ્ય અને ગુરૂ કે સોમવાર હોય તો અર્ધ મૂલ્ય થાય છે." પાઠાંતરમાં આ પ્રમાણે કહ્યું છે કે—" મંગળ કે બુધવાર હોય તો ત્રણગણું, શનિવાર હોય તો ચારગણું, સોમવાર કે શુક્રવાર હોય તો સમાન અને ગુરૂવાર હોય તો અર્ધ મૂલ્ય વડે વેચાય." બીજા ગ્રંથમાં આ પ્રમાણે કહ્યું છે કે—" મીન સંક્રાંતિને દિવસે સોમ, ગુરૂ કે

શુક્રવાર હોય તો સુકાળ થાય, રવિવાર હોય તો અધિક વાયુ વાય, મંગળવાર હોય તો પશુઓ પીડા પામે, શનિવાર હોય તો દુકાળ પડે, દૈવ યોગે બુધવાર હોય તો આવતા વર્ષમાં દુકાળ તથા છત્રભંગ થાય." જો શનિ, રવિ અને મંગળવારને દિવસે ઘણી સંક્રાંતિઓ થતી હોય તો અનાજ મોંઘું થાય, વાયુ અધિક વાય તથા રોગ અને રાજવિગ્રહ થાય.

જો સૂર્યોદય વખતે સૂર્ય સંક્રાંતિ થતી હોય તો તે જગતની વિપત્તિનું કારણ થાય છે, મધ્યાહ્ન સમયે સંક્રાંતિ થતી હોય તો સર્વ ધાન્યનો વિનાશ થાય, સૂર્યાસ્ત સમયે સંક્રાંતિ થતી હોય તો ધન ધાન્યની વૃદ્ધિ થાય છે, અને અર્ધ રાત્રિએ સંક્રાંતિ થતી હોય તો પૃથ્વી પર કલ્યાણ અને સુકાળ પ્રવર્તે. લોકમાં પણ કહ્યું છે કે-" શિયાળાની ઋતુમાં સૂતી સંક્રાંતિ સારી છે, વર્ષાઋતુમાં બેઠી સારી છે અને ઉનાળામાં ઉભી સંક્રાંતિ હોય તો તે સારી છે, એમ હે જોશી! તારો જોશ સંભાર. સૂતી સંક્રાંતિ સૂતર અને કપાસનો નાશ કરે છે, વાયુ અધિક કરે, સર્વ રસનો વિનાશ કરે અને સમગ્ર લોકને સંતાપ કરે. બેઠી સંક્રાંતિ વાયુ અધિક કરે, પશુઓનો વિનાશ કરે અને રોગથી મનુષ્યોનો વિનાશ કરે. ઉભી સંક્રાંતિ પ્રજાની વૃદ્ધિ કરે, રાજાઓને સુખ આપે, ઘેર ઘેર મંગલિક પ્રવર્તે, અને ગાય બ્રાહ્મણ વગેરે સર્વ લોક સુખ પામે. સંક્રાંતિ પંદર મુહૂર્ત્તની હોય તો જગત્તમાં તીડ, ઉંદર અને ચોરનો ઉપદ્રવ થાય, ત્રીશ મુહૂર્ત્તની હોય તો યુદ્ધનો સંભવ થાય છે અને મનુષ્ય, ઘોડા અને હાથીનો વિનાશ થાય છે. તથા પીસ્તાલીશ મુહૂર્તની સંક્રાંતિ હોય તો ધાન્ય સસ્તું થાય. વેપાર વૃદ્ધિ પામે, ઘણો સુકાળ થાય, ઘણું મંગલીક કાર્ય પ્રવર્તે અને વર્ષ ઉત્તમ થાય."

મકર, કર્ક, મેષ, વૃષ અને મીન રાશિના સૂર્ય રાત્રીને સમયે સંક્રમણ કરે તો તે વખતે તે ડાબા પગે ચાલે છે, દિવસે સંક્રમણ કરે તો તે વખતે સૂર્યને સૂતેલો માન્યો છે તેથી તે ચાલતો નથી, અને બાકીના સમયે સંક્રમણ કરે તો જમણે પગે ચાલે છે એમ જાણવું. સર્વ ગ્રહો પોતપોતાની રાશિપર નિયમ પ્રમાણે રહેતા હોય તો તે શુભ છે, અને વિપરીતપણે રહેતા હોય તો તે દુઃખદાયક છે. તેથી કરીને દિવસે અને રાત્રીએ કહેલી સંક્રાંતિનો બરાબર વિચાર કરવો જોઇએ.

તુલા વગેરે છ સંક્રાંતિઓ એક જ તિથિએ થતી હોય તો તે શુભ છે, બે તિથિએ થતી હોય તો તે મધ્યમ છે, અને ઘણી તિથિએ થતી હોય તો તે દુકાળ કરનાર થાય છે. સૂર્ય સંક્રાંતિ રિક્તા તિથિમાં થતી હોય તો સૈન્ય વડે મનુષ્યોનો ક્ષય થાય છે, દેશમાં કલહ થાય છે, રાજાનું મરણ થાય છે, તથા પૃથ્વી દુઃખથી વ્યાકુળ થાય છે. કહ્યું છે કે-" તુલા વગેરે છ સંક્રાંતિ પોતપોતાની તિથિથી ચલિત થાય તો સર્વ જગત દુઃખી થાય અને દુકાળ પડે. " પોષ માસમાં સૂર્ય સંક્રાંતિ જે વારે હોય તે જ વારે અમાવાસ્યા પણ હોય તો અનુક્રમે ધાન્યને વિષે બમણો, ત્રણગુણો અને ચારગુણો લાભ થાય છે. શનિ અને મંગળના માર્ગમાં જેટલો વખત સૂર્ય ચાલતો હોય તેટલો સમય સેંકડો ગર્ભનો યોગ છતાં પણ વૃષ્ટિ થાય જ નહીં, લોકમાં પણ કહ્યું છે કે—" જો અષાઢ માસમાં સૂર્યના સ્થાનથી મંગળ પાછળ હોય તો વૃષ્ટિ ઘણી થાય, અને સૂર્યથી મંગળ આગળ હોય તો તે દુઃખદાયક છે. એકજ નક્ષત્ર પર રવિથી મંગળ આગળ હોય તો વરસાદ વરસે નહીં. જ્યારે મંગળ

પાછળ થાય છે ત્યારે જ વરસાદ વરસે છે.” જો માઘ માસના કૃષ્ણ પક્ષની દશમને દિવસે મકર સંક્રાંતિ થતી હોય તો ધાન્યનો સંગ્રહ કરવાથી અષાઢ માસમાં તે લાભદાયક થાય છે. વૈશાખ માસની ત્રીજને દિવસે જો સંક્રાંતિ થતી હોય તો એક માસ સુધી રોગની પીડા થાય; અથવા મેઘનો ઉદય થાય. શ્રાવણ માસમાં કર્ક સંક્રાંતિને દિવસે મેઘનો ઉદય થાય તો સાત માસ સુકાળ રહે. એવું જિનેશ્વરનું વચન અન્યથા થાય નહીં. બાળબોધ ગ્રંથમાં કહ્યું છે કે—“જો નંદા (૧–૬–૧૧) તિથિને દિવસે મેષ સંક્રાંતિ થતી હોય તો વરસાદ થોડો થાય, ભદ્રા (૨–૭–૧૨) તિથિને દિવસે મેષ સંક્રાંતિ થતી હોય તો રાજયુદ્ધ થાય છે, જયા (૩–૮–૧૩) તિથિને દિવસે મેષ સંક્રાંતિ થતી હોય તો મનુષ્યોમાં રોગની પ્રવૃત્તિ થાય, રિક્તા (૪–૯–૧૪) તિથિને દિવસે મેષ સંક્રાંતિ થતી હોય તો પશુઓનો વિનાશ થાય છે, અને પૂર્ણા (૫–૧૦–૧૫) તિથિને દિવસે મેષ સંક્રાંતિ થતી હોય તો ધાન્યની વૃદ્ધિ થાય છે.” આ પ્રમાણે બાળબોધમાં કહેલું છે, તે ઘણા વિદ્વાનોને સંમત છે. ચોથ, નોમ અને ચૌદશને દિવસે સૂર્યની સંક્રાંતિ હોય તો દેશનો ભંગ અને સર્વત્ર મનુષ્યો દુઃખી થાય છે.

મંડળને અનુસારે નક્ષત્ર અને વારના યોગનું ફળ

જો અગ્નિમંડળના નક્ષત્રમાં સૂર્ય સંક્રાંતિ થાય અને તે દિવસે મંગળવાર હોય તો સમગ્ર ધાતુઓ મોંઘી થાય છે. ધાતુ સંજ્ઞાવાળા નક્ષત્રમાં સૂર્યની સંક્રાંતિ હોય અને તે દિવસે શનિવાર હોય તો રૂપું, સોનું, તાંબું, સીસું, કાંસું અને પીત્તળ એ સર્વ વસ્તુ મોંઘી થાય છે. તથા સર્વ લોહના ભેદ અને સર્વ રસો મોંઘાં થાય છે. વારુણ મંડળ નક્ષત્ર અને બુધવારને દિવસે સૂર્યની સંક્રાંતિ હોય

તો ધાન્યના ભેદ એટલે સર્વ પ્રકારનાં ધાન્ય અને સમુદ્રમાં ઉત્પન્ન થનારા રત્નાદિક મોંઘાં થાય છે. પાર્થિવ મંડળના નક્ષત્રમાં સૂર્યની સંક્રાંતિ થતી હોય અને તે દિવસે રવિવાર હોય તો સુગંધિ વસ્તુ અને અશ્વાદિક પશુઓ મોંઘાં થાય, અથવા સર્વ માસની પૂર્ણિમાના દિવસ અને રાત્રિએ કોઈ ઉત્પાત તથા સૂર્ય ચંદ્રનું પરિમંડળ થાય તો તેનો વિચાર કરવો.—જે મંડળનાં નક્ષત્રોમાં દુર્નિમિત્ત હોય તો તે તે મંડળોમાં કહેલી વસ્તુ શીઘ્ર મોંઘી થાય. આ પ્રમાણે વારની સાથે સંક્રાંતિનું અર્ઘકાંડ કહ્યું.

યોગ ચક્ર

સંક્રાંતિના દિવસનો યોગ તથા નક્ષત્ર તે બન્નેની ઘડીઓ એકઠી કરી તેને ચારે ગુણવી. પછી તેને સાતે ભાગ દેવો. જે શેષ રહે તે પર પંડિતોએ વિચાર કરવો. તેમાં જો શૂન્ય શેષ રહે તો ભય તથા ક્ષયરોગ થાય, એક શેષ રહે તો અન્નની પ્રાપ્તિ થાય, બે શેષ રહે તો રસની પ્રાપ્તિ થાય, ત્રણ શેષ રહે તો રોગ થાય, ચાર શેષ રહે તો શ્વેત વસ્ત્ર મોંઘાં થાય, પાંચ કે છ શેષ રહે તો બ્રાહ્મણ અને મુનિઓને રોગની પીડા થાય. સંક્રાંતિને સમયે આ યોગચક્રનો વિચાર કરવાનો છે.

બાર માસની સંક્રાંતિને આશ્રી વૃષ્ટિનો વિચાર

ચૈત્ર માસ, તેરસ અને શનિવારે જો મીન રાશિમાં સૂર્યની સંક્રાંતિ થાય તો તે વર્ષ નિંદ્ય (અશુભ) જાણવું. તે તત્કાળ ધાન્યનો વિનાશ કરે છે. ચૈત્ર માસની સંક્રાંતિને દિવસે જો મેઘની વૃષ્ટિ થાય તો ધાન્યની પ્રાપ્તિ તથા લોકમાં ઘણું સુખ થાય. વૈશાખ અને જયેષ્ઠ માસની સંક્રાંતિને દિવસે જો વરસાદ થાય તો તે મિશ્ર ફળદાયક થાય છે, તથા

ખંડ ખંડ વૃષ્ટિ થવાથી મધ્યમ વર્ષ થાય છે. તે વિષે રૂદ્ર દેવ કહે છે કે-"ચૈત્ર માસમાં મેષ સંક્રાંતિને દિવસે તથા વૈશાખ અને જ્યેષ્ઠ માસની સંક્રાંતિને દિવસે વરસાદ થાય તો વર્ષ વિચિત્ર થાય છે." વૈશાખ માસના કૃષ્ણ પક્ષમાં વૃષ સંક્રાંતિ હોય અને તે દિવસે વૃષના ચંદ્ર પણ હોય તો સમસ્ત કલેશોનો ક્ષય થઈ સુખ પ્રાપ્ત થાય છે. જો જ્યેષ્ઠ માસની પાંચમને દિવસે વૃષ સંક્રાંતિ હોય અને ત્યારપછી બે દિવસની અંદર વરસાદ થાય તો સુકાળ થાય છે. અષાઢ માસની સંક્રાંતિને દિવસે જો વરસાદ થાય તો ભયંકર વ્યાધિ ઉત્પન્ન થાય અને શ્રાવણમાં સારું થાય. અષાઢ માસની કર્ક સંક્રાંતિને દિવસે શનિવાર હોય તો દુકાળ પડે અને ધાન્ય મોંઘું થાય. શ્રાવણ માસમાં[1] કર્ક સંક્રાંતિને દિવસે જો વરસાદ થાય તો તે વર્ષે તીડ કે ઉંદરનો ઉપદ્રવ થાય નહીં. શ્રાવણ માસમાં દશમ અને શનિવારને દિવસે સિંહ સંક્રાંતિ થાય તો ધાન્ય ઘણું પાકે અને મેઘની વૃષ્ટિ સારી થાય. ભાદ્રપદ માસમાં સિંહ સંક્રાંતિને દિવસે વરસાદ થાય તો આગળ પર વરસાદનો રોધ થાય અને સંક્રાંતિના બે દિવસ સુધીમાં વરસાદ ન થાય તો આગળ પર વરસાદ થાય છે. આશ્વિન માસની સંક્રાંતિને દિવસે મેઘનો મહોદય જોવામાં આવે તો રાજાઓ વચ્ચે યુદ્ધ થાય, પ્રજાઓ સ્વસ્થ થાય અને ધાન્ય વડે જગત પૂર્ણ થાય. ભાદ્રપદ માસમાં સંક્રાંતિને દિવસે જો વૃષ્ટિ થાય તો લોકો ઘણા રોગો વડે વ્યાકુળ થાય. આશ્વિન માસમાં સંક્રાંતિને દિવસે વરસાદ થાય તો સારૂં થાય.

---

૧ "શ્રાવણ માસમાં કર્ક સંક્રાંતિને દિવસે જો વરસાદ થાય તો ઘોર વ્યાધિ ઉત્પન્ન થાય, અને પૃથ્વી પર ઘણું ધાન્ય પાકે." એવો ટીકાનો પાઠ છે.

કાર્તિક કે માર્ગશીર્ષ માસની સંક્રાંતિને દિવસે જો વરસાદ થાય તો મધ્યમ વર્ષ થાય. પોષ માસની સંક્રાંતિને દિવસે વરસાદ થાય તો સુકાળ થાય. લોકમાં કહ્યું છે કે—"કાર્તિકમાં સંક્રાંતિને છેડે વરસાદ થાય તો આગળ વરસાદ ઘણો વરસે. બીજી કાંઇ ચિંતા કરવી નહીં. કાર્તિક માસની અમાવાસ્યા અને શનિવારને દિવસે સંક્રાંતિ હોય અને તે દિવસે જો વરસાદ થાય તો ક્યાંય પણ વરસાદ ન થાય. આર્દ્રા, પૂર્વાભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદા અને શતભિષા નક્ષત્રને દિવસે સૂર્યની સંક્રાંતિ થતી હોય તો યુગનો પ્રલય થાય એમ જાણવું, એવું જ્યોતિષનું પ્રમાણ છે." માર્ગશીર્ષ માસમાં ધનસંક્રાંતિને દિવસે જો વરસાદ થાય તો તે વર્ષ અશુભ થાય છે અને વૃશ્ચિક સંક્રાંતિને દિવસે વૃષ્ટિ થાય તો તે સુખદાયક છે. માર્ગશીર્ષ માસના કૃષ્ણ પક્ષની બારશ અને મંગળવારે સંક્રાંતિ હોય તો તે જગતને દુઃખદાયક છે. પોષ માસની સંક્રાંતિને દિવસે મેઘનો ઉદય થાય તો ગાયો ઘણું દૂધ આપે અને પૃથ્વી પર ઘણું ધાન્ય પાકે. પોષ માસમાં રવિવારને દિવસે જો સૂર્યની સંક્રાંતિ હોય તો સમગ્ર જગતમાં હાહાકાર અને દુકાળ થાય, તેમાં કાંઇ સંશય નથી. માઘ માસની તેરશ અને રવિવારને દિવસે કુંભ સંક્રાંતિ હોય અને તે દિવસે રોહિણી નક્ષત્ર પણ હોય તો કાર્તિક માસને અંતે અન્ન મોંઘું થાય. ફાલ્ગુન અને ચૈત્ર માસની સંક્રાંતિને દિવસે વરસાદ થાય તો અનેક પ્રકારનાં અનાજ ઉત્પન્ન થાય. એજ પ્રમાણે વૈશાખ અને જયેષ્ઠ માસનું પણ ફળ જાણવું. મેષ રાશિનો સૂર્ય હોય ત્યારે આશ્વિની વગેરે દશ નક્ષત્રો ઉપર ચંદ્ર હોય અને તે દિવસોમાં જો વરસાદ થાય તો ગર્ભનો વિનાશ થાય અને તેથી આર્દ્રાદિક દશ નક્ષત્રોમાં વૃષ્ટિ ન થાય. આ રીતે હોવાથી

પોષ, માઘ અને આશ્વિન માસમાં સંક્રાંતિને દિવસે જો વરસાદ થાય તો ઘણું સુખ થાય. ચૈત્ર, વૈશાખ અને જ્યેષ્ઠ માસમાં સંક્રાંતિને દિવસે વરસાદ થાય તો આગળ ખંડવૃષ્ટિ થવાથી દુ:ખ અને સુખ મિશ્રિત ફળ મળે છે, ભાદ્રપદ અને અષાઢ માસમાં સંક્રાંતિને દિવસે વરસાદ થાય તો રોગ ઘણો થાય. શ્રાવણ માસમાં સંક્રાંતિને દિવસે વરસાદ થાય તો સુખસંપદા પ્રાપ્ત થાય, ફાલ્ગુન માસમાં સંક્રાંતિને દિવસે વરસાદ થાય તો ધાન્યની પ્રાપ્તિ થાય, અને કાર્તિક તથા માર્ગશીર્ષ માસમાં સંક્રાંતિને દિવસે વરસાદ થાય તો મધ્યમ વર્ષ થાય એમ જાણવું. સંક્રાંતિની ઘડીઓમાં નવ ભેળવવા. તેને સાતે ગુણી ત્રણે ભાગ દેવો. જો એક શેષ રહે તો સમાન ભાવ રહે અને શૂન્ય શેષ રહે તો મોંઘવારી થાય, એમ મુનિઓએ કહ્યું છે. મીન અને મેષ સંક્રાંતિની વચ્ચે અષ્ટમીને દિવસે મંગળવાર હોય તો ધાન્યનો સંગ્રહ કરવાથી બમણો, ત્રણગુણો અને ચારગુણો લાભ થાય છે એમ પૂર્વના આચાર્યોએ કહ્યું છે. કુંભ અને મીન સંક્રાંતિની વચ્ચે આઠમને દિવસે રોહિણી નક્ષત્ર હોય તો અલ્પ વૃષ્ટિ થાય, નોમને દિવસે રોહિણી હોય તો મધ્યમ વૃષ્ટિ થાય અને દશમને દિવસે રોહિણી નક્ષત્ર હોય તો અધિક વૃષ્ટિ થાય. ગર્ગસંહિતામાં કહ્યું છે કે-"કાર્તિક, ફાલ્ગુન, માર્ગશીર્ષ, ચૈત્ર, શ્રાવણ અને ભાદ્રપદ એ છ માસની સંક્રાંતિને દિવસે વરસાદ વરસે તો તે અશુભ છે. પોષ, માઘ, વૈશાખ, જ્યેષ્ઠ અષાઢ અને આશ્વિન એ છ માસની સંક્રાંતિને દિવસે જો વૃષ્ટિ થાય તો તે સદા શુભ જ છે." આ પ્રમાણે સૂર્ય સારી રાશિ પર સંક્રમણ કરે તેને આશ્રીને (સૂર્ય સંક્રાંતિને આશ્રીને) બુદ્ધિ વડે વિચારીને તેનું ફળ કહેવું.

ઈતિ દશમો સૂર્ય ચાર અધિકાર સમાપ્ત

અગ્યારમો ગ્રહગણનો અધિકાર—

જેણે સર્વ તારાઓ પોતાને આધીન કર્યા છે એવો ચંદ્ર જે નક્ષત્ર પર ચાલે છે અને તેને આશ્રીને જે

ચંદ્ર ચાર. પ્રકારે ફળદાયક થાય છે, તે પ્રમાણે વિક્રમના સમયથી અનુક્રમે તિથિની કથા કહેવાની શરૂઆત હું શરૂ કરૂં છું.

તિથિના બળથી નક્ષત્રનું બળ ચારગણું છે, નક્ષત્રના બળથી વારનું બળ આઠગણું છે, વારથી કરણનું બળ બમણું છે, કરણથી યોગનું બળ બમણું છે, યોગથી તારાનું બળ સાઠગણું છે, તારાના બળથી ચંદ્રનું બળ સો ગણું છે, અને ચંદ્રબળથી લગ્નનું બળ હજારગણું છે. તેથી લગ્ન અને ચંદ્રમાના બળાબળનો વિચાર કરી સદા ઈચ્છિત હિત કરવું. બાળબોધ ગ્રંથમાં કહ્યું છે કે—"તિથિ એક ગુણી કહી છે, તેનાથી વાર ચારગુણો કહ્યો છે, તેનાથી નક્ષત્ર સોળગણું કહ્યું છે, તેનાથી યોગ સોગુણો કહ્યો છે, તેનાથી સૂર્ય હજારગુણો કહ્યો છે અને તેનાથી ચંદ્ર લાખગુણો કહ્યો છે. તે ચંદ્ર [1]દક્ષજાતિની પ્રિયાઓ વડે સાધવા લાયક છે, તેથી તે ચંદ્ર દક્ષ જાતિનો પ્રિય કહેવાય છે.

બૃહત્ સંજ્ઞાવાળા નક્ષત્ર પર ચંદ્રનો ઉદય હોય તો ધાન્ય સસ્તું થાય, જઘન્ય સંજ્ઞાવાળા નક્ષત્ર પર ચંદ્રનો ઉદય હોય તો ધાન્ય મોંઘું થાય અને સમસંજ્ઞાવાળા નક્ષત્ર પર ચંદ્રનો

---

૧ દક્ષ પ્રજાપતિની પુત્રીઓ ચંદ્રની પ્રિયાઓ કહી છે.

ઉદય હોય તો સમ ભાવ રહે, એમ વિદ્વાનોએ સંદેહ રહિત કહ્યું છે.

ફાલ્ગુન માસમાં બીજ ને રવિવારને દિવસે ચંદ્રનો ઉદય થાય તો રાજા સુખી થાય, વાયુ અધિક વાય, અગ્નિનો ઉપદ્રવ અધિક થાય, તીડ પડે, બાળકોમાં રોગ વધે, પૃથ્વી પર કરા પડે, ધાન્યને નુકશાન થાય, વનચર પ્રાણીઓ દુઃખી થાય અને ધાતુઓ મોંઘી થાય. ફાલ્ગુન માસમાં સોમવારે ચંદ્રોદય થાય તો ઘણી વૃષ્ટિ થાય, છત્રનો ભંગ થાય, ભયંકર યુદ્ધ થાય, લોકો સુખી થાય, ગાયો અધિક દૂધ આપે અને ઘણું ધાન્ય ઉત્પન્ન થાય. મંગળવારે ચંદ્રોદય થાય તો સર્વ લોક કષ્ટ પામે, ધાન્ય મોંઘું થાય, સૂર્યગ્રહણ થાય, પુત્રનો વિક્રય થાય અને અગ્નિનો ઉપદ્રવ થાય. બુધવારે ચંદ્રોદય થાય તો સર્વ લોક વ્યાકુળ રહે, પશુઓ પીડા પામે, વૃષ્ટિ થોડી થાય, રાજાઓમાં વિરોધ થાય ફળ થોડા પાકે અને સર્વ પ્રકારનાં ધાન્ય મોંઘાં થાય. ગુરૂવારે ચંદ્રોદય થાય તો ખેતી સારી થાય, પશુઓને સુખ થાય, માર્ગ નિર્ભય થાય, અને બાદશાહ પર્યટન કરે. શુક્રવારે ચંદ્રોદય થાય તો ખંડ વૃષ્ટિ થાય, ધાન્ય મોંઘું થાય, લોકમાં રોગ, ભય અને અલ્પ દુઃખ તથા વનવાસી પશુઓનો વિનાશ થાય. શનિવારે ચંદ્રોદય થાય તો ધાન્ય મોંઘું થાય, દક્ષિણમાં મોટું યુદ્ધ થાય, અલ્પ વૃષ્ટિ થાય અને દુકાળ પડે. આ પ્રમાણે ફાલ્ગુન માસમાં ચંદ્રના ઉદયનું ફળ કહેલું છે. જે માસમાં શુકલ પક્ષની બીજને દિવસે ચંદ્રનો ઉદય સૂર્યથી ડાબી બાજુ (વાયવ્ય ખૂણા તરફ) થાય તો તે માસમાં સર્વ શુભકારક છે, અને જમણી બાજુ ચંદ્રોદય થાય તો તે દુકાળ કરે છે. તે વિષે વરાહમિહિર કહે છે કે—" અષાઢ કૃષ્ણ પક્ષમાં

ચંદ્રની સાથે રોહિણી નક્ષત્રનો યોગ જોઈ શાસ્ત્રના ઉપદેશ પ્રમાણે ગ્રહનું ચિંતવન કરનાર પંડિતે જગતનું શુભાશુભ ફળ કહેવું જોઈએ.”

રોહિણી શકટ યોગ.

જેમ અશ્વો રથની આગળ હોય છે તેમ ચંદ્રની આગળ રોહિણી ઉદય પામે તો તે સુકાળને માટે છે. તે વખતે મેઘનો મોટો ઉદય થાય છે, પલ્લિપતિનો વિનાશ થાય છે, રાજાઓ વચ્ચે યુદ્ધ થાય છે, વૈરને લીધે માર્ગ રૂંધાયેલા થાય છે, ચોર લોકો ચોતરફ ફરે છે અને મહા ભય ઉત્પન્ન થાય છે. રોહિણી નક્ષત્ર અને રોહિણીનો નાથ ચંદ્ર એ બન્ને રથમાં સમાન માર્ગે (એકી સાથે) ચાલે તો ધાન્ય પાકયા છતાં તીડ વિગેરેની દંષ્ટ્રા વડે તેનો વિનાશ થાય છે. જો ચંદ્રની પાછળ રોહિણી નક્ષત્રનો ઉદય થાય તો તે વર્ષને અશુભ કરનાર છે. આ સંબંધી વિચાર વૈશાખ સુદ ત્રીજને દિવસે કરવાનો છે. રાહુ વક્રગતિએ કરીને જેટલા કાળમાં સ્વાતિ નક્ષત્રથી આદ્રા નક્ષત્રના અર્ધ ભાગને ભોગવે છે, તેટલા કાળમાં જો દૈવયોગથી ચંદ્રમા રોહિણી નક્ષત્રને ભેદે તો દુકાળ થાય છે, યુદ્ધમાં રાજાઓનું મરણ થાય અને પ્રજાઓ અત્યંત દુઃખી થાય. જો ચંદ્રમા રોહિણી શકટને જરા પણ સ્પર્શ કરીને ઉદય પામે તો સૈન્યના બળથી અને ધાન્યના નાશથી ભયંકર દુઃખ પ્રાપ્ત થાય, જો ચંદ્રમા રોહિણીની દક્ષિણ દિશાએ ચાલતો હોય તો તે અતિ દુઃખદાયક છે. જો ચંદ્રમા રોહિણી નક્ષત્રના મધ્ય ભાગને વિદારે (મધ્ય ભાગમાંથી નીકળે) તો તે જગતને કલેશકારક છે. બીજને દિવસે સૂર્ય અને ચંદ્ર બન્ને જો રોહિણી નક્ષત્ર પર રહ્યા હોય તો દુષ્કાળથી

પ્રજાનો વિનાશ થાય અથવા તો ભયંકર યુદ્ધથી પ્રજાનો વિનાશ થાય. રોહિણીની ઉત્તર દિશામાં રહેલો ચંદ્રમા ક્રૂર ગ્રહ વડે વેધિત હોય અને શુભ ગ્રહ વડે દૃષ્ટ હોય તો તે તત્કાળ ચરાચર જગતને સુખદાયક થાય છે. રોહિણી ચંદ્રની આગળ રહેલી હોય કે પાછળ રહેલી હોય તો તે શુભ છે. પણ રોહિણીથી અગ્નિ ખૂણામાં ચંદ્ર રહેલો હોય તો તે ઉપસર્ગ કરનાર થાય છે, નૈઋત્ય ખૂણામાં ચંદ્ર રહેલો હોય તો તે ઈતિ કરનાર થાય છે. વાયવ્ય ખૂણામાં હોય તો ઘણો વાયુ થવાથી મધ્યમ વર્ષ કરે છે અને ઉત્તર તથા ઈશાન ખૂણામાં ચંદ્ર રહેલો હોય તો તે સર્વ લોકને શુભકારક છે. આ પ્રમાણે અર્ઘસંહિતામાં રોહિણી શકટનો યોગ કહેલો છે.

ચંદ્રની આકૃતિ ચંદ્રની આકૃતિ વૃશ્ચિક, ધન અને સિંહ રાશિમાં વક્ર છે, કન્યા અને તુલા રાશિમાં શૂલ જેવી લાંબી છે, મીન, મેષ અને વૃષ રાશિમાં જમણી બાજુએ ઉંચી છે, અને બાકીની (મિથુન, કર્ક, મકર અને કુંભ) રાશિમાં ચંદ્રની આકૃતિ સમાન છે. સમાન આકૃતિવાળો ચંદ્ર હોય તો વિગ્રહ થાય, ચંદ્રમા જમણી બાજુએ ઉંચો હોય તો દુકાળ પડે, શૂલ જેવો હોય તો વ્યાધિ અને ચોરનો ભય થાય અને ઉત્તર તરફ ઊંચો (વક્ર) હોય તો સુકાળ થાય છે.

ચંદ્રનું વસ્ત્ર સિંહ, મેષ અને વૃષ રાશિમાં ચંદ્ર હોય ત્યારે તે રક્ત વસ્ત્રવાળો હોય છે. મકર અને કુંભ રાશિમાં હોય ત્યારે તે શ્યામ વસ્ત્રવાળો હોય છે. તુલા, કર્ક અને વૃશ્ચિક રાશિમાં હોય ત્યારે તે શ્વેત વસ્ત્રવાળો હોય છે અને બાકીની (મિથુન, કન્યા,

ધન અને મીન) રાશિમાં ચંદ્ર રહ્યો હોય ત્યારે તે પીત વસ્ત્રવાળો હોય છે. રાતો ચંદ્ર હોય તો તે રસની હાનિ કરે છે, ઘણું યુદ્ધ અને મરણ કરનાર છે. પીળો ચંદ્ર હોય તો તે રોગ, મરણાદિક ભય અને દુકાળ કરનાર છે. શ્વેત ચંદ્ર અનેક પ્રકારના ધવલ મંગલાદિક ગીતો વડે પૃથ્વીને આનંદ પમાડે છે, (તથા કાળો ચંદ્ર) વેપારમાં ઉત્સાહ અને લોકમાં ધર્મકર્મ કરાવે છે.

ગુરૂ, બુધ, મંગળ, શનિ અને સૂર્ય જ્યારે ચંદ્રની દક્ષિણ દિશાએ ચાલે છે ત્યારે સુકાળ અને ઉત્તમ ધનની વૃદ્ધિ થાય છે અને વિપરીત ચાલે તો ધાન્યની હાનિ થાય છે. જો વાદળાંથી વ્યાપ્ત થયેલા આકાશમાં રોહિણી સહિત ચંદ્રમા દેખાતો ન હોય તો મહા રોગનો ભય થાય અને પૃથ્વી ઘણા જળ તથા ધાન્યથી ભરપૂર થાય છે. નંદા તિથિમાં પ્રકાશમાન અગ્નિ, પૂર્ણા તિથિમાં ધૂળની વૃષ્ટિ અને ભદ્રા તિથિમાં ગોકુલની ક્રીડા જોવામાં આવે તો દેશનો વિનાશ થાય છે, જે દિવસે ગોકુલની ક્રીડા થતી હોય તે દિવસે ચંદ્રનો ઉદય થતો હોય તો પ્રજા, ગાયો અને રાજાનો વિનાશ થાય છે.

ચંદ્રને આશ્રી કાળનું જ્ઞાન

ચંદ્રમા જેટલી ઘડી હોય તેમાં ચૌદ ઉમેરી સાતે ગુણવા પછી તેને ત્રણે ભાગ દેવો, તેમાં જો એક શેષ રહે તો સુકાળ, શૂન્ય શેષ રહે તો શૂન્યતા અને બે શેષ રહે તો અર્થનો વિનાશ થાય છે. કેવળકીર્તિ કહે છે કે—'જ્યેષ્ઠ માસની અમાવાસ્યાને દિવસે સૂર્યના અસ્તને

જોવો. તથા બીજને દિવસે ચંદ્રના ઉદયને જોવો. તેમાં જો ચંદ્રમા સૂર્યથી ઉત્તર, મધ્ય કે દક્ષિણ તરફ ઉદય પામે તો અનુક્રમે ઉત્તમ, મધ્યમ અને નીચ કાળ જાણવો." રૂદ્રદેવ કહે છે કે-" જ્યેષ્ઠ માસના અંતમાં પ્રતિપદાને દિવસે સૂર્યાસ્ત સમયે અથવા દ્વિતીયાને દિવસે ઉત્તર કે દક્ષિણ તરફ ચંદ્રમાને જોવો જોઈએ. તેમાં જો ઉત્તર દિશામાં ઉદય હોય તો સુકાળ થાય, દક્ષિણમાં ઉદય હોય તો દુકાળ થાય, અને મધ્યમાં ઉદય થાય તો મધ્યમ વર્ષ થાય છે.

સપ્ત નાડી ચક્રનો વિચાર

સપ્ત નાડી ચક્રમાં શનિ, સૂર્ય, મંગળ, ગુરૂ, શુક્ર, બુધ અને ચંદ્રમા એ સાત ગ્રહ ક્રમથી સ્વામી છે અને અઠ્ઠાવીશ નક્ષત્રો પણ સ્વામી છે. પહેલો નાડી પ્રચંડા નામે છે, બીજી પવના, ત્રીજી દહની, ચોથી સૌમ્ય, પાંચમી નીર, છઠ્ઠી જળ અને સાતમી નાડી અમૃતા નામની છે. જે રવિ વગેરે ગ્રહો જે નક્ષત્ર ઉપર હોય તે ગ્રહ ઉપર તે નક્ષત્ર સ્થાપન કરવા. સાત નાડીમાંથી ત્રણ નાડીની પાતાલ સંજ્ઞા છે. ત્રણ નાડી ઊર્ધ્વગામિની છે, અને એક મધ્યમાં રહેલી નાડી મધ્યા નામની છે. તેના (નાડીના) નામને અનુસારે કૃત્તિકાદિક સાત સાત નક્ષત્રોને વિષે તે નાડીઓનું ફળ સ્ફુટ રીતે જાણવું. રૂદ્રદેવ કહે છે કે—"મધ્યમાં સૌમ્ય નાડી રહેલી છે. તેની આગળ અને પાછળ સૌમ્ય અને યામ્ય નામની ત્રણ ત્રણ નાડી જાણવી." યામ્ય નાડીમાં ક્રૂર ગ્રહો અને સૌમ્ય નાડીમાં શુભ ગ્રહો રહેલા છે, તથા સૌમ્ય નાડી મધ્યમાં રહેલી છે. તે સર્વે ગ્રહને અનુસારે ફળ આપનારી છે. વર્ષા ઋતુમાં સૂર્ય આર્દ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે છે ત્યારે નાડીવેધ

દ્વારા મેઘની વૃષ્ટિ જાણી શકાય છે. જે નાડી પર ચંદ્રમા રહેલો હોય તે નાડી પર ક્રૂર અને સૌમ્ય ગ્રહો રહેલા હોય તો જેટલા અંશ ચંદ્રમા રહે તેટલો સમય મહા વૃષ્ટિ થાય છે. જો ચંદ્રમા કેવળ શુભ કે પાપ ગ્રહોથી યુક્ત હોય તો થોડી વૃષ્ટિ થાય છે તથા અવશ્ય દુર્દિન હોય છે. ચંદ્રમા નાડીના સ્વામીની સાથે રહેલો હોય અથવા નાડીના સ્વામીની તેના પર દૃષ્ટિ પડતી હોય તો તે જળ આપનાર થાય છે. વળી ચંદ્ર ક્ષીણ થએલો ન હોય અને તેના પર શુક્રની દૃષ્ટિ પડતી હોય તો તે વિશેષે કરીને જળદાયક થાય છે. અમૃતા નાડી પર રહેલો ચંદ્ર શુભાશુભ ગ્રહોથી યુકત હોય તો એકી સાથે સાત દિવસ સુધી જળની વૃષ્ટિ થાય છે. પૂર્ણ યોગ હોય તો ત્રણ દિવસ, અર્ધ યોગ હોય તો દોઢ દિવસ, પા યોગ હોય તો એક દિવસ અને પાથી પણ ઓછો યોગ હોય તો અર્ધ દિવસ વરસાદ થાય છે. શુભ ગ્રહોનો યોગ અધિક હોય તો નિર્જળા નાડી પણ જળ આપનારી થઈ જાય છે, અને ક્રૂર ગ્રહોનો યોગ અધિક હોય તો જળ આપનારી નાડી પણ વરસાદનો બાધ કરનારી થાય છે. સર્વે ગ્રહો સૌમ્ય નાડી પર રહેલા હોય તો ત્રણ દિવસમાં તે વૃષ્ટિ કરનારા થાય છે, અને સર્વે ગ્રહો સૌમ્ય સિવાયની બીજી કોઇ નાડી પર રહેલા હોય તો તે દુષ્ટ વૃષ્ટિને આપનારા થાય છે. યામ્ય નાડી પર ક્રૂર ગ્રહો રહેલા હોય તો વિલંબે વૃષ્ટિ આપનારા થાય છે. અને શુભ ગ્રહોની સાથે જળનાડીમાં હોય તો સર્વે વૃષ્ટિ કરનારા થાય છે. ગામનું નક્ષત્ર સૌમ્ય નાડી પર રહેલું હોય અને ત્યાં ચંદ્ર અને શુક્ર પણ રહેલા હોય તથા ક્રૂર ગ્રહનો યોગ હોય તો ઘણી વૃષ્ટિ થાય છે. તથા ક્રૂર ગ્ર-

હની દૃષ્ટિ હોય તો અલ્પ વૃષ્ટિ થાય છે. જે વખતે ગ્રહો ઉદયમાં, અસ્તમાં, માર્ગમાં કે વક્ર ગતિમાં રહેલા હોય તે વખતે તેઓ જો ચંદ્ર સહિત જળનાડીમાં રહ્યા હોય તો તે મેઘનો ઉદય કરનારા કહ્યા છે.

તે બાબત શ્રી ભદ્રબાહુ સ્વામી કહે છે કે—"મહા સર્પને આકારે સપ્ત નાડીવાળું ચક્ર બનાવી તેની સીધી રેખામાં કૃત્તિકાદિક અઠ્ઠાવીશ નક્ષત્રો અનુક્રમે લખવાં. તેમાં જે નાડી-પર ચંદ્રમા હોય તે નાડી પર જો કેવળ પાપ ગ્રહ કે શુભ ગ્રહ હોય કે બન્ને ગ્રહો હોય તો વૃષ્ટિ થાય છે, એમ ભદ્રબાહુસ્વામી કહે છે. વળી આવો ચંદ્રમા અન્ય ગ્રહો વડે યુક્ત અથવા એકલો જ હોય તો પણ વૃષ્ટિ થાય છે. પરંતુ એકલો જ ચંદ્ર નાડી પર રહેલો હોય તો અવશ્ય દુર્દિન થાય જ છે. તે નાડીઓમાં પણ અમૃતાદિક ત્રણ નાડીઓ અધિક જળદાયક છે, ચોથી નાડી વાયુ સહિત જળદાયક છે, અને બાકીની નાડીઓ અધિક વાયુકારક છે. જો સમગ્ર ગ્રહોનો યોગ અમૃતાદિક ત્રણ નાડી પર હોય તો અનુક્રમે અઢાર, બાર અને છ દિવસ વૃષ્ટિ કરે. બાકીની નાડીનું ફળ જેમ યોગ્ય હોય તેમ જાણવું. જો શુભ ગ્રહોનો અધિક યોગ હોય તો નિર્જળા એટલે વાયુ નાડી પણ જળદાયક થાય છે અને પાપ ગ્રહોનો અધિક યોગ હોય તો જળનાડી પણ અલ્પ જળ આપે છે. જો શનિ તથા મંગળ વાયુનાડી પર હોય તો તે કાંઈ પણ જળ આપતી નથી; પરંતુ શુભ ગ્રહોની સાથે અત્યંત યોગ હોય તો જળ વરસે છે. વૃષ, મકર, કુંભ, મીન, સિંહ, કર્ક, વૃશ્ચિક અને તુલા એ આઠ રાશિ જળદાયક છે અને

બાકીની ચાર રાશિ શુષ્ક એટલે નિર્જળ છે, રવિ, શનિ અને મંગળ એ ત્રણે ગ્રહો શુષ્ક એટલે નિર્જળ છે તથા પૂર્ણ ચંદ્ર, બુધ, ગુરૂ, અને શુક્ર એ ચાર અનુક્રમે અવશ્ય જળ-દાયક છે, એમ જાણવું." આ પ્રમાણે ભદ્રબાહુ સંહિતામાં કહ્યું છે.

અહીં બીજા ગ્રંથમાં આ પ્રમાણે વિશેષ કહ્યું છે–કૃત્તિકા નક્ષત્રથી ભરણી નક્ષત્ર પર્યંત સાત નાડી સહિત સર્પનું ભયંકર રૂપવાળું અનુક્રમે ચક્ર કરવું. તેમાં શુભ નક્ષત્ર અને શુભ ગ્રહો વડે યુક્ત ચંદ્રમા હોય તો તે વૃષ્ટિ કરનાર છે. ક્રૂર ગ્રહની સાથે ક્રૂર ગ્રહ અને સૌમ્ય ગ્રહની સાથે સૌમ્ય ગ્રહ રહેલા હોય તો દુર્દિન થાય છે એમ જાણવું, અને ક્રૂર તથા સૌમ્ય ગ્રહ મિશ્રિત હોય તો વૃષ્ટિ થાય છે. શનિ અને સૂર્યની સાથે ચંદ્રમા કે બુધ અને શુક્રની સાથે ચંદ્રમા એક નાડી પર હોય તો વિદ્યુ-ત્પાત અને દુર્દિન થાય છે. જો શુક્ર, ચંદ્ર અને ગુરૂ એક નાડી પર હોય તો મહાવૃષ્ટિથી પૃથ્વી જળમય થાય છે. ચંદ્ર અને મંગળ એક નાડી પર હોય અને બૃહસ્પતિ પણ હોય તો પૃથ્વી જળમય થાય છે. શુભ અને ક્રૂર ગ્રહ ઉર્ધ્વ નાડી પર હોય તો વાયુ અધિક ચાલે, મધ્ય નાડી પર હોય તો ખંડ વૃષ્ટિ થાય છે, અને પાતાળ નાડી પર હોય તો વરસાદ અધિક થાય. ઊર્ધ્વ નાડી પર શુક્ર અને અધોનાડી પર ચંદ્રમા હોય તો અધોનાડીમાં મહાવાયુ અને બન્નેના યોગમાં મહાવૃષ્ટિ થાય છે. ચંદ્રમા સૌમ્ય ગ્રહોની સાથે સૌમ્ય નાડી પર હોય તો જળરાશિ દ્વારા વૃષ્ટિનો યોગ કહ્યો છે. સપ્ત નાડીવાળા સર્પના ચક્રમાં એક જ જળનાડી ઉપર બુધ અને શુક્ર સહિત ચંદ્રમા હોય તો મહા વૃષ્ટિ થાય એમ કહેવું. જો આ ચંદ્રમા અમૃત નાડીને વિષે સૌમ્ય

અને ક્રૂર ગ્રહ સહિત રહેલો હોય તો પણ તે સાક્ષાત્ અમૃત જેવી વૃષ્ટિ કરે છે. આ પ્રમાણે સપ્ત નાડી ચક્રમાં ચંદ્રને આશ્રી વૃષ્ટિનું જ્ઞાન કહ્યું.

ગ્રહોના ઉત્તર ભાગમાં ચંદ્રનો ચાર હોય તો તે વર્ષમાં સુકાળ, ક્ષેમ અને આરોગ્યતા હોય તથા વિગ્રહ ન હોય. જો પાંચ તારાવાળા ગ્રહો અર્થાત્ મંગળ, બુધ, ગુરૂ, શુક્ર અને શનિ ચંદ્રને દક્ષિણ દિશામાં કરે તો તેનું ફળ આ પ્રમાણે જાણવું—મંગળ હોય તો રાજાને કષ્ટકારક, શુક્ર હોય તો લોકોને કષ્ટકારક, બુધ હોય તો રસનો ક્ષય, ગુરૂ હોય તો જળનો નાશ અને શનિ હોય તો અર્થનો નાશ કરે. આ દરેક માસે જોવાનું છે. ચિત્રા, અનુરાધા, જ્યેષ્ઠા, કૃત્તિકા, રોહિણી, મઘા, મૃગશીર્ષ, મૂળ, પૂર્વાષાઢા અને વિશાખા એ નક્ષત્રોના ઉત્તર ભાગમાં ચંદ્રમા ચાલે તો સુકાળ, કલ્યાણની વૃદ્ધિ અને સારી વૃષ્ટિ થાય. તથા તે નક્ષત્રોના દક્ષિણ ભાગમાં ચંદ્રમા ચાલે તો રાજાઓનો વિનાશ, દુકાળ અને માર્ગમાં ભય થાય.

ચંદ્રના ઉદયનું ફળ

મેષ રાશિમાં ચંદ્રનો ઉદય થાય તો ગ્રીષ્મ ઋતુમાં ધાન્ય મોંઘું થાય. વૃષ રાશિમાં ચંદ્રનો ઉદય થાય તો અડદ, તલ, મગ અને તુચ્છ ધાન્ય મોંઘાં થાય. મિથુન રાશિમાં ચંદ્રોદય થાય તો કપાસ, સૂતર, રૂ, વગેરે મોંઘાં થાય. કર્ક રાશિમાં ચંદ્રોદય થાય તો અનાવૃષ્ટિ થાય. સિંહ રાશિમાં ચંદ્રોદય થાય તો ધાન્ય સોંઘું થાય, પશુઓનો વિનાશ થાય, અને રાજાઓ વચ્ચે પરસ્પર વિગ્રહ થાય. કન્યા રાશિમાં ચંદ્રોદય થાય તો બ્રાહ્મણ વગેરે પીડા પામે. તુલા રાશિમાં ચંદ્રોદય હોય તો ક્રયાણક

પ્રિય થાય. વૃશ્ચિક રાશિમાં ચંદ્રોદય થાય તો ધાન્યની ઉત્પત્તિ થાય. ધનુષ અને મકર રાશિમાં ચંદ્રોદય હોય તો તે શુભકારક છે. કુંભ રાશિમાં ચંદ્રોદય હોય તો ચણા, અડદ અને તલનો વિનાશ થાય. તથા મીન રાશિમાં ચંદ્રોદય હોય તો સુકાળ અને આરોગ્યતા થાય. આ બારે રાશિઓનું ફળ શુકલ પક્ષની બીજને દિવસે એટલે શુકલ પક્ષમાં નવીન ચંદ્રનો ઉદય થાય ત્યારે વિચારવું, એવો નિયમ છે.

ચંદ્રના અસ્તનું ફળ

મેષ રાશિમાં ચંદ્રનો અસ્ત થાય તો સર્વ પ્રકારનાં ધાન્ય મોંઘાં થાય. વૃષ રાશિમાં ચંદ્રનો અસ્ત થાય તો વેશ્યાઓને પીડા થાય, મનુષ્યોમાં અધિક મરણ થાય અને ચોરનો ભય થાય. મિથુન રાશિમાં ચંદ્રનો અસ્ત થતો હોય તો ઘણી વૃષ્ટિ થાય અને બીજ વાવવાથી તે પુષ્ટ થાય. કર્ક રાશિમાં ચંદ્રનો અસ્ત થતો હોય તો અતિવૃષ્ટિ થાય. સિંહ રાશિમાં ચંદ્રનો અસ્ત થતો હોય તો ધાન્ય મોંઘું થાય. કન્યા રાશિમાં ચંદ્રનો અસ્ત થતો હોય તો ખંડ વૃષ્ટિ અને સર્વ પ્રકારનાં ધાન્ય મોંઘાં થાય. તુલા રાશિમાં ચંદ્રનો અસ્ત થતો હોય તો વૃષ્ટિ થોડી થાય, દેશનો ભંગ થાય, અને માર્ગમાં ભય થાય. વૃશ્ચિક રાશિમાં ચંદ્રનો અસ્ત થતો હોય તો વર્ષ મધ્યમ થાય, અને ઉપદ્રવોથી ગામનો વિનાશ થાય. ધનુષ રાશિમાં ચંદ્રનો અસ્ત થતો હોય તો ધાન્યનો સુકાળ થાય. મકર રાશિમાં ચંદ્રનો અસ્ત થતો હોય તો ધાન્યનો વિનાશ થાય. કુંભ રાશિમાં ચંદ્રનો અસ્ત થતો હોય તો અલ્પ વૃષ્ટિ થાય, ધાન્ય મોંઘું રહે અને પ્રજાઓ ભય પામે. તથા મીન રાશિમાં

ચંદ્રનો અસ્ત થતો હોય તો સુખ સંપત્તિની પ્રાપ્તિ થાય. આ એક એક માસનું ફળ જાણવું. આ ચંદ્રના અસ્તનો વિચાર જે વખતે અમાવાસ્યાની પ્રવૃત્તિ થાય તે વખતે જે રાશિ હોય તેનો અહીં વિચાર કરવાનો છે. જેમ શુકલ પક્ષના પ્રારંભમાં ચંદ્રના ઉદયનો વિચાર કરાય છે તેમ ચંદ્રના અસ્તની કથા અન્યથા પ્રકારે નથી. વાર અને નક્ષત્રના ફળની જેમ તે દિવસે રાશિનું પણ ફળ જાણવું. બાકીનું અમાવાસ્યાના વિચાર-વડે ફળ જણવું.

વૈશાખ અને જયેષ્ઠ માસમાં ચંદ્રનો ઉદય ઉત્તર દિશામાં હોય તો ધાન્યની પ્રાપ્તિ અધિક થાય, અને મેઘનો મોટો ઉદય થાય. તિથિનું પ્રમાણ સાઠ ઘડીનું છે. તેનો ત્રીજો ભાગ વીશ ઘડી છે. બૃહત્ સંજ્ઞાવાળા નક્ષત્રનો પહેલો અંશ પંદર ઘડીનો છે. બીજો અંશ ત્રીશ ઘડીનો અને ત્રીજો અંશ પીસ્તાલીશ ઘડીનો છે. એજ પ્રમાણે રાશિના ભોગને આશ્રી ચંદ્રના ત્રણ અંશ પોતાની મેળે બુદ્ધિથી કલ્પી લેવા. જો સૂર્ય ધનુષ રાશિ પર હોય અને બૃહત્ સંજ્ઞાવાળું નક્ષત્ર, ચંદ્રમા અને તિથિ એ ત્રણેના અંશો તુલ્ય હોય તો તે વર્ષે ધાન્યની પ્રાપ્તિ ઉત્તમ થાય. જો સૂર્ય પર શુભ ગ્રહોની દૃષ્ટિ પડતી હોય તો વિશેષ અધિક ધાન્યની પ્રાપ્તિ થાય. જો બૃહત્ સંજ્ઞાવાળા નક્ષત્રનો બીજો અંશ તથા ચંદ્રની રાશિ અને તિથિનો પણ બીજો અંશ હોય તો પણ મહર્દ્ધિકોએ ઉત્તમ અર્થ જાણવો. ને બૃહત્ સંજ્ઞાવાળા નક્ષત્રનો ત્રીજો અંશ હોય અને ચંદ્રના નક્ષત્રનો તથા તિથિનો પણ ત્રીજો અંશ હોય તો તે સર્વોત્તમ જાણવો. બૃહત્ નક્ષત્રનો પહેલો અંશ અને ચંદ્ર તથા તિથિનો બીજો અંશ હોય તો પણ નક્ષત્રના સ્વભાવથી ઉત્તમ ધાન્યની પ્રાપ્તિ થાય છે. બૃહત્ નક્ષત્રનો પહેલો અંશ અને ચંદ્રમા

તથા તિથિનો અન્ત્ય–છેલ્લો અંશ હોય તો ઉત્તમ પ્રાપ્તિ થાય, એમ શાસ્ત્રની સંમતિ છે. બૃહત્ નક્ષત્રનો મધ્ય અંશ અને ચંદ્રમા તથા તિથિનો અંત્ય અંશ હોય તો નક્ષત્રના પ્રભાવથી મધ્યમ પ્રાપ્તિ થાય. આ રીતે ચંદ્રમા અને તિથિ વડે બૃહત્ નક્ષત્રનો વિચાર કર્યો. એ જ પ્રમાણે ત્રીશ મુહૂર્તવાળા મધ્ય નક્ષત્રના પણ આદિ, મધ્ય અને અંત્ય એવા ત્રણ ભાગની (અંશની) કલ્પના કરવી. મધ્ય નક્ષત્રનો પહેલો અંશ અને ચંદ્ર તથા તિથિનો પણ પહેલો અંશ હોય તો મધ્યમ ઉત્તમ ધાન્યની પ્રાપ્તિ થાય, એવો વિદ્વાનોનો મત છે. મધ્ય નક્ષત્રનો મધ્ય અંશ અને ચંદ્રમા તથા તિથિનો પણ મધ્ય અંશ હોય તો મધ્યમ ઉત્તમ ધાન્યની પ્રાપ્તિ થાય. મધ્ય નક્ષત્રનો અંત્ય અંશ અને ચંદ્રમા તથા તિથિનો પણ અંત્ય અંશ હોય તો મધ્યમ ધાન્યની પ્રાપ્તિ થાય. મધ્ય નક્ષત્રનો મધ્ય અંશ અને ચંદ્રમા તથા તિથિનો પહેલો અંશ હોય તો ધાન્યની મધ્યમ પ્રાપ્તિ થાય. બન્નેનો મધ્ય અંશ હોય તો પણ મધ્યમ પ્રાપ્તિ થાય. એ જ રીતે પંદર મુહૂર્તવાળા જઘન્ય નક્ષત્ર, ચંદ્રમા અને તિથિ એ ત્રણેના આદિ, મધ્ય અને અંત્ય એવા ત્રણ ત્રણ ભાગ (અંશ) જઘન્ય અર્ઘના સાધનને માટે કલ્પી લેવા. લઘુ નક્ષત્રનો આદિ ભાગ અને ચંદ્રમા તથા તિથિનો પણ પહેલો ભાગ હોય તો જઘન્ય ઉત્તમાર્ઘની પ્રાપ્તિ થાય. લઘુ નક્ષત્રનો મધ્ય ભાગ અને ચંદ્રમા તથા તિથિનો પણ મધ્ય અંશ હોય તો જઘન્ય મધ્યમ પ્રાપ્તિ થાય. લઘુ નક્ષત્રનો અંત્ય અંશ અને ચંદ્રમા તથા તિથિનો પણ અંત્ય અંશ હોય તો નક્ષત્રના દુષ્ટ સ્વભાવથી દુકાળ થશે એમ કહેવું. એ પ્રમાણે સમગ્ર વિકલ્પોનો વિચાર કરી પ્રશ્ન કરનારને સુકાળ વગેરે કહેવા. શુક્ર, મંગળ, બુધ અને શનિ બૃહત્ નક્ષત્ર પર હોય તો લોકમાં ધાન્યાદિક સસ્તું થાય

મધ્ય નક્ષત્ર પર હોય તો મધ્યમ અને અધમ નક્ષત્ર પર હોય તો અધમ કહેવું. આ પ્રમાણે ધનુષ સંક્રાંતિને વિષે ચંદ્રમા, તિથિ અને નક્ષત્રના વિભાગ દ્વારા વર્ષનું અર્ઘજ્ઞાન કહ્યું. તેને અનુસારે સર્વ સંક્રાંતિના દિવસની અપેક્ષાએ માસનું અર્ઘજ્ઞાન જાણવું. રામવિનોદ ગ્રંથના કર્તા તો વર્ષના રાજાની અપેક્ષાએ તે તે રાશિની જેમ મનુષ્યોના આય અને વ્યયની જેમ ધાન્યને વિષે પણ વિશેષ જાણવા માટે આ પ્રમાણે યંત્ર કહે છે—

અષ્ટોત્તરી દશાના વર્ષવડે શોધેલું આ આય અને વ્યયનું ચક્ર.

	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
રવિ	૨	૧૧	૧૪	૮	૧૧	૧૪	૧૧	૨	૫	૮	૮	૫
	૧૪	૫	૨	૨	૧૧	૨	૫	૧૪	૫	૧૪	૧૪	૫
સોમ	૧૪	૮	૧૧	૫	૮	૧૧	૮	૧૪	૨	૧૪	૧૪	૨
	૨	૧૧	૮	૮	૨	૮	૧૧	૨	૧૧	૧૪	૧૪	૧૧
મંગળ	૮	૨	૫	૧૪	૨	૫	૨	૮	૧૧	૧૪	૧૪	૧૧
	૧૪	૮	૫	૨	૧૧	૫	૮	૧૪	૫	૧૪	૧૪	૫
બુધ	૫	૧૪	૨	૧૧	૧૪	૨	૧૪	૫	૮	૧૧	૧૧	૮
	૫	૧૧	૧૧	૮	૨	૧૧	૧૧	૫	૧૧	૫	૫	૧૧
ગુરૂ	૧૧	૫	૮	૨	૫	૮	૫	૧૧	૧૪	૨	૨	૧૪
	૫	૧૪	૧૧	૧૧	૫	૧૧	૧૪	૫	૧૧	૮	૮	૧૧
શુક્ર	૨	૧૧	૧૪	૮	૧૧	૧૪	૧૧	૨	૫	૮	૮	૫
	૮	૧૪	૧૧	૧૧	૫	૧૧	૧૪	૮	૧૪	૮	૮	૧૪
શનિ	૧૪	૮	૧૧	૫	૮	૧૧	૮	૧૪	૨	૫	૫	૨
	૧૪	૮	૫	૫	૧૪	૫	૮	૧૪	૮	૨	૨	૮

આય અધિક હોય તો સસ્તું, વ્યય અધિક હોય તો મોંઘું

અને બન્ને બરાબર હોય તો સમાન ભાવ રહે, એમ ત્રણ પ્રકારે ધાન્યની અર્ઘતા કહી. એ જ રીતે ધાતુ, મૂળ, જીવ અને વસ્તુને વિષે અર્ઘ (ભાવ) કહેવા. પરંતુ સર્વતોભદ્રથી ઉત્પન્ન થયેલો ગ્રહવેધ ન હોવો જોઇએ. કળાઓને ધારણ કરનાર ચંદ્રની સમગ્ર કળા જળની દીનતાને નિવારણ કરનાર અને ઘણા ધાન્યના ઉદયની પ્રાપ્તિ કરનાર મેઘો વડે કળાઓને ધારણ કરનાર ચંદ્રની સમગ્ર કળા અચળ નથી પણ ચળાચળ છે.

મંગળચાર

અશ્વિની નક્ષત્ર પર મંગળ હોય તો શીતની પીડા થાય એટલે ઘણી ઠંડી પડે, તુષ અને ધાન્ય મોંઘાં થાય. ભરણી નક્ષત્ર પર મંગળ હોય તો બ્રાહ્મણો પીડા પામે, અતસી વૃક્ષોનો નાશ થાય, સર્વ દેશમાં ગામોના લોકો પીડા પામે, અને ધાન્ય મોંઘું થાય. કૃત્તિકા નક્ષત્રમાં મંગળ હોય તો તાપસોના આશ્રમોનો વિનાશ થાય. રોહિણી નક્ષત્ર પર મંગળ હોય તો વૃક્ષોનો નાશ તથા પશુઓને રોગ થાય. તેમજ કપાસ, વસ્ત્ર અને રૂ વિશેષ મોંઘાં થાય. મૃગશીર્ષ નક્ષત્ર પર મંગળ હોય તો કપાસનો નાશ થાય, પણ ધાન્ય વગેરેનો સુકાળ થાય, અને પૃથ્વી જળથી પૂર્ણ થાય. આર્દ્રા નક્ષત્ર પર મંગળ હોય તો વરસાદ થાય નહીં. પુનર્વસુ નક્ષત્ર પર મંગળ હોય તો તલનો નાશ થાય તથા ભેંસોનો પણ વિનાશ થાય. પુષ્ય નક્ષત્ર પર મંગળ હોય તો ચોરનો ભય થાય, લોકમાં વિરોધ થવાથી કાંઈ પણ શુભ ન થાય, તથા રાજાઓ નિર્બળ થાય. અશ્લેષા નક્ષત્ર પર મંગળ હોય તો વૃષ્ટિ થોડી થાય, ધાન્યનો ઘણો વિનાશ થવાથી દુકાળ થાય, અને સર્પનો ભય ઘણો થાય. મઘા નક્ષત્ર પર મંગળ હોય તો વરસાદ ન થાય,

તલ, અડદ અને મગનો વિનાશ થાય, તથા ધાન્યની દુર્લ-ભતા થાય. પૂર્વાફાલ્ગુની નક્ષત્ર પર મંગળ હોય તો વૃષ્ટિ થોડી થાય, પ્રજાઓ પીડા પામે, તથા ગોળ અને તલનો ભાવ તેજ થાય. ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર પર મંગળ હોય તો જળ-વૃષ્ટિનો નિરોધ થવાથી પશુઓમાં પીડા થાય, તથા અશ્વનું મૂલ્ય અધિક થાય. હસ્ત નક્ષત્ર પર મંગળ હોય તો જળ થોડું મળે, તથા ઘી, ગોળ અને લવણ મોંઘાં થાય. ચિત્રા નક્ષત્ર પર મંગળ હોય તો તીવ્ર રોગની પીડા થાય, ચોખા અને ઘઉં મોંઘાં થાય. સ્વાતિ નક્ષત્ર પર મંગળ હોય તો અનાવૃષ્ટિ થાય. વિશાખા નક્ષત્ર પર મંગળ હોય તો કપાસ અને ઘઉં મોંઘાં થાય. અનુરાધા નક્ષત્ર પર મંગળ હોય તો સુકાળ થાય અને પશુ પક્ષીઓ પીડા પામે. જયેષ્ઠા નક્ષત્ર પર મંગળ હોય તો જળ થોડું અને રોગની ઉત્પત્તિ થાય. મૂળ નક્ષત્ર પર મંગળ હોય તો બ્રાહ્મણ અને ક્ષત્રિય વર્ગને પીડા થાય, તથા તુષ ધાન્ય મોંઘું થાય. પૂર્વાષાઢા નક્ષત્ર પર મંગળ હોય તો મેઘ ઘણો વરસાદ વરસે, ગાયો અલ્પ દૂધવાળી થાય, પૃથ્વી ધાન્યથી પૂર્ણ થાય, તથા ચોખા, તેલ, ઘી અને અડદ મોંઘાં થાય. ઉત્તરાષાઢા નક્ષત્ર પર મંગળ હોય તો, પૂર્વાષાઢાની જેમ જાણવું. શ્રવણ નક્ષત્ર પર મંગળ હોય તો રોગની ઉત્પ-ત્તિ થાય, ધાન્યની અધિક પ્રાપ્તિ થાય અને પછીથી ભૂમિ પર વૃષ્ટિ ન થાય. ધનિષ્ઠા નક્ષત્ર પર મંગળ હોય તો ઇંદ્રના જેવી સમૃદ્ધિ પ્રાપ્ત થાય, તથા ધાન્ય, ગોળ, ખાંડ સસ્તાં થાય. શતભિષા નક્ષત્ર પર મંગળ હોય તો કીડા, ઉંદર વગેરેનો ઉપદ્રવ થાય તો પણ પૃથ્વી પર ઘણું ધાન્ય પાકે. પૂર્વાભાદ્રપદ નક્ષત્ર પર મંગળ હોય તો તલ, વસ્ત્ર, રૂ, કપાસ અને સો-

પારી વગેરે મોંઘાં થાય. ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર પર મંગળ હોય તો દુકાળ પડે, તથા બિંદુ માત્ર પણ વરસાદ ન થાય. રેવતી નક્ષત્ર પર મંગળ હોય તો પૃથ્વી પર સુખ અને સુકાળ થાય, મનુષ્યોમાં રોગ પ્રવર્તે, તથા ધાન્ય લક્ષ્મી અધિક થાય.

વક્રી થયેલા મંગળનું ફળ

મંગળ જે રાશિમાં જાય છે તે જ રાશિમાં તે વક્ર થાય છે, જો વક્રી થાય તો તે રાશિના નામના કરિયાણાં મોંઘાં થાય. મકર રાશિમાં મંગળ વક્રી થતો હોય તો સુખ થાય છે. કુંભ વગેરે પાંચ રાશિમાં અને તુલા રાશિમાં મંગળ વક્રી થતો હોય તો દુઃખ થાય છે, કપાસ, રસ અને મજીઠ એ મોંઘાં થાય છે. ક્રૂર ગ્રહોની સાથે મંગળ રહેલો હોય અથવા જુદો હોય અને ક્રૂર ગ્રહોથી વેધિત થતો હોય તો પણ કપાસ વગેરે મોંઘાં થાય. મીન, મેષ, સિંહ, ધનુષ, વૃષ અને મકર એ રાશિઓમાં મંગળ કે શનિ વક્રી થતા હોય તો પૃથ્વી સંક્ષિપ્ત દેહવાળી થાય, ઘોડા અને સુભટોનું મરણ થાય, રાજાઓ વચ્ચે વિગ્રહ થાય, દુકાળ થાય, ધાન્યનો વિનાશ થાય, ભય થાય, લોહી વિકારનો વ્યાધિ થાય, પ્રજાઓમાં પિત્તનો રોગ વધે. ગાય, હાથી, ઘોડા, બળદ, ભેંસ અને મનુષ્ય એ સર્વે જ્યાં સુધી શનિ કે મંગળ માર્ગગામી ન હોય ત્યાં સુધી દુઃખી થાય. ગ્રંથાંતરમાં કહ્યું છે કે-"સિંહ, મીન, કન્યા, મિથુન અને ધનુષ એ રાશિ પર શનિ કે મંગળ વક્રી થાય તો પૃથ્વી ઉજ્જડ થાય, શત્રુનું સૈન્ય પૃથ્વીને દળી નાંખે અને ઘોર વિગ્રહ થાય, તેમજ પૃથ્વી પર દુકાળ થાય, ધાન્યનો વિનાશ થાય, ભય થાય, પ્રજા પાપ રોગથી દુઃખી થાય, ગાય, ભેંસ વગેરે પશુઓને દુઃખ થાય, તથા રાજાઓ પાપનું

ચિંતવન કરે." કન્યા, મીન, ધનુષ અને સિંહ એ રાશિ પર શનિ કે મંગલ, વક્રી થાય તો લોકમાં વિભ્રમ થાય, અને રાજાઓનો ક્ષય થાય. કૃત્તિકા, રોહિણી, મૃગશીર્ષ, મઘા, ચિત્રા, વિશાખા, જ્યેષ્ઠા, અનુરાધા, મૂળ અને પૂર્વાષાઢા એ નક્ષત્રોના ઉત્તર ભાગમાં મંગળ, શુક્ર અને શનિ એ આષાડ માસમાં વિશેષે કરીને આવે (ચાલે) તો સુકાળ થાય, કલ્યાણ અને આરોગ્ય થાય, મધ્યમાં આવે તો મધ્યમ અને દક્ષિણ ભાગમાં આવે તો ઈતિ અને રોગનો ભય પ્રાપ્ત થાય છે.

કુલકમાં કહ્યું છે કે—"જો બૃહસ્પતિ, શનિ અને મંગળ એ ત્રણે એક ઠેકાણે મળેલા હોય તો મહાયુદ્ધ અને ભારે દુકાળ થાય. જો વિશાખા, મઘા, મૂળ અને કૃત્તિકા એ નક્ષત્રો પર મંગળ વક્રી થાય તો અનાજ મોંઘું થાય, અને કોઇક રાજાનો વિનાશ થાય." મંગળ ચાલતો રાશિ બદલે ત્યારે વૃષ્ટિ થાય, બૃહસ્પતિ ઉદય પામે ત્યારે વૃષ્ટિ થાય, શુક્ર અસ્ત પામે ત્યારે વૃષ્ટિ થાય, અને શનિશ્ચરની આ ત્રણેમાંથી કોઇ અવસ્થા હોય ત્યારે વૃષ્ટિ થાય. લોકમાં કહ્યું છે કે—"શુક્રના અસ્ત વખતે મંગળનો ઉદય થતો હોય તો રાજાઓનું યુદ્ધમાં મરણ થાય, તથા કોઇ ઠેકાણે વરસાદ અને કોઇ ઠેકાણે દુકાળ પડે." મંગળ, શુક્ર અને બૃહસ્પતિ એ ત્રણમાંથી કોઇ પણ ગ્રહ ચંદ્રમાનો વેધ કરતો હોય તો રણભૂમિમાં પડતા–મરાતા સુભટોની કોટિ વડે ભૂત પ્રેતો પ્રસન્ન થાય છે. મેષ અને વૃશ્ચિકને મધ્યે મંગળ રહેલો હોય તો બે માસ ધાન્ય મોંઘું રહે એમ કહેલું છે. તે વિષે લોકમાં પણ કહ્યું છે કે–"રવિ, રાહુ, શનિ અને મંગળ મધ્યમ રાશિમાં ઉદય પામે તો ધન, ધાન્ય અને

સુવર્ણનો વિનાશ કરે, તથા છત્રધારી રાજાઓ નાશ પામે." જ્યાં સુધી મીન રાશિ પર શનિ ચાલતો હોય, કર્ક રાશિ પર બૃહસ્પતિ ચાલતો હોય, અને તુલા રાશિ પર મંગળ ચાલતો હોય, ત્યાં સુધી લોક કષ્ટની પરંપરા પામે છે. મંગળની નીચે ગુરૂ હોય અને ગુરૂની નીચે શનિશ્ચર રહેલો હોય તો તે ગ્રહોનો મુશળ યોગ કહેવાય છે. તે જગતને કષ્ટકારક છે. સૂર્યની રાશિથી આગળ મંગળ રહેલો હોય તો તે વૃષ્ટિની ઉત્પત્તિને રોકનારો છે અને મંગળ વગેરે ચાર ગ્રહો ચંદ્રથી દક્ષિણ દિશામાં ચાલતા હોય તો તે વૃષ્ટિનો નાશ કરનારા છે.

વક્રી ગ્રહોનું ફળ મંગળ વક્રી હોય તો અનાવૃષ્ટિ થાય, બુધ વક્રી હોય તો ધનનો ક્ષય થાય, ગુરૂ વક્રી હોય તો રોગ સ્થિર થાય, શુક્ર વક્રી હોય તો પ્રજા સુખી થાય, શનિ વક્રી હોય તો મનુષ્યો પીડા પામે, અને રાહુ વક્રી હોય તો અગ્નિનો ઉપદ્રવ થાય. એક સાથે ચાર ગ્રહો વક્રી થતા નથી, એવી માન્યતા છે. પાઠાંતરમાં કહ્યું છે કે–"મંગળ વક્રી થાય તો રાજાઓમાં યુદ્ધ થાય, બુધ વક્રી હોય તો ધનનો ક્ષય થાય, ગુરૂ વક્રી હોય તો સુકાળ થાય, શુક્ર વક્રી હોય તો પ્રજાઓ સુખી થાય, શનિ વક્રી હોય તો મહામારી પ્રવર્તે, માર્ગમાં મહા ભય થાય, ધન, ધાન્ય અને વસ્ત્ર મોંઘાં થાય, તથા પૃથ્વી રૂંડમુંડ થઈ જાય." જે માસમાં દૈવયોગથી સર્વ ગ્રહ વક્રી હોય તે માસમાં ધાન્ય ઘણું મોંઘું થાય, અથવા રાજાઓનો વિગ્રહ થાય. શ્રાવણ માસમાં શનિ વક્રી હોય અને મંગળનો અસ્ત કે ઉદય હોય તો રાજાઓ બે માસની અંદર યુદ્ધ કરે, તેમાં કાંઈ સંશય નથી.

ગ્રહોના અતિચારનું ફળ

જો એક પણ સૌમ્ય ગ્રહ વક્રી હોય અને એક પણ ક્રૂર ગ્રહ અતિચારવાળો (શીઘ્રગામી) હોય તો તે સર્વ પ્રકારનાં ધાન્યને સોંઘાં કરે છે તથા એક પણ ક્રૂર ગ્રહ વક્રી થાય અને એક પણ સૌમ્ય ગ્રહ અતિચારવાળો થાય તો તે પૃથ્વી પર ધાન્યને મોંઘું કરે છે. શુક્ર અને બુધ વક્રી હોય તો તે જ વખતે સુકાળ થાય છે. તથા બૃહસ્પતિ વક્રી હોય તો રાશિને છેડે અવશ્ય મોંઘવારી થાય છે. કન્યા રાશિમાં બુધ વક્રી થાય તો નિશ્ચે સુકાળ થાય એમ માનેલું છે. પરંતુ વર્ષાકાળમાં જો તે અતિચારવાળો થાય તો પૃથ્વી પર મોંઘવારી થાય છે. મંગળ અને શનિ એ બે ગ્રહો અતિચારી હોય તો સ્ફુટપણે સુકાળ થાય છે. સૌમ્ય ગ્રહોના અતિચારમાં પણ જો નક્ષત્રની હાનિ થતી હોય તો ધાન્યનો વિનાશ થાય.

રાશિને આશ્રી મંગળના ઉદયનું ફળ

મેષ રાશિમાં મંગળનો ઉદય થતો હોય તો ચોળા, અડદ અને તલ પ્રિય થાય છે. વૃષ રાશિમાં મંગળનો ઉદય થતો હોય તો પશુઓનો નાશ થાય, મિથુન રાશિમાં મંગળનો ઉદય થતો હોય તો અન્ન દુર્લભ થાય. કર્ક રાશિમાં મંગળનો ઉદય થતો હોય તો વેશ્યાઓને પીડા થાય, અને વૃષ્ટિ થવાથી ધાન્યનો ઘણો ઉદય થાય. સિંહ રાશિમાં મંગળનો ઉદય થતો હોય તો શાળ મોંઘી થાય. કન્યા રાશિમાં મંગળનો ઉદય થતો હોય તો બ્રાહ્મણ અને ક્ષત્રિય જાતિમાં રોગની પ્રવૃત્તિ થાય. તુલા રાશિમાં મંગળનો ઉદય થતો હોય તો ઘણાં ધાન્ય પાકે. કન્યા અને તુલા રાશિમાં મંગ-

ળનો ઉદય થાય તો સુકાળ થાય છે. વૃશ્ચિક રાશિમાં મંગળનો ઉદય થતો હોય તો ચોર તથા અગ્નિનો ભય થાય, રાજનીતિમાં દુષ્ટતા થાય, અને અન્ન સારું પાકે. ધનુષ રાશિમાં મંગળનો ઉદય થતો હોય તો રસાતળમાં વૃષ્ટિ થાય છે, અને શાલિ, ગોળ વગેરે મોંઘાં થાય છે. મકર રાશિમાં મંગળનો ઉદય થતો હોય તો દેશમાં વૃષ્ટિ ઘણી થાય, પરંતુ પાછળના ધાન્યનો વિનાશ થાય. કુંભ રાશિમાં મંગળનો ઉદય થતો હોય તો તીડના આવવાથી દુઃખ થાય અથવા ઉંદર વગેરેનો ઉપદ્રવ થાય. તથા મીન રાશિમાં મંગળનો ઉદય થતો હોય તો વરસાદ ન થાય અને દુકાળ થાય.

મંગળના અસ્તનું ફલ

મેષ રાશિમાં મંગળનો અસ્ત થતો હોય તો પથ્થર મોંઘા થાય. વૃષ રાશિમાં મંગળનો અસ્ત થતો હોય તો તૃણાદિક વસ્તુ સોંઘી થાય અને લોકો સુખી થાય. મિથુન રાશિમાં મંગળનો અસ્ત થતો હોય તો અત્યંત વૃષ્ટિ થાય. કર્ક રાશિમાં મંગળનો અસ્ત થતો હોય તો પૃથ્વીપર ધાન્યની શૂન્યતા થાય. સિંહ રાશિમાં મંગળનો અસ્ત થતો હોય તો ઘોડા તથા ખચ્ચરોને પીડા થાય, તથા પશુઓ મોંઘાં મળે. કન્યા અને તુલા રાશિમાં મંગળનો અસ્ત થતો હોય તો ઘઉં, ચણા અને જવ મોંઘા થાય. વૃશ્ચિક રાશિમાં મંગળનો અસ્ત થતો હોય તો સુકાળ થાય અને રાજાઓનો ભય થાય. ધનુષ રાશિમાં મંગળનો અસ્ત થતો હોય તો શાલિ મોંઘા થાય. તથા તુચ્છ ધાન્ય અને ગોળની ઉત્પત્તિ થાય. મકર રાશિમાં મંગળનો અસ્ત થતો હોય તો તે જ પ્રમાણે એટલે તુચ્છ ધાન્ય અને ગોળની ઉત્પત્તિ થાય તથા વરસાદ ઘણો

થાય. કુંભ રાશિમાં મંગળનો અસ્ત થતો હોય તો દેશમાં ચોર અને અગ્નિનો ભય થાય, તથા રાજાઓમાં વિગ્રહ થાય. અને મીન રાશિમાં મંગળનો અસ્ત થતો હોય તો અન્ન થોડું પાકે અને પ્રજા વ્યાકુલ થાય. પછીથી સુકાળ થાય તથા પ્રજામાં મોટા ઉત્સવો પ્રવર્તે.

બુધ ચાર

નક્ષત્રો પર ગમન કરતા બુધનું ફળ

અશ્વિની નક્ષત્રપર બુધ હોય તો ઘઉં તથા જવ વગેરેનો વિનાશ થાય, અને ઇક્ષુ, દૂધ, ઘી વગેરે રસ સસ્તા થાય. ભરણી નક્ષત્રપર બુધ હોય તો હાથીઓને પીડા થાય, ચાંડાળ લોકોનો નાશ થાય, તીવ્ર રોગની ઉત્પત્તિ થાય, ધાન્ય અને વસ્તુ મોંઘી થાય, તથા લોકમાં વૈરભાવ વધે. કૃત્તિકા નક્ષત્ર પર બુધ આવે ત્યારે બ્રાહ્મણ જાતિ પીડા પામે, વરસાદ થોડો થાય, અન્ન થોડું પાકે, મનુષ્યોમાં જ્વરની પીડા થાય, તથા કોઇ કોઇ ઠેકાણે વિગ્રહ થાય. રોહિણી નક્ષત્રપર બુધ આવે ત્યારે કપાસ, તલ અને રૂ મોંઘાં થાય. મૃગશીર્ષપર બુધ આવે ત્યારે સુકાળ થાય તથા વાયુ અને વરસાદ અધિક થાય. આર્દ્રા નક્ષત્ર પર વરસાદ હોય તો ઘઉં, તલ, અડદ વગેરે સસ્તા થાય, મનુષ્ય સુખી થાય, વરસાદ ઘણો વરસે તેથી ઘણા ઘરો પડી જાય. પુનર્વસુ નક્ષત્ર પર બુધ હોય તો બાળકોને પીડા થાય અને કપાસ, રૂ વગેરેનો ભાવ મંદ થાય. પુષ્ય નક્ષત્ર પર બુધ હોય તો લોકમાં સર્વ વસ્તુનો સંયોગ થાય, અને રાજાઓને ભય થાય તથા તેઓ જ જય પામે. અશ્લેષા નક્ષત્ર પર બુધ હોય તો ઘણી વૃષ્ટિ થાય, તુષ ધાન્યની ઉત્પત્તિ થાય. મઘા નક્ષત્ર પર બુધ

હોય તો અલ્પ વૃષ્ટિ થાય, ધાન્યનો નાશ થાય અને પ્રજાઓને ભય રહે. પૂર્વાફાલ્ગુની નક્ષત્ર પર બુધ હોય તો રાજાએ વચ્ચે યુદ્ધ થાય, ક્ષેત્રને બાધા થાય અને અન્ન થોડું પાકે. ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર પર બુધ હોય તો અડદ, મગ વગેરેની પ્રાપ્તિ થોડી થાય. હસ્ત નક્ષત્ર પર બુધ હોય તો સુકાળ, ધાન્યની ઉત્પત્તિ, આરોગ્યતા અને વૃષ્ટિ સારી થાય. ચિત્રા નક્ષત્ર પર બુધ હોય તો વેશ્યા, શિલ્પી (કારીગર) અને બ્રાહ્મણને પીડા થાય, તથા વરસાદ સારો થાય. સ્વાતિ નક્ષત્રપર બુધ હોય તો વરસાદ થોડો થાય. વિશાખા નક્ષત્ર પર બુધ હોય તો સુકાળ થાય, પરંતુ કોઈ ઠેકાણે કાંઇક વ્યાધિ, ભય અને દુકાળ પણ થાય. અનુરાધા નક્ષત્ર પર બુધ હોય તો સુકાળ થાય, પક્ષીઓ પીડા પામે, અને પ્રજા સુખી થાય. જયેષ્ઠા નક્ષત્ર પર બુધ હોય તો ઇક્ષુ, શાલિ અને ઘી મોંઘાં થાય તથા અશ્વ જાતિમાં રોગ પ્રવર્તે. મૂળ નક્ષત્રપર બુધ હોય તો પશુ, પક્ષી, બ્રાહ્મણ તથા બાળકને પીડા થાય. પૂર્વાષાઢા નક્ષત્રપર બુધ હોય તો ધાન્ય મંદ પાકે, વ્યાધિની ઉત્પત્તિ થાય, અને ગ્રીષ્મ ઋતુમાં પણ વરસાદ વરસે. ઉત્તરાષાઢા નક્ષત્રપર બુધ હોય તો ધાન્યની પ્રાપ્તિ થાય, તથા આઠ વર્ષના બાળકોનો વિનાશ થાય. શ્રવણ નક્ષત્રપર બુધ હોય તો ગોળ, અળસી, ધાન્ય અને ચણાને હિમનો ભય થાય. ધનિષ્ઠા નક્ષત્રપર બુધ હોય તો ગાયો પીડા પામે. શતભિષા નક્ષત્રપર બુધ હોય તો શૂદ્ર જાતિ પીડા પામે. પૂર્વાભાદ્રપદામાં બુધ હોય તો દુકાળ, ક્ષેમ અને આરોગ્યતા થાય. ઉત્તરાભાદ્રપદા નક્ષત્રપર બુધ હોય તો રાજાઓ કલેશ પામે અને પશુ પક્ષીઓમાં આરોગ્યતા હોય. રેવતી નક્ષત્રપર બુધ હોય તો કુંકુમ વગેરે મોંઘાં થાય.

મેષ રાશિપર બુધનો ઉદય થાય તો ગાય વગેરે પશુઓને ઘણી પીડા થાય, અને તીડ વગેરેના ઉપદ્રવથી ધાન્ય મોંઘું થાય. વૃષ રાશિપર બુધનો ઉદય હોય તો અતિવૃષ્ટિ થાય. મિથુન રાશિપર બુધનો ઉદય હોય તો વરસાદ ન થાય. કર્ક રાશિપર બુધનો ઉદય હોય તો સુખની પ્રાપ્તિ થાય. સિંહ રાશિપર બુધનો ઉદય હોય તો પશુઓનો વિનાશ થાય. કન્યા રાશિપર બુધનો ઉદય હોય તો અધિક ધાન્ય પાકે અને સુખ થાય. તુલા રાશિપર બુધનો ઉદય હોય તો ભૂમિકંપ થાય અને યુદ્ધ થાય. વૃશ્ચિક રાશિપર બુધનો ઉદય હોય તો રાજાનો ભય અને સુકાળ થાય. ધનુષ રાશિપર બુધનો ઉદય હોય તો સુખની પ્રાપ્તિ થાય. મકર રાશિપર બુધનો ઉદય હોય તો ધાન્ય અને રસ વગેરે વડે પૃથ્વી પૂર્ણ થાય. કુંભ રાશિપર બુધનો ઉદય હોય તો વાયુ અધિક ચાલે, અને માર્ગમાં ભય થાય, તથા મીન રાશિપર બુધનો ઉદય હોય તો દુકાળ અથવા અતિવૃષ્ટિ થાય.

રાશિને આશ્રી બુધના ઉદયનું ફળ

પોષ, અષાડ, શ્રાવણ, વૈશાખ અને માઘ માસમાં બુધનો ઉદય હોય તો જગતમાં ભય થાય, અને તે માસોમાં બુધનો અસ્ત થતો હોય તો તે શુભ ફળદાયક છે. અષાડ માસના શુકલ પક્ષમાં બુધનો ઉદય થતો હોય અને શ્રાવણ માસમાં શુક્રનો અસ્ત થતો હોય તો સુવર્ણ જેવું ધાન્ય મોંઘું મળે. ભાદ્રપદ માસના શુકલ પક્ષની ચોથ કે પાંચમને દિવસે બુધ કે શુક્રનો ઉદય હોય તો લોકને વિષે ધાન્યની એક પોટલી પણ મહા કષ્ટથી પામી શકાય. લોકમાં કહ્યું છે કે—“જો બૃહસ્પતિ

અને બુધ એક સાથે રહ્યા હોય તો હે ભડુલી ! હું તને કહું છું કે લોકમાં વરસાદ વરસે નહીં. જો ભાદ્રપદ માસમાં બુધનો ઉદય થતો હોય તો વરસાદ અધિક થાય. જો આશ્વિન માસમાં બુધનો ઉદય હોય તો અધિક વરસાદ ન થાય." શ્રાવણ માસમાં શુક્રનો અસ્ત અને બુધનો ઉદય થતો હોય તો ભાદ્રપદ માસમાં વરસાદ ન વરસે. અથવા "પશુઓનો વિનાશ થવાથી છાશ પણ કોઇ ઠેકાણે મળે નહીં" એવું પાઠાંતર છે. શ્રી હીરસૂરિએ કરેલી મેઘમાળામાં કહ્યું છે કે—"સિંહ સંક્રાંતિથી દશમે દિવસે બુધનો ઉદય હોય તો ઇંદ્રિમહોત્સવ એટલે પૃથ્વીપર સારી વૃષ્ટિ થાય." લોકમાં પણ કહ્યું છે કે—"ચૈત્ર માસમાં બારશને દિવસે બુધનો ઉદય થાય અને તેની પૂર્વ તરફ શુભ ગ્રહ હોય તો હે ભડુલી ! ઘી વેચવું નહીં (સંગ્રહ કરવો). આશ્વિન માસમાં બુધનો ઉદય થાય તો કપાસનો વિનાશ થાય અને અસ્ત હોય તો રાતી વસ્તુનો વિનાશ થાય. કાર્તિક માસના કૃષ્ણ પક્ષમાં બુધનો ઉદય થતો હોય તો ઘણું અન્ન થાય." કાર્તિક શુક્લ પક્ષમાં બુધનો ઉદય થતો હોય તો તલ અને વ્રીહિનો વિનાશ થાય. માર્ગશીર્ષ માસમાં બુધનો ઉદય થતો હોય તો કપાસ થોડો થાય. કહ્યું છે કે—"માર્ગશીર્ષ માસમાં બુધનો ઉદય હોય અથવા શુક્રનો અસ્ત હોય તો પશુઓને વેચવા યોગ્ય છે. માર્ગશીર્ષ માસની એકાદશીને દિવસે બુધનો અસ્ત હોય તો વસ્ત્ર વગેરેને વેચીને પણ ધાન્ય ખરીદ કરવું જોઇએ." પોષ તથા માઘ માસમાં બુધનો ઉદય હોય તો કલહ થાય. ફાલ્ગુન માસમાં બુધનો ઉદય હોય તો તે દુકાળ કરનાર છે. લોકમાં કહ્યું છે કે—"પોષ માસમાં બુધનો ઉદય કે અસ્ત હોય તો મહાન્ રાજાઓનો વિનાશ થાય એમ હે ભડુલી ! તું જાણ."

મેષ રાશિમાં બુધનો અસ્ત હોય તો પૃથ્વીપર સુકાળ થાય.

બુધના અસ્તનું ફળ

વૃષભ રાશિમાં બુધનો અસ્ત હોય તો પશુઓનો વિનાશ થાય. મિથુન રાશિમાં બુધનો અસ્ત હોય તો રાજાઓ પીડા પામે. કર્ક રાશિમાં બુધનો અસ્ત હોય તો અનાવૃષ્ટિ, મૃત્યુભય અને ચોરનો ભય થાય. તે જ પ્રમાણે સિંહ રાશિમાં બુધનો અસ્ત થાય તો પણ તેવું જ ફળ જાણવું તથા જળ થોડું થાય. કન્યા રાશિમાં બુધનો અસ્ત થાય તો ચોરનો ભય, અતિવૃષ્ટિ અને કરિયાણાં મોંઘાં થાય. તુલા અને વૃશ્ચિક રાશિમાં બુધનો અસ્ત હોય તો ધાતુ મોંઘી થાય. ધનુષ રાશિમાં બુધનો અસ્ત હોય તો રાજાઓથી ભય પ્રાપ્ત થાય. મકર રાશિમાં બુધનો અસ્ત હોય તો વેપારી લોકોને થોડો લાભ મળે. કુંભ રાશિમાં બુધનો અસ્ત હોય તો વાયુ અધિક વાય, તથા હિમવડે વૃક્ષોનો નાશ થાય. તથા મીન રાશિમાં બુધનો અસ્ત હોય તો પરાધીનપણે રાજવર્ગની પીડા થાય.

ગુરૂ, શનિ, રાહુ અને કેતુના ચારનું ફળ પ્રથમ કહી ગયા છે. હવે અનુક્રમે આવેલા શુક્રના ચારનું

શુક્રના ચારનું ફળ

ફળ કહે છે–શુક્ર અનુક્રમે ચાર, ચાર, પાંચ, ત્રણ, પાંચ અને છ એ નક્ષત્રોપર જ આવી શકે છે. જો તે નક્ષત્રોપર શુક્ર માર્ગી હોય કે વક્રી હોય કે પ્રસિદ્ધ (ઉદિત) એવા બીજા ક્રૂર ગ્રહોવડે તેનો વેધ થતો હોય, એ સર્વનું ફળ અહીં કહેવાય છે— પ્રથમનાં ચાર નક્ષત્રોપર શુક્ર હોય તો ગાયોને પીડા થાય, પછીનાં ચાર નક્ષત્રોપર શુક્ર હોય તો મેઘનો ઉદય થાય.

ત્યારપછીનાં પાંચ અને બીજાં પાંચ નક્ષત્રોપર શુક્ર હોય તો ધાન્યનો વિનાશ થાય. તથા છ અને ત્રણ નક્ષત્રોપર શુક્ર હોય તો તે સુખદાયક છે. છ અને ત્રણ નક્ષત્રોપર શુક્ર હોય તો ધાન્યનો સંગ્રહ કરવો, અને પંચક (પાંચ પાંચ) નક્ષત્રોપર શુક્ર હોય તો ધાન્ય વેચવાં ઉચિત છે. એ રીતે ધનવાનોને લક્ષ્મી પ્રાપ્ત થાય છે. એ શુક્રચારનો વિચાર છે. ભરણી નક્ષત્રથી આરંભીને (પહેલાં ચાર–૧ ભરણી, ૨ કૃત્તિકા, ૩ રોહિણી અને ૪ મૃગશીર્ષ; બીજાં ચાર–૧ આર્દ્રા, ૨ પુનર્વસુ, ૩ પુષ્ય અને ૪ અશ્લેષા; તીજાં પાંચ–૧મઘા, ૨ પૂર્વા ફાલ્ગુની, ૩ ઉત્તરા ફાલ્ગુની, ૪ હસ્ત અને ૫ ચિત્રા; ચોથાં ત્રણ–૧ સ્વાતિ, ૨ વિશાખા અને ૩ અનુરાધા; પાંચમાં પાંચ—૧ જયેષ્ઠા, ૨ મૂળ, ૩ પૂર્વાષાઢા, ૪ ઉત્તરાષાઢા અને ૫ શ્રવણ; છઠ્ઠાં છ ૧ ધનિષ્ઠા, ૨ શતભિષા, ૩ પૂર્વાભાદ્રપદ, ૪ ઉત્તરાભાદ્રપદ, ૫ રેવતી અને ૬ અશ્વિની) મનુષ્યોમાં તેનું (શુક્રચારનું) ફળ પ્રાપ્ત થાય છે. પૂર્વના વિદ્વાનો શુક્રના ચારમાં રાજાઓ વચ્ચે યુદ્ધ થાય એમ માને છે. લોકમાં કહ્યું છે કે—"બુધનો અસ્ત થાય અને શુક્રનો ઉદય થાય તો યુદ્ધ થાય અથવા અકાળ-વૃષ્ટિ થાય." નંદા તિથિમાં શુક્રનો ઉદય હોય તો ઘણો હર્ષ, ઘણી વૃષ્ટિ, ઘણું ધાન્ય અને સુકાળ થાય તથા મનુષ્યો સુખી થાય. સિંહ રાશિનો શુક્ર, તુલા રાશિનો મંગળ અને કર્ક રાશિનો બૃહસ્પતિ હોય તો ધૂળની વૃષ્ટિ થાય, મોટો વાયુ વાય અને ધાન્ય મોંઘું થાય. પાઠાંતરમાં કહ્યું છે કે–"કર્ક રાશિનો શુક્ર હોય તો ભરેલાં સરોવર પણ સૂકાઇ જાય. સિંહ

રાશિનો શુક્ર હોય તો જળની વૃષ્ટિ થાય નહીં. કન્યા રાશિનો મંગળ હોય તો ધૂળની વૃષ્ટિ થાય અને જળની વૃષ્ટિ ન થાય.” મેઘમાળામાં કહ્યું છે કે—“શ્રાવણુ માસમાં સિંહ રાશિપર શુક્ર આવે તો વરસાદનો મૂળથી નાશ થાય, જો વરસાદ વરસે તો ઘણો વરસે, અને આશ્વિન કે કાર્તિક માસમાં રોગ ઉત્પન્ન થાય.

ભરણી વગેરે આઠ નક્ષત્ર પર શુક્રનો ઉદય હોય તો તે મેઘદ્વાર કહેવાય છે. તે વખતે મેઘની વૃષ્ટિ

શુક્રનાં દ્વાર

થાય, પ્રજા આનંદ પામે, અને ધાન્ય સસ્તું થાય. મઘાદિક પાંચ નક્ષત્રપર શુક્રનો ઉદય થતો હોય તો તે ધૂલિદ્વાર કહેવાય છે. તેમાં પ્રજા દુઃખી થાય, જળનો નાશ થાય, અને ઉપદ્રવ થાય છે. સ્વાતિ વગેરે સાત નક્ષત્ર પર શુક્રનો ઉદય હોય તો રાજદ્વાર થાય છે. તેમાં લોક ભયભીત થાય તથા છત્રપતિનો નાશ થાય છે. શ્રવણુ વગેરે સાત નક્ષત્રોપર શુક્રનો ઉદય હોય તો કનકદ્વાર થાય છે. તેમાં લોકો ઘણુા સુખી થાય, અને નિશ્ચે સુકાળ થાય. મતાંતરમાં કહ્યું છે કે—“સ્વાતિ વગેરે ત્રણુ નક્ષત્રો પર શુક્રનો ઉદય હોય તો ધર્મદ્વાર કહેવાય છે. તે શુભદાયક છે. જયેષ્ઠા વગેરે ચાર નક્ષત્રો પર શુક્રનો ઉદય હોય તો હેમદ્વાર કહેવાય છે. તેમાં મિશ્રફળ મળે છે. શ્રવણુ વગેરે સાત નક્ષત્રો પર શુક્રનો ઉદય હોય તો ઋજુદ્વાર થાય છે. તેમાં દુકાળ પડે, લોકમાં રોગની પ્રવૃત્તિ થાય, અને તે દુઃખદાયક થાય છે.” આ પ્રમાણે સુકાળ, દુકાળ, વિગ્રહ અને દેશભંગ વગેરેના જ્ઞાન માટે શુક્રદ્વારનો વિચાર કહ્યો.

ફાલ્ગુન માસમાં શુક્રનો ઉદય હોય તો ધનની વૃદ્ધિ અને ધાન્યમાં ભિક્ષાવૃત્તિ રહે એટલે ધાન્ય મોંઘું થાય. ચૈત્ર કે વૈશાખ માસમાં શુક્રનો ઉદય હોય તો પૃથ્વીપર સમૃદ્ધિ થાય, ઘણું યુદ્ધ અને ઘણી વૃષ્ટિ થાય. અષાડ માસમાં શુક્રનો ઉદય હોય તો જળની દુર્લભતા થાય. શ્રાવણ માસમાં શુક્રનો ઉદય હોય તો પશુઓને પીડા થાય. ભાદ્રપદમાં શુક્રનો ઉદય હોય તો અન્નની વૃદ્ધિ થાય. આશ્વિન માસમાં શુક્રનો ઉદય હોય તો સર્વ પ્રકારની સંપત્તિ પ્રાપ્ત થાય. કાર્તિક કે માગશીર્ષ માસમાં શુક્રનો ઉદય હોય તો તે શુભકારક છે. પોષ માસમાં શુક્રનો ઉદય હોય તો મહા છત્રભંગ થાય. તથા માઘ માસમાં શુક્રનો ઉદય હોય તો પોષના જેવું ફળ જાણવું. પરંતુ પછીના વર્ષમાં મેઘનો રોધ ન હોવો જોઈએ.

માસને આશ્રી શુક્રના ઉદયનું ફળ

ભાદ્રપદ માસમાં શુક્રવારને દિવસે શુક્રનો ઉદય હોય તો પૃથ્વી પર અનાજ ઘણું થાય અને આનંદ થાય.

મેષ રાશિમાં શુક્રનો ઉદય હોય તો ધાન્ય મોંઘું અને રોગની પ્રાપ્તિ થાય. વૃષ રાશિમાં શુક્રનો ઉદય હોય તો ધાન્ય સસ્તું થાય, રાજા સંતુષ્ટ રહે, અને પ્રજા સુખી થાય. મિથુન રાશિમાં શુક્રનો ઉદય હોય તો લોકમાં મરણ વધે અને પૃથ્વીપર ઘઉંની પ્રાપ્તિ ઘણી થાય. કર્ક રાશિમાં શુક્રનો ઉદય હોય તો અતિ વૃષ્ટિ, ધાન્યનો નાશ અને ચોરનો ભય થાય. સિંહ રાશિમાં શુક્રનો ઉદય હોય તો પણ કર્ક રાશિની જેવું જ

રાશિને આશ્રી શુક્રના ઉદયનું ફળ

ફળ જાણવું. કન્યા રાશિમાં શુક્રનો ઉદય હોય તો રાજાઓ પીડા પામે. તુલા રાશિમાં શુક્રનો ઉદય હોય તો વૃષ્ટિ થોડી અને ધાન્ય સસ્તું થાય. વૃશ્ચક રાશિમાં શુક્રનો ઉદય હોય તો વૃષ્ટિ ઘણી થાય, દુકાળ થાય અને ધાન્ય મોંઘું મળે. ધનુષ તથા મકર રાશિમાં શુક્રનો ઉદય હોય તો વરસાદ થાય નહીં અને ધાન્ય મોંઘું થાય. કુંભ રાશિમાં શુક્રનો ઉદય હોય તો ઘણો થોડો વરસાદ થાય, અને પશુઓનો વિનાશ થાય. તથા મીન રાશિમાં શુક્રનો ઉદય હોય તો સુકાળ થાય, લોકોમાં સુખ થાય અને મેઘનો ઉદય થાય.

નક્ષત્રને આશ્રી શુક્રના ઉદયનું ફળ

અશ્વિની નક્ષત્રમાં શુક્રનો ઉદય હોય તો બ્રાહ્મણ જાતિમાં વિરોધ થાય, જવ, તલ અને અડદ થોડા પાકે. ભરણી નક્ષત્રમાં શુક્રનો ઉદય હોય તો તુષ ધાન્ય મોંઘું થાય, અને તલનો વિનાશ થાય. કૃત્તિકા નક્ષત્રમાં શુક્રનો ઉદય હોય તો સરસવ અને અડદ થોડા પાકે, અને બીજાં સર્વ પ્રકારનાં ધાન્ય પાકે. રોહિણી નક્ષત્રમાં શુક્રનો ઉદય હોય તો આરોગ્યતા રહે. મૃગશીર્ષ નક્ષત્રમાં શુક્રનો ઉદય હોય તો ધાન્ય મોંઘું થાય. આર્દ્રા નક્ષત્રમાં શુક્રનો ઉદય હોય તો વરસાદ થોડો થાય, અન્ન અધોમુખ થાય તે પણ વિશેષે કરીને નાશ પામે. પુષ્ય નક્ષત્રમાં શુક્રનો ઉદય થાય તો દુકાળ થાય અને ચોરનો ભય થાય. અશ્લેષા નક્ષત્રમાં શુક્રનો ઉદય હોય તો વરસાદ ન થાય. મઘા, પૂર્વાફાલ્ગુની અને ઉત્તરાફાલ્ગુનીમાં શુક્રનો ઉદય હોય તો દુઃખની પ્રાપ્તિ થાય. હસ્ત નક્ષત્રમાં શુક્રનો ઉદય હોય તો મેઘનો ઉદય થાય. ચિત્રા નક્ષત્રમાં શુક્રનો ઉદય હોય તો રોગની ઉત્પત્તિ થાય અને વરસાદ વ-

રસે નહીં. સ્વાતિ નક્ષત્રમાં શુક્રનો ઉદય હોય તો ક્ષેમ કલ્યાણ અને સુકાળ થાય. વિશાખા નક્ષત્રમાં શુક્રનો ઉદય હોય તો તુષ ધાન્ય મોંઘું થાય. અનુરાધા નક્ષત્રમાં શુક્રનો ઉદય થતો હોય તો વૃષ્ટિ થોડી થાય અને પશુઓ દુઃખ પામે. બાકીનાં નક્ષત્રોનાં ફળ પહેલાં જે દ્વારોને આશ્રીને કહ્યાં છે, તેને અનુસારે સુકાળ, દુકાળ વગેરે જાણી લેવાં.

તિથિને આશ્રી શુક્રના ઉદયનું ફળ

પ્રતિપદા વગેરે ચાર તિથિઓમાં શુક્રનો ઉદય હોય તો પૃથ્વીપર સુખ પ્રવર્તે. પાંચમ વગેરે ચાર તિથિઓમાં શુક્રનો ઉદય હોય તો ચોરનો ઉપદ્રવ થાય. નોમ વગેરે ચાર તિથિઓમાં શુક્રનો ઉદય હોય તો રાજાઓમાં યુદ્ધ થાય. તથા બાકીની તિથિઓમાં શુક્રનો ઉદય હોય તો દુકાળ, વાયુ અને કષ્ટ વગેરે થાય. લોકમાં પણ કહ્યું છે કે—"પ્રતિપદા, છઠ અને અગ્યારશ એ તિથિઓમાં શુક્રનો ઉદય હોય તો અધિક જળની વૃષ્ટિ થાય, અનાજ ઘણું પાકે અને પ્રજામાં આનંદ પ્રવર્તે.

માસને આશ્રી શુક્રના અસ્તનું ફળ

જ્યેષ્ઠ માસમાં શુક્રનો અસ્ત હોય તો મહા વૃષ્ટિ થાય અને પ્રજાનો નાશ થાય. અષાડ માસમાં શુક્રનો અસ્ત હોય તો જળ સુકાઇ જાય. શ્રાવણ માસમાં શુક્રનો અસ્ત હોય તો ઘણું ભયંકર કષ્ટ થાય. ભાદ્રપદ માસમાં શુક્રનો અસ્ત હોય તો ધન ધાન્યની પ્રાપ્તિ થાય. આશ્વિન માસમાં શુક્રનો અસ્ત હોય તો સુકાળ થાય. કાર્તિક માસમાં શુક્રનો અસ્ત હોય તો તે વૃષ્ટિદાયક થાય છે. માર્ગશીર્ષ માસમાં શુક્રનો ઉદય થાય

તો રાજાઓમાં યુદ્ધ થાય અને પ્રજાઓ સુખી થાય. પોષ કે માઘ માસમાં શુક્રનો અસ્ત થાય તો છત્રભંગ થાય. ફાલ્ગુન માસમાં શુક્રનો અસ્ત હોય તો અગ્નિનો મોટો ભય થાય. ચૈત્ર માસમાં શુક્રનો અસ્ત હોય તો છ માસ સુધી દુકાળ રહે અને વનનો વિનાશ થાય. વૈશાખ માસમાં શુક્રનો અસ્ત હોય તો દુકાળ વગેરે ચૈત્રની જેમ જાણવું. તથા પશુઓ કાંઈક પીડા પામે.

ત્રૈલોક્યદીપકમાં કહ્યું છે કે–"શ્રાવણ માસમાં શુક્રનો અસ્ત થતો હોય તો દહીં દૂધ અધિક પ્રાપ્ત થાય અને વૃષ્ટિથી પૃથ્વી તૃપ્ત થાય. ભાદ્રપદ માસમાં શુક્રનો અસ્ત થતો હોય તો ધન ધાન્યની પ્રાપ્તિ થાય, અને મેઘ આનંદદાયક થાય." લોકમાં કહ્યું છે કે–"જો શ્રાવણ માસમાં બુધનો ઉદય હોય અને શુક્રનો અસ્ત હોય તો હે ભડ્ડલી! મનુષ્ય છાશ ન પીએ. અર્થાત્ સુકાળ થવાથી દૂધ દહીં જ ખાય." શ્રી હીરસૂરિ કહે છે કે–"આશ્વિન માસમાં બુધનો ઉદય હોય તો પૃથ્વીપર સુકાળ થાય. પરંતુ આશ્વિન માસમાં શુક્રનો અસ્ત હોય તો મોટો ભયંકર દુકાળ પડે. માર્ગશીર્ષ માસમાં શુક્રનો અસ્ત કે ઉદય હોય તો યુગનો પ્રલય જાણવો." અર્ઘકાંડમાં પણ કહ્યું છે કે–"સ્વાતિ વગેરે નવ નક્ષત્રોમાં શુક્રનો અસ્ત થતો હોય તો ધાન્ય વગેરે ખરીદ કરવાં. ભરણી વગેરે આઠ નક્ષત્રોમાં શુક્રનો અસ્ત થતો હોય તો ધાન્યનો સંગ્રહ કરવો, અને બાકીનાં નક્ષત્રોમાં શુક્રનો અસ્ત થતો હોય તો ધાન્ય વેચવાં. આ પ્રમાણે શુક્રના અસ્તનું ઉત્તમ ફળ કહ્યું." પાઠાંતરમાં આ પ્રમાણે છે–"શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની પ્રતિપદાને દિવસે શુક્રાસ્ત હોય તો ધાન્યનો સંગ્રહ કરવો, અને

બાકીનાં નક્ષત્રોમાં ધાન્યને વેચવું. એમ શુક્રાસ્તનું ઉત્તમ ફળ કહ્યું છે.” વળી લોકમાં કહ્યું છે કે–“માર્ગશીર્ષ માસમાં જો ગુરૂ અને શુક્રનો ઉદય અને અસ્ત હોય તો પૃથ્વીપર અનેક ઉપદ્રવ થાય, એમ હે ભડ્ડલી! તું જાણ.” જો શુકલ પક્ષમાં શુક્રનો ઉદય કે અસ્ત હોય તો મહા યુદ્ધ થાય. અને તેમાં હજારો રાજપુત્રોના રૂધિરને પૃથ્વી પાન કરે. આ પ્રમાણે શ્રી હીરસૂરિ મહારાજે પોષ માસના અધિકારમાં કહ્યું છે, તેથી આ ફળ પોષ માસનું જ જાણવું.

રાશિને આશ્રી શુક્રના અસ્તનું ફળ

મેષ રાશિમાં શુક્રનો અસ્ત હોય તો સર્વ પ્રકારનાં ધાન્ય મોંઘાં થાય. વૃષ રાશિમાં શુક્રનો અસ્ત હોય તો પશુઓને પીડા થાય અને ધાન્યની નીપજ થોડી થાય. મિથુન રાશિમાં શુક્રનો અસ્ત હોય તો વૈશ્યજનોને પીડાકારક છે, વરસાદ થોડો થાય અને પ્રજામાં ભય થાય. કર્ક રાશિમાં શુક્રનો અસ્ત હોય તો વરસાદ ઘણો થાય અને નાનાં બાળકોને પીડા થાય. સિંહ રાશિમાં શુક્રનો અસ્ત હોય તો રાજવર્ગમાં પીડા તથા અનાવૃષ્ટિનો ભય થાય. કન્યા રાશિમાં શુક્રનો અસ્ત હોય તો વૈદ્ય લોક અને સુથાર વગેરે જનને પીડા થાય. તુલા રાશિમાં શુક્રનો અસ્ત હોય તો સિંહ રાશિના જેવું ફળ જાણવું. વૃશ્ચિક રાશિમાં શુક્રનો અસ્ત હોય તો દુકાળ થાય. ધનુષ રાશિમાં શુક્રનો અસ્ત હોય તો સ્ત્રીઓનો અને ધાન્યનો વિનાશ થાય. મકર રાશિમાં શુક્રનો અસ્ત હોય તો ધાન્યની સંપદા પ્રાપ્ત થાય. કુંભ રાશિમાં શુક્રનો અસ્ત હોય તો બ્રાહ્મણ જાતિ પીડા પામે. તથા મીન રાશિમાં શુક્રનો અસ્ત થતો

હોય તો મેઘનો ઉદય થાય, રોગનો નાશ થાય, પ્રજા સુખી થાય અને પ્રજામાં મંગળ પ્રવર્તે.

ઈતિ શુક્રચાર પ્રકરણ

ગ્રહ યોગનું ફળ

જો મંગળના ક્ષેત્રમાં કોઇ પણ ગ્રહ રહેલો હોય તો છ માસ સુધી તુષ ધાન્યની મોંઘવારી થાય છે. જો શુક્રના ક્ષેત્રમાં મંગળ હોય તો બે માસ મોંઘવારી રહે. જો શુક્રના ક્ષેત્રમાં ચંદ્ર કે સૂર્ય હોય તો સર્વ પ્રકારના રોગ ઉત્પન્ન થાય અને અશુભ થાય. જો શુક્રના ક્ષેત્રમાં શનિ કે રાહુ રહેલો હોય તો સર્વ ધાન્ય મોંઘાં થાય તથા રાજ-વિગ્રહ થાય. જો બુધના ક્ષેત્રમાં સૂર્ય કે ચંદ્રમા રહેલો હોય તો સર્વ રાજાઓ વચ્ચે વિરોધ થાય, તથા તુષ ધાન્યની ઉત્પત્તિ પાંચ માસ સુધી થાય. જો શુક્રના ક્ષેત્રમાં બુધ હોય તો કલ્યાણ થાય. જો ચંદ્રના ક્ષેત્રમાં શુક્ર હોય તો પાખંડીઓની વૃદ્ધિ થાય તથા ધાન્ય મોંઘું થાય. રવિના ક્ષેત્રમાં શુક્ર હોય તો પશુઓનું મૂલ્ય વધે. બુધના ક્ષેત્રમાં શનિ કે ચંદ્રમા હોય તો સાત પ્રકારનાં ધાન્ય મોંઘાં થાય. શુક્રના ક્ષેત્રમાં ગુરૂ કે મંગળ હોય તો કપાસ વગેરે મોંઘાં થાય. શનિના ક્ષેત્રમાં શનિ કે રાહુ હોય તો ઘી અને ધાન્ય મોંઘાં થાય. ચંદ્ર કે સૂર્યના ક્ષેત્રમાં ચંદ્ર કે સૂર્ય હોય તો સુકાળ થાય છે. પશુઓનો નાશ થાય છે, ધાન્ય વૃદ્ધિ પામે છે, અને ગોળ વગેરે મોંઘાં થાય છે. ગુરૂના ક્ષેત્રમાં શનિ કે રાહુ હોય તો પશુઓનો વિનાશ તથા તૃણનો ક્ષય થાય. ગુરૂના ક્ષેત્રમાં મંગળ હોય તો રાજાઓ વચ્ચે વિરોધ થાય. ગુરૂના ક્ષેત્રમાં બુધ હોય તો ઘણી વૃષ્ટિ થાય.

મંગળના ક્ષેત્રમાં જો રાહુ, મંગળ, સૂર્ય કે શુક્ર હોય તો છ માસ સુધી ગોળ, કપાસ, ઘી અને દૂધ વગેરે મોંઘાં થાય. શનિના ક્ષેત્રમાં જો શનિ, રાહુ કે બુધ હોય તો પશુઓનો નાશ, મનુષ્યોમાં મહામારી અને વિગ્રહ થાય. મંગળના ક્ષેત્રમાં જો શુક્ર, મંગળ કે ચંદ્ર હોય તો મોતી, પશુ અને શંખના ભાવ વધે. મંગળના ક્ષેત્રમાં જો શુક્ર હોય તો ધાન્ય મોંઘું થાય. શનિના ક્ષેત્રમાં જો સૂર્ય કે ચંદ્ર હોય તો વસ્ત્ર મોંઘાં થાય. ગુરૂના ક્ષેત્રમાં જો શુક્ર કે મંગળ હોય તો પ્રજા પીડા પામે. મંગળના ક્ષેત્રમાં ચંદ્રનો ઉદય હોય તો તુષ ધાન્યની વૃદ્ધિ થાય. શુક્રના ક્ષેત્રમાં ચંદ્રનો ઉદય હોય તો ધોળી વસ્તુની ઉત્પત્તિ ઘણી થાય. રવિના ક્ષેત્રમાં જો શનિ, ચંદ્ર કે શુક્રનો ઉદય હોય તો (ધાન્યાદિકની) ઘણી વૃદ્ધિ થાય. ચંદ્રના ક્ષેત્રમાં શુક્ર, ચંદ્ર અને બુધનો ઉદય હોય તો છ માસ સુધી દુકાળ રહે તથા ઘણી વૃષ્ટિ થાય. બુધના ક્ષેત્રમાં જો રાહુ કે શનિનો ઉદય હોય તો પશુઓનો ક્ષય, પ્રજાઓમાં પીડા અને ધાન્ય મોંઘું થાય. શુક્રના ક્ષેત્રમાં ચંદ્ર, સૂર્ય કે શનિનો ઉદય હોય તો રાજાઓ વચ્ચે યુદ્ધ થાય તથા ધાન્ય ઘણું મોંઘું થાય. શનિના ક્ષેત્રમાં મંગળ કે સૂર્યનો ઉદય હોય તો ઘી, ગોળ અને રાતાં વસ્ત્રની વૃદ્ધિ થાય. જો શનિના ક્ષેત્રમાં શનિનો ઉદય હોય તો તૃણ, કાષ્ઠ અને લોહ મોંઘાં થાય.

જો શુભ અને ક્રૂર ગ્રહો પરસ્પર સન્મુખ હોય અથવા પરસ્પર બન્નેનો વેધ થતો હોય તો અવશ્ય દુકાળ થાય છે. ગ્રહોનું યુદ્ધ હોય તો રાજાઓનું પરસ્પર યુદ્ધ થાય છે. ગ્રહો વક્રી હોય તો દેશમાં વિભ્રમ થાય છે, અને ગ્રહોનો વેધ હોય તો સર્વ લોકો પીડા પામે. જ્યેષ્ઠ માસમાં સૂર્યની સાથે પાંચ

ગ્રહો એક રાશિમાં હોય તો શ્રાવણ માસમાં વરસાદનો રોધ થાય, તથા કોઈ દેશમાં છત્રભંગ થાય. સાતમની તિથિએ શનિ કે મંગળ વક્રી થતા હોય તો લોકમાં હાહાકર થાય, તથા દક્ષિણ દેશમાં વિશેષે કરીને હાહાકાર થાય. જો શુક્રના ક્ષેત્રમાં શનિ, મંગળ અને ગુરૂ એકઠા હોય અથવા ગુરૂ અને શુક્ર એકઠા હોય તો વરસાદ કે યુદ્ધ થાય. જો કાર્તિક માસની નોમને દિવસે પાંચ ગ્રહ એક રાશિપર હોય તો અકાળે ઘણી વૃષ્ટિ થવાથી નદીઓ જળવડે પૂર્ણ થાય. માર્ગશીર્ષ માસમાં શનિની સાથે પાંચ ગ્રહ હોય તો રોગની ઘણી ઉત્પત્તિ થાય. માર્ગશીર્ષની પૂર્ણિમાને દિવસે પાંચ ગ્રહોનો યોગ હોય તો તે યુદ્ધનું કારણ છે. માર્ગશીર્ષ માસમાં જો પાંચ ગ્રહો એક રાશિપર હોય તો લોકમાં મહામારી અને કવચિત્ રાજાનું મરણ થાય. જો શુભ કે ક્રૂર પાંચ ગ્રહો એક રાશિ પર હોય તો કોઈ પણ રાજાનું મરણ થાય અને વૃષ્ટિ ઘણી થાય. જો બૃહસ્પતિથી ત્રીજે સ્થાને રવિ, મંગળ, રાહુ અને શનિ હોય તો આવા યોગમાં સુકાળ થાય છે. રાહુ, મંગળ, સૂર્ય આદિ (શનિ) એ ચાર ક્રૂર ગ્રહો છે. તે ગ્રહો શનિથી ત્રીજે સ્થાને હોય તો સુખ અને સુકાળ થાય છે. જો બૃહસ્પતિથી પાંચમે સ્થાને સૂર્ય, મંગળ, રાહુ અને શનિ હોય તો તે ઘોર યોગ કહેવાય છે, તેમાં ઘોર દુકાળ પડે છે. રાહુ, કેતુ, મંગળ અને સૂર્ય આદિ ચાર ક્રૂર ગ્રહો શનિથી પાંચમે સ્થાને હોય તો દુઃખ અને દુકાળ થાય છે. શનિ અને રાહુથી પણ ત્રીજા સ્થાનમાં ક્રૂર ગ્રહ હોય તો તે સુખકારક છે, તથા તે શનિ અને રાહુથી પાંચમા સ્થાનમાં ક્રૂર ગ્રહ હોય તો તે દુકાળ અને દુઃખના હેતુ થાય છે. બૃહસ્પતિ, રાહુ, શનિ અને મંગળ એમાંનો

કોઈ પણ એક ગ્રહ (શનિ અને રાહુથી) ત્રીજે કે પાંચમે સ્થાને હોય તો અનુક્રમે ધાન્યનો ક્રય અને વિક્રય કરવો. જો બૃહસ્પતિથી સાતમા, બારમા, પાંચમા અને બીજા સ્થાનમાં શનિ, રાહુ, મંગળ અને સૂર્ય એમાંથી કોઈ પણ ગ્રહ હોય કે તેની દૃષ્ટિ પડતી હોય તો દેશનો નાશ થાય છે.

આ પ્રમાણે આચાર્ય મહારાજના ચરણકમળની સેવાએ કરીને તથા પોતાની સારી બુદ્ધિએ કરીને ગ્રહોનું વક્રીપણું માર્ગ ગામીપણું, અતિચાર, ઉદય અને અસ્તપણું વગેરેનો સારી રીતે આદર પૂર્વક વિચાર કરી વર્ષને વિષે થનારા શુભાશુભ ફળનો વિવેક કરી, બુદ્ધિમાન પંડિતે પોતે તે ફળ કહેવું કે જેથી લક્ષ્મી પોતાના પાણીગ્રહણને માટે આગ્રહવાળી થાય.

ઈતિ શ્રી તપગચ્છના નાયક મહોપાધ્યાય શ્રી
મેઘવિજય ગણિએ રચેલા આ મેઘમહોદય
અથવા વર્ષપ્રબોધ નામના ગ્રંથને વિષે
ગ્રહસમૂહના વિચાર નામનો આ
અગ્યારમો અધિકાર પૂર્ણ થયો

ચાર દ્વારને કહેનારો બારમો અધિકાર

તિથિ અને માસનું નિરૂપણ કરતી વખતે પ્રથમ વારદ્વાર કહી ગયા છે. હવે વર્ષનો બોધ થવા માટે નક્ષત્રદ્વાર કહે છે. વર્ષમાં સૂર્યને ભોગવવા લાયક કૃત્તિકાથી તેર નક્ષત્રો વરસાદ-ને લાયક છે. તેમાં વરસાદ થાય તો તે શુભ ફળદાયક છે. જો સૂર્યભોગ્ય અશ્વિની નક્ષત્રમાં વરસાદ થાય તો અન્નનો નાશ થાય, રેવતી નક્ષત્રમાં વૃષ્ટિ થાય તો જળનો નાશ થાય, અને ભરણી નક્ષત્રમાં વરસાદ થાય તો સર્વનો નાશ થાય, પરંતુ કૃત્તિકા નક્ષત્રમાં વરસાદ ન થાય તો. કેમકે કૃત્તિકા નક્ષત્રમાં પાંચ છ જ વૃષ્ટિના બિંદુઓ પડે તો તે પૂર્વનાં નક્ષત્રોના અને પછીનાં નક્ષત્રોના સર્વ દોષોને હણીને કલ્યાણકારક થાય છે. રોહિણી નક્ષત્રપર સૂર્ય હોય તો તેમાં થયેલો વરસાદ અશુભ-કારક છે. તો પણ નદીમાં પૂર આવે તેટલો વરસાદ થાય તો તે દોષકારક નથી. તેથી આવા સ્યાદ્વાદ મતવાળાનો વિજય થાય છે. જો રોહિણી નક્ષત્રપર સૂર્ય હોય ત્યારે સૂર્યનો સ-ખત તાપ પડે તો આગળ ઘણી સારી વૃષ્ટિ થાય છે. પરંતુ ગાયોની ખરીથી શુષ્ક ધૂળ ઉખડી આવે એટલી થોડી વૃષ્ટિ થઇ હોય તો તે દોષવાળી કહી છે.

રોહિણી ચક્ર મેષ સંક્રાંતિને દિવસે જે નક્ષત્ર હોય તે સંક્રાંતિને સમયે પૂર્વ દક્ષિણ વગેરે ક્રમથી લખવાં. તેમાં પૂર્વ સમુદ્રમાં બે નક્ષત્ર મૂકવાં, ત્યાર પછી સવળા ક્રમથી તટપર એક નક્ષત્ર, સંધિને વિષે એક નક્ષત્ર અને પર્વતને વિષે એક નક્ષત્ર, એ રીતે અઠાવીશ નક્ષત્રો

સ્થાપન કરવાં. તેમાં આઠ સંધિનાં આઠ નક્ષત્રો, આઠ તટનાં આઠ નક્ષત્રો, ચાર દિશાનાં ચાર, સમુદ્રમાં બે બે નક્ષત્રો મૂકવાથી તેનાં આઠ નક્ષત્રો અને ચાર વિદિશામાં ચાર પર્વત હોવાથી તેનાં ચાર નક્ષત્રો મળી કુલ અઠાવીશ નક્ષત્રો થાય છે. આ ચક્રમાં રોહિણી નક્ષત્ર જે સ્થાનપર હોય તે સ્થાનનો વિચાર કરવાનો છે. તેમાં પર્વત કે સંધિપર રોહિણીનો સંગમ હોય તો ખંડવૃષ્ટિ થાય, સમુદ્રમાં હોય તો ઘણી વૃષ્ટિ થાય અને તટને વિષે હોય તો દુકાળ થાય, સંધિમાં રોહિણી નક્ષત્ર હોય તો વણિકને ઘેર (મેઘનો) વાસ જાણવો, પર્વત પર રોહિણી હોય તો કુંભારને ઘેર વાસ જાણવો, સમુદ્રને વિષે રોહિણી હોય તો માળીને ઘેર વાસ જાણવો, અને તટ ઉપર રોહિણી નક્ષત્ર હોય તો ધોબીને ઘેર વાસ જાણવો.

અર્ઘકાંડમાં ત્રૈલોકયદીપકકાર કહે છે કે—સ્વાતિ વગેરે આઠ નક્ષત્રો અને અશ્વિની વગેરે ત્રણ નક્ષત્રોની ત્રિક સંજ્ઞા છે એમ અર્ઘકાંડમાં ચતુર એવા પંડિતોએ જાણવું. મૃગશીર્ષ વગેરે દશ નક્ષત્રો અને ધનિષ્ઠાદિક પાંચ નક્ષત્રોની અર્ઘનો નિર્ણય કરવા માટે પંચક સંજ્ઞા જાણવી. ત્રિક નક્ષત્રોમાં ગ્રહ રહેલા હોય તો તે ત્રિકયોગ કહેવાય છે અને પંચક નક્ષત્રોમાં ગ્રહ રહેલા હોય તો તે પંચકયોગ કહેવાય છે. તેમાં ત્રિકયોગ હોય ત્યારે ધન ગ્રહણ કરવું યોગ્ય છે અને પંચકયોગ હોય ત્યારે ધન આપવું યોગ્ય છે. નક્ષત્ર ત્રિકને વિષે અથવા જીવ (બૃહસ્પતિ)ની રાશિથી નક્ષત્ર ત્રિકને વિષે જો ક્રૂર ગ્રહ રહેલા હોય, અથવા ક્રૂર ગ્રહોથી જીવરાશિ નક્ષત્ર ત્રિકમાં

દિવસાર્ઘ અને માસાર્ઘ

હોય તો કરિયાણું ગ્રહણ કરવાં યોગ્ય છે. એ જ રીતે નક્ષત્ર પંચકમાં અથવા જીવ રાશિથી નક્ષત્રપંચકમાં જો ક્રૂર ગ્રહ રહેલા હોય અથવા ક્રૂર ગ્રહોથી જીવરાશિ નક્ષત્રપંચકમાં હોય તો કરિયાણું વેચવાં યોગ્ય છે. જ્યારે નક્ષત્રત્રિકમાં ચંદ્ર રહેલો હોય ત્યારે કરિયાણું ખરીદ કરવાં યોગ્ય છે અને જ્યારે નક્ષત્ર પંચકમાં ચંદ્ર હોય ત્યારે સમગ્ર કરિયાણું વેચવા લાયક છે. બૃહસ્પતિ નક્ષત્રમાં રાહુ અને શનિ હોય અથવા રાહુ અને મંગળના ત્રિકમાં બૃહસ્પતિ રહેલો હોય, અથવા તે ગ્રહો અન્યોન્ય પંચકમાં આવી જાય તો પંચકમાં ધાન્ય દેવું અને ત્રિકમાં ધાન્ય લેવું યોગ્ય છે. જો સર્વે ગ્રહો ત્રિકમાં હોય અથવા બૃહસ્પતિથી શનિ, રાહુ અને મંગળ એ ગ્રહો ત્રિકમાં આવતા હોય તો પૃથ્વીપર સોંઘવારી રહે. તેમાં પણ તિથિની વૃદ્ધિ હોય તો વિશેષ સોંઘવારી રહે. જો કદાચ દૈવયોગથી નક્ષત્રત્રિકમાં રાશિ પંચક આવે તો કાંઇક મોંઘવારી થાય. તેમાં પણ શુભ ગ્રહોનો વેધ હોય તો વિશેષ મોંઘવારી થાય. જ્યારે સર્વે ગ્રહો નક્ષત્રપંચકમાં એકઠા થાય, ત્યારે પૃથ્વીપર મોંઘવારી થાય છે. તેમાં પણ નક્ષત્રની હાનિ હોય તો વિશેષ મોંઘવારી થાય છે. રાશિપંચકના યોગમાં જ્યારે ત્રિકનક્ષત્ર આવે ત્યારે કાંઇક સોંઘવારી થાય છે. તેમાં પણ સૌમ્ય ગ્રહ વક્રી હોય તો તે વિશેષ શુભકારક છે. જ્યારે મંગળ, શનિ અને રાહુ એ ગ્રહો બૃહસ્પતિથી રાશિપંચક કે નક્ષત્રપંચકમાં હોય ત્યારે ભયંકર દુકાળ જાણવો. તેમાં પણ નક્ષત્ર ન્યૂન હોય તો અતિ ભયંકર દુકાળ જાણવો. પૂર્વના સર્વે ગ્રહો રાશિત્રિક કે નક્ષત્રત્રિકમાં હોય તો પૃથ્વીપર મડા

સુખ થાય. તેમાં પણ સૌમ્ય ગ્રહ વક્રી હોય તો મહા ઉત્સવ થાય છે.

આ પરથી પ્રકૃતમાં એ કહેવાનું છે કે સર્વ નક્ષત્રોને મધ્યે

આર્દ્રા નક્ષત્ર પ્રવેશ

રોહિણી નક્ષત્ર જો નક્ષત્રત્રિકમાં રહેલું હોય તો તે સૌમ્યગ્રહને યોગે શુભ કારક અને ક્રૂર ગ્રહને યોગે અશુભ કારક છે. (સૂર્યના પંદરિયા) મૃગશીર્ષ નક્ષત્રપર સૌમ્ય અને ક્રુર બન્ને પ્રકારના ગ્રહો હોય તો અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદર, તીડ, સૂડ, સ્વચક્રભય અને પરચક્ર ભય એ સર્વ થાય છે.

આર્દ્રા નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ જો સૂર્યોદય વખતે થાય તો તે રોગ કરે છે. સૂર્યોદય પછી બે ઘડી દિવસ ચડે આર્દ્રા નક્ષત્રમાં સૂર્યનો પ્રવેશ થતો હોય તો વિગ્રહ અને રોગ કરે છે. મધ્યાહ્ન સમયે આર્દ્રામાં સૂર્યનો પ્રવેશ થતો હોય તો ખેતીનો નાશ થાય, ધાન્ય મોંઘું થાય અને તૃણનો નાશ થાય. સંધ્યા સમયે આર્દ્રા નક્ષત્ર બેસતું હોય તો સુકાળ થાય. રાત્રિએ બેસતું હોય તો લોકમાં સર્વ પ્રકારનું સુખ થાય. મધ્ય રાત્રે આર્દ્રા પ્રવેશ હોય તો ભોગ પ્રાપ્ત થાય. પાછલી રાત્રિએ આર્દ્રામાં સૂર્ય પ્રવેશ કરે તો પ્રથમ સુખ અને પછી દુઃખ થાય. કહ્યું છે કે-"હે ભડ્ડુલી ! મૃગશીર્ષ નક્ષત્રમાં વાયરા ન વાય અને આર્દ્રામાં વૃષ્ટિ ન થાય તો વર્ષ નબળું થાય.

મઘા નક્ષત્રમાં સૂર્ય જે દિવસે આવે તે દિવસને છોડીને

નક્ષત્ર દ્વાર

બાકીનાં સર્વ નક્ષત્રના દિવસોમાં વરસાદ થાય તો સર્વ લોકોને હર્ષ આપનાર ખેતી મોટું ફળ આપનારી થાય. હસ્ત નક્ષત્રમાં સૂર્ય જે દિવસે આવે તે દિવસે જો વરસાદ થાય તો સર્વ ઇતિનો

વિનાશ થાય. સ્વાતિ નક્ષત્રમાં સૂર્ય હોય ત્યારે જો વૃષ્ટિ થાય તો સમુદ્રમાં મોતી પાકે. સૌમ્ય વારને દિવસે નક્ષત્રને વિષે સૂર્યનો ચાર થાય તો તે શુભદાયક કહ્યો છે. રવિ, મંગળ અને શનિવારે સૂર્યનું નક્ષત્ર પર ગમન થાય તો તે અશુભ છે.

કર્પૂરચક્ર પહેલાં કહી ગયા છીએ. હવે સર્વતોભદ્ર નામનું ચક્ર કહીએ છીએ. તેમાં નક્ષત્રના અનુસારથી દેશનું શુભાશુભ જાણવું. સૌમ્ય ગ્રહનો [1]વેધ થાય તો સોંઘવારી થાય અને ક્રૂર

સર્વતોભદ્ર ચક્ર

૧ વેધ જાણવાનો પ્રકાર—સર્વતોભદ્ર ચક્રમાં જે નક્ષત્રપર ગ્રહ રહેલો હોય તે નક્ષત્રના સ્થાનથી ગ્રહની દૃષ્ટિને અનુસારે ડાબો, જમણો અને સન્મુખ એમ ત્રણ પ્રકારે વેધ થાય છે, અર્થાત્ ગ્રહની દૃષ્ટિ જે તરફ હોય તે તરફ વેધ થાય છે. ગ્રહોનો વેધ ગજેંદ્રના દાંતના સંસ્થાન જેવો બે તરફ એટલે વામ અને દક્ષિણના વેધથી રાશિ, અક્ષર, સ્વર, તિથિ અને નક્ષત્ર એ પાંચનો વેધ થાય છે. પરંતુ સન્મુખ રહેલી નાસિકાના અગ્ર ભાગની જેમ કેવળ સન્મુખ એક જ નક્ષત્રનો વેધ થાય છે, એમ કોઇક આચાર્યનો મત છે. આ કારણથી નરપતિ જયચર્યાને વિષે સર્વતોભદ્રની સંસ્કૃત ટીકામાં પણ કહ્યું છે કે—વામ અને દક્ષિણ દૃષ્ટિ હોય તો રાશિ, નક્ષત્ર, સ્વર, વ્યંજન અને તિથિ એ પાંચનો વેધ થાય છે. અને સન્મુખ દૃષ્ટિ હોય તો છેલ્લા એક જ નક્ષત્રનો વેધ થાય છે. ભૌમાદિ પાંચ (મંગળ, બુધ, ગુરૂ, શુક્ર અને શનિ) ગ્રહોમાંથી જે ગ્રહ વક્રી થતો હોય તેની દૃષ્ટિ દક્ષિણ તરફ પડે છે. અને શીઘ્રગામી એટલે અતિચારી જે ગ્રહ હોય તેની દૃષ્ટિ વામ તરફ પડે છે, તથા જે ગ્રહ મધ્યચારી હોય તેની દૃષ્ટિ સન્મુખ પડે છે. રાહુ અને કેતુની સદા વક્ર ગતિ હોય છે, અને ચંદ્ર તથા સૂર્યની સદા શીઘ્ર ગતિ હોય છે. તેથી તે ચારે ગ્રહોની ગતિ સર્વદા એક જ પ્રકારની હોવાથી તેમની દૃષ્ટિ પણ સર્વદા જૂદા પ્રકારે ત્રણ જાતની હોય છે.

ગ્રહનો વેધ હોય તો મોંઘાવારી થાય. તે ગ્રહવેધ દેશ, કાળ અને વસ્તુ એ ત્રણને વિષે કહેલો છે. કૃત્તિકાનો વેધ હોય તો વ્રીહિ, યવ, મણિ, હીરા, ધાતુ અને તલ એ વસ્તુમાં વેધ થાય છે. તથા આઠ માસ દક્ષિણ દિશામાં દુઃખ થાય છે. રોહિણી નક્ષત્રમાં વેધ હોય તો સર્વ પ્રકારનાં ધાન્ય, રસ, ધાતુ અને જીર્ણ કંબલ એ વસ્તુમાં વેધ થાય છે. તથા પૂર્વ દિશામાં સાત દિવસ દુઃખ થાય છે. મૃગશીર્ષ નક્ષત્રમાં વેધ હોય તો ઘોડા, ભેંસ, ગાય, લાખ, કોદરાં, ગધેડા, રત્ન અને તુવેર એ વસ્તુમાં વેધ થાય છે, તથા ઉત્તર દિશામાં સાઠ દિવસ પીડા રહે. આર્દ્રા નક્ષત્રનો વેધ હોય તો તેલ, લવણ વગેરે સર્વ ક્ષાર અને રસ વગેરે અને ચંદન વગેરે સુગંધિ વસ્તુનો વેધ થાય છે, તથા પશ્ચિમ દિશામાં એક માસ દુઃખ રહે છે. પુનર્વસુ નામના નક્ષત્રમાં વેધ હોય તો સુવર્ણ, રૂ, કપાસ, જુવાર, કુસુંભ અને કાળા રેશમી વસ્ત્રનો વેધ થાય છે, તથા બે માસ ઉત્તર દિશામાં અશુભ રહે. પુષ્ય નક્ષત્રનો વેધ હોય તો સોનું, ઘી, રૂપું, શાળ, સંચળ, સરસવ, સર્જિકા (સાજીખાર), તેલ અને હિંગ વગેરે વસ્તુનો વેધ થાય છે, તથા આઠ માસ દક્ષિણ દિશામાં પીડા રહે. અશ્લેષા નક્ષત્રનો વેધ હોય તો મજીઠ, આદુ, ઘઉં, સુંઠ, મરી, કોદરાં અને શાળ એ વસ્તુનો વેધ થાય છે, તથા એક માસ પશ્ચિમ દિશામાં દુઃખ રહે. મઘા નક્ષત્રનો વેધ હોય તો તલ, તેલ, ઘી, પરવાળા, ચણા, અળસી, મગ અને કાંગ એ વસ્તુનો વેધ થાય છે, તથા દક્ષિણ દિશામાં આઠ માસ વિગ્રહ રહે છે. પૂર્વાફાલ્ગુની નક્ષત્રનો વેધ હોય તો કંબલ, રેશમી વસ્ત્ર, જુવાર, તેલ અને રૂપું એ વસ્તુનો વેધ થાય છે, તથા દક્ષિણ દિશામાં આઠ માસ પીડા રહે. ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનો

વેધ હોય તો અડદ, મગ વગેરે ચોખા, કોદરાં, સિંધાલૂણ, લસણ અને સર્જી (સાજીખાર) એ વસ્તુનો વેધ થાય છે, તથા ઉત્તર દિશામાં બે માસ પીડા રહે. હસ્ત નક્ષત્રનો વેધ હોય તો ચંદન, કપૂર, દેવદાર, અગર, રક્તચંદન અને કંદ વગેરે વસ્તુનો વેધ થાય છે, તથા ઉત્તર દિશામાં બે માસ પીડા રહે. ચિત્રા નક્ષત્રનો વેધ હોય તો સોનું, રત્ન, મગ, અડદ, પરવાળા અને અશ્વાદિક વાહનનો વેધ થાય છે, તથા ઉત્તર દિશામાં બે માસ પીડા રહે. સ્વાતિ નક્ષત્રનો વેધ હોય તો સોપારી, મરી, સરસવ, તેલ, રાઈ, હિંગ, ખજુર વગેરે વસ્તુનો વેધ થાય છે, તથા ઉત્તર દેશમાં સાત દિવસ પીડા રહે. વિશાખા નક્ષત્રનો વેધ હોય તો જવ, શાળ, ઘઉં, મગ, રાઇ, મસૂર, મકુષ્ઠ વગેરે વસ્તુનો વેધ થાય છે. તથા દક્ષિણ દિશામાં આઠ માસ પીડા થાય. અનુરાધા નક્ષત્રનો વેધ હોય તો તુવેર વગેરે સર્વ વિદલ અન્ન, ચોખા, મકુષ્ઠ, કાંગ અને ચણા એ વસ્તુનો વેધ થાય છે, તથા પૂર્વ દિશાના દેશમાં સાત દિવસ પીડા રહે. જયેષ્ઠા નક્ષત્રનો વેધ હોય તો ગુગળ, ગોળ, લાખ, કપૂર, પારો, હિંગ, હિંગળોક અને કાંસું એ વસ્તુનો વેધ થાય છે, તથા પૂર્વ દિશામાં સાત દિવસ પીડા રહે. મૂલ, નક્ષત્રનો વેધ હોય તો ધોળી વસ્તુ, રસ, ધાન્ય, સિંધાલૂણ, કપાસ અને લવણ વગેરે વસ્તુનો વેધ થાય છે, તથા પશ્ચિમ દિશામાં એક માસ દુઃખ રહે છે. પૂર્વાષાઢા નક્ષત્રનો વેધ હોય તો અંજન, તુષધાન્ય, ઘી, કંદમૂળ અને જીર્ણ (ચાવલ) વગેરે વસ્તુનો વેધ થાય છે, તથા પશ્ચિમ દિશામાં એક માસ અશુભ રહે. ઉત્તરાષાઢા નક્ષત્રનો વેધ હોય તો ઘોડા, બળદ, હાથી, લોહ વગેરે ધાતુ અને ઘી વગેરેનો વેધ થાય છે, તથા પૂર્વ દિશામાં સાત દિવસ

પીડા રહે. અભિજિત નક્ષત્રનો વેધ હોય તો દ્રાક્ષ, ખજુર, સોપારી, એલાયચી, મગ, જાયફળ અને ઘોડા એ વસ્તુનો વેધ થાય છે, તથા પૂર્વ દિશામાં સાત દિવસ પીડા રહે. શ્રવણ નક્ષત્રનો વેધ હોય તો અખોડ, ચારોળી, પીપર, સોપારી, જવ અને તુષધાન્ય એ વસ્તુનો વેધ થાય છે. તથા પૂર્વ દિશામાં સાત દિવસ શુભ રહે. ધનિષ્ઠા નક્ષત્રનો વેધ હોય તો સોનું, રૂપું વગેરે ધાતુ, સર્વ પ્રકારનાં દ્રવ્ય, મણિ, મોતિ અને રત્ન વગેરેનો વેધ થાય છે, તથા પૂર્વ દિશામાં સાત દિવસ શુભ રહે. શતભિષા નક્ષત્રનો વેધ હોય તો તેલ, કોદરાં, મદ્ય વગેરે, ધાતકીના પાંદડાં, મૂળ અને છાલ વગેરેનો વેધ થાય છે, તથા પશ્ચિમ દિશામાં એક માસ શુભ રહે. પૂર્વાભાદ્રપદા નક્ષત્રનો વેધ હોય તો પ્રિયંગુ, મૂળ, જાયફળ વગેરે, સર્વ ધાન્ય, સર્વ ધાતુ, સર્વ ઓષધિ અને દેવદાર વગેરે વસ્તુનો વેધ થાય છે, તથા દક્ષિણ દિશામાં આઠ માસ પીડા રહે. ઉત્તરાભાદ્રપદા નક્ષત્રનો વેધ હોય તો ગોળ, ખાંડ, સાકર, ખોળ, તલ, શાલિ, ઘી, મણિ અને મોતિ એ વસ્તુનો વેધ થાય છે, તથા પશ્ચિમ દિશામાં એક માસ શુભ રહે છે. રેવતી નક્ષત્રનો વેધ હોય તો શ્રીફળ, સોપારી, મોતિ, મણિ, ભેડા અને સર્વ કરિયાણાંનો વેધ થાય છે, તથા પશ્ચિમ દિશામાં એક માસ શુભ રહે. અશ્વિની નક્ષત્રનો વેધ હોય તો વ્રીહિ, જૂર્ણા, વેસર (ખચ્ચર) ઉંટ, ઘી, સર્વ પ્રકારનાં ધાન્ય અને વસ્ત્ર એ વસ્તુનો વેધ થાય છે તથા ઉત્તર દિશામાં બે માસ પીડા રહે. ભરણી નક્ષત્રનો વેધ હોય તો તુષધાન્ય, જુવાર અને મરી વગેરે સર્વ ઔષધ એ સર્વ વસ્તુનો વેધ થાય છે, તથા દક્ષિણ દિશામાં આઠ માસ પીડા રહે.

अ	कृ	रो	मृ	आ	पु	पु	अ	आ
भ	उ	अ	व	क	ह	ड	ऊ	म
अ	ल	ल	वृष	मिथु.	कर्क	ॡ	म	पू
रे	च	मेष	ओ	नंदा	औ	सिंह	ट	उ
उ	द	मीन	रिक्ता	पूर्णा	भद्रा	कन्या	प	ह
पू	स	कुंभ	अः	जया	अं	तुला	र	चि
श	ग	ऐ	मकर	धन	वृश्चि	ए	त	स्वा
ध	ॠ	ख	ज	भ	य	न	ऋ	वि
ई	श्र	अ	उ	पू	मू	ज्ये	अनु	इ

એકાશી પદવાળું સર્વતોભદ્ર ચક્ર

ક્રય વિક્રયને ઉચિત એવા સર્વ પદાર્થોનાં અર્ઘ (મૂલ્ય) નો નિર્ણય જે પ્રમાણે બ્રહ્મયામલ નામના ગ્રંથમાં ગ્રહવેધ દ્વારા શુભાશુભ ફળદાયક કહ્યો છે, તે પ્રમાણે આ એકાશી પદવાળા સર્વતોભદ્ર નામના ચક્રમાં કહે છે—સર્વદા વિચક્ષણ પુરૂષોને અર્ઘનો નિર્ણય કરવા યોગ્ય દેશ, કાળ અને પણ્ય એ ત્રણના વેધનો વિચાર કરવો જોઈએ.

દેશ, મંડળ અને સ્થાન એવા ભેદથી દેશ ત્રણ પ્રકારનો છે. વર્ષ, માસ અને દિવસ એવા ભેદથી કાળ પણ ત્રણ

પ્રકારનો કહ્યો છે. તથા ધાતુ, મૂળ અને જીવ એવા ભેદથી પણ્ય પણ ત્રણ પ્રકારનું કહ્યું છે. આ રીતે ત્રણ પ્રકારનો દેશ, ત્રણ પ્રકારનો કાળ અને ત્રણ પ્રકારનું પણ્ય એ ત્રણ ત્રિક થયાં, તેના સ્વામીરૂપ ગ્રહોને કહે છે.—

દેશ, કાળ અને પણ્યનો નિર્ણય

દેશના સ્વામી—રાહુ, શનિ અને બૃહસ્પતિ છે. મંડળના સ્વામી–કેતુ, સૂર્ય અને શુક્ર છે. તથા સ્થાનના સ્વામી–ચંદ્ર, મંગળ અને બુધ છે. વર્ષના સ્વામી રાહુ, કેતુ, શનિ અને બૃહસ્પતિ છે. માસના સ્વામી–મંગળ, સૂર્ય, બુધ અને શુક્ર છે. તથા દિવસનો સ્વામી–ચંદ્રમા છે. તથા ધાતુના સ્વામી–શનિ, રાહુ અને મંગળ છે. જીવના સ્વામી–બુધ, ચંદ્ર અને બૃહસ્પતિ છે. અને મૂળના સ્વામી–કેતુ, સૂર્ય અને શુક્ર છે. આ ગ્રહો પણ્યના સ્વામી છે. રાહુ, કેતુ, સૂર્ય, બૃહસ્પતિ અને મંગળ એ પુરૂષ સંજ્ઞાવાળા ગ્રહો છે, શુક્ર અને ચંદ્ર એ બે સ્ત્રી સંજ્ઞાવાળા ગ્રહ છે, અને શનિ તથા બુધ એ બે નપુંસક સંજ્ઞાવાળા ગ્રહ છે. શુક્ર અને ચંદ્ર એ બે ગ્રહ શ્વેત વર્ણના સ્વામી છે, મંગળ અને સૂર્ય એ બે ગ્રહ રક્ત વર્ણના સ્વામી છે, બુધ અને ગુરૂ એ બે ગ્રહ પીત વર્ણના સ્વામી છે, તથા કેતુ, રાહુ અને શનિ એ ત્રણ ગ્રહ કૃષ્ણ વર્ણના સ્વામી છે.

બળના વશથી સ્વામીનો નિર્ણય

ઉપર જે દેશ વગેરેના સ્વામી ગ્રહો કહ્યા, તેમાંથી જે ગ્રહ વક્ર, ઉદય, ઉચ્ચ અને ક્ષેત્ર (પોતાનું સ્થાન) એ ચાર પ્રકારના બળમાંથી જે અધિક બળવાન હોય, તે એક જ ગ્રહ તે દેશાદિકનો સ્વામી થાય છે. અર્થાત્ જે દેશાદિકના બે ત્રણ વગેરે સ્વામી ગ્રહ હોય તેમાંથી જે બળવાન હોય તે જ સ્વામી કહેવાય છે.

ક્ષેત્ર બળ

ગ્રહો પોતપોતાની રાશિપર હોય તો તેનું પૂર્ણ (ચાર પાદ) બળ હોય છે, મિત્રની રાશિપર હોય તો તેનું ત્રણ પાદ બળ હોય છે, સમ ગ્રહની રાશિપર હોય તો તેનું બે પાદ બળ હોય છે, અને શત્રુ ગ્રહની રાશિપર હોય તો તેનું એક પાદ બળ હોય છે.

વક્ર અને ઉદયનું બળ

ગ્રહ જેટલા દિવસ વક્રી કે ઉદયમાં રહે, તેનો અર્ધ સમય વીતે ત્યારે વક્રનું કે ઉદયનું મધ્ય ફળ જાણવું. તે વખતે તે ગ્રહ પૂર્ણ બળવાન હોય છે. તે મધ્ય કાળથી જેટલો સમય આગળ કે પાછળ હોય તેટલું ન્યૂન બળ ત્રૈરાશિકના ગણિતની રીતે જાણવું.

ઉચ્ચ બળ

કોઈ પણ ગ્રહ ઉચ્ચ રાશિમાં પરમ ઉચ્ચ અંશને વિષે રહેલો હોય તો તે પૂર્ણ બળવાન હોય છે. તથા નીચ રાશિમાં પરમ નીચ અંશને વિષે રહેલો હોય તો તે સંપૂર્ણ બલહીન જાણવો. અને પરમ ઉચ્ચ તથા પરમ નીચ એ બેની વચ્ચે કોઈ પણ ઠેકાણે હોય તો તેનું બળ વિદ્વાનોએ ત્રૈરાશિક ગણિતથી જાણી લેવું.

સ્વામીને આશ્રી વેધના ફળનો નિર્ણય

એ જ પ્રમાણે જે દેશાદિકના સ્વામી તરીકે ગ્રહો કહેલા છે, તે ગ્રહો પોતપોતાના દેશાદિકનો વેધ કરનાર ગ્રહનો સ્વામી, મિત્ર, શત્રુ કે [1]સમ એ ચારમાંથી કોણ છે? તેનો યત્નથી વિચાર કરવો. દેશાદિકનો વેધ કરનારા ગ્રહો જો અશુભ હોય તો ક્રમથી અશુભ

---

૧ શત્રુ કે મિત્ર ન હોય તે.

ફળ આપે છે. તે આ પ્રમાણે—સ્વામી પોતેજ જો વેધ કરનાર હોય તો તેનું એક પાદ અશુભ ફળ મળે છે, વેધ કર્તા મિત્ર ગ્રહ હોય તો તેનું બે પાદ અશુભ ફળ મળે છે, વેધ કર્તા સમાન ગ્રહ હોય તો ત્રણ પાદ અશુભ ફળ મળે છે, અને વેધ કર્તા શત્રુ ગ્રહ હોય તો સંપૂર્ણ–ચાર પાદ અશુભ ફળ મળે છે. તેમજ દેશાદિકનો વેધ કરનાર ગ્રહો જો શુભ હોય તો તે અનુક્રમે શુભ ફળ આપે છે, તે આ પ્રમાણે—સ્વામી પોતે વેધ કર્તા હોય તો પૂર્ણ–ચાર પાદ શુભ ફળ મળે છે, વેધકર્તા મિત્રગ્રહ હોય તો ત્રણ પાદ શુભ ફળ મળે છે, વેધકર્તા સમાન ગ્રહ હોય તો બે પાદ શુભ ફળ મળે છે, અને વેધકર્તા શત્રુ ગ્રહ હોય તો એક પાદ શુભ ફળ મળે છે. તેમાં પણ વેધકર્તા ગ્રહની જો સંપૂર્ણ દૃષ્ટિ પડતી હોય તો ઉપર કહેલા પાદનું ફળ સંપૂર્ણ મળે છે, અને સંપૂર્ણ દૃષ્ટિ ન પડતી હોય તો જેટલા પાદ દૃષ્ટિ પડતી હોય તેને અનુસારે ફળ મળે છે.

વર્ણાદિકને આશ્રી દૃષ્ટિનું જ્ઞાન

મેષ વગેરે બાર રાશિના ચક્રમાં વેધકર્તા ગ્રહની દૃષ્ટિ જે વર્ણ અને સ્વર વગેરેની રાશિપર પડતી હોય, તો તે દૃષ્ટિ તે વર્ણ અને સ્વર વગેરે ઉપર પણ માનવાની છે. સર્વતોભદ્ર ચક્રમાં સ્વર અને વર્ણની તિથિનો વેધ થવાથી તે સ્વર અને વર્ણનો પણ વેધ કહેવાય છે. તથા તે તિથિના વર્ણોની રાશિપર વેધ હોય તો તે તિથિ, સ્વર અને વર્ણ ઉપર પણ દૃષ્ટિ પડતી હોય છે. વેધ કર્તા ગ્રહ અશુભ હોય કે શુભ હોય, પરંતુ તે શુકલ પક્ષમાં તિથિનો વેધ કરે તો પૂર્વે કહેલું વેધનું ફળ જેટલું હોય તેટલું પૂર્ણ આપે છે, અને કૃષ્ણ પક્ષમાં વેધ કરે તો અર્ધ ફળ આપે છે. ગ્રહોની પોતપોતાના અંશમાં પૂર્ણ દૃષ્ટિને

વિદ્વાનોએ જાણવી જોઈએ, કેમકે દૃષ્ટિ વિના એકલો વેધ જ જોઈએ તો કાંઈ પણ શુભાશુભ ફળ પ્રાપ્ત થતું નથી.

વેધને આશ્રી વિશ્વાનો નિર્ણય

જો વેધ કરનાર ગ્રહ વર્ણાદિક પાંચેને પૂર્ણ દૃષ્ટિવડે જોતો હોય અને પૂર્ણ દૃષ્ટિવડે વેધ કરતો હોય તો શુભ ગ્રહ પાંચ વિશ્વા અને ક્રૂર ગ્રહ ચાર વિશ્વા ફળ આપે છે. વર્ણ, સ્વર, તિથિ, નક્ષત્ર અને રાશિ એ પાંચે ઉપર વેધકર્તા ગ્રહની જેટલા પાદ દૃષ્ટિ હોય તેને અનુસારે ગ્રહના વિશ્વા કહેવા. આ પ્રમાણે જ્યાં શુભ અને અશુભ બન્ને પ્રકારના ગ્રહોના વિશ્વા પ્રાપ્ત થતા હોય, ત્યાં તે બંન્ને ગ્રહોનું પરસ્પર અંતર કરવું. એટલે કે શુભ ગ્રહોના અને ક્રર ગ્રહોના વિશ્વા કેટલા કેટલા છે? તેનું આંતરૂં કરવું. તેમ કરતાં જો શુભ ગ્રહના વિશ્વા બાકી રહે તો શુભ ફળ જાણવું, અને અશુભ ગ્રહના વિશ્વા બાકી રહે તો અશુભ ફળ જાણવું. જે વસ્તુનો વેધદ્વારા નિર્ણય કરવાનો હોય તે વસ્તુનો વર્તમાનમાં (અર્થાત્ વર્ષ, માસ તથા દિવસમાંથી જે સમયનો નિર્ણય કરવો હોય તેના પ્રવેશમાં) જે ભાવ હોય તેના વીશ વિશ્વા એટલે વીશ ભાગ કલ્પવા. તેમાંથી એક ભાગને તુલ્ય વિશ્વા માનીને પૂર્વે કહેલા ક્રમથી પ્રાપ્ત થયેલા શેષ વિશ્વા જો શુભ ગ્રહના હોય તો તે તેમાં મેળવી દેવા, અને ક્રૂર ગ્રહોના વિશ્વા શેષ રહ્યા હોય તો તે એમાંથી બાદ કરવા. એમ કરવાથી વીશથી જેટલા અધિક વિશ્વા હોય એટલા વિશ્વા વસ્તુનો ભાવ મંદ રહે અને જેટલા વિશ્વા વીશથી ઓછા રહે તેટલા વિશ્વા વસ્તુનો ભાવ તે જ જાણવો. એટલે કે વસ્તુના વિશ્વા વધે તો વસ્તુની વૃદ્ધિ અને મૂલ્યની હાનિ થાય, અને વસ્તુના વિશ્વા ઘટે તો વસ્તુની હાનિ અને મૂલ્યની વૃદ્ધિ થાય. ભૂમિકંપ, ધૂળની વૃષ્ટિ,

રૂધિરની વૃષ્ટિ તથા ઉલ્કાપાત વગેરે અશુભ ચિહ્ન રહિત અને સર્વ સુખે કરીને સહિત એવા દેશમાં પંડિત પુરૂષે વેધદ્વારા અર્ઘ (મૂલ્ય) નું પ્રમાણ કહેવું.

સર્વવિચાર ચક્રમાં પૂર્વાચાર્યે કહેલું બળ અને અબળ

ભાદ્રપદ માસમાં શુક્રનો અસ્ત હોય, સુખનો હેતુભૂત બ્રહસ્પતિ શુભ રાશિ પર હોય, જ્યેષ્ઠ માસના શુકલ પક્ષના આરંભમાં શુભ વારને દિવસે ચંદ્રમાનો ઉદય હોય, અને શુક્રનાં નક્ષત્રોમાં રાત્રિ સમયે અગસ્ત્યનો ઉદય હોય, ક્રૂર ગ્રહ રાજવર્ગમાં હોય, સુંદર સમય હોય, મંગળ વક્રી હોય, તથા અષાડ પૂર્ણિમાને દિવસે અષાઢા નક્ષત્ર આઠ પ્રહર પૂર્ણ હોય તો દિવ્ય કાળ (શુભ વર્ષ) થાય છે. વર્ષના રાજા, મંત્રી અને ધાન્યાધિપતિ જો શુભ હોય સૂર્યની સંક્રાતિ બૃહત્ નક્ષત્રમાં હોય, અષાડ માસની પૂર્ણિમાને દિવસે ઉત્તર તથા પૂર્વ દિશાનો વાયુ ચાલતો હોય, આઠે પ્રહર દુર્દિન રહે, આદ્રા પ્રવેશ રાત્રિને સમયે હોય, વૃષ લગ્નમાં રહેલો સૂર્ય સૌમ્ય ગ્રહથી યુક્ત હોય, તથા કૃત્તિકા નક્ષત્રમાં વરસાદ થાય, ઇત્યાદિ શુભ ચિહ્ન હોય તો પૃથ્વીપર સુકાળ થાય છે. જો રાત્રિને સમયે આર્દ્રા નક્ષત્રમાં સૂર્યનું સંક્રમણ થતું હોય તથા અગસ્ત્યનો ઉદય પણ રાત્રિ સમયે થતો હોય, તો વર્ષમાં સુકાળ થાય છે, અને તેથી વિપરીત એટલે દિવસના ભાગમાં સૂર્ય-સંક્રાંતિ અને અગસ્ત્યનો ઉદય થતો હોય તો વિપરીત ફળ જાણવું એટલે દુકાળ પડે એમ જાણવું.

જળ યોગ

બુધ અને શુક્ર એ બન્ને એક રાશિપર હોય અને સાથે ક્રૂર ગ્રહ ન હોય તથા ક્રૂર ગ્રહની દૃષ્ટિ પડતી ન હોય અને બહસ્પતિની દૃષ્ટિ

પડતી હોય તો વિશેષ કરીને મોડી વૃષ્ટિ થાય છે. બુધ અને શુક્ર એક રાશિપર હોય, અને ક્રૂર ગ્રહની દૃષ્ટિ પડતી ન હોય, પરંતુ શુક્રની દૃષ્ટિ પડતી હોય તો વિશેષે કરીને ઉત્તમ વૃષ્ટિ થાય છે. બૃહસ્પતિ અને શુક્ર એક રાશિ-પર હોય, તેનાપર ક્રૂર ગ્રહની દૃષ્ટિ પડતી હોય અને બુધની પણ દૃષ્ટિ પડતી હોય આવો જળયોગ મોટી વૃષ્ટિ કરનાર છે. ગુરૂ, બુધ અને શુક્ર એ ત્રણે ગ્રહો એક રાશિપર હોય, અને તેમના પર ક્રૂર ગ્રહની દૃષ્ટિ પડતી ન હોય તો ઘણી વૃષ્ટિ થાય છે. જો શુક્ર, મંગળ અને શનિ એ ત્રણ ગ્રહો એકરાશિ પર હોય અને તેમના પર બૃહસ્પતિની દૃષ્ટિ પડતી હોય, તો મેઘની વૃષ્ટિ સારી થાય છે. તેમાં કાંઈ પણ સંશય નથી. જો શુક્રની સાથે ચંદ્રમા હોય કે મંગળની સાથે ચંદ્રમા હોય, તથા સમગ્ર દિશાઓ વાદળાં સહિત હોય તો મોટો જળયોગ થાય છે. ક્રૂર ગ્રહોની પાસે સૌમ્ય ગ્રહો રહેલા હોય તો જળવૃષ્ટિ ઘણી થાય. તેથી વિપરીત હોય તો વરસાદ થાય નહીં. સૂર્યની સાથે એક રાશિપર બૃહસ્પતિ રહેલો હોય અને જો તે અસ્ત પામ્યો ન હોય તો વરસાદ થાય છે. પરંતુ બુધ અને બૃહસ્પતિનો યોગ હોય તો વરસાદ થાય નહીં. પરંતુ જ્યારે બુધ ઉન્માર્ગ ગમન કરીને શુક્રનો ત્યાગ કરે ત્યારે પાંચ સાત દિવસ વરસાદ વરસે છે. જ્યારે સૂર્ય કર્ક રાશિમાં પ્રવેશ કરે ત્યારે તે સૂર્યને જો બૃહસ્પતિ ત્રણ પાદ દૃષ્ટિએ અથવા પૂર્ણ દૃષ્ટિએ જોતો હોય તો તે કાળે મોટી જળવૃષ્ટિ થાય. ઉદય અને અસ્ત પામતી વખતે કોઈ પણ ગ્રહ ઉપર બૃહસ્પતિની ત્રિપાદ કે સંપૂર્ણ દૃષ્ટિ પડતી હોય તો વરસાદ થાય છે, અન્યથા વરસાદ

થાય નહીં. સર્વ મંડળોમાં સંક્રમતા ગુરૂને કોઇ પણ ગ્રહ ત્રિપાદ કે પૂર્ણ દૃષ્ટિવડે જોતો હોય તો જળવૃષ્ટિ થાય છે. શનિ અને શુક્ર એક રાશિપર હોય તો વરસાદ થોડો થાય, અને ધાન્ય પાકે નહીં. ક્રૂર ગ્રહો વક્રપણાનો ત્યાગ કરી માર્ગી થયા હોય તો તે શુભ છે, અને ગુરૂ વક્રી હોય તો તે શુભ છે. ક્રૂર ગ્રહો જો અતિચાર પામ્યા હોય તો તે અલ્પ વૃષ્ટિ કરનારા થાય છે. અને સૌમ્ય ગ્રહો વક્રી થયા હોય તો તે વૃષ્ટિ આપનારા થાય છે. જો સિંહ, કન્યા અને તુલા રાશિપર બૃહસ્પતિ જાય, અને તે એકલો હોય અથવા બીજા ગ્રહવડે યુક્ત હોય તો તે મહા વૃષ્ટિ કરનાર છે. જો મંગળની સાથે શુક્રને સમસપ્તક હોય એટલે શુક્રથી સાતમી રાશિપર મંગળ હોય કે મંગળથી સાતમી રાશિપર શુક્ર હોય તો એક માસે વૃષ્ટિ થાય. એ જ પ્રમાણે શનિ અને બૃહસ્પતિના સમસપ્તકમાં પણ વરસાદ થાય છે. જો શુભ ગ્રહોની સાથે ક્રૂર ગ્રહોનું સમસપ્તક હોય તો અનાવૃષ્ટિ અને અત્યંત લોક પીડા થાય.

સૂર્ય-ચંદ્રથી થતા જળયોગ

રેવતી વગેરે ચાર નક્ષત્રો, આર્દ્રા વગેરે પાંચ નક્ષત્રો, પૂર્વાષાઢા વગેરે ચાર નક્ષત્રો અને ત્રણે ઉત્તરા, એટલાં ચંદ્રમાનાં નક્ષત્રો છે. બાકીનાં નક્ષત્રો સૂર્યનાં છે. તેમનું ફળ અહીં આ પ્રમાણે કહેલું છે—સૂર્યના નક્ષત્રપર સૂર્ય રહેલો હોય તો મહા વાયુ વાય, અને ચંદ્રના નક્ષત્રપર ચંદ્ર રહેલો હોય તો વરસાદ ન થાય. પરંતુ સૂર્ય અને ચંદ્રનો યોગ રાત્રિએ થતો હોય તો મહા વૃષ્ટિ યોગ થાય છે એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે.

પુરૂષ, સ્ત્રી અને નપુંસક નક્ષત્રોનો યોગ

આર્દ્રા વગેરે દશ નક્ષત્રો સ્ત્રી સંજ્ઞાવાળાં છે, વિશાખા વગેરે ત્રણ નક્ષત્રો નપુંસક સંજ્ઞાવાળાં છે, અને મૂળ વગેરે ચૌદ નક્ષત્રો પુરૂષ સંજ્ઞાવાળા છે. સૂર્યના નક્ષત્રમાં પ્રવેશ વખતે સૂર્ય અને ચંદ્ર એ બન્ને પુરૂષ સંજ્ઞાવાળા નક્ષત્રમાં હોય તો ગરમી પડે, નપુંસક સંજ્ઞાવાળા નક્ષત્રમાં હોય તો સખત ગરમી પડે. સ્ત્રી સંજ્ઞાવાળા નક્ષત્રમાં હોય તો મહા વાયુ વાય અને સ્ત્રી સંજ્ઞાવાળા અને પુરૂષ સંજ્ઞાવાળા નક્ષત્રમાં હોય તો વૃષ્ટિ થાય.

આ પ્રમાણે મેઘના મહોદયનું જ્ઞાન કરનાર આ વર્ષપ્રબોધ ગ્રંથમાં ચાર દ્વાર નામનો બારમો અધિકાર કહ્યો. જે પ્રભાવિક પુરૂષની શ્રેષ્ઠ બુદ્ધિ આ સંપૂર્ણ શાસ્ત્રમાં રમતી હોય, તેને સંપૂર્ણ પૃથ્વી મંડળ અવશ્ય વશ થાય છે.

ઇતિ શ્રી તપગચ્છના નાયક મહોપાધ્યાય શ્રી મેઘવિજય ગણિએ રચેલા આ મેઘ મહોદય અથવા વર્ષપ્રબોધ નામના ગ્રંથને વિષે ચાર દ્વારને કહેનારો આ બારમો અધિકાર પૂર્ણ થયો

તેરમો શકુન નિરૂપણ અધિકાર—

પ્રશ્ન લગ્ન

કોઇએ વરસાદ સંબંધી પ્રશ્ન પૂછયો. ત્યારે જોશી પ્રશ્ન કુંડળી કરે. પછી તેમાં આવેલા ગ્રહોને આ પ્રમાણે વિચારે–પ્રશ્ન લગ્નમાં ચોથે સ્થાને જો શનિ કે રાહુ હોય તો તે વર્ષે મહા ઘોર દુકાળ પડે. પહેલું, ચોથું, સાતમું અને દશમું એ ચાર સ્થાન કેંદ્ર કહેવાય છે. તેમાં જ્યાં શુભ ગ્રહ રહેલો હોય તે તરફના દેશમાં ધાન્ય પ્રાપ્તિ અને સુકાળ થાય છે. જે દિશામાં ક્રૂર ગ્રહોએ શત્રુના ઘરમાં રહેલા શનિને જોયો હોય, તે દિશામાં વિદ્વાનોએ દુકાળ થશે એમ કહેવું, તેમાં કાંઇ પણ સંશય નથી.

વૃષ્ટિ સંબંધી પ્રશ્ન

સૂર્ય અને ચંદ્ર અથવા શુક્ર અને શનિ એ ગ્રહો લગ્નથી સાતમા, ચોથા, બીજા કે ત્રીજા સ્થાનમાં હોય તો તે વૃષ્ટિ યોગ થાય છે. શુભ ગ્રહો જળરાશિમાં રહેલા હોય, તથા શુકલ પક્ષમાં બીજા, ત્રીજા કે કેંદ્રસ્થાનમાં હોય, ચંદ્ર જળરાશિમાં રહ્યો હોય, ચોથા સ્થાનમાં ચંદ્ર અને શુક્ર હોય, તથા લગ્નમાં ચંદ્ર હોય, આ સર્વ યોગ મહા વૃષ્ટિ કરનારા કહ્યા છે. જો ક્રૂર ગ્રહો ચોથા કે વિલગ્ન સ્થાનમાં હોય તો અનાવૃષ્ટિ થાય છે.

વૃષ્ટિ સંબંધી પ્રશ્નના શકુનમાં કાળી ગાય, જળ ભરેલો કાળો ઘડો અથવા કાળા વસ્ત્રવાળી સ્ત્રી, આ ત્રણમાંથી કોઈનું

દર્શન થાય તો વરસાદ થશે એમ જાણવું. જો પ્રશ્ન કરનાર પુરૂષ પાંચ આંગળીઓના સ્પર્શમાં અંગુઠાનો સ્પર્શ કરે તો મહા વૃષ્ટિ થાય છે, સાવિત્રી (અનામિકા) આંગળીનો સ્પર્શ કરે તો થોડી વૃષ્ટિ થાય, વળી બીજું—"સૂર્યથી ત્રીજા, સાતમા કે પાંચમા સ્થાનમાં જળરાશિના ગ્રહ હોય તો નવ, સાત કે પાંચ દિવસમાં વરસાદ વરસે."

મંત્ર—"नट्ठट्ठमयट्ठाणे, पणट्ठकम्मट्ठ नट्ठसंसारे। परमट्ठनिट्ठिअट्ठे, अट्ठगुणाधीसरे वंदे (स्वाहा) ॥२॥"

અથવા—"ॐ ह्रीँ श्रीँ क्लीँ आं लक्ष्मीं स्वाहा"

આ મંત્ર વડે વસ્તુ અથવા ધાન્ય વગેરેને મંત્રી તોળી એક વસ્ત્રની ગાંઠે બાંધી રાત્રે મસ્તકની નીચે મૂકવું. સવારે જોતાં જો તે વસ્તુ ઘટે તો તે મોંઘી થાય અને વધે તો સોંઘી થાય.

અક્ષય તૃતીયા વિચાર

અક્ષય તૃતીયાએ એટલે વૈશાખ સુદિ ત્રીજને દિવસે સંધ્યા સમયે સાત પ્રકારનું ધાન્ય એકઠું કરી વૃક્ષની નીચે જુદું જુદું રાખવું. અર્થાત્ સાત ધાન્યની જુદી જુદી સાત ઢગલી કરવી. સવારે જે ધાન્ય વીખરાઈ ગયેલું હોય તે ધાન્ય તે વર્ષે ઘણું પાકે, અને જે ધાન્ય એમનું એમ ઢગલી રૂપે જ રહેલું હોય તે ધાન્ય પાકે નહીં. અક્ષય તૃતીયાને દિવસે એક થાળીમાં જળ ભરી તેમાં સૂર્યનું પ્રતિબિંબ જોવું. તેનું સ્વરૂપ આ પ્રમાણે—જો સૂર્ય રાતો દેખાય તો વિગ્રહ થાય, નીલ કે પીત વર્ણવાળો દેખાય તો મહા રોગ થાય, શ્વેત દેખાય તો સુકાળ થાય, અને ધૂળ વડે ધુસર

વર્ણવાળો દેખાય તો તીડ, ઉંદર વગેરેનો ઉપદ્રવ થાય. ભિક્ષુક જનોને ભિક્ષાની પ્રાપ્તિ અધિક થાય તો તે સુકાળ કરનાર થાય છે. જળની પ્રાપ્તિ અધિક થાય તો મહા વૃષ્ટિ થાય. તથા ધાન્યની અધિકતા હોય તો ઘણું સુખ થાય. અષાડ વગેરે ચાર માસના નામના ચાર માટીના પીંડા (ગોળા) કરવા, તેની ઉપર કોરો જળનો ભરેલો પૂર્ણ ઘડો મૂકવો. તેમાં ઘડામાંથી ઝરતા જળ વડે જે માટીના પિંડ ભીના થાય, તેટલા મહિનામાં વરસાદ થાય અને જેટલા પિંડ સુકા પડયા રહે તે મહિનામાં વરસાદ ન થાય.

રક્ષાબંધન પર્વ વિચાર

રક્ષા બંધનનું પર્વ એટલે શ્રાવણ સુદિ પૂર્ણિમાને દિવસે સંધ્યા સમયે ગાયોનું ધણ આવતું હોય તેને જોવું. તેમાં જે ગાય આગળ હોય તેના ચિહ્નને અનુસારે વર્ષના શુભાશુભનું જ્ઞાન થાય છે, તે આ પ્રમાણે—તે ગાય સુંદર સારા શીંગડાવાળી, ઘણું દ્રોણ પ્રમાણ દૂધ આપે તેવા મોટા આઉવાળી હોય તો તે શુભકારક છે. તે ગાયના પુચ્છ પર કેશવાળી હોય તો વેપારીઓને વેપારમાં રેશમ, શણ, વગેરેનાં વસ્ત્રોથી લાભ થાય. પુચ્છના વાળ કાપેલા હોય તો તે અશુભકારક છે. તે ગાય ડામ દીધેલી હોય તો પ્રજાને દુ:ખ થાય. તે ગાયનું યુદ્ધ થાય તો રાજાઓ વચ્ચે યુદ્ધ થાય. તે ગાયને ગોવાળ મારતો હોય તો પૃથ્વી પર રોગનો ભય થાય. શીંગડા રહિત હોય તો છત્રનો ભંગ થાય. વાંકા પુચ્છવાળી હોય તો વર્ષ પણ વક્ર થાય એમ જાણવું, અને મેઘની ખંડ ખંડ વૃષ્ટિ થાય. ગોપ્રવેશને સમયે શ્વેત બળદ અને કાળો બળદ એ બે બળદમાંથી શ્વેત બળદ આગળ હોય તો ઘણી વૃષ્ટિ

થાય અને કાળો બળદ આગળ હોય તો મધ્યમ વરસાદ થાય. જળથી ભરેલા માટીના ચાર કોરા ઘડા ઉપર અનુક્રમે શ્રાવણ, ભાદ્રપદ, આશ્વિન અને કાર્તિક એમ ચાર નામ લખવાં. પછી પૂર્વાદિ ચાર દિશાઓમાં રાખવા. પછી બીજે દિવસે તે ઘડાઓમાંનો જે માસનો ઘડો પૂર્ણ ભરેલો જ રહે તે માસમાં વરસાદ પૂર્ણ થાય એમ જાણવું. અને જે ઘડો ફુટી જાય, જળ ઝરવા લાગે, કે જળથી ન્યૂન થઇ જાય તો તે માસમાં અલ્પ વૃષ્ટિ થાય એમ જાણવું.

અષાડ પૂર્ણિમા વિચાર

ઉત્તરાષાઢા નક્ષત્ર યુક્ત અષાડ પૂર્ણિમાને દિવસે સર્વ પ્રકારનાં ધાન્યોને બરાબર તોળી તથા પૂર્વે કહેલાં મંત્ર વડે મંત્રિત કરી રાખી મૂકે. પછી બીજે દિવસે તેને ફરીથી તોળે. તેમાં જે ધાન્ય વધી જાય તે ધાન્ય તે વર્ષમાં વૃદ્ધિ પામે, અને જે ધાન્ય ઘટે તે ધાન્યની હાનિ થાય એમ જાણવું. આ વિધિ કરવામાં નીચે લખેલા મંત્ર વડે તુલાને મંત્રિત કરવી.—"સત્ય બોલનારી દેવી સરસ્વતીની મંત્રપૂર્વક સ્તુતિ કરવી જોઇએ. હે દેવી સરસ્વતી ! તું સત્ય વ્રતવાળી છે, તેથી જે સત્ય હોય તેને બતાવ. જે સત્યના પ્રભાવથી ચંદ્ર, સૂર્ય, ગ્રહ અને જ્યોતિષનો સમૂહ એ સર્વ પૂર્વ દિશામાં ઉદય પામે છે, અને પશ્ચિમમાં અસ્ત પામે છે, સર્વ દેવોને વિષે જે સત્ય છે, બ્રહ્મજ્ઞાનને કહેનારા ઋષિઓમાં જે સત્ય છે અને ત્રણ લોકને વિષે જે સત્ય છે, તે સત્યને તું અહીં દેખાડ. હે દેવી ! તું બ્રહ્માની પુત્રી છે, તું 'મદના' નામે પ્રસિદ્ધ છે, તારૂં ગોત્ર કાશ્યપ છે, અને તું

[1]'તુલા' નામથી પ્રખ્યાત છે." આ પ્રમાણે બોલી તુલાને મંત્રિત કરવી.

તે તુલાને રેશમી, ચાર દોરીથી બાંધેલું અને છ આંગળના પ્રમાણવાળું (લાંબુ પહોળું) શીંકા જેવું વસ્ત્ર લટકાવવું. તે ચારે દોરીઓનું પ્રમાણ દશ દશ આંગળનું કરવું એટલે કે તે દોરીઓ દશ દશ આંગળ લાંબી રાખવી. એવા બે તરફ બે [2]શીંકા કરી તે બન્નેના મધ્ય ભાગે છ આંગળની (લાંબી) કક્ષા[3] કરવી. પછી જમણા શીંકામાં સુવર્ણ મૂકવું, અને ડાબી બાજુના શીંકામાં ધાન્ય વગેરે વસ્તુ મૂકવી, તથા જળ મૂકવું, પછી તેને તોળવું. કુવા, નદી અને સરોવર સંબંધી જળ વડે કરીને અનુક્રમે હીન, મધ્યમ અને ઉત્તમ વૃષ્ટિ જાણવી. એટલે કે કુવાનું જળ વધે તો અલ્પ વૃષ્ટિ થાય, નદીનું જળ વધે તો મધ્યમ વૃષ્ટિ થાય, અને સરોવરનું જળ વધે તો ઉત્તમ વૃષ્ટિ થાય એમ જાણવું. દાંત વડે હાથીઓ, કેશ વડે ગાય, ઘોડા વગેરે પશુઓ, ઘી વડે રાજા અને અનાજના કણીયા વડે બ્રાહ્મણ વગેરેની હાનિ વૃદ્ધિ જણાય છે. તે જ રીતે દેશ, વર્ષ, માસ, દિવસ અને બાકીના ધાન્યાદિક સર્વ દ્રવ્યોની હાનિ વૃદ્ધિ જણાય છે. ત્રાજવાની દાંડી સુવર્ણની હોય તો તે શ્રેષ્ઠ જાણવી, રૂપાની હોય તો તે મધ્યમ જાણવી, એ બન્નેની ન બની શકે તો ખેરના લાકડાની દાંડી કરવી. જે શર (બાણ) થી મનુષ્ય વિંધાયો હોય તે બાણની એક વેંતની એટલે બાર આંગળની લાંબી દાંડી બનાવવી. ત્રાજવામાં બરાબર જોખતાં જેની હાનિ તેનો નાશ અને જેની વૃદ્ધિ તેની અધિકતા જાણવી. આ પ્ર-

---

૧ ત્રાજવા. ૨ છાબડા. ૩ જે દોરાને પકડીને ત્રાજવું ઉંચું કરાય તે કક્ષા.

માણે તુલાના કોશનું રહસ્ય કહ્યું. આ તુલાને કોઇ મનુષ્ય રોહિણી નક્ષત્રનો યોગ થાય ત્યારે પણુ કરે છે. સ્વાતિ, અષાઢા અને રોહિણી એ નક્ષત્રોમાં ક્રૂર ગ્રહનો યોગ હોય તો તે શુભ નથી. જો અષાડ માસ અધિક હોય તો તે વર્ષે સ્વાતિ અને રોહિણીના યોગમાં બન્ને મહિનામાં આ વિધિ કરવો. જો આ ત્રણે યોગો ફળ વડે સરખા હોય તો સંદેહ રહિત શુભાશુભ ફળ કહેવું, અને વિપરીત હોય તો રોહિણીથી ઉત્પન્ન થયેલા ફળ કરતાં તે જ અધિક જાણવું. આ પ્રમાણે અષાડ માસની પૂર્ણિમાને દિવસે ત્રાજવામાં તોળેલા ધાન્યનું શકુન કહ્યું. (વરાહસંહિતાના આધારે)

પુષ્પ અને લતાનું ફળ

વનસ્પતિઓના ફળ અને પુષ્પની વૃદ્ધિ જોઇને સર્વ વસ્તુની સુલભતા અને સર્વ પ્રકારનાં ધાન્યની ઉત્પત્તિનો નિર્ણય થઇ શકે છે, તે આ પ્રમાણે –શાલવૃક્ષના ફળ પુષ્પોની વૃદ્ધિથી કલમ શાલિ, રક્ત અશોકની વૃદ્ધિથી રક્ત શાલિ દૂધની વૃદ્ધિથી પાંડુક અને નીલ અશોકની વૃદ્ધિથી શુકર ધાન્યની પ્રાપ્તિ થાય છે. વડની વૃદ્ધિથી યવની પ્રાપ્તિ થાય છે, તિંદુક વૃક્ષની વૃદ્ધિથી સાડી ચોખાની પ્રાપ્તિ થાય છે અને પીપળાની વૃદ્ધિથી સર્વ પ્રકારના ધાન્યની ઉત્પત્તિ થાય છે. જાંબુના ફળની વૃદ્ધિ થાય તો તલ અને અડદની ઉત્પત્તિ થાય છે, શિરિષ પુષ્પની વૃદ્ધિ થાય તો કાંગની ઉત્પત્તિ થાય છે. મધુકની વૃદ્ધિ થાય તો ઘઉંની નિષ્પત્તિ થાય છે. સપ્તપર્ણની વૃદ્ધિ થાય તો યવની પ્રાપ્તિ થાય છે. અતિમુક્તકલતા અને કુંદ પુષ્પની વૃદ્ધિ દેખાય તો કપાસની પ્રાપ્તિ થાય છે. અશન વૃક્ષની વૃદ્ધિ થાય

તો સરસવની ઉત્પત્તિ થાય છે. બોરની વૃદ્ધિ થાય તો કળથીની ઉત્પત્તિ થાય છે. બિલાની વૃદ્ધિ થાય તો મગની ઉત્પત્તિ થાય છે. વેતસના પુષ્પની વૃદ્ધિ જોવામાં આવે તો અતસીની વૃદ્ધિ થાય છે, પલાશના પુષ્પોની વૃદ્ધિ થાય તો કોદરાની વૃદ્ધિ થશે એમ જાણવું. તિલક વૃક્ષના પુષ્પની વૃદ્ધિ દેખાય તો શંખ, મોતી અને રૂપાની ઉત્પત્તિ થાય છે. ઇંગુદના ફળની વૃદ્ધિ દેખાય તો શણ નામનું ધાન્ય વધારે પાકે છે, હસ્તિકર્ણ નામની વનસ્પતિની વૃદ્ધિ થવાથી હાથીઓના વૃદ્ધિ થાય છે. અશ્વકર્ણ નામની વનસ્પતિની વૃદ્ધિ થવાથી અશ્વોની વૃદ્ધિ થાય છે. પાટલા વૃક્ષની વૃદ્ધિથી ગાયોની વૃદ્ધિ થાય છે. કેળની વૃદ્ધિ થવાથી બકરી તથા મેંઢાની વૃદ્ધિ થાય છે. ચંપાંના પુષ્પોની વૃદ્ધિ થવાથી સુવર્ણની વૃદ્ધિ થાય છે. બંધુજીવ [બપોરીયા] વૃક્ષની વૃદ્ધિ થવાથી પરવાળાની વૃદ્ધિ થાય છે. કુરૂબકની વૃદ્ધિથી વજ્રરત્નની ઉત્પત્તિ વધારે થાય છે. નંદિકાવર્ત વૃક્ષની વૃદ્ધિથી વૈડુર્ય રત્નની અધિક ઉત્પત્તિ થાય છે. સિંદુવાર વૃક્ષની વૃદ્ધિથી મોતી વધારે પાકે છે. કુસુંભની વૃદ્ધિથી કુંકુમની વૃદ્ધિ થાય છે, રકત પદ્મની વૃદ્ધિ થવાથી રાજાનો ઉદય થાય છે. કાળા કમળની વૃદ્ધિથી મંત્રીનો ઉદય થાય છે. સુવર્ણ પુષ્પની વૃદ્ધિથી વણિક લોકોનો ઉદય થાય છે. કમળોની વૃદ્ધિથી બ્રાહ્મણોનો ઉદય થાય છે. પોયણાની વૃદ્ધિથી પુરોહિતનો ઉદય થાય છે, સૌગંધિક દ્રવ્યની વૃદ્ધિથી સેનાપતિનો ઉદય થાય છે. આકડાના ઝાડની વૃદ્ધિથી સુવર્ણનો વૃદ્ધિ થાય છે. આમ્રવૃક્ષની વૃદ્ધિથી કલ્યાણ થાય છે. ભલ્લાતક વૃક્ષની વૃદ્ધિથી ભય વધે છે. પીલુ વૃક્ષની વૃદ્ધિથી આરોગ્ય વધે છે. ખેર અને ખીજડાના વૃક્ષની વૃદ્ધિથી દુકાળ થાય છે. અર્જુન વૃક્ષની વૃદ્ધિથી સારી વૃષ્ટિ થાય છે. પિચુમંદ

[લીંબડા] અને નાગકેશર વૃક્ષના પુષ્પની વૃદ્ધિથી સુકાળ થાય છે. કોઠાની વૃદ્ધિથી વાયુની વૃદ્ધિ થાય. નિચુલ વૃક્ષની વૃદ્ધિથી અનાવૃષ્ટિનો ભય થાય છે. કુટજ વૃક્ષની વદ્ધિથી વ્યાધિનો ભય થાય છે. દુર્વા અને કુશ (ડાભ) ના પુષ્પની વૃદ્ધિથી શેરડીની વદ્ધિ થાય છે. કોવિદાર વૃક્ષની વૃદ્ધિથી અગ્નિનો ભય થાય છે. શ્યામલતાની વૃદ્ધિથી વ્યભિચારિણી સ્ત્રીઓની વૃદ્ધિ થાય છે. જે દેશમાં જે વખતે વૃક્ષ, ગુલ્મ અને લતા સ્નિગ્ધ (ચકચકિત), છિદ્ર રહિત પત્રવાળા દેખાતા હોય તો તે દેશમાં તે વર્ષે સારી વૃષ્ટિ થાય છે. તથા તે રૂક્ષ (લૂખા) અને છિદ્રયુક્ત પત્રવાળા દેખાય તો અલ્પ વૃષ્ટિ થાય છે. આ પ્રમાણે વરાહ સંહિતામાં પુષ્પાદિકના નિમિત્તથી ધાન્યાદિકની ઉત્પત્તિનું લક્ષણ કહેલું છે.

વળી લોકમાં આ પ્રમાણે કહ્યું છે—"આકડાની વૃદ્ધિથી ઘઉંની વૃદ્ધિ થાય છે. લીંબડાની વૃદ્ધિથી તલની વૃદ્ધિ થાય છે. પલાશ (ખાખરા) ની વૃદ્ધિથી વ્રીહિની વૃદ્ધિ થાય છે. કંથેરી વૃક્ષ પ્રફુલ્લિત ન થાય તો મગની આશા શી રાખવી? અર્થાત્ મગ નીપજે નહીં." પાઠાંતરમાં આ પ્રમાણે કહ્યું છે.—"આકડાના પુષ્પની વૃદ્ધિ થાય તો ઘઉંની નીપજ સારી થાય, કયર વૃક્ષની વૃદ્ધિથી તલની વૃદ્ધિ થાય, કંટાલી વૃક્ષની વૃદ્ધિથી કપાસની વૃદ્ધિ થાય, અને જો ચારે દિશામાં પલાશ (ખાખરા)ના વૃક્ષો ફૂલે તો પૃથ્વી પર સર્વ ધાન્યાદિક વસ્તુ નીપજે છે."

વૃક્ષનું સ્વરૂપ

જેમ બાલ્યવયવાળી સ્ત્રી ઋતુ વિના પુષ્પિત થાય તેમ બાળ વૃક્ષ ઋતુ વિના પુષ્પવાળો થાય તો રાજ્યનો ભેદ થાય. તથા વૃક્ષથી દૂધ ઝરે તો સર્વ દ્રવ્યનો વિનાશ થાય છે.

કાગડાના ઇંડાનું ફળ

કાગડી બે, ત્રણ કે ચાર ઇંડાં મૂકે તો સુકાળ થાય. પાંચ ઇંડાં મૂકે તો બીજો રાજા થાય. ઇંડાંનો નાશ થાય અથવા એક જ વાર પ્રસૂતિ થાય તો તે શુભકારક નથી. જો તે ઇંડાં ક્ષારવર્ણનાં હોય તો ચોરનો ભય થાય, વિચિત્ર વર્ણવાળાં હોય તો મૃત્યુ થાય, શ્વેત વર્ણવાળાં હોય તો અગ્નિનો ભય થાય, અને વિકલવર્ણવાળાં હોય તો દુકાળનો ભય થાય. આ પ્રમાણે કાગડાના બચ્ચાંના વર્ણ ઉપરથી શુભાશુભ ફળ જાણવું.

ટિટ્ટિભના ઇંડાનું ફળ

ટિટ્ટિભનાં (ટીટોડીના) ચાર ઇંડાંને અષાડ વગેરે ચાર માસરૂપે કલ્પવા. જે ઇંડાં અધોમુખ હોય તે નામના માસમાં વૃષ્ટિ થાય, અને જે ઇંડાં ઊર્ધ્વમુખ હોય તે નામના માસમાં વૃષ્ટિ ન થાય. જો ટિટ્ટિભ નદી, તળાવ વગેરે જળાશયમાં ઇંડાં મૂકે તો વૃષ્ટિનો રોધ થાય છે અને ઊંચી ભૂમિ પર ઇંડાં મૂકે તો મેઘનો મોટો ઉદય થાય છે.

રૂદ્રદેવ કહે છે કે—"કાગડીનાં ઇંડાં ચાર પ્રકારનાં છે. તેમાં પહેલું વારૂણ, બીજું આગ્નેય, ત્રીજું વાયવીય અને ચોથું [1]ભૂમિજ. તેમનું ફળ આ પ્રમાણે કહ્યું છે.—ભૂમિજ અંડ હોય

---

૧ નદીને કાંઠે સમીપના વૃક્ષ ઉપર ઇંડાં મૂકે તો તે વારૂણ નામનું જાણવું. ૧. ઘરના ગઢ પર મૂકે તો તે ભૂમિજ નામે જાણવું. ૨. વૃક્ષપર મૂકે તો વાયવીય નામે જાણવું. ૩. અને બીજા સ્થળે મૂકે તો આગ્નેય નામે જાણવું. ૪. અથવા વૃક્ષની ઇશાન કોણમાં ઇંડું મૂકે તો તે વારૂણ નામે જાણવું ૧. અગ્નિ કોણમાં મૂકે તો આગ્નેય નામે જાણવું ૨. નૈઋત કોણમાં મૂકે તો વાયવીય ૩. અને વાયુ કોણમાં મૂકે તો તે ભૂમિજ નામનું જાણવું. ૪.

તો કલ્યાણ, સુકાળ, પૃથ્વી પર સુખ અને અનુકૂળ વૃષ્ટિ થાય છે. વારૂણ અંડ હોય તો પૃથ્વી આનંદિત હોય તથા વિશેષ વૃષ્ટિ થવાથી પ્રથમ ધાન્ય સારૂં પાકે. વાયવીય અંડ હોય તો ઉત્પન્ન થયેલા ધાન્યને કીડા, પતંગ અને સૂડા વગેરે ખાઈ જાય છે. તથા આગ્નેય અંડ હોય તો દુકાળ પડે એમ જાણવું. અથવા આ ચાર પ્રકારનાં ઇંડાંને ચાર માસની કલ્પના કરીને પણ શુભાશુભ ફળ કહેવું.

ઇતિ કાકાંડ ફલમ્

કાગડાના માળાનું ફળ

કાગડા પોતાનો માળો જો વૃક્ષ ઉપર પૂર્વ દિશા તરફ બનાવે તો સુકાળ થાય, અગ્નિ કોણમાં બનાવે તો વરસાદ થોડો થાય, દક્ષિણમાં બનાવે તો બે માસ વરસાદ થાય, અને પછી વરસાદ ન થાય, પરંતુ હિમપાત થાય. પશ્ચિમ દિશામાં માળો બનાવે તો બે માસ ઘણો વરસાદ વરસે, તેથી ઊંચી ભૂમિ પર ધાન્યની ઉત્પત્તિ સારી થાય, પછીના બે માસ વૃષ્ટિ ન થાય, અથવા અલ્પ વૃષ્ટિ થાય. વાયુ કોણમાં માળો બનાવે તો વાયુ સહિત વરસાદ થાય, નૈઋત્ય કોણમાં બનાવે તો પ્રથમ વૃષ્ટિ થાય નહીં, પછીથી ઘણી વૃષ્ટિ થાય અને લોકમાં રોગ વૃદ્ધિ પામે. ઉત્તર દિશામાં માળો બનાવે તો સુકાળ થાય, અને ઇશાન કોણમાં બનાવે તો પણ સુકાળ અને સુખ થાય.

ગર્ગ સંહિતામાં કહેલું કાકના માળાનું ફળ

કાગડા વૃક્ષના અગ્ર ભાગે માળો બનાવે તો ઘણો વરસાદ થાય, વૃક્ષના મધ્યમ ભાગમાં બનાવે તો મધ્યમ વૃષ્ટિ થાય, તથા વૃક્ષના નીચેના ભાગમાં બનાવે તો વરસાદ થાય નહીં. વૃક્ષના કોટરમાં, ઘરમાં કે પ્રાકાર ઉપર કાગડાએ માળો બાંધ્યો હોય તો દુકાળ,

રાજાઓનો વિગ્રહ અને દક્ષિણ દિશામાં છત્રભંગ થાય છે. નદીને કાંઠે કાગડાએ માળો બાંધ્યો હોય તો વરસાદ ન થાય, મેઘના પ્રશ્ન વખતે જો કાગડો વૃક્ષપર બેસીને પાંખ કંપાવે તો શીઘ્ર વરસાદ થાય છે. ભક્ષણ વિના કાગડો દેખાય તો તે વૃષ્ટિને બતાવે છે. તે વખતે વર્ષાકાળ હોય તો ઘણી વૃષ્ટિ થાય, શીતકાળ હોય તો દુર્દિન થાય, અને ઉષ્ણકાળ હોય તો મહા વિઘ્ન થાય. એમ કાગડાના સ્થાનને આશ્રી જાણવું. અગ્નિને સ્થાને, પથ્થરપર, પર્વત ઉપર, વૃક્ષના શિખર ઉપર, ભૂમિપર, ગામમાં અને નગરમાં કાગડાનું સ્થાન હોય તો તેને આશ્રીને શુભાશુભ ફળ કહેવું. જો કાગડો વૃક્ષની પૂર્વ દિશા તરફની શાખા ઉપર માળો બાંધે તો સુકાળ, ક્ષેમ અને આરોગ્યતા થાય, તથા મેઘની વૃષ્ટિ સારી થાય. અગ્નિ કોણ તરફની વૃક્ષશાખા ઉપર કાગડો જો માળો બાંધે તો અલ્પ જળવાળા મેઘ વૃષ્ટિને કરે નહીં, જો કાગડો વૃક્ષની દક્ષિણ દિશા તરફની શાખા ઉપર માળો બાંધે તો પ્રથમ બે માસ વરસાદ આવે. પછી હિમપાત થાય. જો કાગડો વૃક્ષના નૈઋત્ય કોણ તરફની શાખાપર માળો બાંધે તો પ્રથમ વૃષ્ટિ ન થાય, પછીથી સારી વૃષ્ટિ થાય. જો કાગડો વૃક્ષના પશ્ચિમ તરફની શાખાપર માળો કરે તો વાયુની વૃષ્ટિ ઘણી થાય અને જળની વૃષ્ટિ અલ્પ થાય છે. જો કાગડો વૃક્ષની ઉત્તર દિશા તરફની શાખાપર માળો બનાવે તો વરસાદ થોડો વરસે અને કોઇ રાજા વેરી થાય. જો કાગડો ઈશાન કોણ તરફની વૃક્ષશાખાપર માળો બાંધે તો ઘણું ધાન્ય પાકે, સુકાળ થાય, અને લોકનું ક્ષેમકુશળ થાય. જો કાગડો વૃક્ષના મધ્ય ભાગમાં માળો કરે તો ધાન્યની ઉત્પત્તિ અર્ધી થાય અને વરસાદ થોડો વરસે. પ્રાકાર કે વૃક્ષના કોટરમાં

કાગડાનો સમાગમ હોય તો વિગ્રહ થાય એમ જાણવું, તથા રાજસ્થાનનો વિનાશ થાય. ઘરમાં કે ઘરની શાળામાં જો કાગડા માળો કરે તો બાર વર્ષનો દુકાળ જાણવો. જો પૃથ્વીપર માળો કરે તો ગામ અને મંડલનો વિનાશ થાય, વિગ્રહ થાય અને દેશ શૂન્ય થાય.

હે કાગ! જો તું મિથ્યા બળિને હરણ કરે તો એક સો ગાયો અને બસો બ્રાહ્મણોની હિંસાનું પાપ તને લાગે. ડાહ્યા પુરૂષે ઘી સહિત ભાતના ત્રણ પિંડ કરી સાફ કરેલા શુભ સ્થાનમાં મંત્રપૂર્વક તે ત્રણે પિંડ સ્થાપન કરવા. આહ્વાનનો મંત્ર બોલી કાગડાને બોલાવવો અને સ્થાપનના મંત્રવડે બલિ-ભોજનને એટલે અનુક્રમે ત્રણ પિંડને સ્થાપન કરવા. કાગડાને બોલાવવાનો મંત્ર આ પ્રમાણે—"ॐ तुण्डब्रह्मणे मुराय असुरेंद्राय एहि एहि हिरण्यपुण्डरीकाय स्वाहा" ।પિંડને મંત્રિત કરવાનો મંત્ર આ પ્રમાણે—"ॐ तिरिटि मिरिटि काकपिण्डालये स्वाहा।" દેશ કાળની પરીક્ષાને માટે પહેલા પિંડનું નામ વૃષભ જાણવું, બીજા પિંડનું નામ તુરગ ધારવું અને ત્રીજા પિંડનું નામ હસ્તી ધારવું. પછી કાગડો આવીને જો વૃષભ પિંડને ગ્રહણ કરે તો ઉત્તમ કાળ જાણવો, તુરગ પિંડને ગ્રહણ કરે તો મધ્યમ વર્ષ થાય, અને ત્રીજા હસ્તી પિંડને ગ્રહણ કરે તો મોટો રાજવિગ્રહ થાય. વરસાદનું જ્ઞાન થવા માટે પહેલા પિંડપર જળ નાખવું, બીજા પિંડપર માટી નાંખવી અને ત્રીજા પિંડપર કોયલા નાંખવા. તેમાં કાગડો આવીને જળવાળો પિંડ ગ્રહણ કરે તો શીઘ્ર વરસાદ થાય, માટીવાળો પિંડ ગ્રહણ કરે તો પંદર દિવસ પછી વરસાદ થાય, અને કોયલાવાળો પિંડ ગ્રહણ કરે તો વરસાદ ન થાય.

" ॐ नमो भगवओ गोयमसामिस्स सिद्धस्स बुद्धस्स अक्खीणमहाणस्स भगवन् ! भास्करीयं (यां) श्रियं आनय आनय पूरय पूरय स्वाहा ।"

ગૌતમીય જ્ઞાન

આશ્વિન માસની ચૌદશની રાત્રે ઉપવાસ કરીને ધૂપ ઉવેખવાપૂર્વક આ મંત્રનો એક હજાર જાપ કરવો. પછી પૂર્ણિમાને દિવસે પ્રાતઃકાળે એક પાત્રમાં શ્રી ગૌતમસ્વામીની ચરણુ પાદુકા આળેખવી. પછી તેની ભક્તિ પૂર્વક સુગંધિ દ્રવ્યોથી પૂજા કરવી. જે પાત્રમાં પાદુકા આળેખી હોય તેને વસ્ત્રથી ઢાંકી રાખવું. જ્યાં સુધી આ વિધિ કરાય ત્યાં સુધી બિલાડીને જોવી નહીં. પછી ભિક્ષાનો સમય થાય ત્યારે તે પાત્રને લઈ ભિક્ષાને માટે દાતાર મહા શ્રાવકને ઘેર જવું. ત્યાંથી જે પ્રાપ્ત થાય તેના પર વિચાર કરવો, તે આ પ્રમાણે—જો ભિક્ષા આપનારી સ્ત્રી સૌભાગ્યવતી અને પુત્રવતી હોય તો આગળનું વર્ષ સારૂં થાય. તથા ધાન્યની ઘણી પ્રાપ્તિ થાય. જો તે ઘેરથી એવો ઉત્તર મળે કે 'આ સમય ભિક્ષાનો નથી' તો આગળના વર્ષે દુકાળ જાણુવો. વિલંબે દાન કરે તો વરસાદ પણ વિલંબે વરસે. જો તે ઘરમાં (ઘરના માણુસો વચ્ચે) કલેશ થતો દેખાય તો રાજાઓ વચ્ચે યુદ્ધ થશે એમ જાણુવું. દાન કરતી વખતે પાત્રનો કે ભાંડનો ભંગ થાય તો છત્રભંગ થાય એમ જાણુવું. જો દાન આપનારી સ્ત્રી વિકળ અંગવાળી કે રોતી રોતી ભિક્ષા આપે તો રોગાદિકનો ઉપદ્રવ થાય. આ ગૌતમીય જ્ઞાન જેવા તેવા મનુષ્યને કહેવા લાયક નથી. અથવા તો તે (પૂર્ણિમાને) દિવસે લોક જે જે વચન બોલે તેને અનુસારે શુભાશુભ ફળ વર્ષના બોધ માટે વિચારવું.

આ પ્રમાણે બુદ્ધિપૂર્વક શકુનોનો વિચાર કરી વર્ષનું ફળ કહેવા લાયક છે, કે જેના વિકાસથી પૃથ્વીપર સર્વ અર્થને સાધનાર ઘણા ધનની પ્રાપ્તિ થાય છે. તથા જેના મનમાં આ વર્ષપ્રબોધ (મેઘમહોદય) નામનું શાસ્ત્ર સ્ફુરાયમાન હોય એવા પ્રકાશવાળા ગુણો વડે નિપુણ પુરૂષ રાજાઓને પણ માનવા લાયક થાય છે. આ ગ્રંથમાં આ શકુનનું નિરૂપણ કરનાર તેરમો અધિકાર પૂર્ણ થયો છે. તથા આ ગ્રંથમાં એકવીશ દ્વાર છે તે પણ પૂર્ણ થયાં છે. સ્થાનાંગ સૂત્રના વિષયભૂત એવા વર્ષપ્રબોધના જ્ઞાનને માટે જે આ પ્રકરણ મેં (મહોપાધ્યાય શ્રી મેઘવિજયજીએ) રચ્યું છે તેનો ભક્તિપૂર્વક પૃથ્વીપર વિસ્તાર કરી જે પુરૂષ શ્રી જૈનદર્શનને દીપાવે તે શાશ્વતી જ્ઞાન લક્ષ્મીને પામી સુખી થાય.

ગ્રંથકારની શક્તિ

વિસ્તાર પામેલા પ્રભાવવાળા શ્રીમાન્ તપગચ્છના નાયક શ્રી વિજયપ્રભસૂરિ નામના આચાર્ય દેદીપ્યમાન હતા. તેના પટ્ટરૂપી કમળને વિકસ્વર કરવામાં સૂર્ય સમાન અને પોતાના તેજથી સૂર્યને પણ જીતનાર એવા શ્રી વિજયરત્નસૂરિ નામના આચાર્ય થયા. વિશ્વને પ્રકાશિત કરવાવાળા તેમના શાસનમાં દેવતાઓને પણ સેવવા લાયક એવા શ્રી કૃપાવિજયજી નામના વિદ્વાન થયા. તેમના શિષ્ય શ્રી મેઘવિજય નામના ઉપાધ્યાય થયા. તેમણે આ ગ્રંથ સુકૃતના લાભને માટે કર્યો છે. આ ગ્રંથમાં કોઈ ઠેકાણે અતિશય રસપૂર્વક કહેવા લાયક પ્રાચીન શ્લોકોવડે તથા કોઇ ઠેકાણે શ્રવણ કરવા લાયક નવીન શ્લોકોવડે તથા સત્પુરૂષોને મધ્યે પ્રમાણરૂપ થવા માટે કોઇ સ્થાને મનોહર એવી ઉચિત લોકોક્તિવડે

આ ગ્રંથ સંપૂર્ણ થયો છે. શ્રીજિનેશ્વર ઉપર શ્રદ્ધા રાખનાર ચતુર જનોને ઉચિત છે કે આ ગ્રંથનો આદર કરે. આ વર્ષ-પ્રબોધ નામના મૂળ ગ્રંથમાં અનુષ્ટુપ શ્લોકની ગણતરીએ સાડા ત્રણ હજાર શ્લોક છે. જયાં સુધી મેરૂ પર્વત પ્રવર્તમાન રહે, ત્યાં સુધી આ ગ્રંથ પણ પ્રવર્તમાન રહો. આ ગ્રંથમાં મેં કોઇ પણ પુનરૂક્ત, અયુકત કે દુરૂક્ત કહ્યું હોય તો તે સમસ્તને જ્ઞાની પુરૂષે શુદ્ધ કરી લેવું એવી હાથ જોડીને મારી પ્રાર્થના છે. જે મેરૂનો પણ વિજય કરવા યોગ્ય ધૈર્યથી પણ અલંઘનીય છે, તથા જેની બુદ્ધિ મેરૂની જેમ અચળ છે એવા શિષ્ય શ્રી મેરૂવિજય નામના કવિ મારાપર ભકિતમાન હોવાથી મને રૂચે છે. શોભાવાળા બાળકને ભાવિ વર્ષના બોધને માટે બાળકનું પાલન તથા હિત કરી આ ગ્રંથ ગુરૂપણાને પામો.

ઇતિ શ્રી તપગચ્છના નાયક મહોપાધ્યાય શ્રી મેઘવિજયજી ગણિએ રચેલા આ વર્ષપ્રબોધ અથવા મેઘમહોદય નામના ગ્રંથને વિષે શુકનનિરૂપણ નામનો તેરમો અધિકાર પૂર્ણ થયો.

શ્રીરસ્તુ । કલ્યાણમસ્તુ । શુભમસ્તુ ।

વર્ષપ્રબોધ કે મેઘમહોદય ગ્રંથ સંપૂર્ણ.

ધ્રુવાંક

મેષાદિ સંક્રાન્તિ જે દિવસે બેસે તે દિવસના બધા ધ્રુવાંક-જેવા કે-સંક્રાન્તિનો, તિથિનો, વારનો, નક્ષત્રનો આ બધાના ધ્રુવાંકનો સરવાળો કરીને પછી ઈષ્ટ વસ્તુનો ધ્રુવાંક મેળવીને ત્રણથી ભાગ દેવો. આમ કરતાં જો ૧ વધે તો સસ્તી, બે વધે તો સમ અને ૦ વધે તો જરૂર મોંઘી થશે. [મંત્રમહોદધિના આધારે]

વસ્તુ	ધ્રુવાંક	વસ્તુ	ધ્રુવાંક	વસ્તુ	ધ્રુવાંક
સુવર્ણ	૯૬	અફીણ	૧૯૨	તુવેર	૭૨
ચાંદી	૮૧	તલ	૫૩	મગ	૫૧
પીતળ	૫૬	સરસવ	૮૮	ચણા	૫૬
લોઢું	૫૪	રાઈ	૭૭	જુવાર	૧૦૦
સીસું	૬૦	કપૂર	૧૦૨	હીંગ	૬૨
કાંસુ	૧૨૭	અશ્વ	૭૭૦	કથીર	૬૭
તાંબું	૧૦	હાથી	૬૪	કુંકુમ	૨૫
મોતી	૬૫	ભેંસ	૬૨	હરડે	૭૩
કપાસ	૧૨૭	ગાય	૭૭	જીરૂ	૭૦
સુતર	૬૪	બળદ	૮૭	કુલ	૬૨
કાપડ	૧૦૦	બકરી	૬૦	કાંગની	૨૦
ઘી	૫૦	ઉંટ	૮૫	સાળ	૧૬૫
તેલ	૧૦	ચોખા	૧૭	સોપારી	૨૦૪
મીઠું	૫૬	ચોળા	૮૭	ગીરો	૮૩
ખાંડ	૧૦૨	જવ	૫૭	સૂંઠ	૧૦૦
સાકર	૧૦૩	ઘઉં	૧૪	મંજીઠ	૧૪૪
ગોળ	૪૦	અડદ	૮૦	ન રાચેગ	૭૮
				ખારેક	૧૪૪

સંક્રાંતિ	ધ્રુવાંક	વાર નક્ષત્ર	ધ્રુવાંક	નક્ષત્ર	ધ્રુવાંક
મેષ	૩૭	શુક્ર	૨૪	વિશાખા	૩૨૦
વૃષભ	૮૪	શનિ	૧૪	અનુરાધા	૪૯૩
મિથુન	૬૬	અશ્વિની	૧૦	જયેષ્ઠા	૫૫૯
કર્ક	૧૦૯	ભરણિ	૧૦	મૂળ	૫૫૨
સિંહ	૧૨૫	કૃત્તિકા	૯૬	પૂ. ષા.	૧૪૨
કન્યા	૧૦૨	રોહિણી	૫૬	ઉ. ષા.	૪૨૦
તુલા	૧૪૦	મૃગશિર્ષ	૨૦	શ્રવણ	૫૫૦
વૃશ્ચિક	૧૪૪	આર્દ્ર	૮૬	ધનિષ્ઠા	૭૩૬
ધન	૧૪૪	પુનર્વસુ	૨૧	શતભિષા	૫૭૬
મકર	૧૯૮	પુષ્ય	૬૪	પૂ. ભા.	૨૭૫
કુંભ	૧૯૦	અલેષા	૧૩૫	ઉ. ભા.	૧૨૬
મીન	૧૮૦	મઘા	૧૫૦	રેવતી	૨૫૬
વાર		પૂ. ફા.	૨૨૦	તિથિ	
રવી	૪૦			એકમ	૧૮
ચંદ્ર	૫૦	ઉ. ફા.	૭૨	દ્વિતીયા	૨૦
મંગળ	૫૭	હસ્ત	૩૩૪	તૃતીયા	૨૨
બુધ	૭૨	ચિત્રા	૨૧	ચૌથ	૨૪
બૃહસ્પતિ	૬૨	સ્વાતિ	૨૧૦	પંચમી	૨૬
ષષ્ઠી	૨૫	દશમિ	૧૭	ચૌદસ	૬
સપ્તમી	૨૩	એકાદશી	૧૫	પૌર્ણમાસી	૧૬
અષ્ટમી	૨૧	દ્વાદશી	૧૩	અમાવાસ્યા	૭
નૌમી	૧૯	ત્રયોદશી	૧૧		

श्री गौतमस्वामिने नमः ।

તેજીમંદીનું સ્વરૂપ

વર્ષના રાજાનું ફલ

૧ વર્ષનો રાજા રવિ હોય તો ઘી, ગોળ, તેલ, અનાજ અષાડ શુદ ૧ થી તેજ થાય. એક જ મહિનામાં સારી તેજી થાય. સંવત ૧૯૨૯, ૩૯, ૪૩, ૪૬, ૬૬, ૭૦, ૭૩ અને ૭૭માં એ યોગ બન્યો છે.

૨ વર્ષનો રાજા મંગલ હોય તો અનાજને સંઘરવું અને આસો માસમાં વેચવું. ગોળ, ખારેક, કપાસિયા, ભાદરવામાં વેચવા. સંવત ૧૯૨૫, ૨૮, ૩૨, ૩૫, ૩૮, ૫૨, ૫૫, ૫૮ અને ૬૨ માં એ યોગ બનેલા છે.

૩ વર્ષનો રાજા બુધ હોય તો ઘી, તેલ, કપાસિયા, ગોળ, એરંડા, ખાંડ વેચવાથી લાભ થાય. વાયદાથી વેચનારને લાભ થાય. સંવત ૧૯૩૧, ૪૮, ૫૮ અને ૬૫માં એ યોગ બન્યો છે.

૪ વર્ષનો રાજા ગુરૂ હોય તો ધાન્યનો સંગ્રહ કરવો. ભાદરવામાં વેચવાથી લાભ થાય. ગોળ, ઘઉં, તેલ, ખાંડ, કપાસિયા, હળદર સસ્તાં થાય. સંવત ૧૯૨૦, ૨૪, ૩૪, ૪૧, ૪૪, ૪૭, ૬૧, ૬૪, ૬૮, ૭૧ અને ૭૫માં એ યોગ બન્યો છે.

૫ વર્ષનો રાજા શનિ હોય તો ધાન્ય મોંઘું થાય. શ્રાવણમાં અથવા માગશરમાં વેચવાથી લાભ થાય. સંવત ૧૯૨૬,

૩૩, ૩૬, ૩૭, ૪૦, ૫૦, ૫૩, ૬૩ અને ૬૭માં એ યોગ બન્યો છે.

૬ વર્ષનો રાજા ચંદ્ર હોય તો ધાન્યનો સંગ્રહ કરવો. ભાદરવા તથા આસોમાં લાભ થાય. સંવત ૧૯૨૨, ૪૨, ૪૫, ૪૯, ૫૬, ૬૮, ૭૨ અને ૭૬માં આ યોગ બન્યો છે.

૭ વર્ષનો રાજા શુક્ર હોય તો ધાન્યનો સંગ્રહ કરવો. આસો કારતકમાં વેચવાથી લાભ થાય.

રાશિપરના ગુરૂનું ફળ

૧ **મેષ** રાશિ પર ગુરૂ આવે ત્યારે વૃષ્ટિ ઘણી થવાથી સુકાળ થાય. સોનું, ચાંદી, તાંબુ અને કપાસમાં પ્રથમ ત્રણ માસ સુધી મંદી થાય છે. ભાદરવા માસમાં, ચોખા, ઘી, ઘઉંમાં મંદી થાય અને આસોથી ફાગણ, છ માસ તેજી થાય. કારતક તથા માગશરમાં રૂ અને અનાજમાં તેજી થાય.

૨ **વરખ** રાશિ પર ગુરૂ આવે ત્યારે ધાન્ય તેજી થાય. ઘી, તેલ ચૈત્ર માસમાં મોંઘા થાય. ચણા શ્રાવણ માસમાં મોંઘા થાય. રૂમાં એક વર્ષમાં એક સો ટકા તેજી થાય. આ યોગ ૧૯૩૮, ૫૦, ૬૨ અને ૭૪ માં થયો છે.

૩ **મિથુન** રાશિ પર ગુરૂ આવે ત્યારે રૂમાં ૫૦ ટકાની મંદી થાય છે. સંવત ૧૯૩૯, ૫૧, ૬૩, ૭૫ અને ૮૭માં એ યોગ બન્યો છે. સોના, ચાંદી, ઘી, તેલમાં પાંચ માસ સુધી તેજી રહે, માગશરમાં ખરીદ કરી વૈશાખમાં વેચવાથી સારો લાભ થાય.

૪ **કર્ક** રાશિ પર ગુરૂ આવે ત્યારે વધઘટે સો ટકાની તેજી થાય છે, અને વકી થઇ મિથુન પર આવે ત્યારે મંદી થાય

છે. સંવત ૧૯૪૦, પર, ૬૪, ૬૬ અને ૮૮માં એ યોગ બન્યો છે.

૫ સિંહ રાશિમાં ગુરૂ આવે ત્યારે આઠ મહિના સુધી ઘટવધ થઈ રૂ મંદી થાય છે. સંવત ૧૯૪૧, ૫૩, ૬૫, ૭૭ અને ૮૯માં એ યોગ બન્યો છે. ઘી, તેલ, અનાજ સર્વ ચીજ અષાડ માસમાં વધારે સસ્તી થાય છે.

૬ કન્યા રાશિ પર ગુરૂ આવે ત્યારે ચાર માસમાં રૂા. ૫૦ ઘટે છે. એ યોગ સંવત ૧૯૪૨, ૫૪, ૬૬, ૭૮ અને ૯૦ માં બન્યો છે. સર્વ વસ્તુ મંદી રહે, સુકાળ વર્તાવે.

૭ તુલા રાશિ પર ગુરૂ આવે ત્યારે ધાન્યનો સંગ્રહ કરવો. વર્ષના અંતમાં લાભ થાય. સંવત ૧૯૪૩, ૫૫, ૬૭, ૭૯ અને ૯૦ માં એ યોગ બન્યો છે.

૮ વૃશ્ચિક રાશિ પર ગુરૂ આવે ત્યારે પાંચ માસ સુધી રૂ, સોના, ચાંદી, ઘીમાં તેજી રહે છે. સંવત ૧૯૪૪, ૫૬, ૬૮, ૮૦ અને ૯૨ માં આ યોગ બન્યો છે.

૯ ધન રાશિ પર ગુરૂ આવે ત્યારે ગોળનો પાક ઘણો થાય છે, તે સસ્તા ભાવમાં ખરીદવાથી મકરનો ગુરૂ થાય ત્યારે બમણો લાભ થાય છે. કાર્તિક માસમાં ઘી ખરીદ કરી ચૈત્રમાં વેચવાથી સારો લાભ થાય. એ યોગ સંવત ૧૯૪૫, ૫૭, ૬૯, ૮૧ અને ૯૩ માં બન્યો છે.

૧૦ મકર રાશિ પર ગુરૂ આવે ત્યારે રૂમાં ઘટવધ થઈ મંદી થાય. સંવત ૧૯૪૬, ૫૮, ૭૦ અને ૯૩ માં આ યોગ થયો છે. મકર રાશિ પર ગુરૂ વક્રી થાય અને કુંભ રાશિ પર શનિ વક્રી હોય, અથવા બંને ગ્રહો સાથે વક્રી થતા હોય તો રૂમાં મોટી મંદી થાય.

૧૧ **કુંભ** રાશિ પર ગુરૂ આવે ત્યારે છ મહિના રૂમ તેજી થઈ પછી મંદી થાય. શ્રાવણ માસમાં અનાજ ખરીદ કરી પોષ માસમાં વેચવાથી લાભ થાય.

૧૨ **મીન** રાશિના ગુરૂમાં સર્વ સફેદ ચીજમાં મંદી થાય. તલ, તેલ ઘીમાં મંદી થાય. આ યોગ સંવત ૧૯૩૬ ૪૮, ૬૦, ૭૨ અને ૮૪ માં થયો છે. પ્રથમ પાંચ માસ અનાજ મોંઘું થાય, પછી સસ્તું થાય, સોંઘવારીમાં ખરીદ કરીને ધાન્ય, ઘી, તેલ વગેરે શ્રાવણ સુદ ૧૫મે વેચવાથી લાભ થાય. અષાડ ને શ્રાવણ માસમાં મોંઘવારી થાય. મીન રાશિ પર ગુરૂ વક્રી થાય તે મીન રાશિ પર વક્રી રહે ત્યાં સુધી રૂમાં તેજી થાય, અને કુંભ રાશિ પર જાય ત્યારે મંદી થાય.

ગ્રહણ ફળ અધિકાર

૧ સૂર્ય કે ચંદ્રનું ગ્રહણ જે દેશમાં થાય તે દેશમાં તેનુ ફળ મળે છે.

૨ સૂર્ય કે ચંદ્રનું ગ્રહણ આખું થાય તો તેનું ફળ વીસ દિવસમાં મળે છે.

૩ સૂર્ય કે ચંદ્રનું ગ્રહણ પોણા ભાગનું હોય તો તેનુ ફળ એક માસમાં મળે છે.

૪ સૂર્ય કે ચંદ્રનું ગ્રહણ અડધા ભાગનું હોય તો બે માસમાં ફળ આપે છે.

૫ સૂર્ય કે ચંદ્રનું ગ્રહણ ચોથા ભાગનું થાય તો ચાર માસમાં ફળ મળે છે.

૬ ચંદ્રગ્રહણ થયા પહેલાં રૂના ભાવ ઘટે છે, ગ્રહણ પછી વધે છે.

૭ સૂર્યગ્રહણ થવાનું હોય તો રૂના ભાવ પહેલાં વધે.

અપવાદ–ગ્રહણ થયા પછી તે જ દિવસે વરસાદ થાય તો ગ્રહણની અસરમાં ફેરફાર થાય યા ઉલટ સુલટ ફળ થાય.

ચંદ્રગ્રહણ અને વારફળ

૧ **રવિવારે** ચંદ્રગ્રહણ થાય તો વરસાદ ઓછો થાય. ઘી, ચાંદીમાં મંદી થાય. તે માટે પહેલેથી વેચવું. તેલ વેચી દેવાથી લાભ થાય, અર્થાત્ સસ્તું થાય.

૨ **સોમવારે** ચંદ્રગ્રહણ થાય તો કપૂરનો નાશ થાય. ધાન્ય સંગ્રહ કરવાથી લાભ થાય. આ યોગ સંવત ૧૯૨૩, ૨૮, ૩૩, ૩૬, ૪૮, ૫૫, ૬૧ અને ૭૯ માં બન્યો છે, રૂમાં ૩૦–૩૫ ટકા તેજી થાય.

૩ **મંગળવારે** ચંદ્રગ્રહણ થાય તો રૂ, સૂતરના ભાવ વધે છે. સંવત ૧૯૯૦ મહા શુદ ૧૫ મંગળવારે આ યોગ બન્યો છે. ફાગણ સુદ ૧૫ સુધીમાં રૂના ભાવ ૧૮૦ થી વધીને ૨૧૮ થયા છે. લાલ વસ્તુમાં વિશેષ તેજી કરે.

૪ **બુધવારે** ચંદ્રગ્રહણ થાય તો સુવર્ણ (સોનું) સંગ્રહ કરવાથી લાભ થાય. ચોખા ઘઉં વગેરે અનાજ, રૂ, સોનું, પિત્તળ, ધાતુ તેજ થાય. લાલ વસ્ત્ર સંગ્રહ કરવાથી લાભ થાય. સવંત ૧૯૫૦, ૬૭, ૭૪ અને ૭૭ માં એ યોગ બન્યો છે.

૫ **ગુરૂવારે** ચંદ્રગ્રહણ થાય તો પીળી, લાલ અને સુગંધી વસ્તુ તથા તેલ સંગ્રહ કરવાથી લાભ થાય, રૂમાં તેજી થાય.

૬ **શુક્રવારે** ચંદ્રગ્રહણ થાય તો ચાંદી, મોતી, શ્વેત કાપડના ભાવ તેજ થાય. રૂના ભાવમાં ચાર મહિના સુધી

મંદી થાય, પછી તેજી થાય. સંવત ૧૯૫૬, ૭૬ અને ૮૮ માં એ યોગ બન્યો છે.

૭ **શનિવારે ચંદ્રગ્રહણ** થાય તો અલસી, એરંડા અને તેલમાં છ માસ પછી લાભ થાય. આ યોગ સંવત ૧૯૪૧, ૪૪, ૪૮, ૫૬, ૬૦, ૬૩ અને ૬૮ માં બન્યો છે.

અપવાદ—સં. ૧૯૯૧ માં પોષ સુદ ૧૫ શનિવાર પુનર્વસુ નક્ષત્રમાં ચંદ્રગ્રહણ થયું, ત્યારે એક માસ અગાઉથી તેલ, ઘી, અનાજ, રૂમાં સારી તેજી, સવાયા ભાવ થયા અને ગ્રહણ થઇ ગયા પછી વદ એકમે વરસાદ થયો તેથી વધેલા ભાવો ઘટી ગયા છે. ગ્રહણની અસર પ્રથમ થઇ ગઇ. જુવાર અફીણ વગેરે કાળી વસ્તુ તથા પીળાં, લાલ વસ્ત્ર તથા તાંબુ વગેરે ધાતુ સંગ્રહ કરવાથી એ માસમાં લાભ થાય.

સૂર્યગ્રહણ થયા પછી પંદર દિવસે ચંદ્રનું ગ્રહણ થાય તો ૧૫ દિવસ અગાઉથી દોઢ માસ સુધી ચાંદીમાં ૪–૫ ટકાની તેજી થાય. સંવત ૧૯૫૯, ૬૦ માં આ યોગ બન્યો છે.

સુદ ૧૪ નો ક્ષય હોય અને તે દિવસે ગ્રહણ થાય તો રૂમાં મોટી મંદી આવે. રૂના ભાવ રૂા. ૨૫૦) હોય તો ૫૦ ટકા લગભગ ઘટે છે. તેની અસર શરૂઆતથી દોઢ માસ સુધી રહે છે. સવંત ૧૯૫૫, ૭૬ અને ૮૮ ના ચૈત્ર માસમાં આ યોગ બન્યો છે.

માસ ચંદ્રગ્રહણ અધિકાર

૧ **કારતકમાં** ચંદ્રગ્રહણ થાય તો સમુદ્રમાં વિગ્રહ થાય.

૨ **માગશરમાં** ચંદ્રગ્રહણ થાય તો ધાન્યમાં સાત મહિને લાભ થાય.

૩ **પોષમાં** ચંદ્રગ્રહણ થાય તો રસકસ તેજ થાય, રૂમાં ૩૦ થી ૩૫ ટકા તેજી થાય.

૪ **મહામાં** ચંદ્રગ્રહણ થાય તો રસ સંગ્રહવાથી શીઘ્ર લાભ મળે.

૫ **ફાલ્ગુનમાં** ચંદ્રગ્રહણ થાય તો રસકસ સંગ્રહવાથી આગળ ઉપર લાભ થાય. સંવત ૧૯૫૦, ૫૨, ૬૮ અને ૮૮ માં આ યોગ થયો છે.

૬ **ચૈત્રમાં** ચંદ્રગ્રહણ થાય તો ચોમાસામાં દુકાળ થાય.

૭ **વૈશાખમાં** ચંદ્રગ્રહણ થાય તો સર્વ જણસ મોંઘી થાય. રૂમાં ૨૫ થી ૩૦ ટકા આશરે તેજી થાય. સંવત ૧૯૪૮ માં એ યોગ બન્યો છે.

૮ **જેઠમાં** ચંદ્રગ્રહણ હોય તો રૂ અને અનાજ ખરીદ કરી સંગ્રહ કરવાથી લાભ થાય. સંવત ૧૯૨૦, ૫૬ અને ૬૬ માં આ યોગ બન્યો છે.

૯ **અષાડમાં** ચંદ્રગ્રહણ થાય તો રસકસ તેજ થાય. રૂમાં ૨૦-૨૫ ટકા તેજી થાય.

૧૦ **શ્રાવણમાં** ચંદ્રગ્રહણ થાય તો સર્વ વસ્તુ મોંઘી થાય. રૂમાં ૪૦–૫૦ ટકા તેજી થાય,

૧૧ **ભાદરવામાં** ચંદ્રગ્રહણ થાય તો ધાન્ય વેચી રસનો સંગ્રહ કરવો. રૂમાં ૨૦–૨૫ ટકા તેજી થાય.

૧૨ **આસોમાં** ચંદ્રગ્રહણ થાય તો કપાસ, રૂ, સૂતર વગેરે મોંઘાં થાય. રૂમાં ૪૦–૫૦ ટકા વધે.

સૂર્યગ્રહણ અને વારફળ

રવિવારે સૂર્યગ્રહણ થાય તો ઘી, તેલ, ખાંડમાં અઢી

મહિના સુધી ભાવ વધતા જાય. આ યોગ સંવત ૧૯૨૩ અને ૬૮ માં બન્યો છે.

મંગળવારે સૂર્યગ્રહણ થાય તો ચાર મહિના સુધી સર્વ વસ્તુમાં તેજી થાય. કપાસ તથા સફેદ વસ્તુનો સંગ્રહ કરવાથી બે મહિના પછી લાભ થાય. સંવત ૧૯૨૫ ના ભાદરવામાં, ૨૮ ના માગશરમાં, ૩૧ ના ચૈત્રમાં, ૪૭ ના અષાડમાં આ યોગ બન્યો છે. રૂ, સૂતર, કાપડ, ચાંદી, ગોળ, ખાંડ, ઘી, ઘઉં, ચોખા વગેરેમાં તેજી થાય છે. બે માસમાં લાભ થાય છે.

શનિવારે સૂર્યગ્રહણ થાય તો લાલ, પીળી વસ્તુમાં તેજી થાય. આ યોગ સંવત ૧૯૩૧ ના આસો અને ૫૪ ના માહ માસમાં બન્યો છે.

સૂર્યગ્રહણ થાય ત્યારે પંદર દિન અગાઉથી રૂ માં મંદી થાય. ગ્રહણ ખગ્રાસ હોય તો પૂરું અને અધૂરું હોય તો ઓછું ફળ મળે, સૂર્યગ્રહણને દિવસે વ્યતિપાત યોગ હોય તો રૂમાં વિશેષ તેજી કરે.

સોમવારનું સૂર્યગ્રહણ થાય તો ઘી, તેલ, અનાજ, અડદ અફીણ વગેરે કાળી વસ્તુ સંગ્રહ કરવાથી લાભ થાય.

બુધવારે સૂર્યગ્રહણ થાય તો જુઆર, બાજરી, મઠ, ચણા વગેરે ધાન્ય તથા કપાસ, કપડા, લવીંગ, અફીણ વગેરેમાં બે માસ પછી લાભ થાય.

સૂર્યગ્રહણ માસ સંબંધી વિચાર

કાર્તિક માસમાં સૂર્યગ્રહણ થાય તો સુભિક્ષ–સુકાળ થાય. માગશરમાં થાય તો રસકસના ભાવ વધે.

પોષ માસમાં થાય તો ધાન્ય તેજી થાય.

મહા માસમાં થાય તો મધ્યમ ફળ થાય.

ફાલ્ગુનમાં થાય તો ધાન્ય બહુ તેજ થાય.

ચૈત્રમાં થાય તો સોનું અને અનાજનો સંગ્રહ કરવાથી જલદી લાભ થાય.

વૈશાખમાં હોય તો કપાસ, રૂ, સૂતર, કાપડ, તલ, તેલ સંગ્રહ કરવાથી લાભ થાય.

જેઠ માસમાં થાય તો અનાજ અવશ્ય સંગ્રહવું.

અષાડમાં થાય તો દુર્ભિક્ષ, રાજ્ય-વિગ્રહ થાય

શ્રાવણમાં થાય તો ધાન્ય વેચવું, જેથી લાભ થાય.

ભાદરવામાં થાય તો સુકાળ થાય.

આસો મહિનામાં થાય તો ઘી, તેલના ભાવ વધે.

ગ્રહણ અને નક્ષત્રયોગ—વિચાર

સૂર્ય કે ચંદ્રગ્રહણ પુનર્વસુ નક્ષત્રમાં થાય તો ચોખાના ભાવ વધે. રૂ, કપાસના ભાવ વધે.

પૂર્વાફાલ્ગુનીમાં થાય તો રૂ, સૂતર, કાપડ તથા સર્વ પ્રકારનાં તેલમાં ભાવ વધે.

ઉત્તરાફાલ્ગુનીમાં થાય તો ચોખામાં તેજી થાય.

હસ્ત નક્ષત્રમાં થાય તો ચોખા અને ચણાના ભાવ વધે.

વિશાખામાં થાય તો રૂ, અડદ, ચણા અને લાલ વસ્તુના ભાવ વધે.

અનુરાધામાં થાય તો ચોખા, મકાઈ, જુવાર, તલમાં તેજી થાય.

જ્યેષ્ઠામાં ગ્રહણ થાય તો તાંબું વગેરે મોંઘું થાય.

શ્રવણ નક્ષત્રમાં ગ્રહણ થાય તો ઘઉં વગેરે અનાજ મોંઘાં થાય.

રોહિણી નક્ષત્રમાં સૂર્યગ્રહણ થાય તો કપાસ, રૂ, સૂતરના ભાવ તેજ થાય.

મૂળ નક્ષત્રમાં સૂર્ય કે ચંદ્રગ્રહણ થાય તો રૂ, કપાસના ભાવ તેજી થાય.

ચાંદીમાં વધઘટ થવાના યોગ

શુક્ર પશ્ચિમમાં અસ્ત થાય તો ચાંદી પ્રારંભમાં તેજી કરે છે.

કુંભરાશિનો શનિ ચાંદીમાં તેજી કરે છે.

બુધ, ગુરૂનો પરસ્પર વેધ થાય તો તેજી કરે છે.

બુધ, ગુરૂ કે શુક્રમાંથી કોઇ ગ્રહ અસ્ત થાય ત્યારે ચાંદીમાં તેજી થાય છે.

મંગળ ધનરાશિ પર આવે ત્યારે ચાંદીમાં તેજી થાય છે.

મંગળ વક્રી થાય ત્યારે ચાંદીમાં તેજી થાય છે.

બુધ વક્રી થઇને અસ્ત થાય ત્યારે ચાંદીમાં તેજી થાય. પહેલે દિવસે જ થોડી ઘટીને પછી ભાવ વધતા જાય છે. બે ત્રણ ટકા તેજી થાય છે.

સુદ એકમ ને બુધવાર હોય તો ચાંદીમાં મંદી થાય છે.

• ચૈત્ર સુદ એકમ બુધવારી હોય તો અવશ્ય બે ત્રણ ટકા ઘટે છે. સં. ૧૯૫૮ ભાદ્ર, ૧૯૬૦ જેઠ, ૧૯૯૨ માગશર સુદ ૧ બુધ, ચાંદી ૧૫ ટકા ઘટી, રૂ. ૬૫) ના રૂા ૫૦) નો ભાવ થયો છે.

બુધ મીનરાશિ પર હોય તો ચાંદીમાં મંદી કરે છે.

ગુરૂ વક્રી થાય તો ચાંદીમાં તેજી કરે છે.

સિંહ અને કન્યાનો મંગળ ચાંદીમાં તેજી કરે છે.

સૂર્ય, બુધ એક રાશિ પર આવે ત્યારે ચાંદીમાં તેજી થાય.

સૂર્ય વરખરાશિ પર આવે ત્યારે ચાંદીમાં મંદી થાય.

સૂર્ય સિંહરાશિનો હોય અને મંગલ તથા ગુરૂ વક્રી થતો હોય ત્યારે ચાંદીમાં તેજી થાય છે.

બુધ ઉદય થાય તથા માર્ગી થાય ત્યારે ચાંદીમાં તેજી થાય.

ગુરૂ ઉદય હોય તથા માર્ગી હોય ત્યારે ચાંદીમાં તેજી થાય.

શુક્ર ઉદય હોય તથા માર્ગી હોય ત્યારે ચાંદીમાં તેજી થાય.

સૂર્યને શુક્ર કર્ક રાશિ પર હોય ત્યારે ચાંદીમાં તેજી થાય.

મંગળનો ઉદય ચાંદીમાં તેજી કરે.

શનિ માર્ગી હોય તો ચાંદીમાં મંદી કરે.

શુક્ર મીનરાશિ પર આવે ત્યારે ચાદીમાં શરૂઆતમાં તેજી થાય.

શુક્ર મેષરાશિથી ઉતરતાં ચાંદીમાં તેજી કરે.

ચંદ્ર ને શુક્રનો પરસ્પર વેધ થાય ત્યારે ચાંદીમાં મંદી કરે.

બુધ ને શુક્રનો પરસ્પર વેધ થાય ત્યારે ચાંદીમાં મંદી થાય.

રાહુ સાથેનો વેધ ચાંદીમાં મંદી કર્તા છે.

બુધ પશ્ચિમે અસ્ત હોય અને વક્રી હોય તે ટાઇમે ચંદ્રનો વેધ હોય તો ચાંદીમાં તેજી કરે.

મિથુન રાશિ પર રાહુ આવે ત્યારે ચાંદીમાં મોટી મંદી થાય. (અગાઉથી જ વેચવી જોઇએ.)

કર્ક સંક્રાંતિ શનિવારી હોય તો સોના ચાંદીમાં મંદી થાય. (મંદીમાં ખરીદવાથી આગળ ઉપર લાભ થાય.)

રવિવારે ચંદ્રગ્રહણુ થાય તો ચાંદીમાં મંદી થાય, માટે પ્રથ-

મથી વેચવી જોઈએ. સંવત ૧૯૨૩ ભાદ્ર, ૨૯ અષાડ, ૩૩ ભાદરવો, ૩૬ માગશર, ૪૮ કાર્તિક, ૫૫ અષાડ, ૬૧ મહા, ૭૮ આસોમાં એ યોગ બન્યો છે. ગ્રહણ આગલી રાતનું કે પાછલી રાતનું, આખું, અર્ધું કે ચતુર્થાંશ વગેરે જે પ્રમાણે હોય તે પ્રમાણે ઓછીવત્તી અસર જરૂર થાય છે.

સૂર્યગ્રહણ મંગળવારે થાય તો ચાંદી, રૂ, સૂતર, કાપડમાં અને ગોળ, ખાંડ, ઘી, ચોખામાં સાડાચાર મહિના સુધી તેજી રહે છે.

તુલા રાશિપર મંગલ વક્રી થાય તો સફેદ વસ્તુમાં તેજી કરે. શુક્રવારે ચંદ્રમાનો ઉદય (ચંદ્રદર્શન) થાય તો રૂ અને ચાંદીમાં તેજી થાય.

સોમવારી અમાવાસ્યા ચાંદીમાં મંદી કરે. પંદર દિન આગળ પાછળ મંદી થાય.

ગુરૂ માર્ગી થાય તો ચાંદીમાં મંદી કરે.

કુંભરાશિ પર શુક્ર આવે ત્યારે ચાંદીમાં મંદી થાય.

શુક્ર પૂર્વમાં અસ્ત થાય ત્યારે ચાંદીમાં મંદી થાય.

વૃશ્ચિક રાશિનો શનિ ચાંદીમાં મંદી કરે.

બુધ, ગુરૂ કે શુક્ર ઉદય થાય ત્યારે ચાંદીમાં મંદી થાય.

શનિ માર્ગી થાય ત્યારે ચાંદીમાં મંદી કરે.

મિલોના શેરોમાં મોટી વધઘટના ખાસ સંયોગો

બુધ સિંહરાશિ પર આવે ત્યારે શેરમાં મંદી થાય છે.

બુધ અસ્ત થાય ત્યારે શેરના ભાવ ઘટે છે.

કુંભરાશિનો ગુરૂ થાય ત્યારે પ્રારંભમાં ચાર માસ સુધી વધઘટ થઈને મંદી થાય છે. ડીફર્ડ જેવા મોટા શેરોમાં

૪૦૦ થી ૫૦૦ ટકા ઘટે છે. સંવત ૧૯૯૪ માં ૧૪૦૦ થી ઘટીને ૯૦૦ થયા છે. ત્યારબાદ બીજા ગ્રહોની અસર થતાં ભાવ સુધરીને ફરી ૧૫૦૦) થયા છે. બીજી વાર ઘટીને ૧૦૦૦ થયા છે. મોટી વધઘટ થાય છે.

કુંભરાશિનો શનિ થાય ત્યારે શેરના ભાવોમાં તેજી થાય છે. કુંભરાશિના અંતમાં શનિ આવે એટલે ત્રણ ચાર માસ બાકી હોય ત્યારે શેરોના ભાવો દોઢગણા થાય છે. ડીફર્ડના ભાવ રૂ. ૧૫૦૦) થી વધી તે રૂ. ૨૨૦૦) થયા છે. સંવત ૧૯૯૩ના પોષ, મહા, ફાગણમાં આ યોગ બન્યો છે.

મીનરાશિનો શનિ થતાં શરૂઆતમાં શેરના ભાવો ઘટે છે. (કુંભરાશિના અંતમાં વધેલા ભાવો ઘટે છે.)

બુધ વક્રી થાય ત્યારે શેરમાં તેજી થાય.

શુક્ર ધનરાશિ પર આવે ત્યારે શેરમાં તેજી થાય.

કર્કરાશિનો શુક્ર શેરમાં તેજી કરે છે. શુક્ર કુંભ રાશિનો હોય અને તે સમયે શનિ અસ્ત હોય તો શેરમાં મંદી કરે.

શનિ વક્રી ધનરાશિ ઉપર થાય તો પહેલાં શેરોમાં મંદી થાય, પછી તેજી થાય અને પાછળથી મંદી થાય.

શનિ વક્રી તુલારાશિ પર આવે ત્યારે બે માસ તેજી થાય, પછી મંદી થાય.

સુદ ૧૫ શુક્રવારી હોય તો શેરમાં તે દિવસે જ સારી તેજી થાય.

શનિ વક્રી થાય ત્યારે શેરમાં ૨૦૦–૨૫૦ ટકાની તેજી થાય.

પંચક નક્ષત્ર (કુંભના ચંદ્રમા) ૫૦ ઘડી પછી બેસે

અને મેષનો ચંદ્રમા પણ રાત્રે બેસે તો શેરના ભાવ એક માસ સુધી વધીને તેજી થાય.

મીનરાશિમાં સૂર્ય, બુધ ભેગા થાય ત્યારે શેરના ભાવ ઘટે.

કુંભરાશિના સૂર્ય–કુંભ સંક્રાંતિમાં શેરના ભાવ વધે.

કુંભરાશિનો બુધ કે શુક્ર થાય ત્યારે શેરમાં મંદી આવે.

કુંભરાશિનો મંગળ થાય ત્યારે શેરમાં સારી તેજી થાય.

રાહુ અને ચંદ્રના યોગમાં શેરમાં બે દિવસ મંદી થાય.

બુધ, ગુરૂ અથવા શુક્ર વક્રી હોય અને સૂર્ય સાથે ચુતી થાય ત્યારે શેરમાં પહેલેથી તેજી થાય. ચુતી થયા બાદ ધીમે ધીમે ભાવ ઘટતા જાય.

શનિ અને મંગળ, શનિ અને ગુરૂ, રાહુ અને ગુરૂ, ગુરૂ અને કેતુ, ગુરૂ અને મંગળ એકત્ર થાય ત્યારે શેરના ભાવોમાં તેજીની કે મંદીની અસર જરૂર થાય છે. તે ટાઇમે બજારનું વાતાવરણ જોઈ વેપાર કરવાથી લાભ થાય.

ઘી, તેલ, ગોળ વિષયક તેજીમંદી વિચાર

સુદ ૨ બુધ, સુદ છઠ રવિ, સુદ ૧૦ ગુરૂવાર હોય તો ઘીના ભાવો વધે છે. આ યોગ ઘણીવાર મળે છે.

ધનરાશિ પર ગુરૂ આવે ત્યારે ગોળની નિપજ ઘણી થાય છે. કાર્તિક માસમાં ઘી સંગ્રહ કરી ચૈત્રમાં વેચવું જોઇએ. સંવત ૧૯૪૫, ૫૭, ૬૮ તેમજ ૧૯૯૩માં આ યોગમાં ગોળની નિપજ ઘણી થઇ. બંગાળી મણ ૧) ના ભાવ રૂ. ૩) હતા. અને મકર પર ગુરૂ આવતા બમણા ભાવ થયા છે.

મહા સુદ ૧૫નું ગ્રહણ હોય તો રસકસનો સંગ્રહ કર-

વાથી લાભ થાય. આ યોગ સંવત ૧૯૨૫, ૪૪, ૬૧, ૬૩ માં બન્યો છે.

કાર્તિક વદ ०)) નું ગ્રહણ થાય તો ઘીના ભાવ ઘટી જાય. સંવત ૧૯૫૮, ૬૯ માં તેમ થયું છે.

વૃશ્ચિક સંક્રાંતિ બુધવારી થાય તો ધાન્ય અને ઘીના ભાવ વધે. ગુરૂવારી થાય તો અનાજ તેજ થાય, રસકસમાં મંદી થાય.

શુક્રવારી સંક્રાંતિથી ઘી અને ચોખામાં મંદી થાય.

સિંહરાશિનો ગુરૂ થાય ત્યારે ઘીમાં મોટી મંદી આવે, બંગાળી મણ ૧) ના ભાવ રૂ. ૭૨) હોય તો ઘટીને રૂ. ૫૨, થાય. લગભગ ૨૦ ટકા ઘટે.

પોષ સુદ ૧૫ નું ગ્રહણ રસકસ, રૂ, સૂતરમાં તેજી કરે.

પોષ સુદ ૧૩ મંગળવારી કે શનિવારી હોય તો ઘી, અને ઘઉં સંગ્રહ કરવાથી લાભ થાય.

કુંભસંક્રાંતિ ગુરૂવારી થાય તો રસકસ તેજ થાય.

મીન સંક્રાંતિ રવિ, મંગળ કે શનિવારી બેસે તો ઘી, રસકસ તથા રૂમાં તેજી થાય. ગુરૂવારી હોય તો રસકસમાં મંદી થાય.

કર્કરાશિનો ગુરૂ, મીનનો શનિ, તુલાનો મંગળ થાય તો તે ગોળ, ઘી, ધાન્યમાં તેજી કરનાર છે.

રવિવારે સૂર્યગ્રહણ થાય તો ઘી, તેલ, ખાંડમાં અઢી માસમાં લાભ થાય.

વૃશ્ચિકરાશિના ગુરૂમાં પહેલા છ માસ સુધી સોના, ચાંદી, ઘી અને રૂમાં તેજી થાય.

મીનરાશિના ગુરૂમાં તલ, તેલ અને ઘીમાં મંદી થાય, પછી તેજી થાય. સફેદ વસ્તમાં મંદી થાય.

વર્ષનો રાજા રવિ હોય તો ઘી, ગોળ, તેલ, ધાન્ય અષાડ સુદ ૧ થી એક માસ તેજી રહે.

વર્ષનો રાજા બુધ હોય તો ઘી, તેલ, કપાસિયા, ગોળ, એરંડા, ખાંડ અગાઉથી વેચવાથી લાભ થાય, અર્થાત્ ભાવ ઘટતા જાય.

તુલાસંક્રાંતિ મંગળવારી થાય તો ગોળના ભાવ વધે.

વર્ષનો રાજા મંગલ હોય તો ગોળ, ખારેક, કપાસિયાનો સંગ્રહ કરવો, તે ભાદરવામાં વેચવો જોઈએ.

વર્ષનો રાજા ગુરૂ હોય તો ગોળ, ઘઉં, તેલ, ખાંડ, કપાસિયા, હળદરમાં મંદી થાય.

ફાગણ સુદ ૧૫ રવિ, મંગલ કે શનિવારી હોય તો ઘઉંનો સંગ્રહ કરવો. ચૈત્ર માસમાં ઘી, ઘઉં, ચોખામાં તેજી થાય.

ચૈત્ર માસમાં શુક્ર અને શનિ એકત્ર થાય તો ઘી, તેલમાં તેજી થાય.

વૃષસંક્રાંતિ શનિ, રવિ કે મંગળવારી થાય તો ગોળ, ઘી, રૂ, સુતર, કરિયાણાંના ભાવ વધે. શુક્રવારી હોય તો મંદી થાય.

સોમવારે સૂર્યગ્રહણ હોય તો ઘી, તેલ, અફીણ, આદિ વસ્તુઓ સંગ્રહ કરવાથી લાભ થાય.

ચંદ્રગ્રહણ શનિવારે થય તો અળસી, સરસવ, એરંડા, તલ, આદિ સંગ્રહ કરવાથી છ માસ પછી લાભ થાય. આ યોગ સંવત ૧૯૪૨, ૪૪, ૪૮, ૫૬, ૬૦, ૬૩, ૬૮માં બન્યો છે.

સૂર્યગ્રહણ મંગળવારે થાય તો ગોળ, ખાંડ, ઘી, ઘઉં, ચોખામાં તેજી થાય.

કોઈ પણ પખવાડિયામાં દશમ કે તેરશ તિથિનો ક્ષય થાય તો ઘીના ભાવ વધે.

એક મહિનામાં બે યોગ તૂટે તો ઘીમાં તેજી થાય અને યોગ વધે તો મંદી થાય.

ચૌદશની ઘડીઓથી પૂનમની ઘડીઓ વધે તો ઘીમાં મંદી થાય.

કારતક વદ ૧૦ શનિવારી અને મઘા નક્ષત્ર હોય તો ચાર માસમાં ઘીની તેજી થાય.

અમાવાસ્યાની ઘડીઓ કરતાં પૂનમની ઘડીઓ વધારે હોય તો ઘીની તેજી થાય.

શુકલ પક્ષમાં ક્રૂરવાર (સૂર્ય, મંગલ, શનિ) માં યોગ તૂટે તો પૂરા યોગ સમજવા. કૃષ્ણ પક્ષમાં યોગ તૂટે તો અર્ધો યોગ ઘીની તેજી માટે સમજવા. શુકલ પક્ષમાં ચતુર્થી તૂટે તો ઘીની તેજી થાય.

પોષ વદ ૧૨ જ્યેષ્ઠા નક્ષત્ર અને બુધવાર હોય તો ઘીની તેજી થાય.

સંક્રાંતિ વિચાર

સંક્રાંતિ સમય, જે વાહન, આયુધ, વસ્ત્ર, વિલેપન, ભક્ષ્ય, પાત્ર આદિનો સ્વીકાર કરે તે તે વસ્તુનો નાશ થાય એટલે ઘટવધ થઇ મોંઘી થાય.

સંક્રાંતિ પંદર મુહૂર્ત હોય તો ધાન્યના ભાવ વધે. ૩૦ મુહૂર્તમાં સાધારણ, ૪૫ મુહૂર્તમાં મંદી થાય.

ઊભી સંક્રાંતિ રવિવારે થાય તો ઘીના ભાવ વધે. મંગળવારે થાય તો ઘઉં તથા લાલ વસ્તુના ભાવ વધે.

સંક્રાંતિ સમય સૂર્ય તથા ચંદ્ર એકત્ર હોય તો ચાંદીના ભાવ વધે.

સંક્રાંતિ અને અમાવાસ્યા એકવારી હોય તો ચાંદીના ભાવ વધે.

સંક્રાંતિ સમય ચંદ્રમા ૧-૨-૪-૬-૭-૮-૧૦-૧૨ રાશિ પર હોય તો ચાંદીમાં તેજી થાય છે.

સંક્રાંતિ અને વારફળ અધિકાર

કારતક માસમાં વૃશ્ચિક સંક્રાંતિ બુધવારી હોય તો, અનાજ, ઘીમાં તેજી થાય. ગુરૂવારી હોય તો અનાજમાં તેજી, રસકસ મંદા થાય. શુક્રવાર હોય તો ઘી, ચોખામાં તેજી થાય. રવિ, ગુરૂ, શુક્ર કે મંગળવારી હોય તો રૂમાં ૩૦-૩૫ ટકા તેજી થાય.

ધન સંક્રાંતિ ક્રૂરવારે (શનિ, રવિ, મંગળવારે) લાગે તો કપાસ, સૂતર, કાપડ, ઘી, તલ, તેલ, સોના વગેરેના ભાવ તેજ થાય, જેથી પ્રથમ ખરીદનારને લાભ થાય.

ધન સંક્રાંતિ શનિ, રવિ, સોમ કે મંગળવારે થાય તો રૂમાં ૪૦-૫૦ ટકા તેજી થાય.

ધન સંક્રાંતિ શુક્રવારી હોય તો રૂમાં ૪૦ થી ૫૦ ટકા મંદી થાય.

મકર સંક્રાંતિ શનિવારે થાય તો ધાન્ય, ધાતુમાં તેજી થાય. રવિવારે હોય તો અનાજ, કપાસ તથા લાલ વસ્તુમાં તેજી થાય. સોમવારે હોય તો જુવાર, બાજરી, ચણા વગેરેની ખેતીમાં નુકશાન થાય. મંગળવારે હોય તો ધાન્યમાં તેજી થાય. પંદર મુહૂર્તની હોય તો ચાર-પાંચ માસ સુધી અનાજના ભાવ વધતા જાય. સોમ કે ગુરૂવારી હોય તો અનાજના ભાવ ઘણા ઘટી જાય.

મકર સંક્રાંતિના દિવસે ચંદ્રમા કર્ક રાશિનો હોય તો

કપાસ, સૂતર, કાપડ, તલ, તેલ, વગેરે સંગ્રહ કરવાથી ૫–૬ મહિને લાભ થાય.

મકર સંક્રાંતિ ગુરૂ કે શુક્રવારી હોય તો રૂમાં ૨૫ થી ૩૦ ટકા મંદી થાય.

મકર સંક્રાંતિના દિવસે સૂર્યસ્વર ચાલે તો અને કર્ક સંક્રાંતિમાં ચંદ્રસ્વર ચાલે તો તે મનુષ્યને ૭–૭ મહિના સુધી શુભ થાય.

કુંભ સંક્રાંતિ બુધવારે થાય તો ધાન્ય સસ્તું થાય. સંવત ૧૯૬૪, ૭૦ અને ૭૫ માં આ પ્રમાણે થયું હતું. ગુરૂવારે થાય તો જુવાર, બાજરી, રસકસના ભાવ વધે. સંવત ૧૯૬૫, ૭૬ માં આ પ્રમાણે થયું. સોમ કે શુક્રવારે હોય તો રૂ, ચોખા, ચાંદી, સફેદ વસ્તુમાં તેજી થાય. સંવત ૧૯૬૦, ૬૫, ૭૧, ૭૭, ૮૮ માં આ પ્રમાણે થયું હતું.

મીન સંક્રાંતિ રવિ, મંગલ, શનિવારે બેસે તો ઘી, રસકસ, રૂ તેજ થાય. શુક્રવારી હોય તો પણ રૂના ભાવમાં ૨૫ થી ૩૦ ટકા તેજી થાય. ગુરૂવારે બેસે તો રસકસના ભાવ ઘટે.

મીન સંક્રાંતિ શનિવારી હોય તો સમુદ્રમાં ઉત્પન્ન થનારી વસ્તુઓ—સીપ, મોતી, શંખાદિનો નાશ થાય.

મીન સંક્રાંતિ મંગલવારી હોય તો સોનાના ભાવ વધે.

મીન સંક્રાંતિ રવિવારી હોય તો તેલ–ઘી મોઘાં થાય.

મીન સંક્રાંતિ શુક્ર કે બુધવારી હોય તો ધાન્ય વગેરે સસ્તાં થાય.

મેષ સંક્રાંતિ રવિવારે અને મંગળવારે થાય તો હાથીદાંત, મજીઠ, કેશર, તેલમાં તેજી થાય. સોમવારે થાય તો રૂમાં ૨૦–૨૫ ટકાની તેજી થાય. વૃષભ સંક્રાંતિ સમયે ચંદ્રમા

વૃશ્ચિકનો હોય તો રૂમાં તેજી થાય. છે. શનિ, રવિ મંગળવારે થાય તો ગોળ, રૂ, સૂતર, અનાજ, ઘી, કરીઆણું વગેરેના ભાવ વધે છે. સોમવારી હોય તો ધાન્ય મોંઘું થાય, અને રૂમાં ૧૫ થી ૨૫ ટકા વધે છે. ગુરૂવારી કે શુક્રવારી હોય તો ઘી, ગોળમાં મંદી થાય.

મિથુન સંક્રાંતિ સોમ, ગુરૂ કે શુક્રવારી હોય તો રૂમાં ૨૫ ટકા આશરે તેજી થાય.

કર્ક સંક્રાંતિ ચતુર્થી, અષ્ટમી કે ચતુર્દશીએ થાય તો ધાન્યના ભાવ તેજ થાય. શનિવારી હોય તો ધાન્યના ભાવ તેજ થાય તથા સોના ચાંદીમાં મંદી થાય. પ્રથમથી ખરીદ કરેલું અનાજ તેજી થયે વેચવાથી અને ઘટ્યા ભાવે ધાતુ ખરીદ કરવાથી લાભ થાય. શનિ, રવિ, મંગળ કે સોમવારી હોય તો રૂમાં ૨૦–૨૫ ટકા તેજી થાય.

કર્ક સંક્રાંતિના દિવસે વૃષ્ટિ થાય તો ધાન્ય સસ્તું થાય; ભરણી, મઘા અને ચિત્રા નક્ષત્રમાં થાય તો ધાન્યના ભાવ તેજ થાય છે. સોમ, બુધ કે શુક્રવારી હોય તો ધાન્ય સસ્તું થાય.

સિંહ સંક્રાંતિ શ્રાવણ સુદમાં થાય તો વરસાદની ખેંચ રહે. શનિ, રવિ, મંગળવારે થાય તો મગ, અડદ, ચણા અને ચોખાના ભાવમાં તેજી થાય છે, એક માસ સુધી તેજી રહે. ગુરૂવારી હોય તો ઘી સસ્તું અને ગોળ તથા તેલમાં તેજી થાય છે. સંક્રાંતિના દિવસે વૃષ્ટિ થાય તો ધાન્યની અનંત હાનિ થાય છે. શનિવારી સંક્રાંતિ થાય તો રૂમાં ૨૫–૩૦ ટકા તેજી થાય છે.

કન્યા સંક્રાંતિ, શનિવારી કે મંગળવારી બેસે તો અલ્પ વૃષ્ટિ થાય. અને ધાન્ય મોંઘું થાય.

તુલા સંક્રાંતિ રવિવારી હોય તો ઘઉં અને ચણાના પાકને નુકશાન થાય. શનિવારી હોય તો ઘી ધાન્ય અને સરસવના ભાવમાં તેજી થાય. બુધવારી હોય તો ચોખા, જુવાર, બાજરી વગેરે ધાન્ય ઘણું પાકે. ગુરૂવારી કે સોમવારી હોય તો ધાન્ય સસ્તું થાય. કપાસના ભાવ ઘટે, રૂમાં મંદી થાય. મંગળવારી હોય તો ચોખાની વૃદ્ધિ થાય અને ધાન્યની તેજી થાય. ગોળના ભાવ વધે. આ દિવસે વરસાદ થાય તો તલ, તેલ, એરંડા, અડદ, મગ, વગેરે સંગ્રહ કરી પાંચ માસે વેચવાથી લાભ થાય. ધાન્ય ઘણું પાકે. શુક્રવારે થાય તો અનાજ સસ્તું થાય અને કપાસના ભાવ વધે. રૂમાં ૩૦–૩૫ ટકાની તેજી થાય.

[૧]સંક્રાંતિ સમયે ચંદ્રની રાશિનો વિચાર

મેષ સંક્રાંતિના દિવસે તુલાનો ચંદ્ર હોય તો અનાજ સંગ્રહ કરી છઠ્ઠે મહિને વેચવાથી લાભ થાય.

વૃષભ સંક્રાન્તિના દિવસે વૃશ્ચિકનો ચંદ્ર હોય તો એક જ માસમાં અનાજ મોંઘું થાય અથવા ચોથે મહિને લાભ થાય.

મિથુન સંક્રાન્તિ ધનના ચંદ્રમા થાય તો તલ, તેલ અને ધાન્યનો સંગ્રહ કરવાથી ચાર માસમાં લાભ થાય.

કર્ક સંક્રાન્તિ મકરના ચંદ્રમાં થાય તો ભયંકર દુકાળ થાય, ચાર માસ સુધી ભારે મોંઘવારી રહે.

---

૧ સંક્રાંતિ સમયે ચંદ્રની રાશિફલવિચાર સંબંધીનો લેખ મુંબઈ, માંડવી શ્રી અનંતનાથજી દહેરાસરજીના જ્ઞાનભંડારની હસ્તલિખિત જૂની પ્રત ઉપરથી ઉપયોગી જાણી અહીં પ્રસિદ્ધ કર્યોછે.

સિંહ સંક્રાન્તિને દિવસે કુંભનો ચંદ્ર હોય તો અનાજ ભાવ છ મહિને બમણા થાય.

કન્યા સંક્રાન્તિ મીનના ચંદ્રમાં હોય તો સઘળી વ મોંઘી થાય, વિગ્રહ થાય.

તુલા સંક્રાન્તિ મેષના ચંદ્રે થાય તો ધાન્યના ભાવમાં મહિને અથવા પાંચ મહિને લાભ થાય.

વૃશ્ચિક સંક્રાન્તિ વૃષભના ચંદ્રમાં હોય તો સર્વ ધા ખરીદવાથી બે માસમાં લાભ થાય.

ધન સંક્રાન્તિ મિથુનના ચંદ્રમાં હોય તો સર્વ ધાન્ય ત ઘી, સૂતર ખરીદવાથી પાંચ માસે લાભ થાય.

મકર સંક્રાન્તિને દિવસે કર્કનો ચંદ્ર હોય તો ગો ઘી, કપાસિયામાં પાંચ માસે લાભ થાય.

કુંભ સંક્રાન્તિને દિવસે સિંહનો ચંદ્ર હોય તો ધાન્ય ચાર તથા પાંચ માસે લાભ થાય.

મીન સંક્રાન્તિને દિવસે કન્યાનો ચંદ્ર હોય તો ચાર માસ અનાજ ઘણું મોંઘું થાય.

ઉદય અસ્ત ગ્રહફળ

રૂના ભાવ ખાંડી ૧ ના રૂા. ૨૦૦ હોય ત્યારે ની પ્રમાણે વધઘટની અસર અડસટા રૂપે થાય.

૧ શુક્રનો પૂર્વમાં અસ્ત હોય તો રૂમાં ટકા ૨૫થી ૩૦ આશરે મંદી થાય.

૨ શુક્રનો પશ્ચિમમાં અસ્ત હોય તો રૂમાં વધઘટ ટકા ૩૦–૩૫ આશરે મંદી થાય.

૩ શનિનો પશ્ચિમમાં અસ્ત થાય તો રૂમાં ટકા ૨૦ ૨૫ ના આશરે મંદી થાય.

૪ શનિનો પૂર્વમાં અસ્ત થાય તો રૂમાં ટકા ૧૫ થી ૨૦ તેજી થાય.

૫ ગુરૂનો પૂર્વમાં અસ્ત થાય તો રૂમાં ટકા ૪૦ થી ૫૦ તેજી થાય.

૬ ગુરૂનો પશ્ચિમમાં અસ્ત થાય તો રૂમાં ટકા ૨૫ થી ૩૦ તેજી થાય.

૭ મંગળનો અસ્ત થાય તો ટકા ૩૦ થી ૩૫ મંદી થાય.

૮ વક્રી શુક્રનો અસ્ત થાય તો રૂમાં ટકા ૪૦ થી ૫૦ તેજી થાય.

૯ બુધનો પશ્ચિમે અસ્ત થાય તો પહેલાં તેજી થઇ પછી ટકા ૧૫ ની ઘણું કરીને મંદી થાય.

૧૦ શનિનો પૂર્વમાં ઉદય થાય તો રૂમાં ટકા ૨૦ થી ૨૫ ની મંદી થાય.

૧૧ બુધનો પશ્ચિમમાં ઉદય થાય તો દિવસ બે પછી ટકા ૧૫ના આશરે મંદી થાય.

મેષ, સિંહ, તુલા અને ધન આ ચાર રાશિનો સૂર્ય રૂમાં તેજીકર્તા છે.

વૃષભ, મિથુન અને વૃશ્ચિક આ ત્રણ રાશિનો સૂર્ય રૂમાં મંદી કરનાર છે.

કર્ક, કન્યા, મકર, કુંભ અને મીનનો સૂર્ય થાય ત્યારે રૂમાં વધઘટ થતી નથી.

કોઇ પણ રાશિમાં સૂર્યની સાથે રાહુ હોય તો રૂમાં ૨૫-૩૦ ટકાની મંદી થાય. બીજા યોગો તેજીના હોય તો સાધારણ મંદી થાય, પણ ભાવ વધે નહિ.

મંગળ-મેષ, વૃષભ, મિથુન, સિંહ, કન્યા, તુલા, ધન,

કુંભ અને મીન રાશિમાં મંગળ આવે ત્યારે રૂમાં તેજી થાય. કર્ક અને મકર રાશિનો મંગળ રૂમાં મંદી કરે. વૃશ્ચિક રાશિનો મંગળ થોડી વધઘટ કરે.

શુક્ર—મેષ, વૃષભ, મિથુન, કન્યા, તુલા, ધન અને મીન રાશિનો શુક્ર થાય ત્યારે રૂના ભાવમાં મંદી થાય. કર્ક, સિંહ, મકર, કુંભનો શુક્ર રૂમાં તેજી કરે. વૃશ્ચિક રાશિનો શુક્ર વધઘટ કરે, જેટલું વધે તેટલું ઘટે, અને જેટલું ઘટે તેટલું વધે.

ગ્રહોની ગતિ

સૂર્ય, બુધ, શુક્ર એક રાશિમાં એક માસ રહે છે.

મંગળ દોઢ માસ, અને ચંદ્ર સવા બે દિવસ રહે છે.

સુદ ૨ નો ચંદ્ર પંદર દિવસ ફળ આપે, પૂનમનો ચંદ્ર એક માસ સુધી ફળ આપે.

ગુરૂ યા બૃહસ્પતિ એક રાશિમાં ૧૩ માસ રહે છે.

શનિ એક રાશિમાં અઢી વરસ રહે છે.

રાહુ, કેતુ એક રાશિમાં દોઢ વરસ રહે છે.

બુધ, સિંહ રાશિમાં, કન્યા રાશિમાં અને મીન રાશિ પર આવે ત્યારે પ્રારંભમાં પંદર દિવસમાં રૂમાં ૮–૧૦ ટકાની મંદી થાય છે.

બુધ પુનર્વસુ નક્ષત્ર પર આવે ત્યારે રૂમાં મંદી કરે છે.

મેષ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, મકર, કુંભ અને મીન રાશિ પર બુધ આવે ત્યારે રૂમાં મંદી કરે છે. વૃષભ, તુલા, વૃશ્ચિક, ધન રાશિનો બુધ રૂમાં તેજી કરે છે.

શનિશ્ચર વિચાર

એક રાશિ પર શનિશ્ચર અઢી વર્ષ સુધી રહે છે. એરંડા

સરસવ, તલ, તેલ વગેરેનો સ્વામી શનિશ્ચર છે. તેથી તેલી પદાર્થના ભાવમાં વધઘટની અસર શનિની સ્થિતિ પર અવલંબે છે.

વર્ષનો રાજા શનિ હોય તો ધાન્યમાં તેજી થાય. અગાઉથી સંગ્રહ કરેલું અનાજ હોય તે શ્રાવણ અથવા માગશરમાં વેચવું. સંવત ૧૯૨૬, ૩૩, ૩૬, ૩૭, ૪૦, ૫૦, ૫૩, ૬૩ અને ૬૭માં આ યોગ બન્યો છે.

તુલા રાશિ પર શનિ ૧૫ અંશ થયા પછી રૂમાં મંદી થાય છે.

અશ્લેષા નક્ષત્ર પર શનિ આવે તો રૂમાં મંદી થાય.

વૃશ્ચિક પર શનિ આવે ત્યારે રૂ અને ચાંદીમાં મંદી થાય.

કુંભરાશિમાં શનિ આવે ત્યારે રૂમાં તેજી થાય છે. શરૂઆતમાં છ માસ સુધી તેજી રહે છે. પછી ધીમે ધીમે ભાવ ઘટતા જાય છે.

કુંભરાશિના અંતમાં એટલે ચાર છ માસ બાકી હોય ત્યારે શરના ભાવમાં તેજી ચાલુ થાય છે. લગભગ ચાર માસમાં બમણા ભાવ થાય છે. સંવત ૧૯૯૩ માં આ યોગ થયો છે.

શનિ મકરરાશિ પર રૂ તેજી કરે છે. સંવત ૧૯૧૯, ૨૯, ૫૯, ૮૯ માં આ યોગ થયો છે.

શનિ કન્યારાશિ પર આવે ત્યારે અઢી વર્ષમાં વધઘટ થઈને સો ટકા તેજી થાય છે. સંવત ૧૯૪૭, ૭૭ અને ૭૮ માં એ યોગ બન્યો છે.

મકરરાશિ પર શનિ, મંગળ એકત્ર થાય ત્યારે રૂમાં તેજી કરે. મીન રાશિ પર સંવત ૧૯૯૬ માં એકત્ર થયા ત્યારે

૫૦) ટકા વધ્યા. મિથુન રાશિ પર સંવત ૧૯૭૨ માં વર્ષાકાલમાં એકત્ર થતાં ૨૫ ટકા વધ્યા. સંવત ૧૯૮૮ના પોષ સુદમાં મકરરાશિ પર મંગલ, શનિ એકત્ર થતાં ૧૯૨) ના વધીને ૨૪૦) ના ભાવ દોઢ માસમાં થયા છે.

ગુરૂ અને શનિ તુલા રાશિ પર એકત્ર થાય તો રૂમાં મંદી કરે.

કન્યારાશિ પર શનિ હોય અને મીનનો ગુરૂ હોય તો રૂમાં ૭૫ થી ૧૦૦ ટકા તેજી થાય છે.

કુંભરાશિનો શનિ ચાંદીમાં તેજી કરે છે.

ધનરાશિનો શનિ વક્રી થાય ત્યારે શેરમાં ઘટવધ કરે. પહેલી મંદી, પછી તેજી–ફરી મંદી કરે.

રાહુ ફળ વિચાર

રાહુ વૃષભરાશિ પર આવે ત્યારે ૧૨ માસમાં સો ટકાની તેજી રૂમાં થાય છે.

રાહુ મિથુનરાશિ પર રૂમાં મંદી કરે છે.

રાહુ કર્કરાશિ પર રૂમાં મંદી કરે છે.

રાહુ વૃશ્ચિકરાશિ પર આવે ત્યારે રૂમાં તેજી થાય છે.

રાહુ મિથુનરાશિ પર આવે ત્યારે ચાંદીમાં મોટી મંદી આવે છે.

રાહુ અથવા કેતુ મીન તથા કન્યારાશિ પર હોય ત્યારે અળશીમાં મંદી થાય છે.

કન્યારાશિ પર રાહુ હોય અને મંગળ સાથે થાય ત્યારે દોઢ માસમાં ટકા ૫૦ ની તેજી રૂમાં થાય.

સૂર્ય, રાહુ એક રાશિ પર આવે ત્યારે રૂમાં મંદી થાય અને એક નાડી પર આવે ત્યારે ૨૫–૩૦ ટકા ઘટે.

મંગળ, રાહુ એક રાશિ પર હોય ત્યારે કાપડ તથા મીલના શેરમાં મંદી થાય છે.

રાહુ મંગળ તથા કેતુ મંગળ એકત્ર થયા હોય અને તે પક્ષમાં તિથિ ઘટે તો રૂમાં ૧૫ ટકા મંદી થાય.

હસ્ત તથા ઉત્તરાભાદ્ર પર રાહુ અથવા કેતુ હોય તો રૂમાં તેજી થાય છે.

રાશિ ઉપર એકત્ર થતા ગ્રહોનું ફળ

ગુરૂ અને રાહુ, શનિ અને ગુરૂ, મંગળ અને શનિ, ગુરૂ અને શુક્ર, કોઈ પણ રાશિમાં ભેગા થાય તો રૂમાં તેજી કરે.

શુક્રથી ગુરૂ આગળ હોય તો રૂમાં તેજી કરે.

શનિ અને મંગળ એકબીજાથી સાતમી રાશિ ઉપર હોય તો રૂમાં ઘણી ઘટવધ થાય.

શુક્રથી ગુરૂ આગળ હોય તો સફેદ વસ્તુમાં તેજી થાય.

સૂર્ય, રાહુ એક રાશિ ઉપર ભેગા થાય તો રૂમાં ૨૫–૩૦ ટકાની મંદી થાય. રૂના ભાવ ૩૦૦) હોય તો ટકા ૫૦)ની મંદી થાય.

બુધ શુક્રની યુતિ થાય ત્યારે રૂમાં મંદી થાય. અળશીમાં સારી મંદી થાય. ચાંદીમાં પણ સારી અસર કરે.

બુધ અને શુક્ર એક રાશિના હોય અને જુદા પડે ત્યારે રૂમાં તેજી થાય છે.

સૂર્ય બુધની યુતિ થાય ત્યારે પહેલાંથી રૂમાં તેજી કરે અને યુતિ થયા પછી મંદી કરે.

મંગળ સાથે કોઈ ક્રૂર ગ્રહ હોય તો રૂમાં તેજી થાય.

મેષ રાશિમાં સૂર્ય શુક્ર સાથે થાય તો રૂમાં ૨૫–૩૦ ટકા મંદી થાય.

કન્યારાશિમાં બુધ, ગુરૂ, શુક્ર ભેગા થાય તો રૂમાં ૫૦ ટકા આશરે મંદી થાય.

કુંભરાશિમાં ચંદ્ર, બુધ ભેગા થાય તો રૂમાં ૨૫–૩૦ ટકા મંદી થાય.

મીનરાશિમાં સૂર્ય બુધ સાથે થાય તો રૂમાં ૨૦–૨૫ ટકા મંદી થાય.

શુક્રથી ચંદ્ર ૧–૫–૮ મી રાશિ ઉપર હોય તો રૂમાં થોડી ઘટવધ થાય.

શુક્ર ચંદ્ર એક રાશિ ઉપર હોય ત્યારે રૂ અનાજમાં મંદી થાય છે.

મંગળ, બુધ ભેગા થાય ત્યારે ચાંદીમાં મંદી થાય અને જુદા પડે ત્યારે તેજી થાય.

શનિ, ગુરૂ એકત્ર હોય અને દર માસે જ્યારે કુંભ મીનનો ચંદ્ર થાય ત્યારે રૂમાં તેજી થાય છે.

રાહુ મંગળ અથવા કેતુ મંગળ ભેગા થાય અને તે પક્ષમાં તિથિ ઘટે તો રૂમાં ૧૫ ટકા મંદી થાય છે. મંગળ, રાહુ ભેગા થાય તો મિલના શેર, સૂતર, કાપડમાં મંદી થાય. ચાંદીમાં ટકા ૨–૩ ની, સોનામાં ટકા ૦॥ થી ૧ ની, અળશીમાં ટકા ૧॥–૨ ની તેજી થાય છે.

ચંદ્ર બુધ ભેગા થાય ત્યારે ચાંદીમાં તેજી થાય.

સૂર્ય–બુધ ભેગા થાય ત્યારે ચાંદીમાં મંદી થાય.

ગુરૂ–શુક્રનો વેધ હોય ત્યારે ચાંદીમાં તેજી થાય છે.

ચંદ્ર શુક્રનો પરસ્પર વેધ હોય તો ચાંદીમાં મંદી થાય છે.

સપ્તશલાકામાં બુધ શુક્રનો પરસ્પર વેધ હોય તો ચાંદીમાં મંદી થાય.

ચંદ્ર ૧-૫-૬-૯-૧૦-૧૧ મી રાશિનો હોય ત્યારે ચાંદીમાં થોડી મંદી થાય છે.

ગુરૂ, શુક્ર, શનિ, બુધ, ભેગા થાય તો સોના, ચાંદી આદિ ધાતુઓ અને કાપડની તેજી થાય છે.

મંગળ, ગુરૂ, શુક્ર ભેગા થાય તો અનાજમાં તેજી થાય. તે ચોથા મહિને વેચવાથી લાભ થાય.

ચૈત્ર માસમાં શનિ શુક્ર એકત્ર થાય તો ઘી, તેલમાં વધુ તેજી થાય.

બુધ, સૂર્ય, ગુરૂ ભેગા થાય ત્યારે અનાજના ભાવ સમાન રહે.

સૂર્ય, ગુરૂ, શુક્ર ભેગા થાય ત્યારે અનાજના ભાવ વધે.

ભાદરવા વદિમાં શનિ રાહુ એક રાશિ ઉપર આવે ત્યારે રૂ, શણુ, સૂતરના ભાવોમાં સારી તેજી થાય.

સૂર્ય, ચંદ્ર, ગુરૂ ભેગા થાય ત્યારે જવ, મગ, વસ્ત્રનો સંગ્રહ કરી સાતમા માસે વેચવાથી લાભ મળે.

શુક્ર, મંગળ, સૂર્ય ભેગા થાય ત્યારે ઘી, તેલ, તુવરના ભાવ વધે.

મંગળ રાહુ વર્ષાકાળમાં એકત્ર થાય તો અફીણમાં તેજી થાય.

શનિ મંગળ વર્ષાકાળમાં એકત્ર થાય તો અફીણમાં તેજી થાય.

શુક્ર મંગળ ભેગા થાય ત્યારે ચાંદીમાં ટકા ૨-૩ વધે.

રાહુ મંગળ એક રાશિ ઉપર કે એક નક્ષત્ર ઉપર આવે ત્યારે ચાંદીમાં ટકા ૨-૩ ની તેજી થાય.

બુધ, ગુરૂ, શુક્ર, શનિ ભેગા થાય ત્યારે ચાંદીમાં ભારે ઉથલપાથલ થાય.

શુક્ર શનિ ભેગા થાય ત્યારે અળશીમાં ભારે વધઘટ થાય.

સૂર્ય, શુક્ર, ગુરૂ, શનિ અને રાહુ એ પાંચ ગ્રહો એકત્ર થાય તો વરસાદ થવો દુષ્કર થાય, અને સર્વ અનાજના ભાવ વધે.

સૂર્ય, બુધ, ગુરૂ, શુક્ર એકત્ર થાય તો ધાન્યમાં મંદી થાય.

મંગળ, બુધ, ગુરૂ, શુક્ર એકત્ર થાય તો વૃષ્ટિ થાય.

મંગળ, ગુરૂ, શુક્ર, શનિ એકત્ર થાય તો દુર્ભિક્ષ, અનાવૃષ્ટિ થાય.

મંગળ, શુક્ર, શનિ, રાહુ એકત્ર થાય તો અનાવૃષ્ટિ થાય.

સૂર્ય, બુધ, ગુરૂ, શનિ, રાહુ એકત્ર થાય તો દુર્ભિક્ષ થાય.

સૂર્ય, બુધ, ચંદ્ર, મંગળ, ગુરૂ, શુક્ર અને શનિ આ સાત ગ્રહો એકત્ર થાય તો ગોળ યોગ થાય–દુર્ભિક્ષ થાય. આ યોગથી સંવત ૧૯૫૬ માં ભયંકર દુષ્કાળ પડયો હતો.

સૂર્ય, બુધ, શુક્ર, શનિ, રાહુ અને ચંદ્ર આ છ ગ્રહો એકત્ર થવાથી ઘણા દેશોમાં હિમ પડયું, ધરતીકંપ થયો, રૂમાં ૧૮૦ થી વધીને ૨૧૮ થયા. સંવત્ ૧૯૯૦ મહા સુદ પૂનમે આ યોગ હતો.

ઉદય અસ્ત ગ્રહફળ અધિકાર

૧ શુક્રનો પૂર્વમાં અસ્ત થાય તો રૂમાં ટકા ૨૫ થી ૩૦ મંદી થાય.

૨ શનિનો પશ્ચિમે અસ્ત થાય તો રૂમાં ટકા ૨૦ થી ૨૫ મંદી થાય.

૩ શુક્રનો પશ્ચિમે અસ્ત થાય તો રૂમાં વધઘટ થઈને ટકા ૩૦ થી ૩૫ના આશરે મંદી થાય.

૪ બુધનો પશ્ચિમે અસ્ત થાય તો પહેલાં તેજી થઈ ટકા ૧૫–૨૦ ની મંદી થાય.

૫ મંગળનો અસ્ત થાય તો ટકા ૫૦ના આશરે મંદી થાય.

૬ વક્રગતિએ થયેલા શુક્રનો અસ્ત થાય તો રૂમાં ટકા ૫૦ ના આશરે તેજી થાય.

૭ શનિનો પૂર્વમાં અસ્ત થાય તો રૂમાં ટકા ૧૫ થી ૨૦ તેજી થાય.

૮ ગુરુનો પશ્ચિમે અસ્ત થાય તો રૂમાં ટકા ૨૫ આશરે તેજી થાય.

૯ ગુરૂનો પશ્ચિમે અસ્ત થાય તો રૂમાં ટકા ૩૦ ના આશરે તેજી થાય.

૧૦ શનિનો પૂર્વમાં ઉદય થાય તો રૂમાં ટકા ૨૦–૨૫ની મંદી થાય.

૧૧ બુધનો પાશ્ચિમે ઉદય થાય તો દિવસ બે પછી ટકા ૧૫ના આશરે મંદી થાય.

૧૨ ગુરૂનો પાશ્ચિમમાં ઉદય થાય તો રૂમાં ટકા ૩૦–૩૫ મંદી થાય.

૧૩ ગુરૂનો પૂર્વમાં ઉદય થાય તો રૂમાં ટકા ૨૫ થી ૩૦ મંદી થાય.

૧૪ શુક્રનો પૂર્વમાં ઉદય થાય તો રૂમાં ટકા ૩૦ આશરે તેજી થાય.

૧૫ શુક્રનો પશ્ચિમમાં ઉદય થાય તો રૂમાં ટકા ૩૫ તેજી થાય.

૧૬ શનિનો પશ્ચિમે ઉદય થાય તો રૂમાં ટકા ૨૫ તેજી થાય.

૧૭ બુધનો પૂર્વમાં ઉદય થાય તો રૂમાં ટકા ૧૦ તેજી થાય.

૧૮ મંગળનો ઉદય થાય તો રૂમાં ટકા ૩૦-૩૫ તેજી થાય.

વક્રી-માર્ગી ગ્રહફળ અધિકાર

૧ બુધ વક્રી થાય તો રૂમાં પ્રથમ તેજી થઇ ટકા ૧૫ મંદી થાય.

૨ ગુરૂ વક્રી થાય તો રૂમાં ટકા ૪૦ થી ૫૦ મંદી થાય.

૩ ગુરૂ અને શનિ બંને સાથે વક્રી હોય તો ૫૦-૬૦ ટકા મંદી થાય.

૪ શુક્ર વક્રી થાય તો રૂમાં ટકા ૪૦ આશરે તેજી થાય.

૫ શનિ વક્રી થતાં પ્રથમ તેજી થઇ રૂમાં ટકા ૪૦ મંદી થાય.

૬ મંગળ વક્રી થાય તો રૂમાં ટકા ૩૦ની તેજી થાય.

૭ મંગળ માર્ગી થતાં બે દિવસ પછી રૂમાં ટકા ૨૦ મંદી થાય.

૮ બુધ માર્ગી થાય તો રૂમાં ટકા ૧૦-૧૫ તેજી થાય.

૯ ગુરૂ માર્ગી થાય તો રૂમાં બે દિવસ પછી ટકા ૨૦ તેજી થાય.

૧૦ શુક્ર માર્ગી થતાં દિવસ ત્રણ પછી રૂમાં ટકા ૩૦ની મંદી થાય.

૧૧ શનિ માર્ગી થતાં રૂમાં પ્રથમ મંદી કરી ટકા ૨૫-૩૦ તેજી થાય.

૧૨ શનિ માર્ગી સોમ કે ગુરુવારના દિવસે થાય તો રૂમાં મંદી કરે.

ગ્રહોનું નક્ષત્રફળ

પુનર્વસુ, હસ્ત, આર્દ્રા, પૂર્વાષાઢા, કૃતિકા અને વિશાખા નક્ષત્ર પર ગુરૂ આવે ત્યારે રૂના ભાવ ઘટે છે.

ચિત્રા નક્ષત્ર પર ગુરૂ રૂમાં તેજી કરે છે. આ યોગ સંવત ૧૯૪૩, ૫૫, ૬૭ અને ૭૮માં થયો છે.

હસ્ત નક્ષત્ર પર ગુરૂ, રાહુ અને શનિ હોય તો અશુભ થાય, રૂ અને અનાજમાં તેજી થાય.

ચિત્રા નક્ષત્ર પર શનિ હોય અને અસ્ત થયો ન હોય તો અન્નાદિમાં તેજી થાય.

શ્રવણ નક્ષત્ર પર કોઈ પણ ક્રૂર ગ્રહ આવે તો ઘઉંમાં તેજી થાય.

ઉત્તરાભાદ્ર પર ગુરૂ આવે ત્યારે ચોખા અને ચાંદીમાં પ્રાયઃ મંદી કરે.

ઉત્તરાષાઢા પર ગુરૂ આવે ત્યારે ગોળના ભાવમાં તેજી થાય છે. સંવત ૧૯૪૬, ૫૮ અને ૭૦ માં આ યોગ થયો છે.

પુનર્વસુ, હસ્ત અને વિશાખા પર શુક્ર આવે ત્યારે પ્રાયઃ મંદી થાય.

હસ્ત તથા ઉત્તરાભાદ્ર પર રાહુ કે કેતુ હોય તો રૂમાં તેજી થાય છે.

વસ્તુઓની રાશિનો વિચાર

કપાસ–મીથુન

અળસી–મેષરાશિ

એરંડા–વૃષભરાશિ

ચાંદી (રજત)–તુલારાશિ

સૂતર, શેર, સુવર્ણ, સરસવ, ગહું (ગોધુમ), શર્કરા, (સાકર)–કુંભરાશિ

મોતી–સિંહ અને મીનરાશિ.

સોનું—કુંભરાશિ (અને મેષરાશિ)

ચોખા–મેષરાશિ.

જુવાર (યુગંધરી)–વૃશ્ચિકરાશિ.

તલ—તુલારાશિ

વસ્ત્ર—વૃષભરાશિ.

ચંદ્રદર્શનફળ [1]

જેણે સર્વ તારાઓને પોતાને આધીન કર્યા છે અને જ્યોતિષ ચક્રમાં રહેલા ૮૮ ગ્રહો ઉપર જેની સત્તા ચાલે છે તે ચંદ્રનું બળ શાસ્ત્રકારોએ નીચે પ્રમાણે જણાવ્યું છે—

૧ તિથિના બળથી નક્ષત્રનું બળ ચારગણું છે. નક્ષત્રના બળથી વારનું બળ આઠગણું છે. વારથી કરણનું બળ બમણું છે. કરણથી યોગનું બળ બમણું છે. યોગથી તારાનું બળ સાઠગણું છે. તારાના બળથી ચંદ્રનું બળ સોગણું છે અને ચંદ્રના બળથી લગ્નનું બળ હજારગણું છે. માટે દરેક બાબતનું શુભાશુભ ફળ જાણતા પહેલાં ચંદ્રબળ અને લગ્નબળનો વિચાર કરવો.

૨ કોઈ પણ માસની સુદિ ૨ના ચંદ્રમાના ઉદય વખતે તેનું પાંખડું ઉત્તર તરફનું ઉંચે એટલે ચઢીઆતું હોય તો તે પક્ષમાં રૂ તથા બીજી જણસોના ભાવ વધશે, અને જો દક્ષિણ તરફનું પાંખડું ઊંચું હોય તો દરેક વસ્તુના ભાવ

ઘટશે. પરંતુ જો બંને પાંખડાં સમાન હોય તો રૂ તથા દરેક ચીજના ભાવ સાધારણ રહેશે.

૩ સુદિ બીજનો ચંદ્રમા રતાશ–લાલાશ ઉપર જણાય તો તે પક્ષમાં રૂનો ભાવ તેજ થાય અને ફીકા–ઝાંખા રંગનો હોય તો રૂના ભાવમાં મંદી થાય છે.

૪ કોઈ પણ મહિનાની સુદિ ૧૫ને દિવસે ચંદ્રમા ઊગતી વખતે એકમનો ભાગ હોય અને સૂર્ય તથા ચંદ્ર સામસામા જણાય તો રૂનો ભાવ ઘણો તેજ થશે. એક ખાંડીએ રૂા. ૨૦૦) નો ભાવ હોય તો રૂ. ૫૦) વધીને રૂ. ૨૫૦) ભાવ થાય. આ યોગ અનુભવસિદ્ધ છે.

૫ જો પૂનમ પૂરી હોય તથા ચંદ્રમા રતાશ ઉપર ઊગે તો પણ રૂની પીઠ વધશે.

૬ ચંદ્રમાનો ઉદય વાદળમાં થાય અથવા પૂનમના દિવસે વાદળથી આકાશ ઘેરાયેલું રહે તો દોઢ માસ સુધી રૂમાં મંદી થાય છે.

૭ પૂનમના દિવસે ચંદ્રમા ઝાંખો એટલે રાખ (છાણાની રાખના) જેવો ઊગતી વખતે દેખાય તો એક માસમાં રૂના ભાવમાં ૩૦–૪૦ ટકાની મંદી થાય છે.

૮ જો પૂર્ણિમાના દિવસે ચંદ્રનું બિંબ નાનું જણાય તો રૂ તથા બીજી જણસોના ભાવ વધે. અને ચન્દ્રનું બિંબ મોટું જણાય તો પંદર દિવસમાં રૂ તથા બીજી જણસના ભાવ ઘટે છે.

૯ કાળા રંગનો ચંદ્રમા ઊગે તો માણસોની કતલ થાય.

ઉપરના યોગ અનુભવસિદ્ધ છે. વેપારીઓને બીજ અને પૂનમનો ચંદ્ર જોવાની પ્રાચીન રીતને અનુસરવાથી લાભ થશે.

ફાગણુ માસમાં ચંદ્રદર્શન વિચાર

ફાગણુ માસમાં રવિવારના દિવસે ચંદ્રોદય થાય તો ધાન્ય મોંઘું થાય, અને ધાતુ મોંઘી થાય.

સોમવારે ચંદ્રોદય થાય તો સુકાળ થાય. અનાજ ને ઘી સસ્તું થાય.

મંગળવારે ચંદ્રોદય થાય તો ધાન્ય મોંઘું થાય.

બુધવારે ચંદ્રોદય થાય તો સર્વ પ્રકારનાં ધાન્ય મોંઘાં થાય.

ગુરૂવારે ચંદ્રોદય થાય તો અનાજનો પાક સારો થાય.

શુક્રવારે ચંદ્રોદય થાય તો ધાન્ય મોંઘું થાય.

શનિવારે ચંદ્રોદય થાય તો ધાન્ય મોંઘું થાય, દુકાળ પડે.

કોઈ પણ માસમાં શુક્લ પક્ષની બીજના દિવસે ચંદ્રનો ઉદય સૂર્યથી ડાબી બાજુ (વાયવ્ય ખૂણા તરફ) થાય તો તે માસમાં સર્વ શુભકારક છે અને જમણી બાજુ ચંદ્રોદય થાય તો તે દુકાળ કરે

ઈતિ તેજી મંદી સ્વરૂપ

અષ્ટાંગનિમિત્ત

અને

દિવ્યજ્ઞાન

કિંચિદ્ વક્તવ્ય

अङ्गं स्वप्नः स्वरश्चैव, भौमं व्यञ्जनलक्षणे ।
उत्पातमंतरिक्षं च, निमित्तं स्मृतमष्टधा ॥

જૈન શાસ્ત્રમાં નિમિત્ત જ્ઞાનના આઠ પ્રકારો કહેલા છે અને તેથી તે અષ્ટાંગનિમિત્ત કહેવાય છે. આ અષ્ટાંગ-નિમિત્ત ચૌદ પૂર્વના જ્ઞાનથી કંઇ ભિન્ન નથી, પરન્તુ ચૌદ-પૂર્વમાં જ તેનો સમાવેશ થાય છે. છતાં એટલું ખરું છે કે એ ચૌદ પૂર્વો કે તે પૈકી એક પૂર્વનું પણ જ્ઞાન ધરાવનાર હવે આ કાળમાં નથી રહ્યા. એટલે જેટલું જ્ઞાન મોજુદ-પ્રાપ્ત થાય તેટલું પણ જો બરાબર સમજી લેવામાં આવે તો ઘણું છે. મતલબ કે નિમિત્ત જ્ઞાનના સંબંધમાં કેટલાંએ શાસ્ત્રો-પુસ્તકો જોવામાં આવે છે પરન્તુ તેમાં અંગવિદ્યા નામક આઠ હજાર શ્લોક પ્રમાણ પુસ્તકની બરાબરી કરી શકે તેવું એક પણ નથી. હિંદના જૈન પુસ્તકાલયોમાં તપાસ કરતાં અંગવિદ્યા સંબંધી માહિતી આપનારાં પુસ્તકો બહુ જ જવલ્લે જોવામાં આવે છે. કારણ કે અંગવિદ્યા જેવા ગહન વિષયના અભ્યાસક જ બહુ અલ્પ પ્રમાણમાં હોય ત્યાં પુસ્તકો-શાસ્ત્રો વધારે પ્રમાણમાં ક્યાંથી હોય? બીજું એ પણ કારણ છે કે અંગ વિદ્યાની માહિતી આપનારાં પુસ્તકો બહુધા પ્રાકૃત ભાષામાં લખાયેલાં હોઇને તે હરેક મનુષ્યના સમજવામાં આવી શકતાં નથી. એટલે આવી વિદ્યા અને આમ્નાય પ્રાકૃત ભાષામાં લિપિબદ્ધ હોવાથી તેને જાણનારા બહુ જ ઓછા મનુષ્યો જોવામાં આવે છે. અસ્તુ!

અષ્ટાંગનિમિત્ત—

(૧) અંગસ્ફુરણ નિમિત્ત, (૨) સ્વપ્ન શાસ્ત્ર નિમિત્ત, (૩) સ્વર વિજ્ઞાન નિમિત્ત–યાને મનુષ્ય જાનવર અને પક્ષીઓની બોલી ઉપરથી ભવિષ્ય જાણવું, (૪) ભૂકંપ નિમિત્ત, (૫) વ્યંજન નિમિત્ત, (૬) રેખા વિજ્ઞાન નિમિત્ત, (૭) ઉત્પાત નિમિત્ત અને (૮) અંતરિક્ષ નિમિત્ત એ આઠે પ્રકારના નિમિત્તદ્વારા જે જે હકીકતો ખાસ જાણવા યોગ્ય છે તે સર્વનો ખુલાસો ક્રમશઃ કરવામાં આવે છે.

અંગસ્ફુરણ—

सिरफुरणे किर रज्जं, पियमेलो होइ बाहुफुरणंमि ।
अच्छिफुरणंमि अ पियं, अहरे पियसंगमो होइ ॥ १ ॥

(ઉત્તરાધ્યયન, અધ્યયન ૮ માની ટીકાન્તર્ગત પાઠ)

અર્થ:—મસ્તકનો જમણો ભાગ ફરકે તો રાજ્ય–અમલદારી મળે, જમણો હાથ ફરકે તો પ્રિયજનનો મેલાપ થાય, જમણી આંખ ફરકે તો પ્રિય વસ્તુનો સંયોગ થાય, નીચેનો હોઠ ફરકે તો સ્નેહી જન મળે.

(આ હકીકત પુરુષોને માટે જાણવી. પરન્તુ આ અંગસ્પુરણ નિમિત્તની અંદર જે જે હકીકતો પુરૂષોને માટે જમણા અંગની કહેવામાં આવે તે તે સર્વ સ્ત્રીઓ માટે ડાબા અંગની સમજવી, અને પુરુષો માટે ડાબા અંગની કહેવામાં આવે તે તે સર્વ સ્ત્રીઓ માટે જમણા અંગની સમજવી. મતલબ કે અંગસ્ફુરણમાં પુરુષોનું જમણું અને સ્ત્રીઓનું ડાબું અંગ શુભદાયક સમજવું.)

જમણી તરફનું મસ્તક ફરકે તો અનેક પ્રકારના લાભો પ્રાપ્ત થાય તેમજ જમણી બાજુનું લલાટ ફરકે તો પણ લાભ થાય અને અમલદારીનો હોદ્દો મળે. નિમિત્ત જ્ઞાનના ગ્રંથમાં લખ્યું છે કેઃ–

"शिरसः स्पन्दने राज्यं स्थानलाभो ललाटके"

જમણો કાન ફરકે તો પોતાનો યશ સાંભળવામાં આવે, તેમજ ડાબો કાન ફરકે તો હલકી વાતો સાંભળવામાં આવે. જમણી ભૃકુટિ ફરકે તો હર્ષ ઉત્પન્ન થાય અને ડાબી ભ્રૂ ફરકે તો મિત્ર-વર્ગ સાથે કલેશ–કંકાસ થાય; પરન્તુ બન્ને ભ્રૂની વચ્ચે સ્ફુરણ ઉત્પન્ન થાય તો સ્નેહી જનનો મેલાપ થાય. જમણી આંખ ઉપરથી ફરકે તો ધારણા સફળ થાય અથવા નીચેથી ફરકે તો મુકદ્દમો હારી જાય. નિમિત્ત શાસ્ત્રમાં કહ્યું છે કે—

"नेत्रस्याधः स्फुरणमसकृत् संगरे भङ्गमाहुः,
नेत्रस्योर्ध्वे हरति सकलं मानुषं दुःखजालं।"

ડાબી આંખ ઉપરથી અથવા નીચેથી કયાંઈથી પણ ફરકે તે લાભકારક નથી ઉલટું નુકશાન જ થાય. જમણી તરફનું કપાળ ફરકે તો એશ–આરામ મળે, અને ડાબી બાજુનું ફરકે તો લડાઈ થાય. ઉપરનો હોઠ ફરકે તો રંજ–કલેશ પેદા થાય તેમજ નીચેનો ફરકે તો એશ–આરામ મળે. ડાઢી ફરકે તો મુકદ્દમો–કેસ હારી જાય. જમણી ગરદન ફરકે તો દોલત-ધન મળે, પણ ડાબી ફરકે તો કલેશ પેદા થાય. જમણી ખાંધ ફરકે તો ભાઈનો અથવા મિત્રનો મેલાપ થાય અને ડાબી ફરકે તો કલેશ પેદા થાય. જમણી તરફની છાતી ફરકે તો સ્નેહીજનનો મિલાપ અને ડાબી ફરકે તો ફિકર–ચિંતા ઉત્પન્ન થાય. જમણું પડખું ફરકે તો ખુશી તથા ડાબું ફરકે તો કલેશ થાય. પેટ ફરકે તો

વાંછિત અર્થની સિદ્ધિ થાય જ્યારે નાભી ફરકે તો હુકમ હોદ્દા-અમલદારીના હોદ્દાથી ઉતરી જાય. જમણા હાથની હથેળી ફરકે તો લાભ થાય અને ડાબા હાથની ફરકે તો નુકશાન થાય. જમણો પગ ફરકે તો દેશ પરદેશમાં સફર કરે પણ ડાબો પગ જો ફરકે તો નુકશાન પેદા થાય.

ઇતિ અંગસ્ફુરણ નિમિત્ત સંપૂર્ણ.

સ્વપ્નનિમિત્ત—

આ નિમિત્તની અંદર કેવાં સ્વપ્નો જોવાથી કેવો લાભ થાય? અને કેવાં સ્વપ્નો જોવાથી કેવું નુકશાન થાય? સ્વપ્નના કેટલા પ્રકાર હોય છે? વગેરે હકીકતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્વપ્ન શાસ્ત્રમાં મ્હોટાં સ્વપ્નો એટલે સારાં-ઊંચાં પ્રકારનાં ૭૨ બહોંતેર સ્વપ્નો બતાવવામાં આવ્યાં છે. જેમાં ત્રીશ સ્વપ્ન અને તેમાં પણ ચૌદ સ્વપ્ન સૌથી મ્હોટાં-શ્રેષ્ઠ ગણવામાં આવ્યાં છે, જે તીર્થંકરોની માતાઓ તીર્થંકરના ગર્ભ સમયે અને ચક્રવર્ત્તિની માતાઓ ચક્રવર્ત્તિના ગર્ભ સમયે અર્ધનિદ્રિત અવસ્થામાં જુએ છે, જેનાં નામ આ પ્રમાણેઃ—

(૧) હાથી, (૨) વૃષભ, (૩) કેશરીસિંહ, (૪) લક્ષ્મીદેવી, (૫) ફુલોની માળા, (૬) સૂર્ય, (૭) ચંદ્ર, (૮), ધ્વજા પતાકા, (૯) કલશ, (૧૦) પદ્મસરોવર, (૧૧) સમુદ્ર, (૧૨) દેવ વિમાન, (૧૩) રત્નરાશિ, (૧૪) અગ્નિશિખા. આ ચૌદ સ્વપ્નો સૌથી શ્રેષ્ઠ છે. વાસુદેવની માતા ચૌદ સ્વપ્નો પૈકી સાત સ્વપ્ન અને બલદેવની માતા ચાર સ્વપ્ન ગર્ભ સમયે જોવે છે.

સ્વપ્નનાં ફલાફલ:—

अनुभूतः श्रुतो दृष्टः प्रकृतेश्च विकारजः ।
स्वभावतः समुद्भूतश्चिंतासंततिसंभवः ॥१॥
देवताद्युपदेशोत्थो धर्मकर्मप्रभावजः ।
पापोद्रेकसमुत्थश्च स्वप्नः स्यान्नवधा नृणां ॥२॥
प्रकारैरादिमैः षड्भि-रशुभश्चाशुभोऽपि वा ।
दृष्टो निरर्थकः स्वप्नः सत्यस्तु त्रिभिरुत्तरैः ॥३॥

અર્થ—અનુભૂત સ્વપ્ન એટલે અનુભવમાં આવેલી વસ્તુઓનું સ્વપ્ન આવે છે. જેમકે કાપડના વેપારીને સ્વપ્નમાં કાપડ વેચવાનું સ્વપ્ન આવે પણ તે ખોટું-નિષ્ફળ સમજવું. બીજું શ્રુત સ્વપ્ન એટલે સાંભળેલી વાતોનું સ્વપ્ન આવે છે. જેમકે ભૂત-પ્રેત કે પિશાચાદિકની વાતો કરતાં સૂઈ ગયા પછી એની-એ જ વાતોનો સ્વપ્નમાં ખ્યાલ આવે છે તે શ્રુત સ્વપ્ન પણ ખોટું સમજવું. ત્રીજું દૃષ્ટ સ્વપ્ન એટલે જોયેલી વસ્તુનું સ્વપ્ન જેમકે દિવસના યા રાત્રિના કોઈ વસ્તુ જોવામાં આવી હોય તે વસ્તુ પુનઃ સ્વપ્નમાં જોવામાં આવે તે પણ ફળ વિનાનું-નિષ્ફળ હોય છે. ચોથું પ્રકૃતિના વિકારથી સ્વપ્ન આવે છે. જેમકે પિત્ત-પ્રકૃતિવાળો મનુષ્ય સ્વપ્નમાં જળ, ફુલ, અનાજ, જવાહિરાત, લાલ-પીળા રંગની ચીજો, બાગ-બગીચા, ફુવારા વગેરે જુએ છે પણ તે પ્રકૃતિના વિકારથી ઉત્પન્ન થયેલ હોવાથી કશું ફળ આપતાં નથી. આવી જ રીતે બાદીની પ્રકૃતિવાળા પુરુષો પહાડ ઉપર ચઢવાના, વૃક્ષની ટોચ ઉપર બેસવાના, મકાન ઉપરથી ખસી જવાના, હરવા-ફરવા જવાના અને આકાશમાં ઉડવાના વગેરે બનાવો સ્વપ્નમાં વધારે જુએ છે, એ પણ પ્રકૃતિના વિકારથી

ઉત્પન્ન થયેલ હોઇને નિષ્ફળ જ નિવડે છે. એવી રીતે કફનું પણ સમજવું. પાંચમું સ્વભાવથી આવેલું સ્વપ્ન અને છઠું ચિંતા-ફીકરના અતિરેકથી આવેલું સ્વપ્ન પણ ઉપરની જેમ નિષ્ફળ નિવડે છે. ત્યારે કયું સ્વપ્ન ફલદાયક થાય તે કહે છેઃ- દેવતાની પ્રેરણાથી આવેલ સ્વપ્ન, સદ્ધર્મના પ્રભાવથી આવેલ સ્વપ્ન, અને પાપના ઉદયથી આવેલ સ્વપ્ન સાચાં-ફળદાયક નિવડે છે. મતલબ કે ઉપરના છ પ્રકારનાં સ્વપ્નો શુભ હોય અથવા અશુભ હોય પણ તે નિરર્થક સમજવાં, જ્યારે બાકીનાં ત્રણ પ્રકારનાં સ્વપ્ન અવશ્ય ફળદાયી થાય છે.

કેવું સ્વપ્ન કેટલા ટાઇમમાં ફળ આપે તે બતાવે છે—

रात्रेश्चतुर्षु यामेषु दृष्टः स्वप्नः फलप्रदः।
मासैर्द्वादशभिः षड्भिस्त्रिभिरेकेन च क्रमात् ॥४॥
निशान्त्यघटिका युग्मे दशाहात् फलति ध्रुवम्।
दृष्टः सूर्योदये स्वप्नः सद्यः फलति निश्चितम् ॥५॥
मालास्वप्नोऽह्नि दृष्टश्च तथाधिव्याधिसंभवः।
मलमूत्रादिपीडोत्थः स्वप्नः सर्वो निरर्थकः ॥६॥

અર્થ—રાત્રિના પહેલા પ્રહરમાં આવેલ સ્વપ્ન બાર મહીનાની અંદર ફળ આપે છે, બીજા પ્રહરમાં આવેલ સ્વપ્ન છ મહીનામાં, ત્રીજા પ્રહરમાં આવેલ સ્વપ્ન ત્રણ મહીનામાં અને ચોથા પ્રહરમાં આવેલ સ્વપ્ન એક મહીનામાં ફળદાયી નિવડે છે. બે ઘડી રાત્રિ બાકી છતે જોયેલું સ્વપ્ન દશ દિવસમાં, સૂર્યોદયના ટાઇમે આવેલું સ્વપ્ન બહુ જ થોડા ટાઇમમાં શુભાશુભ ફળનો અનુભવ કરાવે છે. દિવસના નિદ્રાધીન થવાથી આવેલું સ્વપ્ન કશું ફળ આપતું નથી. તેમ છતાં

કવચિત ફળ પ્રાપ્તિ જોવામાં આવે છે, પરંતુ શાસ્ત્રકારોએ એ વાત પ્રમાણભૂત માની નથી. સમસ્ત રાત્રિ પર્યંત એક પછી એક સ્વપ્ન આવે તેને માલાસ્વપ્ન કહે છે. તે માલાસ્વપ્ન શારીરિક આધિ-વ્યાધિથી ઉત્પન્ન થયેલાં સ્વપ્ન તથા મલ-મૂત્રાદિની હાજતથી ઉત્પન્ન થયેલાં સ્વપ્ન બધાં નિરર્થક-નિષ્ફળ સમજવાં.

સ્વપ્ન આવ્યા પછી શું કરવું ? તે કહે છે—

इष्टं दृष्ट्वा स्वप्नं न सुप्यते नाप्यते फलं तस्य ।
नेया निशाऽपि सुधिया जिनराजस्तवनसंस्तवतः ॥७॥
स्वप्नमनिष्टं दृष्ट्वा सुप्यात् पुनरपि निशामवाप्यापि ।
नायं कथ्यः कथमपि, केषांचित् फलति न स तस्मात् ॥८॥
धर्मरतः समधातुर्यः स्थिरचित्तो जितेन्द्रियः सदयः ।
प्रायस्तस्य प्रार्थितमर्थं स्वप्नः प्रसाधयति ॥९॥

અર્થ—ઇષ્ટ-સુંદર સ્વપ્ન જોઇને જાગૃત થયા પછી પુનઃ સૂવું નહી, પણ જાગૃત જ રહી શ્રી જિનેશ્વર પ્રભુનાં સ્તવન-સ્તુતિથી-ગુણગ્રામ કરી શેષરાત્રિ વ્યતીત કરવી. જેથી પાછળથી આવનાર ખરાબ સ્વપ્ન દ્વારા પૂર્વનાં આવેલ ઇષ્ટ સ્વપ્નનાં ફળનો નાશ થતો નથી. એવી જ રીતે કોઇ ખરાબ-અનિષ્ટ સ્વપ્ન જોઇને જાગૃત થયા પછી રાત્રિ બાકી હોય તો બ્હેતર છે કે પુનઃ સૂઈ જવું. પણ એ સ્વપ્ન કોઈ પણ પ્રકારે કોઇને પણ કહેવું નહીં. સારાંશ એ જ કે-પાછળ આવેલું સ્વપ્ન પૂર્વગત સ્વપ્નના ફળનો વિનાશ કરે છે, એ બાબત ખાસ ધ્યાન રાખવા જેવી છે. જે મનુષ્ય ધર્મમાં પ્રેમવાળો હોય, શુભ જિતેન્દ્રિય હોય, સ્થિર ચિત્તવાળો હોય, અને રહેમદિલ-દયાવાન હોય તેને આવેલું શુભ સ્વપ્ન જરૂર ઇષ્ટફળને આપનારું થાય છે.

શુભ અથવા અશુભ સ્વપ્ન આવ્યા પછી સવારે-પ્રાતઃકાલે ઉઠી જિન-પ્રતિમાના દર્શને જવું, અને ત્યાં રાત્રિએ આવેલો સ્વપ્ન વૃત્તાન્ત જિનેશ્વર સન્મુખ કહી દેવો. પરન્તુ દર્શનાર્થે જતાં પહેલાં એટલું ધ્યાન રાખવું કે-ખાલી હાથે જવું નહીં, પણ ફૂળ, નૈવેદ્ય, રૂપિયો, પૈસો કે સોનામ્હોર યથાશકિત પ્રમાણે લઇને જવું અને દર્શન કર્યા પછી જિનપ્રતિમાની સન્મુખ ઉભા રહી કહેવું જે-'આજે રાત્રિના અમુક સ્વપ્ન મારા જોવામાં આવ્યું છે.' અથવા શહેરમાં કોઇ નિર્ગ્રંથ મુનિ હાજર હોય તો તેમની પાસે જઇ વંદના નમસ્કાર કરી વિનયપૂર્વક બે હાથ જોડી રાત્રિ સંબંધી સ્વપ્નવૃત્તાન્ત કહી દેવો. અને તેના ઉત્તરમાં જે ફરમાવે તેનો અમલ કરવો.

કદાચ શહેરમાં જિનમંદિર અથવા નિર્ગ્રંથ મુનિનો યોગ ન હોય અને અષ્ટાંગનિમિત્ત જાણનાર કોઇ કુશળ નિમિત્તજ્ઞ-નિમિત્તિયાનો યોગ હોય તો તેની સન્મુખ જઈ આવેલ સ્વપ્ન વૃત્તાન્ત વિનયપૂર્વક કહેવો, અને તેનું ફળ પૂછવું. અહીં પણ ઉપરની વાત ખાસ ધ્યાન રાખવી કે નિમિત્તજ્ઞની પાસે પણ ખાલી હાથે જવું નહીં. શ્રીફળ, રૂપિયો અને શકિત હોય તો સુવર્ણ-મ્હોર લઇને જવું. પહેલાં તેમની પાસે ભેટ ધરી પછી સ્વપ્ન ફળ પૂછવું. કેટલાએક કંજુસ તો ઉપર્યુકત વિવેક ન જાળવતાં કહે છે કે-"એ તો આપણા ઘરના પંડિતજી છે ને? બિચારા સાવ નિર્લોભી છે. એમની પાસે દ્રવ્ય ભેટ કરવાની કંઈ જરૂર નથી," પરન્તુ એ કંજુસાઇ બિલકુલ અસ્થાને છે. માટે જરૂર શકિત મુજબ વધારે કંઇ નહીં તો શ્રીફળ સાથે રૂપાનાણું તો મૂકવું જ જોઇએ. પ્રાચીન કાળમાં પૂર્વગત આમ્નાયને જાણનારા નિમિત્તજ્ઞો ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળની વાતો બહુ કુશ-

ળતા પૂર્વક કહી શકતા, પરન્તુ વર્ત્તમાન સમયમાં એવા નિમિત્તજ્ઞોનો બહુધા અભાવ નજરે પડે છે. જેમ પૂર્વના સમયના ઉદારદિલના ગૃહસ્થો વર્ત્તમાન સમયમાં નથી રહ્યા, તેમ પ્રાચીન કાળના જેવા નિમિત્તજ્ઞો પણ હવે નથી રહ્યા. મતલબ કે જમાનાનુસાર જે કંઈ થોડું-ઘણું છે તેનો ઉચિત લાભ લેવાને ચૂકવું નહીં.

જે કોઇ માણુસ સ્વપ્નમાં હસ્તિ ઉપર આરૂઢ થઇ સમુદ્રમાં ચાલ્યો જાય તે થોડા જ દિવસોમાં સલ્તનત પ્રાપ્ત કરે અને રાજા બને. જે કોઇ મનુષ્ય હાથીપર સ્વાર થઇ નદી કિનારે ભાતનું ભોજન કરે તે અલ્પ દિવસોમાં અમલદારી પ્રાપ્ત કરે અને રાજા થાય. સ્વપ્નમાં જે કોઇ માણુસ પોતાના બાહુવડે સમુદ્ર તરી જાય તે પણ થોડા જ સમયમાં રાજા થાય છે.

સ્વપ્નમાં દેવ-ગુરુ અથવા તીર્થભૂમિનાં દર્શન થવાં લાભદાયક હોઇને ધારણા સફળ થાય છે. યદ્યપિ પૂર્વે જોયેલી વસ્તુનું સ્વપ્ન ખોટું-નિષ્ફળ મનાય છે; તથાપિ દેવ, ગુરુ, ધર્મનું અને પૂર્વે જોયેલી તીર્થભૂમિનું સ્મરણ સ્વપ્નમાં થાય એ લાભદાયક છે. કોઇ પણ મનુષ્ય સ્વપ્નમાં ફુલ-ગજરા ધારણ કરે અથવા તેના ઉપર પુષ્પની વૃષ્ટિ થાય તો જરૂર થોડા દિવસોમાં સંપત્તિ-દોલત પ્રાપ્ત કરે.

જે કોઈ મનુષ્ય સ્વપ્નમાં પાણીથી ભરેલ સરોવર, નદી, કુંડ યા સમુદ્ર જુએ તેને થોડા જ દિવસોમાં દોલત-સંપત્તિ સાંપડે છે, પરન્તુ એ સ્વપ્ન પિત્ત પ્રકૃતિથી આવેલું ન હોવું જોઇએ. સ્વપ્નમાં આકાશમાં ઉડવું એ લાભદાયક છે, પરન્તુ એ સ્વપ્ન વાયુ પ્રકૃતિથી ઉદ્ભવેલું હોય તો કશું પણ ફળ આપતું નથી. મતલબ કે પિત્ત પ્રકૃતિથી આવેલાં સ્વપ્નો નિષ્ફળ નિવડે છે.

સ્વપ્નમાં સૂર્યોદયનું જોવું, ધૂમાડા વગરનો બળતો અગ્નિ જોવો, ગ્રહ-નક્ષત્રનું જોવું, જિનમંદિરના શિખર ઉપર અથવા રાજમહેલ ઉપર આરૂઢ થયેલ જોવું લાભકારક છે, અને તેથી મનમાં ધારેલી ધારણા ફળીભૂત થાય છે. તેમજ સ્વપ્નમાં પોતાના શરીર ઉપર ચંદનનો લેપ કરવો, જવાહિરાતનાં ઘરેણાં પહેરવાં અથવા બીજાને શૃંગાર સજેલો જોવો લાભકારી છે. વળી કહ્યું છે કેઃ—

अलङ्कृतानां द्रव्याणां वाजिवारणयोस्तथा।
वृषभस्य च शुक्लस्य, दर्शने प्राप्नुयाद् यशः ॥ १ ॥

(શ્રી ઉત્તરાધ્યયન, અધ્યયન આઠમાની ટીકા)

અર્થઃ—સ્વપ્નમાં શણગારેલા હાથી ઘોડા દૃષ્ટિએ પડવા, અથવા બીજી કોઇ પણ ચીજ શણગારેલી નજરે પડે તો તે શુભ છે, અને તેથી ફાયદો થાય છે. સફેદ રંગનો બળદ જોવામાં આવે તો તે ઘણું જ શ્રેષ્ઠ મનાય છે, અને તેથી યશ-કીર્તિનો ફેલાવો થાય છે.

સ્વપ્નમાં જેના ઘોડા, રથ, ગાડી, આસન યા વસ્ત્ર ચોર ઉઠાવી જાય તેનું માનભંગ થાય છે. જે મનુષ્ય કેસરીસિંહ, વ્યાઘ્ર, હાથી યા ઘોડા જોડેલા રથપર આરૂઢ થઇ મુસાફરી કરે તેને થોડા દિવસમાં, સલ્તનત-સામ્રાજ્ય પ્રાપ્ત થાય. અને બીજા લાભો પણ મળે. જે મનુષ્ય ઘોડાપર સવાર થઈ સફર કરે તેની ધારણા થોડા જ દિવસમાં પૂર્ણ થાય. સ્વપ્નમાં જે મનુષ્ય મોતીઓનો ભરેલો થાળ જુએ તેને લાભ થાય અને તે ધર્મની ઉન્નતિ કરશે, એમ સમજવું. સ્વપ્નમાં જે મનુષ્યને છત્ર ચામર નજરે પડે તેને રાજ્ય તરફથી ફાયદો થાય અને જ્ઞાતિ—જાતિમાં ઇજ્જત-આબરૂ વધે.

કોઈ માંદો માણુસ ચંદ્ર-સૂર્યનું સ્વપ્ન નિહાળે તો શુભ સમજવું, કારણ કે તેથી થોડા જ દિવસમાં તેની માંદગી નાશ પામે છે. સ્વપ્નમાં પોતાને ઘરે જલસો-ઉત્સવ થયેલો જોવે તે હર્ષદાયક લાભ થાય. સ્વપ્નમાં પોતાના ઉપર વિજળી પડેલી જોવે તો કેદ મળે, વીણા અને આરીસાનું દર્શન શુભ હોઈ થોડા દિવસમાં લાભ પ્રાપ્ત થાય. જેને સ્વપ્નમાં વીણાનું ઈનામ મળે તેને સ્ત્રી તરફથી ફાયદો થાય, અને જેને ધ્વજા-પતાકા ઇનામમાં મળે તેની ઈજ્જત-આબરૂ થોડા જ દિવસમાં વધવા માંડે અને સુખ-ચેન ઉડાવે.

અગર કોઈ માણુસ સ્વપ્નમાં માટીના બનાવેલ હાથી ઉપર આરૂઢ થઇને સમુદ્રમાં પ્રવેશ કરે અને ડૂબે નહીં તો થોડા જ દિવસોમાં રાજા બને છે, અને જહાંગિરી પ્રાપ્ત કરે. સોના-ચાંદીના થાળમાં ખીરનું ભોજન કરે તેને ખુશ-ખબર મળે. સ્વપ્નમાં પાકેલું ફળ જોવું સારું છે અને તેથી ફાયદો થાય છે. સ્વપ્નમાં વહાણ ઉપર ચડીને સમુદ્રમાં સફર કરે તો દૌલત-ધન પ્રાપ્ત થાય અને માંદગીમાં એ સ્વપ્ન જોવે તો તેની માંદગી દૂર થાય, આરોગ્ય પ્રાપ્ત કરે છે.

સ્વપ્નમાં નાચરંગનું નિહાળવું જો કે સારૂં છે, કારણ કે તેથી હર્ષનો લાભ પ્રાપ્ત થાય છે; પરંતુ ખુદ પોતે નાચ કરવો એ શ્રેયસ્કર નથી. સ્વપ્નમાં ગાયન કરવું એ સારૂં નથી, પરન્તુ જિનમંદિરમાં પ્રભુની સન્મુખ ગાયન કરવું તે શુભ છે. યદ્યપિ સ્વપ્નમાં કાળારંગની વસ્તુઓનું દર્શન સારૂં નથી, પરન્તુ હાથી ઘોડા, ગાય અથવા દેવી દેવતા શ્યામવર્ણનાં નિહાળે તો તે શુભ સમજવું. સ્વપ્નમાં સફેદ રંગની વસ્તુઓનું દર્શન લાભદાયક છે; પરન્તુ કપાસ તથા મીઠાનાં દર્શન શ્રેયસ્કર નથી.

સ્વપ્નમાં જે મનુષ્યની સ્ત્રીનું ચોર હરણ કરી જાય તેને ગેરલાભ પ્રાપ્ત થાય છે. જેના પલંગ અથવા પગરખાં ચોર લઇ જાય તેના ઉપર કષ્ટ આવી પડે છે. સ્વપ્નમાં પોતે પોતાનું મરણ જોવે એ જો કે જાહેરની દૃષ્ટિએ ઠીક ન ગણાય, પરન્તુ નિમિત્ત-શાસ્ત્ર કહે છે તેમ તેનું ફળ શુભ છે, અને તેથી સુખ-ચેન પ્રાપ્ત થાય છે. સ્વપ્નમાં ઉંટ, બકરા અથવા રાસભ (ગધેડા) ઉપર સ્વાર થવું સારું નથી, કારણ કે તેથી દિલગીરી પ્રાપ્ત થાય છે. સ્વપ્નમાં ચંદન, કપૂર, નાગરવેલનાં પાન તથા સફેદ ફૂલોનું નિહાળવું લાભદાયક છે; પરંતુ કણેર અથવા કેશુ–ખાખરાના ઝાડ ઉપર ચઢવું લાભકારક નથી, કારણ કે તેથી રંજ–કલેશ પેદા થાય છે.

સ્વપ્નમાં જે મનુષ્ય ગળા પર્યંત કીચડમાં ખુંચી જાય તેનું મરણ નજીકમાં જ સમજવું. પરન્તુ જે મનુષ્ય પોતાના હાથ પગ લાંબા–વધીગયેલાં નિહાળે તેની આબરૂ વધે છે. સ્વપ્નમાં કોઇ ગામ, નગર, મકાન અથવા પહાડ અગ્નિથી બળી રહ્યો હોય અને તેના મધ્ય ભાગમાં અથવા શિખર ઉપર કોઈ માણસ સહીસલામત ઉભો હોય એવું સ્વપ્ન નિહાળનારને થોડા જ દિવસમાં હર્ષોત્પાદક લાભ થાય છે. સ્વપ્નમાં જે મનુષ્યનું સોનું, ચાંદી, જવાહિર યા હથિયાર ચોર લઈ જાય તેની ઇજ્જત–આબરૂમાં ધક્કો પહોંચે છે.

સ્વપ્નમાં જે મનુષ્યને આભૂષણ, કપડા, મકાન યા આસન ઈનામમાં મળે તે શુભ છે, કારણકે તેથી હર્ષ પ્રાપ્ત થાય છે. સ્વપ્નમાં શણગારેલું મકાન તથા હાથી ઘોડા નિહાળવા એ શુભ દિનોનું ચિહ્ન છે. સ્વપ્નમાં જેને કાળાં કપડાં પહેરેલી કાળા વર્ણની સ્ત્રી દક્ષિણ દિશા તરફ ખેંચીને લઇ જાય તેના ઉપર મરણની આફત આવે છે.

સ્વપ્નમાં જે મનુષ્યના મસ્તક ઉપર ખજુરનું વૃક્ષ ઉગેલુ જોવામાં આવે તેના ઉપર થોડા જ દિવસોમાં મરણાંત કષ્ટ પ્રા થાય છે. સ્વપ્નમાં જે મનુષ્ય કાળાં કપડાં પહેરી કાળા ઘોડ પર સ્વાર થઈ દક્ષિણ દિશામાં ગમન કરે તેને ખરાબ દિવસે ભોગવવાનો સમય આવે છે. સ્વપ્નમાં જો મનુષ્ય કેળાના વૃક્ષ પર ચઢી ગયેલો જોવામાં આવે તો તેને થોડા દિવસોમ દોલત-ધનની પ્રાપ્તિ થાય છે. સ્વપ્નમાં જે મનુષ્ય ગરમ ફૂ ફૂળતું પાણી પીએ તેને રોગોત્પત્તિ પ્રાપ્ત થાય છે.

સ્વપ્નમાં જે મનુષ્ય સૂર્ય અથવા ચંદ્રમાને પોતાના હસ્ત વતી સ્પર્શ કરે તેને હુકમહોદ્દો-અમલદારી પ્રાપ્ત થાય છે સ્વપ્નમાં જેને ઈનામના બદલામાં મેવા મીઠાઈ મળે તેને હુષ દાયક ફળ પ્રાપ્તિ થાય અને માંદગીમાંથી આરોગ્ય પ્રાપ્ત કરે સ્વપ્નમાં જેને જવાહિરાત યુક્ત વીંટી ઇનામમાં મળે તેં લાભ થાય અને ગુમ થઈ જાય તો નુકશાન થાય છે. સ્વપ્નમ જે મનુષ્ય આકાશમાં તારા ચમકતા ભાળે તેના ઉપર રાજા મહેરબાની થાય અને ઈનામ પ્રાપ્ત કરે.

સ્વપ્નમાં જે મનુષ્ય મોતીઓનો ભરેલો થાળ બીજાઓં વહેંચી દે તે થોડા દિવસોમાં દોલત-ધન પેદા કરે અને ધર્મ વૃદ્ધિ કરે. સ્વપ્નમાં જે મનુષ્ય મિશ્રી-સાકરનો ભરેલો થા નિહાળે તેને લાભ થાય, તેમજ બાગ-બગીચા કે લીલી વનસ્ તિનાં દર્શન થાય તો હરેક પ્રકારે ફાયદો પ્રાપ્ત કરે. સ્વપ્નમ જેનાં મસ્તકના વાળ ખરી પડે અને દાંત પડી જાય તેના ઉપ આફત આવે, અને સ્મશાનના લાકડાં ઉપર અથવા મનુષ્ય ઉપ પોતે પોતાને ચઢેલો જોવે તો તેને મરણાંત કષ્ટ પ્રાપ્ત થાય

સ્વપ્નમાં પોતાને ગિરફતાર કરવા-પકડવા માટે કોઇ મનુષ

આવતો નજરે પડે તો રાજ્ય તરફથી દંડ થાય. સ્વપ્નમાં રીંછ જાનવરનું દૃષ્ટિએ પડવું ખરાબ છે, કારણકે તેથી કષ્ટ પ્રાપ્ત થાય છે. સ્વપ્નમાં કૂતરાંઓ ભસતાં ભાળે તો રંજ-હેરાન થાય. પેટ ઉપર વૃક્ષ ઉગેલું જોવે તે માંદગીનો ભોગ થાય. સ્વપ્નમાં લાંબા શીંગડાવાળું જનાવર જેને નસાડી મૂકે અથવા કુક્કર કે વાંદરો જેને બ્હીવરાવે તેના ઉપર રાજ્યની અવકૃપા થાય, વળી સ્વપ્નમાં જેને કાળા પીળા વર્ણનો મનુષ્ય આવીને બ્હીવરાવે તો તેના ઉપર મરણાન્ત કષ્ટ આવે.

સ્વપ્નમાં પાણીથી ભરેલા સરોવરમાં બેસીને જે મનુષ્ય ખીરનું ભોજન જમે તે થોડા દિવસોમાં સામ્રાજ્ય પ્રાપ્ત કરે અને રાજા થાય. વળી સ્વપ્નમાં જે મનુષ્ય પોતાના શરીરના આંતરડા વડે કોઈ ગામ અથવા શહેરને વીંટી લે તે અમલદારી પ્રાપ્ત કરે અને રાજા થાય. સ્વપ્નમાં પોતાને કોઈ કેદમાં નાખે અથવા પકડીને દોરડાંના બંધનથી બાંધે તે લાભદાયક છે. સ્વપ્નમાં કોઈ મનુષ્ય એવું જોવે કે-મેં તેલથી મારા શરીરને મસળાવ્યું, તેને ખરાબ દિવસો ભોગવવા પડે.

સ્વપ્નમાં જે મનુષ્ય પોતાની તાકાત-શક્તિથી પહાડને ઉખેડી નાંખે તે થોડા દિવસમાં અમલદારી પ્રાપ્ત કરે. જે મનુષ્ય સ્વપ્નમાં ઉંદર, બિલાડી, ગોહ-ઘુંસ અથવા નોળિયાને દેખે તે ઇષ્ટ નથી, કેમકે તેથી તકલીફ-કષ્ટ પ્રાપ્ત થાય છે. જે મનુષ્ય સ્વપ્નમાં પોતાના મસ્તકમાંથી લોહીની ધારા વહેતી નિહાળે તે થોડા જ દિવસોમાં સામ્રાજ્ય પ્રાપ્ત કરી હકુમત ભોગવે. સ્વપ્નમાં જે મનુષ્ય બળતો દીપક જોવે તેની ધારણા પૂર્ણ થાય છે અને ફળયુક્ત આમ્ર-આંબાનું વૃક્ષ જોવે તો લાભ થાય છે.

સ્વપ્નમાં જે મનુષ્ય હજાર પાંખડીવાળા કમળ ઉપર બેસી

ખીરનું ભોજન કરે તે સલ્તનત પ્રાપ્ત કરી રાજા થાય છે. જે મનુષ્ય ખૂબ પવનના જોરથી આંધી ચડેલી જોવે તેના ઉપર થોડા દિવસમાં આફ્રત આવે. જે મનુષ્યના દાંત સ્વપ્નમાં સોનાના બની જાય તે મનુષ્યને એશ–આરામ પ્રાપ્ત થાય. સ્વપ્નમાં ઘઉંના તેમજ સફેદ સરસવનાં દર્શન લાભદાયક છે. તેમજ હાડકા અથવા રાખનાં દર્શન ખરાબ દિવસોની નિશાની–આગાહી સમજવી. સ્વપ્નમાં દાવાનળ જોવાથી તકલીફ–દુઃખ પ્રાપ્ત થાય છે અને મ્હોટાં મ્હોટાં ગામ કે નગરો નજરે પડે તો હર્ષદાયક લાભ પ્રાપ્ત થાય છે.

સ્વપ્નમાં તેલ, કપાસ, રૂઈ અને લોઢાનું નિહાળવું ઈષ્ટ નથી, તેથી નુકસાન થાય છે. સ્વપ્નમાં પ્રકાશ વગરના સૂર્ય–ચંદ્રના દર્શન થવાં ઇષ્ટ નથી, કારણ કે તેથી તકલીફ–દુઃખ પ્રાપ્ત થાય. સ્વપ્નમાં જેનાં હાથ, પગ, કાન, નાક કપાઇ ગયેલાં નજરે પડે તો મરણાન્ત કષ્ટ ઉત્પન્ન થાય. ભૂત પ્રેતની સાથે કોઇ પણ શરાબ પીતું હોય અને તેને મનુષ્ય અથવા કૂતરા ખેંચી રહ્યા હોય એવો દેખાવ જે મનુષ્ય સ્વપ્નમાં નિહાળે તે મરણની નિશાની સમજવી. ક્ષયરોગની માંદગીવાળો મનુષ્ય ઉંટ, ભેંસ, કૂતરા કે ગધેડા ઉપર સવાર થઇ દક્ષિણ દિશા તરફ ચાલ્યો જાય તેનું મરણ નજદિકમાં જ આવેલું સમજવું.

સ્વપ્નમાં મકાન અથવા પહાડ પડી ગયેલો જોવે અથવા મગરમચ્છ પોતાને ભક્ષણ કરી ગયેલો જોવે તે અનિષ્ટ–ખરાબ છે, અને તેથી કષ્ટ ઉત્પન્ન થાય છે. સ્વપ્નમાં જેના હાથ–પગમાં બેડી નાખેલી દૃષ્ટિગોચર થાય તે ઈષ્ટ છે અને તેથી ફાયદો થાય છે.

(दोहा)—बैरीका मर्दन करे पूरव उत्तर जाय ।
जीता मित्र मिलो सुपन ये सुपना सुखदाय ॥१॥

शुभ सुपनेको देख कर शीघ्र उठो रख ध्यान ।
परम पुरुषका ध्यान कर शुभ फल चिंतो ज्ञान ॥ २ ॥

બીમાર–માંદો માણુસ સ્વપ્નમાં પાલખીમાં બેસીને દક્ષિણ દિશા તરફ જાય તો તેના ઉપર મરણાન્ત કષ્ટ પ્રાપ્ત થાય. વળી કહ્યું છે કે—

गायने रोदनं विद्यात् नर्त्तने वधबंधनम् ।
हसने शोचनं ब्रूयात् पठने कलहं तथा ॥ १ ॥

(શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર–ટીકા)

સ્વપ્નમાં કોઈ મનુષ્ય ગાયન કરે તેને રોવું પડે, નાચ કરે તેને વધબંધનનો ભોગ થવું પડે, હસે તો ચિંતા થાય, અને પાઠ કરે તો કષ્ટ પ્રાપ્ત થાય. ભગવતી સૂત્રના ૧૬ મા શતક છઠ્ઠા ઉદ્દેશમાં ફરમાવ્યું છે કે—સ્વપ્નમાં કોઇ પણ માણુસને બીજો માણુસ આવીને પકવ ફળ હાથમાં આપે તો થોડા જ દિવસોમાં લાભ થાય અને દોલત–ધન મળે. સ્વપ્નમાં કોઈ મનુષ્ય પોતાને હાથી ઉપર સવાર થયેલો જુએ તો તેને પણ દોલત–ધન અને હુકમ હોદ્દા–અમલદારી પ્રાપ્ત થાય. સ્વપ્નમાં ઘોડા ઉપર સવાર થઇ સફર કરતો જોવે તેને થોડા દિવસમાં લાભ મળે છે. સ્વપ્નમાં કોઈ મનુષ્ય આવીને એમ કહે કે—“ તમે અહીંથી ચાલ્યા જાઓ ” એ ભવિષ્યમાં ખરાબ દિવસોની નિશાની–આગાહી સમજવી. સ્વપ્નમાં જેને દુધઝરતી ગાય નજરે પડે તેને જમીનથી અથવા જવાહીરાતથી ફાયદો થાય છે.

સ્વપ્નમાં અરિહંત દેવ, સૂર્ય, ચંદ્ર, દેવવિમાન, સમુદ્ર,

સરોવર, સિંહ, કલ્પવૃક્ષ, કલશ, રાજા, હાથી, વૃષભ કે લક્ષ્મી-દેવીનાં જેને દર્શન થાય તે લાભદાયક હોઇ થોડા દિવસમાં હકુમત પ્રાપ્ત કરે. તેમજ ભૂત, પિશાચ, ગંધર્વ, રાક્ષસ, ચાંડાલ, સ્મશાન, કુવો, હાડકાં, કદ્રૂપ સ્ત્રી, ચામડું, લોહી પથ્થર, કાંટાવાળાં વૃક્ષ, અંધકાર, લુલા-લંગડા, વામન, મ્હોટો વાયુ અને ખૂબ આકરો તડકો જે મનુષ્ય સ્વપ્નમાં જોવે તેને ખરાબ દિવસો ભોગવવાનો વખત આવે.

જે મનુષ્ય પોતાને સ્વપ્નમાં હંસ ઉપર સવાર થયેલો જોવે તેની આબરૂ વધે, સિંહ ઉપર સવાર થયેલો જોવે તેને ઈનામ મળે, દોસ્ત-મિત્રનો મેળાપ થયેલો દેખાય તો લાભ થાય, કપડાં ધોતો નિહાળે તો દેવાથી મુકત થાય. પોતે પોતાને હાથ પગ ધોતો જોવે તો એશ-આરામ પ્રાપ્ત કરે અને માત્ર પગ જ ધોતો ભાળે તો આબરૂ વધે છે. સ્વપ્નમાં જે મનુષ્ય પોતાને જમણા હાથ ઉપર સર્પ કરડી ગયેલો જોવે તો દોલત-ધન પ્રાપ્ત થાય, તેમજ સફેદ વર્ણનો સર્પ જોવે તો લાભ થાય છે.

સ્વપ્નમાં જે મનુષ્ય કુવો ઉલ્લંઘી જાય-ટપી જાય તેને અચાનક ધન પ્રાપ્તિ થાય. પોતે પોતાને કડવું તેલ પીતો જોવે તો તેને મરણાન્ત કષ્ટ પ્રાપ્ત થાય. તેમજ સ્વપ્નમાં અગ્નિના અંગારા, પથ્થર, ધુલ કે લોહીના વરસાદનું જોવું એ ખરાબ દિવસોની નિશાની-આગાહી છે.

સ્વપ્નમાં વાનર, શિયાળ કે કૂતરો જો મનુષ્યના બિછાના ઉપર આવીને બેસે તો જાણવું કે તેથી માંદગી પ્રાપ્ત થશે. રાક્ષસ, વૈતાલ અથવા ભૂત પોતાના બિછાના-પથારી ઉપર કે શરીર ઉપર આવીને બેસે તો જાણવું જે મરણની આફત આવી પહોંચી છે.

અગર સ્વપ્નમાં કોઈ મનુષ્ય પોતાને ઝેર પીતો જુએ તો તેની ઉમ્મર લાંબી છે તેમ સમજવું. અને જે મનુષ્ય પોતાને વીણા વગાડતો સ્વપ્નમાં જુએ તેને ખુબસૂરત–રૂપાળી સ્ત્રીનો લાભ થાય છે.

સ્વપ્નમાં જે મનુષ્યના મસ્તક ઉપર કાગડો વિષ્ટા કરે તેની આબરૂમાં કલંક લાગે. જે મનુષ્ય પોતે પોતાને સફેદ અથવા લીલા રંગનાં વસ્ત્રો પહેરેલો જુએ, અથવા આગથી પોતે પોતાને બળતો ભાળે તો તેને ધનપ્રાપ્તિ થાય છે. સ્વપ્નમાં જે મનુષ્ય શણગાર સજેલી કુમારી કન્યાને ભાળે તે મનુષ્યને ઉત્તમ સ્ત્રીનો લાભ થાય છે, તેમજ જે મનુષ્ય સ્વપ્નમાં તેજદાર હથિયારો વડે પર્વતને તોડી નાખે તેને થોડા દિવસમાં સલ્તનત પ્રાપ્ત થાય અને તે રાજા બને છે.

સ્વપ્નમાં જે મનુષ્ય નાચ કરતો મયૂર ભાળે તેના ઉપર રાજાની મહેરબાની–કૃપા થાય અને ઇનામમાં જમીન પ્રાપ્ત કરે. તેમજ જે મનુષ્ય સફેદ કપડાં પહેરેલી સ્ત્રી જુએ તો તેને લાભ થાય છે. સ્વપ્નમાં જેના કેશ અથવા નખ વધી જાય તેની આબરૂ વધે અને ઇલ્કાબ–ચાંદ પ્રાપ્ત કરે.

ઇતિ સ્વપ્નનિમિત્ત સંપૂર્ણ

———o———

(૩) સ્વરવિજ્ઞાન-નિમિત્ત—

સ્વર સંબંધી જે વિશેષ પ્રકારનું જ્ઞાન તેને સ્વરવિજ્ઞાન કહી શકાય. એ સ્વરવિજ્ઞાનની જ આલોચના-વિચાર પ્રસ્તુત પ્રકરણમાં કરવામાં આવશે. મુખ્યતઃ સ્વરના સાત ભેદો-પ્રકારો પાડવામાં આવ્યા છે-(૧) ષડ્જ, (૨) ઋષભ, (૩) ગાંધાર, (૪) મધ્યમ, (૫) પંચમ, (૬) ધૈવત અને (૭) નિષાદ. દુનિયાભરમાં વસતા મનુષ્યો, જાનવરો કે પક્ષીઓની બોલી આ સાત સ્વરો પૈકી કોઇ પણ સ્વરમાં થાય છે. કોઇનો કુદરતી અવાજ ષડ્જ સ્વરમાં, કોઇનો ઋષભમાં અને કોઇનો ગાંધાર આદિ સ્વરોમાં થાય છે.

અહીં મનુષ્ય, જાનવર અને પક્ષીઓની બોલીનું વર્ણન કરવામાં આવે છે. જેમાં મનુષ્યનો કુદરતી અવાજ કયા સ્વરમાં છે? અને તેનાથી તેને શું લાભ થશે? જાનવર અને પક્ષીઓની બોલીનું બ્યાન-વર્ણન, કે જે સાંભળવાથી શું નફો-નુકશાન થશે? વગેરે હકીકત જાણવાની યુક્તિ અનુયોગદ્વાર સૂત્રના ફરમાન મુજબ બતાવવામાં આવી છે. તેમજ રાગરાગણીના ભેદો અને તત્સંબંધી હકીકત આમાં ઉત્તમ પ્રકારે દર્શાવવામાં આવી છે.

મોરનો કુદરતી અવાજ ષડ્જ સ્વરમાં થાય છે. મુરઘા-કુકડાનો ઋષભ, બકરાનો મધ્યમ, કોકિલાનો પંચમ, ક્રૌંચ પક્ષીનો ધૈવત અને હાથીનો અવાજ કુદરતી-સ્વાભાવિક અવાજ નિષાદ સ્વરમાં થાય છે.

જે પુરુષ અથવા સ્ત્રીનો અવાજ ષડ્જ સ્વરમાં નીકળે છે તેની પાસે લક્ષ્મી હમેશાં હાજર જ રહે છે, ખાનપાન, એશઆ-

રામ, અને સુખ ચેન ઉડાવે છે. અહિં કોઈ શંકા કરે કે મોરનો અવાજ સ્વાભાવિક રીતે જ ષડ્જ સ્વરમાં હોય છે તો શું તેને પણ આ ઉપર્યુકત ફળનો લાભ થાય ? નહીં. મનુષ્યના અને જનાવરના પ્રારબ્ધમાં તફાવત હોય છે. એટલે મનુષ્યને માટે જે વાત હોય તે જનાવરો માટે હોતી નથી.

सज्जेण लहइ विर्त्ति कयं च न विणस्सइ ॥
गावो पुत्ताय मित्ताय नारीणं होइ वल्लहो ॥१॥

(શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની ટીકા)

અર્થ.—જે પુરુષ અથવા સ્રીનો કુદરતી અવાજ ષડ્જ સ્વરમાં હોય તેની આજીવિકા સારી રીતે ચાલે, ગાય વગેરે પશુઓ તેના આંગણે બાંધેલા હોય, કુટુંબ પરિવાર અને મિત્રો સારાં મળે, તેમજ સ્ત્રીને અત્યંત વલ્લભ-પ્રીતિપાત્ર થાય છે.

જે મનુષ્યનો કુદરતી અવાજ ઋષભસ્વરમાં નીકળતો હોય તેને હુકમ, હોદ્દો-અમલદારી મળે, ખજાનો હમેશાં તર રહે, સુંદર ઘરેણાં અને શ્રેષ્ઠ કપડાં પહેરવાને મળે, અત્તર આદિ સુગંધી પદાર્થોનો ઉપભોગ કરે, સ્ત્રી પોતાની આજ્ઞામાં રહે, અને ફૂલોની શય્યામાં સુવાવાળો હોય છે.

જે મનુષ્યનો સ્વાભાવિક અવાજ ગંધાર સ્વરમાં નીકળતો હોય તે સંગીત કળાનો જાણકાર, કવીશ્વર, ધર્મશાસ્રનો જ્ઞાતા, અને બીજાઓને ધર્મની તાલીમ-શિક્ષણ દેવાવાળો એટલે ઉપદેશક થાય છે.

જે મનુષ્યનો કુદરતી અવાજ મધ્યમ સ્વરમાં નીકળતો હોય તે ઉદાર દિલનો, ખુશમિજાજ, એશ-આરામ ભોગવવાવાળો, હિમ્મતવાન અને બીજાઓને પણ હિમ્મત દેવાવાળો હોય છે.

જેમનો સ્વાભાવિક અવાજ પંચમ સ્વરમાં નીકળતો હોય તેને રાજાધિરાજની પદવી મળે, હિમ્મતે બહાદુર હોય, બે-પરવાહ–કોઈથી દબાય નહીં, ફોજનો સરદાર થઈ ફતેહ પ્રાપ્ત કરે અને ઈનામમાં જમીન મેળવે છે.

જેમનો કુદરતી અવાજ ધૈવત સ્વરમાં નીકળતો હોય તે બીજાઓને પરસ્પર લડાવી મારે અને પોતે દૂર રહે, પૂર્ણ દગા-બાજ હોય, જે વાત પકડે તેને કદાપિ છોડે નહી, મલ્લકુસ્તી લડવાવાળો હોય, શરાબના નશામાં મસ્ત બની રહે, ધર્મની વાતો તેને પસંદ પડતી નથી, અને દુન્યવી કારોબારમાં આનંદ માને.

જેમનો કુદરતી અવાજ નિષાદ સ્વરમાં નીકળતો હોય તે હમેશાં નિર્દય બન્યો રહે, દરેક સાથે કલેશ–ટંટો કર્યા કરે, હિંસાના કાર્યોમાં આનંદ માને, બીજાની નોકરી કરીને પરા-ધીનપણું ભોગવે, અને અત્યંત દુઃખ પ્રાપ્ત કરે.

આ સાતે સ્વરોનું વર્ણન જૈનાગમ–સ્થાનાંગ સૂત્રમાં અને અનુયોગદ્વાર સૂત્રમાં કરવામાં આવેલ છે. જેમને જોવું હોય તેમણે તે સૂત્રોમાં જોવું.

સ્વરોનાં સ્થાન અને તેનું ફળાફળ બતાવે છે.

ષડ્જ સ્વરનું સ્થાન જીહ્વાનો અગ્રભાગ, ઋષભનું સ્થાન છાતી, ગાંધારનું સ્થાન કંઠાગ્ર, મધ્યમનું સ્થાન જીહ્વાનો મધ્ય ભાગ, પંચમનું સ્થાન નાસિકા, ધૈવતનું સ્થાન દાંત અને ઓષ્ટ તથા નિષાદનું સ્થાન ભૃકુટી છે.

બીજા દેશોમાં મુસાફરી જતી વખતે અથવા કોઈ શુભ કાર્યની શરૂઆત કરતી વખતે મનુષ્ય અથવા જનાવરના ષડ્જ, ઋષભ કે ગાંધાર સ્વરમાં અવાજ સાંભળે તો સમજવું કે ફતેહ

થશે. મુસાફરીના વખતે અથવા શુભ કાર્યની શરૂઆતમાં મોરનો અવાજ સાંભળવામાં આવે તો ઇરાદો–ધારણા સફળ થાય. તેમજ નાચ કરતો મોર જોવામાં આવે તો એકંદર વધારે શુભ ફળની પ્રાપ્તિ થાય.

મુસાફરીના ટાઈમે અથવા શુભ કાર્યની શરૂઆતમાં ચકોર પક્ષીનો અવાજ સંભળાય કે ખુદ પોતે દૃષ્ટિએ પડે તો એકંદર શુભ થાય અને કામ જલદી ફતેહ થાય. અથવા તે વખતે કોઇ બીજા મનુષ્યના મુખમાંથી નીકળેલો 'ચકોર' શબ્દ સાંભળવામાં આવી જાય તો તે પણ લાભદાયક છે. ભારદ્વાજ પક્ષી (મારવાડમાં જેને રૂપારેલ કહે છે તે) મુસાફરીના વખતે યા શુભ કાર્યના પ્રારંભમાં બોલતું સંભળાય અથવા નજરે પડી જાય તો કાર્યસિદ્ધિ થાય–ફતેહ થાય.

મુસાફરીના ટાઈમે અથવા શુભ કાર્યના પ્રારંભમાં હંસનો અવાજ સંભળાય અથવા હંસ પોતે દૃષ્ટિએ પડે તો એકંદર લાભ થાય અને કાર્ય ફતેહ પામે. મુસાફરી કરતી વખતે જેનો ઘોડો જમણા પગવડે જમીન ખોદે અથવા હણહણાટી કરે તો સવાર ફતેહ પામે અને આરામ પ્રાપ્ત કરે. કોઇ અન્ય દેશની મુસાફરી કરતી વખતે અગર પાળેલા પોપટનો અવાજ ડાબી તરફ અને પાછા ઘેર આવતી વખતે જમણી તરફ સાંભળવામાં આવે તો લાભ થાય અને ખુશી ઉત્પન્ન કરે.

ઘરથી મુસાફરીએ જતી વખતે થોડે દૂર ગયા પછી વનના પોપટો ઊડીને સામે આવતા દેખાય એ શુભ ફળદાયક છે. અને તેથી ઇરાદો–મનની ધારણા અવશ્ય પૂર્ણ થાય. મુસાફરીના ટાઈમે ગીધ પંખી ડાબી, જમણી યા સામી તરફ–નજર સામે કોઈ પણ તરફ બોલે એ શ્રેયસ્કર નથી. પરંતુ પાછળ બોલે એ

શુભ છે. કોઇ શુભ કાર્યના પ્રારંભમાં અથવા સફરના ટાઇમે રોવાનો અવાજ સંભળાય તે શ્રેયસ્કર નથી–અશુભ છે. જે ઘરની ઉપર રાત્રિના સમયે ઘુવડપક્ષી બોલે તો સમજવું કે એ ખરાબ દિવસોની–આગાહી છે. અને તેમાં વસતા મનુષ્યો થોડા ટાઇમમાં બરબાદ થઈ જાય છે. મુસાફરી કરતી વખતે કે કોઈ શુભ કામ કરતી વખતે ઘડિયાળ, ટકોરા, સારંગી, તબલા અથવા કોઈ મધુર વાજાનો અવાજ સંભળાય તો તે શુભ છે અને કાર્યમાં ફતેહ પામે.

સ્વરોના જ્ઞાન વિના સંગીતકળાનું નિષ્ફળપણું

ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ એ સાત સ્વર કે જે અગાઉ પણ લખવામાં આવ્યા છે તેના સંપૂર્ણ જ્ઞાન વિના–ઓળખાણ વિના આકાશમાં ચિત્ર બનાવવાની માફક સંગીતકળા પણ નિષ્ફળ–વ્યર્થ છે.

સંગીતકળામાં સ્વરમંડળનો અધિકાર

सप्तस्वरास्त्रयो ग्रामा मूर्च्छना ह्येकविंशतिः ॥
ताना एकोनपंचाशत् इत्येतत् स्वरमंडलम् ॥ १ ॥

અર્થ—સાત સ્વર, ત્રણ ગ્રામ, એકવીશ મૂર્ચ્છના અને ઓગણપચ્ચાસ તાન એ બધાનું એક સ્વરમંડળ કહેવાય છે. એ સ્વરમંડળનું સંપૂર્ણ જ્ઞાન કોઇ ઉસ્તાદની પાસે શિક્ષણ લીધા વિના આવડતું નથી. તાલ સૂર વિનાનું ગાવું–બજાવવું સારા ગવૈયા માટે શરમની વાત ગણાય છે. માટે ઊંચા પ્રકારના શ્રેષ્ઠ ગવૈયાઓ સુંદર મધુર અવાજથી તાલ સૂરની સાથે ગાઇને શ્રોતાઓને આનંદ આપે છે અને તેના તરફથી પ્રશંસા મેળવે છે. સ્વરના સાત બીજાક્ષરો--મૂળાક્ષરો છે, જેનાં નામ અનુક્રમે સા–રિ–ગ–મ–પ–ધ–ની એ પ્રમાણે છે. છ રાગ છત્રીશ રાગણી અને તેના અડતાલીશ પુત્રો મળી કુલ સંખ્યા નેવુની થાય

છે. એ નેવુ પ્રકારના રાગો ઉપર્યુક્ત સાત સ્વરથી આલાપી શકાય છે. માટે એ સંગીતવિદ્યા અવશ્ય જાણવા જેવી છે.

જે મનુષ્ય સ્વર્ગની ગતિ ભોગવીને મનુષ્ય લોકમાં આવ્યો હોય તેને ગાન-તાનનો શોખ વિશેષ પ્રમાણમાં હોય છે. વાજિંત્રોમાં સૌથી શ્રેષ્ઠ વાદ્ય વીણા ગણાય છે. વીણામાં જે શક્તિ રહેલી છે તેવી બીજાં વાજિંત્રોમાં નથી હોતી. ગવૈયા લોકો ગાવાનું જેટલું કામ ગળાથી કરે છે તેટલું કામ વાજિંત્રો વગાડવાવાળા વાજિંત્રોમાં નથી કરી શકતા. ગાવાની સાથે જે કંઇ કામ સારંગી કરે છે તેની તુલનામાં બીજાં વાજાંઓ નથી આવી શકતાં. બીન, સતાર, દીલરૂબા, તાઉસ, જલતરંગ વગેરે કોઇ પણ સાજ, ગતઠેકો અને આલાપ આપી શકે છે; પરંતુ ગાયકના અવાજની આબેહુબ ભ્રાન્તિ તો સારંગી જ કરાવી શકે છે. વાજિંત્રોમાં એ શક્તિ રહેલી છે કે જેના વગાડવાથી લડાઇમાં નામર્દ-નપુંસકને પણ શૂર ચઢી જાય છે. વિવિધ પ્રકારનાં વાજિંત્રોના સૂર સાંભળવાથી શરીરમાં નવું જોસ ઉત્પન્ન થાય છે.

રાગના છ પ્રકાર

(दोहा)–भैरव मालव कोसकों, दीप राग हिंडोल।
मेघराग श्रीराग फुन ये षट् राग कलोल ॥१॥

અર્થ—ભૈરવ રાગ, માલકોશ રાગ, દીપક રાગ, હિંડોલ રાગ, મલ્હાર રાગ અને શ્રીરાગ એમ મુખ્ય છ પ્રકારના રાગો છે. આગળના જમાનામાં એ ઉપર્યુકત રાગોમાં એવી શકિત હતી કે અગર બળદ જોડાયા વગરની ઘાણીની સામે બેસીને ઉંચા પ્રકારનો ગવૈયો મધુર આલાપથી ભૈરવ રાગ છોડતો-ગાતો કે તુરત જ એ બળદ વગરની ઘાણી સ્વયમેવ ફરવા લાગતી. એટલે ગવૈયાના મુખમાંથી ભૈરવરાગના ગાવાથી

જે પરમાણુઓ નીકળતા તે ધાણીને ફેરવવામાં સહાયભૂત થતા. જેમકે સારંગીની તરબે બરાબર મેળવી હોય તો ઉપરની તાંત ઉપર માત્ર ગજ ફેરવવાથી નીચેના તારો આપોઆપ થડકી ઉઠે છે અને અવાજ–સૂર નીકળવા માંડે છે.

આગળના જમાનામાં પથ્થરની શિલા સામે બેસીને કોઇ ગાનકળાનો ઉસ્તાદ સ્પષ્ટ રીતે માલકોશ રાગને છોડતો–ગાતો તે વખતે એ પાષાણુની જાતિ પણ પીગળીને મીણ જેવી મુલાયમ બની જતી. તેવી જ રીતે પાંચ કે પચ્ચીસ દીપકો સળગાવ્યા વગરના (માત્ર દીવેટ અને તેલથી તૈયાર રાખેલા) તૈયાર કરીને તેની સામે બેસી દીપક રાગ કોઇ શ્રેષ્ઠ ગવૈયો છોડતો કે તત્કાળ એ તૈયાર કરેલા દીપકો બળવા લાગી જતા. યાને માલકોશ રાગ ગાતી વખતે અને દીપક રાગ ગાતી વખતે ગાયકના મુખમાંથી તે તે રાગને અનુકૂળ જે પરમાણુઓનો એકસરખો પ્રવાહ વહેતો તે માલકોશના પરમાણુઓ પાષાણુને પીગળાવવાને અને દીપકના પરમાણુઓ જ્યોત પ્રગટાવવાને સમર્થ નીવડતા હતા. એવી જ રીતે હીંડોળ રાગ ગાઇને સ્થિર રહેલો હીંડોળ દૂર બેઠાં બેઠાં પણ ઝુલાવી શકતા હતા. મલ્હાર રાગ ગાવાથી કોઇ પણ ઋતુમાં કોઇ પણ સમયે વરસાદ લાવી શકાય છે. જ્યારે શ્રીરાગ ગાવાનો ટાઇમ ભરાઇ ચૂકયો હોય અને તે વખતે કોઇ ઉસ્તાદ ગાયક શ્રી રાગ ગાતો કે તત્કાળ તેની પાસે દોલત–ધનના ઢગલા થતા. અથવા રાજ્ય તરફથી તેને ઈનામના બદલામાં જમીન–ગરાસ મળતા. પરન્તુ હાલના જમાનામાં એ પૂર્વોકત શકિત ધરાવનારા ઉસ્તાદ-ગાયકો રહ્યા નથી તેમ પૂર્વોકત રાગોમાં રહેલી દૈવી શક્તિઓ પણ રહી નથી. જેવો જમાનો છે તેવા ગવૈયા અને રાગ હજુ પણ કોઇ કોઇ સ્થળે નજરે પડે છે.

તીર્થંકર દેવ સમવસરણમાં બેસી માલકોશ રાગમાં જ ધર્મોપદેશ દેતા હતા અને ઇંદ્રાદિ દેવો તેમના ગાવાના અવાજની સાથે સૂરો મેળવી દિવ્ય સંગીત કરતા હતા. જ્યાં તીર્થંકર પ્રભુ જેવા ગાવાવાળા અને ઇંદ્રાદિ જેવા સંગીત કરવાવાળા હોય ત્યાં પછી શી ઊણપ હોય? સર્પ અને નકુળ, ઉંદર અને બીલાડી જેવા નિત્ય વૈરસ્વભાવી જીવો પણ પોતાનાં વૈરને ભૂલી જાય તેમાં આશ્ચર્ય શું છે?

ભૈરવી, કાલિંગરો, આશાવરી, સારંગ, ગૌડસારંગ, પીલુ, બરવા, ધનાસિરી, શ્રીરાગ, દીપક, કલ્યાણ, કાનડો, સોરઠ, જેજેવંતી, બિહાગ, ખમાચ, જિહાગ, જિલા, ઝિંઝોટી, મલ્હાર, છાયા, ટોડી, કેદારો, દરબારી કાનડો, કામોદ, કાફી, વસંત અને ખયાળ વગેરે રાગોમાં ગાતાં આવડતું હોય તો દેવમંદિરમાં જઈ પ્રભુભકિત કરવી. તીર્થંકરના સમયમાં અને ચક્રવર્તીના સમયમાં ૩૨૦૦૦ બત્રીશ હજાર દેશીય રાગિણી અસ્તિત્વ ધરાવતી હતી. ત્યારબાદ વાસુદેવના જમાનામાં ૧૬૦૦૦ સોળ હજારની સંખ્યા દેશીય રાગિણીની હતી. પણ હાલના જમાનામાં એ બધી કંઇ ચાલુ નથી. તેમ છતાં જેટલી મળે તેટલી શીખી લેવામાં આવે તો પણ ઘણું છે.

અગર કોઇ ઇશ્વરભક્ત મનુષ્ય વીણા, સતાર, દીલરૂબા, તાઉસ, સારંગી અથવા હારમોનિયમ વડે ગાવું-બજાવવું જાણતો હોય અને તે દેવમંદિરમાં જઇ વિવિધ-રાગ-રાગિણીઓથી પ્રભુભકિત કરે એ અત્યંત આનંદનો વિષય છે. વળી પ્રભુભકિત કરતાં કરતાં દિલમાં વૈરાગ્યભાવના ઉત્પન્ન થઇ જાય અને પ્રત્યેક રોમ વિકસ્વર થઇ જાય તો સમજવું કે તેનામાં ધર્મની લાગની-અસર ખૂબ થઇ છે. એવી જ પ્રભુભકિતથી હજારો ભવોનાં

પાપ નષ્ટ થઇ આત્મા પવિત્ર બને છે. બંસરી, [1] અલગોજા, [2] બેંલા, અથવા [3] ગફીરી ગાવાની સાથે સારી મદદ કરે છે. ચાહે પુરુષ કે સ્ત્રી વાદ્યોની સાથે ધાર્મિક પદો રાગ–રાગિણીથી ગાય એ એકંદર ઇચ્છવા યોગ્ય અને લાભદાયક છે. જે મનુષ્યનો અવાજ સૂરીલો અને મીઠો–મધુર હોય તે જ ગાનવિદ્યાનો અભ્યાસક થઇ શકે છે. એવા મધુર સ્વરની પ્રાપ્તિ પણ પુણ્યને આધીન હોય છે.

ઇતિ સ્વરવિજ્ઞાન સંપૂર્ણ

(૪) ભૂમિકંપ–નિમિત્ત—

આની અંદર ભૂમિકંપ થવાથી દુનિયામાં શું ઉથલ પાથલ થશે તે સંબંધી હકીકત આપવામાં આવી છે. વસ્તુ–પદાર્થ માત્રનો આધાર જમીન છે. અને એ જમીન જ જ્યારે કંપી ઉઠે ત્યારે તે ઉપર રહેલી વસ્તુમાત્ર ઉપર શી આફત આવે અથવા તેની શી દશા થાય એ સ્પષ્ટ જ છે. ધર્મશાસ્ત્રોના કથન મુજબ જ્યારે સમસ્ત જગતનું પ્રારબ્ધ કમજોર થાય છે, ત્યારે જ જગત ઉપર આવી આફત આવે છે. કેટલીય વાર સાંભળવામાં આવ્યું છે કે ભૂમિકંપથી આખાં ગામોનાં ગામો જમીનમાં દટાઇ ગયાં અથવા જમીનદોસ્ત થઈ ગયાં. પાંચ–સાત ચપટી વગાડે એટલીવાર પણ જો ભૂમિકંપ ચાલુ રહે તો કેટલુંએ નુકશાન થઇ જાય છે, તોપછી જ્યાં એથી પણ વધારે ટાઈમ સુધી એ ભૂમિકંપ ચાલુ રહે ત્યાં ન માલુમ કેટલી આફતે આવી પડે ? એની કલ્પના માત્ર પણ હૃદયને ધ્રૂજાવ્યા સિવાય ન

૧–૨–૩ વાદ્ય વિશેષ કોઈ જાતિ.

રહે. પર્વતો, નદીઓ, સરોવરો, વૃક્ષો, ઘરો, દુકાનો, મહેલો તમામ વસ્તુઓ છિન્નભિન્ન થઈ ભૂમિશાયી બની જાય છે. નદીઓના પાણીના પ્રવાહો ઉછળી ઉછળીને ક્યાંના ક્યાં ચાલુ થઇ જાય છે. બાગ-બગીચાઓ તથા રસ્તાઓ ખેદાન-મેદાન થઈ સર્વત્ર શૂન્યાકાર થઇ જાય છે, અને અસંખ્ય પ્રાણીઓ પૂર્ણ જોખમમાં આવી પડે છે.

ભૂમિકંપ ઉત્પન્ન થવાનું કારણ ધર્મશાસ્ત્રોમાં એમ જણાવવામાં આવ્યું છે કે-જ્યારે પાતાલવાસી દેવતાઓ પરસ્પર લડાઈ કરે અથવા ગુસ્સાના આવેશમાં આવી જઈ જમીન ઉપર પાદ પ્રહાર કરે-લાત મારે ત્યારે પાંચ-પચીશ ગાઉ સુધી જમીન કંપી ઉઠે છે, પરંતુ એવી જ રીતે બળના પ્રમાણમાં હજાર-પાંચસો ગાઉ સુધી પણ જમીન કંપી ઉઠે તો તેમાં કંઈ જ આશ્ચર્ય જેવું નથી. બીજું કારણ એમ પણ જણાવવામાં આવ્યું છે કે જમીનની નીચે કોઇ ખારા પદાર્થમાં વિકાર ઉત્પન્ન થયો હોય તોપણ જમીન કંપી ઉઠે છે.

ભૂકંપથી પરિણામ શું આવે? તે બતાવે છે:—

शब्देन महता भूमिर्यदा रसति कंपते ।
सेनापतिरमात्यश्च, राजा राष्ट्रं च पीडयते ॥ १ ॥

(શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ટીકા.)

અર્થ—જ્યારે જમીનમાંથી મોટો ધડાકો-અવાજ થાય અથવા જમીન કંપી ઉઠે ત્યારે રાજા, દિવાન, સેનાપતિ અને દેશના ઉપર ભારે સંકટ આવી પડે, અને રોગચાળો વૃદ્ધિ પામે. આ વાત તમામ જગત માટે નથી, પરંતુ જે સ્થાન ઉપર ભૂમિકંપ થયો હોય તે સ્થાનને આશ્રયીને જ કહેવામાં આવેલ છે.

ઈતિ ભૂમિકંપનિમિત્ત

(૫) વ્યંજન–નિમિત્ત

વ્યંજન એટલે તલ, મસા અને લહસન. આ ત્રણે વસ્તુઓની પૂરેપૂરી હકીકત આ નિમિત્તમાં જણાવવામાં આવેલી છે. (૧) શરીરની ચામડી ઉપર તલ જેવા આકારના અને શ્યામ વર્ણનું જે ચિહ્ન દેખાય છે તેને તલ કહેવામાં આવે છે. (૨) શરીરની ચામડીથી કંઈક ઉંચી વધેલી ન્હાની માંસની ગાંઠ કે જે રાઇ અથવા બાજરીના દાણા જેવડી હોય છે તેને મસા કહે છે એથી જો મ્હોટા મસા હોય તો તે સારા નથી. (૩) લહસન તે કહેવાય છે કે જે કસુંબાના રંગ જેવાં લાલ રંગનાં ચિહ્ન શરીરની ચામડી ઉપર ઉત્પન્ન થાય છે. તલ, મસા અથવા લહસન પૈકી કોઇ પણ ચિહ્ન સ્પષ્ટ રીતે દેખાવ આપે અને તેને આકાર સુંદર હોય તો શુભ ફળદાયક થાય છે. જેનો આકાર કે ઘાટ કદ્રૂપો હોય અથવા ખંડિત થયેલો હોય તો તે સારું ફળ આપવાને અસમર્થ નીવડે છે. જૈનાગમના મહાનિશીથ સૂત્રમાં અને પ્રવચનસારોદ્ધાર ગ્રંથમાં વ્યંજન શબ્દનો અર્થ તલ અને મસા એ બે જ લખેલ છે. તલ, મસાનો રંગ શ્યામ અને લહસનનો રંગ લાલ અથવા કંઈક કાળાશ ઉપર હોય છે. મસ્તક ઉપર તલ, મસા અથવા લહસનનું ચિહ્ન હોય તો તે શખ્સ દરેક સ્થાને યશ–આબરૂ અને લાભ પ્રાપ્ત કરે. કપાળની જમણી બાજુ તલ હોય તો ધન પ્રાપ્તિ થાય, અને ડાબી બાજુ હોય તો તેનું થોડું પણ ફળ અવશ્ય મળે છે, પણ સાવ નિષ્ફળ તો ન જ થાય. ભ્રૂ–નેણની ઉપર તલ થયો હોય તો દેશ–પરદેશમાં મુસાફરી કરે અને લાભ પ્રાપ્ત કરે. આંખ ઉપર તલ હોય તો નાયકની પદવી પ્રાપ્ત થાય. મોઢા ઉપર તલ હોય તો ધન–વૈભવ મળે. ગાલ ઉપર તલ હોય તો ખુબસુરત સ્ત્રી પ્રાપ્ત કરે. ઉપલા હોઠ ઉપર

તલ હોય તો ધનપ્રાપ્તિ થાય અને બોલેલું વચન કાયમ રહે–માન્ય થાય. નીચલા હોઠ ઉપર તલ હોય તો કંજુસ થાય. કાન ઉપર તલ હોય તે શખ્સ ઘરેણાં તથા ઝવેરાતનો ભોગી થાય. ગરદન–ડોક ઉપર તલ હોય તો એશ–આરામનો ઉપભોગ કરે, સ્ત્રીની તરફથી વારસો સાંપડે અને દીર્ઘાયુ ભોગવે. જમણી છાતી ઉપર તલ હોય તો સારી સ્ત્રી તરફથી ફાયદો થાય, તથા મનની ધારણા પૂર્ણ થાય. ડાબી તરફ તલ હોય તો ઓછું ફળ મળે, પણ સાવ વ્યર્થ તો ન જ થાય. જમણા હાથ ઉપર તલ હોય તો સ્વકમાઇ ઉપર નિર્ભર રહે એટલે પોતાના હાથની કમાઇ ભોગવે. ડાબા હાથ ઉપર હોય તો પણ લાભ થાય, પરંતુ વ્યર્થ ન જાય. ખંભા ઉપર તલ હોય તો દરેક જાતની વિદ્યામાં હોશિયાર થાય. ડાબા ખંભા ઉપર તલ હોય તો ઓછા ઇલ્મવાળો–ઓછી વિદ્યાવાળો થાય. હાથના પંજા ઉપર તલ હોય તો દિલનો દિલાવર–ઉદાર દિલનો થાય. જાંઘ ઉપર તલ હોય તો અશ્વાદિ ઉપર સવારી કરવાનું સુખ મળે અને લશ્કર–સેનામાં ફતેહ મેળવે. પગ ઉપર જે મનુષ્યને તલ હોય તે પરદેશની મુસાફરી કરે અને ફાયદો હાંસલ કરે.

પુરુષોને જમણી બાજુ તલ, મસા અથવા લહસણ હોય તો સારો લાભ–ફાયદો થાય, પરન્તુ જો ડાબા અંગ ઉપર હોય તો પણ થોડો ઘણો ફાયદો તો અવશ્યં કરે છે. મતલબ કે સાવ નિષ્ફળ હોતાં નથી.

અગર કોઈ શંકા કરે કે–મને અમૂક સ્થાને તલ, મસો કે લહસન છે; છતાં ફાયદો કેમ થતો નથી ? ઉત્તર–ફાયદો તો અવશ્ય થાય છે, પરન્તુ એ ફાયદાને આપણે સમજી શકતા નથી અથવા તો ખ્યાલમાં જ લાવતા નથી. શાસ્ત્રનું ફરમાન કદાપિ

મિથ્યા હોય જ નહીં. પુરુષોને જમણી બાજુ તલ, મસા અને લહસન હોય તો પૂરેપૂરું ફળ આપે અને ડાબી બાજુ હોય તો ઓછું ફળ આપે, પણ આપે તો અવશ્ય જ.


બીજી વાત એ પણ છે કે જે મનુષ્યનું હૃદય શુદ્ધ-નિર્મળ છે, સત્ય ધર્મપર અપૂર્વ શ્રદ્ધા રાખે છે, તેનાં લક્ષણો-ચિહ્નો પૂર્ણ ફળ આપે છે, પરંતુ જે મનુષ્યનું દિલ સારું નથી-મલીન છે, સત્યધર્મ ઉપર પૂર્ણ વિશ્વાસ નથી, વાત વાતમાં શંકિત અને તેનાં લક્ષણો ઓછું ફળ આપનાર નિવડે છે.

હવે સ્ત્રીઓના ડાબા અંગ ઉપર તલ મસા અથવા લહસન હોય તેનું ફળ બતાવે છે.

જે સ્ત્રીના મસ્તક ઉપર તલ હોય તે રાજાની રાણી બને છે. કપાળ ઉપર તલ હોય તો દોલતવંત-વૈભવશાળી પતિ પ્રાપ્ત કરે. આંખ ઉપર તલ હોય તો પોતાના ધણીની મીઠી નજર કાયમ રહે. ગાલ ઉપર તલ હોય તો એશ-આરામ ભોગવે. કાન ઉપર તલ હોય તો ઝવેરાત અને ઘરેણાં ખૂબ પહેરવાને મળે. ગળા ઉપર તલ હોય તો પોતાના ઘરમાં હુકમ ચલાવે. છાતી ઉપર તલ હોય તો પુત્રવતી થાય. હાથ ઉપર તલ હોય તો પોતાના પતિની પ્રીતિ સંપાદન કરે. સાથળ ઉપર તલ હોય તો તેની પાસે નોકર-ચાકર હમેશાં બન્યા રહે-કાયમ.રહે. પગ ઉપર તલ હોય તો મ્હોટે ભાગે દેશ-પરદેશની મુસાફરી કરે.

પુરુષોની માફક સ્ત્રીઓને ડાબા અંગ ઉપર તલ, મસા કે લહસન હોય તો વધારે-પૂર્ણ ફાયદો કરે અને જમણા અંગ ઉપર હોય તો થોડો ફાયદો કરે, પરન્તુ તદ્દન નિષ્ફળ તો ન જ થાય.

ઇતિ વ્યંજનનિમિત્ત સમાપ્ત



જવ માલા
૫૫

(૬) હસ્તરેખા નિમિત્ત-

આ પ્રકરણની અંદર હસ્તરેખા જોવાની તેમજ તેનું ફળાફળ જાણવાની એવી રીતે સમજણ આપવામાં આવી છે કે વિચારપૂર્વક જોનારને માનો કે હસ્તરેખાની વિદ્યાનો એક ઉત્તમ ખજાનો મળી ગયો. હસ્તરેખામાં રહેલાં ચિહ્નો-લક્ષણો મુખ્યત્વે કરીને પંચાવન માનવામાં આવેલાં છે અને પંચાવનનો અનુક્રમે સ્પષ્ટ રીતે સ્ફોટ કરી નંબરવાર તેનાં ફળો આ નીચે આપવામાં આવેલાં છે. એ સિવાય બીજી નાની મોટી રેખા ચિહ્નોનાં પણ ફળાફળ જણાવી આખા પંજાનું સ્ફુટ વર્ણન કરવામાં આવ્યું છે. જે વાંચવાથી વધારે સ્પષ્ટ થશે.

(૧) જે મનુષ્યના હાથમાં હાથીનું ચિહ્ન હોય તે રાજા અથવા જાગીરદાર થાય. તેમજ હાથીઓનો સંગ્રહ કરવાવાળો પણ થાય છે.

(૨) જે મનુષ્યના હાથમાં મત્સ્યનું ચિહ્ન હોય તે ધનવાન અને સંતાનવાળો થાય અને સમુદ્રની મુસાફરી કરે.

(૩) જેના હાથમાં પાલખી-મ્યાનાનું નિશાન હોય તે ધનવાન કે જાગીરદાર થાય અને તેની પાસે હંમેશાં નોકર-ચાકરનો સમૂહ હાજર રહે છે તેમજ મ્યાના-પાલખીનો ભોક્તા થાય છે.

(૪) જેના હાથમાં ઘોડાનું ચિહ્ન હોય તે શખ્સ ફોજમાં અફસર થાય, અને બીજા ઉપર હુકમ ચલાવે. રાજ્યમાં તેની આબરૂ-પ્રતિષ્ઠા વધે અને તેને ત્યાં હમેશાં ઘોડાઓનો સારો સમૂહ બાંધેલો હોય છે-ઘોડાઓનો ભોક્તા બને છે.

(૫) જેના હાથમાં કેશરી સિંહનું ચિન્હ હોય તે રાજા થાય, હુકુમત ચલાવે અને બહાદૂર હોય.

(૬) જેના હાથમાં ફૂલોની માળાનું નિશાન હોય તે કોઇ પણ સ્થાને-જ્યાં જાય ત્યાં ફતેહ પ્રાપ્ત કરે, મનની ધારણા બર આવે અને માન-પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે.

(૭) જેના હાથમાં ત્રિશૂળનું ચિન્હ હોય છે તે ધર્મની ધ્વજા ફરકાવવામાં અને ધર્મચર્ચા કરવામાં નિપુણ થાય, જિન-મંદિરોની પ્રતિષ્ઠા અને તીર્થોની યાત્રા કરે, અને ધર્મ પર દઢપણે ઉભો રહે-અચળ શ્રદ્ધાવાન બને.

(૮) જેના હાથમાં દેવવિમાનનું ચિન્હ હોય તે દેવમંદિરો બનાવરાવે અને સ્વર્ગની ગતિ પ્રાપ્ત કરે.

(૯) જેના હાથમાં સૂર્યનું ચિન્હ હોય તે મહાન્ તેજસ્વી, તામસી પ્રકૃતિવાળો અને હિમ્મતવાન-બહાદૂર થાય.

(૧૦) જેના હાથમાં અંકુશનું ચિન્હ હોય તેના ઘેર હસ્તીઓ બાંધેલા રહે અને ધનવાન થાય.

(૧૧) જેના હાથમાં મોરનું ચિન્હ હોય તે જ્યાં જાય ત્યાં ફતેહ મેળવે, અને એશ-આરામ ભોગવવાવાળો થાય.

(૧૨) જેના હાથમાં યોનિનું ચિન્હ હોય તે માણસ પ્રતાપી થાય અને સુખ-ચેનથી જીવન વ્યતીત કરે.

(૧૩) જેના હાથમાં કળશનું નિશાન હોય તે દેવમંદિરો નિર્માણ કરાવે અને તીર્થોની યાત્રા કરે.

(૧૪) જેના હાથમાં તલવારનો આકાર હોય તે શખ્સ લડાઇમાં જય પ્રાપ્ત કરે, નશીબ ખુશ રહે અને રાજ્યની તરફથી ઇનામ પ્રાપ્ત કરે.

(૧૫) જેના હાથમાં જહાજ-વહાણનું ચિન્હ હોય તે શખ્સ સમુદ્ર માર્ગનો મ્હોટો વ્યાપારી બને, અને સમુદ્રની લાંબી મુસાફરી કરનાર થાય.

(૧૬) જેના હાથમાં લક્ષ્મીદેવીનું ચિન્હ હોય તેનો ખજાનો હમેશાં તર રહે અને ધનની કોઇ દિવસ કમી-ઊણપ ન રહે.

(૧૭) જેના હાથમાં સ્વસ્તિક-સાથિયાનો આકાર હોય તેના ઘરે હમેશાં આનંદ મંગળ વરતાય, ધનવાન થાય, અને જગતમાં માન પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે.

(૧૮) જેના હાથમાં કમંડલનું નિશાન હોય તે સુખી અને ધર્મી હોય, સાધુ લોકોની સેવા ચાકરી ઉઠાવે અને પોતે પણ સાધુ થઇ દેશ-પરદેશની મુસાફરી કરે.

(૧૯) જેના હાથમાં સિંહાસનનું નિશાન હોય તે રાજાધિરાજ સિંહાસનારૂઢ થાય અથવા રાજાનો દિવાન થાય અને મહાન હકુમત ચલાવનાર થાય.

(૨૦) જેના હાથમાં પુષ્કરિણી-વાવડીનું નિશાન હોય તે ઉદાર દીલનો, ધનવાન અને બીજાઓને મદદગાર થાય છે.

(૨૧) જેના હાથમાં રથનો આકાર હોય તે દુશ્મનની ઉપર જય મેળવે છે અને તેને ત્યાં રથ, ગાડી, ઘોડાની બરકત રહે છે. કોઈ દિવસ પગે ચાલીને મુસાફરી કરવાનો સમય ન આવે.

(૨૨) જેના હાથમાં કલ્પવૃક્ષનું ચિન્હ હોય તે દોલતવંત-ધનવાન અને સારા ભાગ્યવાળો હોય, જમીન તથા

જાગીરનો ભોક્તા થાય, હૃદયની ધારણા ફળવતી થાય અને ખાન-પાનથી સુખી રહે.

(૨૩) જેના હાથમાં પર્વતનું ચિન્હ હોય તે ઝવેરાતનો વ્યાપાર ધંધો કરે અને તેમાં લાભ પ્રાપ્ત કરે.

(૨૪) જેના હાથમાં છત્રનું નિશાન હોય તે દેવની માફક પૂજ્ય બને છે. અથવા છત્રપતિ રાજા થાય છે.

(૨૫) જેના હાથમાં ધનુષ્યનું નિશાન હોય તે લડાઇમાં ઇજ્જત-યશ પ્રાપ્ત કરે, તેના ઉપર કોઇ કેસ માંડે તો તેમાં હાર ન ખાતાં ફતેહ મેળવે.

(૨૬) જેના હાથમાં હળનો આકાર હોય તે ખેતીવાડી કરનાર થાય અને તેને જમીન ઇનામમાં પ્રાપ્ત થાય.

(૨૭) જેના હાથમાં ગદાનું ચિન્હ હોય તે મ્હોટો બહાદુર પુરુષ થાય છે.

(૨૮) જેના હાથમાં સરોવરનો આકાર હોય તે ધનથી કદી ઊણપ ન ભોગવે અને બીજાઓને ધનની સહાય કરતો રહે.

(૨૯) જેના હાથમાં ધ્વજાનું નિશાન હોય તે કીર્તિમાન અને વિજયી બન્યો રહે છે.

(૩૦) જેના હાથમાં પદ્મનું ચિન્હ હોય તે ચક્રવર્તી રાજા થાય અને દેશ-દેશાંતરમાં ફતેહ પ્રાપ્ત કરે.

(૩૧) જેના હાથમાં ચંદ્રનું નિશાન હોય તે મ્હોટો નશીબદાર-ભાગ્યશાળી અને ખૂબસુરત-સ્વરૂપવાન હોય.

(૩૨) જેના હાથમાં ચામરનું નિશાન હોય તે રાજાધિરાજ અથવા દિવાન થાય અને હકુમત ચલાવે.

(૩૩) જેના હાથમાં કાચબાનો આકાર હોય તે ભૂમિપતિ–રાજા થાય, સમુદ્રમાં પોતાના વહાણો ફેરવે, અથવા ખુદ પોતે સમુદ્રની મુસાફરી કરે અને વિમાનો વ્યાપારી થાય.

(૩૪) જેના હાથમાં તોરણનું નિશાન હોય તેના ઘેર કાયમ આનંદ મંગળ વર્તે અને ઘર, હાટ તથા હવેલી વગેરે મ્હોટા પ્રમાણમાં હોય.

(૩૫) જેના હાથમાં ચક્રનું નિશાન હોય તે ચક્રવર્તી રાજા થાય.

(૩૬) જેના હાથમાં આરિસાનું ચિન્હ હોય તે દિવાન મુસદ્દી થઈ બીજા ઉપર હકુમત ચલાવે, પાછલી ઉમ્મરમાં સાધુ થઇ દુનિયાને ધર્મની તાલીમ–શિક્ષણ આપે અને આત્મજ્ઞાની બને.

(૩૭) જેના હાથમાં વજાનું નિશાન હોય તેને હુકમ હોદ્દો –અધિકાર પ્રાપ્ત થાય, કોઇથી પરાભવ ન પામે અને મહાબળવાન થાય.

(૩૮) જેના હાથમાં વેદીનો આકાર હોય તે ધર્મનાં મ્હોટાં મ્હોટાં કાર્યો કરે, પ્રતિષ્ઠા–મહોત્સવ આદિના વિધિ-વિધાન તેના હાથે થાય, અને ધર્મ ઉપર અચળ શ્રદ્ધાવાળો થાય.

(૩૯) જેના હાથના બન્ને અંગુઠા ઉપર યવનું ચિન્હ હોય તે વિદ્યાનો જાણકાર હોય, વિદ્યાથી દુનિયામાં નામના મેળવે, ધનવાન થાય, અને તેનો જન્મ પ્રાયઃ શુક્લ પક્ષમાં હોય.

(૪૦) જેના હાથમાં શંખનું નિશાન હોય તે હમેશાં ધનવાન રહે છે. સમુદ્રની મુસાફરી કરે અને તેમાં લાભ પ્રાપ્ત કરે.

(૪૧) જેના હાથમાં ષટ્કોણનો આકાર હોય તેની પાસે જમીન–જાગીર અને બાગ–બગીચા કાયમ રહે છે.

(૪૨) જેના હાથમાં નંદ્યાવર્ત્ત સ્વસ્તિકનો આકાર હોય તે હમેશાં આબરૂ પ્રાપ્ત કરે, લક્ષ્મી તેની પાસે વાસ કરીને રહે, અને ધર્મના કાર્યમાં ફતેહમંદ થાય.

(૪૩) જેના હાથમાં ત્રિકોણનું ચિન્હ હોય તે જમીનદાર થાય અને જમીનથી ફાયદા પ્રાપ્ત કરે. ગાય, બળદ વગેરે જનાવરો તેનું આંગણું છોડતાં નથી.

(૪૪) જેના હાથમાં મુકુટનું ચિન્હ હોય તે રાજાધિરાજ થાય, અથવા વિદ્વાન થાય, સહસ્ર–હજાર અવધાનના પ્રયોગ કરે અને સમસ્ત જગતને ધર્મનો ઉપદેશ કરે.

(૪૫) જેના હાથમાં શ્રીવત્સનું નિશાન હોય તેના મનની ધારણાઓ પૂર્ણ થતી રહે છે અને કદી કષ્ટ પ્રાપ્ત ન થાય.

(૪૬) જેના હાથમાં યશરેખા અખંડ હોય, કોઈ પણ સ્થળે તૂટેલી ન હોય અને લાંબી હોય તો તે મનુષ્ય યશવાન બને, યશરેખાનું બીજું નામ પિતૃરેખા છે. યશરેખા જો તૂટી–ફૂટી અને ખંડિત થયેલી હોય તો તે મનુષ્યની આબરૂ ખંડિત થઇ જાય એટલે નાશ પામે છે. યશરેખા મણિબંધ (પોંચી પહેરવાનું સ્થાન) થી નીકળીને અંગુઠાની નીચે અને તર્જની આંગળીના ઉપરના ભાગમાં એટલે એ બન્નેની વચ્ચે જઇને મળે છે.

(૪૭) જેના હાથની ઉર્ધ્વરેખા મણિબંધથી નીકળીને તર્જની આંગળી સુધી જઈ મળે તો તે પુરુષ રાજા અથવા દિવાન થાય.

(૪૮) જેના હાથમાં વિભવરેખા અખંડ હોય–તૂટેલી ન હોય અને લાંબી હોય તો તે મનુષ્ય પોતાના કુટુંબ–પરિવારમાં નામી–આબરૂદાર થાય. વિભવરેખાનું બીજું નામ

માતૃરેખા છે. વિભવરેખા હથેળીની મધ્યમાંથી નીકળીને અંગુઠાની નીચે અને તર્જનીની ઉપર યશરેખાને જઇને મળે છે. વિભવરેખા અને યશરેખા સંધીની જગ્યાએ ન મળે તો તે મનુષ્યને સ્ત્રીનો વિયોગ થાય. અગર સ્ત્રી મૌજૂદ–વિદ્યમાન હોય તોપણ પરદેશ રહેવાના કારણે અથવા કુસંપના કારણે સ્ત્રીનો મેળાપ બહુ જ થોડો રહે. એવી જ રીતે સ્ત્રીઓની રેખા માટે પણ સમજવું. તેના પતિ સાથે તેનો મેળાપ બહુ અલ્પ બને છે. પુરુષના હાથમાં અગર યશરેખા અને વિભવરેખા સંધિની જગ્યાએ ન મળી હોય અને સ્ત્રીના હાથમાં મળેલી હોય તો સમજવું કે પુરુષનો પ્રેમ ઓછો અને સ્ત્રીનો પ્રેમ વધારે હશે. એવી જ રીતે જો પુરુષની મજકુર રેખા સંધિની જગ્યાએ મળેલી હોય અને સ્ત્રીની મજકુર રેખાઓ સાંધની જગાએ મળેલી ન હોય તો સ્ત્રીનો પ્રેમ ઓછો અને પુરુષનો પ્રેમ વધારે હશે એમ સમજવું. સ્ત્રીની વિભવ રેખા તેને સૌભાગ્યની રેખા તરીકે ફળ આપે છે.

(૪૯) આયુષ્યરેખા કનિષ્ટ–ટચલી આંગળીની નીચે આવેલી હથેળીમાંથી શરૂ થઇને તર્જની આંગળીના મૂળસુધી જાય છે. એ આયુષ્યરેખા જેની અખંડિત હોય–તૂટેલી ન હોય અને ઠેઠ સુધી લાંબી હોય તો તે મનુષ્ય દીર્ઘાયુ પ્રાપ્ત કરે છે. એટલે આજકાલના જમાનામાં તે એક સો વર્ષનું આયુષ્ય ભોગવે. એવી જ રીતે એ આયુષ્ય રેખા મધ્યમાં આંગળીના મૂળ સુધી ગઈ હોય તો ૭૫–પોણોસો વર્ષ, અનામિકા આંગળીના મૂળ સુધી ગઇ હોય તો ૫૦–પચાસ વર્ષ અને કનિષ્ઠા

આંગળીના મૂળ સુધી ગઈ હોય તો ૨૫-પચીસ વર્ષનું આયુષ્ય પ્રાપ્ત કરે છે.

વર્તમાન સમયમાં મનુષ્યોનું આયુષ્ય વધારેમાં વધારે ૧૨૦ વર્ષનું જૈન શાસ્ત્રની દૃષ્ટિએ ગણી શકાય. એથી પણ વધારે આયુષ્યવાળા મનુષ્યો નજરે જોવામાં અથવા સાંભળવામાં આવે છે ખરા, પરંતુ એવા દાખલા કવચિતજ બનતાં હોવાથી સામાન્ય ગણનામાં એના ગણતરી કરવામાં આવતી નથી.

(૫૦) આયુષ્યરેખા અને વિભવરેખાની વચમાં જે ચોકડીઓને આકાર નજરે પડે છે તેને સંપતરેખા કહે છે. ઓછી વધતી ચોકડીઓના પ્રમાણ ઉપરથી ધનવાનપણું સમજી શકાય છે. એટલે જેટલી વધારે ચોકડીઓ હોય તેટલો વધારે ધનવાન હોય, એ સિવાય વિભવરેખા અને ઊર્ધ્વરેખા ઉપરથી પણ ધનવાનપણાની અટકળ કાઢી શકાય છે, પરન્તુ દૃષ્ટા કુશળ-નિપુણ હોય તો જ તે અટકળ ખરી પડે છે.

(૫૧) આયુષ્યરેખા અને કનિષ્ઠા અંગુલિની વચમાં જેટલી આડી રેખા પડી હોય તેને સ્ત્રીરેખા કહેવામાં આવે છે, પરન્તુ એ સ્ત્રીરેખા અખંડિત-પૂર્ણ હોવી જોઇએ. મજકુર રેખા જેટલી પડી હોય તેટલી સ્ત્રી જાણવી. છતાં પણ એકાન્ત નિયમ નથી. આ બાબતમાં જમાના અનુસાર અને મનુષ્યના દરજ્જાનુકૂળ કુશળ જ્યોતિષીઓ પોતાના અભિપ્રાય જાહેર કરે છે જેમકે ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ, છત્રપતિ અને રાજા-મહારાજાઓને માટે તેમના દરજ્જા-યોગ્યતા પ્રમાણે અને સાધારણ માણસો માટે તેની યોગ્યતા મુજબ અનુમાન કાઢી નિર્ણય કરે છે. રાજા-મહા

રાજાઓને ત્યાં સેંકડો સ્ત્રીઓ હોય અને ગરીબોને ત્યાં એક પણ ન હોય એ પ્રારબ્ધને આધીન છે. ત્યાં કોઇ પણ એકાંત નિયમ લાગુ પડી શકતો નથી.

(૫૨) આયુષ્યરેખાની ઉપર અને કનિષ્ઠા અંગુલીના મૂળમાં સ્ત્રીરેખાની સામેના ભાગમાં જે રેખાઓ પડી હોય છે તે ધર્મરેખા કહેવાય છે. એ ધર્મરેખા બે અથવા ત્રણ હોય છે. જો તે અખંડ અને સાફ હોય તો તે મનુષ્ય ધર્મી હોય છે. જેના હાથમાં તે ધર્મરેખા ન હોય અથવા હોય છતાં ખંડિત હોય તો તે અધર્મી મનુષ્ય જાણવો.

(૫૩) અનામિકા આંગળીની નીચે અને આયુષ્ય રેખાની ઉપર જેટલી ઊભી અને આડી રેખા હોય તેને વિદ્યારેખા કહે છે. આડી અને ઊભી મળીને જેટલી રેખાઓ પડી હોય તેટલા પ્રકારની વિદ્યાનો લાભ પ્રાપ્ત કરે. તેમજ વક્તા અને લેખક પણ સારો થાય. વિદ્યારેખા જેટલી સ્પષ્ટ અને અખંડ હોય તેટલી જ તેની બુદ્ધિ તીવ્ર હોય.

(૫૪) તર્જની આંગળીની નીચે અને વૈભવ તથા યશરેખાની સંધીના ઉપર મધ્યભાગમાંથી જે આડી રેખા નીકળે છે, અને આયુષ્ય રેખાના અન્ત ભાગમાં જઇને મળે છે તેને દીક્ષારેખા કહેવામાં આવે છે. એ દીક્ષારેખા જેટલી સ્પષ્ટ અને અખંડ હોય તેટલું જ તે માણસ ઉત્તમ ચારિત્ર પાળે છે. તો પણ આ દીક્ષારેખાની સાથે ધર્મરેખા પણ કંઈક સંબંધ ધરાવે છે. માટે એ બન્ને રેખાઓ ઉપરથી ધર્મશ્રદ્ધાનું માપ કાઢવું, કારણ કે કોઈ પુરુષ ધર્મમાં શ્રદ્ધાવાન હોય, તથાપિ તે વ્રત –નિયમાદિ કરી શકતો નથી. જ્યારે કોઇ પુરુષ વ્રત

-નિયમ કર્યે જાય છતાં પણ તેની ધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધા હોતી નથી. એ બન્ને રેખાઓ જો અસ્પષ્ટ જેવી હોય તો તે મનુષ્યની ધર્મમાં પૂર્ણ શ્રદ્ધા હોતી નથી.

(૫૫) હથેલીની નીચે અને હાથની સંધી ઉપર અર્થાત્ મણિબંધમાં ત્રણ રેખાઓ હોય છે. તેને જવમાલા કહે છે. એ જવમાલા ઓછી-વધતી પણ હોય છે. મણિબંધના સ્થાને જે પુરુષને એક જવરેખા હોય તે સુખી હોય, બે હોય તે જગતમાં મશહૂર-પ્રસિદ્ધ થાય, અને ત્રણ જવમાલા હોય તો ખૂબ ધનવાન થાય, અથવા મહાન્ તપસ્વી થાય. જવમાળાનો આકાર માળાના જેવો હોય છે.

આ ગ્રંથમાં દાખલ કરેલ પંજાનું ચિત્ર જુઓ અને તેમાં જુદી જુદી રેખાઓ ઉપર આપેલા અંક સાથે, ઉપર જણાવેલા અંકોનું ક્રમશઃ લખાણ મેળવવાથી દરેક રેખાઓનાં ફળાફળ સ્પષ્ટ રીતે સમજી શકાશે. ઉપર્યુક્ત ૫૫ નંબરો સિવાય હસ્તરેખા સંબંધી બીજી પણ કેટલીક હકીકત આ નીચે આપવામાં આવે છે.

(હસ્તરેખા સંબંધી વિશેષ માહિતી)

(૧) મણિબંધથી પાંચ પ્રકારની ઊર્ધ્વરેખા કે જે આંગળીઓ અને અંગુઠા તરફ જાય છે તેની માહિતી આ પ્રમાણેઃ- પહેલી ઊર્ધ્વરેખા જે મણિબંધથી નીકળીને અંગુઠાની નીચે જઇને મળે તેને સલ્તનત-રાજ્ય તરફથી ફાયદો થાય. બીજી ઊર્ધ્વરેખા મણિબંધથી નીકળીને તર્જની આંગળીની પાસે જઈને મળે તે રાજા અથવા દિવાન થાય. ત્રીજી ઊર્ધ્વરેખા મણિબંધથી નીકળીને મધ્યમા

આંગળીની પાસે જઇને મળે તો તે સેનાનો અફસર થાય. અગર તે સંસાર છોડીને સાધુ બને તો તેને આચાર્યપદવી પ્રાપ્ત થાય. ચોથી ઊર્ધ્વરેખા મણિબંધથી નીકળીને અનામિકા આંગળી સુધી જઈ મળે તો દોલતમંદ-ધનવાન થાય. અને પાંચમી ઊર્ધ્વરેખા મણિબંધથી નીકળીને કનિષ્ઠા આંગળી સુધી જઈ મળે તો તે આબરૂવાન અને હિમ્મતે બહાદૂર થાય.

(૨) જેના જમણા હાથની વિભવરેખા અખંડ હોય-તૂટી-ફૂટી ન હોય અને લાંબી હોય તે પોતાના વંશમાં સારો આબરૂદાર-પ્રસિદ્ધ પુરુષ થાય છે. વિભવરેખાથી અંગુલિ તરફ જેટલી ન્હાની રેખાઓ નીકળી હોય તેટલા તેના દુશ્મન-શત્રુ અને મણિબંધ તરફ જેટલી નીકળી હોય તેટલા તેના મિત્ર-મદદગાર થાય છે.

(૩) આયુષ્ય રેખામાંથી જેટલી ન્હાની ન્હાની રેખાઓ વિભવરેખા તરફ નીકળી હોય તે મનુષ્યને સંપદા પ્રાપ્ત થાય. અને જેટલી આંગળીઓ તરફ નીકળી હોય તેટલી વિપદા પ્રાપ્ત થાય.

(૪) મણિબંધથી આયુષ્ય રેખા સુધી હથેલીની બાજુમાં જેટલી આડી રેખા પડી હોય, તેટલા પુત્ર-પુત્રી જાણવા. તેમાં પણ જેટલી રેખાઓ અખંડ અને સ્પષ્ટ હોય તેટલા પુત્ર-પુત્રી જીવતાં રહે, અન્યથા થયેલાં સંતાનો પણ વિનાશ પામે. કોઈ કોઇ આચાર્ય આ રેખાઓને ભાઇ-બ્હેનની રેખાઓ માને છે.

(૫) મણિબંધથી લઈને અંગુઠા સુધીના વચલા ભાગમાં જેટલી ઉભી રેખાઓ હોય તેટલા ભાઇ-બ્હેન જાણવા.

કોઇ કોઈ આચાર્ય આ રેખાઓને પુત્ર-પુત્રીની રેખાઓ માને છે.

(૬) હથેલીમાં યશરેખાની જમણી બાજુ અંગુઠા તરફ જેટલી આડી રેખા ગઇ હોય તે પુરુષ તેટલી પરદેશમાં મુસાફરી કરે અને લાભ પ્રાપ્ત કરે.

(૭) જે પુરુષના જમણા હાથની યશરેખા અખંડ અને સાફ હોય તે મરણુ બાદ સ્વર્ગની ગતિ પ્રાપ્ત કરે. અને જેની વિભવરેખા અખંડ અને સાફ-સ્પષ્ટ હોય તે મરણુ બાદ મનુષ્યગતિ પ્રાપ્ત કરે છે.

(૮) જે મનુષ્યના ડાબા હાથની યશરેખા અખંડ અને સાફ હોય તે મનુષ્ય સ્વર્ગગતિ ભોગવીને આવ્યો છે, તેમ જાણુવું. તેમજ જેના ડાબા હાથની વિભવરેખા અખંડ અને સ્પષ્ટ હોય તે મનુષ્યગતિ ભોગવીને આવ્યો છે તેમ જાણુવું.

(૯) જે મનુષ્યના ડાબા હાથની વિભવરેખા અખંડ, લાંબી અને સ્પષ્ટ હોય તેને ખૂબ એશઆરામ પ્રાપ્ત થાય. જેના ડાબા હાથમાં ધ્વજા અથવા ચંદ્રમાનો આકાર હોય તેને સ્વરૂપવતી સ્ત્રી પ્રાપ્ત થાય. કોઇ પણુ મનુષ્યને સ્ત્રીરેખા વિદ્યમાન હોય, છતાં તે દીક્ષા-સાધુપણું ધારણુ કરી લે તોપણુ તેને ગુરૂભક્તિ અને ધર્માજ્ઞાધારક ભક્ત સ્ત્રીઓ પૂજે છે. તેમજ તે મનુષ્યને સંતાનરેખા વિદ્યમાન હોય અને દીક્ષા ધારણુ કરે તો તે હાલતમાં ગુરુની ભક્તિ કરનાર અને ધર્મનું પાલન કરનાર શિષ્યો આવી મળે છે. કેટલાક આચાર્યો કહે છે કે-પુરુષના ડાબા હાથમાં સ્ત્રીરેખાના અગ્રભાગમાં દીક્ષા

રેખા હોય છે. માટે રેખાવિજ્ઞાન શાસ્ત્રીઓએ ધર્મ-રેખા અને દીક્ષારેખા ઉપર સંપૂર્ણ વિચાર કરીને જ ધર્મ, શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રનું વર્ણન કરવું.

(૧૦) अस्थिष्वर्थाः त्वचि भोगाः सुखं मांसे स्त्रियोऽक्षिषु ।
गतौ यानं स्वरे चाज्ञा, सर्वं सत्त्वे प्रतिष्ठितम् ॥१॥

(ઉત્તરાધ્યયન, આઠમા અધ્યયનની ટીકા.)

અર્થ—જે મનુષ્યનાં હાડકાં મજબુત અને વજનદાર હોય તે ધનવાન થાય, જેના શરીરની ચામડી મુલાયમ-સુંવાળી હોય તે ખૂબ એશ-આરામ ભોગવે, જેનું શરીર ખૂબ જાડું હોય અને તેના હાથ-પગની નસો દેખાતી ન હોય તો તે સુખચેનથી પોતાની જીંદગી ગુજારે, જેની આંખો તેજદાર અને ખૂબસુરત હોય તેને સ્ત્રી તરફનું ઘણું સુખ હોય, જેની ચાલ સારી હોય તે વાહનનો ભોગી થાય, અને જે મનુષ્ય કષ્ટના સમયમાં પણ હિમ્મતે બહાદૂર હોય તે હમેશાં સુખી જીવન ગાળે.

(૧૧) चक्खुसिणेहे सुभगो दंतसिणेहे अ भोयणं मिट्ठं ।
तयनेहेण य सोक्खं नहनेहेण होइ परमधणं ॥

(શ્રી ઉત્તરાધ્યયન પન્નરમા અધ્યયનની ટીકા.)

અર્થ—જેની ચક્ષુઓમાં સ્નેહ-પ્રેમ હોય તે હમેશાં સૌભાગ્ય-વાન બની રહે, જેના દાંત સ્નિગ્ધ હોય તેને ઉત્તમ પ્રકારનાં ભોજન પ્રાપ્ત થાય, જેના શરીરની ચામડી કોમળ હોય તે હંમેશાં એશ-આરામ જ ભોગવે, અને જેના નખ તેજદાર લાલરંગના હોય તેની પાસે લક્ષ્મીનો કાયમ વાસ હોય.

(૧૨) જેની ચક્ષુઓ, નાક તથા હાથ લાંબા હોય તે લક્ષ્મીવાન થાય. જેની નાસિકા પોપટના જેવી અણીદાર હોય તે સુખી અને ધર્મમાં શ્રદ્ધાવાન થાય

(૧૩) કંઠ, જાંઘ અને પીઠ જેની ટુંકી હોય તે શખ્સ નસીબવાન–ભાગ્યશાળી હોય. જેનાં કેશ, નખ, ચામડી, દાંત અને અંગુલીના ટેરવાંઓ પાતળાં હોય તે શુભ છે અને લાંબુ આયુષ્ય ભોગવે.

(૧૪) જે મનુષ્યના હાથ–પગના તળિયા, નેત્રોના ખૂણા, નખ, તાળુ, જીભ અને હોઠ ખૂબસુરત અને લાલ રંગના હોય તે એશ–આરામ ભોગવવાવાળો થાય.

(૧૫) છાતી, મસ્તક અને લલાટ પ્રદેશ જે મનુષ્યનાં પહોળાં હોય તે શુભ ગણાય છે. સુખ ચેન ઉડાવે. જેનો અવાજ અને નાભિ ગંભીર હોય તે પણ સુખ ચેન પ્રાપ્ત કરે.

(૧૬) જે મનુષ્યના હાથ ગોઠણ પર્યંત લાંબા હોય તે સુખી અને હિમ્મતવાન બહાદૂર હોય, જેના હાથ–પગની આંગળીઓ લાંબી હોય તે યશસ્વી હોંશિયાર અને દિલનો ઉદાર થાય. જેનો લલાટપ્રદેશ ઉંચો–વિશાળ હોય તે ઉચ્ચ પદવી પ્રાપ્ત કરે.

(૧૭) જે મનુષ્યની તર્જની આંગળી (અંગુઠા પાસેની પહેલી આંગળી) લાંબી હોય તે તામસી પ્રકૃતિવાળો થાય અને આરામ ભોગવે. જેના હાથ–પગની આંગળીઓ લાંબી અને અણીદાર હોય તે શખ્સ ભાગ્યશાળી થાય અને સુખચેન ભોગવે.

(૧૮) જે મનુષ્યને બત્રીશે દાંત પૂરેપૂરા હોય તે નિર્ગ્રંથ મુનિ અથવા લક્ષ્મીવાન ગૃહસ્થ થાય. જેને એકત્રીશ અથવા

ત્રીશ દાંત હોય તે પણ શુભ ગણાય છે, અને સુખી થાય; પરન્તુ જેને ત્રીશથી પણ ઓછા દાંત હોય તે મનુષ્ય દુ:ખી જીંદગી ગુજારે.

(૧૯) જેના લલાટપ્રદેશમાં આડી પાંચ રેખા પડી હોય તે મનુષ્ય ૧૦૦ વર્ષ જીવે છે. ચાર હોય તો ૮૦ વર્ષ, ત્રણ હોય તો ૬૦ વર્ષ, બે હોય તો ૪૦ વર્ષ, અને એક આડી રેખા પડી હોય તો ૨૦ વર્ષ જીવે છે.

(૨૦) જે મનુષ્ય સદા હસમુખો અને પ્રસન્ન ચિત્તવાળો હોય તે કદી દુ:ખી થતો નથી–સુખચેન ભોગવવાવાળો થાય.

(૨૧) દરેક મનુષ્યના હાથમાં ત્રણ રેખાઓ અવશ્ય હોય, છે. એક આયુષ્યરેખા, વચલી વૈભવરેખા અને ત્રીજી (જે મણિબંધમાંથી નીકળી અંગુઠા અને તર્જની આંગળીની વચ્ચે જઇને મળે છે તે) યશરેખા. એ ત્રણે રેખાઓ જેની અખંડ સ્પષ્ટ અને લાંબી હોય તો તે મનુષ્યનું આયુષ્ય, વૈભવ અને યશ સંપૂર્ણ હોય છે. પરન્તુ જો અખંડ, સ્પષ્ટ અને લાંબી ન હોય તો આયુષ્ય, વૈભવ અને યશ તેટલા પ્રમાણમાં ઓછાં સમજવાં.

(૨૨) જે મનુષ્યના હાથમાં નકામી રેખાઓ ભરી હોય. અથવા બહુ જ અલ્પ રેખાઓ હોય તે ઠીક નથી. કારણ કે તે મામુલી–સામાન્ય માણસ ગણાય છે.

(૨૩) જેના હાથમાં કમલનું ચિન્હ હોય તે હમેશાં આનંદ–સુખ ભોગવે. અને જેના હાથમાં ભાલાનું નિશાન હોય તે જંગ કરવામાં–લડાઇ લડવામાં બહાદુર થાય છે.

(૨૪) જેના હાથની દશે આંગળીઓમાં ચક્રનું નિશાન હોય તે જૈનમુનિ અથવા રાજા હોય, નવ ચક્ર હોય તો

દિવાન થાય, આઠ ચક્ર હોય તો હમેશાં લક્ષ્મી પાસે રહે, પરંતુ માંદો રહે, સાત ચક્ર હોય તો સુખી, છ ચક્ર હોય તો કામી અને પાંચ-ચાર-ત્રણ-બે તથા એક ચક્ર હોય તો ગુણવાન થાય છે.

(૨૫) જેના બન્ને હાથની આંગળીઓ અને અંગુઠા પૈકી જમણામાં દક્ષિણાવર્ત્ત અને ડાબામાં વામાવર્ત્ત શંખ હોય તો તે દરેક પ્રકારે સુખી થાય છે.

(૨૬) જેના હાથની આંગળીઓમાં અથવા અંગુઠામાં છીપનું ચિન્હ હોય તે મોહનીય કર્મના ઉદયથી દુઃખ પ્રાપ્ત કરે.

(૨૭) જે મનુષ્યની અનામિકા આંગળીના ત્રીજા વેઢાથી કનિષ્ઠા આંગળી વધી ગયેલી હોય તો તે મનુષ્ય લક્ષ્મીવાન અને સુખી થાય, તેમજ જેની મધ્યમા આંગળીના ત્રીજા વેઢાથી તર્જની આંગળી વધી ગયેલી હોય તો તે મનુષ્ય નશીબદાર-ભાગ્યશાળી નિવડે છે.

(૨૮) જેના હાથની આંગળીઓ ઉભી કરવાથી પરસ્પર મળેલી રહે-વચમાં છિદ્ર ન દેખાય તે મનુષ્ય લક્ષ્મી એકઠી કરે અને કંજૂસ થાય. જેની વચમાં અંતર પડેલું જણાય એટલે વચમાં છિદ્ર દેખાય તો તે મનુષ્ય દિલનો ઉદાર અને લક્ષ્મી સંપાદન કરવામાં બહાદુર થાય.

(૨૯) જેની અનામિકા આંગળીના મૂળથી કનિષ્ઠા આંગળીનું મૂળ નીચે હોય તે મનુષ્ય બુદ્ધિવાન હોય, તેમજ જેની મધ્યમા આંગળીના મૂળથી તર્જની આંગળીનું મૂળ નીચે હોય તે મનુષ્ય બુદ્ધિવાન ઉપદેશક અને ચતુર હોય.

(૩૦) અનામિકા આંગળીના નીચેના છેલ્લા વેઢામાં જેટલી

આડી રેખા હોય તેટલી તે મનુષ્ય હકુમત ભોગવે. અને ઉભી રેખા જેટલી હોય તેટલી તેની ધર્મ ઉપર શ્રદ્ધા સચોટ બની રહે.

(૩૧) મધ્યમા આંગળીના નીચેના છેલ્લા વેઢામાં જેટલી આડી અને ઉભી રેખા હોય તેટલી તે મનુષ્યની હકુમતમાં અને ધર્મશ્રદ્ધામાં અપૂર્ણતા-ઊણપ હોય. અનામિકાથી મધ્યમા આંગળીનું ફળ ઉલટું કહ્યું છે. કનિષ્ઠા આંગળીના નીચેના બે વેઢાઓમાં જેટલી ઉભી રેખાઓ હોય તેના પ્રમાણમાં તે મનુષ્ય સુખચેનનો ભોક્તા થાય.

(૩૨) તર્જની, મધ્યમા અને અનામિકા આંગળીના વચલા વેઢામાં જેટલી ઉભી રેખા હોય તેટલા તે મનુષ્યને મિત્રો હોય, અને આડી રેખાઓ જેટલી હોય તેટલા દુશ્મનો હોય. તર્જની આંગળીના નીચેના વેઢામાં જેટલી ઉભી અને આડી રેખા હોય તેટલા તે મનુષ્યના અવર્ણવાદ બોલનારા હોય. અનામિકા આંગળીના વચલા અને નીચેના વેઢાની ઉભી રેખાને કેટલાક ધર્મરેખા પણ માને છે.

(૩૩) પુરુષોનાં જેવી રીતે જમણા હાથનાં લક્ષણો જોવાય છે તેવી જ રીતે ડાબા હાથના પણ જોવાં જોઇએ. જો કે જમણા હાથનાં લક્ષણો સંપૂર્ણ ફળ આપનારાં હોય છે, તો ડાબા હાથનાં લક્ષણો કંઈક અપૂર્ણ ફળ આપનારાં હોય છે; પરંતુ સાવ વ્યર્થ તો જતાં નથી.

(૩૪) બત્રીશ લક્ષણો પૈકી એક પણ લક્ષણ જેના હાથમાં અથવા શરીરમાં સાફ-સ્પષ્ટ હોય તો તે એક જ લક્ષણ

આખી ઉમર સુધી લાભદાયક નીવડે છે, જ્યારે તેવું જ કોઇ કુલક્ષણ શરીર ઉપર સ્પષ્ટ પડી ગયેલું જોવામાં આવે તો તે પણ આખી જીંદગી સુધી કટુ ફળનો અનુભવ કરાવે છે.

(૩૫) જે મનુષ્ય પોતાના હાથની આંગલીઓના માપથી ૧૦૮ આંગળ ઉંચો હોય તે ઉત્તમ અને તેજસ્વી થાય. જેની ઉંચાઇ ૯૬ આંગળ હોય તે મધ્યમ અને જે ૮૪ આંગળ લાંબો હોય તે સામાન્ય પુરુષ ગણાય છે. આથી પણ જેની ઉંચાઇ ઓછી હોય તે કષ્ટપૂર્વક જીવન વ્યતીત કરે.

(શરીરની ઉંચાઇ માપવાની રીત આ પ્રમાણે સમજવી–એક લાંબી દોરી લઇ જમણા પગના અંગુઠા નીચે દબાવી મસ્તક સુધી માપવી. પછી એ દોરીને આંગળીઓ વતી માપવી. પરંતુ માપતી વખતે આંગળીઓના વચલા ટેરવાથી માપ લેવું. ઉપરના ટેરવાથી કે નીચેના ટેરવાથી બરાબર માપ આવી શકશે નહીં.)

(૩૬) મહાન્ શૂરવીર, મહાન્ બુદ્ધિમાન્, મ્હોટા આબરૂદાર અને વધારે સુખી મનુષ્યો આ પંચમકાળમાં દીર્ઘાયુ ભોગવી શકતા નથી,—ટુંકી ઉમ્મરવાળા જ હોય છે. કારણ કે જ્ઞાની પુરુષોએ આ પંચમકાળમાં ઉત્તમ વસ્તુઓનો વિનાશ ફરમાવેલ છે.

(૩૭) નાસિકાનાં બન્ને છિદ્રો ન્હાનાં હોય તે ઉત્તમ છે. જેનું નાક હમેશાં સુકાયેલું રહે તે દીર્ઘાયુનો ભોક્તા થાય. જેનાં કાન, નાક, હાથ, પગ અને નેત્રો લાંબા હોય તે દીર્ઘાયુ ભોગવે છે.

(૩૮) ચક્ષુઓ કમલ સમાન ખુબસુરત, બન્ને ખુણા લાલ, કીકી શ્યામ અને વચલો ભાગ સફેદ હોય તે ઉત્તમ નેત્રો ગણાય છે. એવાં નેત્રોવાળો પુરુષ ભાગ્યશાળી ગણાય છે. હાથીના નેત્રો જેવાં જેનાં નેત્ર હોય તે ફોજનો અફસર થાય, મોરની ચક્ષુઓ જેવી ચક્ષુવાળો પુરુષ મધ્યમ સ્થિતિવાળો થાય અને માંજરી આંખોવાળો આપમતલબી-સ્વાર્થી હોય.

(૩૯) જેના શરીરનો રંગ હીરા, માણેક, મોતી, સુવર્ણ અથવા હરતાલ જેવો ચમકદાર હોય તે ભાગ્યશાળી અને સુખચેન ભોગવવાવાળો થાય. જેના શરીરનો રંગ પરવાળાં અથવા ચંપાનાં ફૂલ જેવો હોય તે દલકાબમંદ થાય.

(૪૦) જે મનુષ્યનો કુદરતી અવાજ સારસ, કોકિલ, ચક્રવાક, ક્રૌંચ, હંસ, વીણા અને સારંગીના જેવો મીઠો હોય તો તે સુખી થાય, અને એશ-આરામ ભોગવે. જેનો કુદરતી અવાજ મેઘગર્જના જેવો અથવા હાથીના અવાજ જેવો ગંભીર હોય તે મહાન ભાગ્યશાળી થાય. મધુર અને ગંભીર અવાજવાળો પુરુષ જ્યાં જાય ત્યાં યશ પ્રાપ્ત કરે અને મોજમજા ઉડાવે છે.

(૪૧) જે મનુષ્યની ચાલ હંસ, હાથી, સિંહ અથવા વૃષભની માફક સુંદર હોય તે સર્વત્ર યશ મેળવે છે.

(૪૨) જેના શરીરમાં પિત્ત પ્રકૃતિનું જોર વધારે હોય તે (ચાહે પુરુષ હોય અથવા સ્ત્રી હોય તે) બુદ્ધિવાન, ધર્મવાન અને જ્ઞાની થાય.

(૪૩) તીર્થંકર અને ચક્રવર્તીના શરીરમાં ૧૦૦૮ લક્ષણ હોય છે. વાસુદેવ, પ્રતિવાસુદેવ અને બળદેવના શરીરમ ૧૦૮ લક્ષણ હોય છે. જ્યારે તેથી પણ ઉતરતા દર જ્જાવાળાઓના શરીરમાં ૩૨ લક્ષણ હોય છે.

(૪૪) જેના હાથમાં ત્રાજવાનું ચિહ્ન હોય તે પરદેશન મુસાફરી કરે અને લક્ષ્મી સંપાદન કરે. જેના હાથમ અષ્ટકોણનો આકાર હોય તે લક્ષ્મીવંત અને ભાગ્ય શાળી થાય.

(૪૫) જેના હાથમાં કુંડલનું નિશાન હોય તે ધનવાન થાય જેના હાથમાં દેવમંદિરનું નિશાન હોય તે દેવમંદિર નિર્માણ કરાવે, ધર્મ ઉપર પૂર્ણશ્રદ્ધા રાખે અને તીથ સ્થાન ઉપર દેવમૂર્તિની પ્રતિષ્ઠા કરાવે.

(૪૬) જેના હાથમાં સર્પનું નિશાન હોય તે તામસ પ્રકૃતિ વાળો હોય; પરંતુ તેની પાસે લક્ષ્મી કાયમ રહે.

(૪૭) અંગુઠા અને આંગળીઓની ઉપર જે ત્રણ ત્રણ વેઢાએ આવે છે, તે વેઢાઓ ઉપર જે કાપાઓ પડેલા હોય તે [જેનાથી કુદરતી જવનો આકાર પણ બની જાય છે] તે દશથી ઓછા હોય તો ઠીક નહીં. બાર હોય તે લક્ષ્મીવાન થાય, પંદર હોય તો મ્હોટો ધનિક થા અને અઢાર, વીશ કે પચ્ચીશ હોય તો જ્ઞાની ઉપરાં સુખી પણ થાય છે.

(૪૮) જે મનુષ્યના હાથ ઉપર થોડા થોડા વાળ ઉગેલા હો તો તે એશઆરામ ભોગવે. સ્ત્રીઓના હાથ ઉપર વા ઉગેલા હોય તો તે ઠીક નથી. જેના હાથની નસો દેખાર

ન હોય અને માંસવડે પુષ્ટ હોય તે મનુષ્ય એશ-આરામ ભોગવે છે. જેના હાથનો અંગુઠો પ્રમાણ કરતાં ન્હાનો હોય તે ઠીક નથી. અંગુઠાનો પહેલો વેઢો લાંબો હોય તે મનુષ્ય ધર્મ ઉપર પૂર્ણશ્રદ્ધાવાન થાય. તેવીજ રીતે બીજો વેઢો લાંબો હોય તો તે પણ શુભદાયક છે.

(૪૯) જે મનુષ્યની પાંચે આંગળીઓના અગ્ર ભાગ ઉપર ચક્રનું ચિહ્ન હોય તો તે જગતમાં મ્હોટો યશસ્વી થાય અને તેનું ઉચ્ચ પદ કાયમ રહે. જેની તર્જની આંગળી ઉપર ચક્રનું નિશાન હોય તે મનુષ્યને મ્હોટા મ્હોટા દોસ્તો હોય અને તેનાથી લાભ થાય, પરન્તુ એ ચક્ર દક્ષિણાવર્ત્ત હોવું જોઈએ. કદાચ વામાવર્ત્ત હોય તો તેથી અલ્પ ફળ પણ મળે છે. એવી જ રીતે જેની મધ્યમા આંગળીના અગ્ર ભાગ ઉપર ચક્ર હોય તેને જમીનદ્વારા લાભ પ્રાપ્ત થાય. જેની અનામિકા આંગળીના અગ્ર ભાગ ઉપર ચક્રનું નિશાન હોય તે વિદ્વાન હોય અને વિવિધ પ્રકારની વિદ્યાઓનો જાણકાર હોય, તેમજ જે કામનો પ્રારંભ કરે તેમાં ફત્તેહમંદ થાય. અગર તે મનુષ્ય દુનિયાનો ત્યાગ કરી દીક્ષાનો સ્વીકાર કરે તો તે રાજાઓનો પણ ધર્મગુરુ બને, અને પૂજનિક થાય. પરન્તુ એ દક્ષિણાવર્ત્ત હોવું જોઈએ. જો કદાચ વામાવર્ત્ત હોય તો તેથી ઓછું ફળ મળે, પણ નિષ્ફળ ન થાય.

(૫૦) જેની કનિષ્ઠા અંગુલિના અગ્ર ભાગ ઉપર ચક્ર હોય તે દેશ-પરદેશની સફર કરે અને લક્ષ્મી સંપાદન કરે. જેની પાંચે આંગળીના અગ્ર ભાગ ઉપર શંખ હોય તો તે પણ શુભ છે. જેની પાંચે આંગળીઓના અગ્ર ભાગ ઉપર

છીપનું ચિહ્ન હોય તે કંજુસ હોય. જેની દશે આંગળી
ઓના અગ્ર ભાગ ઉપર ચક્ર હોય તો તે મ્હોટો રાજા
અથવા યોગીરાજ હોય.

(૫૧) જેના પગમાં ચક્રનો આકાર હોય તે દોલતમંદ-લક્ષ્મં
વાન અને દિલનો દિલેર-ઉદાર થાય. જેના પગમ
અંગુઠાથી નીકળીને નવ આંગળ લાંબી ઊર્ધ્વ રેખ
પગની પાની સુધી લાંબી ચાલી ગઈ હોય તે મનુષ
રાજા અથવા યોગી હોય.

(૫૨) જેના પગમાં ધ્વજાનું નિશાન હોય તો દુનિયામાં તેનં
ખૂબ કીર્ત્તિ ફેલાય છે. જેના પગમાં રથનો આકાર હોય
તેના ઘરે રથ, ગાડી, ઘોડા વગેરે વાહનો કાયમ રહે
જેના પગમાં પદ્મનું ચિહ્ન હોય તે વૈરાગ્ય પ્રાપ્ત કરે
મહાન્ સાધુ મહાત્મા થાય.

(૫૩) જેના પગમાં ચંદ્રમાનું નિશાન હોય તે દેવની જેમ
હમેશાં પૂજાય છે. જેના પગમાં ત્રિશૂળનું નિશાન હોય
તે સાધુ થાય, પરન્તુ તેનાથી ધર્મનું આરાધન થઇ શકે
નહીં. જેના પગમાં મયૂરનું ચિહ્ન હોય તે શુભ છે, તેનં
ધારણા સફળ થાય. જેના પગમાં કાચબાનું ચિહ્ન હોય
તે પાણીમાં તરતા શીખે અને સમુદ્રની મુસાફરી કરે

(૫૪) જેના પગમાં અષ્ટ પાંખડીવાળું કમળ હોય તે રાજાધિ
રાજ હોય. જેના પગના અંગુઠા નીચે જવનો આકાર
હોય તે મહાન્ જંગબહાદુર અને લક્ષ્મીવાન હોય.

(૫૫) જેના પગમાં પદ્મનું ચિહ્ન હોય તે રાજાધિરાજ અથવ
રાજઋષિ હોય. જેના પગમાં ધ્વજા હોય તે જગતમ
યશસ્વી થાય અને પ્રખ્યાતિ પામે. જેના પગમાં છત્રન

નિશાન હોય તે છત્રપતિ રાજા થાય અને અમલદારી પ્રાપ્ત કરે. જેના પગમાં ધનુષ્યનો આકાર હોય તે હમેશાં બીજાની સાથે લડાઇઓ કર્યા કરે. અને જેના પગમાં સર્પનું ચિહ્ન હોય તેનું મૃત્યુ ઝેરથી થાય.

(૫૬) જેના પગમાં સ્વસ્તિકનું ચિહ્ન હોય તે સંસારનો ત્યાગ કરી દીક્ષાનો સ્વીકાર કરે, ધર્માચાર્ય બને અને દુનિયાને ધર્મનું શિક્ષણ આપે. જેના પગમાં હળ, વજ્ર અથવા કમળનું ચિહ્ન હોય તે રાજા અથવા નિર્ગ્રંથ મુનિ થાય. જેના પગમાં ચક્રનું નિશાન હોય તે મહાન ભાગ્યશાળી થાય અને કાયમ તંદુરસ્ત તથા લક્ષ્મીવાન રહે.

સ્ત્રીઓનાં લક્ષણ વિષે કંઈક વિશેષ

(૧) જેવી રીતે પુરુષોનાં જમણા અંગનાં લક્ષણો શુભ અને લાભદાયક નિવડે છે તેવી રીતે સ્ત્રીઓનાં ડાબા અંગનાં લક્ષણો લાભદાયક હોય છે.

(૩) જે સ્ત્રીનું મુખ ગોળ અને ખુબસૂરત હોય અને મસ્તકના કેશ લાંબા હોય તે પદ્મિનીનાં લક્ષણો જાણવાં. જે સ્ત્રીના શરીર ઉપર કેશ જુજ હોય તેની પાસે લક્ષ્મી કાયમનો વાસ કરીને રહે છે. પાતળા હૃદયવાળી સ્ત્રી હમેશાં ખાનપાનમાં સુખી રહે અને દીલની ઉદાર હોય.

(૩) જે સ્ત્રીનું લલાટ–કપાળ ન્હાનું હોય તે ઠીક નથી. મ્હોટા લલાટવાળી સ્ત્રી સદા એશઆરામ ભોગવે. જેના લલાટમાં ડાબી તરફ ન્હાનો તલ હોય તે સર્વત્ર યશ પ્રાપ્ત

કરે. બહુ લાંબી અને બહુ ઠીંગણી સ્ત્રી પોતાના પતિની આજ્ઞાનો અનાદર કરે–પતિની આજ્ઞા માને નહીં.

(૪) જે સ્ત્રીનું નાક ન્હાનું અને ખુબસૂરત હોય તે સુખ પૂર્વક જીંદગી વ્યતીત કરે. જેની આંખો માંજરી હોય કે આપમતલબી–સ્વાર્થી હોય. જે સ્ત્રીના શરીર ઉપર કેશ–રૂંવાટા થોડા હોય, નિદ્રા અલ્પ હોય, પરસેવો પણ બહુ જ અલ્પ હોય તે શ્રેષ્ઠ ગણાય છે. કારણ કે એ પદ્મિની સ્ત્રીનાં લક્ષણો છે.

(૫) જે સ્ત્રીના હસ્તમાં ચક્ર, ધ્વજા, છત્ર, ચામર, તોરણ, અંકુશ, કુંડલ, હાથી, ઘોડા, રથ, જવ, પર્વત, માછલી, મહેલ, કલશ, પદ્મ, તલવાર, કમલ અન ફુલમાળા વગેરે ચિહ્ન હોય તે લક્ષ્મીવતી થાય, સુખચેનનો ઉપભોગ કરે અને જગતમાં તેની કીર્ત્તિ વિસ્તાર પામે છે.

(૬) જે સ્ત્રીના હોઠ પાતળા અને લાલ હોય તે હમેશાં સુખ પ્રાપ્ત કરે. જે સ્ત્રીનો નાભિપ્રદેશ ઉંડો અને ગંભીર હોય તેની પાસે લક્ષ્મી સર્વદા વાસ કરીને રહે છે. હસવાથી જે સ્ત્રીના ગાલમાં ખાડા પડતા હોય તે ખુશમિજાજ અને પતિ સાથે સ્નેહ રાખનાર હોય. જે સ્ત્રીના પગ ઉપર ઘણા વાળ ઉગેલા હોય તે હમેશાં ધનની તંગી ભોગવે.

(૭) કોયલના અવાજ સમાન જેની વાણી મધુર હોય તે સ્ત્રી સૌભાગ્યશાળી જાણવી. તેનો ખજાનો કાયમ ભરેલો રહે અને સર્વત્ર તેની કીર્ત્તિ વિસ્તાર પામે.

(૮) જે સ્ત્રીના દાંત ન્હાના અને પાતળા હોય તે સર્વદા

ખાનપાનથી સુખી હોય. જે સ્ત્રીની નાસિકાનાં બન્ને છેદ ન્હાના હોય, કેશ પાતળા અને ચમકદાર હોય, આંખોમાં શરમ ભરેલી હોય તે શુભ લક્ષણો જાણવાં, કારણ કે એ લક્ષણો પદ્મિનીમાં પણ હોય છે.

(૯) જે સ્ત્રીના પગની તર્જની અંગુલી અંગુઠાથી મ્હોટી હોય તે પતિના હુકમનો સ્વીકાર ન કરે. જે સ્ત્રીના પગની તર્જની અંગુલી કરતાં મધ્યમા અંગુલી લાંબી હોય તે અભિમાનિની હોય, એ જ કારણથી તે કષ્ટ પ્રાપ્ત કરે. જે સ્ત્રીની નાભિ બહાર નીકળેલી હોય, હોઠ શ્યામ રંગના હોય અને દાંત બહાર નીકળેલા હોય તે સ્ત્રીને પતિ તરફથી સંપૃર્ણ સુખ ન મળે અને કષ્ટથી દિવસો ગુજારે.

(૧૦) જે સ્ત્રીના ડાબા પગમાં સાત અંગુલ લાંબી ઊર્ધ્વ રેખા હોય તે રાજાની રાણી થાય અથવા તેને લક્ષ્મીવાન પતિ મળે, અને પોતાના ઘરમાં સારી પ્રતિષ્ઠા–માન પ્રાપ્ત કરે. જે સ્ત્રીની ભ્રૂ–નેણ લાંબી હોય તે હંમેશા સુખ ભોગવે. જે સ્ત્રીના બત્રીસે દાંત એક સરખા અને ખુબસૂરત હોય તે સર્વદા મિષ્ટ ભોજનનો ઉપભોગ કરવાવાળી અને સુખી હોય.

(૧૧) જે સ્ત્રીના ગળા ઉપર ત્રણ આડી રેખા પડી હોય તે સૌભાગ્યશાળી અને આરામ ભોગવવાવાળી હોય.

ઇતિ હસ્તરેખા નિમિત્ત સંપૂર્ણ.

(૭) ઉત્પાત-નિમિત્ત—

(૧) દુનિયામાં વસતા મનુષ્યોનું પ્રારબ્ધ જ્યારે કમજોર થઈ જાય છે ત્યારે કદી પણ ન બનેલા બનાવો-અસંભવિત બનાવો બનવા લાગે છે. એ અસંભવિત બનાવોનું બીજું નામ ઉત્પાત છે. જે જે ઉત્પાતોની અસર સામાન્ય જનતા ઉપર જેવી રીતે થાય છે તે જ આ પ્રકરણમાં બતાવવામાં આવશે. ઉત્પાત થવાથી કેવા કેવાં ફળો અનુભવવાં પડશે, તે સંબંધી કંઈક માહિતી આમાં આપવામાં આવશે. વીજળી થવાથી કેટલા ગાઉ સુધી તેની અસર થશે અને ગર્જના થવાથી કેટલે દૂર સુધી તેનો શબ્દ સાંભળી શકાય વગેરે હકીકત આમાં આપવામાં આવી છે.

(૨) વાસ્તવિક રીતે જોતાં ખરી વાત તો એ છે કે દુનિયા ઉપર જ્યારે ખરાબ દિવસો શરૂ થવાના હોય છે ત્યારે નિમિત્તો પણ એ દુર્દિનોને અનુકૂળ જ શરૂ થાય છે. જો દેશ, શહેર અથવા જંગલમાં ઉત્પાતનો સંભવ જણાય તો ચોક્કસ સમજો કે તે તે સ્થાનોના અશુભ-બુરા દિવસોની એ નિશાની છે. જે શહેરના દરવાજા ઉપર અથવા દેવમંદિરના શિખર ઉપર વિજળી પડે તો ત્યાં છ જ મહિનામાં દુશ્મનોનું જોર વૃદ્ધિ પામે. જે દેશમાં નદીઓનું પાણી જે તરફ વહેતું હોય તે બદલી જઈ બીજી તરફ-ઉલટું વહેવા માંડે ત્યાં એક વર્ષમાં અમલદારી અદલબદલ થઈ જાય અથવા નષ્ટ થાય.

(૩) જ્યાં દેવમૂર્તિ હસવા લાગે, રોતી હોય તેમ જણાય

અથવા સિંહાસનથી સ્વયમેવ નીચે ઉતરી જાય તો ત્યાં રાજાઓમાં લડાઈ જાગે, અને પરિણામે સમગ્ર દેશ બરબાદ થઇ જાય.

(૪) જ્યાં દીવાલ ઉપર ચીતરેલી પુતળી રોવા લાગે, હસતી હોય તેવો ભાસ થાય, અથવા ભૃકુટી ચઢાવી ગુસ્સો કરે તો ત્યાં લડાઈ જામે, લોકોને ઘર બાર છોડી ભાગી જવું પડે અને આખો દેશ ઉજ્જડ થઈ જાય. જ્યાં અર્ધરાત્રિએ કાક પક્ષિ બોલે ત્યાં દુષ્કાળ પડે અને લોકોના દુર્દિનની શરૂઆત થાય.

(૫) જે મુલ્ક–દેશના રાજાનો ડંકો તથા નિશાન લડાઇમાં જતી વખતે વિના કારણ ભાંગી–તુટી જાય તેનો લડાઇમાં પરાજય થાય. જ્યાં દેવમંદિર અથવા રાજાના ચમરમાંથી અગ્નિ વિના આગના અંગારા ઝરવા લાગે ત્યાં લડાઈ–ઝગડા થવાથી ઘણાને નુકસાન થાય.

(૬) જ્યાં વૃક્ષોમાંથી લોહીની ધારા વછુટે ત્યાં કલેશ બખેડા વધે અને લડાઇ પણ થાય. જ્યાં રાજાના છત્રમાં આગ લાગે ત્યાં રાજદ્રોહ ઉત્પન્ન થાય.

(૭) જો રાજાના કોઠારમાંથી અથવા આયુધશાળામાંથી વિના અગ્નિ ધુમાડો નીકળવા માંડે તો લડાઇ અને કલેશ–કંકાસ વધે. જ્યાં વૃક્ષોમાંથી દુધ, ઘી અથવા મધની ધારા છુટે ત્યાં લોકોમાં બિમારી–માંદગી અને તે સાથે દુર્દિનની શરૂઆત થાય. કોઇ પણ ઉત્પાતનું ફળાફળ છ અથવા બાર માસમાં તો મળવું જ જોઇએ. જો તેમ ન થાય તો એ ઉત્પાત ખોટો છે એમ સમજવું.

(૮) જ્યાં દેવમૂર્તિ અકસ્માત્ ટૂટી જાય યા નેત્રોમાંથી આંસુ

ઝરે, પરસેવો થઈ જાય અથવા મુખથી બોલતી જણાય તો તે દેશના રાજાનું અને લોકોનું નુકશાન થાય, અને આફત આવે. દેવમંદિર, રાજમહેલ, ધ્વજા પતાકા યા તોરણ અગ્નિથી અથવા વિજળી પડવાથી બળવા માંડે એ દુર્દિનોની નિશાની છે, અને કોઇ પણ પ્રકારની આફત આવે.

(૯) જ્યાં અગ્નિ વિના ધુમાડો નીકળવા માંડે, આકાશમાંથી ધૂળની વૃષ્ટિ થવા માંડે, દિવસ છતાં પણ વિના કારણ અંધારૂં છવાઈ જાય, એ દુર્દિનોની નિશાની છે. રાત્રિના વરસાદ વિનાના અથવા મેઘવાળાં વાંદળાં વિનાનાં આકાશમાં તારા નજરે ન પડે અને દિવસે જોવામાં આવે તો તે ઠીક નથી, કારણ કે તેથી કોઇ પ્રકારની આફત પેદા થાય. વૃક્ષોમાંથી અચાનક રોવા જેવો અથવા બોલવા જેવો અવાજ નીકળે તે સારૂં નહીં, કારણ કે એ દુર્દિનોની આગાહી છે. વૃક્ષોના ઉત્પાતનું ફળ લગભગ દશ મહિનામાં મળવું જોઈએ. અગર એ મુદતમાં ન મળે તો ખોટું સમજવું.

(૧૦) જ્યાં આકાશમાં લોહી, ચરબી, માંસ અથવા હાડકાની વૃષ્ટિ થાય ત્યાં કોઈ પણ પ્રકારનો રોગ ફેલાય. જે શહેર ઉપર આકાશમાંથી કોલસા યા ધૂળની વૃષ્ટિ થાય તો તે શહેરના લોકો ઉપર આફત પ્રાપ્ત થાય.

(૧૧) જ્યાં કોઇ નદીમાં તેલ, લોહી અથવા માંસ વહેતું નજરે પડે તો તેની આસપાસનાં ગામો-નગરો ઉપર દુશ્મનોનું જોર વધે. કોઈ પણ કુવામાંથી અગ્નિની જ્વાળા અથવા ધુમાડો નીકળતો નજરે પડે તો આસપાસનાં

મકાનોમાં બિમારી–રોગ ફેલાય. જે મકાનોની આસપાસ કૂતરાઓનું રુદન સંભળાય તે અશુભસૂચક છે.

(૧૨) વિજળી ૮૦ કોશ સુધી નજરે પડે છે, જ્યારે મેઘની ગર્જના ૧૦૦ કોસ પર્યંત સંભળાય છે. જૂના જમાનામાં વરસાદનું પાણી મીઠું અને સ્નિગ્ધ હોઈને જમીનને ખુશબોદાર બનાવતું હતું. પુષ્કરાવર્ત મેઘનું પાણી ઘૃત અથવા દુધની જેમ તાકાત–બળ ઉત્પન્ન કરતું, અને બાર બાર વર્ષો સુધી જમીન તરાવર બની રહેતી જેથી ખેતીવાડીને ખૂબ પેદાશ થતી. પરન્તુ હાલના જમાનામાં એવા વરસાદ હવે નથી રહ્યા. જેવો જમાનો તેવો વરસાદ અને ખેતીવાડી પેદા થાય છે. વરસાદ થતી વખતે મયૂરનું બોલવું શુભ છે. દુનિયાને ખેતી વગેરેનો જરૂર ફાયદો થાય.

(૧૩) વરસાદ વાયુ વગેરે નિમિત્તો જીવોના પુણ્યાનુસાર થાય છે. જો કે જે લોકોને પુણ્ય–પાપ ઉપર વિશ્વાસ નથી તેની વાત જૂદી છે; પરંતુ પુણ્ય–પાપ રૂપી સડક એવી છે કે છેવટે તેના ઉપર આવ્યા વિના ચાલતું નથી. જૂના જમાનાના લોકો નિમિત્તજ્ઞાન જાણતા હતા અને તદનુકૂળ પ્રવૃત્તિ કરતા હતા; પરન્તુ વર્તમાન સમયમાં કેટલાએક લોકો આ વાતને મશ્કરીમાં ઉડાવી દે છે. ગમે તેમ હો, પરન્તુ નિમિત્તજ્ઞાન એ વસ્તુ સાચી જ છે. માત્ર જાણનાર હોંશિયાર હોવો જોઈએ.

(૧૪) લડાઈમાં જતી વખતે રાજાનો મુગટ, હાર અથવા કોઈ પણ આભૂષણ ટૂટી જાય અથવા પડી જાય તો તેની ફતેહ–જય ન થાય. જંગલના ઘણા જનાવરો અચાનક

શહેરમાં આવી જાય તે ઠીક નથી, કારણ કે તે અશુભ સૂચક છે. જે સ્થાનના કુવાનું મીઠું પાણી ખારું, ખાટું અથવા કડવું થઈ જાય તો તે સ્થાનની આસપાસના લોકોમાં બિમારી ફેલાય. જે સ્થાનનાં વૃક્ષોમાં એક ફળ ઉપર બીજું ફળ લાગે અથવા એક ફુલ ઉપર બીજું ફૂલ આવે તો તે સ્થાન ઉપર આફત આવે. જો જિનમંદિરના શિખરમાંથી અગ્નિ વિનાનો ધુમાડો નીકળતો જોવામાં આવે તો તેની આસપાસના વસનારાઓ માટે એ ઠીક નથી, કારણ કે દુર્દિનોની એ નિશાની છે.

(૧૫) મંદિરના શિખર ઉપર ઘુવડ આવીને બેસે તો ત્યાં દુષ્કાળ પડે. જ્યાં સર્પ પોતાની પૂંછડી ઊંચી કરીને ચાલે ત્યાં લડાઈ ફેલાય અને લોકોમાં ફિકર ઉત્પન્ન થાય.

(૧૬) જ્યાં જિનમંદિરના શિખર ઉપર ચડાવેલી ધ્વજા તે જ દિવસે પડી જાય તો ત્યાંના લોકોને નુકશાન થાય.

(૧૭) જે મનુષ્યના હાથથી જિનમૂર્તિનું મસ્તક ટૂટી જાય તેની લક્ષ્મી નાશ પામે અને મરણાંત કષ્ટ પ્રાપ્ત થાય.

(૧૮) લડાઈમાં જતી વખતે જે રાજાના રથ ઉપર ઘુવડ આવીને બેસી જાય તેનો જય થવો બહુ જ મુશ્કેલ છે, દુઃખી થાય અને મરણાંત કષ્ટ આવે.

ઇતિ ઉત્પાતાનમિત્ત સંપૂર્ણ.

(૮) અંતરિક્ષ–નિમિત્ત

(૧) આ નિમિત્ત પ્રકરણની અંદર ઉલ્કાપાત, દિગ્દાહ, ગંધર્વ નગર અને ઇંદ્ર ધનુષ્યના વિવિધ આકારો આકાશમાં નજરે પડવાથી તેની દુનિયા ઉપર શી અસર થાય, અથવા શું લાભા-લાભ થાય? તેમજ પુંછડિયા તારાનો ઉદય થવાથી દુનિયા ઉપર નફા–નુકસાનીની કેવી અસર થશે? એ હકીકત સ્પષ્ટ સમજાવવામાં આવી છે.

(૨) પુદ્ગલના પરમાણુઓથી વિવિધ પ્રકારના આકાર-દશ્યો આકાશમાં બને છે અને આપણી નજર સામે દેખાય છે તેને ઉલ્કા નામથી સંબોધવામાં આવે છે. એ ઉલ્કા જો ભૂત, પ્રેત, રાક્ષસ, ઉંટ, વાનર અથવા હરણની આકૃતિ જેવી નજરે પડે તો તે ખરાબ ફળને આપનારી થાય છે. સર્પ, ઘો અને બે મસ્તકવાળી ઉલ્કા પણ અશુભસૂચક ગણાય છે.

(૩) ઉલ્કા જો ચંદ્ર–સૂર્યનો સ્પર્શ કરીને નીચે પડે તો તે સ્થાને રાજ્યનો ફેરબદલો થાય અને દુષ્કાળ પડે. સૂર્યમાંથી નીકળેલી ઉલ્કા જો મુસાફરીએ જનાર મનુષ્યની સામે આવતી આકાશમાં નજરે પડે તો તે મુસાફરીએ જનાર મનુષ્યને લાભદાયક નિવડે છે.

(૪) કોઈ પણ દેવમંદિર અથવા ઇંદ્રધ્વજા ઉપર ઉલ્કા પડે તે સ્થાનના રાજા માટે અને સલ્તનત માટે દુર્દિનોની નિશાનીરૂપ ગણાય છે. જો કોઇ મનુષ્યના ઘર ઉપર ઉલ્કા પડે તો તે ઘરવાળા મનુષ્યોને સંકટ પ્રાપ્ત થાય. દંડના આકારની ઉલ્કા આકાશમાં ઘણીવાર સુધી જો નજરે પડે તો રાજાને ગુસ્સો ઉત્પન્ન થાય. જે ઉલ્કા ઉલટી ચાલે એટલે

જ્યાંથી નીકળી હોય તે તરફ પાછી વળી જાય તો વ્યાપારી લોકોને નુકસાન થાય. વક્ર–વાંકી ગતિવાળી ઉલ્કા રાજાની રાણીઓને અને ઊર્ધ્વ ગતિવાળી ઉલ્કા બ્રાહ્મણોને તકલીફ દુઃખ ઉત્પન્ન કરે. મોરપીંછના આકારવાળી ઉલ્કા જગતને અને મંડળની આકૃતિવાળી–ગોળ ઉલ્કા તે શહેરને નુકસાન કરનારી થાય છે.

(૫) જે ઉલ્કા બળદનો આકાર બનીને આકાશમાંથી નીચે પડે તો તે સ્થાનની ખેતીવાડીને નુકસાન થાય. ચક્રની માફક ફરતી ઉલ્કા જો આકાશમાંથી નીચે પડે તો તે સ્થાનના મનુષ્યો બરબાદ થાય–નાશ પામે.

(૬) સિંહ, વાઘ, વરાહ, શ્વાન, ઘોડા, ધનુષ્ય, ગર્દભ, વજ્ર, તલવાર, શિયાળ, બકરા, કાગડો, સસલો, મગર-મચ્છ, રીંછ, હળ અને અજગરના આકારની ઉલ્કા આકાશ-માંથી નીચે પડે તો ત્યાંના દેશવાસીઓને નુકસાન થાય. અગર કોઈ પણ સ્થાને આખો દિવસ ઉલ્કા નજરે જણાય તો સમજવું કે તે સ્થાનના રહેવાવાળા ઉપર સંકટ ઉત્પન્ન થાય.

(૭) કમળ, લક્ષ્મીદેવી, વૃક્ષ, ચંદ્ર, સૂર્ય, નંદ્યાવર્ત્ત, કળશ, ધ્વજા–પતાકા, હાથી, છત્ર સિંહાસન, રથ અથવા મુદ્ગ-ગરનાં આકારની ઉલ્કા જો આકાશમાંથી નીચે પડે તો તે મુલ્ક–દેશના રહેવાસીઓને લાભદાયક થાય. જે વખતે વરસાદ જોરથી વરસતો હોય તે વખતે ઉલ્કાપાત થાય અને કાળા પત્થર આકાશમાંથી નીચે પડે ત્યાં જાનવરો મરણ પામે.

(૮) જે સ્થાને સંધ્યા સમયે–સૂર્યાસ્ત થયા પછી અને ચંદ્રોદય થયા પૂર્વે આકાશ એકદમ લાલ વર્ણનું થઈ જાય, અને કેટલીકવાર સુધી એ જ સ્થિતિમાં કાયમ રહે તેને દિગ્દાહ કહે-વામાં આવે છે. જે સ્થાને દિગ્દાહ નજરે પડે તે સ્થાને લડાઈ–

ટંટા પેદા થાય અને લોકો સંકટમાં મુકાય. અગર એ દિગ્દાહમાંથી મનુષ્યના આકારવાળી એક મૂર્તિ હાથ ફેલાવતી નજરે દેખાય અને પાછી સંતાઈ જાય, વળી પાછી પાછળ મસ્તક ઉપર હાથ મૂકી રોતી નજરે પડે તો ત્યાં લડાઇ મચે, તલવારો ચાલે અને હજારો મરણુને શરણુ થાય. જે સ્થાનના લોકોને આકાશમાં નકલી વાજાંઓ વાગતાં સાંભળવામાં આવે ત્યાં સંકટ ઉત્પન્ન થાય અને ઘર છોડીને નાશી જવાનો સમય પ્રાપ્ત થાય.

(૯) આકાશની અંદર તરેહ તરેહના રંગબેરંગી પુદ્ગલ પરમાણુઓનું પરિણુમન થઇ નગર જેવો આકાર નજરે પડે તેને ગંધર્વનગર કહેવામાં આવે છે. અગર શ્યામ-કાળા વર્ણુનું ગંધર્વનગર નજરે પડે તો તે અશુભ સમજવું. લાલ રંગનું નજરે પડે તો તેથી જનાવરો ઉપર સંકટ આવી પડે. લીલું, પીળું, સફેદ, લાલ અથવા શ્યામ કોઇ પણુ રંગનું ગંધર્વ નગર પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણુ દિશા માટે લાભદાયક નથી.

(૧૦) ઉત્તર દિશામાં ઉત્પન્ન થયેલ ગંધર્વ નગર કે જેમાં ઘેરો, સાફ અને ચમકદાર રંગ ભરેલો હોય અને વળી તેમાં કિલ્લો, તોરણુ, વૃક્ષ અને પશુ-પક્ષીના આકારો સારી રીતે નજરે પડે તો અલબત્ત શુભ ગણુાય અને ત્યાંના લોકોને લાભ-ફાયદો થાય.

(૧૧) ઇશાન, અગ્નિ અને વાયવ્ય ખુણામાં ગંધર્વનગર નજરે પડે તો શૂદ્રોને સંકટ પ્રાપ્ત થાય, પાંડુ રંગનું ગંધર્વ નગર કોઇ પણુ દિશામાં હોય તો તેથી દેશમાં મહાવાયુ ચાલે અને મ્હોટાં મ્હોટાં વૃક્ષોને મૂળથી ઉખેડી નાંખે.

(૧૨) પીળા રંગનો દિગ્દાહ નજરે પડે તો સલ્તનતમાં–રાજ્યમાં વિરોધ પેદા થાય. અગ્નિના સમાન લાલવર્ણનો દિગ્દાહ દેશભંગનો સૂચક છે. જે દિગ્દાહમાં સૂર્યસમાન રોશની–તેજ ચમકતું હોય તો રાજાના હૃદયમાં ગુસ્સો ઉત્પન્ન થાય. પૂર્વદિશામાં દિગ્દાહ હોય તો ક્ષત્રિયોને, પશ્ચિમ દિશામાં દિગ્દાહ હોય તો ખેડુતોને, દક્ષિણ દિશામાં હોય તો વણિકોને અને ઉત્તર દિશામાં હોય તો બ્રાહ્મણોને સંકટ ઉત્પન્ન થાય.

(૧૩) આકાશ સ્વચ્છ હોય, તારાઓ નજરે પડતા હોય અને મંદ મંદ પવન ચાલતો હોય તે વખતે સુવર્ણ જેવા રંગનો દિગ્દાહ નજરે પડે તો રાજા તથા પ્રજાને લાભ થાય.

(૧૪) સૂર્યાસ્ત થયા પછી જ્યાં સુધી આકાશમાં તારાઓ ન દેખાય ત્યાંસુધીના સમયને સંધ્યા સમય કહેવામાં આવે છે. એ સંધ્યાથી થતા લાભાલાભ અહીં જણાવવામાં આવે છે. તાંબાના જેવી વર્ણવાળી સંધ્યા અને પીળાવર્ણની સંધ્યાં ફોજને અને ફોજના અફસરને માટે અનિષ્ટકારક નિવડે છે. લીલાવર્ણની સંધ્યા ખેડુતો માટે અનિષ્ટકારક જાણવી, કેમકે તેથી અનાજ અને જાનવરોની બરબાદી થાય છે. ધૂમ્રવર્ણી સંધ્યા ગાયોને માટે અનિષ્ટદાયક થાય–ગાયો ઉપર સંકટ પેદા થાય. મજીઠના જેવી વર્ણવાળી સંધ્યાથી અગ્નિનો પ્રકોપ ઉતરે, પીળાવર્ણની સંધ્યાથી વાયુનો ઉત્પાત થાય અને વરસાદ વરસે. ભસ્મ–રાખના વર્ણ જેવી સંધ્યા હોય તો વરસાદ ન થાય.

(૧૫) સંધ્યા કાળના વાદળામાં હાથી, ઘોડા, ધ્વજા, છત્ર અને પહાડ જેવી આકૃતિઓ નજરે પડે તો તે શુભ છે. તેથી ફતેહ થાય અને ત્યાંના લોકો સુખચેન ઉડાવે.

(૧૬) જે દેશની અંદર પુંછડિયો તારો નજરે પડે ત્યાંના રાજા અને પ્રજા ઉપર ઈશ્વરી કોપ ઉત્પન્ન થાય. એ પુછડિયા તારાની શિખા જે તરફ ઝુકેલી-નમેલી હોય તે દિશાના લોકો વધારે સંકટમાં મુકાય. પુછડિયા તારાના છેડા ઉપર બીજો કોઈ તારો નજરે પડે તો તે દેશમાં બિમારી ઉત્પન્ન થાય, અને દેશ બરબાદ થઈ જાય.

(૧૭) વરસાદના દિવસોમાં આકાશમાં ઈંદ્રધનુષ્ય નજરે દેખાય તે શુભ છે-તેથી લાભ થાય. ચંદ્ર-સૂર્યની ચારે તરફ ગોળાકારમાં મંડળ થાય છે તે પણ શુભસૂચક છે. (એ ગોળાકારને શાસ્ત્રોમાં પરિવેષ કહે છે.) ઈંદ્રધનુષ્ય અને પરિવેષ શીત તથા ઉષ્ણ કાળમાં થાય તે ઠીક નથી. આકાશની અંદર પંચરંગી ધનુષ્યના આકારમાં જે કમાન નજરે પડે છે તેને ઈંદ્રધનુષ્ય કહેવામાં આવે છે. વરસાદના દિવસોમાં એ ધનુષ્ય જોવામાં આવે તો જલદી વરસાદ થાય. ઇશાન ખૂણામાં વીજળી ઉત્પન્ન થાય તો વરસાદ જલદી થાય છે.

(૧૮) ચંદ્રમાની ચારે તરફ ચાહે તો સફેદવર્ણનો પરિવેષ નજરે પડે અથવા કાળાવર્ણનો કે પછી ધૂમ્રવર્ણનો નજરે પડે તો વરસાદ સારો થાય. પંચરંગી પરિવેષ હોય તો લડાઈ ચાલે અને લીલા તથા પીળા વર્ણનો હોય તો બિમારી ઉત્પન્ન થાય.

(૧૯) સૂર્યની ચારે તરફ પીળા વર્ણનો પરિવેષ હોય તો રાજા ઉપર અથવા તેની પ્રજા ઉપર ઈશ્વરી કોપ ઉતરે. સૂર્યની ચારે તરફ આખો દિવસ પરિવેષ બન્યો રહે તો દુષ્કાળ પડે. એ પરિવેષ જો લીલા વર્ણનો હોય તો અનાજ, વૃક્ષ અને ફૂળફુલ બરબાદ કરે. શ્યામ વર્ણનો અર્ધ પરિવેષ

હોય તો દુશ્મનોનું જોર વધે. પચરંગી પરિવેષ હોય તો જનાવરોનું મરણુ નિપજે.

(૨૦) ચંદ્ર-સૂર્યની ચારે તરફ પરિવેષ-મંડલ લાગેલું હોય અને તેમાં શનિ આવી જાય તો અનાજ ઓછું પાકે, મંગળ આવી જાય તો ફોજ ઉપર અથવા ફોજના અફસર ઉપર સંકટ આવે, બૃહસ્પતિ આવી જાય તો દીવાન અને પુરોહિત ઉપર કષ્ટ આવે, બુધ આવી જાય તો વારીશ-વરસાદ સારો થાય, શુક્ર આવી જાય તો ફોજના લોકોમાં અને અંતઃપુરમાં સંકટ ઉત્પન્ન થાય, રાહુ આવી જાય તો બિમારી ઉત્પન્ન થાય અને કેતુ આવી જાય તો દુષ્કાલ પડે.

॥ ઇતિ અંતરિક્ષનિમિત્ત સંપૂર્ણ ॥

રમલ શુકનાવલી—

રમલ શુકનાવળી જોવા સારૂં, શીસમ, દાંત કે કેરડાના લાકડાના પાસા ચાર કરાવવા ને દરેક પાસાપર એક બાજુ એકીનાં ટપકાં ને તેની નીચે બેકીના ને તેની નીચે એકીના ને તેની નીચે બેકીના એ પ્રમાણે ચારે હાંશોએ કરી શ્રી ગણપતિ સ્મરણ કરી ઉત્તર યા પૂર્વ મુખે બેસી યા પ્રશ્ન કરનારને બેસારી ચારે પાસા હાથમાં આપી દોડવવાનું કહેવું યા પોતાને જોવું હોય તો દોડવવા. જે પાસાઓ પડે (સ્થિર) રહે તેના ઉપર ટપકાનું ચિહ્ન કરવું દોડવતા પાસા એક બે ત્રણ ચાર એમ હારબંધ હોય તે અનુક્રમ પ્રથમ—પહેલાં (ઉપલા) પાસાનું ચિહ્ન, ત્યારપછી બીજો ત્રીજો એમ ચિહ્ન કરવાં. ચિહ્નની રીતિ એવી છે કે જે પાસામાં બેકી હોય તેને લીંટી–ને એકી હોય તેનું મીંડું ૦ એ પ્રમાણે ı૦૦ અનુક્રમે ચિહ્ન લેવું. ઉદાહરણ—જો કે પાસા દોડવતાં આ પ્રમાણે સ્થિર (પડેલા) છે, તો પ્રથમના પાસામાં એકી ત્રણ ટપકાં છે તેનું મીંડું ૦ ને બીજા પાસામાં બેકીના ચાર ૦૦ ૦૦ ટપકાં છે તેની આ પ્રમાણે–લીંટી. તે પ્રમાણે ચારે પાસામાં જાણવું. જે બાજુએ એકી હોય તેનું મીંડું ૦ ને બેકી હોય તેની લીંટી–એમ અનુક્રમે સમજવું. તે પ્રમાણે પાસામાંથી ઉપજાવેલ ચિહ્નનું એક ચિહ્ન કરી તે ચિહ્ન કોષ્ટકમાં કયા અક્ષરના મથાળે છે તે જોઇ તે અક્ષરમાં તે ચિહ્નનું ફળ જોવું. આ પ્રમાણે પ્રશ્ન દિવસ રાત્રિ મળી એક વખત જોવો. તે દિવસે ફરી જોવો નહીં, એવો શાસ્ત્રવેત્તાનો મત છે.

નીચે કહ્યા મુજબ અંગ્રેજી માસની જણાવેલી તારીખો છે તે દિવસે પ્રશ્ન જોવો નહિ એવો એ શુકનાવળીનો લેખ છે.

જાન્યુઆરી	ફેબ્રુઆરી	માર્ચ	એપ્રીલ
તા. ૧-૨-૪-૬-૧૦-૨૦-૨૨	૬-૧૭-૨૮	૨૪-૨૬	૧૦-૨૭-૨૮
મે	જુન	જુલાઇ	ઓગસ્ટ
૭-૮	૨૭	૧૭-૨૧	૨૦-૨૨
સપ્ટેમ્બર	અક્ટોબર	નવેમ્બર	ડીસેમ્બર
૫-૩૦	૬	૩-૨૯	૬-૧૦-૧૫

એ તારીખો વર્જિત કરવી.

જોવાની બીજી રીતિ કે પ્રશ્ન જોવરાવનાર માણુસ પાસે નીચે પ્રમાણે મીંડાની ચાર હારો કરાવવી. ગણ્યા વગરની ને તેમાંથી જે હારમાં એકી હોય તેની લીંટી કરવી ને એકી હોય તેનું મીંડું કરવું. તે પ્રમાણે ચિહ્ન ગોતી કાઢવું ને તે ચિહ્ન કયા અક્ષરનું છે ને તે અક્ષર આંકમાં કયા આંકપર આવેલ છે તે જોઇને અક્ષરના આંકમાં તે ચિહ્નવાળું પ્રશ્નનું ફળ કહેવું.

એ પ્રમાણે પહેલી હારમાં એકી　　૦૦૦૦૦૦૦૦૦૦૦

છે તો તેની—લીંટી થઈ તેમજ　　૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦

બીજી હારમાં પણ એકી છે તો તેની　　૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦

પણ લીંટી—ને ત્રીજી હારમાં એકી　　૦૦૦૦૦૦૦૦૦૦૦૦

છે તો તેનું મીંડું ૦ થયું ને ચોથી હારમાં પણ એકી છે તો તેની લીંટી—થઈ. એ પ્રમાણે ચારે મળી ═ આ ચિહ્ન થયું. પ્રશ્ન જોવાના કોષ્ટકમાં તે ચિહ્ન ઊ અક્ષરમાં છે ને ઊ અક્ષર આંકમાં ૬ છઠા પર છે તો તે ઊ અક્ષરમાં ઉપરના ચિહ્નમાં જે જવાબ હોય તે પ્રમાણે પ્રશ્નનું ફળ સમજવું ઈ.

રમલ શુકનાવલીના ૧૬ પ્રશ્નો

---

૧ મારી ઇચ્છા પૂરી થશે કે કેમ?

૨ મને આ કામમાં યશ મળશે કે કેમ?

૩ મને આ ધંધામાં લાભ થશે કે કેમ?

૪ મારે પરદેશમાં રહેવું પડશે કે કેમ?

૫ ગામ ગયેલ માણસ પાછો આવશે કે કેમ?

૬ મારી ચોરાઈ ગયેલ મીલકત પાછી મલશે કે કેમ?

૭ મારો મિત્ર મારી સાથે પ્રામાણિકપણે ચાલશે કે કેમ?

૮ મારે મુસાફરી કરવી પડશે કે કેમ?

૯ તે માણુસ મને ચાહે છે કે કેમ?

૧૦ આ લગ્ન સફલ થશે કે કેમ?

૧૧ મને કેવા પ્રકારની સ્ત્રી યા વર મળશે?

૧૨ તે સ્ત્રીને સંતાન થશે કે કેમ?

૧૩ રોગી માણસ સારો થશે કે કેમ?

૧૪ કેદી માણસ કેદમાંથી છુટશે કે કેમ?

૧૫ આજે મને લાભ થશે કે કેમ?

૧૬ મારું સ્વપ્ન શું દેખાડશે?

પ્રશ્ન જોવાનું

આંક	⁝	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
૧	અ	આ	ઇ	ઈ	ઉ	ઊ	ઋ	ૠ
૨	આ	ઇ	ઈ	ઉ	ઊ	ઋ	ૠ	ઌ
૩	ઇ	ઈ	ઉ	ઊ	ઋ	ૠ	ઌ	ૡ
૪	ઈ	ઉ	ઊ	ઋ	ૠ	ઌ	ૡ	એ
૫	ઉ	ઊ	ઋ	ૠ	ઌ	ૡ	એ	ઐ
૬	ઊ	ઋ	ૠ	ઌ	ૡ	એ	ઐ	ઓ
૭	ઋ	ૠ	ઌ	ૡ	એ	ઐ	ઓ	ઔ
૮	ૠ	ઌ	ૡ	એ	ઐ	ઓ	ઔ	અં
૯	ઌ	ૡ	એ	ઐ	ઓ	ઔ	અં	અઃ
૧૦	ૡ	એ	ઐ	ઓ	ઔ	અં	અઃ	અ
૧૧	એ	ઐ	ઓ	ઔ	અં	અઃ	અ	આ
૧૨	ઐ	ઓ	ઔ	અં	અઃ	અ	આ	ઇ
૧૩	ઓ	ઔ	અં	અઃ	અ	આ	ઇ	ઈ
૧૪	ઔ	અં	અઃ	અ	આ	ઇ	ઈ	ઉ
૧૫	અં	અઃ	અ	આ	ઇ	ઈ	ઉ	ઊ
૧૬	અઃ	અ	આ	ઇ	ઈ	ઉ	ઊ	ઋ

કોષ્ટક.

લૃ	લૄ	એ	ઐ	ઓ	ઔ	અં	અઃ
લૄ	એ	ઐ	ઓ	ઔ	અં	અઃ	અ
એ	ઐ	ઓ	ઔ	અં	અઃ	અ	આ
ઐ	ઓ	ઔ	અં	અઃ	અ	આ	ઇ
ઓ	ઔ	અં	અઃ	અ	આ	ઇ	ઈ
ઔ	અં	અઃ	અ	આ	ઇ	ઈ	ઉ
અં	અઃ	અ	આ	ઇ	ઈ	ઉ	ઊ
અઃ	અ	આ	ઇ	ઈ	ઉ	ઊ	ઋ
અ	આ	ઇ	ઈ	ઉ	ઊ	ઋ	ૠ
આ	ઇ	ઈ	ઉ	ઊ	ઋ	ૠ	લૃ
ઇ	ઈ	ઉ	ઊ	ઋ	ૠ	લૃ	લૄ
ઈ	ઉ	ઊ	ઋ	ૠ	લૃ	લૄ	એ
ઉ	ઊ	ઋ	ૠ	લૃ	લૄ	એ	ઓ
ઊ	ઋ	ૠ	લૃ	લૄ	એ	ઐ	ઔ
ઋ	ૠ	લૃ	લૄ	એ	ઐ	ઓ	આ
ૠ	લૃ	લૄ	એ	ઐ	ઓ	ઔ	અં

અક્ષરવાર પ્રશ્નનો જવાબ

અ.

૧ જે તું ઇચ્છે છે તે તને જલદીથી મળશે.

૨ દુઃખ તથા સંકટ છે.

૩ જે તું કાંઈ આજ કરે છે તે ઉપર સાવધાન રહે.

૪ તે કેદી મરશે ને તે બાબતની તેના મિત્રને ઘણી ધાસ્તી લાગશે.

૫ તે હમણાં જીવશે પણ તેને મરવાનો ભય છે.

૬ એક સારી રૂપવંતી કલેશ કરનારી કન્યા થશે.

૭ તને એક ધર્મી અને સારા ગુણવાળી સ્ત્રી યા પુરુષ મળશે.

૮ જો તું એ સ્ત્રી યા પુરૂષ સાથે લગ્ન કરીશ તો સુખી થઇશ.

૯ જો તું એ પ્રિતિ છોડીશ તો સારૂં છે.

૧૦ તું મુસાફરી છોડી દે, કેમકે તેમાં તારો સ્વાર્થ વળવાનો નથી.

૧૧ તમારા બન્નેમાં કપટ વિનાની મિત્રતા છે.

૧૨ તારી ચોરાઇ ગયેલ મીલકત પાછી મળવાની નથી.

૧૩ ગામ ગયેલ આનંદથી પાછો આવશે.

૧૪ હમણાં જે સ્થાનકે તું છે ત્યાંથી ખસવાનો નથી.

૧૫ તારા કામમાં તને પરમેશ્વર સહાય કરશે.

૧૬ તું ભાગ્યહીન છો તો ઇશ્વરભકિત કરી ઉદ્યમ કર.

આ.

૧ જે લાભ તને મળવાનો છે તે પર બીજો ટાંપી રહ્યો છે.
૨ તારી જે આશાઓ છે તે હમણાં છોડી દે.
૩ કોઇ એક માણસની તારા પ્રત્યે કૃપા થશે.
૪ તારા શત્રુઓ તને દુઃખી કરશે.
૫ મોટી મહેનતથી તને ફરીથી માફી યા રજા મળશે.
૬ તે રોગી બચવાનો નથી.
૭ તે સ્ત્રીને પુત્ર થશે તે ભણેલો ને શાણો થશે.
૮ તને એક માતબર વર યા સ્ત્રી મળશે.
૯ આ લગ્નથી તને ઘણો લાભ થશે.
૧૦ તારી પ્રીતિ એક પ્રામાણિક માણસ સાથે છે.
૧૧ મુસાફરીમાં ઈશ્વર તારી સહાય કરશે.
૧૨ જે ખોટો તથા ઠગ તારો મિત્ર છે તેથી હુશિયાર રહેજે.
૧૩ તારી ચીજ તને એકાએક મળશે.
૧૪ સ્નેહભાવ માટે, તારાથી ઘેર પાછો આવતો નથી.
૧૫ તારૂં રહેવાનું અહીંયા નથી માટે જગ્યા બદલવાની તૈયારીમાં રહેવું.
૧૬ તને લાભ થવાનો નથી માટે હુશિયારી રાખવી.

ઈ.

૧ તને મોટો લાભ થશે.
૨ તું ભાગ્યહીન છે માટે ઇશ્વરભજન કર ને ઉદ્યમ કર.
૩ તારી ઇચ્છાઓ સફળ થશે.
૪ તારા મિત્રોમાં શાંતિ તથા વૃદ્ધિ છે.

૫ આજ હુશિયાર રહેજે નહિ તો આફત આવશે.
૬ તે કેદીને માફી આપવામાં અગવડતા ઘણી છે.
૭ તે રોગી સારો થઈ ઘણું સુખ ભોગવશે.
૮ તે સ્ત્રીને પુત્ર થશે ને દુઃખ પડશે.
૯ તે માણુસ સાધારણ સ્થિતિનો છે.
૧૦ તું આ લગ્ન કરીશ મા, નહિ તો દુઃખી થઈશ.
૧૧ લગ્ન માટે સ્ત્રીની ખુશામત છોડી દે, નહિ તો તારો નાશ થશે.
૧૨ ખરી તથા નિષ્કપટી મિત્રાઈ ઉપર વિશ્વાસ રાખ.
૧૩ જે તેં ગુમાવ્યું છે તે ફરી મલવાનું નથી.
૧૪ ગામ ગયેલો માણુસ માંદો છે તે તને મલવાનો નથી.
૧૫ તાહરે પરદેશ જવામાં લાભ નથી.
૧૬ જ્યાં તું છે ત્યાં જ રહેવું ઘટારત છે.

ઈ.

૧ બીજા દેશોમાં પુષ્કળ ધન તને પ્રાપ્ત થશે.
૨ પ્રામાણિકપણે રહ્યાથી તને ઘણો લાભ થશે.
૩ તારાં ભાગ્ય હમણાં કાંઇ ઉદય થવાનાં છે.
૪ તારી કલ્પના ફેરવ, નહિ તો દુઃખી થઇશ.
૫ તારા ઉદ્યોગમાં બહુ વિઘ્ન આવશે.
૬ જે કાંઈ વાસનાઓ તારા મનમાં છે તે કાઢી નાંખ.
૭ આ વખતે પણ તે કેદીઓને બંધ ફરીથી ખુલાસ થશે.
૮ રોગીને દુઃખ ઘણા દિવસ રહેશે.
૯ તે સ્ત્રીને સ્વરૂપવાન આજ્ઞાપાલક પુત્ર થશે.

૧૦ તે પુત્ર હલકી પદ્ધતિનો છે, પણ પ્રામાણિક મનનો છે.

૧૧ એ લગ્ન તારા કલ્યાણની તથા સંપત્તિની વૃદ્ધિ કરશે.

૧૨ તારૂં સારૂં બોલતો નથી એવા એક પુરૂષ પર પ્રીતિ કરે છે.

૧૩ વિચારીને વરતીશ તો તારી મુસાફરી સફલ થશે.

૧૪ તે જે બોલે છે તેવું તેના મનમાં નથી, કેમકે તે ખોટા મનનો છે.

૧૫ કાંઇ પૈસા ખર્ચવાથી તથા શ્રમથી તારી વસ્તુ ફરીથી મલશે.

૧૬ ગામમાં ગયેલાને ફરીથી જોવાની આશા રાખીશ નહી.

ઉ.

૧ પરદેશ ગયેલ પાછો આવશે, પણ તારી ધારણા પ્રમાણે ઝટ આવવાનો નથી.

૨ તું પોતાના મિત્રોમાં રહે તેથી કરીને તારૂં સારૂં થશે.

૩ જે તું ગોતે છે તે તને આગળ મળશે.

૪ તું ભાગ્યહીન છે તો ઇશ્વરભજન કર ને ઉદ્યમી થા.

૫ એક મિત્રથી તારી ઇચ્છાઓ પૂરી થશે.

૬ તારૂં સ્વપ્ન એવું છે કે શત્રુઓ તારો નાશ કરવા ઉદ્યોગ કરે છે.

૭ સાંભળ, એક વૈરી તારી સાથે કજીઓ કરી તને દુઃખી કરવા ઇચ્છે છે.

૮ કેદીને ચિંતા તથા દુઃખ છે પણ છુટકો થવાનું નક્કી નથી.

૯ રોગી થોડા દિવસમાં સારો થશે.

૧૦ તે સ્ત્રીને છોકરી થશે તે આબરૂદાર તથા માનવાળી થશે.

૧૧ તને દારૂખોર સ્ત્રી યા વર મળશે ને તે વ્યસનથી હલકી પદવી પામશે.

૧૨ આ લગ્નથી તને મુશ્કેલી પેદા થશે માટે સમજજો ભા.

૧૩ તેની પ્રીતિ તારા ઉપર ખોટી છે, તથા બીજા પર ખરી છે.

૧૪ હવે તું મુસાફરી કરીશ મા, નહીં તો સંકટ પેદા થશે.

૧૫ એ માણસ ભલો, નિષ્કપટ ને સારૂં માન આપવા લાયક છે.

૧૬ તારી ખોવાયલી વસ્તુ મળવાની નથી.

ઊ.

૧ ઉતાવળ નહિ કર તો તારી જણસ તને પાછી મળશે.

૨ ગામ ગયેલ માણસનું પાછું આવવું તેના હાથમાં નથી.

૩ પરદેશમાં તને લાભ તથા યશ મળશે.

૪ ધીરજ રાખો, આગળ મોટો લાભ થશે.

૫ હમણાં કામ થવાને વિઘ્ન છે માટે ધીરજ રાખવી.

૬ હમણાં જે ઈચ્છા કરો છો તે નિષ્ફળ જશે.

૭ તારા ઉપર સંકટ યા દુઃખ પડવા સંભવ છે.

૮ આ વેળા તમારા દિવસ નઠારા છે તો ધારણા ફેરવો.

૯ તે કેદીનો બંધ છુટો થશે.

૧૦ તે રોગી સારો થશે એમાં સંદેહ છે.

૧૧ તે સ્ત્રીને સારો સ્વરૂપવાન છોકરો થશે.

૧૨ તને મળતા સ્વભાવની સ્ત્રી યા વર મળશે.

૧૩ તારી ધારણાઓ તારી શાંતિ સમાધાનનો નાશ કરશે.

૧૪ આ પ્રીતિ હંમેશની તથા ખરી છે માટે છોડીશ મા.

૧૫ તું મુસાફરી કરવાનું ધારે છે તેથી દુઃખ થવાનું નથી.
૧૬ જો તું આ મિત્રપર ભરોસો રાખીશ તો દુઃખી થઈશ.

ઋઙ.

૧ આ મિત્ર સઘળા ગુણસંપન્ન છે.
૨ તાહરો આ ટોટો ધીરજથી શોધવો જોઈએ.
૩ ગામ ગયેલ માણસ એકાએક પાછો આવશે.
૪ તું પોતાનાં સગાં વહાલાંમાં રહે તેથી તારાપરની આફત મટશે.
૫ તારા ધંધામાં તને લાભ થનાર નથી.
૬ તારા ઉપર પરમેશ્વર કૃપા કરશે.
૭ તારો મિત્ર તારી સાથે કપટભાવથી વરતે છે.
૮ તું તારા શત્રુના હાથમાંથી વહેલો છુટીશ.
૯ તારા પર આફત આવશે તેમાંથી બચવાનું અઘરૂં છે.
૧૦ તે કેદી મુવા વગર છુટવાનો નથી.
૧૧ પરમેશ્વરની કૃપાથી તે રોગી સારો થશે.
૧૨ તે સ્ત્રીને છોકરાં થશે પણ શરીરે રોગી થશે.
૧૩ તને એક જુવાન સ્ત્રી યા પુરૂષ મળશે.
૧૪ આ લગ્ન રહેવાદે તો સારૂં છે.
૧૫ આ પ્રીતિ તું છોડી દે.
૧૬ કોઈ વખત બહાર મુસાફરીએ જવું પડશે, પણ અચાનક પાછું ઘેર આવવું પડશે.

રૂ.

૧ તું પરદેશ જવા નીકલ તેથી તારા મનમાં છે તેવું થશે.

૨ તારો ઢોંગી મિત્ર તારા પર વેર રાખે છે.
૩ તારી ખોવાયેલ વસ્તુ પાછી મળવાની આશા ફોકટ છે.
૪ કાંઈ એક કામ માટે તે થકી પાછું અવાતું નથી.
૫ પરદેશમાં ત્હારું ભાગ્ય મોટું છે.
૬ આ ધંધો તું મૂકી દે એટલે તારૂં સારું થશે.
૭ તારૂં કામ થવાનું નથી, તું ફોકટ આશા કરે છે.
૮ જેને તું ઇચ્છે છે તે તને મળશે.
૯ હવેથી તારૂં ભાગ્ય ઉઘડશે એમ નક્કી જાણજે.
૧૦ પોતાને ધીરજ રાખવી, ભાગ્ય નક્કી ઉઘડશે.
૧૧ ઘણા દિવસ કેદમાં રહીને છુટો થશે.
૧૨ તે રોગી સારો થશે.
૧૩ તે સ્ત્રીને એક નીરોગી છોકરો થશે.
૧૪ થોડા દિવસમાં તું તારી બરોબરીની સાથે લગ્ન કરીશ.
૧૫ જો તું સુખી થવા ચાહતો હો તો આ પુરૂષ યા સ્ત્રી સાથે લગ્ન કરીશ મા.
૧૬ તે માણુસની તારા પર પ્રીતિ છે તથા તેવી જ રહેશે.

૯.

૧ પ્રીતિ ઘણી છે પણ લોક તેની અદેખાઈ કરે છે.
૨ મુસાફરી કરવાથી કાંઇ તને મળવાનું નથી.
૩ તારો મિત્ર તારા જેવો જ પ્રામાણિક છે.
૪ એક ધુતારા માણુસથી તારી ચોરાઇ ગયેલ વસ્તુ મળશે.
૫ ગામ ગયેલ સુખેથી વહેલો પાછો આવશે.
૬ પરદેશમાં તારું સારૂં થનાર નથી.

૭ સર્વનું સારૂં કરનાર ઇશ્વર છે તો તે પર ભરોસો રાખ.
૮ તારૂં નશીબ પહેલું જ નઠારૂં થવા માટે ફરે છે.
૯ તારા ધારવા પ્રમાણે કામ સિદ્ધ થશે.
૧૦ તારા સંકટમાં તને કાંઇ અડચણ પડશે નહિ.
૧૧ તારા વેરીઓ નઠારૂં બોલે છે તો તું સાવધાન રહે.
૧૨ થોડા દિવસ પછી તે કેદી વિષેની તારી ચિંતા મટશે.
૧૩ તે રોગી સારો થશે, ચિંતા કરવી નહિ.
૧૪ એ સ્ત્રીને એક કન્યા થશે.
૧૫ જેથી સુખ થવાનું તે સાથે તું લગ્ન કરે છે.
૧૬ એ લગ્ન તારી મરજી પ્રમાણે થનાર નથી.

લૃ

૧ ઘણી વિપત્તિ ભોગવવા પછી સુખી થઇશ.
૨ એક પ્રામાણિક માણસથી આ ખરી પ્રીતી છે.
૩ મુસાફરીમાં તારી આબાદી થશે.
૪ તું આ માણસની દોસ્તી ઉપર વિશ્વાસ રાખીશ મા.
૫ તારી જણસ ચોરનારને સજા થશે.
૬ તું મુસાફરીથી કેટલાક દહાડા આવવાનો નથી.
૭ પરદેશમાં તને દ્રવ્ય તથા સુખ મળશે.
૮ હમણાં તારા કામની સિદ્ધિ થવાની નથી.
૯ તારૂં કામ સિદ્ધ થશે.
૧૦ તું તારી ધારણા ફેરવ એટલે સારૂં થશે.
૧૧ તારી પાસે ઘણા ઠગ છે.

૧૨ તું સંપીને રહે એટલે કામ વહેલું થશે.
૧૩ તે કેદી છૂટશે.
૧૪ તે રોગી મરશે.
૧૫ તે સ્ત્રીને છોકરો થશે.
૧૬ તારૂં લગ્ન થવું કઠણ છે.

એ

૧ એક સુંદર સ્ત્રી યા વર મળશે.
૨ આ લગ્નમાં ઘણાં વિઘ્ન પડશે.
૩ આ પ્રીતિ ચંચલ તથા ખોટી છે.
૪ મુસાફરીમાં તને દેવ સામો થશે.
૫ તારા ઉપર તે માણસની પ્રીતી ખરી છે. તું વિશ્વાસ રાખ.
૬ તારી વસ્તુ પાછી મળશે નહીં, પણ ચોરોને સજા થશે.
૭ ગામ ગયેલો માણસ વહેલો પૈસાદાર થઇને આવશે.
૮ જો તું ઘરે રહેશે તો તારૂં સારૂં થશે.
૯ તને લાભ થનાર નથી.
૧૦ તને સંકટ–દુ:ખ પેદા થશે.
૧૧ તારી મરજી પ્રમાણે તારૂં કામ થશે.
૧૨ તને પૈસા મળશે એમ દેખાય છે.
૧૩ શત્રુની અદેખાઇને લીધે તું સારૂં કરશે.
૧૪ તે કેદીને કેદખાનામાં ઘણા દિવસ રહેવું પડશે.
૧૫ તે રોગી સારો થશે.
૧૬ તે સ્ત્રીને છોકરી થશે.

એ.

૧ આ બાયડીને એક છોકરી થશે.
૨ તને એક સારો વર યા સ્ત્રી મળશે.
૩ આ લગ્નથી તને કાંઇ મળવાનું નથી.
૪ થોડો વખત ધીરજ રાખ તો સારૂં થશે.
૫ ઘરમાંથી બહાર જવું નહિ.
૬ એ માણસ ખરો મિત્ર છે.
૭ તારી ચોરી મળવાની નથી.
૮ મુસાફર વહેલો પાછો આવનાર નથી.
૯ પરદેશમાં નઠારી સ્ત્રીઓથી દૂર રહેજે, નહીંતર દુઃખી થઇશ.
૧૦ જે કાંઇ થોડું ઇચ્છે છે તે વહેલું મળશે.
૧૧ તને ખોટો યશ મળશે.
૧૨ જે કાંઇ તારા નશીબમાં લખ્યું છે તેમાં તું સંતોષ માન.
૧૩ દુઃખ થઇ પછી સુખ થશે એમ જણાય છે.
૧૪ તારૂં નશીબ વહેલું જ ઉઘડશે એમ દેખાય છે.
૧૫ તે કેદી કેદખાનામાં જ મરશે.
૧૬ તે રોગી સારો થશે, પણ ઘણા દહાડા જીવવાનો નથી.

ઓ.

૧ તે રોગીનું સારૂં થવું બરાબર નથી.
૨ તે બાઇને છોકરો થશે.
૩ ઘણા પૈસા ખરચવાથી તારૂં લગ્ન થશે.
૪ તે લગ્ન સારી રીતે થશે.

૫ સ્ત્રી અથવા પુરૂષ આ વખતે તારાં થવાનાં છે.
૬ બહારગામ ગયાથી તારૂં સારૂં થશે.
૭ તે માણસ ઉપર વિશ્વાસ રાખીશ નહિ.
૮ એક મુકરર કરેલ વખતે તારી ખોવાએલી વસ્તુ મળશે.
૯ મુસાફરનું પાછું આવવું નક્કી નથી.
૧૦ પરદેશમાં તારી મરજી પ્રમાણે કામ સિદ્ધ થશે.
૧૧ લાભની આશા રાખીશ નહિ, તે ફોગટ છે.
૧૨ તારી ઇચ્છા કરતાં તને વધારે મળશે.
૧૩ જે કાંઇ તારી ઇચ્છાઓ છે તે વહેલી પૂરી થશે.
૧૪ તારા લગ્નનું માગું આવશે એમ દેખાય છે.
૧૫ ખરાબ નશીબ વાસ્તે તને કાંઇ ચિન્તા પડનાર નથી.
૧૬ કોઈને દયા આવવાથી તે કેદી છુટી જશે.

ઓ.

૧ તે કેદી છુટો થશે.
૨ તે રોગીનું નક્કી જીવવું યા મરવું તે કહી શકાતું નથી
૩ તે બાયડીને છોકરો થશે અને તે ઘણા દિવસ જીવશે
૪ તને એક સારી ગુણવાળી સ્ત્રી મળશે યા વર મળશે
૫ આ લગ્ન કરવામાં વાર લગાડીશ નહિ.
૬ તારા ઉપર કોઈ પણ કાંઇ કરતું નથી.
૭ નિશ્ચય કરી તું મુસાફરી જા.
૮ તે મિત્ર નથી પણ છાનો વૈરી છે.
૯ તારી ચોરાઈ ગએલી વસ્તુ જલદી મળશે.
૧૦ તે મુસાફરીથી પાછો આવનાર નથી.

૧૧ પરદેશમાં એક સ્ત્રીથી તારૂં નસીબ ઉઘડશે.

૧૨ તું પોતાના લાભ થકી ઠગાતો જઈશ.

૧૩ તારા નઠારા ભાગ્યનો નાશ થશે અને તું સુખી થઈશ.

૧૪ તારી આશા ફોગટ છે, હમણા તારૂં ભાગ્ય ઉલટું છે.

૧૫ તું એક દી સારી વાત વહેલો સાંભળીશ.

૧૬ તારા ઉપર નઠારૂં ભાગ્ય ટાંપી રહ્યું છે.

અં.

૧ આ દહાડામાં તારા સુખની વૃદ્ધિ થશે.

૨ તે કોઈ દિવસ પોતાના શત્રુના હાથમાંથી છુટશે.

૩ તે રોગી સારો થશે તથા ઘણા દહાડા જીવશે.

૪ તે બાયડીને છોકરી થશે.

૫ એક જુવાન પૈસાદાર સ્ત્રી અથવા પુરૂષ સાથે તું લગ્ન કરીશ.

૬ તું લગ્ન કરવાની ઉતાવળ કર તેથી તને સુખ મળશે.

૭ તે માણસ તને દિલથી ચાહે છે.

૮ પરદેશમાં તારા કામની સિદ્ધિ થવાની નથી.

૯ આ મિત્ર સોના કરતાં વધારે મૂલ્યનો છે.

૧૦ તારી ખોવાઈ ગયેલી જણસ તને પાછી મળવાની નથી.

૧૧ તે રોગી ઘણો આજાર છે, માટે તેનાથી પાછું અવાતું નથી.

૧૨ તું પોતાની મહેનત ઉપર વિશ્વાસ રાખ તથા ઘેર રહે.

૧૩ તું ખુશીથી ઘેર રહે, ભાગ્યવાન થઈશ.

૧૪ તું પોતાના ચંચળ ભાગ્ય ઉપર વિશ્વાસ રાખીશ મા.

૧૫ તું જે ઇચ્છે છે તે તને મળ્યે જશે.

૧૬ તારૂં સ્વપ્ન એમ કહે છે જે તું આજ હુશિયાર રહે નહિતર એકાએક જોખમ પામીશ.

અઃ

૧ તું પોતાના મિત્રોમાં ઘણું સુખ તથા આનંદ ભોગવીશ.

૨ આ દહાડા ઘણા નઠારા છે.

૩ જો તું હમણા દુઃખ ભોગવે છે તો આગળ મોટી આબરૂ મેળવીશ.

૪ તે રોગી સારો થશે પણ ખચીત મરશે.

૫ તે બાયડીને છોકરો થશે તે આગળ સારો નીવડશે.

૬ એક નઠારા સ્વભાવનો વર અથવા સ્ત્રી મળશે.

૭ આ સ્ત્રી અથવા પુરૂષ સાથે તને મુકરર સુખ મળશે.

૮ આ માણસની તારા ઉપર પ્રીતિ છે, પણ તે ઉઘાડી કરવા ચાહતો નથી.

૯ તું નિર્ભયપણાથી મુસાફરી કર.

૧૦ તેના ઉપર વિશ્વાસ રાખીશ મા, તે ચંચળ નથી. કપટી છે.

૧૧ તને તારી ખોવાએલી વસ્તુ પાછી મળશે.

૧૨ મુસાફર ઘણો વહેલો પાછો આવશે.

૧૩ તું પરદેશમાં સુખ તથા શાન્તિથી રહીશ.

૧૪ તું પ્રામાણિકપણે રહીશ તો યશ મળશે.

૧૫ હજુ તું વૈભવ તથા દોલતમાં રહીશ.

૧૬ તું હમણાં પોતાની સ્થિતિમાં રહીશ તો સારૂં છે.

અંક—રમલ—

મંત્ર—ॐ ह्रीँ श्रीँ वद वद वाग्वादिनि स्वाहा ॐ सिद्धिः

આ મંત્ર ૭ વાર ભણીને નીચેના બે કોઠાના ગમે તે આંકડા ઉપર જુદી જુદી વાર એક સોપારી મૂકવી. પછી તે બન્ને કોઠાના આંકોને એક સાથે ગોઠવવા અને જે આંક તૈયાર થાય તે ઉપરથી શુભાશુભ ફળ જાણવું.

૧	૨	૩	૪	૫
૧	૨	૩	૪	૫

અંકોનું શુભાશુભ ફળ

૧૧ ધારેલી ઇચ્છા પૂરી થાય.

૧૨ દેવપૂજાથી વિલંબે પણ કાર્યસિદ્ધિ થાય.

૧૩ કાર્યમાં વિઘ્ન આવે.

૧૪ કાર્યસિદ્ધિ થાય.

૧૫ ધારણા પાર પડે.

૨૧ ચિંતા ત્યાગથી કાર્યસિદ્ધિ અને આયુવૃદ્ધિ થશે.

૨૨ સામર્થ્યથી જ કાર્ય થશે.

૨૩ કાર્યમાં વિઘ્ન આવે.

૨૪ મંગલ કાર્ય સિદ્ધિ.

૨૫ સ્વ બાહુબળે જ મહામનોરથ પૂરો થશે, બીજાના વિશ્વાસથી બેશી રહીશ નહિ.

૩૧ કાર્યસિદ્ધિ થાય, વ્યાપારે લાભ થાય.

૩૨ નુકશાન થઇને સુધરે.

૩૩ તે કાર્ય છોડી જ દ્યો, સાર વગરનું છે.

૩૪ શ્રદ્ધા સાથે ઉદ્યમથી સિદ્ધિ થાય.

૩૫ કાર્યની અસિદ્ધિ છે.

૪૧ નિઃસંદેહ કાર્ય થાય.

૪૨ ઉદ્યમે કાર્યસિદ્ધિ થાય.

૪૩ કાર્યસિદ્ધિ જ થવાની (દિશાથી કાર્યસિદ્ધિ થાય.)

૪૪ અલ્પ મહેનતે ઉત્તરદિગ્ અથવા પશ્ચિમ દિશાથી કાર્યસિદ્ધિ થાય.

૪૫ તારૂં કાર્ય મ્હોટું છે, બીજાને હાથે કાર્યસિદ્ધિ થશે.

૫૫ કાર્યસિદ્ધિ થાય, કલ્યાણ પણ થાય.

૫૨ તારી ધારણા સફલ થવાની છે.

૫૩ તું ગુપ્તપણે કાર્ય કરે જા, નજીકમાં તારૂં ભાગ્ય ખુલશે.

૫૪ તારી આડે શત્રુ છે, વિલંબે કાર્ય સિદ્ધ થશે.

૫૫ તારી સર્વ કાર્યસિદ્ધિ થશે.

ઈતિ અંકરમલ સમાપ્ત

જોવાની રીત—જેમકે એક મનુષ્ય સોપારી મંત્રીને એકવાર પહેલા કોઠાના ૪ (ચોગડા) ઉપર મૂકે અને બીજીવાર બીજા કોઠાના ૩ (તગડા) ઉપર મૂકે તો બન્ને કોઠાના આંક ૪–૩ ને સાથે ગોઠવતાં ૪૩ થાય છે. અને તેનું ફળ "કાર્ય સિદ્ધિ જ થાય" એવું છે.

શ્રી ગૌતમ કેવલી મહાવિદ્યા—

ગૌતમ કેવળી મહાવિદ્યા એ એક ભવિષ્ય દેખાડનારી મહાવિદ્યા છે. પ્રાચીન કાળમાં આ વિદ્યાનો ઘણો સત્કાર હતો; પરન્તુ કાલપ્રભાવથી હાલના જમાનામાં આવી વિદ્યાઓને લોકો બચ્ચાંની રમત સમજવા લાગ્યા છે. વાસ્તવિક-રીતે ખરું કહીએ તો આ વિદ્યા જ્ઞાનીઓની એક સાચી રમત છે. નીચે દર્શાવેલ ગૌતમ કેવલી મહાવિદ્યાનો પ્રશ્ન જોવાનો જે કોઠો છે તેમાં આવેલા અંકોનો ખુલાસો આ પ્રમાણે છે.—

ગૌતમ કેવલી મહાવિદ્યાનો પ્રશ્ન જોવાનો યંત્ર-કોષ્ટક

૧૧૧	૩૩૧	૧૩૨
૧૧૩	૩૨૩	૨૨૨
૧૧૨	૩૨૧	૨૨૧
૨૩૩	૩૧૩	૨૩૨
૨૩૧	૩૧૧	૧૩૩
૨૧૨	૧૨૧	૩૧૨
૨૧૩	૧૨૨	૩૩૨
૨૧૧	૧૨૩	૨૨૩
૩૩૩	૧૩૧	૩૨૨

इक्को होइ मियंको, धारासुओ दोसु दिणयरो तिन्नि ।
एसा गहाण पंती, निद्दिट्ठा गणहरिंदेहिं ॥ १ ॥

અર્થ—યંત્રમાં જ્યાં જ્યાં એકનો આંક છે તેને ચંદ્રમાનો આંક જાણવો. જ્યાં બેનો આંક છે તેને મંગળનો આંક અને જ્યાં ત્રણનો આંક છે તેને સૂર્યનો આંક જાણવો. અને એ ત્રણ ગ્રહોની પંક્તિથી શુભાશુભ ફળ જાણવું. આ રચના મ્હોટા જ્ઞાની પુરુષોની બનાવેલી અને મહાપ્રાભાવિક ચીજ છે.

જે કામને માટે પ્રશ્ન જોવાની આવશ્યકતા જણાય તે કામનું પ્રથમ મનમાં ચિંતવન કરવું. તે પછી પોતાના હાથમાં એક રૂપિયો અને એક શ્રીફળ લઇ ઉપર બનાવેલ યંત્રની સન્મુખ ભેટ ધરવું. ત્યારબાદ હસ્તમાં એક લવીંગ અથવા એલચી લઇ "ॐ चिरि चिरि पिरि पिरि निसिरि निसिरि दिव्य भूपतये स्वाहा" આ મંત્રને મન વચન અને કાયાને સ્થિર કરી, હોઠ ફફડાવ્યા વિના સાત વાર ભણવો. ત્યારબાદ એ મંત્રેલી એલચી અથવા લવીંગ ઉપર દર્શાવેલા યંત્રના કોઇ પણ મનપસંદ આંક ઉપર મૂકી દેવું. કોઠાના જે નંબર ઉપર એલચી યા લવીંગ મૂકેલું હોય તે નંબર જોઈ યાદ રાખવો અને કોઠામાં જણાવેલા ૨૭ નંબરો કે જે નંબરોનાં શુભાશુભ ફળ નંબરવાર–ક્રમશઃ હવે પછી જણાવવામાં આવશે, તેમાં પેલો યાદ રાખેલો નંબર જોવો. એ નંબરમાં જણાવેલ શુભાશુભ હકીકત એ મનમાં ધારેલા પ્રશ્નનું ફળ સમજવું. એક દિવસમાં એક માણસે એક જ વખત પ્રશ્ન જોવો અને જે ફળ આવે તે ઉપર વિશ્વાસ રાખવો. જોયેલો પ્રશ્ન બીજીવાર જોવો નહીં. યંત્રની સન્મુખ જે રૂપિયો અને શ્રીફળ મૂકેલાં હોય તે જ્ઞાનના કાર્યમાં ખરચી નાંખવાં.

સત્યાવીશ કોઠાનું અંકવાર ફળાફળ

૧૧૧—આ સવાલ બહુ જ ઉમદા છે. તમારા ખરાબ દિવસોનો નાશ થઇ સારા દિવસો આવ્યા છે. વ્યાપારમાં ફાયદો થશે. હૃદયની ઈચ્છાઓ પાર પડશે. વિવિધ પ્રકારની ચિંતા મનમાં રહ્યા કરે છે તે હવે થોડા દિવસોમાં નાશ પામી જશે. એક મિત્રના દગાના ભોગ થઇ ગયા છો. ધર્મનાં કામ કરવા ઈચ્છો છો પણ અંતરાય કર્મના ઉદયથી તેમાં વિઘ્ન આવી પડે છે. પેદાશ કરતાં ખર્ચ વધારે છે. કોઈ કાર્ય સિદ્ધ થવાની અણી ઉપર આવે છે કે એકાએક અશુભ કર્મના ઉદયથી શત્રુઓ તેમાં વિઘ્ન નાંખી દે છે. દેવ, ગુરુ તથા ધર્મની સેવા કરો અને ધર્મના કાર્યમાં ખર્ચ કરો જેથી મનની અભિલાષા પૂર્ણ થશે તેમાં શક નથી. પ્રતિપક્ષી લોકો ગમે તેવી કોશીશો કરે, પરન્તુ તમારી ધારેલી ધારણા અવશ્ય ફળીભૂત થશે.

૧૧૩—આ પ્રશ્ન પણ સારો છે. તમારા દિલને આરામ મળશે. સુખચેન પ્રાપ્ત કરશો. જે કામ હૃદયમાં ધાર્યું છે તેમાં ફતેહ મળશે. સ્નેહીજનનો મેળાપ થશે. ચિંતાના દિવસો વહી જતાં હવે સારા દિવસો આવ્યા છે. ધર્મના પ્રભાવથી સુખી થયા છો અને આગળ પણ સુખી થશો. પારકાં કામ મહેનત લઈને કરી આપો છો, પણ પોતાના કામમાં સુસ્તી રાખો છો. અક્કલ-બુદ્ધિ તેજ છે, બગડેલું કાર્ય પણ સુધારી લ્યો છો. પોતાની ઈજ્જત-આબરૂ માટે શરીર ઉપરનું કપડું સુદ્ધાં આપી દ્યો છો. સ્ત્રી તરફથી લાભ થાય છે. એક વખત અચાનક લાભ મળ્યો છે અને ભવિષ્યમાં પણ મળશે.

૧૧૨—આ પ્રશ્ન લાભદાયક છે. દોલતનો લાભ મળશે. ભાગ્યોદયના દિવસો હવે નજીક આવ્યા છે. જે કામ હાથ ધરશો

તેમાં ફતેહ મળશે. સ્નેહીજનનો મેળાપ થશે. ધર્મનાં કાર્યો કરતા રહો જેથી પુણ્ય હાંસલ થશે અને સુખ પણ મળશે. મન ચિંતામાં ગરકાવ રહે છે. ભાઇઓથી જુદાઈ થશે. મકાન બનાવવાનો ઇરાદો કરો છો તે પાર પડશે. જમીનથી તમને ફાયદો થશે. આવક કરતાં ખરચ વધારે થાય છે. તીર્થોની યાત્રા કરવાની અભિલાષા છે તે પૂર્ણ થશે. જે ધર્મનાં કાર્યો કરવા ચાહો છો તે થઇ શકશે.

૨૩૩—થોડા દિવસમાં દોલત મળશે. જે કામ વિચાર્યું છે તે પૂર્ણ થશે. સ્નેહીનો મેળાપ થશે. જમીન, જહાંગીરી અથવા મકાનથી ફાયદો થશે. ઇજ્જત-આબરૂ વધશે. ધર્મનાં કાર્યોમાં ખર્ચ કરો. તેના પ્રતાપથી સુખ ચેન ઉડાવશો. રાજ્યની તરફથી ફાયદો થશે. મનની ધારણા પાર પડશે. સ્ત્રી તરફથી સુખ છે. એક વખત અચાનક લાભ મળશે.

૨૩૧—જે કામ મનમાં ચિંતવી રાખેલું છે તે કામની ત્રણ મહિનામાં ફતેહ થશે. પોતાની સ્ત્રી તરફથી લાભ થાય છે. આજ સુધી કુટુંબી લોકો તરફથી સુખ મળ્યું નથી, પણ ભવિષ્યમાં મળશે. સંતાનોની વૃદ્ધિ થશે. વેવિશાળ તથા લગ્નના ખર્ચની ચિંતા છે પણ તે મટી જશે. આબરૂ માટે આવકથી ખર્ચ વધારે કરવો પડે છે, તીર્થોની યાત્રા કરવાનો ઇરાદો છે, પરંતુ અંતરાય કર્મના ઉદયથી વિઘ્ન આવી પડે છે. ભવિષ્યમાં ધર્મનાં કામ કરી શકાશે. હૃદયમાં જે કામની ચિંતા છે તે ધર્મના પ્રભાવથી દૂર થઈ જશે. માટે ધર્મ ઉપર શ્રધ્ધા રાખો.

૨૧૨—ચિંતવેલું કાર્ય પાર પડે, પોતાની સ્ત્રી તરફથી લાભ છે. વેવિશાળ તથા લગ્નના કાર્યની ચાહના છે તે પાર પડશે. કુટુંબની વૃદ્ધિ થશે. લાંબી મુદતથી કરેલો ઇરાદો પાર પડશે.

પાછળની ઉંમરમાં ધર્મનાં કામો થઈ શકશે. દુશ્મનો તમારા વિરુદ્ધ કોશિશ કરશે, પરંતુ તમારાં સદ્ભાગ્ય આગળ તેઓનું જોર ચાલશે નહીં. તીર્થોની યાત્રા કરવા ઇચ્છો છો તો તે બની શકશે. મકાન બનાવવાનો અને જમીન ખરીદ કરવાનો તમારો ઇરાદો ફતેહમંદ થશે. તમોને જમીનથી લાભ છે. પરદેશની મુસાફરીએ જવું પડશે અને ત્યાં ફાયદો હાંસલ કરશો. દેવ, ગુરુ અને ધર્મની સેવા કરવાથી સર્વે કાર્યો પાર પડશે.

૨૧૩—દુઃખના દિવસો હવે દૂર થયા છે. સુખના દિવસો શરૂ થયા છે. ઘણા દિવસોથી કષ્ટ ઊઠાવી રહ્યા છો, પરદેશ વેઠ્યો પરંતુ સુખનો આરો ન આવ્યો પણ હવે આરામ ભોગવવાના દિવસો પ્રાપ્ત થયા છે. આબરૂ વધશે, સંતાનોનું સુખ થશે. આટલા દિવસો મિત્ર અને કુટુંબીઓથી સંકટ વેઠયું, જ્યાં સુધી બન્યું ત્યાં સુધી બીજાઓનું ભલું કર્યું; પરંતુ તેઓએ ગુણ ન માન્યો. શત્રુઓ પગલે પગલે તૈયાર જ રહે છે, પરંતુ તેઓનું કંઈ ચાલતું નથી; કારણ કે તમારું નસીબ બળવાન છે. પાસે ધન થોડું છે; પણ આબરૂ સારી છે તેથી જેટલું મેળવવા ધારો તેટલું મેળવી શકશો. દોસ્તદારો તરફથી જેવું જોઈએ તેવું સુખ નથી. ઇજ્જત-આબરૂ માટે ખર્ચ ઘણો કરો છો. તમારું ધર્મભવન સુધરેલું છે, માટે ધર્મ ઉપર શ્રદ્ધા રાખો.

૨૧૧—તમે હૃદયમાં જે કાર્ય ચિંતવ્યું છે તે સફળ થનાર નથી, માટે તે સિવાય બીજું કામ કરો. દેવ ગુરુ ધર્મની સેવા કરો, તીર્થોની યાત્રા કરો જેથી અંતરાય-પાપ દૂર થાય અને પુણ્યનો લાભ થાય. એક વખત તમોને અચાનક નુકશાન થયું છે, દુશ્મન લોક તમોને હરકત કરે છે; પણ તમારું પ્રારબ્ધ બળવાન હોવાથી તેઓનું જોર ચાલતું નથી.

૩૩૩—આટલા દિવસો નિર્ધન અવસ્થામાં વ્યતીત કર્યા, પણ હવે ધન પ્રાપ્ત થશે અને મનની ધારણા ફળીભૂત થશે. પોતાની સ્ત્રી તરફથી સુખ મળશે, સ્નેહી જનનો મેળાપ થશે. ત્રણ મહિના બાદ સારા દિવસો આવશે. દેવગુરુની સેવા કરો અને ધર્મના કાર્યમાં ધનનો સદુપયોગ કરો. આવક કરતાં ખર્ચ વધારે છે, ધન એકઠું કર્યું નહીં, દોસ્તની તરફથી દગાનો ભોગ થયા છો, મન ચિંતામાં રહે છે, દુશ્મન લોકો પાછળથી વાંકું બોલે છે; પણ સન્મુખ આવ્યે બોલી શકતા નથી. કીર્તિ માટે પોતાનાં શરીરનાં લુગડાં પણ આપી દ્યો છો, પણ આબરૂને ધક્કો પહોંચાડતા નથી. જમીનથી ફાયદો થશે. ધર્મની ઉન્નતિ કરો અને પંચપરમેષ્ઠિમંત્રનો જાપ કરો.

૩૩૧—તમારા મનની ચિંતા મટશે, માંદગીની ફરિયાદ દૂર થશે. મનની ધારણા પૂર્ણ થશે. થોડા દિવસોમાં જ ધન પ્રાપ્ત થશે. સ્નેહીનો મેળાપ થશે. દેવગુરુની સેવા કરો. અને ધર્મકાર્યમાં દ્રવ્ય ખર્ચો જેથી પરિણામે ફાયદો થશે. સારા દિવસો આવ્યા છે, અંતરાય કર્મના ઉદયથી આટલા દિવસ દુઃખ વેઠયું; પણ હવે એ દિવસો વહી ગયા. આવક કરતાં ખર્ચ વધારે રાખો છો, પુણ્યના ઉદયથી ભવિષ્યમાં કોઇ વાતે ઊણપ નહિ રહે. આજ સુધી જે જે કાર્યમાં ફતેહ મળી છે તે પુણ્યના પ્રતાપે સમજજો, માટે પુણ્યના કાર્યમાં લક્ષ રાખવું. પરદેશ વેઠવાથી કુટુંબી આદિ આપ્ત વર્ગનો વિયોગ રહે છે પણ હવે તે નહિ રહે.

૩૨૩—જે કાર્ય મનમાં ચિંતવ્યું છે તેમાં ફાયદો થશે. ઇચ્છાઓ પૂર્ણ થશે. સ્નેહીનો મેળાપ થશે. જે જે ચિંતાઓ ઉપસ્થિત થઇ છે તે સર્વ દૂર થશે. તીર્થયાત્રા થશે. ધર્મનાં કાર્ય બની શકશે. ઘણા દિવસો પર્યંત પરદેશનાં દુઃખ વેઠ્યાં, પણ હવે એ દુઃખના દિવસો ગયા. હવે વતનમાં જઈ આનંદ—

સુખચેનનો ઉપભોગ કરશો. ધર્મનાં કાર્યોમાં લક્ષ્ય રાખો, તેનાથી સર્વ સુખ સાંપડશે.

૩૨૧—જમીન, મકાન અથવા બાગ બગીચાથી લાભ થશે. ધન મેળવશો. સ્નેહી જનનો મેળાપ થશે. કોઇ પણ માણસની સાથે મિત્રતા થશે અને તેનાથી ધનાદિકની સહાયતા મળશે. પુણ્યના ઉદયથી ઇચ્છાઓ પરિપૂર્ણ થશે. ધર્મનું આરાધન કરો. દુશ્મનો પગલે પગલે તૈયાર રહેશે; પરન્તુ સન્મુખ થવાથી તેનું જોર ચાલશે નહીં. પોતાની શક્તિ અનુસાર ખર્ચ કરો. મકાન બનાવવાના મનોરથો ફળીભુત થશે. ધન પેદા કરો છો પણ ખર્ચ વધારે પડતો થવાથી ભેગું થતું નથી. વાલી તરફથી ધન ઓછું મળશે. સ્ત્રી તરફથી ફાયદો થશે. વૃદ્ધાવસ્થામાં ધર્મનાં કાર્યો બની શકશે.

૩૧૩—આ પ્રશ્ન સારો છે. પોતાના દિલમાં લક્ષ્મી, સ્ત્રી અને સંતાનને માટે જે વિચાર કર્યો છે તે પૂર્ણ થશે. સ્ત્રીથી સુખ મળશે, સંતાન થશે. સ્નેહીનો મેળાપ થશે. અમુક મુદત સુધીની ધારેલી ધારણા પાર પડશે. ચિંતાના દિવસો હવે નષ્ટ થયા છે, દેવ–ગુરુ અને ધર્મની સેવા કરો. દુશ્મન લોકો સતાવે છે; પરંતુ હવે તમારું પ્રારબ્ધ બળવાન બન્યું છે જેથી એ લોકોનું જોર નહીં ચાલે, જમીનથી લાભ થશે, કીર્તિને માટે પેદાશ કરતાં ખર્ચ કરવો પડે છે. દોસ્તો–મિત્રોથી ફાયદો થશે.

૩૧૧—આ સવાલ બહુ જ સરસ છે. જે કાર્ય ધાર્યું છે તેમાં ફતેહ મળશે, મુકદ્દમો જીતી જશો, વ્યાપાર રોજગારમાં ફાયદો થશે. કીર્તિ વધશે, રાજ્ય તરફથી ફાયદો છે. ધર્મના પ્રભાવથી સુખ મળ્યું છે અને ભવિષ્યમાં પણ મળશે. બીજાનાં કામો પરિશ્રમથી પૂર્ણ કરો છો; પરંતુ અશુભ કર્મના ઉદયથી

પોતાના કાર્યમાં બેદરકાર રહો છો, વિદેશની મુસાફરી કરવી પડશે. અને ત્યાં ફાયદો થશે. ધર્મ ઉપર શ્રદ્ધા રાખો, જેથી સંકટ દૂર થાય, પોતાના હાથે દોલત–લક્ષ્મી પેદા કરશો.

૧૨૧—હૃદયમાં ધારેલો પ્રશ્ન ફાયદાકારક છે, બૂરા–ખરાબ દિવસો વહી ગયા છે અને શુભ દિવસો નજીક આવ્યા છે. ઘણા દિવસો સુધી સંકટ વેઠીને નાહિંમત–નિરાશ થઈ ગયા છો, હવે પુણ્યનો ઉદય થયો છે. દેવ, ગુરુ અને ધર્મ ઉપર વિશ્વાસ–શ્રદ્ધા રાખો, મનની ધારણા ફળીભૂત થશે. જેટલી લક્ષ્મી ગુમાવી છે તે કરતાં વધારે પેદા કરશો. દુનિયામાં યશ વધશે. વિદેશની સફર કરશો. જે કામની ચિંતા કરો છો તે ચિંતા મટી જશે. જો કે કદાચ તેમાં એક વ્યક્તિ તરફથી વિઘ્ન ઉપસ્થિત કરવામાં આવશે; પણ અંતે તમે સફળતા પ્રાપ્ત કરશો. ભાઈઓને અને સંબંધી વર્ગને નિભાવો છો તેથી તમારી કીર્તિ દુનિયામાં વધી છે. દિલના ઉદાર છો, જ્યાં જાઓ ત્યાં સુખ મળે છે. આબરૂ મેળવવા માટે ખર્ચમાં વધારે ઉતરવું પડે છે. દેવગુરુ અને ધર્મના પ્રભાવથી કોઈ વાતની ઊણપ નહીં રહે.

૧૨૨—જે કામ મનમાં વિચાર્યું છે તે પાર નહીં પડે. તમે આજ સુધી ઘણાંઓનું ભલું કર્યું. અશુભ કર્મના ઉદયથી વિઘ્નસંતોષીઓ મળે છે. જ્યાંસુધી બની શકે ત્યાંસુધી ધર્મ કરો, પંચપરમેષ્ઠિ મંત્રનો જાપ કરો, જેથી તકલીફ દૂર થશે.

૧૨૩—આટલા દિવસો પાપકર્મના ઉદયના હતા. મહાન સંકટો વેઠ્યાં, હવે શુભ દિવસો પ્રાપ્ત થયા છે. ઘણાંઓનું ભલું કર્યું પણ તેઓએ ઉપકાર ન માન્યો. ધર્મના નિમિત્તે કાઢેલા પૈસા ઘરમાં ન રાખો, તીર્થોની યાત્રા કરો, દેવગુરુની સેવા કરો. જે સ્થાને દુઃખી થયા છો તે સ્થાનનો ત્યાગ કરો. બીજે સ્થાને

જઇને રહો, પરદેશમાં ફાયદો થશે, ઇજ્જત-આબરૂ માટે બહુ ખર્ચ કરો છો, તમારું દિલ ચિંતામાં ડૂબેલું રહે છે, કોઈ પણ ધર્મનાં કાર્યો કરવાની તમારી ભાવના હતી; પરંતુ અંતરાય કર્મના ઉદયથી એ ભાવના ફળીભૂત થઈ નહીં. હવે અંતરાય કર્મ દૂર થતાં શુભ કર્મનો ઉદય થયો છે. ધારેલાં દરેક કાર્યોમાં ફતેહ પામશો, ધન-દોલત પ્રાપ્ત થશે, ગયેલી વસ્તુ પુનઃ આવી મળશે, જે માણસ સાથે સ્નેહ છે તેની સલાહ પ્રમાણે વર્તો.

૧૩૧—જે વાત હૃદયમાં ધારી છે તે પાર પડશે એમાં જરા પણ શક નથી. જે વાતનું નુકસાન થયું છે તે દૂર થઈ ભવિષ્યમાં લાભ થશે, ધન મળશે, સંતાનોની વૃદ્ધિ થશે, તમારા હાથથી ધર્મનાં કામ થશે. ધર્મગુરુની સેવા કરો, ન્યાત જાતમાં આબરૂ વધશે. દેવાધિદેવનું ધ્યાન કરો, જે સ્થાનની અને જે મનુષ્યની મુલાકાત ચાહો છો તે થશે. કલેશ-ચિંતાના દિવસો ગયા છે, ધાતુ, ધન, સંપત્તિ અને કુટુંબની વૃદ્ધિ ઇચ્છો છો તે ફળીભૂત થશે. ધર્મ ઉપર શ્રદ્ધા રાખો, ધર્મથી સુખ પ્રાપ્ત થયું છે અને થશે.

૧૩૨—આજસુધી તમારા મોટા મોટા દુશ્મનો થયા, હવે તેઓનું જોર નહીં ચાલે, મનમાં વિચારેલા કાર્યમાં ફતેહ થશે, આબરૂમાં વધારો થશે. તમારા હાથે ધર્મનાં કાર્યો થશે, રાજદરબારમાં સન્માન મળશે. પૂર્વસંચિત શુભ કર્મ ઉદયમાં આવ્યાં છે, મનવાંચ્છિત સુખની પ્રાપ્તિ થશે. અમુક મુદત સુધીના કરેલા મનોરથો પાર પડશે, ભાઈઓનો મેળાપ થશે. દેવ, ગુરુ અને ધર્મની સેવા કરો, ધર્મના પ્રભાવથી સુખી થયા છો અને થશો.

૨૨૨—જે કામ હૃદયમાં વિચાર્યું છે તેને છોડીને બીજું કામ કરો; છતાં પણ જો એ વિચારેલું કાર્ય કરવામાં પ્રવૃત્ત થશો તો સંકટ ઉત્પન્ન થશે, નુકશાન થશે, દુશ્મન લોકો વિઘ્ન ઉપસ્થિત

કરશે. દેવગુરુ અને ધર્મની સેવા કરો. તીર્થોની યાત્રામાં જાઓ, જેથી બીજાં કાર્યો પણ સુધરશે. દિલમાં વિવિધ પ્રકારની ચિંતાઓએ વાસ કર્યો છે, તે વિચારેલું કાર્ય છોડી દેવાથી દૂર થઇ જશે.

૨૨૧—આટલા દિવસો લહેરમાં ઉડાવ્યા, જે દિવસો ગયા તે સારા ગયા, જે જે કામો કર્યાં તે પણ બધાં પાર પડયાં; પરન્તુ હવે જે કામ દિલમાં વિચાર્યું છે તે પાપકર્મના ઉદયથી પૂર્ણ નહીં થાય, દોસ્તો પણ દુશ્મન થઇ જશે, કુટુંબમાં અણબનાવ રહેશે, ભાઈઓ જુદા થશે, જે કામ કરવાનું દિલમાં ચિંતવ્યું છે તેનો ત્યાગ કરવો એ જ શ્રેષ્ઠ છે. ધર્મ ઉપર શ્રદ્ધા રાખો, દેવ-ગુરુની સેવા કરો, દાન પુણ્ય કરો, પુણ્યના પ્રભાવથી સુખ મળે છે.

૨૩૨—જે કામ વિચાર્યું છે તેને છોડીને બીજું કોઈ પણ કામ કરો, વિચારેલું કામ કરવામાં ફાયદો નથી, છતાં કરશો તો તમારે તમારું સ્થાન છોડી બીજા મુલકમાં જવું પડશે અને કુટુંબીજનનો વિયોગ થશે, માટે બહેતર છે કે તે કામને છોડી દેવું. ધર્મમાં હોશિયાર રહેવું, તેમજ પોતાની શક્તિ અનુસાર દાન–પુણ્ય કરવું જેથી સુખ પ્રાપ્ત થાય.

૧૩૩—આટલા દિવસો સંકટ રહ્યું, ધારેલાં કાર્યો સારી રીતે પાર ન પડયાં, હવે સારા દિવસોની શરૂઆત થઇ ચૂકી છે, જે કામ વિચાર્યું છે તે ફળીભૂત થશે, કોઇ પણ જાતનું વિઘ્ન આવશે નહીં, પુણ્યના ઉદયથી ઊંચા પ્રકારની ધારણા-ઈરાદો થયો છે, દેવ, ગુરુ અને ધર્મના પ્રભાવથી લક્ષ્મી પ્રાપ્ત થશે, સ્નેહીનો મેળાપ થશે, સંતાનનું સુખ સાંપડશે, પત્ની તરફથી સુખ મળશે અને એક સજ્જન તરફથી અચાનક ફાયદો થશે.

૩૧૨—જે કામ વિચાર્યું છે તેને છોડીને બીજું કોઇ કામ કરો, અન્યથા દુશ્મન લોકો વિઘ્ન નાખશે, દોલતની ખરાબી થશે, ઘરના મનુષ્યો અને જનાવરો ઉપર સંકટ ઊતરશે, માટે એ ધારેલું કાર્ય છોડી દેવું એ જ ઉચિત છે. ધર્મના પ્રભાવથી

બધાં કામ ફતેહ પામે છે, નિરાશ્રિતોને આશ્રય આપો, અને દેવાધિદેવનું સ્મરણ ચિંતવન કરો જેથી સુખી થશો.

૩૩૨—ખરાબ દિવસો નષ્ટ થતાં હવે સારા દિવસો આવ્યા છે. તમોને જમીન અને ધન-દોલતનું જે નુકશાન થયું છે તે મટી જશે. થયેલું નુકશાન મટી જઈ ભવિષ્યમાં ફાયદો થશે. પંચ પરમેષ્ઠિનું ધ્યાન કરો, જ્ઞાનના કાર્યમાં મદદ કરો, જેથી જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મનો નાશ થતાં પુણ્યોદયથી લાભ થશે. હૃદય શુદ્ધ છે, જેથી મનની ચિંતા જલદી નાશ પામશે. પરદેશમાં રહેલા માણસની ફીકર થાય છે, પણ તેની મુલાકાત થશે. ધર્મના પ્રભાવથી સુખચેન ઉડાવશો.

૨૨૩—આ સવાલ સારો છે, સુખના દિવસો નજીક આવ્યા છે, વ્યાપારમાં દોલત મળશે, એશ-આરામ પ્રાપ્ત કરશો, પત્નીનું સુખ સાંપડશે, સંતાનની વૃદ્ધિ થશે, જે કામ કરશો તેમાં લાભ મેળવશો. દિલમાં ચિંતા થાય છે જે 'હું પરદેશ જઉં તો મને ત્યાં સારુ સ્થાન મળશે કે કેમ?' પરંતુ ફિકર ન કરો, તમોને સારૂં સ્થાન મળશે. શુદ્ધ દાનતથી વર્તો છો તો છેવટે સારું જ થશે. ધર્મના પ્રભાવથી સુખી થશો, ધર્મને ભૂલશો નહીં, ધર્મનાં કાર્યોમાં સુસ્તી રાખવી ઠીક નથી, દેવ-ગુરુની સેવા કરો.

૩૨૨—જે કાર્ય મનમાં વિચાર્યું છે, તેમાં દુશ્મન લોકો વિઘ્ન નાખશે, પરિણામ સારૂં નથી. રાજ્યની તરફથી નારાજગી પ્રાપ્ત થશે. જો સુખી થવું હોય તો તું વિચારેલું કામ છોડીને બીજું કામ કરો. તમારા અનુયાયી લોકો બદલાઇ ગયા છે, તેનો વિશ્વાસ ન કરશો, ધર્મના કાર્યમાં ધ્યાન આપો, વ્રત નિયમ કરતા રહો, દુનિયામાં સાર વસ્તુ એક માત્ર ધર્મ જ છે, ધર્મના પ્રભાવથી સુખચેન પ્રાપ્ત થયું છે અને ભવિષ્યમાં પણ એ જ પ્રમાણે પ્રાપ્ત કરશો.

ઈતિ ગૌતમ કેવલી યંત્રના ૨૭ કોઠાનું ફળ.

(૧) શકુન બે પ્રકારનાં હોય છે, ૧ દષ્ટ શકુન અને ૨ શબ્દ શકુન. જે શકુન નજરેથી–દષ્ટિ વડે જોઈ શકાય તે દષ્ટ શકુન કહેવાય, જ્યારે અદષ્ટપણે માત્ર કર્ણથી જ સાંભળી શકાય તેને શબ્દ શકુન કહેવામાં આવે છે.

(૨) આજકાલ શકુનશાસ્ત્ર ઉપર લોકોની શ્રદ્ધા બહુ ઓછી થઇ ગયેલી હોય તેમ જણાય છે. પરન્તુ શકુન શુભાશુભ સૂચક અવશ્ય છે, તેમાં જરા પણ સંશય નથી. નસીબ સારૂં હોય અને કોઈ પણ કાર્ય કરતાં સારું જ થવાનું હોય તો સારાં શુકન થાય અને કંઈ અનિષ્ટ થવા સરજાયેલું હોય તો ખરાબ શકુન થાય છે. કહ્યું છે કે:—

तादृशी जायते बुद्धिर्व्यवसायोऽपि तादृशः ।
सहायास्तादृशाश्चैव, यादृशी भवितव्यता ॥

ભાવાર્થ—જે મનુષ્યની જેવી ભવિતવ્યતા હોય તેની બુદ્ધિ પણ તેવી જ હોય છે. વ્યવસાય–ઉદ્યમ અને સહાયકો પણ તેવા જ–ભતિવ્યતાને અનુરૂપ જ આવી મળે છે.

(૩) ઘરથી રવાના થતી વખતે સારાં શકુન થયાં હોય અને જ્યાં જવું હોય ત્યાં પણ સારાં શકુન થયાં હોય તો સમજવું કે મનની ધારણા સફળ થશે. ઇચ્છિત સ્થાને પહોંચતી વખતે થયેલાં શકુન કરતાં ઘરથી નીકળતી વખતે થયેલાં શકુનો વધારે ફાયદાકારક કહેલાં છે.

(૪) ગાઉ કે બે ગાઉ ગયા પછી ગમે તેવાં શકુનો થાય પણ

તે બધાં વ્યર્થ જ સમજવાં. ખરાં શકુન તો એ જ કહેવાય કે પોતાના ઘર અથવા ગામની નજીકમાં જ શકુન થાય તે શકુન જેટલાં પાસે નજરે પડે તેનું તેટલું ફળ વહેલું સમજવું. દૂર ગયા પછી નજરે પડે તો તેનું ફળ થોડું વિલંબે મળે છે.

(૫) એક વખત ખરાબ શકુન જોવામાં આવે તો તે વખતે અટકી જવું, પણ આગળ પગલું ભરવું નહીં. થોડીવાર પછી બીજી વખત ખરાબ શકુન થાય તો પણ થોડીવાર અટકી જવું. પણ જો ત્રીજીવાર જતી વખતે પણ અપશુકન થાય તો સમજવું કે 'નિશ્ચે આ સફરમાં કંઈ પણ બગાડ થશે' માટે તે દિવસે અટકી જઈ બીજે દિવસે મુસાફરી કરવી.

(૬) શકુનશાસ્ત્રની એવી માન્યતા છે કે–કોઇ પણ સજ્જન શકુન અથવા નિમિત્તજ્ઞાની મના કરે તો તે વખતે મુસાફરીએ જવું નહીં, કેમકે તેમ કરવાથી કલેશ થવાનો ભય રહે છે.

(૭) શબ્દ શકુન તેને કહેવામાં આવે છે કે જે–મુસાફરીએ અથવા કોઇ પણ કાર્ય પ્રસંગે રવાના થતી વખતે શબ્દ દ્વારા સાંભળવામાં આવે છે. જેમકે–કોઈ માણસ ઘરેથી નીકળી મુસાફરી માટે રવાના થયો, તે જ વખતે કોઇ પણ મનુષ્ય આવીને એમ કહે કે–ભાઈ, તમારી ફતેહ થશે, તમારું નશીબ તેજ છે, ફાયદો મેળવશો, વગેરે સદ્‌વાક્યો બોલે તો જાણવું કે પોતાને શબ્દ–શકુન સારાં થયાં છે વિપરીત પક્ષે જો એમ સાંભળવામાં આવે કે–તમારા કાર્યમાં ભૂલ થાય છે, હાલમાં ન

જાઓ, જશો તો દુઃખી થશો, વગેરે અપવાકયો સાંભળવામાં આવે તો સમજવું કે શબ્દશકુન સારાં થયાં નથી. માટે કોઈ પણ સ્થાન તરફ પ્રયાણ કરતી વખતે શબ્દશકુનનો અવશ્ય ખ્યાલ રાખવો જોઇએ.

(૮) ધર્મશાસ્ત્રનું ફરમાન છે કે વાર કરતાં તિથિ બલવાન હોય, તિથિ કરતાં નક્ષત્ર બલવાન, નક્ષત્ર કરતાં કરણ બલવાન, કરણ કરતાં લગ્ન બલવાન, લગ્ન કરતાં નિમિત્ત બલવાન, નિમિત્ત કરતાં મનના ભાવ બલવાન, મનના ભાવ કરતાં પૂર્વસંચિતકર્મ બલવાન, અને પૂર્વસંચિત કર્મ કરતાં ધર્મ બલવાન હોય છે. માટે ધર્મ ઉપર અચળ શ્રદ્ધા રાખવી.

(૯) જો કયાંઈ પણ પ્રયાણ કરતી વખતે પહેલાં સારાં શકુન થાય અને પાછળથી ખરાબ શકુન થાય તો પાછળનાં જ શકુન ફળે અને આગળ થયેલાં રદ થઈ જાય.

(૧૦) શકુન સન્મુખ થાય તે લાભદાયક છે, જમણી તરફ થાય તો તે પણ સારાં ગણાય છે. પરંતુ ડાબી બાજુનાં થાય તે ઈષ્ટ નથી. છતાં પણ જો પોતાનો ચંદ્રસ્વર ચાલતો હોય તો ડાબી બાજુના પણ લાભદાયક જાણવાં. સૂર્યસ્વર ચાલતો હોય અને જમણી બાજુ સારાં શકુન થાય તો ઘણું સરસ ફળ મળે છે.

(૧૧) **पद्मिनी राजहंसाश्च निर्ग्रंथाश्च तपोधनाः ॥**
यं देशमनुसर्पंति तत्र देशे शिवं वदेत् ॥ १ ॥

ભાવાર્થ—પદ્મિની સ્ત્રી, રાજહંસ અને નિર્ગ્રંથ મુનિ જે દેશમાં જાય તે સદ્‌ભાગ્યની નિશાની જાણવી.

(१२) पुरुषेणाथवा नार्या द्रष्टव्यं न कदाचन ॥
चंद्रबिंबं निशि शुक्लचतुर्थीसंभवं किल ॥ १ ॥

(વ્યવહારકલ્પમાં શ્રી હરિભદ્રસૂરિ કથિત)

ભાવાર્થ—પ્રત્યેક મહિનાની સુદિ ચોથના દિવસનો ચંદ્રમા પુરુષે અથવા સ્ત્રીએ કદી પણ જોવો નહીં–દર્શન સુદ્ધાં કરવાં નહીં; પરંતુ સુદિ બીજ અથવા ત્રીજના ચંદ્રમાનાં દર્શન થયાં હોય તો સુદિ ચતુર્થીનો ચંદ્રમા જોવામાં વાંધો નથી.

(१३) नक्षत्रस्य मुहूर्त्तस्य तिथेश्च करणस्य च ॥
चतुर्णामपि चैतेषां शकुनो दंडनायकः ॥ १ ॥

(વ્યવહારકલ્પ–શ્રી હરિભદ્રસૂરિ કથિત)

ભાવાર્થ—નક્ષત્ર, મુહૂર્ત, તિથિ અને કરણ એ ચારે કરતાં શકુન વધારે બલવાન છે.

(૧૪) નિર્ગ્રંન્થ મુનિ, રાજા, હાથી, ઘોડા, મોર, બળદ, રાજહંસ, પદ્મિની સ્ત્રી, અથવા સ્ત્રી–પુરુષનું જોડલું ઘરથી પ્રયાણ કરનાર કોઈ પણ મનુષ્યને સામે મળે તો કામ ફતેહમંદ થાય. કેટલાક લોકો મુનિજનનું શકુન શુભ નથી લેખતા, પરંતુ એ તેમની ગંભીર ભૂલ છે. કારણ કે મુનિજનો ધર્મના નાયક, પૂજ્ય અને માંગલિક રૂપ હોય છે તો તેમનું શકુન પણ માંગલિકરૂપ કેમ ન હોય? અવશ્ય હોય.

(૧૫) જિનપ્રતિમા, ફળ–ફુલ, ઘરેણાં–આભૂષણ, ધજા–પતાકા, છત્ર, ચામર, સોનું, ચાંદી, રથ, પાલખી, વાજાં, વીણા, સતાર, સારંગી, મૃદંગ, ચંદન, આરીસો, પાણીથી ભરેલો ઘડો, રસોઇનો થાળ, દૂધ,

દહીં, ગોરોચન, કમળ, હથિયાર, પંખો, છત્રી, સિંહાસન, રત્ન, અંકુશ, નિર્ધૂમ અગ્નિ, સફેદ સરસવ અને ધોયેલ કપડાં લઈને આવતો ધોબી, કુમારી કન્યા, તાંબૂલ, મિઠાઈ, અત્તર અને સુંદર વર્ણ ગંધ અને સ્પર્શવાળી કોઈ પણ ચીજ મુસાફરીએ જતાં સામે મળે તો ફતેહ થાય અને મનની ધારણા ફળવતી થાય.

(૧૬) મુસાફરી માટે પ્રયાણ કરતી વખતે ખૂબ સ્વરૂપવાન સ્ત્રી અથવા પુરુષ શ્રૃંગાર સજીને સામો મળે તો તે શુભ છે.

(૧૭) મુસાફરીએ જવા માટે પ્રયાણ કરતી વખતે ગર્ભવતી, રજસ્વલા અથવા વિધવા સ્ત્રી સામે મળે તો તે ઇષ્ટ ન ગણાય. પોતાની માતા અગર વિધવા હોય તો તેનું સામે મળવું પુત્રને માટે અનિષ્ટ જનક ન ગણાય, કેમકે માતા તો હમેશાં પુત્રનું હિત કરનાર જ હોય છે.

(૧૮) પાડા ઉપર અથવા ઊંટ ઉપર ચઢેલો માણસ પ્રયાણ કરતી વખતે સામે મળે તો અનિષ્ટ થાય. અગર કોઈ ગધેડા ઉપર ચઢેલો માણસ સામો મળે તો એ વધારે અનિષ્ટકારક ગણાય. નપુંસક અથવા રૂદન કરતો મનુષ્ય સામે મળે તો તે બહુ જ અનિષ્ટ—ખરાબ ગણાય છે.

(૧૯) ગ્રામ અથવા શહેરમાં પ્રવેશ કરતી વખતે પોતે હસવું અથવા ગાવું એ સારું—શુભ ન ગણાય.

(૨૦) મુસાફરીએ જતી વખતે પોતાની પાછળ કોઈ પણ સ્ત્રી અથવા પુરુષ ખાલી ઘડો લઈને આવતો હોય તો એ ઘણું જ શુભ શકુન ગણાય છે.

(૨૧) મુસાફરીએ જતી વખતે સર્પ, કાકીડો, ઢેઢગરોળી

અથવા ઘો રસ્તામાં આડી ઊતરી જાય તો એ અશુભ ગણાય છે. ફણા માંડેલો સર્પ જોવામાં આવે તો એ પણ અશુભ જ ગણાય છે.

(૨૨) મુસાફરીએ જતાં જમણી તરફ ભમરો ગુંજારવ કરે અથવા ફુલોનો રસ પીતો નજરે જોવામાં આવે તો એ શુભ ગણાય છે. તેમજ કુકડાનો અવાજ અથવા મોરનો અવાજ સાંભળવામાં આવે યા નજરે પડે તો એ શુભ મનાય છે, અને મનનો સંકલ્પ પૂર્ણ થાય છે.

(૨૩) લડાઇમાં જનાર યોદ્ધાઓના નિશાન અથવા રથપર બાજપક્ષી આવીને બેસે એ ઘણું જ મંગલકારક હોઇને લડાઇમાં વિજય મેળવે છે.

(૨૪) મુસાફરીએ જનાર માણુસનો પહેલો ઉપાડેલો પગ એકાએક અટકી જાય, હાથ-પગને ઠોકર લાગે, કપડું કોઈ સ્થળે ફસાઇ જાય, અથવા ધ્વજા પતાકા પડી જાય એ બહુ જ અશુભ શકુન ગણાય છે અને તેથી નિશ્ચે મુસાફરીમાં દુઃખ વેઠવું પડે.

(૨૫) સફર કરતી વખતે લુલો, લંગડો, કાણો અને આંધળો સામે મળે તો જરૂર સંકટ વેઠવાનો સમય આવે. લાકડાંનો ભારો લઇને કોઈ સામે મળે, બિલાડીઓ લડતી નજરે પડે, અથવા દુર્ગંધ યુક્ત કોઈ ચીજ સામે મળે તો એ શકુન કોઇ પણ રીતે લાભદાયક ન નીવડે.

(૨૬) અંગારા, રાખ, હાડકાં, પથ્થર, તેલ, ગોળ, ચામડું, ચરબી, ફુટેલાં વાસણ, લુણ, સૂકું ઘાસ, છાશ, કપાસ, અનાજના ફોતરાં, વાળ, કાળા રંગની ચીજ, લોઢું, વૃક્ષની છાલ, અર્ગલા-ભોગળ, લોઢાની સાંકળ, લુચ્ચો

માણસ, અશુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળી કોઈ પણ ચીજ, મુસાફરીએ જતાં સામે મળે તો તકલીફ-સંકટ ઉપસ્થિત થાય.

(૨૭) ફુલ ફૂલ લઇને કોઇ પુરુષ અથવા સ્ત્રી સામે મળે તો મુસાફરીએ જનારની ફતેહ થાય અને મનની ધારણા ફળે.

(૨૮) મુસાફરીએ જતાં સારસ પક્ષીનું જોડલું કોઈ પણ દિશામાં નજરે પડે અથવા એક સાથે અવાજ કરે તો મુસાફરને લાભ થાય, પણ એકલું સારસ પક્ષી નજરે પડે એ ઠીક નહીં.

(૨૯) છત્રી હાથમાં ધારણ કરી પાનનાં બીડાં ચાવતો માણસ મુસાફરીએ જનાર માણસને સામો મળે તો ફતેહ થાય. રુદન કરતો મનુષ્ય સામો મળે તો અશુભ ગણાય. પ્રયાણ કરતી વખતે મડદું સામે મળે તો ગેરલાભ થાય.

(૩૦) મુસાફરીએ જતી વખતે ડાબી તરફનો અથવા પાછળનો પવન ચાલતો હોય તો ફતેહ થાય. ઘરે આવતાં પણ એ જ પવન લાભદાયક નીવડે છે. પરંતુ સામેનો અથવા જમણી તરફનો પવન સારો નથી.

(૩૧) મુસાફરીએ જતાં નોળિયો નજરે પડે અથવા તેનો શબ્દ સાંભળવામાં આવે તો લાભ થાય. તેતર અથવા કુકડો ડાબી તરફ નજરે પડે તે શુભ ગણાય. ગધેડો જમણી તરફ શબ્દ કરે તો મુસાફર સુખી થાય.

(૩૨) મુસાફરીએ જતાં ભાત લઇને કોઈ સામે મળે તો શુભ થાય.

(૩૩) જ્યારે પોતાનો ચંદ્રસ્વર ચાલતો હોય તે વખતે જમણી

તરફ જે જે શુકન થાય તે પૂર્ણ ફળદાયક નીવડે. તેમજ સૂર્યસ્વર ચાલતો હોય તે વખતે ડાબી બાજુ જેટલાં શુકન થાય તે પણ પૂર્ણ ફળદાયક નીવડે. ખાલી સ્વર ચાલતો હોય ત્યારે શુભ શુકન પણ અલ્પ ફળદાયી અને પૂર્ણસ્વર ચાલતો હોય ત્યારે નિર્બળ શુકન પણ સબળ બને છે.

(૩૪) મુસાફરીએ જતાં કોઇ દીવાનો-ગાંડો માણસ અથવા ભીનાં વસ્ત્રયુક્ત કોઇ મનુષ્ય સામે મળે તો અશુભ થાય.

(૩૫) હથિયાર સજેલો કોઇ બહાદુર મનુષ્ય મુસાફરીએ જતાં સામે મળે તો ફતેહ થાય. ચોખા, ઘઉં અથવા જવારા લઈને કોઇ મનુષ્ય સામે મળે તો લાભ થાય.

(૩૬) મુસાફરીએ જતાં પોતાને ચાહનાર કોઇ પણ પુરુષ અથવા સ્ત્રી સામે મળે તો શ્રેય થાય. નવવિવાહિત વર-વધૂ સામે મળે તો ઘણોજ લાભ થાય. અથવા છોકરાને લઇને કોઈ સ્ત્રી સામે મળે તો એ પણ શ્રેયસ્કર છે.

(૩૭) મ્યાનો, પાલખી, નીલકંઠ પક્ષી, ગાય, હરણ અથવા પોપટ મુસાફરીએ જતાં સામે મળે તો ઘણોજ લાભ થાય.

श्री युगादिदेव शकुनावली

अथ पीठिका गाथा

अकारादि हकारान्ता. प्रसिद्धा सिद्धमातृका ।
युगादौ या स्वयं प्रोक्ता, वृषभेण महात्मना ॥

અર્થ—અકારથી પ્રારંભીને હકાર સુધીની વર્ણમાળા (સિદ્ધિમાતૃકા–કક્કાવાળી) પ્રસિદ્ધ છે જે યુગની આદિમાં સ્વયં ઋષભદેવ ભગવાને કહેલ છે.

અ થી હ સુધીના ૪૯ અક્ષરો છે. આઠ ઊભી અને આઠ આડી લીંટીનો કોઠો કરી તેમાં એ અક્ષરોનું સ્થાપન કરવાનું છે.

अथ बीजमंत्र—प्रेक्षणविधि

ॐ चलिचलि मीलिमीलि मातंगीनि
सिद्धिं दर्शय दर्शय स्वाहा।

અર્થ—ઓં ચલિ ચલિ ઈત્યાદિ અંબિકાનો મંત્ર છે.

संस्थाप्य श्रीफलं पुगीफलं वा नाणकं फलं ।
सप्तपंचत्रिभिर्मंत्रैः, पश्चात्तत्फलमादिशेत् ॥

અર્થ—આમંત્રણ વડે સાત, પાંચ કે ત્રણ વાર શ્રીફળ, સોપારી, ત્રાંબા નાણું કે હરકોઈ ફળ મંત્રવું અને પછી તેને કોઠા ઉપર મૂકવું. આ રીતે જે અક્ષર ઉપર ફળ મૂકાય તે અક્ષર ઉપરથી (તે અક્ષરનો શ્લોક વાંચી) શુભાશુભ ફળ કહેવું ॥ ૩ ॥

अ અ	आ આ	इ ઇ	ई ઈ	उ ઉ	ऊ ઊ	ऋ ઋ
ज જ	झ ઝ	ञ ઞ	ट ટ	ठ ઠ	ड ડ	ॠ ૠ
छ છ	भ ભ	म મ	य ય	र ર	ढ ઢ	ऌ ઌ
च ચ	ब બ	स સ	ह હ	ल લ	ण ણ	ॡ ૡ
ङ ઙ	फ ફ	प પ	श શ	व વ	त ત	ए એ
घ ઘ	प પ	न ન	ध ધ	द દ	थ થ	ऐ ઐ
ग ગ	ख ખ	क ક	अः અઃ	अं અં	औ ઔ	ओ ઓ

अथ अक्षरमाला फलम्

उत्तमं—

अकारे विजयो लाभो. विद्या ऐश्वर्यमेव हि ।
वित्तं स्त्रीपुत्रलाभश्च. क्षेमं चैव भविष्यति ॥ १ ॥

અર્થ—જે ખાનામાં ફળ મૂકયું હોય તે ખાનામાં જો અ હોય તો જાણવું કે-વિજય, લાભ, વિદ્યા, ઐશ્વર્ય, ધન, સ્ત્રીની પ્રાપ્તિ, પુત્રપ્રાપ્તિ અને ક્ષેમ-કલ્યાણ થશે.

मध्यमं—

आकारे शोकसंतापौ. भयं कलह एव च ।
विरोधश्च विनाशश्च, व्याधिर्भवति दुःसहः ॥ २ ॥

અર્થ—આ હોય તો જાણવું કે શોક, સંતાપ, ભય, કજીઓ, વિરોધ, વિનાશ અને ભયંકર વ્યાધિ થશે.

उत्तमं—

इकारे पुत्रलाभश्च, संतु श्री: सर्वसंपदः ।
ऋद्धिनगने सिद्धि:*, शोभा भाग्यं भविष्यति ॥ ३ ॥

અર્થ—ઈ હોય તો જાણવું કે-પુત્રલાભ, લક્ષ્મી, દરેક પ્રકારની સંપદા......................સિદ્ધિ, શોભાવાળું સુંદર ભાગ્ય થશે.

उत्तमं—

ईकारे सर्वलाभश्च, शोभनं च प्रवर्धते ।
सिध्यन्ति सर्वकार्याणि, मित्रैः सह समागमः ॥ ४ ॥

અર્થ—ઈ હોય તો જાણવું કે-સર્વ લાભ થશે, સારું સારું વૃદ્ધિ પામશે, સર્વકાર્યો સિદ્ધ થશે અને મિત્રોનો મેળાપ થશે.

मध्यमं—

उकारे शोकसंतापौ, विघ्नं चैव भविष्यति ।
दुःखं च प्राप्यते घोरं, शस्त्रघातः प्रजायते ॥ ५ ॥

અર્થ—ઉ હોય તો જાણવું કે-શોક સંતાપ અને વિઘ્ન થશે, ઘોર દુઃખની પ્રાપ્તિ થશે અને શસ્ત્રનો પ્રહાર થશે.

उत्तम—

ऊकारे भुक्तभोगास्तु, प्रतिष्ठा चैव शोभना ।
सर्वकार्याणि सिध्यंति, क्षेमं विजय एव च ॥ ६ ॥

---

* આ શ્લોકનું ત્રીજું ચરણ અશુદ્ધ સંભવે છે.

અર્થ—ઊ હોય તો જાણવું કે-ભોગવેલા અને ભોગ-વવા લાયક ભોગો મળે, સારી પ્રતિષ્ઠા જામે, સર્વે કાર્યો સિદ્ધ થાય અને ક્ષેમ તથા વિજય મળે.

उत्तमं—

ऋकारे प्राप्यते राज्यं, नानारत्नसमुद्भवः ।
सर्वकार्येषु संसिद्धिः, स्वजनैश्चसमागमः ॥ ७ ॥

અર્થ—ઋ હોય તો જાણવું કે રાજ્યની પ્રાપ્તિ થાય, વિવિધ પ્રકારનાં રત્નોની પ્રાપ્તિ થાય, સર્વ કાર્યો સિદ્ધ થાય, અને સ્વજનોનો મેળાપ થાય.

मध्यमं—

ॠकारे सर्वहानिः स्यात्, रोगबाहुल्यमेव च ।
मित्रैः सह विरोधश्च, भवेद् द्रोहकुलक्षयः ॥ ८ ॥

અર્થ—ૠ હોય તો જાણવું કે-દરેક પ્રકારની હાનિ થાય, રોગ વૃદ્ધિ પામે, મિત્રો સાથે વિરોધ પ્રગટે અને કલહ વડે કુલનો ક્ષય થાય.

उत्तमं—

ऌकारे प्राप्यते सिद्धिः मित्राणां च समागमः ।
अचिरेणापि कालेन, राज्यमानं भविष्यति ॥ ९ ॥

અર્થ-ऌ હોય તો જાણવું કે-બુદ્ધિ પ્રાપ્ત થશે, મિત્રોનો મેળાપ થશે અને ટૂંક મુદતમાં રાજ્યમાન થશે.

जघन्यं—

ॡकारे तु महाव्याधिः, व्यधुस्संतापमेव च ।
आयासः कलहश्चैव, अर्थनाशः प्रजायते ॥ १० ॥

અર્થ—ઋૃ હોય તો જાણવું કે મહાવ્યાધિ પ્રકટે, સંતાપ થાય, તકલીફ પડે, કાર્યમાં ક્લેશ અને ધનનો નાશ થાય.

उत्तमं—

एकारे पुत्रलाभस्तु. स्त्रीलाभश्च मनोरमः ।
उपस्थितं च कल्याणं, प्रतिष्ठा चैव शोभना ॥ ११ ॥

અર્થ—એ હોય તો જાણવું કે-પુત્રનો લાભ થશે, મનોવાંછિત સ્ત્રીનો લાભ થશે, કલ્યાણ પ્રાપ્ત થશે અને સારી પ્રતિષ્ઠા જામશે.

जघन्यं—

ऐकारे वधबंधश्च, विरोधो बंधुविग्रहः ।
महद्दु:खं च विघ्नं च, जायते नात्र संशयः ॥ १२ ॥

અર્થ—એ હોય તો જાણવું કે-વધબંધન થશે, ક્લેશ થશે, ભાઈઓમાં અણબનાવ થશે, મોટું દુ:ખ આવશે અને વિઘ્ન ઉપસ્થિત થશે તેમાં સંશય નથી.

उत्तमं—

ओकारे प्राप्यते सिद्धिः, मानमैश्वर्यमेव च ।
सिध्यंति सर्वकार्याणि, भयं नैव प्रसज्जति ॥ १३ ॥

અર્થ—ઓ હોય તો જાણવું કે-સિદ્ધિની પ્રાપ્તિ થશે, માન વધશે, ઐશ્વર્ય વધશે, સર્વ કાર્યો સિદ્ધ થશે અને ભયનો નાશ થશે. [ભયનો પ્રચાર થશે નહીં.]

जघन्यं—

औकारे अर्तिका विद्याद् अर्थहानिर्महाभयः ।
नित्यव्यसनमाप्नोति, शोकं संतापमेव च ॥ १४ ॥

અર્થ—ઔ હોય તો જાણવું કે-પીડા તથા ધનની હાનિ તથા મહાભય થાય, તેમજ કાયમનું દુઃખ, શોક અને સંતાપ પામે.

अधमं—

अंकारे (सर्वे) द्रव्यहानिश्च, दुःखं चैव प्रजायते ।
महान्ति सर्वकार्याणि, निष्फलानि भवेद् ध्रुवम् ॥ १५ ॥

અર્થ—અં હોય તો જાણવું કે દ્રવ્યની હાનિ થાય અને મોટાં બધાં કાર્યો નિષ્ફળ થાય એ નિશ્ચયથી જાણવું.

उत्तमं—

अःकारे सर्वसौभाग्यं, द्रव्यलाभः प्रजायते ।
प्रतिष्ठा चैव सर्वत्र, महती पूजया सह ॥ १६ ॥

અર્થ—અઃ હોય તો જાણવું કે-દરેક રીતે સૌભાગ્ય વધશે, દ્રવ્યનો લાભ થશે અને મોટા મોટા માન સન્માન સાથે પ્રતિષ્ઠા જામશે.

उत्तमं—

ककारे राजसन्मानं, लाभश्च प्रियसंगमः ।
राज्यप्रसादकल्याणं, विजयः सर्वकर्मसु ॥ १७ ॥

અર્થ—ક હોય તો જાણવું કે-રાજસન્માન થશે, લાભ થશે, ઇષ્ટ મનુષ્યોનો મેળાપ થશે, રાજ્યની મહેરબાની ઉતરશે, કલ્યાણ થશે અને સર્વ કાર્યમાં વિજય મળશે.

मध्यमं—

खकारे शोकसंतापौ, द्रव्यनाशस्तथैव च ।
सुत भृत्यविनाशस्तु, व्याधिना नैव जीवति ॥ १८ ॥

અર્થ—ખ હોય તો જાણવું કે-શોક સંતાપ, લક્ષ્મીનો નાશ તથા પુત્ર અને નોકરનો વિનાશ થશે, અને વ્યાધિ થાય તો તેમાંથી બચશે નહીં.

उत्तमं—

गकारे सर्वसंप्राप्तिः, सिद्धिः सौभाग्यमेव च ।
जयश्च व्याधिनाशश्च, सद्भिश्च संगमो भवेत् ॥ १९ ॥

અર્થ—ગ હોય તો જાણવું કે સર્વ પ્રકારની પ્રાપ્ત થશે, સિદ્ધિ સૌભાગ્ય તથા જય મળશે અને વ્યાધિનો નાશ થશે, તથા સંત પુરુષોની સોબત થશે.

उत्तमं—

घकारे दृश्यते लाभः, कार्यसिद्धिः प्रजायते ।
सर्वत्र सुखमाप्नोति, कल्याणं विजयं तथा ॥ २० ॥

અર્થ—ઘકાર હોય તો જાણવું કે-લાભ દેખાય, કાર્યસિદ્ધિ થાય, સર્વ સ્થાને સુખ મળે, તથા કલ્યાણ અને વિજય થાય.

जघन्यं—

ङकारे द्रव्यहानिः स्यात्, आयासश्च महाभयम् ।
दृश्यते कार्यहानिश्च, निष्फलं चिन्तितं भवेत् ॥ २१ ॥

અર્થ—ઙ હોય તો જાણવું કે-લક્ષ્મીનો નાશ થાય, દરેક કાર્યમાં અતિશય મહેનત પડે, મહાભય ઉત્પન્ન થાય, કાર્યનો નાશ થાય અને ધાર્યું નિષ્ફળ જાય.

उत्तमं—

चकारे विजयो लाभो राजसन्मानमेव च ।
सर्वक्षेमंकरं कार्यं, सफलं च भविष्यति ॥ २२ ॥

અર્થ—ચ હોય તો જાણવું કે-વિજય, લાભ, રાજ-સન્માન, સર્વ રીતની કુશળતા અને કરેલ કાર્ય સફળ થશે.

उत्तमं—

छकारे ध्वजपताका रत्नानि मुकुटास्तथा।
आरोग्यदेशलाभश्च, छत्रलाभस्तथा भवेत् ॥ २३ ॥

અર્થ—છ હોય તો જાણવું કે-ધ્વજા, પતાકા, રત્નો, મુકુટ વગેરેની પ્રાપ્તિ થાય, આરોગ્ય થાય, દેશની પ્રાપ્તિ થાય અને છત્રનો લાભ થાય.

मध्यमं—

जकारे दृश्यते हानिः, कार्यं चैव न सिध्यति।
मित्रैः सह विरोधश्च, बन्धनं मरणं तथा ॥ २४ ॥

અર્થ—જ હોય તો જાણવું કે-હાનિનો સંભવ રહે છે, કાર્યસિદ્ધિ થશે નહીં, મિત્રો સાથે વિરોધ પ્રગટશે, તેમજ બંધન અને મરણ થાય તેવા પ્રસંગો ઉપસ્થિત થશે.

उत्तमं—

झकारे दृश्यते लाभः, सुवर्णरजतादिकः।
सौभाग्यं स्थानलाभश्च, कार्यसिद्धिः प्रजायते ॥ २५ ॥

અર્થ—ઝ હોય તો જાણવું કે-સોનું અને રૂપું વગેરેનો લાભ થશે, સૌભાગ્ય મળશે, સ્થાનપ્રાપ્તિ થશે, તથા કાર્યસિદ્ધિ થશે.

धन्यं—

ञकारे दृश्यते क्लेशो व्याधिश्च वधबंधनम्।
अनिष्टश्रवणं चैव, द्रव्यहानिः प्रजायते ॥ २६ ॥

અર્થ:—ઞ હોય તો જાણવું કે-ક્લેશ થાય, વ્યાધિ પ્રગટે, વધબંધન થાય, અણધાર્યું અશુભ થાય અને દ્રવ્ય હાનિ થાય.

जघन्यं—

टकारे द्रव्यनाशः स्यात्, विघ्नं चैव सदा भवेत् ।
प्राप्यते शोकसंतापः, भवेत् सर्वं तु निष्फलम् ॥ २७ ॥

અર્થ—ટ હોય તો જાણવું કે-દ્રવ્યનો નાશ થાય હંમેશ વિઘ્નો આવ્યા કરે, શોક અને સંતાપની પ્રાપ્તિ થાય તથા સર્વ કાર્ય નિષ્ફળ જાય.

उत्तमं—

ठकारे पूर्णकुम्भस्तु, शोभनः परमो मतः ।
प्राप्यते निधयश्चाष्टौ, रोगशान्तिर्भवेदिह ॥ २८ ॥

અર્થ—ઠ હોય તો જાણવું કે-અતિ શોભાયમાન સુંદર પૂર્ણ કુંભ મળે (ચરૂ મળે), આઠ નિધિઓ મળે તથા રોગની શાંતિ થાય.

उत्तमं—

डकारे दृश्यते लाभो दीर्घमायुस्तथैव च ।
क्षेममारोग्यं दीर्घं स्यात्, सुखसंपत्ती एव च ॥ २९ ॥

અર્થ—ડ હોય તો જાણવું કે—લાભ થાય, દીર્ઘાયુષ થાય, ક્ષેમ-કુશલ પ્રવર્તે, દીર્ઘ આરોગ્ય રહે, સુખ અને સંપત્તિ પ્રાપ્ત થાય.

जघन्यं—

ढकारे अतिमूढत्वं, शोकः संताप एव च ।
चिन्तया दुर्भयाश्चैव, निष्फलं तु सदैव हि ॥ ३० ॥

અર્થ—ઢ હોય તો જાણવું કે-અતિ મૂઢપણું પ્રાપ્ત થાય, શોક સંતાપ થાય, ચિંતા થાય, દુર્ભય ઉત્પન્ન થાય, અને હમેશાં નિષ્ફલ થાય.

उत्तमं—

णकारे सफलं कार्यं, प्रियसंपद एव च।
शांतिपुष्टी तथाऽऽरोग्यं, विजयश्च भविष्यति ॥ ३१ ॥

અર્થ—ણ હોય તો કાર્ય સફળ થાય, પ્રિય વસ્તુની તથા લક્ષ્મીની પ્રાપ્તિ થાય, શાન્તિ થાય, પુષ્ટિ મળે, આરોગ્ય વધે અને વિજયની પ્રાપ્તિ થાય.

जघन्यं—

तकारे दीर्घमभ्यासं, गतश्च न निवर्तते।
चंचलत्वं च दौर्भाग्यं, धनहानिर्भवेदिह ॥ ३२ ॥

અર્થ—ત હોય તો જાણવું કે-ભણેલું લાંબા કાળ સુધી યાદ ન રહે, ગયેલો પાછો ન આવે, ધનની હાનિ થાય, ચંચલપણું પ્રાપ્ત થાય. આ દરેક વસ્તુ દુર્ભાગ્યનું સૂચન કરનારી છે.

उत्तमं—

थकारे त्रिविधा भोगा विजयः क्षेममेव च।
प्रयाणे इष्टतो व्याप्तिः, सर्वसिद्धिर्भविष्यति ॥ ३३ ॥

અર્થ—થ હોય તો જાણવું કે-વિવિધ પ્રકારના ભોગ મળે, વિજય પ્રાપ્ત થાય, ક્ષેમકુશલ રહે, પ્રયાણમાં ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ થાય અને સર્વ પ્રકારની સિદ્ધિ મળે.

जघन्यं—

दकारे निर्वृतिर्नास्ति, आर्तिः शोकस्तथैव च।
पत्न्या सह विरोधो वा, वियोगो बान्धवैः सह ॥ ३४ ॥

અર્થ—દ હોય તો જાણવું કે-નિવૃત્તિ ન મળે (પરદેશમાં ગયેલો પાછો ન ફરે), ગ્લાનિ થાય, શોક સંતાપ રહ્યા કરે, પત્ની (સ્ત્રી) સાથે વિરોધ થાય અથવા ભાઇ સાથેનો વિયોગ થાય.

उत्तमं—

धकारे धनधान्यं स्यादायुरारोग्यमेव च।
यद् यत् प्रारभ्यते कार्यं, सफलं च भविष्यति ॥ ३५ ॥

અર્થ—ધ હોય તો જાણવું કે-ધન ધાન્યની પ્રાપ્તિ થાય, આયુષ્ય અને આરોગ્ય વધે, પ્રારંભેલું કાર્ય સફલ થાય. ઉત્તમતાને સૂચવનારું છે.

जघन्यं-

नकारे तु भयं विद्यादर्थहानिस्तथैव च।
भाग्यक्षयं विपत्तिश्च, सर्वं भवति निष्फलम् ॥ ३६ ॥

અર્થ—ન હોય તો જાણવું કે-ભય ઉત્પન્ન થાય, અર્થ-હાનિ થાય, પુણ્યનો ક્ષય થાય, વિપત્તિ આવે અને સર્વ કાર્ય નિષ્ફળ થાય.

जघन्यं—

पकारे द्रव्यहानिश्च, वधबंधौ तथैव च।
व्यसनं प्राप्यते घोरं, विकलो नैव नन्दति ॥ ३७ ॥

અર્થ—પ હોય તો જાણવું કે-દ્રવ્યની હાનિ થાય, વધ બંધન થાય, ઘોર દુઃખ આવે અથવા ખરાબ વ્યસન પ્રાપ્ત થાય અને ગાંડો થએલ જીવે નહીં.

उत्तमं—

फकारे दृश्यते लाभः, सौभाग्यं तस्य संपदः।
जयश्च विजयश्चैव, क्षेममारोग्यमेव च ॥ ३८ ॥

અર્થ—ફ હોય તો જાણવું કે-લાભ દેખાય, સૌભાગ્ય અને સંપદા મળે, જય વિજય પ્રાપ્ત થાય, ક્ષેમકુશળ ને આરોગ્યની વૃદ્ધિ થાય.

मध्यमं—

> बकारे बंधमाप्नोति, क्लेशं राजभयं तथा ।
> मरणावस्थामाप्नोति, देशत्यागं तथैव हि ॥३९॥

અર્થ—બ હોય તો જાણવું કે-બંધ પ્રાપ્ત થાય, ક્લેશ ને રાજ્ય ભય થાય, મરણની અવસ્થા પ્રાપ્ત થાય અને દેશનો ત્યાગ કરાવે.

उत्तमं—

> भकारे दृश्यते लाभो भक्ष्यभोज्यमनेकधा ।
> सर्वकार्याणि सिध्यन्ति, निर्भयः सततं भवेत् ॥४०॥

અર્થ—ભ હોય તો જાણવું કે લાભ મળે, અનેક પ્રકારના ભક્ષ્ય ભોજન પ્રાપ્ત થાય, સર્વ પ્રકારનાં કાર્ય સિદ્ધ થાય અને એકદમ નિર્ભય અવસ્થા પ્રાપ્ત થાય.

जघन्यं—

> मकारे बन्धनं क्षिप्रमापदश्च पदे पदे ।
> महाव्याधिर्भवेत् क्षिप्रं, चिंतितं नैव सिध्यति ॥४१॥

અર્થ—મ હોય તો એકદમ બંધન થાય, સ્થાને સ્થાને આપદ (દુઃખ) આવે, ઓચિંતો મોટો વ્યાધિ થાય અને ચિંતવેલ કાર્યની સિદ્ધિ ન થાય.

उत्तमं—

> यकारे कीर्तिमाप्नोति, धनधान्यं च संपदः ।
> कुप्यसुवर्णरत्नानां, लाभः क्षिप्रं भविष्यति ॥४२॥

અર્થ—થ હોય તો કીર્તિ પ્રાપ્ત થાય, ધન ધાન્ય તથા સંપદ્ મળે અને ધાતુઓ સુવર્ણ તથા રત્નોનો જલદી લાભ થાય.

मध्यमं—

रकारे शोकसंतापौ, कलहश्च महान् भवेत् ।
वियोगो वित्तहानिस्तु, मरणं च विनिर्दिशेत् ॥४३॥

અર્થ—ર હોય તો શોક, સંતાપ ને મોટો કલેશ થાય, વિયોગ થાય, વિત્ત (દ્રવ્ય) ની હાનિ થાય અને મરણ થાય, એમ નિર્દેશ જાણવો.

उत्तमं—

लकारे दृश्यते लाभो जनवृद्धिस्तथा बहुः ।
सौभाग्यं प्रियसंयोगः, राज्यसन्मानमेव च ॥४४॥

અર્થ—લ હોય તો જાણવું કે લાભ દેખાય અને કુટુંબી જનોની વૃદ્ધિ થાય, સૌભાગ્ય ને પ્રિય વસ્તુનો સંયોગ થાય અને રાજ્યમાં સન્માન થાય.

जघन्यं—

वकारे कार्यहानिश्च, विघ्नं च विग्रहो भवेत् ।
चिन्तितं विफलं यस्य, कार्यं चैव न सिध्यति ॥४५॥

અર્થ—વ હોય તો કાર્યની હાનિ થાય, વિઘ્ન અને વિગ્રહ (લડાઈ) થાય, જે ચિંતવેલ હોય તે નિષ્ફલ થાય અને કાર્યસિદ્ધિ થાય જ નહિ.

जघन्यं—

शकारे शोकसंतापौ, भयं चैवातिदारुणम् ।
निष्फलं चिन्तितं तस्य, व्यसनं चैव दारुणम् ॥४६॥

અર્થ—શ હોય તો શોક સંતાપ અને અતિ ભય ઉત્પન્ન થાય, જે ચિંતવેલ હોય તે નિષ્ફલ થાય તથા ખરાબ વ્યસન પ્રાપ્ત થાય.

उत्तमं—

षकारे धनलाभः स्याद् धनमाप्नोति निश्चितम् ।
राज्यप्रसादमाप्नोति, पुत्रलाभश्च दृश्यते ॥४७॥

અર્થ—ષ હોય તો ધન-દ્રવ્યનો લાભ થાય, અરે! અવશ્ય દ્રવ્યને પામે, રાજ્યની મહેરબાની મેળવે અને પુત્રનો લાભ દેખાય છે.

जघन्यं—

सकारे निष्फला चिन्ता, भयं भवति दारुणम् ।
यत् त्वया चिन्तितं कार्यं, तत् सर्वं न भविष्यति ॥४८॥

અર્થ—સ હોય તો ચિંતા નિષ્ફલ થાય, કાંઈક ખરાબ ભય ઉત્પન્ન થાય અને તેં જે કાંઈ ચિંતવેલ કાર્ય હોય તેની સિદ્ધિ ન થાય.

उत्तमं—

हकारे सर्वनिष्पत्तिः, सिद्धिश्चैव प्रजायते ।
तस्मात् कार्यं च कर्तव्यं, जायते सफलं तथा ॥ ४९ ॥

અર્થ—હ હોય તો સર્વ પ્રકારની નિષ્પત્તિ થાય, સર્વ પ્રકારની સિદ્ધિ મળે, માટે ઇચ્છિત કાર્ય કરવું જે સર્વ રીતે સફલ થાય છે.

ઇતિ આદિદેવશુકનાવલી સંપૂર્ણ

સામાન્ય શુકનો—

કેટલીક વાર બહાર ગામ જતાં અથવા બેઠા હોઇએ છીએ ત્યારે શ્વાન અથવા ગરોળીનાં વિવિધ અર્થસૂચક શુકનો થાય છે. કેટલાકો એ શુકનના અર્થને બરાબર ન સમજી શકવાને લીધે વિમાસણમાં પડે છે. પરંપરાથી એ શુકન વિષે જે કંઇ મનાતું આવ્યું છે તે નીચે પ્રગટ કરવામાં આવે છે,—-

(૧) ગામ જતાં રસ્તામાં રમતો શ્વાન દેખીએ તો લાભ થાય. (૨) બહાર ગામ જતાં કૂતરો કાન ફફડાવે તો ગામ જવાનું જરૂર માંડી વાળવું. (૩) ગામ જતાં કૂતરો કોઈ ખાટલા ઉપર સૂતેલો ભાળીએ તો બહાર ગામ ન જવું. (૪) જો કૂતરો કોઈ ભીંત સાથે પોતાનું અંગ ઘસતો હોય અથવા આળોટતો હોય તો બહાર ગામ જવાથી ઘણો લાભ થાય. (૫) બહાર ગામ જતાં કૂતરાનું ટોળું સામું મળે તો જે ગામ જવાનું હોય તે ગામ ઉપર કોઈ પણ પ્રકારનું ભારે અનિષ્ટ આવી પડે અથવા તો તે ગામના સારા પ્રતિષ્ઠત માણસનું મૃત્યુ થાય. (૬) બહાર ગામ જતી વખતે શ્વાનને રતિક્રીડામાં પ્રવૃત્ત થયેલો દેખીએ તો તે પણ અનિષ્ટ ગણાય. (૭) ગામ જતાં શ્વાનને ભોંય સૂંઘતો ભાળીએ તો પણ ભારે આપત્તિની આશંકા રખાય. (૮) બહાર ગામ જતાં સામેથી કૂતરો આવી મળે તો ચિંતવેલ કામ ઘણી સારી રીતે પાર પડે. (૯) અને ગામ જતાં કાદવથી ખરડાયેલો કૂતરો સામે મળે તો તે દુઃખકારક જાણવું.

ગરોળી વિષે—જમતાં જમતાં ભાણામાં ગરોળી પડે તો તે માણસ મહા સુખ પામે. ધોળી ગરોળી માથા ઉપર પડે તો છત્ર ધરાવે-રાજ્ય તરફથી સુખ મળે. કાળી ગરોળી માથા ઉપર પડે તો કોઈ પણ જાતનું દુ:ખ ભોગવવું પડે. કાળી કે ધોળી ગરોળી કપાળ ઉપર પડે તો ધનનો લાભ થાય, આંખ ઉપર પડે તો પોતાના ધણી, સાથી કે પોષકનો નાશ થાય, ઉપલા હોઠ ઉપર પડે તો ધનનો નાશ થાય, નીચેના હોઠ ઉપર પડે તો હાથ બંધાવે, નાક ઉપર પડે તો રાજા તરફથી દુ:ખ થાય, જમણા કાન ઉપર પડે તો ધનની હાનિ થાય, ડાબે કાને પડે તો ધનની પ્રાપ્તિ થાય, કેડ ઉપર પડે તો કોઈ પણ જાતનું નુકશાન થાય, જમણા હાથ ઉપર પડે તો કલેશ-વઢવાડ થાય, ડાબા હાથ ઉપર પડે તો બંધન કરાવે, ગળા ઉપર પડે તો બાળકનો નાશ થાય, પેટ ઉપર પડે તો પુત્ર તરફથી દુ:ખ થાય, જમણી કેડ ઉપર પડે તો શત્રુ તરફથી પીડા તથા ક્લેશ થાય, પુંઠ ઉપર પડે તો રોગ થાય, કુખ ઉપર પડે તો વિઘ્નનો નાશ થાય, ખોળામાં પડે તો પુત્રની આશા પૂરી થાય, બરડા ઉપર પડે તો રાજ્ય તરફથી માન મળે, જમણા પગની ઘૂંટી ઉપર પડે તો પોતાના વડિલોને માથે દુ:ખ આવે, ડાબા પગની ઘુંટી ઉપર પડે તો વડિલોને સુખી દેખે, પગની આંગળી ઉપર પડે તો સાસુ મરે, પગના તળિયા ઉપર પડે તો દૂર મુસાફરી કરવાનું થાય. સાધારણ રીતે ધોળી ગરોળી સારી અને કાળી અનિષ્ટ સમજવી.

—o—

મંત્રશાસ્ત્ર

[મંત્રસાધન કરનારે ઈચ્છિત ફળની પ્રાપ્તિ માટે જીંદગીભર નીચે મુજબના નિયમો અવશ્ય પાળવા.]

૧ જીંદગીભર બ્રહ્મચર્ય પાળવું એ સર્વોત્તમ છે.

૨ સ્વદારા સંતોષીએ પણ મોટી તિથિમાં અને જ્યારે જ્યારે મંત્રનું સ્મરણ કરવું હોય ત્યારે બ્રહ્મચર્ય પાળવું.

૩ કંદમૂળ જાવજ્જીવ ન ખાવું.

૪ અસત્ય, ચોરી, ક્રોધનો ત્યાગ કરવો.

૫ રાત્રે ચોવિહાર કરવો.

૬ મંત્રસાધનથી દ્રવ્યપ્રાપ્તિ થઇ હોય તો તે દ્રવ્યનો દુરુપયોગ ન કરવો.

૭ જ્યારે પોતાની રાશિથી ૪-૮-૧૨ મે સ્થાને ગુરુ ગ્રહ આવેલો હોય ત્યારે, મંત્રસાધન કે વ્યાપાર-રોજગાર કે જોખમ પડતું કંઇ કામ ન કરવું, પણ તે વર્ષ દરમ્યાન વિશેષ ધર્મ આરાધન કરી અશુભ કર્મનો ક્ષય કરવો.

૮ મંત્રસાધન કરી ઇષ્ટ દેવને પ્રસન્ન કર્યા પછી જે મનુષ્યો વ્રત-નિયમ પાળી શકતા નથી, લક્ષ્મીનો દુરુપયોગ કરે છે તેના ઉપર દેવ કોપાયમાન થવાથી મહાન આપત્તિ ભોગવવી પડે છે. માટે મંત્રસાધકોએ પવિત્રતા જાળવવા ખાસ ધ્યાન રાખવું.

अथ श्री घंटाकर्ण महामंत्र कल्प

સ્થાનની યોગ્યતા

પુષ્યાર્ક દિને તથા સાધિયે ઉત્તમ કાર્ય શ્રેષ્ટ છે. તથા ઉત્તમ કાર્ય સિદ્ધિયોગ અમૃતસિદ્ધિયોગં પ્રયોગ: શુભ શુક્રને, ચન્દ્રબલં ઇત્યાદિ વિચારી સાધના કરીયે. ઉપવનસ્થાને, બાગ, વાડી અથવા દેવઠેકાણું. યથોચ્ચ સ્થાને મેડી માલિયા સ્થલે, એકાન્ત સ્થલે, જે ઠેકાણે સાધન કરવા ઇચ્છિયે, તિહાં આસપાસ પવિત્ર ભૂમિકા જોઇયે, સ્રી આદિની દૃષ્ટિ નાવે, અતિ પ્રસંગ નહીં, એવે સ્થલે સાધન કરવું.

મંત્રસાધન વિધિ

પ્રથમ ભૂમિકા શુદ્ધ કરીને મંત્ર જપીએ, ॐ ह्रीँ श्रीँ भूम्यादिदेवाय नमः એ મંત્ર જપી ધૂપ, દીપ, અક્ષત કરી, ભૂમિ પૂજન શુદ્ધ કીજે. પછી નિર્મલ જલે સ્નાન કીજે, તે વેળાએ આ મંત્ર જંપીએ—

ह्रीँ ह्रीँ क्लीँ गंगे जलाय नमः એમ કહી સ્નાન કરવું. ઉત્તમ વસ્ત્ર પહેરવાં. મન વચન કાયાથી શુદ્ધ ક્રિયામાં પ્રવર્તીએ, વસ્ત્ર પહેરતાં આ મંત્ર કહેવો——

ओँ (ॐ ह्रीँ क्लीँ) आनन्ददेवाय नमः પછી ઘંટાકર્ણનો મંત્ર, સ્વરવર્ણ શુદ્ધ ઉચ્ચારણ ચિત્તમાં ધરી ધ્યાન કીજે.

अथ मंत्र:

ॐ घंटाकर्णो महावीर:, सर्वव्याधिविनाशक: ।
विस्फोटकभयप्राप्ते, रक्ष रक्ष महाबल ॥ १ ॥

यत्र त्वं तिष्ठसे देव, लिखितोऽक्षरपंक्तिभिः ।
रोगास्तत्र प्रणश्यन्ति, वातपित्तकफोद्भवाः ॥ २ ॥
तत्र राजभयं नास्ति, यान्ति कर्णेजपाः क्षयम् ।
शाकिनी भूतवेताला राक्षसाः प्रभवन्ति न ॥ ३ ॥
नाऽकाले मरणं तस्य, न च सर्पेण दृश्यते ।

अग्निचौरभयं नास्ति, ॐ ह्रीं घंटाकर्णो नमोऽस्तु ते ।
ठः ठः ठः स्वाहा ॥

એ ઘંટાકર્ણ નામ મંત્રનો જાપ તેત્રીશ હજાર કીજે. દિન ૪૨ નિત્ય જાપ ૧૦૮ વાર કીજે. ધૂપ ઊખેવીજે. મીર્ચ-સર્સવ જપી હોમીજે, તો દુષ્ટ દેવકા ભય ન ઉપજે. પરચક્રનો ભય ન ઉપજે, યદિ ઘંટાકર્ણ મંત્ર યંત્ર કરી દહીં દૂધ ઘૃત, કેશર ગુગલ યુકત હોમ કીજે, પુરુષાકાર યંત્રનુ સ્થાપન કીજે. એ આકારે યંત્ર લિખિયે.

દ્વાદશ કોઠા કરી ઉદર સ્થાપન કીજે. તિહાં એ અક્ષર લિખવા. ॐ ह्रीं श्री क्लीं सर्वदुष्टनाशने नमः, કંઠકે श्री नमः એ મંત્ર લિખિયે. જિમણી ભુજામેં सर्वे ह्रीं नमः, ડાબી ભુજાયે शत्रुनाशने नमः, જિમણા પગમેં रां रीं रुं नमः, ડાબે પગે ह्रीं ह्रीं ह्रुं नमः એ રીતે પુતલા કરે. યંત્ર કરી મંત્ર લિખિયે. પછી ઘંટાકર્ણ મંત્ર પુતલાને ચારે પાસે લિખિયે.

ગિરી, ધોહારા, ખોપરા, દ્રાખનો હોમ કરિયે. યંત્ર પાસે રાખીયે. યંત્ર પ્રથમથી સિન્દુરે પૂજીયે. પછી કુમારીએ કાંતેલા સૂત્રે વીંટી તથા ગ્રીવા સૂત્રે વીંટી પાસે રાખિયે, તો દુષ્ટ દેવભય, પરાક્રમભય, રાજ્યભય તથા અન્ય ઉપસર્ગ ન થાય. એ મંત્ર કલ્પવૃક્ષ સમાન છે. યશ હોય, લક્ષ્મીની પ્રાપ્તિ હોય, દુશ્મન ચાડીયાનો નાશ હોય. ઇતિ પ્રથમ વિધિ.

લક્ષ્મીપ્રાપ્તિ દ્વિતીય વિધિ

ૐ ઘંટાકર્ણો મહાવીર: ઈત્યાદી મંત્ર જપીજે. મંત્ર સ્થાપન કીજે. ષટ્કોણ યંત્ર મધ્યે લિખિયે—

ૐ હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૌઁ હ્રઃ નમઃ એ અક્ષર ષટ્કોણમેં લિખિજે ઘંટાકર્ણો મહામંત્ર કરી વેષ્ટિત લિખિયે. સાધન કરનારો પછી સાધન કરે. લક્ષ્મીને અર્થે પૂર્વદિશિ મુખ કીજે. ધોલા (સફેદ) વસ્ત્ર પહિરીજે. સફેદ કર્ણ જપમાલા, સફેદ આસન પણ બિછાવિજે. એકાગ્રચિત્ત રાખીજે. સંજમમેં રહીજે. લક્ષ સવા જાપ કીજે, દિન ૭૨માં. એકવાર ગહુંના લોટનો ભોજન કીજે. દ્રાખ, ચારોલી, બદામ, ખોપરાનો હોમ કીજે. તો લક્ષ્મી પ્રાપ્ત હોવે. ધૂપ નૈવેદ્ય કરી પૂજા કીજે. યંત્ર પાસે રાખીજે. માસ છ મધ્યે લક્ષ્મી પ્રાપ્ત હોવે. ઇતિ લક્ષ્મી પ્રાપ્તૌ દ્વિતીય વિધિઃ ॥ ૨ ॥

વશ્યાર્થે તૃતીય વિધિ

ૐ ઘંટાકર્ણો મહાવીરઃ ઈત્યાદિ મંત્રે ઉત્તર દિશિ સાધન સાધીજે, ઉત્તર સન્મુખ મુખ કીજે. રકત વસ્ત્ર પહિરીજે. રકત વર્ણમાલા, રકત બેસવાનું બેસણું બિછાવિયે. સાધના દિન ૪૩ કીજે. ત્રિકાલ જાપ ઘંટાકર્ણનો કરવો. લક્ષ સવા હોય. ચાર ખુણે યંત્ર સ્થાપન કીજે. ધૂપ, દીપ, નૈવેદ્ય કરી, નિત્ત (નિત્ય) પૂજા કીજે. રકત ચંદન, મિરચ, ઘૃત સંયુકત હોમ કીજે. જેહનું નામ લેઇ હોમ કરિયે, મંત્ર ગણિયે, તે વશ્યાર્થે બન્દીખાનાથી છૂટે. ઇતિ.

ચોથી અને પાંચમી જે અનુક્રમે મારણ અને ઉચ્ચાટન વિધિ છે તે લખી નથી.

અથ ષષ્ઠ વિધિ

ॐ घंटाकर्णो महावीर: ઇત્યાદિ મંત્ર વડે અનેન મંત્રેણ વાયુ કોણે મુખ કરી જાપ કીજે. પંચામૃત હોમ કીજે. દિ૦ ૨૧ સુધી ત્રિકાલ જાપ ૨૧૦૦૦) કીજે. પછી નિત્ય ૧૦૮ વાર જાપ કરે તો જય અને પુત્રપ્રાપ્તિ થાય. માસ ૧૦ સાધન કરતાં રાજ્યભ્રષ્ટ થયો હોય તેને રાજ્ય પ્રાપ્ત થાય ગયું સ્થાનક પાવે, પૃથ્વી. ઈતિ ષષ્ઠ વિધિ: ॥

જાયના શ્વેત પુષ્પસું જાપ કરે, સફેત ફૂલ જાયન ગૂગલ ઘૃત હોમ કીજે નિત્ય ૧૦૦) જાપ કીજે, દુર્બુદ્ધિ નાશ હોય, રાજભય ટલે, પ્રતાપ વધે, રોગાદિક નાશે, સુખ થાય. ઇતિ પુત્રપ્રાપ્તિ આદિ સપ્તમ વિધિ.

અથ અષ્ટમ વિધિ કુષ્ય છોડનાર્થે.

ॐ ઘંટાકર્ણેત્યાદિ મંત્રેણ, મંત્રિત કરી, સાત વૃક્ષન પત્ર લાવીયે. ચંપા, ચમેલી, મોગરાના પત્ર, નારંગીકા, બિજૂક પત્ર, લાલ કનેર, શ્વેત કનેર એ સાત વૃક્ષકે પત્રો. ૨૧ કુવાન પાણી સાથે એક ભાજનમાં ઘાલીજે. તેહમાં પાંચ હ્રીંકાર માં ડીજે, સાત ટબકી કીજે. અંબિરની સાત ટબકી કીજે પછી નાડાના તાર કલશે બાંધીજે–ઘંટાકર્ણ મંત્ર પઢત જાઇયે. સાત જાતિના પત્ર પાંચ બંધીજે. ચોખાનું માંડલું માંડીજે. ૭ વાર કલશકો વાર મંડલ ઉપર મેલીને દીવો ચોમુખો જોઇયે. ઘંટાકર્ણ મંત્રે કરી જપતાં જઇએ. ગિરિ, છુહારા, ચારોલી, બદામ, પિસ્તા, જવ, તિલ, ઉડદ સહિત, ખાંડ અંબિર, ચોખા પાંચ ભાંતિના પત્ર સંયુક્ત મંત્ર પઢતા

જઈયે. હોમ કરતા જઇયે. પછી કળશને કોલે ગોડા સમ પાણીમાં મૂકી આવીએ. એ રીતે દિન સાત કીજે. પછી સ્રીને સ્નાન કરાવી લીલા સૂત્રનો દોરો કરી ગલે બાંધીએ, કુક્ષીબંધ હોય તે છૂટે. સંતાનપ્રાપ્ત થાય સહી. ઇતિ અષ્ટમ વિધિઃ ॥

અથ નવમ વિધિઃ મૃતવત્સા ઉપાયઃ—

ૐ ઘંટાકર્ણેત્યાદિ મંત્રેણુ વાર ૧૦૮ વાર જપી દોરો કરી દીજે. મૃતવત્સા દોષ ટલે, બત્રીશ કુવાનું પાણી લીજે. નવ વૃક્ષનાં પત્ર, દાડિમ, અંજીર, ફાલસા વૃક્ષનાં પત્ર, આડૂ, આંબો, લાલ કનેર શ્વેત કનેર, સેવંત્રી, નારંગી, એટલા વૃક્ષનાં પત્ર લેવા, પાંચ જાતિનાં ફૂલ, જાઇનાં, ચંપાનાં, ચમેલીનાં, કદમનાં, અનારનાં એ ત્રણુ ત્રણુ ફૂલો પ્રત્યેક જાતિનાં લેવાં, જીહાં પાંચ હરો ચાલતો હોય તિહાં જઇને સ્રીને ઘંટાકર્ણુ મંત્રે કરી સ્નાન કરે, જે ઘંટાકર્ણુ યંત્ર લિખી ગલામાં ઘાલીજે. દ્રાખ, ચારોલી, ગિરી, બદામ, તિલ, ઉડદ, જવ, ઘૃત સહિત એટલી વસ્તુનો હોમ કીજે. તો મૃતવત્સા દોષ મિટે, બાલકો જીવે. ઇતિ નવમ વિધિઃ સમ્પૂર્ણ.

અથ દશમઃ સર્વ રોગ વિધિ ॥

ૐ ઘંટાકર્ણો મહાવીરેત્યાદિ મંત્રેણુ સ્મરણું કીજે વાર ૧૦૮, પરિવારનો રોગ ટલે. માર્ગે ચોર કંટકાદિ ભય ટલે, દોરો કરી દીજે, એકાન્તર જ્વર, તૃતીય જ્વર સર્વ જાય, ઇતિ દશમ વિધિઃ

અથ ઘંટાકર્ણુ યંત્ર વિધાનં લિખ્યતે ॥

તત્ર દ્વાદશ કોષ્ટકા ઉર્ધા એકાદશ કોષ્ટકા તિર્યંગા એવં કોઠા

૧૩૨ કર્યા. ઉપરી છઠ્ઠે કોઠે હ્રીઁકાર કોષ્ઠક ૧ ક્રિયતે, પછી પ્રથમ કોઠાથી, ૐ ઘંટાકર્ણો મહાવીર ઇણે યંત્રથી વિધિ ભરતાં આવીજે, ઔઠે કોઠે બે એક બે અક્ષર માંડતાં આવીજે, ચારે તરફથી એ પ્રકારે યંત્ર સુગંધી દ્રવ્યથી લિખી પાસે રાખવો, ગૃહદ્વારે રાખે, સ્થાપ્યે સતે સર્વ રક્ષાં કરોતિ, સર્વ ભય હરે ॥ શાકિન્યાદિ દોષ મિટે, સર્વ ઉપદ્રવ હરે, સર્વ સુખ કરે, ઇતિ પ્રથમ વિધિઃ પંચામૃત હોમ કીજે, દહીં, દૂધ, ઘૃત, ખાંડ, ખારેક સર્વ હોમ કીજે. સુખ નિમિત્તે જયો ભવતિ દોષં નિર્નાશયતિ ॥ ૧ ॥

અથ દ્વિતીય યંત્ર રચના

ચોખુણો યંત્ર કીજે, તિણમેં ઘટાકર્ણનો આકાર લિખિજે, ઉપર નીચે ૐકાર માંડીજે, અષ્ટગંધવડે લિખિજે. એ વિધિ આંક યંત્રમાં કીજે, પવિત્ર થઇ અષ્ટગંધવડે અષ્ટ ઉપચાર પૂજા કરીજે–યંત્રની પછી દશાંશ હોમ કરિયે. ભોજપત્રમાં તથા રૂપાના પત્રમાં તથા સોનાના પત્રમાં લિખી યંત્ર પાસે રાખિયે ૐ હ્રીઁ શ્રીઁ ધરણેંદ્ર પદ્માવતી રક્ષાં કુરુ કુરુ કસ્ય ધનધાન્યં દેહિ હ્રીઁ સ્વાહા.

એ યંત્ર પાસે રાખિયે તો ધન ધાન્ય લક્ષ્મીકી વૃદ્ધિ કરે. ઘટમાં ઘાલી ઢોરને ગલે બાંધિયે તો ઢોરના સર્વ રોગ જાય. દહીં દૂધ દ્રાખકો હોમ કીજે. ઘંટાકર્ણ મંત્ર જપીજે. સર્વ સિદ્ધ હોવે. ઇતિ દ્વિતીય વિધિઃ ॥

અથ તૃતીય યંત્ર રચના લિખ્યતે

અષ્ટદલ કમલ કીજે, તિણ મધ્યે વિચે ૐ ઘંટાકર્ણો મહાવીર દેવદત્તસ્ય સર્વોપદ્રવ ક્ષયં કુરુ કુરુ સ્વાહા. અષ્ટ કોઠામેં

ૐ ह्रीं ૐ क्रों ऐं ૐ ह्रीं ૐ, એ આઠ અક્ષર મંત્ર લિખિજે પછી ઉપર ગોલ લીક કરી તિણુ ઉપર ઘંટાકર્ણ મંત્ર માંડીજે. એ રીતે યંત્રની રચના કરીજે.

હવે એ મંત્રની સાધન વિધિ કહીએ છીએ

એ યંત્ર લિખિયે ત્યારે રૂપાના પત્રા મધ્યે તથા ભોજ પત્રમેં તથા મૃગચર્મ ઉપર તથા કાગલ ઉપર તથા કપડા ઉપર યંત્ર લિખિજે. અષ્ટ ગંધ સ્યું લિખિજે. કેશર, કસ્તુરી, ચંદન, રક્ત ચન્દન–ગોરોચન, હિંગલુ, કપુર, ગહુલા એ અષ્ટ- ગંધ ઘસીને યંત્ર લિખીએ તથા યક્ષ કર્દમ સ્યું લિખીએ–ગોલ યંત્ર ટોકરને આકારે કીજે–પછી હોમ કીજે. દહીં દૂધ ઘૃત ખાંડ ખારેક બદામ ચારોલી દશાંશ હોમ કીજે. પછી ૐ ઘંટાકર્ણો મંત્ર જપીને હોમ કીજે. ઘંટાયાં યંત્રં બધ્યતે સર્વક્ષુદ્રોપદ્રવહરઃ સર્વસુખકરઃ શાકી સાહ દોષ નાશ કરે, સૌભાગ્યં ઋદ્ધિવૃદ્ધિર્ભવતિ, સન્માનયશો વૃદ્ધિર્ભવતિ, ઇતિ તૃતીય વિધિઃ સમાપ્ત.

ૐઘંટાકર્ણો મહાવીરેત્યાદિ મંત્ર ૧૩૫ એક સો પાંત્રીશ અક્ષરકો મંત્ર જપીજે. રાજ્ય ભય હરવા નિમિત્તે રાતાં વસ્ત્ર પહેરીજે. રાતો વસ્ત્ર ઓઢીજે. પૂર્વસામા બેસીજે, ગુગલ ગોલી ૧૦૦૦]માં એક એક મંત્ર જપી હોમતા જઇએ. પછી દિન સાત જાપ કીજે. તે દિવસે વિષય સેવીએ નહીં. ભૂમિ શયન કીજે. તદા રાજય ભયં ન ભવતિ બન્દી મોક્ષં પશ્ચિમાભિમુખો ભૂત્વા આપઘુતં જાપ કરે મમ બન્દિમોક્ષં કુરુ કુરુ સ્વાહા. ઇમ કહી જપીએ. દિન ૨૧ મેં મંત્રોચ્ચારણાત્ સિદ્ધિઃ બંદી મોક્ષો ભવતિઃ અથ તૃતીય વિધેર્યંત્રાણિ લિખ્યતે.

પશ્ચાત્ પંચામૃત હોમઃ કાર્યઃ શાકિની, ડાકિની નાશ નિમિત્તે મંત્ર ૧૦૮ વાર જપીએ; ગુગલ હોમેન, શાકિની ડાકિની

નાશયતિ ॥ ૩ ॥ ભૂત નિમિત્તે મંત્ર ૧૦૮ વાર જપિ
ગૃહમધ્યે ધૃતગુગલહોમેન, રાક્ષાસાન્નાશયતિ, ભૂતાન્નાશયા
॥ ૪ ॥ રાક્ષસ પ્રેત નિમિત્ત મંત્ર ૧૦૮ વાર જપિયે ૧૦૦
જાપ કરતાં ગૃહમધ્યે ધૃતગુગલહોમેન રાક્ષસપ્રેતાન્નાશયા
ગૃહસન્મુખ ન થાય ॥ ૫ ॥ અગ્નિ ભય નાશ નિમિત્તે વ
૨૧ જલમભિમંત્ર્ય છાટનં ક્રિયતે અગ્નિભય ઉપશમે ॥ ૬
ચોરભય નાશ નિમિત્તે કાંકરી આઠ અભિમંત્ર્ય વાર
અષ્ટદિશામાં નાંખિજે. ચોરભય દૂર થાય ॥ ૭
તથા વાર ૨૧ મંત્ર ભણીને ચોટલીને ગાંઠ દીજે. માર્ગે ચો
ભય નાશે. ॥ ૮ ॥ સર્પભય નિમિત્તે વાર ૧૦૮ અભિમં
જલ પાઇજે. સર્પભય મિટે, વલી ૧૦૮ મિરચ કાલી, ત
નીંબપત્રને અભિમંત્રી ચવાડિયે તો સર્પભય મિટે; વિ
યાતિ ॥ ૯ ॥ એ મંત્રનો યંત્ર લિખિ ધૂપ કરી ગલે બાંધિ
વાત, પિત્ત, કફ જ્વરાદિ સર્વ રોગ જાય, દોરો કરી દી
તો તાવ તેજરો બલ જ્વરો સર્વ જાય ॥ ૧૦ ॥ એ મંત્ર ૧૦
વાર નિત્ય જપિયે, સર્વ ઉપદ્રવ હરે, જય થાય ॥ ૧૧
એ મંત્રના સ્મરણ થકી સર્વ ગર્ભના દુઃખ દૂર જાય. ૧૦
વાર જલ મંત્રી પાઇજે ॥ ૧૨ ॥ એ મંત્ર ૧૦૮ વાર જા
વાથી સૌભાગ્યપણું હોય ॥ ૧૩ ॥ એ મંત્ર ૧૦૮ વાર ગ
ખોપરું, પાનનું બીડું, સોપારી મંત્રી રવિવારે મમ અમુ
વશ્યં કુરુ કુરુ સ્વાહા ઈમ કહી મંત્રી દીજે તો તે વશ
હોવે ॥ ૧૪ ॥ એ મંત્ર નિત્ય પ્રભાત કાલે ૧૦૮ વા
ગણવાના પ્રભાવથી ધન ધાન્યની વૃદ્ધિ હોય ॥ ૧૫ ॥ શ્ર
ઘંટાકર્ણનામા મહાવીરદેવં સર્વ વ્યાધિકો વિનાશ કર
ફોડા, ફણગલી ઉપદ્રવ મિટે ॥ ૧૬ ॥ એ મંત્ર ડી અક્ષ
પંક્તિ લિખિ કાંસ્ય ભાજનમેં કેશરસ્યું, તો રોગ ના
॥ ૧૭ ॥ એ મંત્ર ૧૦૮ વાર નિત્ય ગણે. પાણી મંત્રી પાઈ
તો વાત, પિત્ત, કફથી ઉપન્યા રોગ તે સર્વ નાશ પા

॥ ૧૮ ॥ એ મંત્ર યંત્રનો પાઠ જેહને પાસે હોય તે પુરુષને રાજયભય ન હોય, ઘંટાકર્ણના જાપથી. ॥ ૧૯ ॥ એ મંત્રના જાપથી શાકીની ભૂત વેતાલ પિશાચ રાક્ષસનો ભય ન હોય. ॥ ૨૦ ॥ એ મંત્રના જાપથી અકાલે મરણ ન થાય ॥ ૨૧ ॥ એ મંત્રનો જાપ કરી ઝાડા દીધાથી સર્પનું વિષ ઉતરે ॥ ૨૨ ॥ એ મંત્રથી જલ મંત્રી ધારા દિયે તો અગ્નિ શાન્ત થાય. અગ્નિ ભય મિટે ॥ ૨૩ ॥ એ મંત્ર વાર ૭ ભણી મારગમાં કાંકરા મંત્રી દિશાયે નાંખિયે. એક છેડે બાંધિયે તો ચોરભય મિટે ॥ ૨૪ ॥ એ મંત્રનું ન્હવણ છાંટિયે તો ઢોર પ્રમુખ જીવોના સર્વ રોગ જાય, તાવીજ કરી ગલે બાંધિયે ॥ ૨૫ ॥

અથ ઘંટાકર્ણપ્રભાવપ્રશસ્તિ ॥

य इदं पठते भक्त्या, मंत्रघंटाश्च कर्ण वै ।
तस्य कापि न बाधा च, जायते भुवने जयः ॥ १ ॥
अपराधसहस्राणि, नित्यशः क्रियते मया ।
तत् सर्वे क्षम्यतां देव ! प्रसीद परमेश्वर ! ॥२॥
आह्वानं नैव जानामि, न जानामि विसर्जनम् ।
पूजां चैव न जानामि, क्षमस्व परमेश्वर ! ॥३॥
आज्ञाहीनं क्रियाहीनं, मंत्रहीनं च यत्कृतम् ।
तत्सर्वं क्षम्यतां देव ! प्रसीद परमेश्वर ! ॥४॥

ઇતિ શ્રી ઘંટાકર્ણસ્ય બૃહત્કલ્પં સંપૂર્ણં ॥

અથ સંસાધિત વીરસ્યાનયને પ્રયોગઃ ॥ દ્વાદશ સહસ્ર ૧૨૦૦૦) જાપ, ગુગલ ગોલી ઉખેવિયે. હવન કરતાં મૃતક વલી વર્જવું, શુદ્ધ આહારયુક્તં: એક ભુક્તં, ભૂમિ શયનં, સ્ત્રી સેવા ત્યાજ્યા, શૌચ કૃત્ય વિધિઃ સાચવવો, બાર હજાર જપ્યા પછી મંત્રની માલા જપવી, ઉજમણે માલા મંત્રની,

મોરપીછથી તથા વસ્ત્રના છેડાથી, ઉજાણી નાખીયે. રવિ સોમ, મંગળવાર, એ ત્રણ એહના જાણવા.

ઘંટાકર્ણના છૂટા પ્રયોગનો કલ્પ

એ મંત્ર ત્રણ કાલ સંભારે તો પરિવારને ભય ન થાય. ॥ ૧ ॥ મારગે જતાં કાંકરા ૭ વાર ૭ મંત્રી દિશાયે નાંખિયે. તથા વૃક્ષને થડે હણીયે કાંકરા, તેહથી મારગે ધાડી ચોર, રોજ ચોરભય ટલે ॥ ૨ ॥ આયુ ખૂટ્યા વિના શરીરે કષ્ટ ન થાય. રાત્રે વાર ૭ મંત્ર ભણી તાલી ૭ દેઈ સૂઇયે તો ચોર અથવા શત્રુનો ઉપદ્રવ ન થાય ॥૩॥ કુમારીકાએ કાંતેલ સૂત્ર અથવા ત્રીવાસૂત્રનો સાત તારનો દોરો કરી ૭ ગાંઠો મરંડીયાં દેઇ ધૂપ ઉખેવિયે. વાર ૨૧ મંત્ર જપી બાંધીએ તો એકાંતરો, વેલાજ્વરો; ભૂતીયો, તરીયો તથા ચતુર્થ જ્વર જાય. મલ પ્રમુખ રોગાદિકનો તાવ હોય તો ન જાય ॥ ૪ ॥ એ મંત્ર પીપર અથવા વડ પત્રે લિખી ધૂપ કરી તે પત્ર સાત દિન સુધી ખવરાવીએ. વળી એ મંત્રે ઉઝિયે તો વાયુ ૮૪ જાતના જાય ॥ ૫ ॥ એ મંત્રનો યંત્ર હરમજી વારી સ્યું લિખિયે. પછી તે ચીઠી ઘંટા મધ્યે ઘાલી બાંધિયે તો ઢોરના ટોળામાં જેટલાં ઢોર હોય તેટલા તે શબ્દ સાંભલે, તેટલા ઢોરનો ખુરવાસો, મુહવાસો, સર્વ રોગ જાય ॥ ૬ ॥ એ મંત્રની ચિઠી લિખિ બારસાખે ચોડિયે તો ઘર મધ્યે કાર્મણાદિક દોષ નાસે ॥ ૭ ॥ એ યંત્ર લિખી બહાર ભારવટે બાંધિયે, ઘોડાવચ્છ ધૂપ દીજે તો શાકિની ડાકિની પ્રમુખ સર્વ જાય ॥ ૮ ॥ એ મંત્ર ભણતાં ગોમુત્રની ધારા દીજે તો મંકોડા, કીડી, કાનખજુરા વીંછીનો ભય મિટે. ઉપદ્રવ ન કરે ॥ ૯ ॥ એ મંત્ર ઠીકરી ઉપર લખી બીજે પાસે પન્નરીયો યંત્ર લિખી ધાન્યમાં નાખિયે તો ધાન્ય સળે નહીં ॥ ૧૦ ॥ એ મંત્ર ભણતાં ઘોડાના કેશથી ઉઝિયે તો તાવ પીડા ટળે ॥ ૧૧ ॥ મુલા સાભથી દિન ત્રણ

ઊજ્રિય વાની મૂલરડી માટી સ્યું ઉપર લગાડિયે તો ઉગ્ર ગાંઠ મિટે ॥ ૧૨ ॥ એ મંત્રસ્યું લલાટે ચિપટીસ્યું ઉજ્રિયે તો આધાશીશી મિટે ॥ ૧૩ ॥ ચુનાસ્યું ઉઝિયે તો કરવલા ટલે ॥ ૧૪ ॥ એ મંત્ર યંત્રે શુભ મુહૂર્તે લિખિયે, પાલરૂં કીધે કાર્મણ છૂટે ॥ ૧૫ ॥ તે મનુષ્યોને શાખા લિંબે નેવાં હેઠે પડતા, હેઠે પડતા, હોય તો વિચે બેસારી અંઘોલ કરાવીએ દિન ત્રણ સુધી તો બાંધ્યા કાર્મણ છૂટે ॥ ૧૬ ॥ એ મંત્રથી દોરો કરી બાંધિયે તો તૃતીય જ્વર જાય, સૂત્રનો દોરો તે દોરો પીંપલ પાન ઉપર વીંટીજે, પાંચ માણાની અથવા સવાસેરની લાપશી કીજે, એટલું ન કરે તો બાંધણહારને તાવ આવે. તો દોરો વૃક્ષે બાંધીએ તો વૃક્ષ સૂકાઇ જાય. તે પ્રમાણે ન કરે તો કર્તા દુઃખ પામે. એ યંત્ર કુંકુમથી કોરે સર્વલે તથા વિચમેં લિખિને યંત્ર ઉપરે કાચા સૂત્રનો માલો વીંટવો. તે માલો રોગીયા ઉપર વલગાડીયે તો તેના સર્વ રોગ મિટે ॥ ૧૭ ॥ એ મંત્રે દોરો વિંટી દડો કીજે તો તે આગલે પાંચ માણાની લાપશી કરી ઢોવરાવીએ, સિઝાનો પગલો દબાવિયેં તે ગલી તથા લાપશીનો નૈવેદ્ય ન કરે તો ઉલટો થાય ॥ ૧૮ ॥ એ મંત્ર મહિષીને કોટે બાંધિયે તો પાડો ન જણે દૂધ ઘણો કરે ॥ ૧૯ ॥ એ યંત્ર વિધિયે સ્નાન પટે લિખિયે યંત્ર પંચામૃત ખવરાવિયે દિન ૮૦-૮૧ ૮૨-૮૩-૮૪-૮૫ દિન ૧૫ લગે નાલ પરાવૃત્ત થાય ॥ ૨૦ ॥ એ મંત્રે ગંગેરી સાકર બકરીના દૂધ સાથે ઘસી પાય તો ઋતુ નાશે ॥ ૨૧ ॥ ગોમૂત્ર ઘૃત ભેલી મંત્રી પાઇયે તો ઋતુ-ધર્મ આવે ॥ ૨૨ ॥

॥ સંચિમેડીતિઇચ કમેડિ, ખાંટ કિયોં લોહાહાર ભસ્મ થયો આહાર, એ મંત્ર વાર ૭ ભણી પછી ૭ વાર ઘંટાકર્ણ મંત્ર ગણી, કલવાણી કરી, વીશ નખ પેટે ચોપડીને પાઇયે તો આહાર વિકાર, અરુચિ, અજીર્ણ, આફરો મિટે, શૂલરોગ શમે

॥૨૩॥ વલી એકલ વાણીનું મંત્રેલ પાણી સ્યું બે પાસાં તથા વાંસો ચોપડીયે તો યોનિ શૂલ શમે. સુખે પ્રસવે ॥૨૪॥ એ મંત્ર વાર ૭ ભણી તાલી ૩ દેઈ સૂઈયે તો દુ:ખ, ચોર, અગ્નિ પ્રમુખ ઉપદ્રવ ન થાય ॥૨૫॥ એ મંત્ર ૧૨૦૦૦) વિલોમ જપિયે. જેહનું નામ લેઇ જપિયે તો તે ધણી બંદીખાનાથી છૂટે ॥૨૬॥ એ મંત્ર ત્રિકાલ સ્મરણ કરીયે તો સર્વ ભય ટલે ॥૨૭॥ રાસભીનું દૂધ મંત્રી ગામ મધ્યે માર્ગે જતા ઉપદ્રવ થયો હોય તો એ મંત્રથી ગામને ચોફેર ધારા દીજે. કાચા તાંતણા ૭ નો દોરો ગામને ચોફેર વીંટિયે તો મરકી ઉપદ્રવ ટલે ॥૨૮॥ એ મંત્રે હાથીનો મદ મંત્રી ગજપિંપર મૃતક ગોગાગાવડીનો નાસ દીજે તો મૃગી રોગ વાયુ શમે. ॥૨૯॥ શ્રી મહાવીરસ્વામીની પ્રતિમાને નિત્ય પૂજે, અન્ધારી દશમી દિને રવિવાર તથા ગુરુવારે, ધોલા ધાન્યનો આંબિલ કરે, ૧૨ બાર નોકારવાલી ગણે તો જાવજ્જીવ સુધી સ્વ-કામની કાર્યસિદ્ધિ કરે, સમાધિ મરણ થાય, કષ્ટ ન પામે ॥૩૦॥ જેહને વશ કરવા ચાહિયે નારી તથા પુરુષ તો સ્ત્રીની કાંચલી, પુરુષના ઉતરાસણ વસ્ત્રાચલ ગ્રહી ગૂગલનો ધૂપ કરતાં વાર ૨૧ મંત્ર ગણિયે. દિન ચાર સુધી ગણિયે. અવશ્ય પ્રીતિ-વશ થાય ॥૩૧॥ ઘંટાકર્ણ મંત્ર એક ચિઠ્ઠી ઉપર એક લેખણે એક ઓલિયો લિખી મીણનું પૂતલું કરી તેના પેટ મધ્યે તે ચિઠ્ઠી ઘાલીયે, બાવટો માંહી ઘાતીય પાણી સાથે તે પુતલું જમીનમાં દાટીયે, જે રિસાણો હોય તેહનો નામ લેઇને કાર્ય કરિયે તો તે પોતાની મેળે વિના કહ્યે આપણને તેડું મોકલે, રાજા પ્રજા વશ થાય. ॥૩૨॥ કોઇ મનુષ્ય ઘેલો થયો હોય તો તેને પાણી મંત્રી પાઈયે, વસ્ત્ર મંત્રી ઓઢાડીયે, તથા ૧૪ સરો દોરો રવિવારે કરી ગાંઠ ૧૪ દીજે વાર ૧૦૮ મંત્રી પ્રતી કરી કોટે બાંધિયે, આખડી રખાવીજે, નૈવેદ્ય ચુરમું તથા લાપશી

કરાવિયે, તો ગર્ગાઈ મિટે, એટલે ઘેલો મિટે. સાજો થાય ॥૩૩॥ રવિવારે કુમારીએ કાંતેલા સૂત્રનો દોરો તથા કુસુંબી સૂત્રનો દોરો ચોસરો કરી ગાંઠ ૧૪ દેઇ વાર ૨૧ મંત્રી બાંધીયે તો વાયુ ૮૪ શમે ॥૩૪॥ એ મંત્રે મંત્રિયે તથા ઉઝિયે તો ગડગૂમડ મિટે, બાંબલાઇ ગાંઠ ગોલો, સર્વ શરીરની વ્યાધિ શમે ॥૩૫॥ એ મંત્રે પાણી મંત્રી પાઇએ તો ડાકણ પ્રમુખ સર્વ શમે ॥૩૬॥ ઇતિ પ્રયોગ વિધિ.

મંત્રશાસ્ત્ર—

निर्बीजमक्षरं नास्ति नास्ति मूलमनौषधम् ॥
निर्धना पृथिवी नास्ति आम्नायाः खलु दुर्लभाः ॥ १ ॥

અર્થ—બીજ વગરનો કોઇ અક્ષર નથી, એટલે કે લિપિ શાસ્ત્રમાં જેટલા અક્ષરો છે તે બધા બીજ યુકત એટલે કોઈ પણ પ્રકારની શકિતથી સંપન્ન હોય છે. માટેજ લખવા-વાંચવાથી મનુષ્યના હ્રદયમાં એક પ્રકારની એવી અસર ઉત્પન્ન થાય છે કે જેથી મનુષ્યો સુખદુઃખનો અનુભવ કરી શકે છે. તેવીજ રીતે કોઇ પણ વનસ્પતિ દુનિયામાં એવી નથી કે જે ઔષધ રૂપ ન હોય. પૃથ્વી પણ નિર્ધન નથી, કારણ કે તે અનેકવિધ રત્નોની ખાણ છે, તે માટે જ શાસ્ત્રોમાં પૃથ્વીને રત્નગર્ભા કહેલ છે. માત્ર જે દુર્લભ છે તે એ જ છે કે આમ્નાય એટલે તદ્દતદ્દ વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન એ જ દુર્લભ છે.

મંત્ર સાધન કરનાર મનુષ્ય કામ, ક્રોધ, લોભ, મદ, માયા, કપટ, સ્વાદ, શ્રૃંગાર, કૌતુક અને સ્રીસંગ એ દશ વસ્તુનો ત્યાગ કરી મન વચન અને કાયાની એકાગ્રતા પૂર્વક મંત્ર ભણે. અગર નશીબ સારું હશે તો જરૂર ફળ પ્રાપ્ત કરશે. દરેક બાબતોમાં કર્મ બલવાન છે. બીજી વાત એ છે કે કોઇ પણ કાર્ય કરવા માટે

પહેલાં શ્રદ્ધા જોઈએ. શ્રદ્ધા વિના મુક્તિ પણ નથી મળતી, તો મંત્ર કેમ ફળીભૂત થાય ?

જે મનુષ્યનું પ્રારબ્ધ બલવાન નથી તેની પાસે પ્રાય: મંત્રના અધિષ્ઠાયક દેવો આવતા નથી; પરન્તુ એ મર્મને નહીં જાણુતા કેટલાક અજ્ઞાન પુરુષો એકદમ કહી દે છે કે બસ, મંત્ર ફળીભૂત થતા નથી. પરન્તુ મંત્ર નહીં ફળવાનાં મુખ્ય બે કારણો છે. એક તો પ્રારબ્ધ સારું ન હોય જેથી વિધિ સહિત મંત્ર ભણી ન શકાય અને બીજું કારણ કોઇ વિઘ્ન આવી પડે; પરંતુ જો પ્રારબ્ધ સારાં હોય તો મંત્રના અધિષ્ઠાયક દેવ અદૃશ્ય રહીને પણ જવાબ આપે છે. પણ પ્રત્યક્ષ દેખાતા નથી.

કોઇ કહેશે કે પ્રારબ્ધ સારૂં હોય તો મંત્ર ભણવાથી શું લાભ ? એ પ્રશ્નનો ઉત્તર માત્ર એટલો જ આપી શકાય કે જ્યારે પ્રારબ્ધ સારૂં હોય ત્યારે જ સારા યોગો આવી મળે છે. અક્ષરોના સંયોગોને મંત્ર કહેવામાં આવે છે. એ મંત્ર ભણવાથી અક્ષરોના જે જે પરમાણુઓ બ્રહ્માંડમાં ફેલાય છે, તેથી એક પ્રકારની એક નવી જ અસર ઉત્પન્ન થાય છે અને તેથી અવધિજ્ઞાની દેવતાઓ સ્વર્ગમાં બેઠા બેઠા પણ અવધિજ્ઞાન દ્વારા જાણી શકે છે કે અમુક માણુસ અમુક સ્થાને બેઠા બેઠા મારું સ્મરણ કરી રહેલ છે. પ્રાચીન કાળમાં એવા પ્રારબ્ધવાન મનુષ્યો હતા કે જેની પાસે દેવતાઓ હમેશાં સેવકભાવે હાજર રહેતા. જેમકે તીર્થંકર; ચક્રવર્તી, વાસુદેવ વગેરે.

કોઈએક મંત્રો એવા છે કે જેનું હમેશાં સ્મરણ કરવાથી આત્માનું કલ્યાણ થઇ શકે. પંચપરમેષ્ઠિ મહામંત્રનું સ્મરણ કરવાથી અશુભ અને અનિકાચિત કર્મનો નાશ થઈ પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કરે છે. પરલોકમાં ઉચ્ચ ગતિ મેળવે છે અને

આ જન્મમાં પણ આનંદ ઉડાવે છે. જૈન શાસ્ત્રોમાં વર્ધમાન વિદ્યા, સૂરિમંત્ર અને અપરાજિતા મહાવિદ્યાનું વિધાન કહેલ છે, જે મુનિજનોએ જરૂર પાઠ કરવા યોગ્ય છે, જેથી અશુભ અનિકાચિત પાપકર્મોની નિર્જરા થાય છે.

જે મકાનમાં બેસીને મંત્રનો જાપ કરવો હોય તે પવિત્ર અને સાફ હોવું જોઈએ. દીવાલો ઉપર ચૂનાનો હાથ મારી અથવા રંગ–રોગાનથી સુશોભિત બનાવી, માથે ચાંદની બાંધવી અને ચારે કોર ફૂલની માળા વગેરે સુગંધી વસ્તુઓથી શણગારી સુંદર બનાવવું. જેમ બને તેમ એકાંત સ્થાન વધારે પસંદ કરવું શ્રેષ્ઠ છે. મંત્રસાધકે એક ઉત્તર સાધક તરીકે કોઇ પણ મનુષ્યને પોતાની પાસે જરૂર રાખવો જોઈએ, જેથી કોઇ વસ્તુની જરૂર પડે તો તુરત હાજર કરી શકે. મંત્રસાધકે પોતાનાં કપડાં અને આસન સાફ રાખવાં. ઘીનો દીપક, દશાંગ ધૂપ, ફળ, ફૂલ, નૈવેદ્ય, વગેરે જે જે ચીજો લેવી તે ઉંચા પ્રકારની અને કિંમતી લેવી. મંત્રપાઠ વખતે પદ્માસને અથવા સુખાસને બેસવું. પરન્તુ જિનમંદિરમાં પ્રભુની સન્મુખ પદ્માસને બેસવું નહીં, કારણકે તેથી અવિવેક થાય છે.

મંત્ર ભણતી વખતે માલા અંગુઠા ઉપર રાખી તર્જની અંગુલીવડે ફેરવવી. જેટલા દિવસો સુધી મંત્રારાધન કરવું હોય તેટલા દિવસ નિયમસર આરાધન કરવું પણ ટાઇમમાં વારંવાર ફેરફાર કરવો નહીં. હમેશાં એક જ વખત ભોજન કરવું; બ્રહ્મચર્ય બરાબર પાલન કરવું તથા જમીન ઉપર ચટાઇ, કંબલ અથવા શેતરંજી પાથરીને સૂવું. અસત્ય બોલવું નહીં; તેમજ આચાર વ્યવહાર બહુ જ શુદ્ધ રાખવો. ભોજનમાં રોટલી, દાળ, દૂધ, સાકર, ઘી વગેરે પવિત્ર ચીજો પાચન થાય તેટલી જ ખાવી.

હરેક મંત્રો શીખવાને માટે પુષ્યાર્ક, હસ્તાર્ક, મૂલાર્ક, અથવા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના નિર્વાણકલ્યાણકનો દિવસ એટલે દિવાળીનો દિવસ વધારે શ્રેષ્ઠ ગણાય. આ દિવસ કદાચ પાસે ન આવતો હોય તો પુનર્વસુ, પુષ્ય, શ્રવણ યા ધનિષ્ઠા નક્ષત્રનો દિવસ પણ સારો ગણાય. અગર આ યોગ પણ નજીકમાં ન આવતો હોય અને શિષ્યોને શીખવવાની ખાસ આવશ્યક્તા હોય તો ગુરુમહારાજ પોતાનો ચંદ્રસ્વર ચાલતો હોય તે ટાઇમે શીખવાડે. તે વખતે જો શિષ્યનો પણ ચંદ્રસ્વર ચાલતો હોય તો શુભ ગણાય. પરન્તુ તે વખતે શિષ્યનો ચંદ્ર સ્વર ન ચાલતો હોય તો ગુરુ ભણાવી રહ્યા બાદ જ્યારે શિષ્ય ભણવું શરૂ કરે ત્યારે ચંદ્રસ્વર ચાલતો હોવો જોઈએ.

પરદેશ જતાં ગણવાનો મંત્ર—

મુસાફરીએ નીકળતાં અને જ્યાં જવું હોય તે ગામમાં પ્રવેશ કરતાં નીચે મુજબ બીજ અક્ષર ૧૦૮ વખત ગણીને મુસાફરી કરવાથી લાભ થાય. અથવા હમેશાં ૧૦૮ વખત ભણે તોપણ શ્રેય થાય.

મંત્ર—तीर्थंकरगणधरप्रसादात् एष योगः फलतु[૧] એમ કહીને ॐ नमो भगवओ गोयमस्स सिद्धस्स बुद्धस्स अक्खीणमहाणसस्स लद्धिसंपन्नस्स भगवन् भास्कर मम मनोवांछितं कुरु कुरु स्वाहा ।

આ મંત્રનું આરાધન કરનારે માંસ, લસણ, ડુંગળી, જમીનકંદ, અને શરાબનો ઉપયોગ કરવો નહીં. સુદેવ, સુગુરુ અને

---

૧ આ પદ પ્રાયઃ દરેક મંત્રની શરૂઆતમાં આવે છે પણ તે દરેક સ્થાને મંત્ર શરૂઆત કરતી વખતે એકજ વખત બોલી મંત્ર જેટલી સંખ્યામાં ગણવાનો કહ્યો હોય તે પ્રમાણે ગણવો પણ દરેક વખતે એ પદ બોલવું નહીં.

સુધર્મ ઉપર શ્રદ્ધા રાખવી, જેથી ખાનપાનમાં સુખી રહે અને મનની ધારણા સફળ થાય.

સરસ્વતી મહાવિદ્યા

तीर्थंकरगणधरप्रसादात् एष योगः फलतु એમ કહીને ॐ ह्रीँ चउदसपुव्विणं, ॐ ह्रीँ पयाणुसारिणं, ॐ ह्रीँ एगारसंगधारिणं, ॐ ह्रीँ उज्जुमइणं, ॐ ह्रीँ विपुलमइणं स्वाहा ।

આ મહાવિદ્યાનો જાપ હમેશાં ૧૦૮ વખત એમ છ મહિના સુધી કરે તો બુદ્ધિ તીક્ષ્ણ થાય, યાદશક્તિ વધે, જે જે વિદ્યાઓ શીખવાની અભિલાષા કરે તે બહુજ જલદી આવડે તેમજ સભામાં વ્યાખ્યાન આપવાની શક્તિ પ્રાપ્ત થાય.

શ્રીપ્રાપ્તિ મહાવિદ્યા—

तीर्थंकरगणधरप्रसादात् एष योगः फलतु એમ કહીને ॐ ह्रीँ बीयबुद्धिणं, ॐ ह्रीँ कुट्ठबुद्धिणं, ॐ ह्रीँ संभिन्नसोआणं, ॐ ह्रीँ अक्खीणमहाणसलद्धिणं सव्वलद्धिणं नमः स्वाहा ।

આ મહાવિદ્યાનો ત્રણ ઉપવાસ–અઠ્ઠમ કરીને ત્રણ દિવસમાં સાડાબાર હજારવાર જાપ કરવો. ઉપવાસ ન બની શકે તો દૂધ, સાકર, ઘી, ચોખા અને રોટલીનું એકવાર ભોજન કરવું અને ઉકાળેલું પાણી પીવું. આ મહાવિદ્યાનો જાપ કરતી વખતે પીળાં કપડાં, પીળું આસન અને પીળી માળા રાખવી. સાડા બાર હજાર પૂર્ણ થયા બાદ હમેશાં ૧૦૮ વાર જાપ કરવો. જેથી

ધનસંપત્તિ અને પુત્ર પરિવાર પ્રાપ્ત થાય તેમજ આજીવિકા પણ સારી રીતે ચાલે.

રોગાપહારિણી મહાવિદ્યા—

तीर्थंकरगणधरप्रसादात् एष योगः फलतु એમ કહીને ॐ नमो आमोसहिलद्धिणं, ॐ नमो विप्पोसहिलद्धिणं, ॐ नमो खेलोसहिलद्धिणं, ॐ नमो जल्लोसहिलद्धिणं ॐ नमो सव्वोसहिलद्धिणं, एएसिं रोगोवसमणे पसिज्जउ स्वाहा।

આ મહાવિદ્યા ૧૦૮ વાર ચંદ્રસ્વર ચાલતો હોય ત્યારે ભણીને પાંચ તોલા પાણી અથવા દૂધ મંત્રીને સાત અથવા ચૌદ દિવસ સુધી રોગી મનુષ્યને પીવરાવે તો સર્વ રોગ નાશ પામે. અગર રોગી મનુષ્ય પોતે આ મહાવિદ્યાનો જાપ કરે તો एएसिं रोगोवसमणे ને બદલે मम रोगोवसमणे पसिज्जउ स्वाहा એ પ્રમાણે બોલે.

ઉપસર્ગ-વિઘ્નવિનાશક મંત્ર-

श्रीभद्रबाहुस्वामिप्रसादात् एष योगः फलतु એ પ્રમાણે કહીને નીચે મુજબ ઉવસગ્ગહરં સ્તોત્ર સત્યાવીશ દિવસ સુધી સત્યાવીશ વખત ભણે તો ઉપસર્ગ નાશ પામે, અને આવેલી આપત્તિ ટળે.

॥ उवसग्गहरं ॥

उवसग्गहरं पासं, पासं वंदामि कम्मघणमुक्कं।
विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं ॥ १ ॥
विसहरफुलिंगमंतं, कंठे धारेइ जो सया मणुओ।
तस्स गहरोगमारी, दुट्ठजरा जंति उवसामं ॥ २ ॥

चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामोऽवि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा, पावंति न दुक्खदोगच्चं ॥ ३ ॥
ॐ अमरतरुकामधेणु–चिंतामणिकामकुंभमाइएं ।
सिरिपासनाहसेवा–ग्गहाणे सव्वेऽवि दासत्तं ॥ ४ ॥
ॐ ह्रीँ श्रीँ ॐ नमो " तुह दंसणेण सामिय,
पणासेइ रोगसोगदोहग्गं ।
कप्पतरुमिव जायइ,
ॐ तुह दंसणेण सम्मफलहेउ ॥ ५ ॥ स्वाहा ॥
ॐ ह्रीँ नमिऊण विग्घणासय, मायाबीएण धरणनागिंदं ।
सिरिकामराजकलियं, पासजिणिंदं नमंसामि ॥ ६ ॥
ॐ ह्रीँ श्री पास विसहर विज्जा–मंतेण झाणझाएँव्वो ।
धरणपोमावइ देवा, ॐ ह्रीँ क्ष्म्लव्र्यूँ स्वाहा ॥ ७ ॥
जयउ धरणदेव, पढम हुंत्ती नागणी विज्जा ।
विमणज्झाणसहिऊ ॐ ह्रीँ क्ष्म्लव्र्यूँ स्वाहा ॥ ८ ॥
ॐ थुणामि पासं, ॐ ह्रीँ पणमामि परमभत्तीए ।
अट्ठक्खर धरणेंदो, पोमावइ प(य)डिऊ–कित्ती ॥ ९ ॥
जस्स पयकमलसीय, वसीय पोमावइ धरणेंदो ।
तस्स नासेइ सयलं, विसहर वीसमाघट्टं ॥ १० ॥
तुह सम्मत्ते लद्धे, चिंतामणिकप्पपायवब्भहिए ।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥ ११ ॥

१ या. २ गहण. ३ य. ४ जत्ति. ५ सि.

नट्ठट्ठमयट्ठाणे, पणट्ठकम्मट्ठनट्ठसंसारे ।
परमट्ठनिट्ठिअट्ठे, अट्ठगुणधीसरं[1] वंदे ॥ १२ ॥
इय संथुओ महायस, भत्तिब्भर निब्भरेण हियएण ।
ता देव दिज्ज बोहिं, भवे भवे पासजिणचंद ॥ १३ ॥

[केटलीक मतमां उपरनी ७-८-९-१० ने बदले आ
नीचेनी चार गाथाओ छे.]

तं नमह पासनाहं, धरणिंदनमंसियं दुह पणासेइ ।
तस्स पभावेण सया, नासंति सयलदुरियाणं ॥ १० ॥
एए समरंताणं, मुणि न दुह वाहि नासमाहिदुक्खं ।
नामं सीयेमं[2] असमं[3], पयडो नथ्थिथ्थ संदेहो ॥ ११ ॥
जल जलण तह सप्प सीहो, मारौरी[4] संभवेपि खिप्पं जो ।
समरेइ पास पहु, पहो वि न कया वि कीसी तस्स ॥१२॥
इह लोगट्ठि परलोगट्ठि, जो समरेइ पासनाहं तु ।
तत्तो सीज्झेइ नक्कोसंइ नाह सुरा भगवंतं ॥ १३ ॥

કોપ વિનાશક મંત્ર—

श्रीमानतुंगसूरिप्रसादात् एष योगः फलतु એમ કહીને
ॐ ह्रीँ नमिऊण पास विसहरवसहजिण फुल्लिंग ह्राँ नमः
ॐ जलजलणविसहरचोरारि मयंदगयरणभयाइं, पासजिण-
नामसंकित्तणेण, पसमंति सव्वाइं ॐ स्वाहा ।

કોઈ પણ મનુષ્ય ઉપર કોઈ પણ પ્રકારનો અચાનક કોપ–રોષ

१ महा. २ वि. ३ त. ४ चोरारी.

કોઇ તરફથી ઉતરી આવ્યો હોય તો ઉપર લખેલ મંત્ર ૧૦૮ વાર ભણે તો શાંતિ થાય. અગર જલદી રોષની શાંતિ ન થાય તો ચૌદ દિવસ અથવા એકવીશ દિવસ સુધી રોજ ૧૦૮ વાર એ મંત્ર ભણવો જેથી જરૂર રોષશાંતિ થશે.

વીંછીનું ઝેર ઉતારવાનો મંત્ર—

श्रीतीर्थंकरपार्श्वनाथप्रसादात् एष योगः फलतु, श्रीजिनदत्तसूरिप्रसादात् एष योगः फलतु એ પ્રમાણે કહીને ॐ कं खं फुट् स्वाहा ।

આ મંત્ર ૧૦૮ વાર ભણતાં જવો અને વીંછી કરડેલ માણસને મોરપીંછીથી ઝાડતા જવું જેથી ઝેર ઉતરી જશે.

જ્વર ઉતારણુ મંત્ર

श्रीतीर्थंकरपार्श्वनाथप्रसादात् एष योगः फलतु, श्रीजिनदत्तसूरिप्रसादात् एष योगः फलतु એ પ્રમાણે કહીને ॐ इहुग्गये हे एए सूनासंति तिमिर संघाया नलिणीवणो विबुधो अमुगस्स जरं पणासे ॐ स्वाहा ।

જે મનુષ્યને હમેશાં તાવ આવતો હોય અથવા તરીયો કે ચોથીઓ આવતો હોય તેને ઉપર મુજબ ૧૦૮ વાર મંત્ર ભણતા જવું અને મોરપીંછીથી અથવા રજોહરણથી ઝાડતા જવું. એ પ્રમાણે ત્રણ દિવસ કરવાથી જ્વર આવતો બંધ થઈ જશે, પરંતુ એટલું યાદ રાખવું જોઇએ કે ચઢતા તાવવાળાને ત્રણવાર તાવ આવી ગયા બાદ ચોથી વારે ઉપલા મંત્રનો ઉપયોગ કરવો.

સર્પવિષ ઉતારણુ–જાંગુલીનામા મહાવિદ્યા—

ॐ इलमित्ते तिलमित्ते; इलतिलमित्ते डुंबे डुंबेलिए,

डुस्से डुस्सेलिए, डुंग्गे डुंग्गेलिए, तक्के तक्करणे, जक्के जक्करणे, अक्के अक्करणे, मम्मे मम्मरणे, सिंझे सिंझकरणे, कश्मीरे कश्मीरमंडने, अनघे अनघाघने, अघने अघनाघने, अघायंते, अखयंते, पेयं पायंते श्वते श्वततुंडे, अनानुरक्ते, ठः ठः ठः स्वाहा।

આ સર્પ વિષ ઉતારણ જાંગુલીનામા મહાવિદ્યાને જે મનુષ્ય હમેશાં ત્રણ વાર ભણે તેને સર્પ કરડે નહીં. કદાચ કરડે તો શરીરમાં ઝેર ચઢે નહીં. એ સિવાય કોઈ પણ પ્રકારનું સ્થાવર વિષ, અફીણ, સંખીયા, વગેરે ખાધું હોય તો તે પણ ઊતરી જાય છે.

આ મહાવિદ્યાથી રેતી તથા કોદ્રવ એકત્ર કરી ત્રણ વાર મંત્રી જ્યાં નાંખે ત્યાં સર્પ રહી શકે નહીં.

દશ તોલા પાણી અથવા દૂધ આ મંત્રથી મંત્રિત કરીને પાવાથી જે મનુષ્યને સર્પનું ઝેર ચઢયું હોય તે ઊતરી જાય છે

સ્થાવર, જંગમ, કૃત્રિમ અને જઠરઅગ્નિ સંબંધી સર્વ પ્રકારનાં ઝેર, ૨૧ વખત આ મંત્રને ભણતાં જવાથી અને મોરપીંછ અથવા રજોહરણથી ઝાડતાં જવાથી ઊતરી જાય છે તેમાં જરા પણ શક નથી.

કંઠ, છાતી, મસ્તક, કાન, નાક, દાઢી, આંખ, હોઠ હાથ પગનાં તળિયાં, બગલ, અને સ્કંધ એટલાં મર્મસ્થાનો છે. તે સ્થાન ઉપર સર્પદંશ થાય તો વિજળીની માફક તેનું ઝેર આખા શરીરમાં પ્રસરી જાય છે. તેવું ઝેર અને બીજું કોઇ હલાહલ ઝેર પણ આ જાંગુલી મહાવિદ્યાના પ્રભાવથી ઊતરી જાય છે.

સર્પવિષ નિવારણ જાંગુલી મહામંત્ર--

ॐ नमो हंस, महाहंस, पद्महंस, क्रौँ हंस घरघर हंस, पक्षिहंस, विषं भक्ष स्वाहा।

આ જાંગુલી મંત્રને ૧૦૮ વાર ભણતા જવું અને મોરપીંછ અથવા રજોહરણથી સર્પ ડસેલા મનુષ્યને ઝાડતા જવું, જેથી ઝેર ઊતરી જશે. પરન્તુ દશ તોલા દૂધ અથવા પાણી આ મંત્રથી મંત્રીને સર્પ કરડેલા મનુષ્યને પીવરાવી દેવું.

ॐ कुरु कुल्ले, कुरु कुल्ले, मातंगशवराय, शंखं वादय वादय, ह्रौं ह्रूँ फुट् स्वाहा।

આ મંત્રથી રેતી ૨૧ વાર મંત્રીને તે રેતી જે ઘરમાં સર્પ જતો આવતો હોય ત્યાં નાંખવાથી સર્પનું આવવું બંધ થઇ જશે–અન્ય સ્થાને ચાલ્યો જશે.

પ્રસૂતિકષ્ટ નિવારણ ઉપાય--

श्रीतीर्थंकरपार्श्वनाथप्रसादात् एष योगः फलतु, श्री जिनदत्तसूरिप्रसादात् एष योगः फलतु એ પ્રમાણે કહીને ॐ ह्रीँ श्रीँ क्लीँ कलिकुंडदंडस्वामिन् आगच्छ आगच्छ परविद्या उच्छेदं कुरु कुरु स्वाहा।

આ બીજ અક્ષર ૧૦૮ વાર ભણીને એક તોલો તલનું તેલ મંત્રી, ગર્ભવતી સ્ત્રી કે જે પ્રસવતી વખતે બહુ કષ્ટાતી હોય તેની નાભિ ઉપર અને પેટ ઉપર ચોપડવાથી કષ્ટ દૂર થાય છે, અને બાલકનો આનંદપૂર્વક જન્મ થાય છે. એક વખત તેલ ચોપડવાથી કષ્ટ દૂર ન થાય તો બીજીવાર ઉપર મુજબ

તેલ મંત્રી કલાક પછી ચોપડવું. તેથી પણ જો કદાચ ન મટે તો ત્રીજીવાર પણ ઉપર મુજબ કરવાથી જરૂર કષ્ટ દૂર થશે.

દોષનિર્નાશિની વિદ્યા—

श्री तीर्थंकरगणधरप्रसादात् एष योगः फलतु એ પ્રમાણે કહી ॐ नमो उग्गतव चरणपारिणं, ॐ नमो दित्ततवाणं, ॐ नमो तत्ततवाणं, ॐ नमो पडिमापडिवन्नाणं एएसिं परविद्यापहारणे पसिज्जउ स्वाहा ।

આ મહાવિદ્યા ૧૦૮ વાર હમેશાં ભણવાથી કોઇ પણ દેવકૃત દોષની આશંકા હૃદયમાં રહેતી હોય તો તે નષ્ટ થાય છે.

ભૂતપ્રેત નિવારણ મંત્ર—

श्री तीर्थंकरपार्श्वनाथप्रसादात् एष योगः फलतु એ પ્રમાણે કહીને ॐ नमो भगवते श्री पार्श्वनाथाय ह्रीँ धरणेन्द्रपद्मावतीसहिताय अट्टे मट्टे भूत विघट्टे भूतान् स्तंभय स्तंभय स्वाहा ।

આ બીજઅક્ષર ત્રણ દિવસમાં સાડાબાર હજાર ગણવાથી સિદ્ધ થાય છે. આ બીજાક્ષર સિદ્ધ કરતી વખતે બ્રહ્મચર્યનું પાલન કરવું, જમીન ઉપર શયન કરવું, આયંબીલનો તપ કરવો, ન બની શકે તો દિવસમાં એક આસન ઉપર બેસી એક વખત ભોજન કરવું. દશાંગ ધૂપ અને દીપ પાસે રાખવાં. આ પ્રમાણે વિધિ પૂર્વક કરવાથી બીજાક્ષરો સિદ્ધ થશે. તે પછી જે વખતે જરૂર પડે ત્યારે ૧૦૮ વાર ઉપર જણાવેલ બીજાક્ષરોના જાપવતી ચમેલીનાં પુષ્પની માળા અથવા લવીંગની માળા મંત્રીને જે મનુષ્યને ભૂતપ્રેતનું નડતર હોય તેના ગળામાં નાંખવી, અથવા પાણી મંત્રીને પાઇ દેવું જેથી નડતર દૂર થશે.

ભૂતપ્રેત નિવારણુ મંત્ર (બીજો)—

श्री माणिभद्रदेवप्रसादात् एष योगः फलतु એ પ્રમાણે કહીને ॐ नमो भगवते माणिभद्राय, क्षेत्रपालाय, कृष्णरूपाय, चतुर्भुजाय, जिनशासनभक्ताय, नवनागसहस्रबलाय, किन्नरकिंपुरुषगंधर्वयक्षराक्षसभूतप्रेतपिशाचसर्वशाकिनीनां निग्रहं कुरु कुरु स्वाहा पात्रं रक्ष रक्ष स्वाहा ।

આ પાઠ ત્રણુ દિવસ સુધી ધૂપદીપની સાથે સાડાબાર હજાર ભણુવાથી સિદ્ધ થશે. પાઠ ભણુતી વેળા બ્રહ્મચર્યનું પાલન કરવું, ભૂમિશયન કરવું, એક વખત ભોજન કરવું, સત્યવચન બોલવું અને શુદ્ધ આચાર રાખવો. પછી જરૂર પડે ત્યારે ૧૦૮ વાર એ પાઠથી પાણી મંત્રીને પાવાથી ભૂત પ્રેત પિશાચ શાકિની વગેરેનું કષ્ટ દૂર થાય છે.

ઇતિ મંત્રશાસ્ત્ર

યંત્ર પરિચય—

દરેક યંત્ર પુષ્યાર્ક, હસ્તાર્ક, મૂલાર્ક અથવા પોતાનો ચંદ્રસ્વર ચાલતો હોય તે વખતે અષ્ટગંધ વડે ભોજપત્ર ઉપર લખવો. તે અષ્ટગંધની હકીકત આ પ્રમાણે—

(અષ્ટગંધ—કેશર તોલો ૦।, ભીમસેની કપૂર તોલો ૦।, ગોરોચન એક આનીભાર, કસ્તુરી બે રતિ, ચંદન તોલો ૦।।, અગર તોલો ૦।, તગર તોલો ૦।, અને કંકોલ બે આનીભાર. એ આઠે વસ્તુઓ પૈકી છ વસ્તુઓ બારીક વાટી ખરલમાં નાંખી ઘુંટવી અને કસ્તુરી તથા ગોરોચન પાછળથી ખરલમાં નાંખી ઘુંટવાં. રંગ લાવવા માટે હિંગળો નાંખવો. ઘુંટતી વખતે ગુલાબજળ નાંખીને ઘુંટવુ. જ્યારે એક રસ થઇ જાય ત્યારે એક

શીશીમાં ભરી લેવું. અથવા છાયામાં સૂકવીને નાની નાની ટીકડીઓ બનાવી લેવી. જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ કરવો.

તિજયપહુત્ત સ્તોત્રનો યંત્ર

ॐ भवणवइ वाणवंतर

अजित नाथाय नमः	रोहिणी	प्रज्ञप्ति	ह्रूँ	वज्र शृंखला	वज्रांकुशी	शांतिनाथाय नमः
महा मानसी	ह २५	र ८०	क्षि	हु १५	हः ५०	चक्रेश्वरी
मानसी	स २०	र ४५	प	सुँ ३०	सः ७५	नरदत्ता
ब्लुं	क्षि	प	ॐ	स्वा	हा	श्रीँ
अछुप्ता	ह ७०	र ३५	स्वा	हुँ ६०	हः ५	काली
वैरुट्या	स ५५	र १०	हा	सुँ ६५	सः ४०	महाकाली
वर्द्धमानाय नमः	मानवी	महा ज्वाला	क्ष्रीँ	गांधारी	गौरी	पार्श्वनाथाय नमः

जोइसवासी विमाणवासी य

जे केवि दुट्ठदेवा

ते सव्वे उवसमंतु मे स्वाहा ।

આ તિજયપહુત્ત યંત્ર ઘણો જ પ્રભાવશાળી છે. તેમાં **क्षिप ॐ स्वाहा।** એ અતિશય શક્તિ ધરાવનાર બીજ અક્ષર છે. **क्षि** પૃથ્વીબીજ છે, **प** અપબીજ છે, **ॐ** અગ્નિબીજ છે, **स्वा** વાયુ

બીજ છે અને હ્રા આકાશબીજ છે. ઉપર જણાવેલ ૧૭૦ જિનેન્દ્રોનો યંત્ર ત્રણ ભુવનની પ્રભુતાને અર્પણ કરનાર છે.

पणवीसा य असीआ पन्नरस पन्नास जिणवरसमूहो ।
नासेउ सयलदुरियं भवियाणं भत्तिजुत्ताणं ॥ १ ॥

અર્થ—પચીસ, એંશી, પંદર અને પચાસ, એ પ્રમાણે ૧૭૦ જિનેશ્વરોનો સમુદાય, ભક્તિવડે યુક્ત એવા ભવ્ય જીવોના સકલ પાપનો નાશ કરો.

वीसा पणयाला वि य तीसा पन्नत्तरी जिणवरिंदा ।
गहभूअरक्खसाइणि घोरुवसग्गं पणासंतु ॥ २ ॥

અર્થ—વીશ, પીસ્તાલીશ, ત્રીશ અને પંચ્ચોતેર એ પ્રમાણે ૧૭૦ જિનેશ્વરો સર્વ પ્રકારના ગ્રહ, ભૂત, રાક્ષસ અને શાકિની આદિના ઘોર ઉપસર્ગોનો પણ નાશ કરો.

सत्तरि पणतीसा वि य सट्ठी पंचेव जिणगणो एसो ।
वाहिजलजलणहरिकरिचोरारिमहाभयं हरउ ॥ ३ ॥

અર્થ—સીત્તેર, પાંત્રીસ, સાઠ અને પાંચ એ પ્રમાણે ૧૭૦ જિનેશ્વરો, સર્વ પ્રકારના વ્યાધિ, જલ, અગ્નિ, સિંહ, હસ્તિ, ચોર અને શત્રુઓના મહાભયોને હરણ કરો.

पणपन्ना य दसेव य पनट्ठी तहय चेव चालीसा ।
रक्खंतु मे सरीरं देवासुरपणमिआ सिद्धा ॥ ४ ॥

અર્થ—પંચાવન, દશ, પાંસઠ અને ચાલીશ, એ પ્રમાણે દેવતાઓ અને અસુરોવડે નમસ્કાર કરાયેલા અને સિદ્ધિપદને પ્રાપ્ત થયેલા એવા ૧૭૦ તીર્થંકરો મારા આત્માનું અને મારા શરીરનું રક્ષણ કરો.

આ યંત્રના પ્રભાવથી ભુવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એ ચારે પ્રકારના દેવતાઓ પૈકી કોઈ પણ દેવનો ઉપદ્રવ હોય તો તે તત્કાળ દૂર થઈ જાય છે. •

આ યંત્રને સોના, ચાંદી અથવા કાંસાની થાળીમાં અષ્ટગંધ વડે લખી તેને દશાંગધૂપ દેવો. તે પછી એ થાળીનું દૂધથી પ્રક્ષાલન કરી–ધોઈને તે દૂધ કોઈ પણ રોગી મનુષ્યને ભૂત પિશાચના વળગાડવાળાને અને વિવિધ પ્રકારના જ્વરવાળા મનુષ્યને અથવા ગર્ભવતી સ્રીને પ્રસૂતિ સમયે પાવાથી સંપૂર્ણ આરામ થવા ઉપરાંત સુખચેન ઉપજશે તેમાં જરા પણ શક નથી.

યંત્રમાં રહેલું ગંભીર રહસ્ય—


આ યંત્રમાં ચાર ઊભી લીંટીએ, અને ચાર આડી લીંટીએ તથા બે વક્ર–ચોકડીની લીંટીએ જે અંકો જોવામાં આવે છે તેની ગણના કરતાં તેમાં ૧૭૦ નો આંક સમાયેલો છે. મતલબ કે દશે પ્રકારે ગણવાથી ૧૭૦ નો આંક આવીને ઊભો રહે છે. એ આંક એકસોને સીત્તેર તીર્થંકરોના સ્મરણરૂપે છે. તે આવી રીતે—પાંચ ભરતક્ષેત્રમાં રહેલા પાંચ તીર્થંકર, પાંચ ઐરવત ક્ષેત્રમાં રહેલા પાંચ તીર્થંકર અને પાંચ મહાવિદેહની ૧૬૦ એકસો સાઠ વિજય પૈકી દરેકમાં રહેલા એકેક તીર્થંકર ગણતાં વધારેમાં વધારે એક જ સમયે ૧૭૦ તીર્થંકરો હોય છે.

વળી આ યંત્રમાં ह्र र ह्रूँ हः એ ચાર બીજ અક્ષરો છે, તેનો ભાવાર્થ આ પ્રમાણે જાણવો–ह्र એ સૂર્યબીજ છે. र એ દહનરૂપ અગ્નિબીજ છે. ह्रूँ એ આત્મરક્ષક કવચબીજ છે. हः એ દ્વિતીય સૂર્યબીજ યા સંપુટબીજ છે. તેવીજ રીતે स र सुँ सः એ પણ ચારે બીજ અક્ષરો છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે–स એ ચંદ્રબીજ છે. र એ તેજોદ્દીપન અગ્નિબીજ

છે. ક્ષ્રૌં એ સર્વદુરિતનાશક શામકબીજ છે અને સઃ એ દ્વિતીય ચંદ્રબીજ થા સંપુટબીજ છે.

યંત્રની ચારે બાજુ આ પ્રમાણે સોળે દેવીઓનાં નામો આપેલાં છે. રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશ્રૃંખલા, વજ્રાંકુશી, ચક્રેશ્વરી, નરદત્તા, કાળી, મહાકાળી, ગૌરી, ગાંધારી, મહાજ્વાલા, માનવી વૈરૂટયા, અચ્છુપ્તા, માનસી, મહામાનસી, એ સોળે વિદ્યા દેવીઓનાં નામો છે.


वीसायंत्र



મજકુર વીસા યંત્ર પુષ્યાર્ક (પુષ્ય નક્ષત્ર ને રવિવાર)ના દિવસે ચંદ્રસ્વરમાં અષ્ટગંધથી ભોજ પત્ર પર લખવો. એક અંકથી ચઢતે કોઠે આંક લખવા શરૂ કરવા. આ વીસા યંત્રને છ બાજુથી ગણતાં વીસની સંખ્યા આવે છે જેથી આ યંત્ર શાસ્ત્રોક્ત છે.

આ યંત્ર વિધિસહિત લખીને પાસે રાખવાથી ઋદ્ધિ વૃદ્ધિ અને પ્રભાવદર્શક છે.

पंदरियो यंत्र



વીસા યંત્રમાં લખ્યા મુજબ આ યંત્રની વિધિ સમજવી. આ યંત્ર પાસે રાખવાથી ઋદ્ધિવૃદ્ધિ પ્રભાવ દર્શક છે.

તીવ્ર દરિદ્રતા નાશક અંગુઠી

ताम्रतारसुवर्णानामर्कषोडयाखेन्द्रभि: ।
कृता त्रिशक्ति मुद्रेयं, तीव्रदारिद्र्यनाशिनी ॥

વિધિ–રવિવાર કે ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં, તાંબુ ૧૨ ભાગ રૂપું ૧૬ ભાગ, સોનું ૧૦ ભાગ ત્રણે અલગ અલગ તારને એકત્ર કરી વીંટી બનાવીને જમણા અંગુઠાની બાજુની આંગળીએ પહેરવાથી તીવ્ર દારિદ્ર્ય દૂર થાય છે.

પ્રાણાયામ અને સ્વરોદયવિજ્ઞાન

શ્વાસોશ્વાસની ક્રિયાને પ્રાણાયામ કહે છે. તેના ત્રણ પ્રકાર છે. પૂરક, કુંભક અને રેચક. નસકોરાની જમણી બાજુના

છિદ્રમાંથી પવન પ્રવેશ કરે તથા બહાર નીકળે તે નાડીને સૂર્યનાડી કહે છે, અને ડાબી બાજુમાંથી નીકળતા કે પ્રવેશ કરતા પવનને ચંદ્રનાડી કહે છે. બંને બાજુમાંથી વાયુનું નીકળવું કે પ્રવેશવું બંધ હોય ત્યારે તેને સુષુમણા નાડી કહે છે.

નસકોરાની જે બાજુમાંથી વાયુ વહન થતો હોય, તે બાજુના છિદ્રવડે, વાયુને અંદર ખેંચી પેટમાં ભરવો, તેને પૂરક કહે છે.

વાયુને અંદર ખેંચતાં જેટલો ટાઈમ થાય તેથી બમણો ટાઇમ, વાયુને પેટમાં સ્થિર રાખવો, તેને કુંભક કહે છે.

કુંભકથી બમણો ટાઇમ વાયુને બહાર કાઢવામાં થવો જોઈએ તે રેચક કહેવાય છે.

જ્યારે મનની સ્થિરતા હોય, ત્યારે પ્રાતઃકાળે, મળમૂત્રનો ત્યાગ કરી સ્થિર આસને પ્રાણાયામ કરવો. જમ્યા પછી પ્રાણાયામ કરવો નાહ, પણ ભૂખ્યા હોઈએ ત્યારે કરવો. પ્રાણાયામ કરવાથી અનેક પ્રકારના રોગ નાબૂદ થાય છે. શરીરની દૃઢતા, મનની સ્થિરતા અને ઇંદ્રિયોનો જય થાય છે. ઇંદ્રિયોનો જય થવાથી સાંસારિક વાસનાઓ ઘટે છે અને તેથી મનુષ્યો વ્રત, નિયમ પાળવાને વિશેષ શક્તિવાન તેમજ ધૈર્યવાન બને છે.

કાર્યસિદ્ધિનો ઉપાય

કાર્યસિદ્ધિને ઇચ્છતા મનુષ્યે, ગુરુ, બંધુ, રાજા, પ્રધાન અને બીજા પણ પોતાને ઇચ્છિત દેવાવાળા માણસોને તેમની પાસેથી કાંઇ મેળવવું હોય ત્યારે પૂર્ણાંગે રાખવા અર્થાત્

જે નાસિકાના છિદ્રમાંથી પવન વહેતો હોય તે તરફ તેમને રાખીને બેસવું.

જય, લાભ અને સુખના અર્થી જીવોએ શત્રુ, ચોર અને લેણદાર આદિ તથા બીજા પણ ઉત્પાત, વિગ્રહ, વગેરે દુઃખ આપનારાઓને ખાલી અંગે રાખવા, આથી તેઓ દુઃખ આપી શકતા નથી.

ત્રણે નાડીઓમાં વાયુ સંચારનું સામાન્ય ફળ કહે છે—

શરીરના સર્વ ભાગોમાં નિરંતર જાણે અમૃત વરસાવતી હોય તેમ અભીષ્ટ કાર્યોને સૂચવવાવાળી ડાબી નાડી (ચંદ્ર-નાડી) ને અમૃતમય માનેલી છે. તેમજ વહન થતી જમણી નાડી (સૂર્યનાડી) ને અનિષ્ટ સૂચન કરવાવાળી અને કાર્યોનો નાશ કરવાવાળી માનેલી છે, તથા સુષુમણા નાડીને અણિમા આદિ આઠ મહા સિદ્ધિઓ તથા મોક્ષના કારણ રૂપ માની છે.

ડાબી અને જમણી નાડી વહન થતાં જે જે કાર્યો કરવાં તે કહે છે—

અભ્યુદય આદિ ઇષ્ટ અને પ્રશસ્ત કાર્યોમાં ડાબી નાડી સારી માનેલી છે. અને વિષય સેવન, આહાર તથા યુદ્ધાદિક કાર્યોમાં જમણી નાડી ઉત્તમ–સારી માનેલી છે.

વિવેચન—

યાત્રા, દાન, વિવાહ, નવીન વસ્ત્રાભરણ પહેરવાં, ગ્રામ, નગર, ગૃહ પ્રવેશ, સ્વજનમેળાપ, શાંતિક, પૌષ્ટિક, યોગાભ્યાસ રાજદર્શન, ઝેરાદિચિકિત્સા, નવીન મિત્રતા કરવી, બીજ વગેરેનું વાવવું ઇત્યાદિ કાર્યના પ્રારંભ કાળે ડાબી નાડી સારી સમજવી.

ડાબી, કે જમણી નાડીમાં જે જે કાર્યો કરવાનાં છે તે તે કાર્યો કરવાના પ્રારંભમાં તે નાડીથી કુંભક કરી, પવનને સ્થિર કરી કામનો આરંભ કરવો જોઇએ.

ભોજન, વિગ્રહ, મૈથુન, યુદ્ધ, મંત્રસાધન, દીક્ષાગ્રહણ, સેવાકર્મ, વાણિજ્યકર્મ (વેપાર), ઔષધ કરવું, ભૂતપ્રેતાદિ-સાધન, બીજાં પણ તેવાં કાર્યોમાં સૂર્યનાડી પ્રશસ્ત જાણવી.

પ્રાણાયામનું ફળ

રેચક પ્રાણાયામથી ઉદર-પેટના વ્યાધિ અને કફનો નાશ થાય છે.

પૂરક પ્રાણાયામથી શરીરને પુષ્ટિ મળે છે તથા રોગની શાંતિ થાય છે.

કુંભક કરવાથી (પવનને સ્થિર કરવાથી) હૃદયકમળ તત્કાળ વિકસ્વર થાય છે, અંદરના ભાગની ગાંઠ ભેદાય છે, શરીરમાં બળની વૃદ્ધિ થાય છે અને વાયુ સ્થિર રહી શકે છે.

વ્યાપાર માટે શકુન-નાડી-જોવી

જ્યારે સૂર્યનાડી ૮ કે ૧૨ અંગુલ નીચે વહેતી હોય, તે ટાઇમે શ્વાસને અંદર ખેંચી કુંભક (સ્થિર) કરી જમણો પગ ઉપાડીને ચાલવું, સૂર્યનાડીમાં કરવા યોગ્ય કાર્યોમાં વેપારાદિ કાર્યોમાં-આ રીત ઉપયોગી છે.

પરદેશ, મુસાફરી, યાત્રા વગેરે શુભ કાર્યોમાં ચંદ્રનાડીની વિધિ ઉપર મુજબ કરવી.

પ્રાણાયામ—

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ–એમ યોગનાં આઠ અંગો છે. તેમાં ચોથું અંગ પ્રાણાયામ છે. પતંજલિ પ્રમુખ યોગાચાર્યોએ મોક્ષસાધન માટે પ્રાણાયામને ઉપયોગી ગણી સ્વીકાર્યો છે, પણ ખરી રીતે પ્રાણાયામ મોક્ષના સાધનરૂપ ધ્યાનમાં ઉપયોગી નથી, છતાં પણ શરીરની નીરોગતા અને કાળજ્ઞાનાદિમાં ઉપયોગી છે, એમ ધારી અમે પણ પ્રાણાયામનું સ્વરૂપ અહીં આપીએ છીએ.

प्राणायामस्ततः कैश्चिद् आश्रितो ध्यानसिद्धये ।
शक्यो नेतरथा कर्त्तु मनःपवननिर्जयः ॥ १ ॥

આસન જય કર્યા અનંતર કોઇ પતંજલિ પ્રમુખે ધ્યાન સિદ્ધિ માટે પ્રાણાયામનો આશ્રય લીધો છે. કેમકે પ્રાણાયામ કર્યા સિવાય મન અને પવનનો જય થઇ શકતો નથી. ૧

પ્રાણાયામથી પવનનો જય થાય પણ મનનો જય કેમ થાય? તેનો ઉત્તર આપે છે

मनो यत्र मरुत् तत्र मरुद् यत्र मनस्ततः ।
अतस्तुल्यक्रियावेतौ संवीतौ क्षीरनीरवत् ॥ २ ॥

મન જે ઠેકાણે છે, તે ઠેકાણે પવન છે. અને જ્યાં પવન છે ત્યાં મન છે. આ કારણથી સરખી ક્રિયાવાળાં મન અને પવન દૂધ ને પાણીની માફક એકઠાં મળેલાં રહે છે. ૨

વિવેચન—મન અને પવનની ક્રિયા તથા સ્થાન એક સરખું છે. શરીરના કોઈ પણ ભાગ ઉપર મનને રોકશો તો

તે ઠેકાણે અવશ્ય પવનનો ખટકારો થતો જણાશે. મનને કોઈ પણ ભાગ ઉપર રોકવું એટલે ઉપયોગ રાખી તે તે ભાગો ઉપર જોયા કરવું. આમ કરવાથી બીજા કોઇ પણ વિચાર સંબંધી મનની ક્રિયા બંધ પડશે. અને જે ઠેકાણે રોકવામાં આવ્યું છે તે ઠેકાણે ઉપયોગની જાગૃતિ હોવાથી વિચાર નહિ કરે, પણ ઉપયોગની જાગૃતિ સુધી ત્યાં જ રોકાઇ રહેશે અને પવન પણ ત્યાં ખટક ખટક એવા શબ્દ કરતો કે કોઈ બીજી પણ રીતે ત્યાં છે એમ અનુભવાશે. ૩

મન પવનનું તુલ્ય ક્રિયાપણું બતાવે છે

एकस्य नाशेऽन्यस्य स्यान्नाशो वृत्तौ च वर्तनम् ।
ध्वस्तयोरिंद्रियमतिध्वंसान्मोक्षश्च जायते ॥ ३ ॥

મન, પવન, એમાંથી એકનો નાશ થયે બીજાનો નાશ થાય છે, અને એમાંથી એક હોય તો બીજો પણ બન્યો રહે છે, બેનો નાશ થવાથી ઇંદ્રિય અને બુદ્ધિના વ્યાપારનો નાશ થાય છે. અને ઇંદ્રિયની પ્રવૃત્તિ તથા મનના વિચારો બંધ થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

વિવેચન—મન અને પવનનો નાશ શરીરમાંથી જીવ જવા પછી થઇ જાય છે, ત્યારે ઇંદ્રિય તથા વિચારની પ્રવૃત્તિ પણ બંધ થાય છે, તે અહીં ગ્રહણ કરવાની નથી, અને તેથી મોક્ષ થતો નથી. પણ આત્મઉપયોગની પૂર્ણ જાગૃતિ હોય ત્યારે મન અને પવનની પ્રવૃત્તિ બંધ થાય છે, તે અહીં ગ્રહણ કરવાની છે અને તેથી જ મોક્ષ મળે છે. ૩.

પ્રાણાયામનું લક્ષણ અને તેના ભેદો

प्राणायामो गतिच्छेदः श्वासप्रश्वासयोर्मतः ।
रेचकः पूरकश्चैव कुंभकश्चेति स त्रिधा ॥ ४ ॥

શ્વાસ ઉચ્છ્વાસની ગતિનો નિરોધ કરવો, તેને પ્રાણાયામ કહે છે. તે પ્રાણાયામ રેચક, પૂરક અને કુંભક એમ ત્રણ પ્રકારનો છે. ૪

વિવેચન—નાસિકાદિકનાં છિદ્રોથી બહાર નીકળતા વાયુને શ્વાસ કહે છે, બહારથી અંદર પ્રવેશ કરતા વાયુને નિશ્વાસ કહે છે. તે બેઉ પ્રકારના વાયુની ગતિને રોકવી તેને પ્રાણાયામ કહે છે.

બીજા આચાર્યના મતે પ્રાણાયામના સાત ભેદો કહે છે

प्रत्याहारस्तथा शांत उत्तरश्चाधरस्तथा ।
एभिर्भेदैश्चतुर्भिस्तु सप्तधा कीर्त्यते परैः ॥ ५ ॥

પ્રત્યાહાર, શાંત, ઉત્તર અને અધર આ ચાર ભેદો સહિત (પૂર્વના ત્રણ સાથે મેળવતાં) સાત પ્રકારનો પ્રાણાયામ છે, એમ કેટલાક આચાર્ય કહે છે. ૫

એ સાતનાં અનુક્રમે લક્ષણો બતાવે છે

यत्कोष्ठादतियत्नेन नासाब्रह्मपुराननैः ।
बहिः प्रक्षेपणं वायोः स रेचक इति स्मृतः ॥ ६ ॥

કોઠામાંથી ઘણા પ્રયત્નપૂર્વક નાસિકા, બ્રહ્મરંધ્ર અને મુખે કરી વાયુને બહાર કાઢવો તેને રેચક પ્રાણાયામ કહ્યો છે.

समाकृष्य यदापानात् पूरणं स तु पूरकः ।
नाभिपद्मे स्थिरीकृत्य रोधनं स तु कुंभकः ॥ ७ ॥

બહારથી પવનને ખેંચીને અપાન (ગુદાદ્વાર) પર્યંત કોઠામાં પૂરવો તે પૂરક અને નાભિકમળમાં સ્થિર કરીને તેને રોકવો તે કુંભક કહેવાય છે. ૭.

स्थानात्स्थानांतरोत्कर्षः प्रत्याहारः प्रकीर्त्तितः ।
तालुनासाननद्वारैर्निरोधः शांत उच्यते ॥ ८ ॥

એક સ્થાનથી બીજા સ્થાનમાં વાયુને ખેંચી જવો તેને પ્રત્યાહાર કહ્યો છે અને તાળવું, નાસિકા તથા મુખના દ્વારોથી વાયુનો નિરોધ કરવો તેને શાંત કહે છે. ૮.

વિવેચન—નાભિથી વાયુને ખેંચી હૃદયમાં લઈ જવો, હૃદયથી નાભિમાં લઇ જવો વગેરે એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવો તે પ્રત્યાહાર પ્રાણાયામ. શાંત અને કુંભકમાં ફેર એટલો જણાય છે કે કુંભકમાં, નાભિકમળમાં પવનને રોકવામાં આવે છે અને શાંતમાં તેવો નિયમ નથી; પણ નીકળવાનાં દ્વારોથી રોકવો તેવો સામાન્ય નિયમ છે. ૮.

आपीयोर्ध्वं यदुत्कृष्य हृदयादिषु धारणम् ।
उत्तरः स समाख्यातो विपरीतस्ततोऽधरः ॥ ९ ॥

બહારના વાયુને પીને ઊંચે ખેંચી હૃદયાદિકને વિષે ધારી રાખવો તે ઉત્તર પ્રાણાયામ અને તેથી અવળી રીતે એટલે નાભિ આદિ નીચા પ્રદેશમાં ધારી રાખવો તે અધર પ્રાણાયામ. ૯.

વિવેચન—અહીં એ શંકા થાય છે કે રેચકાદિકમાં પ્રાણાયામ કેવી રીતે સંભવે ? કેમકે પ્રાણાયામનો અર્થ એવો થાય છે કે શ્વાસ પ્રશ્વાસની ગતિનો નિરોધ કરવો તે, તે રેચકાદિમાં બની શકતો નથી. તેનો ઉત્તર આ પ્રમાણે છે કે રેચક કર્યા પછી પ્રાણને નાસિકાના દ્વાર આગળ બહાર જ રોકવો. અંદર આકર્ષવો નહિ તેમ મૂકવાનો તો છે જ નહિ. એટલે તે શ્વાસ પ્રશ્વાસની ગતિવિચ્છેદરૂપ પ્રાણાયામ કહી શકાય. તેમજ પૂરકમાં બહારના વાયુને હળવે હળવે આકર્ષીને કોઠામાં રોકવો. ત્યાંથી રેચવો નહિ અને પૂરવો પણ નહિ એટલે ત્યાં ગતિવિચ્છેદરૂપ પ્રાણાયામ થયો.

એવી રીતે સર્વ પ્રાણાયામમાં શ્વાસ પ્રશ્વાસની ગતિને રોકવાનું બની શકે છે.

પ્રાણાયામનું ફળ

रेचनादुदरव्याधेः कफस्य च परिक्षयः ।
पुष्टिः पूरकयोगेन व्याधिघातश्च जायते ॥ १० ॥

રેચક પ્રાણાયામથી ઉદર (પેટ) ની વ્યાધિ અને કફનો નાશ થાય છે અને પૂરક પ્રાણાયામના યોગે શરીરને પુષ્ટિ મળે છે તથા વ્યાધિ (રોગ) ની શાંતિ થાય છે. ૧૦

विकसत्याशु हृत्पद्मं ग्रंथिरंतर्विभिद्यते ।
बलस्थैर्यविवृद्धिश्च कुंभनाद् भवति स्फुटम् ॥ ११ ॥

હૃદયકમળ તત્કાળ વિકસ્વર થાય છે, અંદરની ગાંઠ ભેદાય છે, શરીરમાં બળની વૃદ્ધિ થાય છે અને વાયુ સ્થિર રહી શકે છે. કુંભક કરવાથી ઉપર પ્રમાણે પ્રગટ રીતે બની શકે છે. ૧૧

प्रत्याहाराद् बलं कांतिर्दोषशांतिश्च शांततः ।
उत्तराधरसेवातः स्थिरता कुंभकस्य तु ॥ १२ ॥

પ્રત્યાહાર નામના પ્રાણાયામથી શરીરમાં બળ અને કાંતિ આવે છે, શાંત નામના પ્રાણાયામથી વાત, પિત્ત અને કફ અથવા ત્રિદોષ (સન્નિપાત) ની શાંતિ થાય છે અને ઉત્તર તથા અધર પ્રાણાયામની સેવાથી કુંભકની સ્થિરતા થાય છે. ૧૨

અત્યાર સુધીનું વિવેચન પ્રાણવાયુને માટે આવ્યું છે. આ પ્રાણાયામથી એકલા પ્રાણવાયુનો જય થાય છે તેમ નથી, પણ પાંચે જાતના વાયુનો જય થાય છે તે જ બતાવે છે.

વાયુનાં સ્થાનાદિ અને તેનો જય કરવાનો ઉપાય

प्राणमपानसमानावुदानं व्यानमेव च ।
प्राणायामैर्जयेत् स्थानवर्णक्रियार्थबीजवित् ॥ १३ ॥

પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન આ પાંચ વાયુનો તે વાયુનાં સ્થાન, વર્ણ, ક્રિયા, અર્થ અને બીજને જાણનાર યોગીએ પ્રાણાયામ કરી જય કરવો. ૧૩

વિવેચન—શ્વાસ નિશ્વાસાદિ ઘણો વ્યાપાર કરે તે પ્રાણ-વાયુ ૧, મૂત્ર, વિષ્ટા અને ગર્ભાદિકને શરીરની બહાર લાવે તે અપાનવાયુ ૨, અનાજ અને પાણી આદિ પદાર્થોની પરિપકવ-તાથી ઉત્પન્ન થતા રસોને યથાયોગ્ય સ્થાનકે પહોંચાડે તે સમાનવાયુ ૩, રસાદિને ઊંચે લઇ જનાર તે ઉદાનવાયુ ૪, અને સઘળા શરીરને વ્યાપીને રહે તે વ્યાન વાયુ ૫. આ પાંચે વાયુના સ્થાન, વર્ણ, ક્રિયા, અર્થ અને બીજ અનુક્રમે બતાવમામાં આવશે. ૧૩.

પ્રાણવાયુનાં સ્થાનાદિક કહે છે

प्राणो नासाग्रहन्नाभिपादांगुष्ठांतगो हरित् ।
गमागमप्रयोगेण तज्जयो धारणेन च ॥ १४ ॥

પ્રાણવાયુ નાસિકાના અગ્રભાગ ઉપર, હૃદયમાં, નાભિમાં અને પગના અંગુઠા પર્યંત પ્રસરેલો છે. તેનો વર્ણ લીલો, નવા ઉગેલાં તૃણના જેવો છે અને ગમા-ગમના પ્રયોગે કરીને તથા ધારણાવડે કરીને તેનો જય કરવો. ૧૪.

વિવેચન-ગમ એટલે રેચકક્રિયા, આગમ એટલે પૂરકક્રિયા અને ધારણ એટલે કુંભકની ક્રિયા. એ ત્રણ ક્રિયાએ કરી એક પ્રાણાયામ થાય. આ પ્રાણાયામ ક્રિયાએ કરી પ્રાણવાયુનો જય કરવો અર્થાત જે જે ઠેકાણે જે જે વાયુનું સ્થાન બતાવ્યું છે તે તે ઠેકાણે રેચક, પૂરક અને કુંભકે કરીને તે વાયુનો જય કરવો. અહીં નાસિકાનો અગ્ર ભાગ, હૃદય, નાભિ અને અંગુઠા પર્યંત એ સર્વ સ્થાનો બતાવ્યાં, લીલો રંગ એ વર્ણ

જણાવ્યો અને રેચક, પૂરક કુંભકરૂપ ગમાગમ પ્રયોગ તે ક્રિયા બતાવી. પૂર્વે જણાવેલ પાંચમાંથી અહીં ત્રણ બતાવ્યા અને બાકી રહેલાં અર્થ અને બીજ એ બે પાંચે. વાયુના સ્થાનાદિ ત્રણ બતાવ્યા પછી જણાવવામાં આવશે.

એ જ ગમાગમ પ્રયોગ અને ધારણ બતાવે છે.

नासादिस्थानयोगेन पूरणाद्रेचनान्मुहुः ।
गमागमप्रयोगः स्यात् धारणं कुंभनात्पुनः ॥१५॥

નાસિકાદિ સ્થાને કરી, વારંવાર વાયુને પૂરવે કરી અને રેચન કરવે કરી ગમાગમ પ્રયોગ થાય છે અને તે વાયુને તે તે ઠેકાણે રોકવાથી (કુંભક કરવાથી) ધારણ નામનો પ્રયોગ થાય છે. ૧૫.

અપાનવાયુના સ્થાનાદિ બતાવે છે

अपानः कृष्णरुग्मन्यापृष्ठपृष्ठांतपार्ष्णिगः ।
जेयः स्वस्थानयोगेन रेचनात्पूरणान्मुहुः ॥ १६ ॥

અપાનવાયુનો વર્ણ કાળો છે. કંઠની પાછલી નાડિ, પીઠ, ગુદા અને પહાનીમાં તેનું સ્થાન છે. તે સ્થાનમાં વારંવાર રેચક પૂરક કરવે કરી અપાન વાયુનો જય કરવો, ૧૬.

સમાન વાયુનાં સ્થાનાદિ

शुक्लः समानो हृन्नाभिसर्वसंधिष्ववस्थितः ।
जेयः स्वस्थानयोगेनासकृद्रेचनपूरणात् ॥ १७ ॥

સમાનવાયુનો વર્ણ ધોળો છે. હૃદય, નાભિ અને સર્વ સાંધાઓને વિષે તેનું રહેવાનું સ્થાન છે. તે સ્થાને વારંવાર રેચક પૂરક, (કુંભક) કરવે કરી તેનો જય કરવો. ૧૭.

ઉદાન વાયુનાં સ્થાનાદિ

रक्तो हृत्कंठतालुभ्रूमध्यमूर्ध्नि च संस्थितः ।
उदानो वश्यतां नेयो गत्यागतिनियोगतः ॥ १८ ॥

ઉદાનવાયુનો રંગ લાલ છે. હૃદય, કંઠ, તાળવું (દશમદ્વાર) ભ્રૂકુટીના મધ્ય ભાગમાં અને મસ્તકમાં તેનું સ્થાન છે (તે રહે છે.) ગતિ ને આગતિના પ્રયોગથી તેને વશ કરવો. ૧૮.

ગતિ આગતિનો પ્રયોગ કેવી રીતે કરવો તે બતાવે છે

नासाकर्षणयोगेन स्थापयेत् तं हृदादिषु ।
बलादुत्कृष्यमाणं च रुध्वा रुध्वा वशं नयेत् ॥ १६ ॥

નાસિકાએ બહારથી વાયુને ખેંચી તેને હૃદયાદિકમાં સ્થાપન કરવો. જોરથી તે વાયુ બીજે ઠેકાણે ચાલ્યો જતો હોય તો તેને વારંવાર રોકી રોકીને વશ કરવો. ૧૯.

વિવેચન—આ ઉપાય દરેક વાયુ જીતવા માટે લાગુ પાડવાનો છે. જ્યાં જ્યાં વાયુને રહેવાનાં સ્થાનો બતાવવામાં આવ્યાં છે, ત્યાં ત્યાં પહેલો પૂરક કરી (એટલે બહારથી નાસિકાદ્વારા વાયુને અંદર ખેંચી) તે તે સ્થાને રોકી રાખવો એટલે ખેંચવો કે મૂકવો: એ બેઉ ક્રિયા બંધ કરવી. તેમ થતાં તે વાયુ તે તે ઠેકાણે અમુક વખત સુધી સ્થિર રહેશે. કદાચ જોર કરી તે વાયુ બીજે ઠેકાણે ચાલ્યો જાય તો તે તે સ્થળે વારંવાર રોકી રોકીને (એટલે કુંભક કરીને) કેટલોક વખત રાખીને પાછો રેચક કરી દેવો (નાસિકાના એક છિદ્ર દ્વારા હળવે હળવે બહાર કાઢી નાખવો) પાછો તે જ છિદ્રથી અંદર ખેંચી કુંભક કરવો. આ પ્રકારે તે તે વાયુનો જય કરવો યા પોતાને સ્વાધીન કરવો.

વ્યાન વાયુનાં સ્થાનાદિ બતાવે છે

सर्वत्वग्वृत्तिको व्यानः शक्रकार्मुकसन्निभः ।
जेतव्यः कुंभकाभ्यासात्संकोचप्रसृतिक्रमात् ॥ २०

વ્યાનવાયુનો વર્ણ ઇંદ્રધનુષ્યના સરખો (વિવિધ રંગ છે. ચામડીના સર્વ ભાગોમાં તેનું સ્થાન છે. સંકોચ અ પ્રસૂતિ (પૂરક અને રેચક) ના ક્રમે કુંભકના અભ્યાસ તેનો જય કરવો. ૨૦.

પાંચે વાયુનાં ધ્યાતવ્ય બીજો બતાવે છે

प्राणापानसमानोदानव्यानेष्वेषु च वायुषु ।
यैं पैं वैं रों लों बीजानि ध्यातव्यानि यथाक्रमम् ॥ २१

પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન એ પાંચ વાયુને વિ અનુક્રમે યૈં, પૈં, વૈં, રોં લોં આ પાંચ બીજોનું ધ્યાન કરવું. ૨

વિવેચન—પ્રાણાદિ વાયુનાં જે સ્થાનો બતાવવામાં આવ્ છે, તે તે સ્થાને પ્રાણાદિ વાયુનો જય કરવા માટે પૂરક, કુંભ અને રેચક કરતી વખતે પ્રાણાદિ વાયુના યૈં વગેરે બીજોનું ધ્યા કરવું. અર્થાત્ પ્રાણ વાયુનો જય કરતી વખતે યૈં, અપાનના જ વખતે પૈં, સમાનના જય વખતે વૈં, ઉદાનના જય વખતે રોં અ વ્યાનના જય વખતે લોં નું ધ્યાન કરવું. ધ્યાન કરવું એટ તે યૈં આદિ અક્ષરની આકૃતિ કલ્પી તેનો જાપ પૂરક, કુંભ અને રેચક કરતી વખતે કરવો. ૨૧.

વાયુ જય કરવાથી થતા ફાયદા

प्राबल्यं जाठरस्याग्नेर्दीर्घश्वासमरुज्जयौ ।
लाघवं च शरीरस्य प्राणस्य विजये भवेत् ॥ २२

પ્રાણવાયુને જીતવાથી (વશ કરવાથી) જઠરાગ્નિની પ્રબ

તા થાય, દીર્ઘશ્વાસ ચાલે (દમ ન ચઢે), વાયુનો જય થાય (બાદી મટી જાય) અને શરીર હલકું થાય. ૨૨.

रोहणं क्षतभंगादेरुदराग्नेः प्रदीपनम् ।
वर्चोऽल्पत्वं व्याधिघातः समानापानयोर्जयैः ॥ २३ ॥

સમાનવાયુ અને અપાનવાયુને જીતવાથી; ગડ–ગુંમડ અને ઘા આદિના વ્રણ (છિદ્રો) રૂઝાઇ જાય, હાડકું ભાંગી ગયું હોય તે સંધાઈ જાય, ઉદરની અગ્નિ પ્રદીપ્ત થાય, મળ મૂત્રાદિક થોડા થાય અને રોગોનો નાશ થાય. ૨૩.

उत्क्रांतिर्वारिपंकाद्यैश्चाबाधोदाननिर्जये ।
जये व्यानस्य शीतोष्णासंगः कांतिररोगिता ॥ २४ ॥

ઉદાનવાયુનો જય કરવાથી ઉત્ક્રાંતિ એટલે મરણ અવસરે દશમે દ્વારથી પ્રાણ ત્યાગ કરી શકાય. પાણી તથા કાદવથી શરીરને બાધા ન થાય, આદિ શબ્દથી કાંટાદિકની પીડા પણ ન થાય. વ્યાન વાયુનો જય કરવાથી ટાઢ અને તાપની અસર થતી નથી, શરીરનું તેજ વધે અને નીરોગતાની પ્રાપ્તિ થાય. ૨૪.

પાંચે વાયુને જીતવાનાં જુદાં ફળો બતાવી હવે પાંચ વાયુ જીતવાનું એકઠું ફળ બતાવે છે

यत्र यत्र भवेत् स्थाने जंतो रोगः प्रपीडकः ।
तच्छांत्यै धारयेत् तत्र प्राणादिमरुतः सदा ॥ २५ ॥

જે જે ઠેકાણે પ્રાણિઓને પીડા કરનાર રોગ ઉત્પન્ન થયો હોય તેની શાંતિને માટે તે તે ઠેકાણે પ્રાણાદિ વાયુને ત્યાં રોકી રાખવો. ૨૫.

વિવેચન—શરીરના કોઇ પણ ભાગમાં પાંચ વાયુમાંથી

વ્યાન વાયુનાં સ્થાનાદિ બતાવે છે

सर्वत्वग्वृत्तिको व्यानः शक्रकार्मुकसन्निभः ।
जेतव्यः कुंभकाभ्यासात्संकोचप्रसृतिक्रमात् ॥ २० ॥

વ્યાનવાયુનો વર્ણ ઇંદ્રધનુષ્યના સરખો (વિવિધ રંગી) છે. ચામડીના સર્વ ભાગોમાં તેનું સ્થાન છે. સંકોચ અને પ્રસૃતિ (પૂરક અને રેચક) ના ક્રમે કુંભકના અભ્યાસથી તેનો જય કરવો. ૨૦.

પાંચે વાયુનાં ધ્યાતવ્ય બીજો બતાવે છે

प्राणापानसमानोदानव्यानेष्वेषु च वायुषु ।
यैं पैं वैं रों लों बीजानि ध्यातव्यानि यथाक्रमम् ॥ २१ ॥

પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન એ પાંચ વાયુને વિષે અનુક્રમે યૈં, પૈં, વૈં, રોં લોં આ પાંચ બીજોનું ધ્યાન કરવું. ૨૧.

વિવેચન—પ્રાણાદિ વાયુનાં જે સ્થાનો બતાવવામાં આવ્યાં છે, તે તે સ્થાને પ્રાણાદિ વાયુનો જય કરવા માટે પૂરક, કુંભક અને રેચક કરતી વખતે પ્રાણાદિ વાયુના યૈં વગેરે બીજોનું ધ્યાન કરવું. અર્થાત્ પ્રાણ વાયુનો જય કરતી વખતે યૈં, અપાનના જય વખતે પૈં, સમાનના જય વખતે વૈં, ઉદાનના જય વખતે રોં અને વ્યાનના જય વખતે લોં નું ધ્યાન કરવું. ધ્યાન કરવું એટલે તે યૈં આદિ અક્ષરની આકૃતિ કલ્પી તેનો જાપ પૂરક, કુંભક અને રેચક કરતી વખતે કરવો. ૨૧.

વાયુ જય કરવાથી થતા ફાયદા

प्राबल्यं जाठरस्याग्नेर्दीर्घश्वासमरुज्जयौ ।
लाघवं च शरीरस्य प्राणस्य विजये भवेत् ॥ २२ ॥

પ્રાણવાયુને જીતવાથી (વશ કરવાથી) જઠરાગ્નિની પ્રબળ-

તા થાય, દીર્ઘશ્વાસ ચાલે (દમ ન ચઢે), વાયુનો જય થાય (બાદી મટી જાય) અને શરીર હલકું થાય. ૨૨.

रोहणं क्षतभंगादेरुदराग्नेः प्रदीपनम् ।
वर्चोऽल्पत्वं व्याधिघातः समानापानयोर्जये ॥ २३ ॥

સમાનવાયુ અને અપાનવાયુને જીતવાથી; ગડ-ગુંમડ અને ઘા આદિના વ્રણ (છિદ્રો) રૂઝાઇ જાય, હાડકું ભાંગી ગયું હોય તે સંધાઈ જાય, ઉદરની અગ્નિ પ્રદીપ્ત થાય, મળ મૂત્રાદિક થોડા થાય અને રોગોનો નાશ થાય. ૨૩.

उत्क्रांतिर्वारिपंकाद्यैश्चाबाधोदाननिर्जये ।
जये व्यानस्य शीतोष्णासंगः कांतिररोगिता ॥ २४ ॥

ઉદાનવાયુનો જય કરવાથી ઉત્ક્રાંતિ એટલે મરણ અવસરે દશમે દ્વારથી પ્રાણ ત્યાગ કરી શકાય. પાણી તથા કાદવથી શરીરને બાધા ન થાય, આદિ શબ્દથી કાંટાદિકની પીડા પણ ન થાય. વ્યાન વાયુનો જય કરવાથી ટાઢ અને તાપની અસર થતી નથી, શરીરનું તેજ વધે અને નીરોગતાની પ્રાપ્તિ થાય. ૨૪.

પાંચે વાયુને જીતવાનાં જુદાં ફળો બતાવી હવે પાંચ વાયુ જીતવાનું એકઠું ફળ બતાવે છે

यत्र यत्र भवेत् स्थाने जंतो रोगः प्रपीडकः ।
तच्छांत्यै धारयेत् तत्र प्राणादिमरुतः सदा ॥ २५ ॥

જે જે ઠેકાણે પ્રાણિઓને પીડા કરનાર રોગ ઉત્પન્ન થયો હોય તેની શાંતિને માટે તે તે ઠેકાણે પ્રાણાદિ વાયુને ત્યાં રોકી રાખવો. ૨૫.

વિવેચન—શરીરના કોઇ પણ ભાગમાં પાંચ વાયુમાંથી

કોઈ પણ વાયુનું સ્થાન હોય છે, તે આગળ બતાવી ગયા છીએ, તો જે ઠેકાણે રોગ ઉત્પન્ન થયો હોય તે રોગ મટાડવા માટે પ્રથમ પૂરક કરી, તે રોગને ઠેકાણે (રોગના ઉપર) કુંભક કરવો. આમ કરવાથી તે રોગ નાબુદ થશે. ઘણે ભાગે વાત, પિત્ત અને કફની વિષમતાથી રોગોની ઉત્પત્તિ થાય છે. તેવે ઠેકાણે વાયુને રોકવાથી ખરાબ તત્ત્વો દૂર થઈ વાયુ પ્રમુખની વિષમતા ચાલી જાય છે અને મનુષ્ય નીરોગી બને છે. આમ કરવાથી કર્મના સિદ્ધાંતોને કોઈ પણ રીતે હાનિ પહોંચતી નથી. કેમકે કેટલાએક રોગોની કે અશાતા વેદનીની શાંતિ આવા ઉપચારોથી કે આવાં નિમિત્તોથી પણ થઈ શકે છે. કોઈ કર્મ એક જ રીતે વેદવાનું કે નિર્જરવાનું બની શકે એવો સિદ્ધાંત નથી. ૨૫.

(પ્રાણાદિક વાયુને જીતવાનાં ફળો બતાવી હવે તેની ધારણા કરવાનું કહે છે.)

વાયુની ધારણા

एवं प्राणादिविजये कृताभ्यासः प्रतिक्षणम् ।
धारणादिकमभ्यस्येन्मनःस्थैर्यकृते सदा ॥ २६ ॥

આ પ્રમાણે પ્રાણાદિ વાયુને જીતવા માટે વારંવાર અભ્યાસ કરીને મનને સ્થિર કરવા માટે નિરંતર ધારણાદિકનો અભ્યાસ કરવો. ૨૬.

ધારણાનું સ્વરૂપ

उक्तासनसमासीनो रेचयित्वानिलं शनैः ।
आपादांगुष्ठपर्यंतं वाममार्गेण पूरयेत् ॥ २७ ॥

पादांगुष्ठे मनः पूर्वं रुद्ध्वा पादतले ततः ।
पार्ष्णौ गुल्फे च जंघायां जानुन्यूरौ गुदे ततः ॥ २८ ॥
लिंगे नाभौ च तुंदे च हृत्कंठे रसनेऽपि च ।
तालुनासाग्रनेत्रे च भ्रुवोर्भाले शिरस्यथ ॥ २९ ॥
एवं रश्मिक्रमेणैव धारयन्मरुता सह ।
स्थानात्स्थानांतरं नीत्वा यावद् ब्रह्मपुरं नयेत् ॥ ३० ॥
ततः क्रमेण तेनैव पादांगुष्ठांतमानयेत् ।
नाभिपद्मांतरं नीत्वा ततो वायुं विरेचयेत् ॥ ३१ ॥
(पंचभिः कुलकं)

પૂર્વે ચોથા પ્રકાશમાં બતાવેલ આસને બેસી, હળવે હળવે પવન રેચક કરી (પવનને બહાર કાઢી) નાસિકાના ડાબા છિદ્રથી પવનને અંદર ખેંચીને પગના અંગુઠા સુધી પહોંચે ત્યાંસુધી પૂરવો. પછી પ્રથમ પગના અંગુઠા ઉપર મનને રોકવું. (જ્યાં મન ત્યાં પવન એ ન્યાયથી મનને રોકવાનું કહેતાં પવન પણ તે જ ઠેકાણે રોકાય.) પછી અનુક્રમે પગનાં તળીયાં ઉપર, પાનીમાં, ગુલ્ફમાં, જંઘામાં, જાનુમાં, સાથળમાં, ગુદામાં, લિંગમાં, નાભિમાં, પેટમાં, હૃદયમાં, કંઠમાં, જીભ ઉપર, તાલુમાં, નાકના અગ્ર ભાગ ઉપર, નેત્રમાં, ભ્રકુટિમાં, કપાલમાં અને માથામાં એક પછી એક સ્થાનમાં આગળ વધતાં, વાયુની સંઘાતે મનને છેવટમાં બ્રહ્મરંધ્ર પર્યંત લઈ જવું. ત્યારપછી તે જ ક્રમે પાછા ફરી પગના અંગુઠામાં મન સહિત પવનને લાવી, ત્યાંથી નાભિકમળમાં લઈ જઈ વાયુનો રેચક કરવો. ૨૭–૨૮–૨૯–૩૦–૩૧.

વાયુની ધારણાનું ફળ

पादांगुष्ठादौ जंघायां जानूरुगुदमेहने ।
धारितः क्रमशो वायुः शीघ्रगत्यै बलाय च ॥ ३२ ॥
नाभौ ज्वरादिघाताय जठरे कायशुद्धये ।
ज्ञानाय हृदये कूर्मनाड्यां रोगजराच्छिदे ॥ ३३ ॥
कंठे क्षुत्तर्षनाशाय जिह्वाग्रे रससंविदे ।
गंधज्ञानाय नासाग्रे रूपज्ञानाय चक्षुषोः ॥ ३४ ॥
भाले तद्रोगनाशाय क्रोधस्योपशमाय च ।
ब्रह्मरंध्रे च सिद्धानां साक्षाद् दर्शनहेतवे ॥ ३५ ॥

પગના અંગુઠામાં, જંઘામાં, ઘુંટણુમાં, સાથળમાં, ગુદામાં અને લિંગમાં અનુક્રમે વાયુને ધારી રાખવાથી ઉતાવળી ગતિ અને બળની પ્રાપ્તિ થાય છે. નાભિમાં વાયુને ધારી રાખવાથી તાવ ઊતરી જાય છે. જઠરમાં ધારી રાખવાથી મળ સાફ થઈ શરીર શુદ્ધ રહે છે. હૃદયમાં ધારી રાખવાથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે. કૂર્મનાડિમાં રાખવાથી રોગ અને વૃદ્ધાવસ્થાનો નાશ થાય છે. (વૃદ્ધાવસ્થામાં યુવાન જેવું શરીર બન્યું રહે છે.) કંઠમાં વાયુને ધારવાથી ભૂખ અને તરસ લાગતી નથી. લાગી હોય તોપણુ શાંત થાય છે. જીભના અગ્ર ભાગ ઉપર વાયુને રોકવાથી સર્વ જાતના રસનું જ્ઞાન થાય છે. નાસિકાના અગ્ર ભાગ ઉપર રોકવાથી ગંધનું જ્ઞાન થાય છે. ચક્ષુમાં ધારી રાખવાથી રૂપોનું જ્ઞાન થાય છે. કપાલમાં ધારી રાખવાથી કપાળના રોગનો નાશ થાય છે, અને ક્રોધની શાંતિ થાય છે. (ક્રોધવાળો સ્વભાવ મટી જાય છે.) અને બ્રહ્મરંધ્રમાં વાયુને

રોકી રાખવાથી સાક્ષાત્ સિદ્ધોનાં દર્શન થાય છે. ૩૨-૩૩-૩૪-૩૫.

ધારણાનું સ્વરૂપ બતાવી હવે પવનનું ચેષ્ટિત બતાવે છે

अभ्यस्य धारणामेवं सिद्धीनां कारणं परम् ।
चेष्टितं पवमानस्य जानीयाद् गतसंशयः ॥ ३६ ॥

સિદ્ધિઓના પરમ કારણરૂપ આ પ્રમાણે ધારણાનો અભ્યાસ કરીને પછી સંશયરહિત પવનનું સ્વરૂપ જાણવું. ૩૬.

વિવેચન—ધારણાનો અભ્યાસ સારી રીતે થવાથી સાધારણ રીતે કેટલીક સામાન્ય સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. ૩૬.

વાયુના ચારાદિ અને તેનાં ફળો

नाभेर्निष्क्रामतश्चारं हृन्मध्ये नयतो गतिम् ।
तिष्ठतो द्वादशांते तु विद्यात्स्थानं नभस्वतः ॥ ३७ ॥

નાભિમાંથી પવનનું નીકળવું તે ચાર, હૃદયના મધ્યમાંથી જવું તે ગતિ અને બ્રહ્મરંધ્રમાં રહેવું તે વાયુનું સ્થાન જાણવું. ૩૭.

ચારાદિકના જ્ઞાનનું ફળ

तच्चारगमनस्थानज्ञानादभ्यासयोगतः ।
जानीयात्कालमायुश्च शुभाशुभफलोदयम् ॥ ३८ ॥

તે વાયુના ચાર, ગમન અને સ્થાનને અભ્યાસે કરી જાણવાથી શુભ અને અશુભ ફળના ઉદયવાળો કાળ અને આયુષ્ય જાણી શકાય છે.

હૃદયમાં મનને રોકવું અને તેથી થતા ફાયદા

ततः शनैः समाकृष्य पवनेन समं मनः ।
योगी हृदयपद्मांतर्विनिवेश्य नियंत्रयेत् ॥ ३९ ॥

તે પછી પવનની સાથે મનને હળવે હળવે આકર્ષીને (ખેંચીને) યોગીઓએ તેને હૃદયકમળની અંદર પ્રવેશ કરાવીને ત્યાં રોકી રાખવું.

ततोऽविद्या विलीयंते विषयेच्छा विनश्यति ।
विकल्पा विनिवर्त्तंते ज्ञानमंतर्विजृंभते ॥ ४० ॥

હૃદયકમળમાં મનને રોકવાથી અવિદ્યા (કુવાસના યા મિથ્યાત્વ) નો વિલય (નાશ) થાય છે, પાંચ ઇંદ્રિયના વિષયોની ઇચ્છા વિનાશ પામે છે, વિકલ્પો નિવૃત્ત થાય છે, (ઉત્પન્ન થતા નથી) અને અંદર જ્ઞાન પ્રગટ થાય છે. ૪૦.

क्व मंडले गतिर्वायोः संक्रमः क्व क्व विश्रमः ।
का च नाडीति जानीयात् तत्र चित्ते स्थिरीकृते ॥४१॥

તેમજ વાયુની કયા મંડળમાં ગતિ છે, કયા તત્ત્વમાં સંક્રમ (પ્રવેશ) થાય છે, કયાં જઇ વિશ્રામ પામે છે, હમણાં કઇ નાડી ચાલે છે, તે સર્વ હૃદયમાં મનને સ્થિર કરવાથી જાણી શકાય છે. ૪૧.

ચાર મંડળો

मंडलानि च चत्वारि नासिकाविवरे विदुः ।
भौमावारुणवायव्याग्नेयाख्यानि यथोत्तरम् ॥ ४२ ॥

પાર્થિવ, વારુણ, વાયવ્ય અને આગ્નેય, આ ચાર મંડળો અનુક્રમે નાસિકાના વિવરમાં કહ્યાં છે. ૪૨.

પાર્થિવ મંડળનું સ્વરૂપ

पृथिवीबीजसंपूर्णं वज्रलांछनसंयुतम् ।
चतुरस्रं द्रुतस्वर्णप्रभं स्याद् भौममंडलम् ॥ ४३ ॥

પૃથ્વીનાં બીજથી પરિપૂર્ણ (વ્યાપ્ત), વજ્રના લાંછન (ચિહ્ન)થી યુક્ત, ચાર ખૂણાવાળું અને તપાવેલા સોના સરખું પાર્થિવમંડળ છે.

વિવેચન—પાર્થિવબીજ "અ" અક્ષર છે. કેટલાએક આચાર્ય "લ" ને પણ પાર્થિવબીજ કહે છે. હેમચંદ્રાચાર્યજીએ "ક્ષ" ને પાર્થિવ બીજ તરીકે માન્યું છે. ૪૩.

વારૂણ મંડળનું સ્વરૂપ

स्यादर्धचंद्रसंस्थानं वारुणाक्षरलांछितम् ।
चंद्राभममृतस्यंदसांद्रं वारुणमंडलम् ॥ ४४ ॥

અષ્ટમીના ચંદ્ર સરખા આકારવાળું, વારુણ અક્ષર "વ" કારના ચિહ્નવાળું ચંદ્ર સરખું ઉજ્જવળ, અને અમૃતના ઝરવા વડે કરી વ્યાપ્ત થયેલું વારુણમંડળ છે. ૪૪.

વાયવ્ય મંડળનું સ્વરૂપ

स्निग्धांजनघनच्छायं सुवृत्तं बिन्दुसंकुलम् ।
दुर्लक्ष्यं पवनाक्रांतं चंचलं वायुमंडलम् ॥ ४५ ॥

તૈલાદિકથી મિશ્રિત કરેલા અંજનસમાન ગાઢ શ્યામ કાંતિવાળું, ગોળાકારવાળું, બિંદુનાં ચિહ્નોથી વ્યાપ્ત, દુઃખે દેખી શકાય તેવું, અને પવન બીજ "ય" કારથી દબાયેલું, ચંચળ વાયુમંડળ છે. ૪૫.

આગ્નેય મંડળનું સ્વરૂપ

ऊर्ध्वज्वालांचितं भीमं त्रिकोणं स्वस्तिकान्वितम् ।
स्फुलिंगपिंगं तद्बीजं ज्ञेयमाग्नेयमंडलम् ॥ ४६ ॥

ઊંચી પ્રસરતી જ્વાલાયુક્ત, ભય આપતું, ત્રણ ખૂણાવાળું,

સ્વસ્તિક (સાથીઆ)ના લાંછનવાળું, અગ્નિના કણીયા સરખું, પીળા વર્ણવાળું, અને અગ્નિબીજ રેફ (ૃ) સહિત આગ્નેય મંડળ જાણવું. ૪૬.

अभ्यासेन स्वसंवेद्यं स्यान्मंडलचतुष्टयम् ।
क्रमेण संचरन्नत्र वायुर्ज्ञेयश्चतुर्विधः ॥ ४७ ॥

અભ્યાસ કરવાથી આ ચારે મંડળ અભ્યાસીને જાણી શકાય છે. આ ચારમંડળમાં ચાલતો વાયુ અનુક્રમે ચાર પ્રકારનો જાણવો. ૪૭.

તે વાયુના ચારે ભેદો ક્રમે બતાવે છે

नासिकारंध्रमापूर्य पीतवर्णैः शनैर्वहन् ।
कवोष्णोष्टांगुलस्वच्छो भवेद्वायुः पुरंदरः ॥४८॥

પુરંદરવાયુનો (પૃથ્વી તત્ત્વનો) વર્ણ પીળો છે, સ્પર્શે કાંઈક શીત અને કાંઈક ઉષ્ણ છે, અને નાસિકાના વિવરને પૂરીને સ્વચ્છ તથા હળવે હળવે આઠ આંગુલના પ્રમાણમાં બહાર વહન થાય છે. ૪૮.

धवलः शीतलोऽधस्तात् त्वरितत्वरितं वहन् ।
द्वादशांगुलमानश्च वायुर्वरुण उच्यते ॥ ४९ ॥

ધોળા વર્ણવાળા, શીતળ સ્પર્શવાળા અને નીચે ઉતાવળે ઉતાવળે બાર આંગુલ પ્રમાણે વહન થતા વાયુને વરુણવાયુ (જળતત્ત્વ) કહે છે. ૪૯.

उष्णःशीतश्च कृष्णश्च वहंस्तिर्यगनारतम् ।
षडंगुलप्रमाणश्च वायुः पवनसंज्ञितः ॥ ५० ॥

પવન નામનો વાયુ, (વાયુતત્ત્વ) કાંઈક ઉષ્ણ અને કાંઈક

ઠંડો છે, વર્ણ કાળો છે અને નિરંતર છ આંગુલ પ્રમાણે તિરછો વહન થાય છે. ૫૦.

बालादित्यसमज्योतिरत्युष्णश्चतुरंगुलः ।
आवर्त्तवान् वहन्नूर्ध्वं पवनो दहनः स्मृतः ॥ ५१ ॥

ઉગતા સૂર્ય સમાન લાલ વર્ણવાળો, અતિ ગરમ સ્પર્શવાળો અને વંટોળીઆની માફક ઉંચો ચાર આંગુલ વહન થતો દહન નામનો પવન (અગ્નિતત્ત્વ) કહ્યો. ૫૧.

વાયુ વહન થતી વખતે કરવા લાયક કાર્યો

इंद्रं स्तंभादिकार्येषु वरुणं शस्तकर्मसु ।
वायुं मलिनलोलेषु वश्यादौ वह्निमादिशेत् ॥ ५२ ॥

પુરંદરવાયુ વહેતો હોય ત્યારે સ્તંભનાદિ કાર્ય કરવાં, સારાં પ્રશસ્ત કાર્ય વરુણવાયુમાં, મલિન અને ચપળ કાર્યો પવનવાયુમાં અને વશીકરણાદિ કાર્ય વહ્નિ નામનો વાયુ ચાલતો હોય ત્યારે કરવાં. ૫૨.

પ્રારંભેલ કાર્યનો તથા પ્રશ્ન કરવાનો, વાયુ વહન થતી વખતનો, શુભાશુભ નિર્ણય

छत्रचामरहस्त्यश्वारामराज्यादिसंपदम् ।
मनोषितं फलं वायुः समाचष्टे पुरंदरः ॥ ५३ ॥

પુરંદરવાયુ વહન થતી વખતે આગળ બતાવે છે તેના સંબંધમાં પ્રશ્ન કરે, અથવા પોતા માટે તેવાં કાર્યનો પ્રારંભ કરે તો છત્ર ચામર, હાથી, અશ્વ, આરામ, રાજ્યાદિ સંપદા અને મનવાંચ્છિત ફળની પ્રાપ્તિ થાય. ૫૩.

तथा राज्यादिसंपूर्णैः पुत्रस्वजनबंधुभिः ।
सारेण वस्तुना चापि योजयेद्वरुणः क्षणात् ॥ ५४ ॥

પ્રશ્ન યા પ્રારંભ અવસરે વરૂણુ વાયુ હોય તો રાજ્યાદિકથી સંપૂર્ણ, પુત્ર, સ્વજન, બંધુઓ અને ઉત્તમ વસ્તુઓની સાથે મેળાપ કરાવી આપે.

कृषिसेवादिकं सर्वमपि सिद्धं विनश्यति ।
मृत्युभिः कलहो वैरं त्रासश्च पवने भवेत् ॥ ५५ ॥

પ્રશ્ન તથા કાર્યના પ્રારંભ વખતે પવન નામનો વાયુ હોય તો ખેતી અને સેવા પ્રમુખ સર્વ કાર્ય ફળ દેવાને તૈયાર થયું હોય તો પણ તેનો નાશ થાય અને મૃત્યુનો ભય, ક્લેશ, વેર તથા ત્રાસ થાય. ૫૫.

भयं शोकं रुजं दुःखं विघ्नव्यूहपरंपराम् ।
संसूचयेद्विनाशं च दहनो दहनात्मकः ॥ ५६ ॥

અને દહન સ્વભાવવાળો દહન વાયુ હોય તો ભય, શોક, રોગ, દુઃખ, વિઘ્નના સમૂહની પરંપરા તથા ધન ધાન્યાદિકના વિનાશને પણ સૂચવે છે. ૫૬.

એ ચારે વાયુનું સૂક્ષ્મ ફળ

शशांकरविमार्गेण वायवो मंडलेष्वमी ।
विशंतः शुभदाः सर्वे निष्क्रामंतोऽन्यथा स्मृताः ॥५७॥

ચંદ્ર અને સૂર્ય માર્ગે થઈ (ડાબી અને જમણી નાડીમાં થઈ) આ ચારે મંડળમાં પ્રવેશ કરતા વાયુ સર્વે શુભ દેવાવાળા છે, અને તે મંડળમાંથી નીકળતા અશુભ દેનારા કહ્યા છે. ૫૭.

તેનું કારણ

प्रवेशसमये वायुर्जीवो मृत्युस्तु निर्गमे ।
उच्यते ज्ञानिभिस्तादृक् फलमप्यनयोस्ततः ॥ ५८ ॥

વાયુ જ્યારે મંડળમાં પ્રવેશ કરે છે ત્યારે તેને જીવ કહે છે. મંડળમાંથી નીકળે છે ત્યારે તેને મૃત્યુ કહે છે. માટે તે બેઉનું ફળ જ્ઞાનીપુરુષો તેવું જ કહે છે. ૫૮.

વિવેચન—તાત્પર્ય એવું છે કે જ્યારે વાયુ પૂરકરૂપે મંડળમાં પ્રવેશ કરે છે (નાસિકાની અંદર લેવાતો હોય) ત્યારે જો કોઇ પ્રશ્ન કરે કે કાર્યનો પ્રારંભ કરે તો તે કાર્ય સિદ્ધ થાય છે અને જ્યારે રેચક રૂપે મંડળમાંથી બહાર નીકળે ત્યારે કોઇ પ્રશ્ન અથવા પ્રારંભ કરે તો તે કાર્ય સિદ્ધ થતું નથી. ૫૮.

ઈડાનાડિને માર્ગે પ્રવેશ કરતા વાયુનું શુભાશુભ અને મધ્યમપણું બતાવે છે

पथेंद्वोरिंद्रवरुणौ विशंतौ सर्वसिद्धिदौ ।
रविमार्गेण निर्यातौ प्रविशंतौ च मध्यमौ ॥ ५९ ॥

ચંદ્ર માર્ગે (ડાબી નાસિકાને માર્ગે) પ્રવેશ કરતા પુરંદર અને વરૂણ વાયુ સર્વ સિદ્ધિને આપે છે અને સૂર્ય માર્ગે (જમણી નાસિકાને માર્ગે) નીકળતા અથવા પ્રવેશ કરતા તે બેઉ વાયુ મધ્યમ ફળ આપનાર છે.

વિવેચન—ડાબી બાજુના નસકોરાને ચંદ્ર યા ઇડાનાડિ કહે છે અને જમણી બાજુના નસકોરાને પિંગલા યા સૂર્ય-

નાડિ કહે છે. ડાબી નાડિમાં પુરંદર અને વરૂણ વાયુ પ્રવેશ કરતા હોય એ અવસરે પ્રશ્ન યા કાર્યનો પ્રારંભ કરનારને તે કાર્યની સિદ્ધિ થાય છે અને તે વાયુ સૂર્ય નાડિમાંથી નિકળતો કે પ્રવેશ કરતો હોય ત્યારે પ્રશ્ન કરનારને ય કાર્ય પ્રારંભ કરનારને મધ્યમ ફળની પ્રાપ્તિ થાય છે.

दक्षिणेन विनिर्यान्तौ विनाशायानिलानलौ ।
निःसरन्तौ विशन्तौ च मध्यमावितरेण तु ॥ ६० ॥

જમણી નાસિકામાંથી નીકળતા પવન અને દહન વાયુ દરેક કાર્યના વિનાશને માટે થાય છે અને ડાબી નાસિકામાંથી નીકળતા કે પ્રવેશ કરતા તે વાયુ મધ્યમ ફળ આપે છે. ૬૦

નાડીઓનાં લક્ષણુ બતાવે છે

इडा च पिंगला चैव सुषुम्णा चेति नाडिकाः ।
शशिसूर्यशिवस्थानं वामदक्षिणमध्यगाः ॥ ६१ ॥

ડાબી બાજુએ રહેલી નાડીને ઇડાનાડિ કહે છે અને તેમ ચંદ્રનું સ્થાન છે. જમણી બાજુએ રહેલી નાડીને પિંગલ કહે છે અને તેમાં સૂર્યનું સ્થાન છે. બેઉની મધ્યમાં રહેલી નાડીને સુષુમ્ણા કહે છે અને તેમાં શિવ સ્થાન છે (મોક્ષ સ્થાન છે.) ૬૧

ત્રણે નાડીઓમાં વાયુસંચારનું સામાન્ય ફળ કહે છે

पीयूषमिव वर्षन्ती सर्वगात्रेषु सर्वदा ।
वामाऽमृतमया नाडी सम्मताऽभीष्टसूचिका ॥ ६२ ॥

वहन्त्यनिष्टशंसित्री संहंत्री दक्षिणा पुनः ।
सुषुम्णा तु भवेत्सिद्धिनिर्वाणफलकारणम् ॥ ६३ ॥

શરીરના સર્વ ભાગમાં નિરંતર જાણે અમૃત વરસાવતી હોય તેમ અભીષ્ટ (મનોવાંચ્છિત) કાર્યને સૂચવવાવાળી ડાબી નાડિને અમૃતમય માનેલી છે. તેમજ વહન થતી જમણી નાડિ અનિષ્ટ સૂચન કરવાવાળી અને કાર્યનો નાશ કરવાવાળી છે તથા સુષુમ્ણા નાડિ અણિમાદિ આઠ મહા સિદ્ધિઓ તથા મોક્ષ ફળના કારણરૂપ છે. ૬૨-૬૩.

વિવેચન—સુષુમ્ણા નાડિમાં મોક્ષનું સ્થાન છે, આઠ સિદ્ધિઓ અને મોક્ષનું કારણ છે, આ કહેવાનો આશય એવો છે કે સુષુમ્ણા નાડિમાં ધ્યાન કરવાથી ઘણા થોડા વખતમાં એકાગ્રતા થવા પૂર્વક લાંબા વખત પર્યંત તે ધ્યાનસંતતિ બની રહે છે અને તેથી થોડા વખતમાં વધારે કર્મોનો ક્ષય કે નિર્જરા મેળવી શકાય છે. આ કારણથી તેમાં મોક્ષનું સ્થાન કહેલું છે. તેમજ સુષુમ્ણા નાડિમાં પવનની ઘણી મંદ-ગતિ હોય છે. તેથી મન પણ ઘણી સહેલાઈથી સ્થિર થાય છે. મન તથા પવનની સ્થિરતા થતાં સંયમ ઘણી સહેલાઈથી સાધી શકાય છે. ધારણા, ધ્યાન અને સમાધિ એક જ સ્થળે કરવામાં આવે તેને સંયમ કહે છે. આ સંયમ સિદ્ધિઓનું કારણ છે. માટે જ સુષુમ્ણા નાડિ મોક્ષનું કે સિદ્ધિઓનું કારણ છે, એમ કહેવામાં આવ્યું છે.

આ શ્લોકમાં નાડિવહનનું સામાન્ય ફળ બતાવવામાં આવ્યું છે, પણ તે નાડિનો ઉદય ક્યારે હોય, કેવી રીતે થયો હોય, અને કેવા કેવા સંયોગોમાં તેથી ઊલટી જ રીતે તે નાડિઓના વહન થવાથી તેનું પરિણામ વિપરીત આવે તે વિશેષ આગળ ઉપર જણાવવામાં આવશે. ૬૨-૬૩.

ડાબી અને જમણી નાડિ વહન થતાં જે જે કાર્યો કરવાં તે તે બતાવે છે

वामैवाभ्युदयादीष्टशस्तकार्येषु सम्मता ।
दक्षिणा तु रताहारयुद्धादौ दीप्तकर्मणि ॥ ६४ ॥

અભ્યુદય આદિ ઈષ્ટ અને પ્રશસ્ત કાર્યોમાં ડાબી નાડિ સાર માનેલી છે અને વિષય સેવન, આહાર (ભોજન કરવું) તથ યુદ્ધાદિ દીપ્ત કાર્યોમાં જમણી નાડી ઉત્તમ માનેલી છે. ૬૪

વિવેચન—યાત્રા, દાન, વિવાહ, નવીન વસ્ત્રાભરણ પહે રવાં, ગ્રામ, નગર, ગૃહપ્રવેશ, સ્વજન મેળાપ, શાંતિક, પૌષ્ટિક યોગાભ્યાસ, રાજદર્શન, ઝેરાદિ ચિકિત્સા, નવીન મિત્રાઇ કરવી બીજ વગેરેનું વપન આદિ કાર્યના પ્રારંભકાળે ડાબી નાડિ સારી જાણવી.

ભોજન, વિગ્રહ, મૈથુન, યુદ્ધ, મંત્રસાધન, દીક્ષાગ્રહણ સેવાકર્મ, વાણિજ્યકર્મ, ઔષધ કરવું, ભૂતપ્રેતાદિ સાધન બીજાં પણ તેવા રૌદ્ર કાર્યમાં સૂર્ય નાડિ પ્રશસ્ત જાણવી. ૬૪

નાડિના ઉદયની શ્રેષ્ઠતા

वामा शस्तोदये पक्षे सिते कृष्णे तु दक्षिणा ।
त्रीणि त्रीणि दिनानींदुसूर्ययोरुदयः शुभः ॥ ६५ ॥

અજવાળા પક્ષમાં સૂર્યોદય વેળાએ ડાબી નાડિનો ઉદય હોય તો તે શ્રેષ્ઠ છે અને અંધારા પખવાડીયામાં સૂર્યોદય વેળાએ જમણી નાડિનો ઉદય શ્રેષ્ઠ છે. આ ચંદ્ર સૂર્ય નાડીનો ઉદય ત્રણ ત્રણ દિવસ સારો હોય છે. (વિશેષ ખુલાસો **હવે પછી આવશે**). ૬૫.

નાડિના અસ્તની શ્રેષ્ઠતા

शशांकेनोदये वायोः सूर्येणाऽस्तं शुभावहम् ।
उदये रविणा त्वस्य शशिनाऽस्तं शिवं मतम् ॥ ६६ ॥

વાયુનો ઉદય સૂર્ય ઉદય વેળાએ ચંદ્ર સ્વરમાં થયો હોય તો તે દિવસે સૂર્ય સ્વરમાં અસ્ત થાય તો તે સુખાકારી છે, અને સૂર્ય સ્વરમાં જો ઉદય થયો હોય તો ચંદ્રસ્વરમાં અસ્ત થવો તે કલ્યાણકારી છે. ૬૬.

પૂર્વે કહેલ નાડિનો ઉદય, વિશેષ પ્રકારે બતાવે છે

सितपक्षे दिनारंभे यत्नतः प्रतिपद्दिने ।
वायोर्वीक्षेत संचारं प्रशस्तमितरं तथा ॥ ६७ ॥
उदेति पवनः पूर्वं शशिन्येष त्र्यहं ततः ।
संक्रामति त्र्यहं सूर्ये शशिन्येव पुनस्त्र्यहं ॥ ६८ ॥
वहेद्यावद् बृहत्पर्वक्रमेणानेन मारुतः ।
कृष्णपक्षे पुनः सूर्योदये पूर्वमयं क्रमः ॥ ६९ ॥
(त्रिभिर्विशेषकम्)

અજવાળા પક્ષના પડવાને દિવસે સૂર્યોદયના પ્રારંભ વખતે યત્નપૂર્વક પ્રશસ્ત યા અપ્રશસ્ત વાયુના સંચારને જોવો. પ્રથમ ચંદ્ર નાડિમાં પવન વહેવો શરૂ થશે. તે ૧–૨–૩ ત્રણ દિવસ પર્યંત સૂર્યોદય વખતે વહન થશે. પછીના ત્રણ દિવસ ૪–૫–૬ સૂર્યોદય વખતે સૂર્ય નાડિમાં વહન થશે. ફરી ત્યાર પછીના ત્રણ દિવસ ૭–૮–૯ ચંદ્ર નાડિમાં વહન થશે. એવી રીતે પૂર્ણિમા પર્યંત આ જ ક્રમે વાયુ વહેવો જારી રહેશે. એટલે ૧૦–૧૧–૧૨ સૂર્યમાં, ૧૩–૧૪–૧૫ ચંદ્રમાં.

અંધારા પક્ષમાં પહેલા સૂર્ય નાડિમાં ૧–૨–૩ ત્રણ દિવસની પછીના ત્રણ દિવસ ૪–૫–૬–ચંદ્રમાં–તેવી રીતે અમાવાસ્યા પર્યંત વહન થશે. ૬૭, ૬૮ ૬૯.

આ વાયુનું વહન આખા દિવસ માટે નથી, પણ સૂર્યોદયના વખત માટે છે. પછી તો અઢી અઢી ઘડીએ ચંદ્રમાં, સૂર્યમાં વગેરે નાડિઓમાં બદલાયા કરે છે. આ નિયમમાં ફેરફાર થાય તો તેનું પરિણામ અશુભ યા દુઃખદ આવે છે.

આ ક્રમથી વાયુ વિપરીત ચાલે તેનું ફળ બતાવે છે

त्रीन् पक्षानन्यथात्वेऽस्य मासषट्केन पंचता ।
पक्षद्वयं विपर्यासेऽभीष्टबंधुविपद् भवेत् ॥ ७० ॥
भवेत्तु दारुणो व्याधिरेकं पक्षं विपर्यये ।
द्वित्र्याद्यहर्विपर्यासे कलहादिकमुद्दिशेत् ॥ ७१ ॥

જો ત્રણ પખવાડિયાં પર્યંત વાયુ વિપરીતપણે ઉદય થાય (એટલે સૂર્યને બદલે ચંદ્રનો ને ચંદ્રને બદલે સૂર્યનો ઉદય થાય) તો તે માણસ છ મહીને મરણ પામે. બે પખવાડિયાં વિપરીત ચાલે તો વહાલા બંધુને વિપદા થાય. એક પખવાડિયા પર્યંત વિપરીત ચાલે તો ભયંકર વ્યાધિ ઉત્પન્ન થાય. અને જો બે ત્રણ દિવસ વિપરીત ચાલે તો કલેશાદિ પેદા થાય. ૭૦, ૭૧.

કાળજ્ઞાન

एकद्वित्रीण्यहोरात्राण्यर्क एव मरुद्वहन् ।
वर्षैस्त्रिभिर्द्वाभ्यामेकेनांतायेंदौ रुजे पुनः ॥ ७२ ॥

એક અહોરાત્રિ (રાત્રિ અને દિવસ) જો સૂર્ય નાડિમાં જ

વાયુ ચાલે તો ત્રણ વર્ષે મરણ થાય, બે અહોરાત્રિ સૂર્ય નાડિમાં પવન ચાલે તો બે વર્ષે મરણ થાય, અને ત્રણ અહોરાત્રિ ચાલે તો એક વર્ષે મરણ થાય, અને જો ચંદ્ર નાડિમાં તેટલો વખત પવન ચાલે તો રોગ પેદા થાય. ૭૨.

मासमेकं रवावेव वहन् वायुर्विनिर्दिशेत् ।
अहोरात्रावधि मृत्युं शशांकेन धनक्षयम् ॥ ७३ ॥

એક મહિના પર્યંત સૂર્ય નાડિમાં જ પવન ચાલ્યા કરે તો એક અહોરાત્રિમાં તેનું મરણ થાય, અને તેટલો વખત ચંદ્ર નાડિમાં જ પવન ચાલે તો ધનનો નાશ થાય. ૭૩.

वायुस्त्रिमार्गगः शंसेन्मध्याह्नात्परतो मृतिम् ।
दशाहं तु द्विमार्गस्थः संक्रांतौ मरणं दिशेत् ॥ ७४ ॥

ઇડા, પિંગલા અને સુષુમ્ણા એ ત્રણે નાડિમાં જો પવન સાથે ચાલે તો બે પહોર પછી મરણ થાય. ઇડા અને પિંગલા બેઉ નાડિમાં સાથે ચાલે તો દશ દિવસે મરણ થાય અને એકલી સુષુમ્ણામાં (લાંબો વખત) ચાલે તો મરણ થાય એમ કહેવું. ૭૪.

दशाहं तु वहन्निंदावेवोद्वेगरुजे मरुत् ।
इतश्चेतश्च यामार्धं वहन् लाभार्चनादिकृत् ॥ ७५ ॥

જો દસ દિવસ નિરંતર ચંદ્ર નાડિમાં જ પવન ચાલે તો ઉદ્વેગ તથા રોગ થાય અને સૂર્ય, ચંદ્ર, એક એક નાડિમાં વારા ફરતી અરધો પહોર (ચાર ચાર ઘડી) સુધી વાયુ ચાલ્યા જ કરે તો લાભ અને પૂજા પ્રમુખ ફળ થાય. ૭૫.

विषुवत्समयप्राप्तौ स्पंदेते यस्य चक्षुषी ।
अहोरात्रेण जानीयात् तस्य नाशमसंशयम् ॥ ७६ ॥

બાર કલાકનો દિવસ અને બાર કલાકની રાત્રિ હોય તે તે વિષુવત્ સમય કહેવાય છે. તે વિષુવત્ સમયમાં જેની આંખો ફરકે તે એક અહોરાત્રિમાં મરણ પામે એ નિઃસંશય છે. કોઈક વિષુવત્ કાળનો એવો અર્થ કરે છે કે સૂર્ય અને ચંદ્ર નાડિ એકી સાથે બેઉ ચાલતી હોય તે વિષુવત્કાળ તેમાં નેત્રો ફરકે તો એક અહોરાત્રિમાં મરણ થાય. વાયુના વિકારથી ફરકે તેનો અહીં અધિકાર નથી, પણ સ્વાભાવિક ફરકે તે માટે છે. ૭૬.

पंचातिक्रम्य संक्रांतीर्मुखे वायुर्वहन् दिशेत् ।
मित्रार्थहानिनिस्तेजोऽनर्थान् सर्वान् मृतिं विना ॥७७॥

એક નાડીમાંથી બીજી નાડીમાં પવન જાય તેને સંક્રાંતિ કહે છે. તેવી દિવસની પાંચ સંક્રાંતિ જવા પછી જો વાયુ મોઢાથી ચાલે તો મિત્રની, ધનની હાનિ, નિસ્તેજપણું અને મરણ સિવાય સર્વ અનર્થ પામે. ૭૭.

संक्रांतीः समतिक्रम्य त्रयोदश समीरणः ।
प्रवहन् वामनासायां रोगोद्वेगादि सूचयेत् ॥ ७८ ॥

તેર સંક્રાંતિને ઓળંગીને પછી વાયુ જો ડાબી નાસિકામાંથી ચાલે તો તે રોગ તથા ઉદ્વેગાદિ થશે એમ સૂચવે છે. ૭૮.

मार्गशीर्षस्य संक्रांतिकालादारभ्य मारुतः ।
वहन् पंचाहमाचष्टे वत्सरेऽष्टादशे मृतिम् ॥ ७९ ॥

(માગશર માસના અજવાળા પખવાડિયાના પડવાને દિવસે સૂર્યોદયે જે વાયુ વહન થાય છે તેને માગશર સંક્રાંતિ કહે છે તે.) માગશર સંક્રાંતિકાળથી લઈને જો એક જ નાડિમાં

પાંચ દિવસ સુધી પવન વહ્યા કરે તો તે દિવસથી અઢારમે વર્ષે મરણ થશે એમ જાણવું. ૭૯.

शरत्संक्रांतिकालाश्च पंचाहं मारुतो वहन् ।
ततः पंचदशाब्दानामंते मरणमादिशेत् ॥ ८० ॥

શરદ સંક્રાંતિથી (આસો મહિનાના પહેલા પડવાથી) લઈને જો એક જ નાડિમાં પાંચ દિવસ સુધી પવન ચાલ્યા કરે તો પંદર વર્ષે મરણ થશે એમ કહેવું. ૮૦.

श्रावणादेः समारभ्य पंचाहमनिलो वहन् ।
अंते द्वादशवर्षाणां मरणं परिसूचयेत् ॥ ८१ ॥
वहन् ज्येष्ठादिदिवसाद्दशाहानि समीरणः ।
दिशेन्नवमवर्षस्य पर्यंते मरणं ध्रुवम् ॥ ८२ ॥
आरभ्य चैत्राद्यदिनात्पंचाहं पवनो वहन् ।
पर्यंते वर्षषट्कस्य मृत्युं नियतमादिशेत् ॥ ८३ ॥
आरभ्य माघमासादेः पंचाहानि मरुद्वहन् ।
संवत्सरत्रयस्यांते संसूचयति पंचताम् ॥ ८४ ॥
(चतुर्भिः कलापकम्)

શ્રાવણ મહિનાની આદિથી, પાંચ દિવસ એક નાડિમાં વાયુ ચાલે તો તે બાર વર્ષને અંતે તેનું મરણ સૂચવે છે. જેઠ મહિનાના પ્રથમ દિવસથી દસ દિવસ એક જ નાડિમાં વાયુ ચાલે તો નવ વર્ષને અંતે તેનું નિશ્ચે મરણ થાય. ચૈત્ર મહિનાના પ્રથમ દિવસથી પાંચ દિવસ એક જ નાડિમાં પવન વહન થાય તો છ વર્ષને અંતે નિશ્ચે મરણ થાય. માહ મહિનાની આદિથી લઈને પાંચ દિવસ એક જ નાડિમાં પવન

ચાલે તો ત્રણ વર્ષને અંતે તેનું મરણ થશે એમ તેઓ સૂચવે છે. ૮૧, ૮૨, ૮૩, ૮૪.

सर्वत्र द्वित्रिचतुरो वायुश्चेद्दिवसान् वहेत् ।
अब्दभागैस्तु ते शोध्या यथावदनुपूर्वशः ॥ ८५ ॥

તે મહિનામાં એક જ નાડિમાં બે, ત્રણ કે ચાર દિવસ જો વાયુ વહન થાય તો પાંચ દિવસ વાયુ ચાલે ત્યારે જેટલે વર્ષે મરણ કહ્યું છે તે વર્ષના પાંચ ભાગો કરી તેમાંથી ચાર દિવસ ચાલે તો એક ભાગ ઓછો જાણવો, ત્રણ દિવસ ચાલે તો તે વર્ષોમાંથી બે ભાગ ઓછા કરવા એમ યથાયોગ્ય અનુક્રમે જાણી લેવું. તેવી જ રીતે ઋતુ આદિના માસમાં પણ બે, ત્રણ કે ચાર દિવસ વાયુ નિરંતર એક જ નાડિમાં વહન થાય તો ત્યાં પણ તેવા વિભાગો સમજી લેવા. ૮૫.

अथेदानीं प्रवक्ष्यामि कंचित्कालस्य निर्णयम् ।
सूर्यमार्गं समाश्रित्य स च पौष्णे च गम्यते ॥ ८६ ॥

હવે હું હમણાં કાંઈક કાળજ્ઞાનનો નિર્ણય કહીશ. તે કાળ જ્ઞાન સૂર્ય માર્ગને આશ્રયીને પૌષ્ણ કાળમાં જાણી શકાય છે. ૮૬.

પૌષ્ણ કાળનું લક્ષણ

जन्मऋक्षगते चंद्रे समसप्तगते रवौ ।
पौष्णनामा भवेत् कालो मृत्युनिर्णयकारणम् ॥ ८७ ॥

જન્મ નક્ષત્રે ચંદ્રમા હોય અને આપણી રાશિથી સાતમી રાશિએ સૂર્ય હોય તથા જેટલી ચંદ્રમાએ જન્મરાશિ ભોગવી તેટલી જ સૂર્યે સાતમી રાશિ ભોગવી હોય, ત્યારે પૌષ્ણ નામનો કાળ કહેવાય. તે પૌષ્ણ કાળ મૃત્યુ નિર્ણય કરવામાં કારણભૂત છે, અર્થાત્ તે કાળમાં મૃત્યુનો નિર્ણય કરી શકાય છે. ૮૭.

दिनार्धं दिनमेकं च यदा सूर्ये मरुद्वहन् ।
चतुर्दशे द्वादशेऽब्दे मृत्यवे भवति क्रमात् ॥ ८८ ॥

તે પૌષ્ણ કાળમાં જો અર્ધો દિવસ સૂર્ય નાડિમાં પવન ચાલતો હોય તો ચૌદમે વર્ષે મરણ થાય, અને જો આખો દિવસ સૂર્ય નાડિમાં પવન ચાલે તો બારમે વર્ષે મરણ થાય. ૮૮.

तथैव च वहन् वायुरहोरात्रं द्वयहं त्र्यहम् ।
दशमाष्टमषष्ठाब्देष्वंताय भवति क्रमात् ॥ ८९ ॥

તેમજ તે પૌષ્ણ કાળમાં એક અહોરાત્રિ, બે દિવસ કે ત્રણ દિવસ સૂર્ય નાડિમાં પવન ચાલે તો અનુક્રમે દશમે વર્ષે, આઠમે વર્ષે અને છઠ્ઠે વર્ષે મરણ માટે થાય છે. ૮૯.

वहन् दिनानि चत्वार तुर्येऽब्दे मृत्यवे मरुत् ।
साशीत्यहःसहस्रे तु पंचाहानि वहन् पुनः ॥ ९० ॥

જો ચાર દિવસ વાયુ તેમજ વહન થાય તો ચોથે વર્ષે મરણ થાય; પાંચ દિવસ વહન થાય તો ત્રણ વર્ષે મરણ થાય. ૯૦.

एकद्वित्रिचतुःपंचचतुर्विंशत्यहःक्षयात् ।
षडादीन् दिवसान् पंच शोधयेदिह तद्यथा ॥ ९१ ॥

એક સૂર્ય નાડિમાં છ, સાત, આઠ, નવ, દશ, દિવસ પર્યંત વાયુ વહન થાય તો (પાંચ દિવસ ચાલે તો ૧૦૮૦ દિવસ જીવે.) તેમાંથી ૧-૨-૩-૪-૫ ચોવીસ દિવસ ઓછા કરવા. ૯૧.

તે જ બતાવે છે

षट्कं दिनानामध्यर्कं वहमाने समीरणे ।
जीवत्यह्नां सहस्रं षट्पंचाशद्दिवसाधिकम् ॥ ९२ ॥

૭ દિવસ સૂર્ય નાડિમાં વાયુ ચાલે તો એક હજાર અને છપ્પન (૧૦૫૬) દિવસ જીવે. ૯૨.

सहस्रं साष्टकं जीवेद्वायौ सप्ताहवाहिनि ।
सषट्त्रिंशन्नवशतीं जीवेदष्टाहवाहिनि ॥ ९३ ॥

સાત દિવસ સરખો પવન ચાલે તો એક હજારને આઠ (૧૦૦૮) દિવસ જીવે, આઠ દિવસ ચાલે તો નવસો છત્રીસ (૯૩૬) દિવસ સુધી તે માણુસ જીવે. ૯૩.

एकत्रैव नवाहानि तथा वहति मारुते ।
अह्नामष्टशतीं जीवेच्चत्वारिंशद्दिनाधिकाम् ॥ ९४ ॥

એક જ નાડિમાં નવ દિવસ પર્યંત વાયુ વહ્યા કરે તો આઠસો ચાલીસ (૮૪૦) દિવસ તે જીવે. ૯૪.

तथैव वायौ प्रवहत्येकत्र दश वासरान् ।
विंशत्यधिकामह्नां जीवेत्सप्तशतीं ध्रुवम् ॥ ९५ ॥

તેમજ પૌષ્ણુ કાળમાં એક નાડિમાં દશ દિવસ વાયુ વહન થાય તો સાતસો વીસ (૭૨૦) દિવસ તે જીવે. ૯૫.

एकद्वित्रिचतुःपंचचतुर्विंशत्यहःक्षयात् ।
एकादशादिपंचाहान्यत्र शोध्यानि तद्यथा ॥ ९६ ॥

અગિયારથી પાંચ દિવસ એટલે ૧૧–૧૨–૧૩–૧૪–૧૫ સુધી એક નાડિમાં પવન વહન થાય તો અનુક્રમે ૧–૨–૩–૪–૫ ચોવીશીના દિવસો (૭૨૦) માંથી બાદ કરવા. ૯૬.

તે જ બતાવે છે

एकादश दिनान्यर्कनाड्यां वहति मारुते ।
पण्णवत्यधिकाह्नानां षट् शतान्येव जीवति ॥९७॥

પૌષ્ણકાળમાં સૂર્ય નાડિમાં અગિયાર દિવસ વાયુ ચાલ્યા કરે તો છસો છન્નુ (૬૯૬) દિવસ તે જીવે. ૯૭.

तथैव द्वादशाहानि वायौ वहति जीवति ।
दिनानां षट्शतीमष्टचत्वारिंशत्समन्विताम् ॥ ९८ ॥

તેમજ બાર દિવસ વાયુ વહન થાય તો છસો અડતાળીસ (૬૪૮) દિવસ તે જીવે. ૯૮.

त्रयोदशदिनान्यर्कनाडिचारिणि मारुते ।
जीवेत् पंचशतीमह्नां षट्सप्ततिदिनाधिकाम् ॥ ९९ ॥
चतुर्दश दिनान्येवं प्रवाहिनि समीरणे ।
अशीत्यभ्यधिकं जीवेदह्नां शतचतुष्टयम् ॥ १०० ॥
तथा पंचदशाहानि यावत् वहति मारुते ।
जीवेत् षष्टिदिनोपेतं दिवसानां शतत्रयम् ॥ १०१ ॥
एकद्वित्रिचतु:पंचद्वादशाहक्रमक्षयात् ।
षोडशाद्यानि पंचाहान्यत्र शोध्यानि तद्यथा ॥ १०२॥

તેર દિવસ સૂર્ય નાડિમાં ચાલે તો પાંચસો છોંતેર દિવસ તે મનુષ્ય જીવે. એમજ ચૌદ દિવસ વાયુ ચાલે તો ચારસો એંસી દિવસ જીવે. પંદર દિવસ પર્યંત વાયુ ચાલે તો ત્રણસો સાઠ દિવસ જીવે. સોળથી માંડી પાંચ દિવસ પર્યંત એક સૂર્ય નાડિમાં પવન ચાલે તો, એટલે સોળ, સત્તર, અઢાર, ઓગણીશ અને વીશ દિવસ પર્યંત એક નાડિમાં પવન ચાલે તો ત્રણસો સાઠ દિવસોમાંથી એક દિવસે એક બાર, બીજે દિવસે બે બાર, ત્રીજે દિવસે ત્રણ બાર, એમ પાંચ દિવસ સુધીમાં ક્રમે બાદ કરતાં બાકી રહેલા દિવસોમાંથી બાદ કરવા. ૯૯ થી ૧૦૨.

તે જ બતાવે છે

प्रवहत्येकनासायां षोडशाहानि मारुते ।
जीवेत् सहाष्टचत्वारिंशतं दिनशतत्रयीम् ॥ १०३ ॥
वहमाने तथा सप्तदशाहानि समीरणे ।
अह्नां शतत्रये मृत्युश्चतुर्विंशतिसंयुते ॥ १०४ ॥
पवने विचरत्यष्टादशाहानि तथैव च ।
नाशोऽष्टाशीतिसंयुक्ते गते दिनशतद्वये ॥ १०५ ॥
विचरत्यनिले तद्वत् दिनान्येकोनविंशतिम् ।
चत्वारिंशद्युते याते मृत्युर्दिनशतद्वये ॥ १०६ ॥
विंशतिं दिवसानेकनासाचारिणि मारुते ।
साशीतौ वासरशते गते मृत्युर्न संशयः ॥ १०७ ॥

એક નાસિકામાં સોળ દિવસ વાયુ વહન થાય તો ત્રણુસો અડતાળીસ દિવસ તે મનુષ્ય જીવે. તેમજ સત્તર દિવસ પર્યંત વાયુ વહન થાય તો ત્રણુસેં ચોવીસ દિવસે મરણ થાય. તે જ પ્રમાણે અઢાર દિવસ પર્યંત વાયુ વહન થાય તો બસો અઠ્ઠાસી દિવસે તેનો નાશ થાય. પૂર્વની માફક ઓગણીશ દિવસ વાયુ ચાલે તો બસો ચાળીશ દિવસ ગયા પછી મરણુ પામે અને એક જ નાસામાં વીસ દિવસ પર્યંત સૂર્ય વાયુ ચાલ્યા કરે તો એકસો એંસી દિવસે મૃત્યુ થાય. આમાં કાંઇ સંશય નથી. ૧૦૩ થી ૧૦૭.

एकद्वित्रिचतुःपंचदिनषट्कक्रमक्षयात् ।
एकविंशादिपंचाहान्यत्र शोध्यानि तद्यथा ॥ १०८ ॥

૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫ દિવસ પર્યંત સૂર્ય નાડિમાં

પવન વહન થાય તો એકસો એંસી દિવસમાંથી ૧, ૨, ૩, ૪, ૫, ૬ ષટ્કને અનુક્રમે બાદ કરવા. ૧૦૮.

તે જ બતાવે છે

एकविंशत्यहं त्वर्कनाडीवाहिनि मारुते ।
चतुःसप्ततिसंयुक्ते मृत्युर्दिनशते भवेत् ॥ १०९ ॥

પૌષ્ણકાળમાં એકવીસ દિવસ પર્યંત સૂર્ય નાડિમાં પવન વહન થાય તો એકસો ચુંમોતેર (૧૭૪) દિવસે તેનું મરણ થાય. ૧૦૯.

द्वाविंशतिदिनान्येवं सद्विषष्टाबहःशते ।
षड्दिनोनैःपंचमासैस्त्रयोविंशत्यहानुगे ॥ ११० ॥

એવી રીતે બાવીસ દિવસ પવન ચાલે તો એકસો બાસઠ (૧૬૨) દિવસ જીવે, ત્રેવીસ દિવસ પવન એક નાડિમાં ચાલે તો પાંચ મહિનામાં છ દિવસ ઓછા એટલું જીવે. ૧૧૦.

तथैव वायौ वहति चतुर्विंशतिवासरीम् ।
विंशत्यभ्यधिके मृत्युर्भवेद्दिनशते गते ॥ १११ ॥

તે જ પ્રમાણે ચોવીસ દિવસ વાયુ ચાલે તો એકસો વીસ (૧૨૦) દિવસ જવા પછી તેનું મરણ થાય. ૧૧૧.

पंचविंशत्यहं चैव वायौ मासत्रये मृतिः ।
मासद्वये पुनर्मृत्युः षड्विंशतिदिनानुगे ॥ ११२ ॥

એમ પચીસ દિવસ વાયુ ચાલે તો ત્રણ મહિને મરણ થાય અને છવીસ દિવસ તેવી રીતે વાયુ ચાલે તો બે મહિનામાં મરણ થાય. ૧૧૨.

सप्तविंशत्यहं वहेन्नाशो मासेन जायते ।
मासार्धेन पुनर्मृत्युरष्टाविंशत्यहानुगे ॥ ११३ ॥

સત્તાવીસ દિવસ વાયુ ચાલે તો એક મહિને મરણ થાય અને અઠ્ઠાવીસ દિવસ ચાલે તો પંદર દિવસે મરણ થાય. ૧૧૩.

एकोनत्रिंशदहगे मृतिः स्याद्दशमेऽहनि ।
त्रिंशद्दिनीचरे तु स्यात् पंचत्वं पंचमे दिने ॥ ११४ ॥

ઓગણત્રીશ દિવસ ચાલે તો દશમે દિવસે મરણ થાય, અને ત્રીસ દિવસ ચાલે તો પાંચમે દિવસે મરણ થાય. ૧૧૪.

एकत्रिंशदहचरे वायौ मृत्युर्दिनत्रये ।
द्वितीयदिवसे नाशो द्वात्रिंशदहवाहिनि ॥ ११५ ॥

એકત્રીસ દિવસ ચાલે તો ત્રણ દિવસે મરણ થાય અને બત્રીશ દિવસ સૂર્ય નાડિમાં વાયુ ચાલે તો બીજે દિવસે મરણ થાય. ૧૧૫.

त्रयस्त्रिंशदहचरे त्वेकाहेनापि पंचता ।
एवं यदींदुनाड्यां स्यात् तदा व्याध्यादिकं दिशेत् ॥ ११६ ॥

તેત્રીસ દિવસ સૂર્યની નાડિમાં પવન ચાલે તો એક દિવસમાંજ મરણ થાય. આ જ પ્રમાણે પૌષ્ણકાળમાં જો ચંદ્ર નાડિમાંજ પવન ચાલ્યા કરે તો વ્યાધિ થાય. આદિ શબ્દથી મિત્રવિનાશ, મહાભય, પરદેશગમન, ધનવિનાશ, પુત્રવિનાશ, રાજ્યને નાશ અને દુર્ભિક્ષાદિ ઉત્પન્ન થાય. ૧૧૬.

अध्यात्मं वायुमाश्रित्य प्रत्येकं सूर्यसोमयोः ।
एवमभ्यासयोगेन जानीयात् कालनिर्णयम् ॥ ११७ ॥

આ પ્રમાણે શરીરમાં રહેલા ચંદ્ર સૂર્ય સંબંધી પ્રત્યેક વાયુના અભ્યાસે કરી કાલનો (આયુષ્યનો) નિર્ણય જાણવો. ૧૧૭.

अध्यात्मिकविपर्यासः संभवेद् व्याधितोऽपि हि।
तन्निश्चयाय बध्नामि बाह्यं कालस्य लक्षणम् ॥ ११८ ॥

કદાચ વ્યાધિ કે રોગ થવાથી પણ શરીર સંબંધી વાયુનો વિપર્યાસ થઈ આવે છે, માટે કાળજ્ઞાનનો નિશ્ચય કરવા માટે આયુષ્ય જાણવાનું બાહ્ય લક્ષણ બાંધું છું. ૧૧૮.

વિવેચન—રોગના કારણથી કેટલીક વખત એક નાડી વધારે વખત વહ્યા કરે છે, કે બીજી નાડિ ચાલતી નથી. આમ હોવાથી આયુષ્યનો નિર્ણય કરવા માટે આયુષ્ય નિર્ણયનું બીજું લક્ષણ આચાર્ય બતાવે છે, તેનો પણ પ્રયોગ સાથે અજમાવી કાળનો ચોક્કસ નિર્ણય કરવો. ૧૧૮.

नेत्रश्रोत्रशिरोभेदात् स च त्रिविधलक्षणः।
निरीक्ष्यः सूर्यमाश्रित्य यथेष्टमपरः पुनः ॥ ११९ ॥

નેત્ર, શ્રોત્ર અને મસ્તકના ભેદથી ત્રણ પ્રકારના લક્ષણને જણાવવાવાળા આ બાહ્ય કાળને સૂર્યને અવલંબીને જોવો અને આ ત્રણ પ્રકારથી અન્ય કાળના ભેદને યથા ઇચ્છાએ જોવા. ૧૧૯.

નેત્ર લક્ષણ

वामे तत्रेक्षणे पद्मं षोडशच्छदमैंदवम्।
जानीयाद् भावनीयं तु दक्षिणे द्वादशमैंदवम् ॥ १२० ॥

ડાબા નેત્રમાં સોળ પાંખડીવાળું ચંદ્ર સંબંધી કમળ છે

એમ જાણવું અને જમણા નેત્રમાં બાર પાંખડીવાળું સૂર્ય સંબંધી કમળ છે એમ ભાવવું. ૧૨૦.

खद्योतद्युतिवर्णानि चत्वारि च्छदनानि तु।
प्रत्येकं तत्र दृश्यानि स्वांगुलीविनिपीडनात्‌ ॥ १२१ ॥

પોતાની આંગળીથી આંખના અમુક ભાગને ગુરૂ ઉપદેશાનુસારે દબાવવાથી, પ્રત્યેક કમળની ચાર પાંખડીઓ, કાંતિની માફક ઝગઝગાટ કરતી જણાશે તે જોવી. ૧૨૧.

सोमाधोभ्रूलतापांगघ्राणांतिकदलेषु तु।
दले नष्टे क्रमान्मृत्युः षट्त्रियुग्मैकमासतः ॥ १२२ ॥

ચંદ્ર સંબંધી કમલમાં તે ચાર પાંખડીમાંથી જો હેઠળની પાંખડી ન દેખાય તો છ માસે મરણ થાય, ભૃકુટી પાસેની પાંખડી ન દેખાય તો ત્રણ માસે મરણ થાય, આંખના ખૂણા તરફની પાંખડી ન દેખાય તો બે માસે મરણ થાય અને નાસિકા તરફની પાંખડી ન દેખાય તો એક મહીને મરણ થાય. ૧૨૨.

अयमेव क्रमः पद्मे भानवीये सदा भवेत्‌।
दशपंचत्रिद्विदिनैः क्रमान्मृत्युस्तदा भवेत्‌ ॥ १२३ ॥

ડાબી આંખની માફક જમણી આંખ આંગળીએ દબાવવાથી સૂર્ય સંબંધી બાર પાંખડીવાળું કમળ દેખાશે. તે બાર માંહેલી ચાર પાંખડીઓ ખજવાની માફક દેદીપ્યમાન દેખાશે. તે ચાર માંહેલી જો હેઠળની પાંખડી ન દેખાય તો દશ દિવસે મરણ થાય. ઉપરની (ભૃકુટી તરફની) પાંખડી ન દેખાય તો પાંચ દિવસે મરણ થાય. કાન તરફની યા આંખના ખુણા તરફની

પાંખડી ન દેખાય તો ત્રણ દિવસે મરણ થાય. અને નાકની બાજુની પાંખડી ન દેખાય તો બે દિવસે મરણ થાય છે. ૧૨૩.

एतान्यपीडयमानानि द्वयोरपि हि पद्मयोः ।
दलानि यदि वीक्ष्यंते मृत्युर्दिनशतात्तदा ॥ १२४ ॥

આંગલીથી આંખને દબાવ્યા સિવાય જો તે બેઉ કમલની પાંખડીઓ જોવામાં આવે તો સો દિવસે તેનું મરણ થાય. ૧૨૪.

કાનથી થતું આયુષ્યજ્ઞાન

ध्यात्वा हृद्यष्टपत्राब्जं श्रोत्रे हस्ताग्रपीडिते ।
न श्रूयेताग्निनिर्घोषो यदि स्वः पंचवासरान् ॥ १२५ ॥
दश वा पंचदश वा विंशतिं पंचविंशतिम् ।
तदा पंचचतुस्त्रिद्व्येकवर्षैर्मरणं भवेत् ॥ १२६ ॥

હૃદયમાં આઠ પાંખડીવાળા કમળનું ધ્યાન કરીને પછી હાથની તર્જની આંગળી બેઉ કાનના વિવરોમાં નાખવી તો જોરથી બળતા અગ્નિની માફક ધડહડાટ જેવો શબ્દ સંભળાશે. જો તે કાનમાં થતો શબ્દ પાંચ દિવસ, દશ દિવસ, પંદર દિવસ, વીસ દિવસ અને પચીસ દિવસ સુધી ન સંભળાય તો અનુક્રમે પાંચ વર્ષે, ચાર વર્ષે, ત્રણ વર્ષે અને એક વર્ષે મરણ થાય. ૧૨૫–૧૨૬.

एकद्वित्रिचतुःपंचचतुर्विंशत्यहःक्षयात् ।
षडादिषोडशदिनान्यांतराण्यपि शोधयेत् ॥ १२७ ॥

છ દિવસથી લઈ સોળ દિવસ સુધી જો આંગળીથી દબાવ્યા છતાં કાનમાં થતો શબ્દ ન સંભળાય તો અનુક્રમે એક,

બે, ત્રણ, ચાર, પાંચ આદિથી લઈ સોળ ચોવીસીઓ પાંચ વર્ષના દિવસોમાંથી ઓછી કરવી. તેટલા દિવસ તે જીવે. ૧૨૭.

વિવેચન—છ દિવસ ન સંભળાય તો પાંચ વર્ષના દિવસમાંથી એક ચોવીસી જેટલા દિવસો ઓછા જીવે. જો સાત દિવસ ન સંભળાય તો, છ દિવસ ન સંભળાય તેના જે દિવસો છે તેમાંથી બે ચોવીસી ઓછી કરવી તેટલું જીવે. જો આઠ દિવસ ન સંભગાય તો સાત દવસ ન સંભળાય તેના દિવસોમાંથી ત્રણ ચોવીસીઓ ઓછી કરવી. યાવત્ સોળ દિવસ પર્યંત સમજી લેવું. ૧૨૭.

મસ્તકથી થતું આયુષ્યજ્ઞાન

ब्रह्मद्वारे प्रसर्पंतीं पंचाहं धूममालिकां ।
न चेत् पश्येत्तदा ज्ञेयो मृत्यु: संवत्सरैस्त्रिभि: ॥ १२८ ॥

બ્રહ્મદ્વારે (દશમે દ્વારે) પ્રસરતી ધુમાડાની શ્રેણી જો પાંચ દિવસ દેખવામાં ન આવે તો ત્રણ વર્ષે તેનું મરણ થશે એમ જાણવું. આ ધૂમાડાની શ્રેણી બ્રહ્મદ્વારે કેવી રીતે જાય છે તે ગુરુગમથી જાણવા યોગ્ય છે. ૧૨૮.

છ શ્લોકે પ્રકારાંતરથી કાલજ્ઞાન જણાવે છે

प्रतिपद्दिवसे कालचक्रज्ञानाय शौचवान् ।
आत्मनो दक्षिणं पाणिं शुक्लं पक्षं प्रकल्पयेत् ॥ १२९ ॥

કાળચક્ર જાણવા માટે શુદ્ધ પડવાને દિવસે પવિત્ર થઇ પોતાનો જમણો હાથ તે અજવાળો પખવાડો છે, એમ કલ્પના કરવી. ૧૨૯.

अधोमध्योर्ध्वपर्वाणि कनिष्ठांगुलिकानि तु ।
क्रमेण प्रतिपत्षष्ठ्येकादशी: कल्पयेत्तिथी: ॥ १३० ॥

તથા ટચલી આંગળીના હેઠલા, વચલા અને ઉપલા પર્વને (વેઢાને) અનુક્રમે પડવો, છઠ તથા અગિયારસની તિથિ છે તેવી કલ્પના કરવી. ૧૩૦.

अवशेषांगुलीपर्वाण्यवशेषतिथीस्तथा ।
पंचमी दशमी राका पर्वाण्यंगुष्ठगानि तु ॥ १३१ ॥

અંગુઠાના નીચલા, વચલા અને ઉપલા પર્વમાં પાંચમ, દશમ અને પૂનમ એમ અનુક્રમે તિથિની કલ્પના કરવી. અને બાકી રહેલી આંગળીઓન પર્વમાં બાકી રહેલી તિથિઓની કલ્પના કરવી. (એટલે અનામિકા આંગળીના નીચલા, વચલા અને ઉપલા પર્વમાં બીજ, ત્રીજ ને ચોથની કલ્પના કરવી. મધ્યમ આંગળીના પર્વમાં સાતમ, આઠમ, નોમની કલ્પના કરવી તથા તર્જની આંગળીના પર્વમાં બારસ, તેરસ અને ચૌદશની કલ્પના કરવી.) ૧૩૧.

वामपाणिं कृष्णपक्षतिथीस्तद्वच्च कल्पयेत् ।
ततश्च निर्जने देशे बद्धपद्मासनः सुधीः ॥ १३२ ॥
प्रसन्नः सितसंव्यानः कोशीकृत्य करद्वयम् ।
ततस्तदंतः शून्यं तु कृष्णवर्णं विचिंतयेत् ॥ १३३ ॥

અંધારા પખવાડિયાના પડવાને દિવસે ડાબા હાથને કૃષ્ણપક્ષ તથા આંગળીઓની અંદર (અજવાળા પક્ષના હાથની માફક) તિથિઓની કલ્પના કરી, મનુષ્યના સંચાર વિનાના પ્રદેશમાં જઈ પદ્માસન કરી, મનની પ્રસન્નતાપૂર્વક ઉજ્જવલ ધ્યાન કરી, બે હાથને કમળના ડોડાને આકારે રાખી, તે હાથની અંદર કાળા વર્ણનું એક બિંદુ ચિંતવવું. ૧૩૩.

उद्घाटितकरांभोजस्ततो यत्रांगुलीतिथौ ।
वीक्ष्यते कालबिंदुः स काल इत्यत्र कीर्त्यते ॥१३४॥

ત્યારપછી હાથ ઉઘાડતાં જે આંગળીની અંદર કલ્પેલી અંધારી અજવાળી તિથિમાં કાળું બિંદુ પડેલું દેખાય તે અંધારી યા અજવાળી તિથિને દિવસે તેનું મરણ થાય છે. ૧૩૪.

આયુષ્ય નિર્ણયનો બીજો ઉપાય

क्षुतविण्मेदमूत्राणि भवंति युगपद्यदि ।
मासे तत्र तिथौ तत्र वर्षांते मरणं तदा ॥ १३५॥

જે માણસને છીંક, વિષ્ટા, વીર્યસ્રાવ અને મૂત્ર (પેશાબ) એ ચારે એકી સાથે થઈ જાય તે એક વર્ષને અંતે તે જ મહીને અને તે જ તિથિએ મરણ પામે. ૧૩૫.

रोहिणीं शशभृल्लक्ष्ममहापथमरुंधतीम् ।
ध्रुवं च न यदा पश्येद्वर्षेण स्यात्तदा मृतिः ॥ १३६॥

રોહણી નત્રક્ષ ૧, ચંદ્રમાનું લાંછન ૨, છાયા પંથ (છાયા પુરુષ) ૩, અરૂંધતી (સપ્તઋષિના તારાની પાસે એક નાનો તારો દેખાય છે તે) ૪, અને ધ્રુવ (ભૃકુટી) એ પાંચ યા તેમાંથી એકાદ પણ જોવામાં ન આવે તો એક વર્ષે મરણ થાય. ૧૩૬.

વિવેચન—બીજા આચાર્ય કહે છે કે,

अरुंधतीं ध्रुवं चैव विष्णोस्त्रीणि पदानि च ।
क्षीणायुषो न पश्यंति चतुर्थं मातृमंडलम् ॥ १ ॥
अरुंधती भवेज्जिह्वा ध्रुवं नासाग्रमुच्यते ।
तारा विष्णुपदं प्रोक्तं भ्रुवः स्यान्मातृमंडलम् ॥ २ ॥

અરુંધતી એટલે જીભ, ધ્રુવ એટલે નાસાનો અગ્રભાગ, વિષ્ણુપદ એટલે તારા (બીજાની આંખની કીકીમાં જોતાં પોતાની આંખની કીકીનું દેખાવું તે) અને માતૃમંડળ એટલે ભૃકુટી, આ ચાર, આયુષ્ય ક્ષય થવા આવ્યું હોય તે જોઈ ન શકે. ૧૩૬.

स्वप्ने स्वं भक्ष्यमाणं च गृध्रकाकनिशाचरैः ।
उह्यमानं खरोष्ट्राद्यैर्यदा पश्येत्तदा मृतिः ॥ १३७ ॥

જો સ્વપ્નામાં ગીધ, કાગડા અને રાત્રે ચાલવાવાળા પ્રાણીઓ પોતાના શરીરને ભક્ષણ કરતા જુવે, તેમજ ગધેડા, ઊંટ, શુકર આદિ પ્રાણિઓ ઉપર પોતે સ્વારી કરે અથવા તેઓ પોતાને ખેંચતા (ઘસડતા કે તાણતા) હોય તેમ જુવે તો એક વર્ષને અંતે મરણ થાય. ૧૩૭.

रश्मिनिर्मुक्तमादित्यं रश्मियुक्तहविर्भुजम् ।
यदा पश्येद्विपद्येत तदैकादशमासतः ॥ १३८ ॥

જ્યારે સૂર્ય મંડળને કિરણ વિનાનો દેખે અને અગ્નિને કિરણો સહિત દેખે ત્યારે તે માણસ અગિયાર માસ પછી મરણ પામે. આ દિવસ આશ્રયી છે. ૧૩૮.

वृक्षाग्रे कुत्रचित् पश्येद् गंधर्वनगरं यदि ।
पश्येत् प्रेतान्पिशाचान् वा दशमे मासि तन्मृतिः ॥१३९॥

કોઇ ઠેકાણે વૃક્ષના અગ્ર ભાગ ઉપર જો ગંધર્વનગર દેખે અથવા પ્રેત અને પિશાચાદિકને જુવે તો દશમે મહિને મૃત્યુ થાય. ૧૩૯.

छर्दिमूत्रपुरीषं वा सुवर्णरजतानि वा ।
स्वप्ने पश्येद्यदि तदा मासान्नवैव जीवति ॥ १४० ॥

જો સ્વપ્નમાં ઉલટી, મૂત્ર, વિષ્ટા, સોનું અથવા રૂપું જોવામાં આવે તો તે નવ મહિના જીવે. (આ હકીકત માંદા મનુષ્યને આશ્રયીને સમજાય છે.) ૧૪૦.

स्थूलोऽकस्मात् कृशोऽकस्मादकस्मादतिकोपनः ।
अकस्मादतिभीरुर्वा मासानष्टैव जीवति ॥ १४१ ॥

જે માણસ કારણ સિવાય અકસ્માત્ જાડો થઈ જાય, અકસ્માત્ દુર્બળ (પાતળો) થઇ જાય, અકસ્માત્ ક્રોધી સ્વભાવનો થઈ જાય, અકસ્માત્ બીકણ થાય (ભય પામે) તો આઠ મહિના જ જીવી શકે. ૧૪૧.

समग्रमपि विन्यस्तं पांशौ वा कर्दमेऽपि वा ।
स्याच्चेत् खंडं पदं सप्तमास्यंते म्रियते तदा ॥ १४२॥

ધૂળ અગર કાદવની અંદર આખું પગલું મૂક્યું હોય છતાં જો તે પગલું અધુરું પડેલું જણાય તો સાત મહિનાને અંતે તે માણસનું મરણ થાય. ૧૪૨.

तारां श्यामां यदा पश्येच्छुष्येदधरतालु च ।
न स्वांगुलित्रयं मायाद्राजदंतद्वयांतरे ॥ १४३ ॥
गृध्रः काकः कपोतो वा क्रव्यादोऽन्योऽपि वा खगः ।
निलीयेत यदा मूर्ध्नि षण्मास्यंते मृतिस्तदा ॥१४४॥

જો આંખની કીકી તદ્દન કાળી અંજન સરખી દેખાય, રોગ વિના અકસ્માત્ હોઠ અને તાલુ સૂકાય, મોઢું પહોળું કર્યે છતે ઉપરના અને નીચેના વચલા દાંતના આંતરામાં પોતાની ત્રણ આંગળી ન સમાય, ગીધ, કાગડો, પારેવો

અને બીજું કોઇ માંસ ભક્ષણ કરનાર પંખી માથા ઉપર બેસે તો છ મહિનાને અંતે તે મરણ પામે. ૧૪૩. ૧૪૪.

प्रत्यहं पश्यताऽनभ्रेऽहन्यापूर्य जलैर्मुखम् ।
विहिते फूत्कृते शक्रधन्वांतस्तत्र दृश्यते ॥ १४५ ॥
यदा न दृश्यते तत्तु मासैः षड्भिर्मृतिस्तदा ।
परनेत्रे स्वदेहं चेन्न पश्येन्मरणं तदा ॥ १४६ ॥

વાદળ વિનાના દિવસે મુખમાં પાણી ભરી આકાશ સામું ફુત્કાર કરી તે પાણી બહાર ઊંચુ ઉછાળ્યે છતે નિરંતર કેટલાક દિવસ જોતાં તે પાણીની અંદર ઇંદ્રધનુષ્યના જેવો આકાર દેખાય છે. જ્યારે તે આકાર જોવામાં ન આવે ત્યારે છ મહિને મરણ થશે એમ જાણવું. તેમજ બીજા માણસની આંખમાં જો પોતાનું શરીર જોવામાં ન આવે તો પણ છ મહિને મરણ થાય. ૧૪૫. ૧૪૬.

कूर्परौ न्यस्य जान्वोर्मूर्ध्न्येकीकृत्य करौ सदा ।
रंभाकोशनिभां छायां लक्षयेदंतरोद्भवाम् ॥ १४७ ॥
विकासितदलं तत्र यदैकं परिलक्ष्यते ।
तस्यामेव तिथौ मृत्युः षण्मास्यंते भवेत्तदा ॥१४८॥

બન્ને જાનુ ઉપર બન્ને હાથની કોણીઓને સ્થાપન કરી, હાથના બન્ને પંજાઓ મસ્તક ઉપર સ્થાપન કરવા. તે બન્ને હાથના આંતરામાં કેળના ડોડાના આકાર સરખી ઉત્પન્ન થતી છાયાને નિરંતર જોયા કરવી. કેળના ડોડાના આકાર સરખી છાયામાં જો તે ડોડાનું એક પત્ર વિકસ્વર થયેલું જોવામાં આવે તો જે દિવસે પોતે જુવે તેજ તિથિએ છ મહિનાને અંતે તેનું મરણ થાય. ૧૪૭. ૧૪૮.

इंद्रनीलसमच्छाया वक्रीभूता सहस्रशः ।
मुक्ताफलालंकरणाः पन्नगाः सूक्ष्ममूर्त्तयः ॥ १४९ ॥
दिवा सन्मुखमायांतो दृश्यंते व्योम्नि सन्निधौ ।
न दृश्यंते तदा ते तु षण्मास्यंते मृतिस्तदा ॥ १५० ॥

વાદળ વિનાના સ્વચ્છ દિવસે, ઇંદ્રનીલ રત્ન સરખી કાંતિવાળા, વાંકાચુકા હજારો ગમે મોતીના અલંકારવાળા, સૂક્ષ્મ આકૃતિવાળા સર્પો આકાશમાં સન્મુખ આવતા દેખાય છે. જ્યારે તેવા સર્પો બિલકુલ ન દેખાય ત્યારે જાણવું જે, છ મહિનાને અંતે મરણ થશે. ૧૪૯, ૧૫૦.

स्वप्ने मुंडितमभ्यक्तं रक्तगंधस्रगम्बरम् ।
पश्येद्याम्यां खरे यांतं स्वं योऽब्दार्धं स जीवति ॥१५१॥

જે માણસ સ્વપ્નામાં પોતાનું મસ્તક મુંડાવેલું, તેલથી મર્દન કરાવેલું, રાતા પદાર્થથી શરીર લેપાયેલું, ગળામાં રાતી માળા પહેરેલી અને રાતાં વસ્ત્રો પહેરી ગધેડા ઉપર બેસી દક્ષિણ દિશા તરફ પોતાને જતો જુવે તે માણસ અર્ધું વર્ષ (છ માસ) જીવે. ૧૫૧.

घंटानादो रतांते चेदकस्मादनुभूयते ।
पंचता पंचमास्यंते तदा भवति निश्चितम् ॥ १५२ ॥

વિષય સેવન કર્યા પછી જો અકસ્માત્ શરીરમાં ઘંટાના નાદ સરખો નાદ સંભળાય તો પાંચ મહિનાને અંતે નિશ્ચે તેનું મરણ થાય. ૧૫૨.

शिरो वेगात् समारुह्य कृकलासो व्रजन् यदि ।
दद्याद्वर्णत्रयं पंचमास्यंते मरणं तदा ॥ १५३ ॥

કાકીડો ઝડપથી માથા ઉપર ચડીને ચાલ્યો જાય અને જતાં જતાં જો શરીરની ચેષ્ટા જૂદી જૂદી ત્રણ પ્રકારની કરે તો પાંચ મહીનાને અંતે તેનું મરણ થાય. ૧૫૩.

वक्रीभवति नासा चेद्वर्तुली भवतो दृशौ।
स्वस्थानाद् भ्रश्यतः कर्णौ चतुर्मास्यास्तदा मृतिः ॥१५४॥

જો નાસિકા વાંકી થઈ જાય, આંખો ગોળ થઈ જાય અને કાન પોતાના ઠેકાણેથી ઢીલા પડી જાય તો ચાર મહીને મરણ થાય. ૧૫૪.

कृष्णं कृष्णपरीवारं लोहदंडधरं नरं।
यदा स्वप्ने निरीक्षेत मृत्युर्मासैस्त्रिभिस्तदा ॥ १५५ ॥

જો સ્વપ્નામાં કાળા વર્ણવાળા, કાળા પરિવારવાળા તથા લોઢાના દંડને ધારણ કરવાવાળા માણસને જુવે તો ત્રણ મહિને મરણ થાય. ૧૫૫.

इंदुमुष्णं रविं शीतं छिद्रं भूमौ रवावपि।
जिह्वां श्यामां मुखं कोकनदाभं च यदेक्षते ॥ १५६ ॥
तालुकंपो मनःशोको वर्णोऽङ्गेऽनेकधा यदा।
नाभेश्चाकस्मिकी हिक्का मृत्युर्मासद्वयात्तदा ॥ १५७॥

ચંદ્રમાને ઉષ્ણ (ગરમ), સૂર્યને ઠંડો, જમીનમાં અને સૂર્યમંડળમાં છિદ્ર, જીભને કાળી, અને મોઢાને લાલ કમળના સરખું જુએ, તાલવું કંપે, મનમાં શોક થાય, શરીરમાં અનેક જાતના વર્ણો થયા કરે અને નાભિથી અકસ્માત્ હેડકી ઉત્પન્ન થાય તો (આવાં લક્ષણવાળાનું) બે મહિને મરણ થાય. ૧૫૬, ૧૫૭.

जिह्वा नास्वादमादत्ते मुहुः स्खलति भाषणे ।
श्रोत्रे न शृणुतः शब्दं गंधं वेत्ति न नासिका ॥१५८॥
स्पंदेते नयने नित्यं दृष्टवस्तुन्यपि भ्रमः ।
नक्तमिंद्रधनुः पश्येत् तथोल्कापतनं दिवा॥ १५९ ॥
न च्छायामात्मनः पश्येत् दर्पणे सलिलेऽपि वा ।
अनब्दां विद्युतं पश्येत् शिरोऽकस्मादपि ज्वलेत् ॥१६०॥
हंसकाकमयूराणां पश्येन्न क्वापि संहतिम् ।
शीतोष्णखरमृद्वादेरपि स्पर्शं न वेत्ति च ॥ १६१ ॥
अमीषां लक्ष्मणां मध्याद्यदेकमपि दृश्यते ।
जंतोर्भवति मासेन तदा मृत्युर्न संशयः ॥ १६२ ॥
(पंचभिः कुलकम्)

જીભ સ્વાદને જાણી ન શકે, બોલતાં વારંવાર સ્ખલના થાય, કાન શબ્દો ન સાંભળે, નાસિકા ગંધ ન જાણી શકે, નિરંતર નેત્ર ફરક્યા કરે, દેખેલી વસ્તુમાં પણ ભ્રમ થાય, રાત્રે ઇંદ્રધનુષ્ય દેખે, આરિસામાં કે પાણીમાં પોતાની આકૃતિ ન દેખાય, વાદળ વિનાની વિજળી જોવે, અકસ્માત્ મસ્તક બળતું જણાય, હંસ, કાગડા અને મયૂર (મોર) નાં કોઇ પણ ઠેકાણે મૈથુન સેવન (વિષય સેવન) જોવામાં આવે, ટાઢા, ઉના, ખરછટ અને સુંવાળા સ્પર્શને જાણી ન શકે, આ સર્વ લક્ષણોમાંથી જો કોઈ એક પણ લક્ષણ માણસને દેખાય તો તે માણસનું મરણ એક મહિનામાં થાય એમાં કાંઈ સંશય ન જાણવો. ૧૫૮, ૧૫૯, ૧૬૦, ૧૬૧. ૧૬૨.

शीते हकारे फुत्कारे चोष्णे स्मृतिगतिक्षये ।
अंगपंचकशैत्ये च स्याद्दशाहेन पंचता ॥ १६३ ॥

હકાર અક્ષર બોલતાં જો શ્વાસ ઠંડો જણાય, ફુત્કાર કરી શ્વાસ બહાર કાઢતાં તે ગરમ જણાય, યાદશક્તિ બિલકુલ ન રહે, હાલવા ચાલવાની ગતિ બંધ થાય અને શરીરનાં પાંચે અંગો ઠંડાં થઇ જાય તો દશ દિવસે મરણ થાય. ૧૬૩.

अर्धोष्णमर्द्धशीतं च शरीरं जायते यदा ।
ज्वालाऽकस्माज्ज्वलेद्वांऽगे सप्ताहेन तदा मृतिः ॥ १६४ ॥

શરીર અરધું ઊનું હોય અને અરધું શરીર ઠંડુ થઈ જાય તથા કારણ સિવાય અકસ્માત્ શરીરમાં જ્વાલા બળ્યા કરે તો સાત દિવસે મરણ થાય. ૧૬૪.

स्नातमात्रस्य हृत्पादं तत्क्षणाद्यदि शुष्यति ।
दिवसे जायते षष्ठे तदा मृत्युरसंशयम् ॥ १६५ ॥

સ્નાન કર્યા પછી તરત જ જો હૃદય અને પગ સૂકાઇ જાય તો નિશ્ચે તેનું છઠ્ઠે દિવસે મરણ થાય. ૧૬૫.

जायते दंतघर्षश्चेच्छवगंधश्च दुःसहः ।
विकृता भवति च्छाया त्र्यहेन म्रियते तदा ॥ १६६ ॥

કડકડાટ કરતો દાંત ઘસ્યા કરે, મડદાની માફક મહા ખરાબ દુર્ગંધ શરીરમાંથી નીકળ્યા કરે અને શરીરના વર્ણમાં વિકૃતિ થાય (અર્થાત્ કાળો, ધોળો, રાતો વગેરે શરીરનો રંગ બદલાયા કરે) તો તે ત્રીજે દિવસે મરણ પામે. ૧૬૬.

न स्वनासां स्वजिह्वां न न ग्रहानामला दिशः ।
नापि सप्तऋषीन् व्योम्नि पश्यति म्रियते तदा ॥ १६७ ॥

જે માણસ પોતાની નાસિકા, પોતાની જીભ, ગ્રહ, નક્ષત્ર,

તારા, નિર્મલ દિશા, અને આકાશમાં રહેલા સપ્તઋષિના તારા-ઓને ન જોઇ શકે તે બે દિવસે મરણ પામે. ૧૬૭.

प्रभाते यदि वा सायं ज्योत्स्नावत्यामथो निशि ।
प्रवितत्य निजौ बाहू निजच्छायां विलोक्य च ॥१६८॥
शनैरुत्क्षिप्य नेत्रे स्वच्छायां पश्येत्ततोऽम्बरे ।
न शिरो दृश्यते तस्यां यदा स्यान्मरणं तदा ॥१६९॥
नेक्ष्यते वामबाहुश्चेत् पुत्रदारक्षयस्तदा ।
यदि दक्षिणबाहुर्नेक्ष्यते भ्रातृक्षयस्तदा ॥ १७० ॥
अदृष्टे हृदये मृत्युरुदरे च धनक्षयः ।
गुह्ये पितृविनाशस्तु व्याधिरूरुयुगे भवेत् ॥ १७१ ॥
अदर्शने पादयोश्च विदेशगमनं भवेत् ।
अदृश्यमाने सर्वांगे सद्यो मरणमादिशेत् ॥ १७२ ॥
(पंचभिः कुलकम्)

સવારમાં અથવા સાંજે અથવા અજવાળી રાત્રિએ પ્રકાશમાં ઊભા રહી, પોતાના હાથ લાંબા (કાઉસ્સગ્ગની માફક) રાખી પોતાના શરીરની છાયા (પડછાયા) સામું ખુલ્લી આંખ રાખી કેટલીકવાર સુધી જોયા કરવું. ત્યાર પછી હળવે હળવે તે નેત્રને છાયા ઉપરથી ઉપાડી તે ખુલ્લી આંખે ઉંચે યા સામું અકાશમાં જોવું. તો પુરૂષના જેવી ધોળી આકૃતિ આકાશમાં રહેલી દેખાશે. જો તે આકૃતિનું માથું જોવામાં ન આવે તો પોતાનું મરણ થશે. જો ડાબો હાથ જોવામાં ન આવે તો પુત્ર યા સ્રીનો નાશ થાય. જો જમણો હાથ જોવામાં ન આવે તો ભાઇનું મરણ થાય. હૃદય ન દેખાય તો પોતાનું મરણ થાય.

પેટનો ભાગ ન જણાય તો ધનનો નાશ થાય. ગુહ્ય સ્થાન ન દેખાય તો પોતાના પૂજ્ય વર્ગ પિતા પ્રમુખનો નાશ થાય. બે સાથળ ન દેખાય તો વ્યાધિ પેદા થાય. પગ ન દેખાય તો પરદેશમાં જવું પડે. અને આખું શરીર ન દેખાય તો તત્કાળ મરણ થાય. ૧૬૮ થી ૧૭૨.

પ્રકારાંતરે કરી કાળજ્ઞાન બતાવે છે

विद्यया दर्पणांगुष्ठकुड्यादिष्ववतारिता ।
विधिना देवता पृष्टा ब्रूवे कालस्य निर्णयम् ॥ १७२ ॥
सूर्येन्दुग्रहणे विद्या नरवीरे ठठेत्यसौ ।
साध्या दशसहस्राष्टोत्तरया जपकर्म्मतः ॥ १७४ ॥
अष्टोत्तरसहस्रस्य जपात् कार्यक्षणे पुनः ।
देवता लीयतेऽस्यादौ ततः कन्याह निर्णयम् ॥ १७५ ॥
सत्साधकगुणाकृष्टा स्वयमेवाथ देवता ।
त्रिकालविषयं ब्रूते निर्णयं गतसंशयम् ॥ १७६ ॥

વિદ્યાએ કરીને દર્પણ, અંગુઠા અને ભીંત પ્રમુખમાં અવતારેલ દેવતાને (ગુરૂ ઉપદિષ્ટ) વિધિપૂર્વક પૂછવાથી તે આયુષ્યનો નિર્ણય કહી બતાવે છે. સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ હોય ત્યારે ૐ **नरवीरे ठः ठः स्वाहा** એ વિદ્યા દશ હજાર અને આઠવાર જાપ કરીને સાધવી. પછી કાર્ય પ્રસંગે એક હજાર અને આઠવાર તે વિદ્યા જપીને દર્પણાદિકને વિષે દેવતાને અવતારવી. પછી તે આરિસા પ્રમુખમાં એક કુંવારી કન્યાને જોવરાવવું. તેમાં તે કન્યા દેવતાનું રૂપ દેખે એટલે તેની પાસે આયુષ્યનો નિર્ણય પૂછવો. તે કન્યા સર્વ નિર્ણય

આપે. અથવા ઉત્તમ સાધકના ગુણથી આકર્ષાયેલી તે દેવતા પોતાની મેળે નિર્ણયવાળું અને સંશય વિનાનું ત્રિકાલ સંબંધી આયુષ્યજ્ઞાન કહી આપે. ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૭૬.

શુકનદ્વારા કાળજ્ઞાન

अथवा शकुनाद्विद्यात्सज्जो वा यदि वाऽऽतुरः ।
स्वतो वाऽपि परतो वा गृहे वा यदि वा बहिः ॥१७७॥
अहिवृश्चिककृम्याखुगृहगोधापिपीलिकाः ।
यूकामत्कुणलूताश्च वल्मीकोऽथोपदेहिकाः ॥ १७८ ॥
कीटिका घृतवर्णाश्च भ्रमर्यश्च यदाधिकाः ।
उद्वेगकलहव्याधिमरणानि तदादिशेत् ॥ १७९ ॥
उपानद्वाहनच्छत्रशस्त्रच्छायांगकुंतलान् ।
चंच्वा चुंबेद्यदा काकस्तदासन्नैव पंचता ॥ १८० ॥
अश्रुपूर्णदृशो गावो गाढं पादैर्वसुंधराम् ।
खनंति चेत्तदानीं स्याद्रोगो मृत्युश्च तत्प्रभोः ॥१८१॥

અથવા નીરોગી હોય કે રોગી હોય, પોતાથી કે પરથી, ઘરમાં કે બહાર, શુકનથી શુભાશુભનો નિર્ણય જાણવો. સર્પ, વીંછી, કરમિયાં, ઉંદર, ગરોલી, કીડીઓ, જુવો, માંકડ, કરોળિયા, રાફડા (ઉદેહીનાં ઘરો), ઉદેહી, ઘીમેલ, અને ભમરીઓ જ્યારે એકદમ વિશેષ જોવામાં આવે તો ઉદ્વેગ, ક્લેશ, વ્યાધિ, અથવા મરણ નિપજે. જોડા, હાથી, ઘોડા, પ્રમુખ વાહન, છત્ર, શસ્ત્ર, શરીર, અને કેશ (વાળ) એ માંહેથી કોઇને કાગડો ચાંચે કરી સ્પર્શ કરે, તો જાણવું કે મરણ નજીકમાં છે. જો આંખે આંસુ પાડતી ગાય ઘણા જોરથી પગે કરી પૃથ્વીને ખોદે તો

તે આયના સ્વામીનું રોગથી મરણ થાય. ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧.

પ્રકારાંતરે શુકનથી કાલજ્ઞાન કહે છે

अनातुरकृते ह्येतत् शकुनं परिकीर्तितम् ।
अधुनाऽऽतुरमुद्दिश्य शकुनं परिकीर्त्यते ॥ १८२ ॥

આ પૂર્વે કહેવામાં આવેલ શુકનો રોગ વિનાના માણસ માટે જણાવ્યાં. હવે રોગીને ઉદ્દેશીને શુકનો કહીએ છીએ.

दक्षिणस्यां वलित्वा चेत् श्वा गुदं लेढ्युरोऽथवा ।
लांगूलं वा तदा मृत्युरेकद्वित्रिदिनैः क्रमात् ॥१८३॥
शेते निमित्तकाले चेत् श्वा संकोच्याखिलं वपुः ।
धृत्वा कर्णौ वलित्वांऽगं धुनोत्यथ ततो मृतिः ॥१८४॥
यदि व्यात्तमुखो लालां मुंचन् संकोचितेक्षणः ।
अंगं संकोच्य शेते श्वा तदा मृत्युर्न संशयः ॥१८५॥
(त्रिभिर्विशेषकम्)

રોગી જ્યારે પોતાના આયુષ્ય સંબંધી શુકન જોતો હોય ત્યારે જો કૂતરો (કૂતરાની જાતિ) દક્ષિણ દિશા સન્મુખ જઇને પોતાની ગુદાને ચાટે તો તે રોગીનું એક દિવસમાં મરણ થાય. જો કૂતરો પોતાનું હૃદય ચાટે તો બે દિવસે રોગી મરે અને જો તે પોતાની પુંછડી ચાટે તો ત્રણ દિવસે રોગીનું મરણ થાય. જ્યારે રોગી નિમિત્ત જોતો હોય ત્યારે જો કૂતરો પોતાનું આખું શરીર સંકોચીને સૂવે અથવા કાનને ચડાવીને (અક્કડ કરીને) અને શરીરને વાળીને હલાવે (ધૂણાવે) તો રોગી

મરણ પામે અથવા જો મોઢું પહોળું કરી લાળને મૂકતે આંખો મીંચી શરીરને સંકોચીને તે શ્વાન સૂવે તો નિશ્ચે રોગીનું મૃત્યુ થાય. ૧૮૩, ૧૮૪, ૧૮૫.

यदाऽऽतुरगृहस्योर्ध्वे काकपक्षिगणो मिलन् ।
त्रिसंध्यं दृश्यते नूनं तदा मृत्युरुपस्थितः ॥ १८६ ॥
महानसे तथा शय्याऽऽगारे काकाः क्षिपंति चेत् ।
चर्मास्थिरज्जुं केशान् वा तदासन्नैव पंचता ॥१८७॥

જો રોગીના ઘર ઉપર સવાર, બપોર અને સાંજ એમ ત્રણ કાળ કાગડાનો સમુદાય મળી કોળાહળ કરતો જણાય તે નિશ્ચે તેનું મરણ આવી પહોંચ્યું છે એમ જાણવું. તથા રોગીના રસોડા ઉપર અને સુવાના ઘર ઉપર કાગડાએ ચામડું, હાડકું, દોરડું કે વાળ લાવીને ફેંકે તો તેનું મરણ નજીક જ છે એમ સમજવું. ૧૮૬, ૧૮૭.

अथवोपश्रुतेर्विद्याद्विद्वान् कालस्य निर्णयम् ।
प्रशस्ते दिवसे स्वप्नकाले शस्तां दिशं श्रितः ॥१८८॥
पूत्वा पंचनमस्कृत्याचार्यमंत्रेण वा श्रुती ।
गेहाच्छन्नश्रुतिर्गच्छेच्छिल्पिचत्वरभूमिषु ॥१८९॥
चंदनेनार्चयित्वा क्ष्मां क्षिप्त्वा गंधाक्षतादि च ।
सावधानस्ततस्तत्रोपश्रुतेः शृणुयाद् ध्वनिम् ॥१९०॥
अर्थांतरापदेश्यश्च सरूपश्चेति स द्विधा ।
विमर्शगम्यस्तत्राद्यः स्फुटोक्तार्थोऽपरः पुनः ॥१९१॥
यथैष भवनस्तंभः पंचषड्भिरयं दिनैः ।
पक्षैर्मासैरथो वर्षैर्भक्ष्यते यदि वा न वा ॥१९२॥

मनोहरतरश्चासीत् किं त्वयं लघु भंक्ष्यते ।
अर्थांतरापदेश्यः स्यादेवमादिरूपश्रुतिः ॥१९३॥
एषा स्त्री पुरुषो वाऽसौ स्थानादस्मान्न यास्यति ।
दास्यामो न वयं गंतुं गंतुकामो न चाप्ययम् ॥१९४॥
विद्यते गंतुकामोऽयमहं च प्रेषणोत्सुकः ।
तेन यास्यत्यसौ शीघ्रं स्यात्सरूपेत्युपश्रुतिः ॥१९५॥
कर्णोद्घाटनसंजातोपश्रुत्यंतरमात्मनः ।
कुशलाः कालमासन्नमनासन्नं च जानते ॥१९६॥

અથવા વિદ્વાન્ પુરૂષોએ, ઉપશ્રુતિએ કરી આયુષ્યનો નિર્ણય કરવો (તે જ બતાવે છે.) ભદ્રા આદિ અપયોગ ન હોય તેવા ઉત્તમ દિવસે સુવાના અવસરે (એક પ્રહર રાત્રિ જવા પછી) પૂર્વ, ઉત્તર કે પશ્ચિમ દિશા તરફ જવું. જતાં પહેલાં નવકાર મંત્રથી અથવા સૂરિમંત્રે કરી કાનને પવિત્ર (મંત્રિત) કરવો અને ત્યારપછી ઘરથી નીકળતાં રસ્તામાં કોઇનો શબ્દ કાનમાં ન આવે તેવી રીતે કાનને ઢાંકી કારીગરોનાં ઘર તરફ અથવા બજારમાં પૂર્વે કહેલી દિશા તરફ જવું. કારીગરોનાં ઘર પાસે યા બજારમાં જઇ તે ભૂમિનું ચંદનવડે પૂજન કરી તેના ઉપર ગંધ, અક્ષત (બરાસ ચોખા) નાખી સાવધાન થઇ ત્યાં કોઇ પણ મનુષ્યનો શબ્દ થતો હોય તો કાન ખુલ્લા કરીને સાંભળવો. તે સંભળાતા શબ્દો બે પ્રકારના હોય છે. એક અર્થાંતરાપદેશ્ય અને બીજા સ્વરૂપ ઉપશ્રુતિ; અર્થાંતરાપદેશ્ય ઉપશ્રુતિ એટલે જે શબ્દ સાંભળવામાં આવે તેનો કોઇ બીજો અર્થ કલ્પવો, અને સ્વરૂપ ઉપશ્રુતિ એટલે જેવો શબ્દ સાંભળ્યો તેવો જ અર્થ કલ્પવો યા ગ્રહણ કરવો. પહેલો અર્થાંતરાપદેશ્ય વિચા-

રથી જાણી શકાય તેમ છે અને બીજો સ્વરૂપ અર્થ પ્રકટ જાણી શકાય તેમ છે. (અર્થાંતરાપદેશ્ય ઉપશ્રુતિ બતાવે છે) જેમકે આ ઘરનો સ્તંભ પાંચ છ દિવસ યા પાંચ છ પખવાડીએ યા મહિને કે વર્ષે ભાંગી જશે અથવા નહિ ભાંગે. તે ઘણો સારો હતો પણ જલદી ભાંગી જશે વગેરે. આથી પોતાના આયુષ્યનો તેવો જ નિર્ણય કરી લેવો કે તેટલા દિવસે, મહિને કે વર્ષે પોતાનું મરણ નિપજશે. એ અર્થાંતરાપદેશ્ય શ્રુતિ જાણવી. હવે બીજી સ્વરૂપઆશ્રયી શ્રુતિ કહે છે. જેમકે આ પુરૂષ કે સ્ત્રી આ સ્થાનથી જશે નહિં. અમે તેને જવા પણ ન દઈશું. અને તે જવાનો ઇચ્છુક પણ નથી. અથવા તો જવાની ઇચ્છા કરે છે, હું પણ તેને મોકલવા ઇચ્છું છું. માટે આ હવે જલદી અહીંથી જશે. આ સ્વરૂપ ઉપશ્રુતિ કહેવાય છે. આથી સમજી લેવાનું છે કે જો જવાનું સાંભળે તો મરણ નજીક છે અને રહેવાનું સાંભળે તો હમણાં મરણ નથી. આ પ્રમાણે કાન ખુલ્લા કરી પોતે સાંભળેલી ઉપશ્રુતિ પ્રમાણે કુશલ માણસો નજીક કે દૂર પોતાના આયુષ્યનો નિર્ણય જાણે છે. ૧૮૮, ૧૮૯, ૧૯૦, ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૪, ૧૯૫, ૧૯૬.

શનિશ્ચર પુરૂષે કરી કાળજ્ઞાન જાણવાની રીત

शनिः स्याद्यत्र नक्षत्रे तद्दातव्यं मुखे ततः ।
चत्वारि दक्षिणे पाणौ त्रीणि त्रीणि च पादयोः ॥१९७॥
चत्वारि वामहस्ते तु क्रमशः पंच वक्षसि ।
त्रीणि शीर्षे दृशोर्द्वे द्वे गुह्य एकः शनौ नरे ॥१९८॥
निमित्तसमये तत्र पतितं स्थापनाक्रमात् ।
जन्मर्क्षं नामऋक्षं वा गुह्यदेशे भवेद्यदि ॥१९९॥

दृष्टं श्लिष्टं ग्रहैर्दुष्टैः सौम्यैरप्रेक्षितायुतम् ।
सज्जस्यापि तदा मृत्युः का कथा रोगिणः पुनः ॥२००॥

શનિશ્ચરની પુરૂષના જેવી આકૃતિ બનાવવી અને નિમિત્ત જોવાના અવસરે જે નક્ષત્રમાં શનિ હોય તે નક્ષત્ર મુખમાં મૂકવું. ત્યારપછી ક્રમે આવતાં ચાર નક્ષત્રો જમણા હાથમાં મૂકવાં. ડાબા જમણા પગમાં ત્રણ ત્રણ મૂકવાં. ચાર ડાબા હાથમાં, પાંચ છાતિમાં, ત્રણ મસ્તકમાં, બે બે બન્ને નેત્રમાં અને એક નક્ષત્ર ગુહ્ય ભાગમાં મૂકવું. નિમિત્ત જોવાને અવસરે સ્થાપનાના અનુક્રમથી જન્મ નક્ષત્ર કે નામ નક્ષત્ર જો ગુહ્ય ભાગમાં આવ્યું હોય અને દુષ્ટ ગ્રહોની તેના ઉપર દૃષ્ટિ પડતી હોય યા તેની સાથે મેળાપ થતો હોય અને સૌમ્ય ગ્રહોની દૃષ્ટિ કે મેળાપ ન થતો હોય તો તે માણુસ નીરોગી હોય તોપણ તેનું મરણ થાય તો માંદાની તો વાત જ શું કરવી? અર્થાત્ તે તો મરણ પામે જ. ૧૯૭, ૧૯૮, ૧૯૯, ૨૦૦.

પૃચ્છા લગ્નના અનુસારે કાલજ્ઞાન

पृच्छायामथ लग्नास्ते चतुर्थदशमस्थिताः ।
ग्रहाः क्रूराः शशी षष्ठाष्टमश्चेत् स्यात्तदामृतिः ॥ २०१ ॥

આયુષ્ય સંબંધી પ્રશ્ન પૂછતી વખતે તે જ ચાલતું લગ્ન તત્કાળ અસ્ત થઈ જાય અને ક્રૂર ગ્રહો ચોથે (સાતમે) કે દશમે રહ્યા હોય તથા ચંદ્રમા છઠ્ઠો કે આઠમો હોય તો તેનું મરણ થાય. ૨૦૧.

पृच्छायाः समये लग्नाधिपतिर्भवति ग्रहः ।
यदि वास्तमितो मृत्युः सज्जस्यापि तदा भवेत् ॥२०२॥

આયુષ્ય સંબંધી પ્રશ્ન પૂછતી વખતે જો લગ્નાધિપતિ

મેષાદિ રાશિમાં કુજ–શુક્રાદિ હોય અથવા ચાલતા લગ્નના અધિપતિ ગ્રહનો અસ્ત થયેલો હોય તો તે સાજો માણસ હોય તોપણ તેનું મરણ થાય. ૨૦૨.

लग्नस्थश्चेच्छशी सौरिर्द्वादशे नवमः कुजः ।
अष्टमोऽर्कस्तदा मृत्युः स्याच्चेन्न बलवान् गुरुः ॥२०३॥

પ્રશ્ન કરતી વખતે ચંદ્રમા લગ્નમાં રહેલો હોય, બારમે શનિશ્ચર હોય, નવમે મંગલ હોય, આઠમે સૂર્ય હોય અને ગુરૂ બળવાન્ ન હોય તો મરણ થાય. ૨૦૩.

रविः षष्ठस्तृतीयो वा शशी च दशमस्थितः ।
यदा भवति मृत्युः स्यात्तृतीये दिवसे तदा ॥२०४॥

પ્રશ્ન પૂછવાના સમયે છઠ્ઠો અથવા ત્રીજો સૂર્ય હોય અને ચંદ્રમા દશમે રહેલો હોય તો ત્રીજે દિવસે મરણ થાય. ૨૦૪.

पापग्रहाश्चेदुदयात्तुर्ये वा द्वादशेऽथवा ।
दिशंति तद्विदो मृत्युं तृतीये दिवसे तदा ॥२०५॥

જો પ્રશ્ન અવસરે લગ્નથી પાપગ્રહો (ખરાબ ગ્રહો) ચોથે કે બારમે હોય તો કાળજ્ઞાનના જાણકાર પુરૂષો તેનું ત્રીજે દિવસે મૃત્યુ જણાવે છે. ૨૦૫.

उदये पंचमे वापि यदि पापग्रहो भवेत् ।
अष्टभिर्दशभिर्वा स्याद्दिवसैः पंचता ततः ॥२०६॥

પ્રશ્ન સમયે ચાલતા લગ્ને અથવા પાંચમે જો ક્રૂર ગ્રહ હોય તો આઠ અગર દશ દિવસે મરણ થાય. ૨૦૬.

धनुर्मिथुनयोः सप्तमयोर्यद्यशुभग्रहाः ।
तदा व्याधिर्मृतिर्वा स्याज्ज्योतिषामिति निर्णयः ।२०७।

પ્રશ્ન સમયે (અથવા વર્ષ ફલે) સાતમા ધનુરાશિ અને મિથુનરાશિમાં જો અશુભ ગ્રહો આવ્યા હોય તો વ્યાધિ અથવા મરણ થાય. આ પ્રમાણે જ્યોતિષના જાણકારનો નિર્ણય છે. ૨૦૭.

યંત્રદ્વારા કાળસ્વરૂપ

अंतःस्थाधिकृतप्राणिनामप्रणवगर्भितम् ।
कोणस्थरेफमाग्नेयपुरं ज्वालाशताकुलम् ॥ २०८ ॥
सानुस्वारैरकाराद्यैः षट्स्वरैः पार्श्वतो वृतम् ।
स्वस्तिकांकबहिःकोणं स्वाक्षरांतः प्रतिष्ठितम् ॥२०९॥
चतुःपार्श्वस्थगुरुयं यंत्रवायुपुरावृतम् ।
कल्पयित्वा परिन्यस्येत् पादहृच्छीर्षसंधिषु ॥२१०॥
सूर्योदयक्षणे सूर्यं पृष्ठे कृत्वा ततः सुधीः ।
स्वपरायुर्विनिश्चेतुं निजच्छायां विलोकयेत् ॥२११॥
पूर्णां छायां यदीक्षेत तदा वर्षे न पंचता ।
कर्णाभावे तु पंचत्वं वर्षैर्द्वादशभिर्भवेत् ॥ ११२ ॥
हस्तांगुलीस्कंधकेशपार्श्वनासाक्षये क्रमात् ।
दशाष्टसप्तपंचत्र्येकवर्षैर्मरणं भवेत् ॥२१३॥
षण्मास्या म्रियते नाशे शिरसश्चिबुकस्य वा ।
ग्रीवानाशे तु मासेनैकादशाहेन दृक्क्षये ॥ २१४ ॥
सच्छिद्रे हृदये मृत्युर्दिवसैः सप्तभिर्भवेत् ।
यदि च्छायाद्वयं पश्येद्यमपार्श्वं तदा व्रजेत् ॥२१५॥
(अष्टभिः कुलकम्)

પહેલો ॐકાર કરવો અને તે ॐકારની અંદર પોતાનું

અથવા જેના આયુષ્યનો નિર્ણય કરવો હોય તેનું નામ લખવું. તે

ૐકાર છ ખૂણાવાળા યંત્રમાં કરવો. તે યંત્રને ખૂણે અગ્નિની સેંકડો ગમે જ્વાલાઓથી વ્યાપ્ત અગ્નિથી જ (ર) રકાર મૂકવા. અનુસ્વાર સહિત અકારાદિ (અં આં ઇં ઈં ઉં ઊં) છ સ્વરોએ ખૂણાના બહારના ભાગોને વીંટી લેવા. (અર્થાત્ આ છ સ્વરો છખૂણા પાસે લખવા.) પછી છએ બહારના ખૂણે છ સાથિયા કરવા. સાથિઆ અને સ્વરોના વચમાં આંતરે આંતરે છ (સ્વા) અક્ષરો મૂકવા. ચારે બાજુ વિસર્ગ સહિત યકાર કરવા (યઃ) અને તે યકાર ઉપર ચારે બાજુ વાયુના પુરથી આવૃત્ત સંલગ્ન ચાર રેખા કરવી. આવો યંત્ર કલ્પી તેને પગ, હૃદય, માથે અને સાંધાઓને વિષે સ્થાપન કરવો. પછી સૂર્યોદય વેળાએ સૂર્યને પૂંઠ પડે તેવી રીતે પશ્ચિમ દિશામાં બેસી પોતાના અથવા પરના આયુષ્ય નિર્ણય માટે પોતાની છાયા પૂર્ણ દેખાય તો એક વર્ષ સુધીમાં મરણ નથી (અને રોગ રહિત, સુખમાં વર્ષ પસાર કરશે). જો કાન દેખવામાં ન આવે તો બાર વર્ષે મરણ થશે. હાથ ન દેખાય તો દશ વર્ષે મરણ. આંગલીઓ ન દેખાય તો આઠ વર્ષે. ખાંધ ન દેખાય તો સાત વર્ષે. કેશ ન દેખાય તો પાંચ વર્ષે. પડખાં ન દેખાય તો ત્રણ વર્ષે. નાક ન દેખાય તો એક વર્ષે. માથું યા ચિબુક ન દેખાય તો છ મહિને. ડોક ન દેખાય તો એક મહિને. આંખો ન દેખાય તો અગિયાર દિવસે. હૃદયમાં છિદ્ર દેખાય તો સાત દિવસે મરણ થાય. અને બે છાયા દેખાય તો તત્કાળ મરણ થાય. ૨૦૮ થી ૨૧૫.

યંત્રપ્રયોગ બતાવી, હવે વિદ્યાએ કરી કાળજ્ઞાન બતાવે છે

इत्येवं यंत्रयोगेन जानीयात्कालनिर्णयम् ।
यदि वा विद्यया विद्याद्वक्ष्यमाणप्रकारया ॥ २१६ ॥

આ પ્રમાણે યંત્ર પ્રયોગે કરી આયુષ્યનો નિર્ણય જાણવો અથવા આગળ કહેવામાં આવશે તે વિદ્યા વડે કરી નિર્ણય કરવો. ૨૧૬.

વિદ્યાપ્રયોગ

प्रथमं न्यस्य चूडायां स्वाशब्दमों च मस्तके ।
क्षिं नेत्रहृदये पं च नाभ्यब्जे हाऽक्षरं ततः ॥२१७॥

પ્રથમ ચોટલીમાં (સ્વા) શબ્દ, માથા ઉપર (ઓઁ) શબ્દ, નેત્રમાં (ક્ષિ) શબ્દ, હૃદયમાં (પ) શબ્દ અને નાભિ કમળમાં (હા) શબ્દ સ્થાપન કરવો. ૨૧૭. ॐ जुंसः ॐ मृत्युंजयाय ॐ वज्रपाणिने शूलपाणिने हर हर दह दह स्वरूपं दर्शय दर्शय हुं फूट.

अनया विद्ययाष्टाग्रशतवारं विलोचने ।
स्वच्छायां चाभिमंत्र्यार्के पृष्ठे कृत्वारुणोदये ॥२१८॥
परच्छायां परकृते स्वच्छायां स्वकृते पुनः ।
सम्यक् तत् कृतपूजः सन्नुपयुक्तो विलोकयेत् ॥२१९॥

આ વિદ્યાએ એકસો આઠવાર પોતાના નેત્રને અને પોતાની છાયાને મંત્રીને સૂર્યોદય વેળાએ સૂર્યને પાછળ રાખી (અર્થાત્ પશ્ચિમ દિશા તરફ મુખ રાખી) બીજાને માટે બીજાની છાયા અને પોતાને માટે પોતાની છાયા જોવી. ૨૧૮, ૨૧૯.

संपूर्णा यदि पश्येत्तामावर्षं न मृतिस्तदा ।
क्रमजंघाजान्वभावे त्रिद्व्येकाब्दैर्मृतिः पुनः ॥ २२० ॥

જો સંપૂર્ણ છાયા જોવામાં આવે તો આ ચાલતા વર્ષમાં મરણ ન થાય. પગ, જંઘા અને જાનું (ઘુંટણ) ન દેખાય તો અનુક્રમે ત્રણ, બે અને એક વર્ષે મરણ થાય. ૨૨૦.

उरोरभावे दशभिर्मासैर्नश्येत् कटेः पुनः ।
अष्टाभिर्नवभिर्वापि तुंदाभावे तु पंचभैः ॥२२१॥

સાથળ ન દેખાય તો દશ મહિને, કમ્મર ન દેખાય તો આઠ અગર નવ માસે અને પેટ ન દેખાય તો પાંચ મહિને મરણ થાય. ૨૨૧.

ग्रीवाभावे चतुस्त्रिद्व्येकमासैर्म्रियते पुनः ।
कक्षाभावे तु पक्षेण दशाहेन भुजक्षये ॥ २२२ ॥

જો ડોક દેખવામાં ન આવે તો ચાર, ત્રણ, બે કે એક મહિને મરણ થાય. કક્ષા (બગલ) ન દેખાય તો પંદર દિવસે અને ભુજા (હાથ) ન દેખાય તો દશ દિવસે મરણ થાય. ૨૨૨.

दिनैः स्कंधक्षयेऽष्टाभिश्चतुर्याम्या तु हृत्क्षये ।
शीर्षाभावे तु यामाभ्यां सर्वाभावे तु तत्क्षणात् ॥२२३।

તે છાયામાં સ્કંધ ન દેખાય તો આઠ દિવસે, હૃદય ન દેખાય તો ચાર પ્રહરે (પહોરે), મસ્તક ન દેખાય તો બે પહોરે અને સર્વથા શરીર ન દેખાય તો તત્કાળ મરણ થાય. ૨૨૩.

एवमाध्यात्मिकं कालं विनिश्चेतुं प्रसंगतः ।
बाह्यस्यापि हि कालस्य निणयः परिभाषितः ॥२२४॥

આ પ્રમાણે (પવનાભ્યાસે) શારીરિક કાળજ્ઞાનનો નિર્ણય કરતાં પ્રસંગોપાત્ત બાહ્યથી પણ કાળજ્ઞાનનો નિર્ણય કહેવાયો. ૨૨૪.

જય પરાજય સંબંધી જ્ઞાન

को जेष्यति द्वयोर्युद्धे इति पृच्छत्यवस्थिते ।
जयः पूर्वस्य पूर्णे स्याद्रिक्ते स्यादितरस्य तु ॥२२५॥

બન્નેના યુદ્ધમાં કોણ જીતશે? આવો પ્રશ્ન કર્યે છતે જો પૂર્ણ નાડી હોય (સ્વાભાવિક પૂરક થતો હોય અર્થાત્ શ્વાસ અંદર ખેંચાતો હોય) તો જેનું પહેલું નામ લીધું હોય તેનો જય થાય. અને જો નાડી રિક્ત હોય (રેચક થતો હોય અર્થાત્ પવન બહાર મૂકાતો હોય) તો બીજાનો જય થાય. ૨૨૫.

રિક્ત અને પૂર્ણનું લક્ષણ કહે છે

यत्त्यजेत् संचरन् वायुस्तद्रिक्तमभिधीयते ।
संक्रामेत्तु यत्र स्थाने तत्पूर्णं कथितं बुधैः ॥२२६॥

ચાલતા વાયુને જે બહાર મૂકવો તે રિક્ત કહેવાય છે, અને નાસિકાના સ્થાનમાં પવન અંદર પ્રવેશ કરતો હોય તેને વિદ્વાનો પૂર્ણ કહે છે. ૨૨૬.

સ્વરોદયથી શુભાશુભ નિર્ણય

प्रश्नादौ नाम चेद् ज्ञातुर्गृह्णात्यथातुरस्य तु ।
स्यादिष्टस्य तदा सिद्धिर्विपर्यासे विपर्ययः ॥२२७॥

પ્રશ્ન કરવામાં પ્રથમ નામ જાણવાવાળાનું લે અને પછી રોગીનું નામ લે તો ઈષ્ટસિદ્ધિ થાય અને તેથી વિપરીત એટલે પહેલું રોગીનું અને પછી જાણનારનું નામ લે તો તેનું પરિણામ પણ વિપરીત આવશે એમ સમજવું. ૨૨૭.

વિવેચન–જેમકે જિનદત્તજી! આ દેવદત્ત નામના રોગીને સારૂં થશે કે કેમ? આમાં જાણકાર જિનદત્તજીનું

નામ પ્રથમ છે, અને રાગીનું પછી છે, તો કાર્યસિદ્ધિ અર્થાત્ નીરાગી થશે. આ રાગવાળા દેવદત્તને સારૂં થશે કે નહિ, જિનદત્તજી ! તે વિષે મને કહો. આમાં રાગીનું નામ પહેલું છે તેથી ઇષ્ટસિદ્ધિ નહિ થાય. કોઇ આ પ્રમાણે પ્રથમ બોલવાનું જાણી લઇ મરવાની તૈયારીવાળાના સંબંધમાં પ્રશ્ન કરે અને તેથી સર્વ જીવતા રહે એમ ન સમજવું. ખરી રીતે આ પ્રશ્નો અજાણ્યા પૂછવાના છે અને બીજા પણ તત્ત્વાદિકથી જણાતાં કારણોને લઇને જ્ઞાતા પુરૂષ યથાયોગ્ય ઉત્તર આપે તો નિમિત્તજ્ઞાન સત્ય થાય છે.

वामबाहुस्थिते दूते समनामाक्षरो जयेत् ।
दक्षिणबाहुगे त्वाजौ विषमाक्षरनामकः ॥२२८॥

યુદ્ધમાં કોણ જીતશે ? એ પ્રશ્ન કરવા માટે જો દૂત (પ્રશ્ન કરનાર) ડાબી બાજુએ ઉભો હોય તો જે યુદ્ધ કરનારનું નામ સમ અક્ષરનું (બે ચાર છ બેકીવાળા અક્ષરો તે સમ) હોય તેનો જય થાય અને જમણી બાજુ ઉભો રહી પ્રશ્ન કરે તો વિષમ અક્ષર (એકીવાળા ૧-૩-૫) ના નામવાળાનો જય થાય. ૨૨૮.

भूतादिभिर्गृहीतानां दष्टानां वा भुजंगमैः ।
विधिः पूर्वोक्त एवासौ विज्ञेयः खलु मांत्रिकैः ॥२२९॥

ભૂતાદિકના વળગાડવાળાં અને સર્પાદિકથી ડસાયેલાં માણસો માટે પણ પૂર્વે કહેલ વિધિ જ (પ્રશ્નના સંબંધમાં) મંત્રવાદીઓએ નીરોગી થવા માટે જાણવો. ૨૨૯.

पूर्णा संजायते वामा नाडी हि वरुणेन चेत् ।
कार्याण्यारभ्यमाणानि तदा सिध्यंत्यसंशयम् ॥२३०॥

પૂર્વે જે ચાર મંડળો કહેવામાં આવ્યાં છે તે માંહેલા બીજા વારૂણ નામના મંડળે કરી જો ડાબી નાડી પૂર્ણ વહન થતી હોય તો એ અવસરે પ્રારંભ કરાતાં કાર્યો અવશ્ય સિદ્ધ થાય છે. ૨૩૦.

जयजीवितलाभादिकार्याणि निखिलान्यपि ।
निष्फलान्येव जायंते पवने दक्षिणास्थिते ॥ २३१ ॥

અને જો વારૂણ મંડળના ઉદયે પવન જમણી નાસિકામાં રહેલો હોય તો જય, જીવિત અને લાભાદિ સર્વ કાર્યો નિષ્ફલ જ થાય છે. ૨૩૧.

ज्ञानी बुद्ध्वानिलं सम्यक् पुष्पं हस्तात्प्रपातयेत् ।
मृतजीवितविज्ञाने ततः कुर्वीत निश्चयम् ॥ २३२ ॥

જીવિત મરણના વિજ્ઞાન માટે જ્ઞાનીએ વાયુને સારી રીતે જાણીને હાથથી પુષ્પ નીચું પાડવું અને તેથી પણ નિર્ણય કરવો. ૨૩૨.

त्वरितो वरुणे लाभश्चिरेण तु पुरंदरे ।
जायते पवने स्वल्पः सिद्धोऽप्यग्नौ विनश्यति ॥२३३ ॥

(પ્રશ્ન કરતી વખતે ઉત્તર આપનારને) વરૂણ મંડળનો ઉદય હોય તો ઘણી ઝડપથી લાભ થાય. પુરંદર મંડળ હોય તો મોડો લાભ થાય. પવનમંડળ હોય તો સહેજસાજ લાભ થાય અને અગ્નિમંડળનો ઉદય હોય તો સિદ્ધ થયેલ કાર્ય પણ નાશ પામે. ૨૩૩.

आयाति वरुणे यातः तत्रैवास्ते सुखं क्षितौ ।
प्रयाति पवनेऽन्यत्र मृत इत्यनले वदेत् ॥ २३४ ॥

વારૂણમંડળના ઉદયમાં ગ્રામાંતર ગયેલાના સંબંધમાં પ્રશ્ન કર્યો હોય તો તે શીઘ્ર પાછો આવશે. પુરંદરમંડળમાં તે જ્યાં

ગયો છે ત્યાં સુખે સમાધે રહ્યો છે. પવનમંડળમાં તે ત્યાંથી બીજે ઠેકાણે જાય છે અને અગ્નિમંડળમાં પ્રશ્ન કર્યો હોય તો તે મરણ પામ્યો છે એમ કહેવું. ૨૩૪.

दहने युद्धपृच्छायां युद्धभंगश्च दारुणः ।
मृत्युः सैन्यविनाशो वा पवने जायते पुनः ॥२३५॥

અગ્નિમંડળમાં યુદ્ધ સંબંધી પ્રશ્ન કરે તો મહાયુદ્ધ થાય અને યુદ્ધમાં વૈરી તરફથી હાર મળે. પવનમંડળમાં પ્રશ્ન કરે તો (જેના સંબંધમાં પ્રશ્ન કરાયો હોય) તેનું મરણ થાય અથવા સૈન્યનો વિનાશ થાય. ૨૩૫.

महेंद्रे विजयो युद्धे वारुणे वांछिताधिकः ।
रिपुभंगेन संधिर्वा स्वसिद्धिपरिसूचकः ॥ २३६ ॥

મહેન્દ્રમંડળમાં (પૃથ્વી તત્ત્વમાં) પ્રશ્ન કરે તો યુદ્ધમાં વિજય થાય, વારૂણમંડળ હોય તો મન ઇચ્છિતથી પણ અધિક લાભ થાય, તેમજ શત્રુનો ભંગ થવે કરી અથવા સંધિ (સલાહ) કરવે કરીને પોતાની સિદ્ધિને તે સૂચવે છે. ૨૩૬.

भौमे वर्षति पर्जन्यो वरुणे तु मनोमतम् ।
पवने दुर्दिनांभोदौ वह्नौ वृष्टिः कियत्यपि ॥२३७॥

વરસાદ સંબંધી પ્રશ્ન પાર્થિવમંડળમાં કરવામાં આવે તો વરસાદ વરસશે, વરૂણમંડલમાં પ્રશ્ન કરે તો મન ઈચ્છિત વરસાદ થાય. પવનમંડળમાં વાદળાંઓથી દુર્દિન થાય (વરસાદ ન વરસે) અને અગ્નિમંડલમાં કાંઈ (સહેજસાજ) વૃષ્ટિ થાય. ૨૩૭.

वरुणे शस्यनिष्पत्तिरतिश्लाघ्या पुरंदरे ।
मध्यस्था पवने च स्यान्न स्वल्पाऽपि हुताशने ॥२३८॥

ધાન્યનિષ્પત્તિના સંબંધમાં વરૂણમંડળમાં પ્રશ્ન કરે તો ધાન્યનિષ્પત્તિ થાય, પુરંદરમંડળમાં ઘણી સરસ નિષ્પત્તિ થાય. પવનમંડળમાં મધ્યસ્થ રીતે (કોઈ ઠેકાણે થાય અને કોઈ ઠેકાણે ન થાય) અને અગ્નિમડલમાં થોડું પણ અનાજ ન થાય. ૨૩૮.

महेंद्रवरुणौ शस्तौ गर्भप्रश्ने सुतप्रदौ ।
समीरदहनौ स्त्रीदौ शून्यं गर्भस्य नाशकम् ॥२३९॥

ગર્ભ સંબંધી પ્રશ્ન કરવામાં મહેંદ્ર અને વરૂણમંડલ શ્રેષ્ઠ છે. તેમાં પ્રશ્ન કરે તો પુત્રની પ્રાપ્તિ થાય. વાયુ અને અગ્નિ મંડળમાં પુત્રીની પ્રાપ્તિ થાય તથા સુષુમ્ણા નાડીમાં પ્રશ્ન કરે તો ગર્ભનો નાશ થાય છે. ૨૩૯.

गृहे राजकुलादौ च प्रवेशे निर्गमेऽथवा ।
पूर्णांगपादं पुरतः कुर्वतः स्यादभीप्सितम् ॥२४०॥

ઘરને વિષે અને રાજકુલાદિકને વિષે પ્રવેશ કરતાં અથવા ત્યાંથી નિકળતાં જે તરફની નાસિકાના છિદ્રમાંથી પવન વહેતો હોય તે તરફના પગને પ્રથમ આગળ કરી ચાલતાં ઈચ્છિત પ્રાપ્તિ થાય. ૨૪૦

કાર્યસિદ્ધિનો ઉપાય

गुरुबंधुनृपामात्या अन्येऽपीप्सितदायिनः ।
पूर्णांगे खलु कर्तव्याः कार्यसिद्धिमभीप्सता ॥२४१॥ .

કાર્યસિદ્ધિને ઇચ્છતા મનુષ્યે ગુરૂ, બંધુ, રાજા, પ્રધાન અને બીજા પણ પોતાને ઇચ્છિત દેવાવાળા માણસોને (તેમની પાસેથી કાંઇ મેળવવું હોય ત્યારે) પૂર્ણાંગે રાખવા અર્થાત્ જે નાસિકાના છિદ્રમાંથી પવન વહેતો હોય તે તરફ તેમને રાખી પોતે બેસવું. ૨૪૧.

વશીકરણ

आसने शयने वाऽपि पूर्णांगे विनिवेशिताः ।
वशीभवन्ति कामिन्यो न कार्मणमतः परम् ॥२४२॥

આસન અને શયન વખતે પણ પૂર્ણાંગે બેસાડેલી (રાખેલી) સ્ત્રીઓ પોતાને સ્વાધીન થાય છે. આના સિવાય તેવું બીજું કોઈ કામણ નથી. ૨૪૨.

अरिचौराधमर्णाद्या अन्येऽप्युत्पातविग्रहाः ।
कर्तव्याः खलु रिक्तांगे जयलाभसुखार्थिभिः ॥२४३॥

જય, લાભ અને સુખના અર્થી જીવોએ, શત્રુ, ચોર અને લેણદાર આદિ તથા બીજા પણ ઉત્પાત, વગ્રહ વગેરે દુઃખ આપનારાઓને ખાલી અંગે રાખવા (જે બાજુના છિદ્રમાંથી પવન ન ચાલતા હોય તે બાજુ રાખવા), આથી તેઓ દુઃખ આપી શકતા નથી. ૨૪૩.

प्रतिपक्षप्रहारेभ्यः पूर्णांगे योऽभिरक्षति ।
न तस्य रिपुभिः शक्तिर्बलिष्ठैरपि हन्यते ॥ २४४ ॥

જે શત્રુઓના પ્રહારોથી પોતાના પૂર્ણ અંગનું રક્ષણ કરે છે, તેની શકિતનો નાશ કરવાને બળવાન શત્ર હોય, તો પણ સમર્થ થતો નથી.

वहंतीं नासिकां वामां दक्षिणां चाभिसंस्थितः ।
पृच्छेद्यदि तदा पुत्रो रिक्तायां तु सुता भवेत् ॥२४५॥

ડાબી અથવા જમણી નાસિકા વહેતી હોય, તે સન્મુખ ઉભો રહી જો (ગર્ભના સંબંધમાં) પ્રશ્ન કરે, તો પુત્રનો જન્મ કહેવો અને ખાલી નાસિકા તરફ ઉભો રહી પ્રશ્ન કરે કે આ ગર્ભવંતી સ્ત્રી કોનો જન્મ આપશે ? તો પુત્રી થશે એમ કહેવું. ૨૪૫.

सुषुम्णा वाहभागे द्वौ शिशू रिक्ते नपुंसकम् ।
संक्रांतौ गर्भहानिः स्यात् समे क्षेममसंशयम् ॥२४६॥

જો સુષુમ્ણા નાડિમાં પવન વહેતો હોય, ત્યારે સન્મુખ રહી પ્રશ્ન કરે, તો બે બાળકનો જન્મ થાય. સુષુમ્ણા મૂકી નાસિકાંતરમાં જતાં શૂન્ય મંડળ (આકાશમંડળ)માં પવન જવા પછી પ્રશ્ન કરે, તો નપુંસકનો જન્મ થાય. શૂન્યમંડળથી બીજી નાડીમાં સંક્રમણ કરતા તત્ત્વના ઉદયે જો પ્રશ્ન કરે તો ગર્ભનો નાશ થાય અને સંપૂર્ણ તત્ત્વના ઉદય થવા પછી સામો રહી પ્રશ્ન કરે, તો સંશયરહિત ક્ષેમ, કુશળ, મનોવાંછિતની સિદ્ધિ થાય. ૨૪૬.

મતાંતર

चंद्रे स्त्री पुरुषः सूर्ये मध्यभागे नपुंसकम् ।
प्रश्नकाले तु विज्ञेयमिति कैश्चिन्निगद्यते ॥ २४७ ॥

ચંદ્રસ્વર ચાલતાં સન્મુખ ઉભા રહી પ્રશ્ન કરે તો પુત્રીનો જન્મ, સૂર્યસ્વર હોય તો પુત્ર જન્મ, અને સુષુમ્ણા નાડી હોય તો નપુસકનો જન્મ જાણવો; એમ કોઈ આચાર્ય કહે છે. ૨૪૭.

મંડળથી મંડળાંતર જતા પવનને જાણવાનો ઉપાય

यदा न ज्ञायते सम्यक् पवनः संचरन्नपि ।
पीतश्वेतारुणश्यामैर्निश्चेतव्यः सन्निदुभिः ॥२४८॥

એક મંડળથી મંડળાંતરમાં જાતા પુરંદરાદિ પવન જ્યારે સારી રીતે જાણી ન શકાય, ત્યારે તેનો પીળા, ધોળા, લાલ અને કાળા (લીલા) બિંદુઓ વડે નિશ્ચય કરવો. ૨૪૮.

બિંદુ જોવાનો ઉપાય

अंगुष्ठाभ्यां श्रुती मध्यांगुलीभ्यां नासिकापुटे ।
अंत्योपांत्यांगुलीभिश्च पिधाय वदनांबुजम् ॥ २४९ ॥
कोणावक्ष्णोर्निपीड्याद्यांगुलीभ्यां श्वासरोधतः ।
यथावण निरीक्षेत बिंदुमव्यग्रमानसः ॥२५०॥ (युग्मम्)

બે અંગુઠાથી બે કાનનાં છિદ્ર દબાવવાં, મધ્ય આંગળીઓથી નાસિકાનાં છિદ્રો દબાવવાં, અનામિકા અને કનિષ્ઠા આંગળીઓથી મુખ દબાવવું અને તર્જની આંગળીઓથી આંખના ખૂણા દબાવી, શ્વાસોશ્વાસને રોકી રાખી, શાંત ચિત્તથી ભ્રકુટીમાં જે વર્ણના બિંદુઓ દેખાય તે જોવાં. ૨૪૯, ૨૫૦.

બિંદુના જ્ઞાનથી પવનનો નિર્ણય

पीतेन बिंदुना भौमं सितेन वरुणं पुनः ।
कृष्णेन पवनं विद्यादरुणेन हुताशनम् ॥ २५१ ॥

જો પીળું બિંદુ દેખાય તો પુરંદર વાયુ, ધોળું દેખાય તો વરુણ વાયુ, કૃષ્ણ (લીલું) બિંદુ દેખાય તો પવન નામનો વાયુ અને લાલ બિંદુ દેખાય તો અગ્નિ નામનો વાયુ છે એમ જાણવું. ૨૫૧.

ચાલતી નાડીને રોકવાનો અને બીજીને ચલાવવાનો ઉપાય

निरुरुत्सेद् वहन्तीं यां वामां वा दक्षिणामथ ।
तदंगं पीडयेत्सद्यो यथा नाडीतरा वहेत् ॥ २५२ ॥

વહન થતી ડાબી અથવા જમણી નાડીને રોકવાની ઇચ્છા હોય તો (બેઠાં અગર સૂતાં) તે તરફના પડખાને દબાવવું તો તત્કાળ બીજી નાડી ચાલતી થશે. (અને તે બંધ થશે.) ૨૫૨.

अग्रे वामविभागे हि शशिक्षेत्रं प्रचक्षते ।
पृष्ठे दक्षिणभागे तु रविक्षेत्रं मनीषिणः ॥ २५३ ॥

વિદ્વાન્ પુરુષો, શરીરના ડાબા ભાગમાં આગળ ચંદ્રનું ક્ષેત્ર કહે છે અને શરીરના જમણા વિભાગમાં પાછળ સૂર્યનું ક્ષેત્ર છે, એમ કહે છે. ૨૫૩.

लाभालाभौ सुखं दुःखं जीवितं मरणं तथा ।
विदन्ति विरलाः सम्यग् वायुसंचारवेदिनः ॥ २५४ ॥

સારી રીતે વાયુના સંચારને જાણવાવાળા વિરલા પુરુષો જ લાભ, અલાભ, સુખ, દુઃખ, જીવિત અને મરણને જાણી શકે છે.

अखिलं वायुजन्मेदं सामर्थ्यं तस्य जायते ।
कर्तुं नाडिविशुद्धिं यः सम्यग् जानात्यमूढधीः ॥२५५॥

જે તીક્ષ્ણ બુદ્ધિવાળો સારી રીતે નાડીની વિશુદ્ધિ કરવાનુ જાણે છે, તેને વાયુથી પેદા થતું સર્વ સામર્થ્ય પ્રાપ્ત થાય છે. ૨૫૫.

નાડી શોધન કરવાની રીત

नाभ्यब्जकर्णिकारूढं कलाबिंदुपवित्रितम् ।
रेफाक्रांतं स्फुरद्भासं हकारं परिचिंतयेत् ॥ २५६ ॥
तं ततश्च तडिद्वेगं स्फुलिंगार्चिशतांचितम् ।
रेचयेत्सूर्यमार्गेण प्रापयेच्च नभस्तलम् ॥ २५७ ॥
अमृतैः प्लावयन्तं तमवतार्य शनैस्ततः ।
चन्द्राभं चन्द्रमार्गेण नाभिप निवेशयेत् ॥ २५८ ॥
निष्क्रमं च प्रवेशं च यथामार्गमनारतम् ।
कुर्वन्नेवं महाभ्यासो नाडिशुद्धिमवाप्नुयात् ॥ २५९ ॥
(चतुर्भिः कलापकम्)

નાભિકમળની કર્ણિકામાં આરૂઢ થયેલો કલા (⌣) અને બિંદુ (・) થી પવિત્ર, રેફથી (ᐟ) દબાયેલ પ્રકાશવાળા—હ-કારને ચિંતવવો. (हँ) ત્યારપછી વીજળી સરખા વેગવાળા અને સેંકડો ગમે અગ્નિના કણિયા, તથા જ્વાલાઓ યુક્ત हँ ને સૂર્યનાડીના માર્ગે રેચક કરી, (બહાર કાઢી) આકાશમાં ઊંચે પ્રાપ્ત કરવો, (એમ કલ્પના કરવી). પછી આકાશમાં અમૃતથી ભીંજાવી હળવે હળવે નીચે ઉતારી, ચંદ્ર સરખા ઉજ્જવળ અને શાંત हँને ચંદ્ર નાડીને માર્ગે પ્રવેશ કરાવી નાભિકમળમાં સ્થાપન કરવો. આ પ્રમાણે નિરંતર પ્રવેશ અને નિષ્ક્રમણ બતાવેલ માર્ગે કરતાં મહા અભ્યાસી પુરુષ નાડીશુદ્ધિ પામે છે. ૨૫૬, ૨૫૭, ૨૫૮, ૨૫૯.

નાડીવિશુદ્ધિથી થતું ફળ

नाडिशुद्धाविति प्राज्ञः संपन्नाभ्यासकौशलः ।
स्वेच्छया घटयेद् वायुं पुटयोस्तत्क्षणादपि ॥२६०॥

વિચક્ષણ પુરુષ, નાડીશુદ્ધિ કરવાના અભ્યાસમાં કુશળતા મેળવી, પોતાની ઇચ્છાનુસારે, વાયુને તત્કાળ એક બીજા નસકોરામાં (નાડીમાં) કે (તત્ત્વમાં) અદલબદલ કરી શકે છે. (જોડી શકે છે.) ૨૬૦.

એક નાડીમાં રહેતા વાયુનું કાળમાન

द्वे एव घटिके सार्धे एकस्यामवतिष्ठते ।
तामुत्सृज्यापरां नाडिमधितिष्ठति मारुतः ॥ २६१ ॥

એક નાડીની અંદર અઢી ઘડી સુધી વાયુ વહન થાય છે; પછી તે નાડીને મૂકી બીજી નાડીમાં વાયુ આવે છે. (એમ વારા ફરતી બદલાયા કરે છે.) ૨૬૧.

षट्शताभ्यधिकान्याहुः सहस्राण्येकविंशतिम् ॥
अहोरात्रे नरि स्वस्थे प्राणवायोर्गमागमम् ॥२६२॥

નિશ્ચિંત અને નીરોગી પુરુષમાં, એક અહોરાત્રિએ એકવીશ હજાર અને છસો પ્રાણવાયુનું [શ્વાસોશ્વાસનું] જવું આવવું થાય છે. ૨૬૨.

मुग्धधीर्यः समीरस्य संक्रांतिमपि वेत्ति न ।
तत्त्वनिर्णयवार्तां स कथं कर्तुं प्रवर्तते ? ॥ २६३ ॥

જે મુગ્ધબુદ્ધિવાળો માણસ વાયુના સંક્રમણને (એક નાડીમાંથી બીજી નાડીમાં જવાના ઉપાયને) પણ નથી જાણતો તે, (આગળ બતાવવામાં આવેલા પુરંદરાદિ) તત્ત્વોનો નિર્ણય કરવાને કેવી રીતે પ્રવૃત્તિ કરી શકે ? અર્થાત્ ન જ કરી શકે. માટે વાયુના સંક્રમણાદિ જાણવા માટે પ્રથમ તત્ત્વનો અભ્યાસ કરવો. ૨૬૩.

વિવેચન—કાળજ્ઞાન, પવનજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના સંબંધમાં આચાર્યશ્રીએ ઘણું બતાવ્યું છે. આ કાળજ્ઞાનાદિ બતાવવાનો હેતુ શું હશે ? એ સ્વાભાવિક જ પ્રશ્ન ઉત્પન્ન થઇ શકે છે. તેનો ઉત્તર એમ સમજાય છે કે, કાળજ્ઞાન બતાવી જીવોને જાગૃત કરવાનો છે. આયુષ્ય નજીકમાં પૂર્ણ થતું જણાતાં આત્મસાધનમાં વિશેષ પ્રયત્ન કરવા પ્રેરવાનો છે. જુઓ કે, આત્માર્થિ જ્ઞાની પુરૂષો તો નિરંતર જાગૃત જ હોય છે, છતાં કોઈ રોગાદિ કારણથી પ્રમાદમાં હોય, તો તેમને જાગૃતિ મેળવવાનું કારણ એક કાળજ્ઞાન છે. તેમજ સામાન્ય સ્થિતિવાળા મનુષ્યો પણ આયુષ્ય નજીકમાં પૂર્ણ

થતું જાણી પરલોકનું હિત કરવા માટે આત્મસાધનમાં જાગૃત થાય છે, તે માટે કાળજ્ઞાન બતાવવામાં આવ્યું છે. તેમજ પવનાદિ સાધનથી શરીરની નીરોગતા થવા કહેવાનું કારણ યોગીઓને યોગ્ય સાધનમાં વિઘ્ન ન આવે, યોગનો પ્રવાહ અખંડ લાંબો કાળ ચાલ્યા કરે અને કર્મનો ક્ષય કરી આત્મપદ મેળવે, આ માટે જ પવનસાધના બતાવી છે.

તત્ત્વ બતાવવાનો હેતુ એ છે કે કોઈ પણ ધાર્મિક યા સંયમને અનુકૂળ વ્યાવહારિક કાર્ય પ્રારંભ કરતાં તે કાર્યનો પ્રયાસ નિરર્થક ન જાય, અથવા સરલતાથી સિદ્ધ થાય તે છે. કેમકે કાર્ય સિદ્ધ થશે કે નહિ થાય તે જ્ઞાન, તત્ત્વસિદ્ધ થયાથી થઇ શકે છે.

આમ કાળજ્ઞાન, પવનસાધન અને તત્ત્વજ્ઞાન વગેરે બતાવવાનો હેતુ આચાર્યશ્રીનો છે, માટે સાધકોએ વાંચી સમજીને આ જ્ઞાનોનો દુરુપયોગ ન કરતાં તેનો સદુપયોગ કરવો, એ ભૂલી જવું ન જોઇએ.

પવનસાધન કરવાથી બીજાના શરીરમાં પણ યોગીઓ પ્રવેશ કરી શકે છે. પણ તેઓએ ક્રમે વેધ કરવાની વિધિ પ્રથમ સિદ્ધ કરવી જોઇએ. તે જ બતાવે છે.

વેધ કરવાની વિધિ

पूरितं पूरकेणाधोमुखं हृत्पद्ममुन्मिषेत् ।
ऊर्ध्वश्रोतो भवेत्तच्च कुंभकेन प्रबोधितम् ॥ २६४ ॥
आक्षिप्य रेचकेणाथ कर्षेद्वायुं हृदंबुजात् ।
ऊर्ध्वश्रोतःपथग्रंथिं भित्त्वा ब्रह्मपुरं नयेत् ॥ २६५ ॥
ब्रह्मरन्ध्रान्निष्क्रमय्य योगीकृतकुतूहलः ।
समाधितोऽर्कतूलेषु वेधं कुर्याच्छनैः शनैः ॥ २६६ ॥

मुहुस्तत्र कृताभ्यासो मालतीमुकुलादिषु ।
स्थिरलक्ष्यतया वेधं सदा कुर्यादतंद्रितः ॥ २६७ ॥
दृढाभ्यासस्ततः कुर्याद् वेधं वरुणवायुना ।
कर्पूरागुरुकुष्ठादिमंधद्रव्येषु सर्वतः ॥ २६८ ॥
एतेषु लब्धलक्ष्योऽथ वायुसंयोजने पटुः ।
पक्षिकायेषु सूक्ष्मेषु विदध्याद्वेधमुद्यतः ॥ २६९ ॥
पतंगभ्रंगकायेषु जाताभ्यासो मृगेष्वपि ।
अनन्यमानसो धीरः संचरद्विजितेंद्रियः ॥ २७० ॥
नराऽश्वकरिकायेषु प्रविशन्निःसरन्निति ।
कुर्वीत संक्रमं पुस्तोपलरूपेष्वपि क्रमात् ॥ २७१ ॥
(अष्टभिः कुलकम्)

પૂરક ક્રિયાએ કરી વાયુને અંદર પૂરતાં હૃદયકમળનું મુખ નીચું આવે છે, અને સંકોચાય છે. તે જ હૃદયકમળ કુંભક કરવા વડે વિકસ્વર થઇ, ઊર્ધ્વશ્રોત (ઊંચા મુખવાળું) થાય છે. (માટે પ્રથમ કુંભક કરવો) પછી હૃદયકમળના વાયુને રેચક કરવા વડે હલાવી (આ રેચક બહાર કરવો નહીં પણ કુંભકના બંધનથી અંદર છૂટો કરવો) હૃદયકમળમાંથી (ઊંચો) ખેંચવો. તે વાયુને ઊર્ધ્વશ્રોત પ્રેરી, રસ્તામાં દુર્ભેદ્ય ગ્રંથીને ભેદીને બ્રહ્મરંધ્રમાં લઇ જવો, (ત્યાં સમાધિ થઈ શકે છે.) કુતૂહલ જોવાની કે કરવાની ઇચ્છાથી યોગીઓએ તે પવનને બ્રહ્મરંધ્રથી બહાર કાઢી, સમતાથી આકડાના તુલ વિષે હળવે હળવે વેધ કરવો. (પવનને અર્કતુલ ઉપર મૂકવો.) વારંવાર તેના ઉપર તેવો અભ્યાસ કરી એટલે બ્રહ્મરંધ્રમાં લઇ જવો અને પાછો ત્યાં

લાવવો. પછી જાઈ, ચંબેલી, આદિનાં પુષ્પોનું લક્ષ સ્થિર રાખી ઉપયોગની જાગૃતિપૂર્વક વેધ કરવો. એમ ત્યાં પણ જવું આવવું કરવે કરી દૃઢ અભ્યાસ થવા પછી જ્યારે વરૂણ-મંડળમાં વાયુ ચાલતો હોય ત્યારે કર્પૂર, અગર અને કુષ્ઠ પ્રમુખ સુગંધી દ્રવ્યોને વિષે વેધ કરવો. એ સર્વમાં વિજય મેળવી ઉપર જણાવેલ સર્વમાં વગર પરિશ્રમે વાયુને જોડવામાં પ્રવીણ થઈ, સૂક્ષ્મ (નાના) પક્ષીઓના શરીરમાં વેધ કરવાનો ઉદ્યમ કરવો. પતંગ અને ભ્રમરાદિના શરીરમાં અભ્યાસ કરી મૃગાદિકને વિષે પણ અભ્યાસ કરવા પ્રવર્તવું. પછી એકાગ્રચિત્ત, ધીર અને જિતેંદ્રિય થઈ મનુષ્ય, ઘોડા અને હાથી પ્રમુખના શરીરોમાં વેધ કરવો. તેમાં પ્રવેશ અને નિર્ગમન કરતાં અનુક્રમે પાષાણની પૂતળી, દેવની પ્રતિમાદિમાં સંક્રમ (પ્રવેશ) કરવો. ૨૬૪–૨૭૧.

एवं परासुदेहेषु प्रविशेद्वामनासया ।
जीवद्देहप्रवेशस्तु नोच्यते पापशंकया ॥ २७२ ॥

આ પ્રમાણે મરણ પામેલા જીવોના શરીર વિષે ડાબી નાસિકાથી પ્રવેશ કરવો. જીવતા મનુષ્યના શરીરમાં પ્રવેશ કરવાનું, પાપના ભયથી અમે કહેતા નથી. ૨૭૨.

જીવતા મનુષ્યોના શરીરમાં પ્રવેશ કરવાનું, પાપના કારણથી નથી બતાવતા, તથાપિ સ્થાનશૂન્ય ન રહે (વિષય અધૂરો ન રહે) માટે દિશા માત્ર બતાવે છે.

અન્યના શરીરમાં પ્રવેશ કરવાની વિધિ

ब्रह्मरंध्रेण निर्गत्य प्रविश्यापानवर्त्मना ।
श्रित्वा नाभ्यंबुजं यायात् हृदंभोजं सुषुम्णया ॥२७३॥

तत्र तत्प्राणसंचारं निरुंध्यान्निजवायुना ।
यावद्देहात्ततो देही गतचेष्टो विनिःपतेत् ॥ २७४ ॥
तेन देहे विनिर्मुक्ते प्रादुर्भूतेंद्रियक्रियः ।
वर्त्तेत सर्वकार्येषु स्वदेह इव योगवित् ॥२७५॥
दिनार्धं वा दिनं चेति क्रीडेत्परपुरे सुधीः।
अनेन विधिना भूयः प्रविशेदात्मनः पुरम् ॥२७६॥

બ્રહ્મરંધ્રથી નીકળી અને પરકાયમાં અપાન (ગુદા) માર્ગથી પ્રવેશ કરવો. ત્યાં જઇ નાભિકમળનો આશ્રય લઈ, સુષુમ્ણા નાડીએ થઇ હૃદય કમળમાં જવું, ત્યાં જઈ પોતાના વાયુએ કરી તેના પ્રાણના પ્રચારને રોકવો. તે વાયુ ત્યાં સુધી રોકવો કે તે દેહી, દેહથી ચેષ્ટા રહિત થઇ નીચો પડી જાય. અંતર્મુહૂર્તમાં તે દેહથી વિમુક્ત થતાં, પોતા તરફથી ઇંદ્રિયોની ક્રિયા પ્રગટ થયે છતે, યોગનો જાણકાર પોતાના દેહની માફક તે દેહથી સર્વ ક્રિયામાં પ્રવૃત્તિ કરે. અરધો દિવસ, યા એક દિવસ, પર શરીરમાં ક્રીડા કરી બુદ્ધિમાન્ પાછો આ જ વિધિએ પોતાના શરીરમાં પ્રવેશ કરે. ૨૭૩ થી ૨૭૬.

પરકાયપ્રવેશનું ફળ

क्रमेणैवं परपुरप्रवेशाभ्यासशक्तितः ।
विमुक्त इव निर्लेपः स्वेच्छया संचरेत्सुधीः ॥२७७॥

આ પ્રમાણે અભ્યાસક્રમે બીજાના શરીરમાં પ્રવેશ કરવાની શક્તિ ઉત્પન્ન થવાથી મુક્ત થયેલાની માફક નિર્લેપ રહી ઇચ્છાનુસાર બુદ્ધિમાન વિચરી શકે. ૨૭૭.

પરકાયપ્રવેશ, તે પારમાર્થિક નથી

इह चायं परपुरप्रवेशश्चित्रमात्रकृत् ।
सिध्येन्न वा प्रयासेन कालेन महताऽपि हि ॥२७८॥

અહીં જે બીજાના શરીરમાં પ્રવેશ કરવાપણું બતાવ્યું તે એક કેવળ આશ્ચર્ય કરે તેટલું જ છે. (પણ તેમાં પરમાર્થ કાંઈ નથી) તેમજ, તે ઘણે કાળે પણ, અને ઘણે પ્રયાસે પણ સિદ્ધ થાય કે ન પણ થાય. (માટે મુકત થવાને ઈચ્છનારા મુમુક્ષુઓએ તેને માટે પ્રયાસમાં ન ઊતરવું.) ૨૭૮.

પરકાય પ્રવેશ, પારમાર્થિક કેમ નથી ?

जित्वाऽपि पवनं नानाकरणैः क्लेशकारणैः ।
नाडीप्रचारमायत्तं विधायापि वपुर्गतम् ॥ २७९ ॥
अश्रद्धेयं परपुरे साधयित्वाऽपि संक्रमम् ।
विज्ञानैकप्रसक्तस्य मोक्षमार्गो न सिध्यति ॥२८०॥

નાના પ્રકારના કલેશના કારણરૂપ આસનાદિકે કરી પવનને જીતીને અને શરીરની અંદર રહેલ નાડીના પ્રચારને પોતાને સ્વાધીન કરીને, તથા બીજાઓને માનવામાં ન આવે તેવું અન્યના શરીરમાં પ્રવેશ કરવાનું સિદ્ધ કરીને પણ આવા (પરકાય પ્રવેશાદિ) વિજ્ઞાનમાં આસક્ત થયેલા મનુષ્યોને મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી. ૨૭૯, ૨૮૦.

સિદ્ધિ માટે પ્રાણાયમની જરૂર નથી

तन्नाप्नोति मनःस्वास्थ्यं प्राणायामैः कदर्थितम् ।
प्राणस्यायमने पीडा तस्यां स्याच्चित्तविप्लवः ॥२८१॥

पूरणे कुंभने चैव रेचने च परिश्रमः ।
चित्तसंक्लेशकरणान्मुक्तेः प्रत्यूहकारणम् ॥ २८२ ॥

પ્રાણાયામે કરી કદર્થના પામેલું મન સ્વસ્થતા પામતું નથી, કેમકે પ્રાણનો નિગ્રહ કરતાં શરીરને પીડા થાય છે. અને શરીરને પીડા થવાથી મનમાં ચપળતા થાય છે. પૂરક, કુંભક અને રેચક કરવામાં પરિશ્રમ પડે છે. પરિશ્રમ કરવાથી મનમાં સંકલેશ [ખેદ] થાય છે અને મનની સંકલેશિત સ્થિતિ એ મોક્ષ માર્ગનું એક ખરેખર વિઘ્ન છે. ૨૮૧, ૨૮૨.

અહીં શિષ્ય શંકા કરે છે કે પ્રાણાયામથી શરીરની પીડા અને મનની ચંચળતા થાય છે, તો એવો બીજો કયો માર્ગ છે, કે જેમાં શરીરને પીડા ન થાય અને મનની ચંચળતા શાંત પામે ? આચાર્ય શ્રી ઉત્તર આપે છે કે તે માર્ગ પ્રત્યાહાર છે. તે જ બતાવે છે.

પ્રત્યાહાર

इंद्रियैः सममाकृष्य विषयेभ्यः प्रशांतधीः ।
धर्मध्यानकृते पश्चान्मनः कुर्वीत निश्चलम् ॥२८३॥

શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ એ પાંચે વિષયોમાંથી ઈંદ્રિયો સાથે મનને પણ બરોબર ખેંચી લઈ, અત્યંત શાંત બુદ્ધિવાળાએ ધર્મધ્યાન કરવા માટે મનને નિશ્ચલ કરી રાખવું. ૨૮૩.

વિવેચન—શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ, એ પાંચ વિષયમાંથી મનને કાઢી લેતાં બુદ્ધિ શાંત થઈ રહે છે, અને એ પાંચે વિષયો સંબંધે મનમાં આવતા વિચારોમાંથી મન મોકળું કરતાં બુદ્ધિ અત્યંત શાંત થઈ રહે છે. એનું જ નામ

પ્રશાન્ત બુદ્ધિવાળા થવું. માટે પ્રથમ બાહ્ય વિષયોમાંથી અને પછી અંતરમાં આવતા એ વિષયો સંબંધી મનને છૂટું પાડી અત્યંત શાંત બુદ્ધિવાળા થઇએ તો જ મન નિશ્ચલ થાય છે, અને એવા નિશ્ચલ મન વડે જ ધર્મધ્યાન યથાર્થ કરાય છે. માટે આપણે આંતર બહાર પ્રત્યાહાર કેમ કરવો, તે પ્રથમ જાણી પછી ક્રિયામાં મૂકવું જોઇએ.

૧ શબ્દ નામના વિષયમાંથી શ્રોત્ર ઇંદ્રિય અને મનને ખેંચી લેવાનો ઉપાય.

શબ્દ બે પ્રકારના છે. એક સુસ્વરવાળા અને બીજા દુ:સ્વરવાળા. સુસ્વરવાળા શબ્દ કે દુ:સ્વરવાળા શબ્દો, મન શ્રોત્રેદ્રિંય એટલે કર્ણેંદ્રિયમાં હોય તો જ તે સંભળાય છે. આ વાતનો સૌ કોઇને અનુભવ હવે થઇ ગયો છે કે આપણું મન જ્યારે બીજી કોઈ બાબતમાં રોકાયું હોય અને પાસે ગમે તે વાત થતી હોય અને આપણા કાન ઉઘાડા હોય તોપણ આપણે સાંભળતા નથી. (તેમજ આપણી આંખ ઉઘાડી હોય તોપણ આપણે જોતા નથી) માટે મન જો શ્રોત્રેંદ્રિય તરફ વળતું ન હોય તો શબ્દ સંભળાતો નથી એ વાત તો નિશ્ચિત છે. આટલા માટે પ્રશાન્ત બુદ્ધિ કરી ધર્મધ્યાનના અભિલાષીઓએ પ્રથમ તો શ્રોત્રેંદ્રિય તરફ સુસ્વર કે દુ:સ્વર ન આવે એટલા માટે કાનમાં પુમડાં રાખવાં. એટલે મન શબ્દ સાંભળવા તરફ વળતું અટકી કંઇક શાન્ત થશે. હવે જો તે છતાં શબ્દ સાંભળવાના અંદર વિચાર કરે તો તેને થોડીવાર હુકમ કર્યા કરવો કે સાંભળ મન! હમણાં તારે ધર્મધ્યાન કરવાના કાર્યમાં રોકાવાનું છે. માટે શબ્દ સાંભળવાના વિચારો તારે અંદર પણ ન કરવા. તે છતાં ગોલા કે લબાડ માણસોની પેઠે

વિચારો કર્યો કરે તો તેને હડસેલી દૂર કરવામાં થોડો વખત રોકાવું. આમ કરતાં કર્ણેન્દ્રિય કે શ્રોત્રેંદ્રિયમાંથી મન જતું અટકાશે, એટલે મન નિશ્ચલ થઈ, અહર્નિશ પ્રવર્તતી મનની અશાન્તિનો એક પંચમાંશ જીતાઇ જઇ કેટલીક અપૂર્વ શાન્તિ અનુભવાશે.

આ પ્રકારે બહારથી આવતા મધુર સ્વરવાળા શબ્દ કે કઠોર ઉચ્ચારવાળા શબ્દ તરફ-કર્ણેન્દ્રિય તરફ જતું મન અટકવાથી તે શાન્ત થશે. પ્રશાન્ત કરવાને કે શ્લોકમાં લખેલ નિશ્ચલ મન કરવાને એવા શબ્દોથી વધી અંતરમાં આવતા વિચારોને પણ ઉપર પ્રમાણે અટકાવવા જોઇએ.

૨. રૂપ નામના વિષયમાંથી ચક્ષુઇન્દ્રિય અને મનને આકર્ષવાનો ઉપાય.

કોઈ વિષય સુરૂપ કે સુંદર હોય છે, કોઇ કુરૂપ કે બેડોળ હોય છે. આ મનોજ્ઞ અને અળખામણા રૂપ તરફ ચક્ષુઈદ્રિયને દૂર કરવાને ચક્ષુઓને પ્રત્યાહાર કરતી વખતે બંધ કરવી, એટલે બહારના તમામ પદાર્થ દેખાતા બંધ થશે. આટલું કર્યાથી બહારના દૃશ્ય પદાર્થમાં ભટકતી આંખ અટકશે, એટલું જ નહિ પણ મન પણ કેટલેક અંશે અટકશે; પરંતુ અંતરમાં, જે પદાર્થ આંખ ઉઘાડી હોય ત્યારે દેખાય, એવા પદાર્થો સંબંધી જ્યાંસુધી વિચારો આવે ત્યાંસુધી મન નિશ્ચલ નહીં થાય અને એ મન નિશ્ચલ નહીં થાય ત્યાંસુધી તે ધર્મધ્યાનને માટે યોગ્ય પણ નહિ થયું. માટે આંખ મીંચ્યા પછી દૃશ્ય પદાર્થ સંબંધી વિચારો આવે તે પણ દૂર કરવાનો હુકમ કરવો. તે છતાં તેવા વિચારો આવે તો પુનઃ પુનઃ પ્રયત્ન કરવો. એમ અત્યંત શાંત થવાથી મનને નિશ્ચલ કરી શકાશે.

૩. ગંધ નામના વિષયમાંથી ઘ્રાણેંદ્રિય અને મનને ખેંચી લેવાનો ઉપાય.

ગંધ પણ બે પ્રકારની છે. સુરભિ અને દુરભિ, અથવા સુગંધ અને દુર્ગંધ. જેમ કાનને પુમડાથી અને આંખને પોપચાથી બંધ કરી બહારના શબ્દ અને રૂપને અટકાવાય છે, તેમ નાકને સુગંધ દુર્ગંધથી અટકાવવું મુશ્કેલ છે. માટે પ્રત્યાહાર કરતી વેળા કોઈ એવું સ્થાન પસંદ કરવું કે જ્યાં વિશેષે કરી સુગંધ, દુર્ગંધ ન આવે. આમ કરવાથી નાસિકા ઈંદ્રિય તરફ મન જતું અટકશે. પરંતુ ધર્મધ્યાન યોગ્ય એવું નિશ્ચલ મન કરવાને માટે સુગંધી, દુર્ગંધ પદાર્થના વિચારોને પણ ઉપર પ્રમાણે અટકાવવા, એ જ પ્રશાંત બુદ્ધિવાળા શખ્સનું કાર્ય છે.

૪. રસ નામના વિષયમાંથી જિહ્વા ઇંદ્રિયને અને મનને દૂર કરવાનો ઉપાય.

રસ મીઠો અને કડવો બે પ્રકારનો છે. એટલા માટે પ્રત્યાહાર વેળા મુખ પણ બંધ રાખવું, અને મનમાં ખાવા પીવા વગેરે સ્વાદના વિષયનું સ્મરણ થઈ આવે તો તે વિષયોને પણ મનમાંથી રુખસદ આપવા હડસેલા મારવા, એટલે ધર્મધ્યાનને યોગ્ય નિશ્ચળ મન થશે.

૫. સ્પર્શ નામના વિષયમાંથી ત્વચાઈંદ્રિય અને મનને ખેંચી લેવાનો ઉપાય.

સ્પર્શ આઠ પ્રકારના છે. હળવો, ભારે, ટાઢો, ઊનો, લૂખો, ચોપડ્યો, સુંવાળો અને ખડબચડો. સ્પર્શ ઈંદ્રિય તરફ જતા મનને રોકવા માટે કોઈ તાઢતડકો બહુ ન હોય એવું સ્થાન પ્રત્યાહાર કરતી વેળા શોધવું. આથી મન સ્પર્શેંદ્રિય તરફ

નહિ વધે, પરંતુ શ્લોકમાં કહ્યું તેમ નિશ્ચલ કરવા સ્પર્શ-ઇંદ્રિયના વિષયનો મનમાંથી પણ વિચાર ઉપર પ્રમાણે દૂર કરવો. આમ પાંચે ઇંદ્રિયોને બહારથી રોકવાથી બાહ્ય વિષયોથી થતી અશાન્તિ અટકે અને આંતર તે વિષયો સંબંધી આવતા વિચારને પ્રશાન્ત બુદ્ધિવાળા પોતે થઈ મનને નિશ્ચલ કરી શકશો. એટલે ધર્મધ્યાન માટે તે યોગ્ય થઇ રહેશે.

વળી प्रत्याहारस्त्विद्रियाणां विषयेभ्य: समाहृति: પ્રથમ બાહ્ય અને પછી આંતર ઇંદ્રિયોને વિષયોમાંથી ખેંચી લેવી એ જ ખરો પ્રત્યાહાર કહેવાય છે.

પ્રત્યાહાર સિદ્ધ થયા પછી ધારણા કરવી

नाभिहृदयनासाग्रभालभ्रूताल्दृष्टय: ।
मुखं कर्णौ शिरश्चेति ध्यानस्थानान्यकीर्तयन् ॥२८४॥

નાભિ, હૃદય, નાસિકાનો અગ્રભાગ, કપાળ, ભ્રકુટી, તાળવું, નેત્ર, મુખ, કાન અને મસ્તક એ ધ્યાન કરવા માટે ધારણા કરવાનાં સ્થાનો કહેલાં છે. ૨૮૪.

આ સર્વ સ્થાનકોમાંથી કોઈ પણ સ્થાને ચિત્તને લગાડી, સ્થાપન કરી વધારે વખત સુધી જાગૃતિ પૂર્વક જોતાં ત્યાં ચિત્ત શાંત થઈ જાય છે, અને તેવે કોઈ ઠેકાણે લક્ષ રાખી ચિત્તને ઠેરાવવું તે ધારણા કહેવાય છે.

ધારણાનું ફળ

एषामेकत्र कुत्रापि स्थाने स्थापयतो मन: ।
उत्पद्यंते स्वसंवित्तेर्बहव: प्रत्यया: किल ॥ २८५ ॥

ઉપર બતાવેલ સ્થળોમાંથી કોઇ પણ એક ઠેકાણે મનને

લાંબા વખત સ્થાપન કરવાથી નિશ્ચે સ્વસંવેદન થાય (પ્રતીતિ થાય) તેવા અનેક પ્રત્યયો (પ્રતીતિઓ) ઉત્પન્ન થાય છે. ૨૮૫.

પૂર્વે કહી આવ્યા તે જીવિત, મરણ, જય, પરાજય, લાભાલાભ વગેરે નિમિત્ત તથા બીજા પણ રૂપ રસાદિક જ્ઞાનના પ્રત્યયો થઈ આવે છે.

વિવેચન—ધારણા, ઇંદ્રિયોને અને મનને વિષયોમાંથી કાઢ્યા પછી થાય છે. પાંચ ઇંદ્રિયોથી જે કાંઇ સંભળાય છે, જોવાય છે, સુંઘાય છે, ચખાય છે અને સ્પર્શાય છે, તે સર્વમાંથી મનને કાઢી, વિષયો વિમુખ મન રહ્યું, તે મનને નાકના અગ્ર ભાગ પર, કપાલ પર, ભ્રકુટી પર, તાલુમાં, નેત્રમાં, મુખમાં, કર્ણમાં, મસ્તક પર સ્થાપન કરતાં એક પણ ઇંદ્રિયગોચર વિચાર બે ત્રણ મિનિટ પછી આવશે નહિ, આટલું જ નહિ, પરંતુ જે કંઇ પૂર્વે નહિ અનુભવેલું કેટલુંક પ્રત્યક્ષ થવા લાગશે. કોઇ વેળા દિવ્ય ગંધ, દિવ્ય રૂપ, દિવ્ય સ્પર્શ, દિવ્ય રસ કે દિવ્ય સ્વર જેવું લાગશે. પરંતુ તેને પણ ઇંદ્રિયોના સૂક્ષ્મ વિષયો ગણી મનમાંથી હડસેલી કાઢતાં, મનમાં કોઇ અપૂર્વ શાંતિ અનુભવાશે. આવું બાહ્ય આંતર વિષય ત્યાગવાળું મન તે જ ધારણાને યોગ્ય થયેલું કહેવાય. અને જ્યારે પૂર્વે કહેલા નાસિકાગ્રભાગ વગેરે પર સ્થાપન કરતાં સ્થિર નિર્મળ થઈ જેનું જેનું ધ્યાન કરવું હશે, તેનું તેનું ધ્યાન યથાર્થ થઇ શકશે. તે તે સ્વરૂપો પ્રત્યક્ષ થશે, એટલું જ નહિ પણ આત્મસ્વરૂપની પણ સન્મુખ થઈ અપૂર્વ આનંદ આપશે. ધારણાનો એક અર્થ એવો છે કે તેને કોઈ દેશમાં બાંધવું, તે ઉપર પ્રમાણે બાહ્યાંતર વિષયોમાંથી પ્રત્યાહાર થતાં સહજ ધારણા થઇ શકે છે.

જ્ઞાન ભણુવાનાં નક્ષત્રો

(ઠાણુાંગ સૂત્રના આધારે)

શ્રી ઠાણુાંગ સૂત્રમાં, જ્ઞાન પ્રાપ્તિ માટે અભ્યાસ આરંભવામાં દસ નક્ષત્રો નીચે પ્રમાણે ગણાવવામાં આવ્યાં છે—(૧) મૃગશર (૨) આર્દ્રા (૩) પુષ્ય (૪) પુર્વાષાઢા (૫) પૂર્વા ભાદ્રપદા (૬) પૂર્વા ફાલ્ગુની (૭) મૂળ (૮) અશ્લેષા (૯) હસ્ત અને (૧૦) ચિત્રા. એ દશ નક્ષત્રોમાં જ્ઞાનનું અધ્યયન આરંભે તો જ્ઞાનની વૃદ્ધિ થાય અને બધાં વિઘ્નો નાશ પામે. માટે એ નક્ષત્રમાં જ્ઞાન ભણુવાનું પારંગત પુરૂષો કહી ગયા છે.

દીક્ષા આપવાનાં નક્ષત્રો

દીક્ષા આપવાનાં શુભ નક્ષત્રો—(૧) પુનર્વસુ (૨) પુષ્ય (૩) સ્વાતિ (૪) અનુરાધા (૫) હસ્ત (૬) શ્રવણુ (૭) ધનિષ્ઠા (૮) રેવતી (૯) રોહિણી (૧૦) અશ્વિની (૧૧) શતભિષા (૧૨) ઉત્તરાષાઢા (૧૩) ઉત્તરા ભાદ્રપદ (૧૪) ઉત્તરા ફાલ્ગુની. આ ચૌદ નક્ષત્રોમાં દીક્ષા આપવાથી દીક્ષિત નરનારી સ્વ–પરનું કલ્યાણ સાધે.

દીક્ષા આપવાની શુભ તિથિઓ—એકમ, બીજ, ત્રીજ, ચોથ, પાંચમ, દશમ, અગીઆરશ, બારશ અને તેરશ એ તિથિઓ દીક્ષાના કાર્યમાં ઉત્તમ જાણુવી.

દીક્ષા આપવાના વાર—શનિવાર, સોમવાર, બુધવાર, ગુરૂવાર અને શુક્રવાર એ પ્રમાણે વાર, દીક્ષા આપવાના કાર્યમાં ઉત્તમ છે. પણુ એ વાર અને ઉપર કહેલી તિથિઓમાં અમે પૂર્વે કહ્યું તેમ ચંદ્રનું બળ ખાસ કરીને તપાસવું. કોઇ આચાર્યનો એવો મત છે કે ચૈત્ર અને જેઠ માસમાં દીક્ષા આપવી નહીં.

કારણ કે એવી દીક્ષા વિઘ્નકારક થવાનો ભય રાખવામાં આવે છે

પોરશી ભરવાનું માન

(ઉત્તરાધ્યયન સૂત્રના આધારે)

आषाढे मासे दुपया, पोसमासे चउप्पया ।
चित्तासोएसु मासेसु, तिपया हवइ पोरसी ॥

દક્ષિણ દિશા તરફ મ્હોં રાખી ઉભા રહેવું, પછી ડાબે પગ જરા આગળ જમીન ઉપર ઉભો રાખવો અને ઢીંચણ ઉપર આંગળી મૂકવી. તે પગ અને આંગળીની નિશાનીને છાંયો પશ્ચિમ દિશા તરફ પડે તે છાંયાની નિશાની રાખં જમણા પગથી છાંયો ભરવો. એટલે જો અષાડ મહિનાનં પૂનમ હોય તો પગલાની છાંયાએ પોરશી આવી જાણવી. એ જ રીતે પોષ શુદિ પૂનમે ચાર પગલે પોરશી, આસો અને ચૈત્ર ત્રણ પગલે પોરશી સમજવી. ગાથાના અનુસારે સંક્ષેપથી એ રીતે પોરશી વિષે હકીકત જાણવી.

એ જ વાત જરા વિસ્તારથી સમજવાની જરૂર છે. અષાડથી પોષ મહિના સુધી દરેક મહિને ચાર આંગળ છાંયો વધારવો. પોષથી અષાડ સુધી દરેક મહીને ચાર આંગળ છાંયો ઘટાડવો. દાખલા તરીકે અષાડ શુદિ પૂનમે બે પગલે પોરશી, અષાડ વદિ અમાસે બે પગલાં ને બે આંગળે પોરશી આવે. શ્રાવણ શુદિ આઠમે બે પગલાં ને ત્રણ આંગળે પોરશી શ્રાવણ શુદિ પૂનમે બે પગલાં અને ચાર આંગળે પોરશી ભાદરવા શુદિ પૂનમે બે પગલાં ને આઠ આંગળે પોરશી આસો સુદિ પૂનમે બે પગલાં અને બાર આંગળે પોરશી. એટલે કે ત્રણ પગલે પોરશી આવે. બાર આંગળનું એક પગલું થાય કારતક શુદિ પૂનમે ત્રણ પગલાં ને ચાર આંગળ, માગશર શુદિ

પૂનમે ત્રણ પગલાં ને આઠ આંગળ, પોષ શુદિ પૂનમે ત્રણ પગલાં અને બાર આંગળ—અર્થાત્ ચાર પગલે પોરશી આવે.

મહા શુદિ પૂનમથી ચાર ચાર આંગળ ઘટાડતા જવાનું અમે ઉપર કહી ગયા છીએ. એટલે કે મહા શુદિ પૂનમે ત્રણ પગલાં ને આઠ આંગળે પોરશી આવે. ફાગણ શુદિ પૂનમે ત્રણ પગલાં ને ચાર આંગળે પોરશી, ચૈત્ર સુદ પૂનમે ત્રણ પગલે પોરશી, વૈશાખ શુદિ પૂનમે બે પગલાં ને આઠ આંગળે પોરશી, જેઠ શુદિ પૂનમે બે પગલાં ને ચાર આંગળે પોરશી, અને અષાડ શુદિ પૂનમે બે પગલે પોરશી આવે.

પોરશી ભરવાની બીજી રીત—દક્ષિણ દિશા તરફ મ્હોં રાખી જમીન ઉપર બેસવું, અને ડાબા હાથની વેંત પશ્ચિમ દિશા તરફ જમીન ઉપર ઉભી રાખવી. તે વેંતનો જે છાંયો પડે તેનું જમણા હાથની આંગળીએ નિશાન રાખવું. પછી તે જ વેંત જમીન ઉપર ઉંધી વાળવી. તેમાં અષાડ શુદિ પૂનમે એક વેંત છાંયે પોરશી જાણવી, એ રીતે દરેક મહિને બબ્બે આંગળ છાંયા પોષ શુદિ સુધી વધારવી. અર્થાત્ પોષ શુદિ પૂનમે બે વેંત છાંયે પોરશી આવે, અને પોષ શુદિ પૂનમ પછી દરેક મહિને બબ્બે આંગળ છાંયો ઘટાડવો. આખરે અષાડ શુદિ પુનમે એક વેંત છાંયે પોરશી આવે.

હવે એ જ વાત અમે વિસ્તારથી કહીશું—અષાડ શુદિ પૂનમે એક વેંત છાંયે પોરશી આવે, (એક વેંતના ૧૨ આંગળ) અષાડ વદી આઠમે એક વેંત ને અડધા આંગળે પોરશી આવે, અષાડ વદી અમાસે એક વેંત ને એક આંગળે પોરશી આવે, શ્રાવણ શુદિ આઠમે એક વેંત ને દોઢ આંગળે પોરસી આવે, શ્રાવણ શુદિ પૂનમે એક વેંત ને બે આંગળે, ભાદરવા શુદિ પૂનમે એક

વેંત ને ચાર આંગળે, આશો શુદિ પૂનમે એક વેંત ને છ આંગળે, કારતક શુદિ પૂનમે એક વેંત ને આઠ આંગળે, માગશર શુદિ પૂનમે એક વેંત ને દશ આંગળે અને પોષ શુદિ પૂનમે એક વેંત ને બાર આંગળે, (બે વેંતે) પોરશી આવે.

પોષ મહિનાથી આંગળ ઘટાડતાં જવું. એટલે કે મહા શુદિ પૂનમે એક વેંત ને દશ આંગળે, ફાગણ શુદિ પૂનમે એક વેંત ને આઠ આંગળે, ચૈત્ર શુદિ પૂનમે એક વેંત ને છ આંગળે, વૈશાખ શુદિ પૂનમે એક વેંત ને ચાર આંગળે, જેઠ શુદિ પૂનમે એક વેંત ને બે આંગળે અને અષાડ શુદિ પૂનમે એક વેંતે પોરશી આવે.

દીવસની ઘડી ભરવાની રીત—કેટલી ઘડી દિવસ ચઢયો તે સમજવાની રીત નીચે આપવામાં આવે છે. પ્રથમ તો ઉપર કહ્યું તેમ વેંતનો છાંયો ભરવો. ધારો કે છાંયો ભરતાં એક વેંત ને આઠ આંગળ થયો. તો હવે દિવસ કેટલી ઘડી ચઢયો તેનો નિર્ણય શી રીતે કરવો ?

વેંતના બાર આંગળ ઉપર આઠ આંગળ ઉમેરવા. એટલે બારને આઠ વીસ થયા. વીસમાંથી અડધો અડધ બાદ કરીએ તો બાકી દશ રહે. એ દશમાં બીજા સાત ઉમેરવાથી સત્તર થાય. તેને એકસો વીસે ભાંગતા 'સત્તર સત્તા ઓગણીશાસો' એટલે સાતનો આંક આવ્યો. અર્થાત્ સાત ઘડી દિવસ ચઢ્યો એમ સમજવું. હવે બીજું ઉદાહરણ લઈએ. એક વેંત ને ચાર આંગળ છાંયો છે. વેંતના આંગળમાં ચાર આંગળ ઉમેરતાં સોળ થાય. તેમાંથી અડધા બાદ કરતાં બાકી આઠ રહ્યા. તેમાં સાત ઉમેરતાં ૧૫ થાય, તેને એકસો વીસે ભાંગતાં 'પંદર અઠા વીશુસો' એટલે આઠનો આંક આવ્યો. માટે આઠ ઘડી દિવસ

ચઢ્યો સમજવો. હવે ત્રીજું ઉદાહરણ લઈએ-ધારો કે બે વેંત છાયા થઈ છે, એટલે કે ચોવીશ આંગળ છાયા થઈ. તેમાંથી અડધા બાદ કરતાં બાકી બાર આંગળ રહ્યા. તેમાં સાત ઉમેરતાં ૧૯ થયા. તેને એકસો વીસે ભાંગતાં 'ઓગણી છક ચૌદો-તેરસો' એટલે છ ઘડી દિવસ ચઢ્યો સમજવો. એ પ્રમાણે દિવસની ઘડીનું પ્રમાણ જાણવું.

કયે મહિને કેટલી ઘડીનો પહોર થાય?—અષાડ શુદિ પૂનમે ૩૬ ઘડીનો દિવસ, અને ૨૪ ઘડીની રાત્રિ ગણાય. (આ ગણત્રી સામાન્ય છે. બાકી વિસ્તારથી અમે આગળ કહી ગયા છીએ.) અષાડ શુદિ પૂનમથી દરેક મહિને બે ઘડી દિવસ ઘટાડતાં જવું, અને બે ઘડી રાત્રિ વધારવી. એમ કરવાથી પોષ શુદિ પૂનમે ૨૪ ઘડીનો દિવસ અને ૩૬ ઘડીની રાત્રિ થાય. પોષ શુદિ પૂનમથી અષાડ શુદિ પૂનમ સુધી દરેક મહિને બબ્બે ઘડી વધારવી. એ રીતે અષાડ શુદિ પૂનમના દિવસે ૩૬ ઘડીનો દિવસ અને ૨૪ ઘડીની રાત્રિ થાય.

દિવસ—રાત્રિના પ્રમાણમાં પોરશીનું પ્રમાણ

દિવસ અને રાત્રિના પ્રમાણમાં ચોથા ભાગની પોરશી સમજવી. દાખલા તરીકે અષાડ શુદિ પૂનમે છત્રીસ ઘડીનો દિવસ છે તો નવ ઘડીની પોરશી સમજવી. અષાડ વદિ અમાસને દિવસે ૮ાા ઘડીની પોરશી ગણવી. શ્રાવણ શુદિ પૂનમે ૮ાા ઘડીની પોરશી, ભાદરવા શુદિ પૂનમે આઠ ઘડીની, આશો શુદિ પૂનમે સાડા સાત ઘડીની, પોષ શુદિ પૂનમે છ ઘડીની પોરશીનું પ્રમાણ અવધારવું. પોષ શુદિ પૂનમથી દિવસ વધે છે. માટે મહિને બે ઘડી બે ઘડી વધારતાં અષાડ શુદિ પૂનમે નવ ઘડીની પોરશી થાય. એવી જ રીતે દિવસ પ્રમાણે ચોઘ-

ડીયાં પણ સમજવાં. પોષ શુદિ પૂનમે ત્રણ ઘડીનું ચોઘડીઉં અને અષાડ શુદિ પૂનમે સાડી ચાર ઘડીનું ચોઘડીઉં.

નક્ષત્રના આધારે રાત્રિની પોરશીનું અનુમાન

જે મહિને જે નક્ષત્રો રાત્રિ પૂરી કરે, એટલે કે પશ્ચિમ દિશાએ સૂર્યાસ્ત થાય તેની સાથે જ પૂર્વ દિશામાં જે નક્ષત્ર ઉદય થાય તેને આધારે સમજવું. અથવા ચોથે ભાગે નક્ષત્ર આવ્યું હોય તો સમજવું કે પહોર રાત્રિ ગઈ. મધ્યમાં આવ્યું હોય તો મધ્યરાત્રિ સમજવી અને ચોથે ભાગે આવ્યું હોય તો પાછલી રાત્રિ સમજવી. એ પહોરના આધારે જ જ્ઞાની મહાત્માઓ ધર્મકરણી, નિદ્રા, અધ્યયન અથવા સત્કાર્યો કરે છે.

ગ્રહશાન્તિનો જાપ—

મનુષ્ય માત્રને એક પછી એક નવ ગ્રહ સારા કે માઠા આવ્યા જ કરે છે. એવા સમયમાં ઘણી વાર મનુષ્યો ગભરાઈ હતાશ થઈ જાય છે, પણ મનુષ્ય જેવા સમર્થ પ્રાણીએ એમાં નિરાશ થવાનું કંઇ જ કારણ નથી. કારણ કે આપણા પરોપકારી આચાર્યો અને પ્રતાપી પુરૂષો એ ગ્રહોને શાંત કરવાના અનેક ઉપાય આપણને સ્પષ્ટ રીતે બતાવતા ગયા છે. જેમ રોગની સાથે તેનું ઔષધ પણ તૈયાર જ હોય છે, તેવી રીતે ગ્રહોના ઉપદ્રવને ટાળવા તેના ઉપાયો પણ હાજર જ હોય છે. માત્ર અજ્ઞાનતાને લીધે માણસ દર્દથી રીબાય તેમ ઘણા અજ્ઞાન પ્રાણીઓ પોતાની જ અજ્ઞાનતાને લીધે ગ્રહશાંતિના ઉપાયોથી વિમુખ રહે છે અને અફસોસમાં દિવસો ગુજારે છે. અમે આ સ્થળે ગ્રહશાન્તિના રામબાણ જેવા અસરકારક, નિર્દોષ અને શાસ્ત્રસંમત ઉપાયો બતાવીએ છીએ—

સૂર્યની દશાનો જાપ

રાતાં વસ્ત્રો તથા રાતી નવકારવાળી ધારણ કરી, પૂર્વ તથા ઉત્તર દિશા તરફ બેસી સવારમાં સૂર્યની દશા હોય ત્યાં સુધી—

ॐ ह्रीँ पद्मप्रभ नमस्तुभ्यम् मम शान्ति : शान्ति :

એ મંત્રનો પાઠ કરતાં જવું અને નવકારવાળીનો એક એક મણકો મૂકતા જવું, એવી રીતે રોજ એક નવકારવાળી ફેરવવી.

ચંદ્રની દશાનો જાપ

ધોળાં વસ્ત્ર તથા ધોળી નવકારવાળી ધારણ કરી ઉપર કહી તે જ વિધિ પ્રમાણે—

ॐ ह्रीँ चंद्रप्रभ नमस्तुभ्यम् मम शन्ति : शान्ति :

એ મંત્ર નવકારવાળીના મણકે મણકે જપવો.

મંગળની દશાનો જાપ

રાતાં વસ્ત્ર તથા રાતી નવકારવાળી ધારણ કરી ઉપર દર્શાવેલી વિધિ પ્રમાણે—

ॐ ह्रीँ वासुपूज्यप्रभो नमस्तुभ्यम् मम शान्ति : शान्ति :

એ પ્રમાણે મંત્ર જપતાં નવકારવાળી ફેરવવી.

બુધની દશાનો જાપ.

પીળાં વસ્ત્ર તથા પીળી નવકારવાળી ધારણ કરી ઉપર્યુક્ત વિધિ અનુસારે—

ॐ ह्रीँ शान्तिनाथप्रभो नमस्तुभ्यम् मम शान्ति : शान्ति :

એ પ્રમાણે મંત્ર જપતાં જપતાં નવકારવાળી ફેરવતા જવું.

ગુરૂની દશાનો જાપ

પીળાં વસ્ત્ર તથા નવકારવાળી ધારણ કરી ઉપર્યુક્ત વિધિ પ્રમાણે જ—

ॐ ह्रीँ ऋषभदेवप्रभो नमस्तुभ्यम् मम शान्तिः शान्तिः

એ પ્રમાણે મંત્ર ભણી નવકારવાળી ફેરવતાં જવું.

શુક્રની દશાનો જાપ

ધોળાં વસ્ત્ર તથા ધોળી નવકારવાળી ધારણ કરી ઉપર્યુક્ત વિધિ અનુસાર—

ॐ ह्रीँ सुविधिनाथप्रभो नमस्तुभ्यम् मम शान्तिः शान्तिः

એ પ્રમાણે મંત્ર ભણતાં નવકારવાળીના મણકા મૂકતા જવું.

શનિની દશાનો જાપ

ધોળાં વસ્ત્ર તથા કાળી નવકારવાળી ધારણ કરી ઉપરની વિધિ પ્રમાણે જ—

ॐ ह्रीँ मुनिसुव्रतप्रभो नमस्तुभ्यम् मम शान्तिः शान्तिः

એ પ્રમાણે મંત્ર ભણતાં નવકારવાળી ફેરવવી.

રાહુની દશાનો જાપ

પીળાં વસ્ત્ર તથા નવકારવાળી ધારણ કરી ઉપર કહેલી વિધિ પ્રમાણે—

ॐ ह्रीँ नेमिनाथप्रभो नमस्तुभ्यम् मम शान्तिः शान्तिः

એ પ્રમાણે મંત્ર ભણતાં નવકારવાળી ફેરવવી.

કેતુની દશાનો જાપ

લીલાં વસ્ત્ર તથા લીલી નવકારવાળી લઈ ઉપર્યુક્ત વિધિ પ્રમાણે—

ॐ ह्रीँ पार्श्वनाथप्रभो नमस्तुभ्यम् मम शान्तिः शान्तिः

એ પ્રમાણે મંત્ર જપતાં નવકારવાળી ફેરવવી.

—ઇતિ ગ્રહશાંતિ જાપ—

જ્યોતિ મુદ્રણાલય : અમદાવાદ